# આજની આર્થિક સંકડામણવાળાને એક આલંબન

આજે કેટલાકને તો જીવનનિર્વાહની મુશ્કેલી છે; ત્યારે કેટલાકને પૂર્વ પ્રતિષ્ઠાની રક્ષાને જરૂરી આવકની તંગી છે, ગમે તે હો. 'પણ જો એ હાલ અનિવાર્ય છે, તો આ વિચારો કે, જિનવચનથી ભાવિત મતિવાળાને એવી મનોવ્યથા શાની હોય ?'

જીવનમાં ઉન્નતિ બે જાતની હોય છે, ભૌતિક અને આધ્યાત્મિક. **ભગવાન અરિહંત દેવનું પ્રવચન આપણને કઈ ઉન્નતિ આત્મઘાતક અને કઈ ઉન્નતિ આત્મસાધક બતાવી રહ્યું છે,** એનો વારંવાર ખ્યાલ કરવો જોઈએ. પૈસા બહુ મળ્યા, માનપાન સારા મળ્યા, અને પ્રતિષ્ઠા વધતી ચાલી, પણ તેથી આ અનંતકાળના પ્રવાસી આત્માના શા દીદાર ફિટ્યા ? ક્ષણભર મન માનવા પ્રેરાય કે બધું રૂડું રૂપાળું હોય તો ચિત્ત શાન્તિમાં રહે, અને ધર્મસેવા સારી કરી શકીએ; પરંતુ સાત્ત્વિક રીતે ઊંડા ઉતરીને જુઓ કે,

**એથી હૃદયમાં જડ લક્ષ્મીનો રાગ, જડ પ્રતિષ્ઠાનો મોહ, અને તુચ્છ માનપાનનાં મૂલ્યાંકન ઘટવાના કે વધવાના ?**

આ રાગ, આ મોહ અને આ મૂલ્યાંકન, એ શાંતિ છે કે મહા અશાંતિ ?

શોક અને ઉદ્વેગ તો હજી કાળે કરીને ઘસાય છે, તેમ એ ખોટા પણ લાગે છે, અકર્તવ્ય લાગે છે, પાપરૂપ લાગે છે, પરંતુ રાગ, મોહ, ને જડનાં મૂલ્યાંકન તો જરાય હૈયાને ખરાબ લાગતા નથી ! એ કરવા ઉપર મેં કાંઈ ગુનો કર્યો, ખોટું કામ કર્યું એવું લાગે છે ?

ત્યારે ધ્યાન રાખજો કે પૈસાની તંગી ખરાબ લાગે છે, દિલને ખટકે છે, સમાજમાં ગુનારૂપ લાગે છે, પણ એ તો અજ્ઞાન દશા છે. ખરી રીતે તો રાગ, મોહ અને જડનાં મૂલ્યાંકન ખોટાં ન લાગે, દિલને ખટકે નહિ અપરાધ કર્યા રૂપ ન લાગે, તો તો સંભવ છે કે મિથ્યાત્વમાં તણાઈ જવાનું થાય ! જીવનમાં લક્ષ્મીના ઢેર અને માનપાનનો ઢગલો મળવા ઉપર જો આ ઊભું થતું હોય તો એ કેટલી બધી જોખમી ભવવર્ધક સ્થિતિ ઊભી કરવાનું થાય ?

મહાનુભાવ ! આ જીવે સંસારમાં ઘણું મેળવ્યું, ઘણું જોયું, પરંતુ એમાં શી નવાઈ થઈ કે શી શાબાશી બજાવી ? એવા તો પૂર્વે અનંતા જીવન મલ્યાં હતાં, પરંતુ એમાં કોઈ સાત્ત્વિક કાર્ય કર્યું, સદ્ધર કોઈ આત્મ બળ-નિર્બળતા મેળવી ? આજે એ જડ-રાગ, જડના મોહ અને મૂલ્યાંકનનો રાગ જીવને સતાવી રહ્યા છે,



એ શું સૂચવે છે ? પૂર્વે એના જ ખેલ ખેલ્યા, એ જ ને ?

હવે એ પ્રશ્ન વિચારો કે 'સમાધિ જાળવવા માટે અમુક પ્રકારના સંયોગો અનુકૂળ જોઈએ જ છે, તો એની તો અપેક્ષા રહે જ ને ?'

અલબત્ત રહે, પરંતુ એ માટે, ભાગ્યવાન એ વિચારો કે આપણે એવા પુણ્ય પર અધિકાર શી રીતે રાખી શકીએ ? તેમ **અરિહંતનો સેવક શું એકલો પુણ્યોદય પર અધિકાર રાખે અને પાપોદય પર નહિ ?** 'મારે આટલું આટલું સુખ, સગવડ જોઈએ જ,'-શું એટલું જ પકડતા આવડે ? અને શું એ ન આવડે કે 'મારે દુઃખ પણ આવે; હું કાંઈ એવો ધર્માત્મા નથી કે એકલા પુણ્યોદયનો જ અધિકારી હોઉં. વર્તમાન જીવનમાં કેઈ વિષયોની ગૃદ્ધિ, કેઈ કષાયો, કેઈ ઈર્ષ્યા, મદ, અને તૃષ્ણાદિ દોષો ઝગમગે છે, એ સૂચવે છે કે હું પૂર્વનો એવો ધર્માત્મા નહિ હોઉં, એવું ધર્મી હૃદય મેં નહીં બનાવ્યું હોય, નહિતર આ દુર્દશા હોય ?'

**ધર્મક્રિયા કરવી એ એક વાત છે, ધર્મી દિલ બનાવવું એ બીજી વસ્તુ છે.** અલબત ધર્મ ક્રિયા દિલને ધર્મી બનાવવામાં ખૂબ સહાયક છે, પણ દિલ તેવું બનાવવું હોય તો એકાદિ વેળા પૈસા મળી જવા, માન મળી જવું એ કાંઈ પૂર્વના **ધર્મી** હૃદયનું માપક નથી. એ મળવાનું તો આડે હાથે પૂર્વે કોઈ દાનાદિ કર્યા હોય તેથી ય બને. હા જીવનમાં ભારોભાર ઔચિત્ય, માતાપિતાની અખંડ સેવા વિનય-આજ્ઞાધીનતા, કૃતજ્ઞતા, વૈરાગ્ય, ઉપશમ, સંવેગ, ક્ષમા, નિસ્પૃહતા, મૈત્રી, ગુણાનુરાગ વગેરે સદ્‌ગુણો ઝગમગતા હોય તો મનાય કે પૂર્વે ધર્માત્મા બન્યા હોઈશું, ધર્મીહૃદય કેળવ્યું હશે.

સ્વાત્મ-નિરીક્ષણ અને તત્ત્વમંથન કરવાની જરૂર છે. **સ્વાત્મનિરીક્ષણ અને તત્ત્વમંથનના અભાવે વિકલ્પોના ધુમાડાથી મન શ્યામ બનતું જાય છે !** અસમાધિના અંધકારમાં ટિચાયા કરવાનું થાય છે ! એથી નવા પુણ્ય-પ્રયત્ન અને ધર્મી હૃદય કેળવવાનું બનતું નથી. પછી પાપ ક્યાંથી ઠેલાય ? પુણ્ય પાપને ઠેલે, અને નિર્મળ પુણ્ય તો નિરાંશસભાવે તથા બીજા ત્રીજા વિકલ્પો અને અસમાધિ હટાવી દઈને ઉપરોક્ત દોષત્યાગ અને ગુણ ઝંખનાનો પહેલો માનસિક ધર્મ શરૂ કરી દેવાય, પ્રભુ શ્રી અરિહંત ઉપર અથાગ શ્રદ્ધા ઊભી કરાય, 'જે કાંઈ સારું થશે તે, નાથ ! તારી કૃપાથી જ થશે; જે તારાથી નહિ તે બીજા કશાથી નહિ થાય. **'જિન ભક્તિ જે નવિ થયું, તે બીજાથી નવિ થાય.'** માટે હે દીનદયાળુ ! મારે તું જ એક શરણ છે, તું મને સમાધિ દે.' આ શરણ અને પ્રાર્થના કરાય.

પ્રસંગતઃ આટલું ધ્યાનમાં રહે કે, **પરલોકમાં ધર્મી જીવન મળવાનો પાયો અહીંના ધર્મી હૃદય પર નંખાય છે.** ભવાંતરે કદાચ સંપત્તિના ઢેર મળે, મોટા સામ્રાજ્ય મળે પરંતુ ત્યાં જો સાથે ધર્મી જીવન નહીં હોય, તો પછી પાપી જીવન

જ રહે ને ? અને એ સંપત્તિવાળા પાપી જીવનમાં જીવની કેવી કારમી દુર્દશા સર્જાય ? ત્યારે જો કદાચ સંપત્તિ ન મળી હોય, પણ જીવન ધર્મી હોય તો કેટલી સુંદર ઉન્નતિ સધાય ? માટે કુમારપાળ રાજા જેવાએ માગ્યું હતું કે 'હું જૈનધર્મથી વાસિત ભલે દાસ કે દરિદ્ર થાઉં પરંતુ ધર્મવિહોણો ચક્રવર્તી પણ થવાની મારી ઈચ્છા નથી.'

**પરલોકમાં ધર્મી જીવન મેળવવા અહીં હૃદયથી ધર્માત્મા બનવું પડે,** હૃદય ધર્મી બનાવવું પડે. એ માટે ઈન્દ્રિયો અને મન પર અંકુશ, ઉદારતા, કૃતજ્ઞતા, પરોપકાર, સર્વમૈત્રીભાવ, ભગવદ્વચન પર ઉછળતી પ્રીતિ તથા તન-મન-ધન અને વચનથી અનેકાનેક સુકૃતો કરવા જોઈએ. લક્ષ્મી અને લક્ષ્મીવાનોના અંજામણ ઠકુરાઈના મોહ, સારા દેખાવાનો મોહ, કોઈના ય પ્રત્યે દ્વેષ-અરુચિ-અભાવ, વગેરે દૂર કરવા પડે.

**જીવનમાં માટીનું ધન મેળવવા કરતાં આત્મિક ધન મેળવવા ઘણું ઘણું કરવાનું છે. જીવન તો નદીના પૂરની જેમ વહી રહ્યું છે !** ઘડીયાળનો કાંટો દરેક સેકન્ડે ફરતો રહીને કહી રહ્યો છે કે આ કાળ તો ચાલ્યો, એટલે હવે બાકીનો જીવનકાળ ખરો લેખે લગાડવાનો છે. કદાચ સંપત્તિમાં તંગી રહી, ધાર્યા પૈસા નથી મળતા, પરંતુ એનાં રોદણાં રોઈ માનવકાળ બરબાદ કરવા કરતાં દિલ ધર્મમય ને ગુણમય કરી લેવામાં કાળ સાર્થક કરવાનો છે.

મન બીજા ત્રીજા વલવલાટ કરતું હોય, પણ આ સાવચેતી ખાસ રાખો કે 'હું મારું દિલ તો એક સરખું ધર્મી, પવિત્ર, ગુણિયલ, દયાળુ અને પરલોકની ચિન્તાવાળું અવશ્ય રાખું.' જો આ સાવચેતી ન રાખી તો બીજી ત્રીજી વ્યાકૂળતા કરવામાં કાંઈ પરિસ્થિતિ તો સુધરશે નહિ, પણ માનવકાળ એળે જશે, અને આ આર્તધ્યાનના યોગે પાપ અને કુસંસ્કારોનો ભાર વધી જશે ! આત્મામાં કંગાલિયત, નિઃસત્ત્વતા અને અર્થકામની અગત્ય ઊભી થશે. મજબૂત થશે !

બાકી તો ધર્મી હૃદય, શ્રદ્ધાળુ-દયાળુ દિલ, કેળવતા જવામાં કેઈ અંતરાય કર્મો પણ તૂટે છે, પાપ ઠેલાય છે. આના ઉપરાંત સ્થિર ચિત્તે અટલશ્રદ્ધાથી નવકારનો ભરપૂર જાપ અને વારંવાર નવકાર-સ્મરણ, વીતરાગની ગદ્ગદ દિલે ભક્તિ-પ્રાર્થના-શરણ, વારંવાર ચારે શરણ-દુષ્કૃતગર્હા-સુકૃતાનુમોદન, રોજ પ્રભાતે 'વિશ્વના જીવમાત્ર સુખી થાઓ, નિરોગી થાઓ, પરોપકારી થાઓ, સૌને સદ્બુદ્ધિ મળે,' એવી ગદ્ગદ દિલે ભાવના, વિવિધ ત્યાગ અને તપસ્યા, રોજ કાંઈ ને કાંઈ દુઃખીને દાન પ્રભુભક્તિ, ગુરુસેવા વગેરે ધર્મ પ્રવૃત્તિ ખૂબ ખૂબ વધારવી પડે.

મન તોફાની છે, કંઈને કંઈ તરંગમાં ચઢે છે, જીવને ગ્લાન, ઉદાસ, નિરાશ અને રાંક બનાવે છે. એની સામે આ વિચારો.



રાજા હરિશ્ચન્દ્ર અને તારામતીએ, રામ અને સીતાએ, નળ અને દમયંતીએ કેવાં કેવાં દુઃખ ભોગવ્યાં ? છતાં એ કેવા સાત્ત્વિક અને નિત્ય પ્રસન્ન રહ્યા ! તો હું કેમ ન રહી શકું ? મુંઝાવાનું શા માટે ?

**કાળચક્ર નીચું જાય છે, તો પાછું ઊંચું પણ આવે છે.** દસકો નીચો તો દસકો ઉંચો.

**આપણાં સુખ-દુઃખને સીધો સંબંધ આપણાં કર્મ સાથે છે.** ત્યાં મુખ્યપણે બીજી ત્રીજી વસ્તુ જવાબદાર નથી, કર્મ ભોગવ્યે જ છૂટકો.

**દુઃખ ભોગવાતાં જાય, તો કર્મ ઓછાં જ થાય છે, કચરો સાફ થાય છે !** આત્માની દૃષ્ટિવાળાને મન એ ઉત્સવ છે.

**સ્વેચ્છાએ હોંશથી સહન કરેલું મહાલાભ માટે જ થાય છે.**

ભવિતવ્યતા અન્યથા થતી નથી. માટે બને એ જોયા કરો. વળી મનને પૂછો કે :

**ધર્મી-અધર્મીમાં ફેર શો ?** જો,

અધર્મીની જેમ ધર્મી પણ જડને રૂએ ?
અધર્મીની જેમ ધર્મી પણ કસોટીમાં રૂએ ?
અધર્મીની જેમ ધર્મી પણ કર્મ ભોગવવા તૈયાર નહિ ?
અધર્મીની જેમ ધર્મી પણ દુઃખમાં વધુ ધર્મ ન કરે ?
અધર્મીની જેમ ધર્મી પણ વિરાગી ન બને ?
અધર્મીની જેમ ધર્મી પણ કર્મ તરફ ન જુએ ?
અધર્મીની જેમ ધર્મી પણ સંસારને ન ઓળખી લે ?
અધર્મીની જેમ ધર્મી પણ વધુ સાત્ત્વિક ન બને ?
અધર્મીની જેમ ધર્મી પણ દુઃખને રાગની મોંકાણ ન માને ?

**આ બધું વિચારી, જો આપણે ધર્મી છીએ તો દુઃખમાં તો ખાસ કરીને :**

(૧) જડને નહિ પણ બગડી ગયેલા સ્વાત્માને રોઈએ,
(૨) કસોટી કાળ સમજી આત્મ સુવર્ણને નિર્મળ થવા દઈએ.
(૩) સ્વકૃત કર્મ ભોગવી લેવા તૈયાર રહીએ, ઉપરાંત
(૪) વધુ ધર્મસાધના કરીએ,
(૫) વૈરાગ્ય વધારીએ,
(૬) બીજા કોઈ તરફ નહિ પણ આપણા પૂર્વકર્મ તરફ દૃષ્ટિ નાખીએ,
(૭) વધુ સાત્ત્વિક બનીએ,

(૮) જીવે કાયા, ગૃહવાસ, પૈસા, પ્રતિષ્ઠા, પરિવાર વગેરે પર રાગ અને મમત્વ કર્યા છે, એની જ આ મોંકાણ છે કે રોગ, ધનનાશ, બેઆબરૂ, વિરુદ્ધ પરિવાર, વગેરેનું દુઃખ મને લાગે છે. માટે સર્વ દુઃખનાં મૂળભૂત એ રાગ અને મમત્વ છે, એ જ કાપતો આવું.

વિચારણા તો આર્થિક મુંઝવણ અંગેની હતી, પરંતુ એ મુંઝવણ ટાળવા આ એક ઉપાય છે કે મુંઝવણનું ઘર જે માને છે, તે મનને બીજા કામે લગાડી દેવું જોઈએ. એ માટે આ વિચારણા કરી છે. ધન તો આવશે ને જશે, કે આવ્યું ને ગયું, પરંતુ ખરું કર્તવ્ય રહી જાય એ મોટી કમનસીબી છે, ભાવી અધઃપતનનું ચિહ્ન છે. પૂર્વોક્ત વિચારસરણીના એકેક મુદ્દા પર નિરાંતે મન પરોવી વિસ્તાર અને ઊંડાણથી પુનઃ પુનઃ ચિંતન કરવાની જરૂર છે. એવા ચિંતનથી કોઈ ચમત્કારિક આંતર અનુભવ થશે, જે આત્મોત્થાનનો પ્રેરક બનશે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૯,અંક-૨૨,તા.૧૧-૨-૧૯૬૧

## આર્ય સંસ્કૃતિના અશોકવૃક્ષ પર પ્રહારો

### (લે. શ્રીયુત ઋષભદાસજી જૈન-મદ્રાસ)

વર્તમાન પરિસ્થિતિ અને પ્રજાના જીવનનું વાતાવરણ જોઈ એક વાત મનને જચે છે કે આપણી સાંસ્કૃતિક સંપત્તિ અને સંરક્ષણ માટે આરાધનાની દિલ્હીના ધામ પર આપણી કાર્યવાહીનું એક કેન્દ્ર યાને કાયમી ઓફિસ ખોલવી જોઈશે અને રાજતંત્રમાં આપણી શક્તિને ધીરે ધીરે કેન્દ્રિત કરવી પડશે, નહિતર કટુ પરિસ્થિતિ ભોગવવી પડશે.

મારી તો એ માન્યતા છે કે આ પુણ્ય પવિત્ર ભારતભૂમિ પર આર્ય સંસ્કૃતિનું અશોકવૃક્ષ જે સદાને માટે વિષયકષાયના તાપમાં ત્રાસ પામતા પ્રાણીગણને શીતલ વાયુના સંચારથી શાંતિનો સ્વાનુભાવ કરાવતું હતું, તે સાંસ્કૃતિક અશોકવૃક્ષના પાંદડાં તોડી પાડવા માટે મ્લેચ્છ શાસનના કાલમાં ઘણો પ્રયત્ન થયો, અને એની ડાળીઓ પાડી નાખવા માટે અંગ્રેજી શાસનકાળમાં ખૂબ કોશિશ થઈ.

પરંતુ આ આપણા લોકશાહી શાસનમાં યાને કહેવાતા પ્રજાતંત્રમાં તો એની જડ કાપી નાખવાની પેરવીઓ થઈ રહી છે. તેમજ ભૌતિક વિજ્ઞાન વળી એના જડમાં ઝેરી તેલ નાખી રહ્યું છે, કે જેથી હવે એના અંકુર સુધ્ધા આ ભૂમિ પર ઉગવા ન પામે.

આ વિકટ પરિસ્થિતિમાં આપણે સસલાની જેમ કાનને આંખ પર ચઢાવી દઈ આપણી જાતને નિર્ભય નિશ્ચિંત માની બેસીએ એ કેટલું ઠીક છે એ સમજમાં આવતું નથી. આજની રાજકીય શાસન નીતિ તો એવી ભાસે છે કે જાણે એક ડૉક્ટર ખરજવાના દર્દીને ખોરાકમાં ખરજ વધે એવા ખોરાકની ભલામણ કરે અને બીજી બાજુ ખરજવું મટાડવાનો મલમ દે. આ પરિસ્થિતિમાં આપણે સાવધાન થવું માત્ર જરૂરી નહિ, કિન્તુ અનિવાર્ય પણ છે.

માનવતા અને દાનવતાની વચ્ચે દીવાલ તૂટતી આવી છે. સેવા અને સુધારાના નામે સાત વ્યસનોનું સહજ પોષણ થતું જાય છે. આવું જો કેટલાક વરસ ચાલ્યું તો આ પવિત્ર આત્મસંસ્કૃતિનો સંદેશ ગ્રામોફોનની ચૂડીમાં જ દાબી દેવો પડશે. માનવ પ્રજાના હૃદયમાં એને સ્થાન મળવું અશક્ય બની જશે. માટે ભલે સંસ્કૃતિની સાધના અને ઉપાસનામાં કાલદોષથી પ્રજામાં કદાચ કમજોરી આવી જાય, તો પણ સંસ્કૃતિનો પ્રેમ અને પક્ષપાત તો અસ્ખલિત બન્યો રહે એ માટેના આંદોલનને અમર રાખવું એ આર્ય માનવનું એક મહાન કર્તવ્ય છે.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૯,અંક-૨૪,તા.૨૫-૨-૧૯૬૧

## રખે ભ્રમમાં રહેતા

### મત્સ્યોદ્યોગ અંગે ગુજરાત સરકારનો ખુલાસો જરાય સંતોષકારક નથી.

ભારતમાં ગણતંત્રની સ્થાપના થયા પછી કોંગ્રેસપક્ષ સત્તાસ્થાને રહ્યો છે. આશા તો એમ રાખવામાં આવતી હતી કે આ પક્ષે રાજદ્વારી લડતમાં અહિંસાને અપનાવી છે, એટલે તે પ્રજાજીવનમાં અહિંસાના સંસ્કારો વધારે દૃઢ કરશે અને એ રીતે ભારતની પ્રજાને વધારે અહિંસક બનાવી જગત સમક્ષ એક ઉમદા દાખલો પૂરો પાડશે. પરંતુ એ આશા ફળી નથી, બીજી બાજુ તેણે આર્થિક ઉત્પાદનના નામે વિવિધ પ્રકારની હિંસાને ઉત્તેજન આપનારી યોજનાઓ ઘડીને તેને અમલમાં મૂકી છે અને તેથી અંગ્રેજી રાજ્યના અમલ દરમિયાન હિંસાનું જે પ્રમાણ હતું, તે અનેકગણું વધી ગયું છે. આ જોઈ દયાળુ હૃદયો કંપી ઉઠ્યા છે અને હિંસાનું આ ઘોર તાંડવ કઈ રીતે ઓછું થાય તેની વિચારણામાં પડ્યા છે.

હિંસાને ઉત્તેજન આપનારી સરકારની વિવિધ યોજનાઓમાં મત્સ્યોદ્યોગનો પણ સમાવેશ થાય છે. આ ઉદ્યોગને વિકસાવી, તેનો પરદેશ નિકાસ કરવા દ્વારા પૈસા મેળવવાનો સરકારનો ઈરાદો છે અને તે પૈસાથી પ્રજાનું વધારે કલ્યાણ થઈ શકશે એવી તેની ધારણા છે ! આ રસ્તો ગ્રહણ કરીને પ્રજાની હિંસક વૃત્તિને ઉત્તેજન આપવામાં કેવા ભયો રહેલા છે, તેનું દિગ્દર્શન અગાઉ અમે આ સ્થળેથી કરાવેલું છે, એટલે તેની પુનરાવૃત્તિ નહિ કરીએ, પણ એટલું જણાવીએ છીએ કે

વિદેશનાં અનુકરણરૂપ આ પ્રવૃત્તિ ભારતના આધ્યાત્મિક તેજનો ઘાત કરનારી છે અને તેથી કોંગ્રેસ સરકારને માટે જરાય શોભાસ્પદ નથી,

અમને વધારે આશ્ચર્ય અને ખેદ તો એટલા માટે થાય છે કે ગુજરાતનું રાજ્ય પણ આનાથી અલિપ્ત રહેવાનું નથી. વાર્ષિક ક્રોડ-દોઢ કરોડના ખર્ચે તેના સાગરકાંઠા પર આ ઉદ્યોગનો વિકાસ થવાનો છે.

ગુજરાતની દયાળુ પ્રજાને આ જરાયે ગમ્યું નથી. તે અમદાવાદમાં ભરાયેલી જાહેર સભાઓ વગેરે દ્વારા જાણી શકાય છે. તા. ૯-૧૦-૬૦ના દિવસે મળેલી જાહેર સભાએ આ સંબંધમાં વાતચીત કરવા શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ અમૃતલાલ હરગોવિંદદાસ, શેઠ નંદદાસ હરિદાસ વગેરે બાર ગૃહસ્થોનું એક પ્રજા-પ્રતિનિધિમંડળ નીમ્યું હતું. તેણે સ્થાનિક સ્વરાજ્ય અને આરોગ્યખાતાના મંત્રીની મુલાકાત લઈ હિંસક યોજના અંગે દુઃખ વ્યક્ત કરતાં અને તેને બંધ કરવાનો અનુરોધ કરતાં એમ જણાવાયું હતું કે 'તા. ૧૯-૧૨-૬૦ના રોજ ઉદ્યોગો માટેની રાજ્ય સલાહકાર સમિતિની બેઠક મળવાની છે, તે સમયે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી પ્રવચન આપશે, તેમાં મત્સ્યોદ્યોગની નીતિ અંગે ખુલાસો કરવામાં આવશે.' આ પરથી એવી ધારણા બંધાઈ હતી કે પ્રજાનો પોકાર ધ્યાનમાં લઈને સરકાર આ સંબંધમાં જરૂર ઉચિત કાર્યવાહી કરશે. પણ મુખ્ય મંત્રીની જાહેરાતમાં નીચેના શબ્દો પ્રકટ થયા છે.

'અહીં એક બીજા ઉદ્યોગ વિષે જરા કહેવા માગું છું. તે છે 'મત્સ્ય ઉદ્યોગ.' જાહેર જનતાના કેટલાક વિભાગમાં હમણાં આ ચિંતાનો વિષય બનેલ છે. આ ઉદ્યોગના વિકાસ સંબંધી પણ હું થોડા શબ્દો કહું તો તે અસ્થાને નહિ ગણાય. આ સંબંધમાં કેટલાક લોકોના મનમાં ઠીકઠીક પ્રમાણમાં આશંકાઓ પ્રવર્તતી લાગે છે. સરકાર તો માત્ર સાગરકાંઠાવાળા વિસ્તારોમાં જ આ ઉદ્યોગના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. આ સંબંધી ખાસ કરીને રાજ્યના અંદરના ભાગમાં જળવિસ્તારોમાં તેનો વિકાસ કરવા સંબંધી લોકોની લાગણી હું સમજી શકું છું. આપને વિદિત હશે કે આવી લાગણીને માન આપવાની નીતિ સરકાર અનુસરી રહી છે. આથી જ્યાં વર્ષો થયાં આ ઉદ્યોગ ચાલી રહ્યો છે, ત્યાં જ મત્સ્યોદ્યોગ ખાતું તેને વિકસાવી રહ્યું છે.'

આ ખુલાસા પરથી તો એ સ્પષ્ટ થાય છે કે સરકારનો સાગરકાંઠા પર મત્સ્યોદ્યોગ ખીલવવાનો નિરધાર અફર છે અને તેમાં કંઈપણ ફેરફાર થનાર નથી. જ્યારે લોકલાગણી તો ત્યાંનો પણ મત્સ્યોદ્યોગ બંધ થવા માટેની છે. અંદરના ભાગના જળ વિસ્તારોમાં સરકાર આ ઉદ્યોગ ખીલવવા માંગે છે એવી લોકોને શંકા ન હતી, એટલે તે સંબંધમાં કરાયેલો ખુલાસો અપ્રસ્તુત છે અને લોકલાગણીને માન



અપાયું હોય એવો ભ્રમ પેદા કરનારો છે.

ટૂંકમાં મત્સ્યોદ્યોગ અંગે ગુજરાત સરકારનો ખુલાસો જરાય સંતોષકારક નથી અને અને તેથી પ્રજાએ ભ્રમમાં રહેવાની જરૂર નથી. આ અંગે વિશિષ્ટ કર્તવ્ય સંબંધી કેટલીક વિચારણા આગામી અંકમાં કરવામાં આવશે.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૯,અંક-૨૫,તા.૪-૩-૧૯૬૧

## મત્સ્યોદ્યોગ અંગે આપણું કર્તવ્ય

હિંસાનો વિરોધ કરનારી સંસ્થાઓ ગુજરાતમાં-અમદાવાદમાં અનેક છે અને તે પોતાની રીતે પોતાનું કામ કરી રહી છે. પરંતુ મત્સ્યોદ્યોગ બાબતમાં તે અસરકારક કામ નહિ કરી શકે એવી માન્યતાથી પ્રેરાઈને ખાસ આ કામ માટે જ અમદાવાદમાં **'ભારતીય સંસ્કૃતિ રક્ષક સભા'**ની સ્થાપના કરવામાં આવી છે અને તેમાં મંત્રીપદે શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયા તથા પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધીને નીમવામાં આવ્યા છે.

આ સંસ્થાએ જાહેરસભા ભરવાનું, સરકાર સાથે પત્રવ્યવહાર કરી પ્રતિનિધિમંડળ માટે સમય મેળવવાનું, તેમજ પ્રતિનિધિમંડળને સ્થાનિક સ્વરાજ અને જાહેર આરોગ્યખાતાના મંત્રીને મળવાનું કામ કર્યું છે. પરંતુ જાહેર અને આરોગ્યખાતાના પ્રધાને આ વસ્તુ પોતાના માથે ન રાખતાં મુખ્યમંત્રી પર નાખી છે અને મુખ્યમંત્રીએ તે અંગે જે ભાષણ કર્યું છે, તે સાવ નિરાશાજનક છે.

આ ભાષણ સાંભળ્યા પછી સંસ્થાના કાર્યવાહકોની એ ફરજ થઈ પડે છે કે તેમણે વહેલી તકે પ્રતિનિધિમંડળના સભ્યોને સાથે લઈ મુખ્યમંત્રી **શ્રી જીવરાજ મહેતાને મળવું** અને તેમનાં ભાષણના પ્રજાના મન પર કેવા પ્રત્યાઘાતો પડ્યા છે, તેનાથી તેમને વાકેફ કરવા. સાથે આ પ્રવૃત્તિનાં માઠાં પરિણામો અંગે ચર્ચા પણ કરવી અને કોઈ પણ રીતે ગુજરાતમાં આ પ્રવૃત્તિ આકાર ન પકડે તે માટે વિનયભર્યો પણ સબળ અનુરોધ કરવો.

પરંતુ સંસ્થા તરફથી આવી કોઈ પ્રવૃત્તિ હજી સુધી કરવામાં આવી નથી, તેમજ કરવાનો ઈરાદો રખાયો હોય તેમ જણાયું નથી. બીજી બાજુ સંસ્થા તરફથી જે પત્રિકા બહાર પાડવામાં આવી છે, તે ઉત્સાહ પ્રેરવાને બદલે નિરાશા ઉપજાવે તેવી છે અને પ્રજાનું ધ્યાન મૂળ પ્રશ્ન પરથી ખસેડીને બીજી બાજુ લઈ જવાના પ્રયત્ન સમી છે. આમ કેમ બની રહ્યું છે ? તે અમે સમજી શકતા નથી. જ્યારે એક સંસ્થા સરકાર તરફથી વિવિધ રીતે યોજાઈ રહેલી હિંસક પ્રવૃત્તિઓનો પ્રતિકાર કરવા માટે જ સ્થપાયેલી છે, ત્યારે તેની પવિત્ર ફરજ એ જ થઈ પડે છે કે તેણે

પ્રતિકારનું બળ કેળવવું અને તેનો સંસ્થાના ઉદ્દેશની પૂર્તિ અર્થે ઉપયોગ કરવો, તે અંગે અમને નીચેનાં સૂચનો કરવા જરૂરી લાગે છે.

(૧) આ કાર્યમાં જરૂર સફળતા મળશે એવો કાર્યકર્તાઓએ વિશ્વાસ રાખવો. જ્યાં સુધી આવો વિશ્વાસ ન હોય ત્યાં સુધી પ્રવૃત્તિઓ પાંગળી રહે છે અથવા તો તેમાં જે પ્રાણ પ્રકટવો જોઈએ તે પ્રકટતો નથી.
(૨) કાર્યાલયને વધારે વ્યવસ્થિત અને વધારે સક્રિય બનાવવું.
(૩) મંત્રીઓમાં બંને જૈનો છે, એટલે વૈષ્ણવ કે હિંદુઓમાંથી આ વિષયની ધગશ ધરાવનાર એક કે બે મંત્રીઓને ઉમેરવા.
(૪) મુખ્ય મંત્રીની મુલાકાત લેવી અને તેમાં સંતોષકારક ઉત્તર ન મળે તો દિલ્હી જઈ તે અંગેના મધ્યસ્થ સરકારના કાર્યવાહકોને મળવું.
(૫) ગુજરાતભરમાં આ બાબતમાં સભાઓ ભરવી અને તેના ઠરાવો મુખ્ય મંત્રી તેમજ મધ્યસ્થ ખાતાના આ વિષયના અધિકારી પર મોકલવા.
(૬) મત્સ્યોદ્યોગથી પ્રજાને લાભ નહિ પણ નુકસાન છે, એ દર્શાવતી પત્રિકાઓ કાઢી તેનો પ્રચાર કરવો.
(૭) આ વિષયના પોસ્ટરો-દિવાલચિત્રો કાઢી ગામે ગામ ચોંટાડવા.
(૮) સંસ્થાના કાર્યવાહકોએ બાબતનાં જરૂરી ફંડ કરવું અને જીવદયા પ્રેમીઓએ તેમાં પોતાનો યોગ્ય ફાળો આપવો.
(૯) જૈન, વૈષ્ણવ તેમજ હિંદુધર્મના અન્ય આચાર્યોએ આ સંસ્થાની પીઠ થાબડવી અને તેને જે જે બાબતોમાં સહકાર જોઈતો હોય તે આપવો.

હાલ આટલું કરવામાં આવશે તો આ પ્રવૃત્તિ પૂરો વેગ પકડશે અને તેનું પરિણામ જરૂર સારું આવશે.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૯,અંક-૨૯,તા.૮-૪-૧૯૬૧

## મત્સ્યોદ્યોગ અંગેની વિચારણા

તા. ૨૫-૨-૬૧ અને તા. ૪-૩-૬૧ ના અંકમાં મત્સ્યોદ્યોગ અંગે ગુજરાતમાં પ્રવર્તી રહેલી સ્થિતિની નોંધ લીધી હતી. અને તે અંગે કેટલાંક સૂચનો કર્યાં હતાં. આ નોંધ અનેકોનું ધ્યાન ખેંચનારી બની છે અને કરાયેલાં સૂચનોને વિવિધ સ્થળોએથી સમર્થન સાંપડ્યું છે. દરમિયાન અમને મત્સ્યોદ્યોગ અંગે જે વિશેષ માહિતી મળી છે, તે પરથી આ વિશેષ નોંધ લખવાનું પ્રાપ્ત થાય છે.

ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાને ભારતીય સંસ્કૃતિરક્ષક



સભા તરફનું પ્રતિનિધિમંડળ મળ્યું તે પહેલાં એવા સમાચારો ફેલાઈ રહ્યા હતા કે શેત્રુંજી નદીના બંધ અને બીજા અનેક તળાવો તથા બંધો વગેરેમાં મત્સ્યોદ્યોગ ચાલુ થયો છે અને તે થોડા જ વખતમાં વિસ્તૃત થશે. આથી ધર્મપ્રેમી વર્ગને ભારે આઘાત પહોંચ્યો હતો અને ચિંતાની ઘેરી લાગણી સર્વત્ર ફરી વળી હતી. આથી તા. ૧૯-૧૨-૬૦ના રોજ ડૉ. મહેતાએ જે જાહેરાત કરી તે દેખીતી રીતે નિરાશાજનક હોવા છતાં એટલું આશ્વાસન આપનારી હતી કે 'હવે ગુજરાતનાં જળાશયો તથા બંધોમાં લોકલાગણીને માન આપી સરકાર મત્સ્યોદ્યોગને કોઈ જાતનું ઉત્તેજન આપશે નહિ, એટલું જ નહિ પણ મહાપૂર્વની રીતિ અનુસાર ત્યાં મત્સ્યોની હિંસા ન કરવાના જે નિયમો અમલમાં છે, તેનો ચીવટાઈથી અમલ કરવામાં આવશે.' આથી ભારતીય સંસ્કૃતિરક્ષક સભાના મંત્રી શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડિયા વગેરેને લાગ્યું કે 'પ્રારંભમાં આટલું પણ ઠીક છે. આથી ક્રોડો જીવોની રક્ષા થશે અને આગળ પર સાગરકાંઠાનો મત્સ્યોદ્યોગ રોકવા માટે જે પ્રવૃત્તિ કરવાની છે તેને વેગ મળશે.' આથી તેમણે, પ્રારંભિક જે પ્રયત્ન કરવો જોઈએ તેવા એક પ્રયત્ન તરીકે, પહેલાં ૧૦૦૦૦ અને પછી ૫૦૦૦ હસ્તપત્રો છપાવી તેમાં મુખ્ય મંત્રીની જાહેરાત સાથેનું પોતાનું નિવેદન પ્રકટ કર્યું અને તેનો વ્યવસ્થિત પ્રચાર કર્યો. તેમાં એ વસ્તુ પર ભાર મૂક્યો કે બીનસાગરકાંઠાના પ્રદેશોમાં કોઈ માછલાં ન પકડે તેની તકેદારી રાખવી; અને જો કોઈ મુખ્ય મંત્રીનાં વચનનો ભંગ કરતું જણાય તો તુરત જ સરકારને અને ભારતીય સંસ્કૃતિરક્ષક સભાના મંત્રીઓને તે બાબતની ખબર આપવી, જેથી સભા તે માટે ઘટતા ઉપાયો યોજી શકે.

આ સુયોગ્ય પ્રવૃત્તિ પછી જીવદયાપ્રેમી પ્રજાની એ ખાસ ફરજ થઈ પડે છે કે માછલાં પકડવાના પ્રસંગો કોઈ સ્થળે બનતા હોય તો તે તરત જ સભાને જણાવી દેવા જોઈએ; કેમકે સભા આખા રાજ્યનાં દરેક ગામડે તપાસ કરવા પહોંચી શકે નહિ. હકીકત એ છે કે આવી કોઈ ફરિયાદ હજી સુધી સભાના કાર્યાલયે નોંધાઈ નથી.

વચ્ચે એવા ઊડતા સમાચાર પ્રાપ્ત થયા હતા કે 'વીરમગામ નગરપાલિકાને તળાવમાં મત્સ્યોદ્યોગ ખીલવવા રાજ્ય સરકાર તરફથી દબાણ થયું છે અને તે બાબતનો ખાસ પરિપત્ર મળ્યો છે. પણ વીરમગામ નગરપાલિકાએ ઠરાવ કરીને એમ જણાવ્યું છે કે આ આદેશનો અમલ કરી શકાય એમ નથી, પરંતુ આ બાબતની ભારતીય સંસ્કૃતિ રક્ષક સભાનો માનદ મંત્રી શ્રી કડિયાએ તરત તપાસ કરાવતાં તે બાબત બીનપાયાદાર જણાઈ હતી.

સાગરકાંઠામાં ક્રોડો મત્સ્યોને અભયદાન મળે તે ઘણું જરૂરનું છે, પણ તે કેન્દ્રસ્થ સરકારના હાથમાં છે અને તેને સમજાવવાનું કામ સહેલું નથી. પરંતુ

અમને નોંધ લેતાં આનંદ થાય છે કે સભાના ઉત્સાહી મંત્રી શ્રીયુત ચીમનલાલ કડિયા વગેરે આ બાબતમાં સચિંત છે અને આ કામનાં પ્રજાનો સાથ મેળવી કેવી રીતે આગળ વધવું તેની ગંભીર વિચારણા કરી રહ્યા છે, આમાં ઉતાવળિયું પગલું કામ લાગે એવું નથી; કેમ કે હવે જે પગલું ભરાય તે સામાન્ય નહિ પણ ગંભીર હોવાનું, અને એમાં જે ઉદ્યોગપતિ ગૃહસ્થો મૂળથી આ મત્સ્યરક્ષાના કાર્યમાં જોડાયા છે તેમને પણ સાથે રાખવાના છે, જેથી પ્રજા નાયકવિહોણી ન બને. કારણ એ છે કે આજ એવી પરિસ્થિતિ દેખાય છે, કે નામ લોકશાસનનું છતાં અગ્રણી નેતા વિનાની કરોડોની પ્રજાની લાગણી કે ઉહાપોહને માન મળે જ છે એવું કેટલીક હકીકતો પરથી માની શકાય નહિ.

શ્રી ચીમનલાલ કડિયા જાહેર જીવનનો સારો અનુભવ ધરાવે છે અને લોકોની નાડ પારખીને કામ કેવી રીતે લેવું ? તેની પણ વિશિષ્ટ શક્તિ ધરાવે છે, એટલે તેઓ આ બાબતની કોઈ સંગીન યોજના ઘડી કાઢશે એવી આશા છે.

પરંતુ આ વખતે પ્રજાનું કર્તવ્ય એક જ રહેશે અને તે એ યોજનાને આગળ ધપાવવાનું, ભારતની જીવદયા પ્રેમી પ્રજા પોતાનું એ કર્તવ્ય બરાબર બજાવે અને આ પ્રશ્નનો સુખદ અંત લાવે એ જ અભ્યર્થના.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૯,અંક-૩૦,તા.૧૫-૪-૧૯૬૧

## શ્રી શ્રીપ્રકાશની
## જૈનધર્મને ભવ્ય શ્રદ્ધાંજલિ

મુંબઈના વર્તમાન રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશ ભારતના એક વિખ્યાત વિદ્વાનના પુત્ર છે, એટલું જ નહિ પણ પોતે ય વિદ્વાન છે અને ધર્મ પ્રત્યે સારી અભિરુચિ ધરાવે છે. ભારત સરકારે ધાર્મિક અને નૈતિક કેળવણી અંગે વિચારણા કરી તે અંગે સૂચના કરવા જે એક સમિતિ નીમી હતી, તેના તેઓ અધ્યક્ષ છે અને તેમણે આ વિષયમાં પ્રશંસનીય કાર્યવાહી કરેલી છે.

તાજેતરમાં વિલેપાર્લે ખાતે આત્મતત્ત્વાદિ પાંચ પુસ્તકોનું પ્રકાશન તેમના હાથે થયું. તે વખતે તેમણે કરેલું પ્રવચન જૈનધર્મને ભવ્ય શ્રદ્ધાંજલિરૂપ છે. તેમણે પ્રારંભમાં જૈન સંઘનો આભાર માનીને જણાવ્યું કે 'હું એમ કહું તો અત્યુક્તિ નથી કે આજે પણ જૈનો પર પોતાના પ્રાચીન ધાર્મિક તત્ત્વોનો જે પ્રભાવ જોવામાં આવે છે, તેવો પ્રભાવ અન્ય કોઈ સમાજ પર તેમનાં ધાર્મિક તત્ત્વોનો જોવામાં આવતો નથી. ભારતમાં ધર્મ એ જીવનવ્યાપી શબ્દ છે અને તે જીવનની દરેક ક્રિયાને લાગુ



પડે છે. ખાવું-પીવું, બોલવું-ચાલવું, અન્ય ક્રિયાઓ કરવી, એ બધું યે ધર્માનુસાર થવું જોઈએ. અન્ય દેશોમાં ધર્મ શબ્દ આવા વિશાળ અર્થમાં નથી. ત્યાં કર્તવ્ય, આચાર, વિચાર એ શબ્દો છે, પણ સંકુચિત અર્થમાં. આપણી ધાર્મિક ભાવનાની પાછળ પ્રાચીન પરંપરા છે અને તે આપણે જાળવી રાખવી જોઈએ.'

પછી લોકતંત્રનો અર્થ સમજાવી તેમણે જણાવ્યું કે 'પ્રજાએ પોતાના જીવનની સુધારણા અંગે ધર્મનું પાલન તો અવશ્ય કરવાનું છે. ધર્મની પ્રધાન શિક્ષા એ છે કે-કરેલાં કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. આપણે પૂર્વજન્મમાં જે કંઈ કર્યું, તેના લીધે આ જીવન પામ્યા. હવે આ જન્મમાં એવાં કામો કરવાં જોઈએ કે જેથી વધારે સારું જીવન પામીએ. જગતમાં જે આટલી જુદાઈ દેખાય છે, તે કર્મને આધીન છે. એક શ્રીમંત, એક નિર્ધન, એક સંસ્કારી, એક અસંસ્કારી; એક બુદ્ધિમાન, એક સામાન્ય વગેરે. જો આપણે આ સિદ્ધાંત બરાબર સમજી લઈએ તો આપણી વર્તમાન સ્થિતિ અંગે આપણને એક પ્રકારનું સમાધાન સાંપડે છે.

'જૈન મુનિઓનું જીવન ઘણું ઊંચું છે. તેઓ દિવસો સુધી નિરાહારી રહી શકે છે, છતાં કોઈને ખબર પડતી નથી. રાજકારણમાં તો ચોવીશ કલાકના ઉપવાસ થાય, તો તેની તરત જાહેરાત થાય છે, અને ઉપવાસ કરનારના ફોટાઓ છપાય છે. કોઈ ફોટો પાડનાર ન હોય તો પોતે પડાવીને પણ પ્રચાર કરે છે. આ બધું જોઈએ છીએ, ત્યારે નિઃસ્પૃહ મુનિવરોનાં સાદાં સાત્ત્વિક જીવન પ્રત્યે મસ્તક ઢળ્યા વિના રહેતું નથી.

'...હું કાશીથી આવ્યો છું. ત્યાં બધાં ધર્મોનાં સ્થાનો છે અને બધા ધર્મના લોકો છે. ત્યાં રોજ ગંગાસ્નાન થાય છે, દેવની ભક્તિ કરવામાં આવે છે, પણ લોકો ધંધો કરવા બેસે છે, ત્યારે બધા આદર્શો વિસરી જાય છે. સાંજે પાછા દેવમંદિરે જાય છે, કથાઓ સાંભળે છે, સત્સંગ કરે છે, પરંતુ બીજા દિવસે જીવનની એ જ ઘરેડ ચાલુ રહે છે. એટલે તેમને એવી શિક્ષા મળવી જોઈએ કે જેથી તેમનાં જીવનમાં પરિવર્તન થાય અને તેઓ વધારે ઊંચું જીવન જીવતા થાય.'

જૈન સાધુસંસ્થાની પ્રશંસા કર્યા પછી તેમણે હાલ કેવો ઉપદેશ આપવો જોઈએ, તેનું આ નમ્રભાવે સૂચન હતું અને કોણ કહેશે કે એ સમયોચિત ન હતું ?

પછી તેમણે જણાવ્યું કે 'આપણાં જીવનમાં અહિંસાનું પાલન નથી. માંસાહાર આપણા દેશમાં પણ છે અને બીજા દેશમાં પણ છે. તે કદાચ પૂરો છૂટી ન શકે તો પણ પશુપંખી વગેરેને ઓછામાં ઓછું કષ્ટ કેમ પડે ? તે આપણે વિચારવું જ જોઈએ.' આ એમનું કથન સમગ્ર ભારત-પ્રજાની દૃષ્ટિએ હતું. અલબત્ત પ્રાણી-હિંસા ટાળ્યા વિના સાચી આબાદી મળી શકે નહિ.

આગળ એમણે કહ્યું, - જૈન ધર્મે ઘણાં વિશાલ સાહિત્યની રચના કરી છે.

સંસ્કૃત વગેરે ભાષામાં તેનું સાહિત્ય વિપુલ છે. તે હું માનું છું કે બીજા પાસે નથી. તેમાં અનેક વિષયો છે અને તેનું નિરૂપણ બહુ સુંદર રીતે થયેલું છે.

જૈનધર્મે શિલ્પકલાને પણ ઘણું ઉત્તેજન આપ્યું છે. ભારતના અનેક પહાડો જૈનધર્મે શોભાવ્યા છે. ત્યાં જઈને નજર નાખતાં જ ચકિત થઈ જવાય છે. એક બાજુ ધનિકોની ઉદારતા અને બીજી બાજુ કળાનો સમૃદ્ધ ભંડાર જોવામાં આવે છે.

જૈન સમાજ એ ઉદાર સમાજ છે. તેણે અનેક જાતિઓને પોતાની અંદર અપનાવી લીધેલ છે. તેના આચાર-વિચાર બંને ઉચ્ચ કોટિના છે.'

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૯,અંક-૩૩,તા.૬-૫-૧૯૬૧

## આચર કમીશન મુંબઈમાં

હિંદુ ધાર્મિક ખાતાંઓની વ્યવસ્થા વગેરે અંગે તપાસ કરી ભારત સરકારને યોગ્ય ભલામણો કરવા માટે સર સી.પી. રામસ્વામી આયરના પ્રમુખપદે નીમાયેલું કમીશન તા. ૯ મી એપ્રિલે મુંબઈમાં આવ્યું અને તા. ૧૯ મી એપ્રિલે મુંબઈમાંથી વિદાય થયું. આ દશ દિવસમાં તેણે મહારાષ્ટ્રના રાજ્યપાલ, મુખ્ય પ્રધાન, તેમજ કાયદાપ્રધાન શ્રી શાંતિલાલ શાહની મુલાકાત લઈ તેમની જુબાનીઓ લીધી તથા મહાલક્ષ્મી મંદિર તથા રામકૃષ્ણ આશ્રમ વગેરે સંસ્થાઓની મુલાકાત લીધી.

આ કમીશનને અગાઉ અમદાવાદ ખાતે એમ જણાવવામાં આવ્યું હતું કે જૈન ધર્માદા ખાતાંઓનો વહીવટ ઘણો વ્યવસ્થિત હોય છે અને તે તમે કોઈ પણ જૈન ધર્માદા ખાતાની મુલાકાત લેશો તો જાણી શકશો. આથી આય્યર કમીશને તા. ૧૦ મીની બપોરે શ્રી ગોડીજી મહારાજ અને ધર્માદા ખાતાંઓની મુલાકાત લીધી હતી અને ટ્રસ્ટીઓ કેવી રીતે ચૂંટાય છે, કોણ ચૂંટે છે ? ચૂંટણીની પદ્ધતિ કેવી હોય છે, તે માટે રીતસર નોટિસ નીકળે છે કે કેમ ? વગેરે બાબતની તપાસ કરી હતી અને એ બાબતમાં તેની સર્વ પરિસ્થિતિ સંતોષકારક જણાઈ હતી.

તા. ૧૧ મીએ સવારના ૯-૩૦ વાગતાં આ કમીશને દાદર-જ્ઞાનમંદિર ખાતે બિરાજતા વયોવૃદ્ધ પૂજ્ય આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની મુલાકાત લીધી હતી અને લગભગ અઢી કલાક સુધી જુદી જુદી જાતના પ્રશ્નો પૂછ્યા હતા. પૂજ્ય આચાર્યદેવે તે દરેકના વ્યવસ્થિત ઉત્તરો આપ્યા હતા.

તા. ૧૧ મીની રાત્રે ૮-૦૦ વાગતાં અખિલ ભારતવર્ષીય ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિ તરફથી એક અગત્યની સભા તેના કાર્યાલયમાં બોલાવવામાં આવી હતી અને તેમાં મુંબઈના અગત્યનાં જૈન ટ્રસ્ટો તથા સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ, તેરાપંથી જૈન મહાસભા, દિગમ્બર તીર્થરક્ષક કમિટી, તેમજ ભારત જૈન મહામંડળના



પ્રતિનિધિઓને હાજર રહેવા માટે આમંત્રણો પાઠવ્યાં હતાં. તે અનુસાર સમિતિના સભ્યો, અને ટ્રસ્ટો તથા આમંત્રિત સંસ્થાઓના સભ્યો હાજર રહ્યા હતા.

સભાના પ્રમુખસ્થાને ધર્મપ્રેમી વયોવૃદ્ધ શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી બિરાજ્યા હતા. કાર્યની શરૂઆત સમિતિના કન્વિનર શ્રી ધીરજલાલ ટોકરશી શાહના નિવેદનથી થઈ હતી. તેમાં દિલ્હી સિલેક્ટ કમિટીની આગળ જુબાની થયા પછીની સર્વ સ્થિતિની રજૂઆત કરવામાં આવી હતી અને ભવિષ્યમાં કયા રસ્તે આગળ વધવું તેનું માર્ગદર્શન મળ્યું હતું. આ પરથી સભામાં લગભગ બે કલાક વિચારણા થઈ હતી. ત્યારબાદ આય્યર કમીશન આગળ જુબાની આપવાને લગતો પ્રશ્ન રજૂ થયો હતો.

આય્યર કમીશન તરફથી શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, શ્રીગોડીજી મહારાજ જૈન દેરાસર, શ્રીઅનંતનાથજી જૈન દહેરાસર, શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, એ ચાર શ્વેતામ્બર સંસ્થાઓને તેમજ દિગમ્બર તીર્થરક્ષક કમિટીને આમંત્રણો મળ્યાં હતાં. આ બધી સંસ્થાઓની જુબાની એક સાથે અપાય તો ઠીક એવો અભિપ્રાય વ્યક્ત થયો હતો.

તે અનુસાર તા. ૧૪ મીએ સમિતિના કન્વિનર શ્રી ધીરજલાલ શાહે આ પાંચે સંસ્થાઓના પ્રતિનિધિઓને ભેગા કરી ચર્ચા-વિચારણા કરતાં ચારે શ્વેતામ્બર સંસ્થાઓએ સાથે જુબાની આપવાનો તથા તે બધાની વતી પ્રવક્તા તરીકે શ્રી હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લો એ કામ કરવાનો નિર્ણય લેવાયો હતો.

તા. ૧૮ મીએ સવારના ૯-૩૦ વાગતાં કાઉન્સિલહોલ ખાતે આ સંસ્થાઓની જુબાની લેવાઈ હતી. જે વખતે સમિતિના કન્વિનર શ્રી ધીરજલાલ ટો. શાહ, તથા શ્રી મોતીલાલ વીરચંદ શાહ અને શ્રી પોપટલાલ રામચંદ શાહ પણ હાજર રહ્યા હતા. સવા કલાક સુધી જુબાની ચાલી હતી. તેમાં દેવદ્રવ્યની વ્યવસ્થા, જ્ઞાનદ્રવ્ય, ધાર્મિક શિક્ષણ વગેરેને લગતા પ્રશ્નો પૂછાયા હતા અને તેના સંતોષકારક જવાબો આપ્યા હતા.

તા. ૧૯ મીએ કમીશનને શેઠ જીવતલાલ પ્રતાપશી તરફથી પાર્ટી અપાઈ હતી, જે વખતે ઘણી અગત્યની ચર્ચાઓ થઈ હતી અને શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તથા શ્રી પોપટલાલ રામચંદ્ર શાહે ધાર્મિક શિક્ષણ, સાધુઓનો આહારવિધિ, યુનિવર્સિટીઓમાં જૈનચેર વગેરે અંગે વાર્તાલાપ કર્યો હતો. શ્રી આય્યરે છેવટે ત્રણ મિનિટના ટૂંકા પ્રવચનમાં જણાવ્યું હતું કે અમે દેવદ્રવ્ય-જ્ઞાન દ્રવ્યને લગતી બધી પરિસ્થિતિ સમજ્યા છીએ અને તેની સરકારને યોગ્ય ભલામણો કરીશું. આ યુગ લોકતંત્રનો છે, એટલે તમારે પણ લોકમત તૈયાર કરવામાં પ્રયત્નશીલ રહેવું.

એકંદર સારાં વાતાવરણમાં સહુ છૂટા પડ્યા હતા.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૯,અંક-૩૮/૩૯,તા.૨૪-૬-૧૯૬૧

## પ્રતિકાર સમિતિની પ્રશંસનીય કાર્યવાહી

લોકસભા આગળ ધિ રિલિજિયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦ રજૂ થયું અને તે પ્રવરસમિતિને સોંપાયું, ત્યારથી જેમ સંઘ ચિંતામાં પડ્યો, તેનો પ્રથમ પડઘો શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સની કાર્યવાહીમાં પડ્યો. તેણે આ બાબતનો એક ઠરાવ કર્યો અને મેમોરેન્ડમ મોકલવાનું નક્કી કર્યું, તથા તે અંગે કાર્યવાહી કરવા એક કમિટી પણ નીમી. પરંતુ તેની પાસે પ્રચારનું તંત્ર ન હતું કે તે માટે જોઈતાં નાણાં ન હતાં. એટલે તેણે સ્વીકારેલાં કાર્યમાં જીવ આવ્યો નહિ. બીજી બાજુ આ બીલ અંગે જૈન જનતામાં ઊહાપોહ વધવા લાગ્યો અને ચિંતાની ઘેરી લાગણી પ્રકટ થવા લાગી. પરિણામે શિવગંજમાં સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સંમેલન મળ્યું અને મુંબઈ તથા અમદાવાદમાં પૂજ્ય આચાર્યદેવોની નિશ્રામાં ચતુર્વિધ સંઘની સભાઓ ભરાઈ.

મુંબઈના ચતુર્વિધ સંઘની સભા લાલબાગમાં પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ., તથા અન્ય પૂ. આચાર્યાદિ મુનિરાજોની નિશ્રામાં મળી હતી. તેમાં આ બીલ અંગે યોગ્ય પ્રવચનો થયા બાદ અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિની સ્થાપના કરવામાં આવી. આ સમિતિનું કાર્ય સરલ બને તે માટે શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સે તે માટે નીમેલી સમિતિના બધા સભ્યોને તેમાં લઈ લેવામાં આવ્યા તથા મુંબઈના અનેક અગ્રગણ્ય ગૃહસ્થોને તેમાં સ્થાન આપવામાં આવ્યું. આ સમિતિના કન્વીનરો તરીકે કોન્ફરન્સના એક મંત્રી શ્રી મોતીલાલ વીરચંદ શાહ તથા બાળદીક્ષા પ્રતિબંધક બીલ વિરોધ સમિતિ વગેરેના અગ્રણી સંચાલક જૈન સમાજના જાણીતા કાર્યકર્તા શ્રી ધીરજલાલ ટોકરશી શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી. આ કાર્યથી કૉન્ફરન્સે ઉપાડેલાં કાર્યને વેગ મળે તેમ હતો, તેથી શ્રી મોતીલાલ વીરચંદે તેનું કાર્યાલય કૉન્ફરન્સ ઑફિસમાં રાખવાની સૂચના કરી અને તેને માન આપી સમિતિનું કાર્યાલય તેમાં રાખવામાં આવ્યું.

આ સમિતિએ બે જ દિવસમાં પોતાનું કાર્ય શરૂ કરી દીધું. તે વખતે મુખ્ય કાર્ય ભારતની જૈન જનતાનો વિરોધ દિલ્હી પહોંચાડવાનું હતું અને તે માટે માત્ર દશ જ દિવસોનો સમય હાથ પર હતો, એટલે એ કાર્ય પૂર ઝડપે ચલાવવામાં આવ્યું. પછીથી વિરોધ મોકલવાનો સમય વધ્યો એટલે કાર્યમાં કંઈક સરલતા આવી. આમ છતાં જે કાર્ય કરવાનું હતું, તેની વિકટતા ઓછી ન હતી. સમિતિએ



લગભગ ૫૦૦૦ સ્થળે વિસ્તૃત નિવેદનો પાઠવ્યાં, વિરોધ માટેનાં કાર્ડ મોકલ્યા અને દરેક જગાએ મિટિંગો ભરી આ બીલ અંગેનો વિરોધ ભારત સરકારના કાયદા મંત્રી તથા રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન પર મોકલવાનું સૂચવ્યું.

સમિતિની આ કાર્યવાહીનો જૈન સંઘોએ સુંદર જવાબ વાળ્યો. માત્ર સવા માસ જેટલા સમયમાં ૧ લાખ ઉપરાંત વિરોધના કાર્ડો, ૨૨૦૦ તારો અને ૮૦૦ જેટલા ઠરાવો દિલ્હી પહોંચી ગયા. આ કાર્યમાં કાર્યકર્તાઓને કેટલી જહેમત ઉઠાવવી પડી હશે, તેનો ખ્યાલ તો આ વિષયના અનુભવીઓને જ આવી શકે. ખાસ કરીને શ્રી ધીરજલાલ ટોકરશી શાહે આ કાર્યમાં રાત્રિ-દિવસ મહેનત કરી હતી અને તેનું જ આવું સુંદર પરિણામ આવ્યું હતું.

ત્યાર પછી આ બીલ અંગે જે જે પરિસ્થિતિ ઉત્પન્ન થઈ તે પર સૂક્ષ્મ ધ્યાન આપી સમિતિ પોતાનું કાર્ય કરતી રહી છે અને બને ત્યાં સુધી બધાનો સહકાર સાધીને કામ લેવું એ નીતિ તેણે ચાલુ રાખી છે. દિલ્હીમાં પ્રવર સમિતિ સમક્ષ જુબાની આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે સમિતિના બંને કન્વીનરોએ જાતે દિલ્હી જઈને તથા જરૂરી અનેક પ્રકારની દોડધામ કરીને એ કાર્યને યશસ્વી બનાવ્યું અને શ્રી રામસ્વામી આય્યરનું કમીશન ધર્માદા સખાવતો અંગે તપાસ કરવા મુંબઈમાં આવું ત્યારે પણ સમિતિએ ખાસ પ્રયાસ કરીને બધી શ્વેતામ્બર સંસ્થાઓને એકત્ર જુબાની આપવાનું સમજાવ્યું અને પરિણામે એક જુબાની થઈ. આ સિવાય બીલનું જે પરિણામ આવવા સંભાવના હતી તે અંગે તા. ૧૧-૪-૬૧ ને રોજ સમિતિ, ટ્રસ્ટીઓ તથા સ્થાનકવાસી-તેરાપંથી-દિગમ્બર આગેવાનોને બોલાવી તેમનો અભિપ્રાય જાણ્યો અને તે અંગે ઉચિત કાર્યવાહી કરવાની તેની ખ્વાયેશ છે.

આ પ્રમાણે પ્રતિકાર સમિતિએ ધાર્મિક ટ્રસ્ટ બીલ અંગે પ્રશંસનીય કાર્યવાહી કરી છે અને ભવિષ્યમાં આ બીલ અંગે તેના તરફથી જે આદેશો બહાર પડશે, તેને જૈન સંઘ તરફથી સુંદર જવાબ મળશે એવી આશા છે.

સાથે એ જણાવવું પણ જરૂરી છે કે જો કૉન્ફરન્સના કાર્યકર્તાઓ સમિતિથી અલગ પડીને આ બાબતની કાર્યવાહી કરશે તો જનતાનો સાથ ગુમાવશે અને ધારેલું પરિણામ આવી શકશે નહિ. તા. ૪-૫-૬૧ ને રોજ તેણે બહાર પાડેલા સરક્યુલર પર હાલ તરત આટલી સૂચના કરવાનું યોગ્ય લાગ્યું છે.

"દિવ્ય-દર્શન"-**"પાંચ વર્ષનું પ્રમુખ પદ !"** વર્ષ-૯,અંક-૪૩,તા.૨૯-૭-'૬૧

**લે. - દિવેટ**

બાપાજી હોશમાં નથી એમ માનીને, તેમનું શરીર તપાસી રહ્યા પછી કંઈક

ખિન્નવદને પરંતુ તેમની સ્વભાવગત સરળતાથી દાક્તર મહોદયે આજુબાજુ નજર નાખીને ધીમે સ્વરે કહ્યું : 'વધુમાં વધુ હવે બે કલાક કાઢશે; તમારે જે કંઈ તૈયારી કરવી હોય તે કરી લો.'

બે કલાક ને ઉપર બાવીસ મિનિટ, 'દાક્તર !' આંખ ખોલી ને બાપાજીએ આ શબ્દો ઉચ્ચાર્યા અને આશ્ચર્યથી દાક્તર તથા બીજા બધાં તેમની સામે જોઈ રહ્યાં. બાપાજીના ચહેરા પર મરક મરક હાસ્યની લહેરો ફરકી રહી હતી. મૃત્યુ ટાણે, જીવન દીપના બુઝાવાની હવે ઘડીઓ ગણાતી હતી તે તેખતે બાપાજીના વદન પર ખિન્નતાને બદલે હાસ્ય ઊભરાતું હતું, એ સૌ માટે એક ભારે મોટા કૌતુક સમી વાત હતી.

'આ બધાને છોડીને જવાના અવસરે તમને કંઈ દુઃખ નથી થતું ?' આશ્ચર્યમુગ્ધ બનેલા દાક્તરે ગંભીર ચહેરે બાપાજીને પૂછ્યું.

'દુઃખ શા માટે ?' આટલું બોલીને બાપાજી ફરીથી હસી પડ્યા, દાક્તરને તેમણે બેસવાનો ઈશારો કર્યો અને સ્વજનોને જરા નજીક આવવા તેમણે જણાવ્યું, પછી ધીમે પણ ગંભીર સાદે તેમણે એક વાત કહેવાની શરૂઆત કરી :

'બાવીસ વરસની ઉંમર આ દેહની હતી ત્યારે એક જૈન મિત્રની સાથે તેમના ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા ગયો હતો. ગયો ત્યારે તો માત્ર કૌતુક ખાતર જ ગયો હતો કેમકે સાધુની વ્યાખ્યાન શૈલીના ભારોભાર વખાણ સાંભળેલાં.

'વ્યાખ્યાન દરમિયાન તેમણે એક કથા સંભળાવી પ્રશાંત મહાસાગરના એક નાનકડા ટાપુમાં ગણતંત્રની એક વિચિત્ર રાજ્ય-પદ્ધતિ અમલમાં હતી. દર પાંચ વર્ષે તે ટાપુની પ્રજા એક રાજપ્રમુખની ચૂંટણી કરતી. એ પાંચ વર્ષ દરમિયાન તે રાજપ્રમુખની આજ્ઞા સૌ કોઈ ઉઠાવતાં. ચૂંટાઈને આવનાર દુર્જન હોય અને દુર્જનને યોગ્ય લાગે તેવી ગમે તે આજ્ઞા કરે, પ્રજાને તેનાથી લાભ થાય કે નુકસાન, આનંદ થાય કે દુઃખ, ગમે તેમ હોય તો પણ એ પાંચ વર્ષ તે રાજપ્રમુખનું એક ચક્રે રાજ્ય ચાલતું. તેની સામે કોઈ વિરોધ ન કરે, કોઈ ચૂં કે ચાં ન કરે, તેની આજ્ઞાનું સૌ કોઈ પાલન કરે એવો ધારો હતો.

'પણ એ પાંચ વર્ષ પૂરાં થયા પછી તેને દરિયા કાંઠે લઈ જઈ એક નાના વહાણમાં બેસાડી દેતા, ત્યાંથી થોડાક માઈલ દૂર એક બીજો બેટ હતો ત્યાં તેમને લઈ જતા અને ત્યાં તેમને એકલા છોડીને એ વહાણ પાછું ફરતું.

'એટલે પાંચ વર્ષ રાજ્યસત્તા ભોગવ્યા પછી, વિલાસ અને મોજશોખ માણ્યા પછી છેવટે રાજ્યપ્રમુખને ત્યાં જવું પડતું અને ત્યાં જંગલી જાનવરોના હાથે મોતને ઘાટ બૂરી રીતે ઉતરવું પડતું. આ રીતે પાંચ વર્ષના, પ્રમુખપદ પછી બૂરે મોતે



મરવાનું છે એમ જાણનારા એક પછી એક, દર પાંચ વર્ષે આવનારા રાજપ્રમુખો પાંચ વર્ષ દરમિયાન બને એટલો મોજશોખ મજામાં ચકચૂર બની જતાં.

'એક વાર એજ રીતે પાંચ વર્ષ પૂરાં કરીને પેલા ટાપુ પર જવાનો એક રાજપ્રમુખનો વારો આવ્યો. તેને વિદાય આપવા મોટી માનવમેદની બંદર પર જમા થઈ હતી. તે બધાંની આંખમાં આંસુ હતાં, પણ પેલા રાજપ્રમુખના ચહેરા પર આનંદ અને હાસ્યની છોળો ઊડતી હતી. ખૂબ જ આનંદપૂર્વક સૌને પ્રણામ કરીને તે રાજપ્રમુખ વહાણમાં બેઠાં અને વહાણવટીએ વહાણને સમુદ્રમાં આગળ હંકારવા માંડ્યું.

'પેલા રાજપ્રમુખે વહાણના કપ્તાન સાથે આનંદથી વાતો કરવા માંડી, પણ કપ્તાનને ભારે મોટું આશ્ચર્ય થયું, તેણે નમ્રતાપૂર્વક હાથ જોડીને મૃત્યુને ભેટવા જઈ રહેલા રાજપ્રમુખને પૂછ્યું :

'ક્ષમા કરજો, પણ એક આશ્ચર્ય થયું છે, આ પહેલાં બીજા આઠ પ્રમુખોને સામે કાંઠે પેલા બેટ ઉપર મૂકી આવ્યો છું. મારા પિતાજી પણ આ જ વહાણમાં તેમના વખતમાં દસ પ્રમુખોને ત્યાં મૂકી આવ્યા હતા. જ્યારે પેલા બેટ ઉપર રાજપ્રમુખને મૂકવા જવાનું હોય છે ત્યારે છેલ્લા ત્રણ પેઢીથી આ અમારા વહાણનો જ ઉપયોગ થાય છે. એટલે તો મારા આ વહાણનું નામ લોકોએ 'પ્રમુખમાર' પાડેલું છે. આજ પહેલાંના બધા રાજપુરુષો રડતાં કકળતા આ વહાણમાં બેસતા, અરે, તેમને જબરદસ્તીથી ઊંચકીને વહાણમાં બેસાડવા પડતા, આખા રસ્તે એમના પર જાપ્તો રાખવો પડતો અને પેલા બેટના કાંઠે એમને પરાણે ધક્કા મારીને લગભગ ફેંકી દેવા પડતા. એ બધા રાજપ્રમુખોના કલ્પાંતો મેં સાંભળ્યાં છે અને હવે તો કોઠે પડી ગયાં છે.

'જવાબમાં રાજપ્રમુખ ફરીથી હસી પડ્યા. પછી તેમણે પેલા કપ્તાનના વાંસા પર પ્રેમથી એક ધબ્બો માર્યો અને કહ્યું 'દોસ્ત, બીજા બધા રાજપ્રમુખો પાંચ વર્ષ વધારેમાં વધારે મોજશોખ અને રંગરાગ, ગુલતાનમાં કેમ રહેવું તેનો જ વિચાર કરતા હતા અને એ રીતે તેમની જિંદગી તેઓ બરબાદ કરી રહ્યા હતા.

**'મેં પાંચ વર્ષ પછી શું ?'** એ વાતનો વિચાર કર્યો. મારી આજ્ઞા તો સૌ કોઈને શિરોમાન્ય હતી. મેં સેનાપતિને બોલાવીને આજ્ઞા કરી કે તમારું અડધું લશ્કર લઈ પેલા સામા કાંઠા પરના બેટ પર જાઓ, સાથે માલ, સામાન, મજૂરો, સાધનસામગ્રી, હથિયારો વગેરે જે જોઈએ તે લઈને જાઓ. ત્યાં જઈને પેલા બેટ પરનાં જંગલો કાપી નાંખો; ત્યાંના વિકરાળ જાનવરોનો નાશ કરી નાંખો અને ત્યાં એક સરસ મજાનું, રમણિય શહેર બાંધી નાંખો. આ બધું કામકાજ અતિશય ગુપ્તપણે થવું જોઈએ.

'મારી આજ્ઞા અનુસાર સેનાપતિએ એ બેટ પરનાં જંગલો સાફ કરાવ્યાં, ત્યાં એક રમણિય નગર બાંધ્યું અને આજુબાજુના બીજા બેટો ઉપરથી સારી ઉજળીયાત વસ્તીને ત્યાં બોલાવી એ શહેરમાં એક સરસ વસાહત ઊભી કરી. મારી પાસે તે પછી બે વર્ષને અંતે સેનાપતિએ બધી વિગતો રજુ કરી, શહેરના નકશા બતાવ્યા તથા અત્યારે તો વેપાર ઉદ્યોગનું એક સરસ કેન્દ્ર ઊભું થઈ ગયું છે. જે ટાપુ પર પાંચ વર્ષ મેં પ્રમુખપદ ભોગવ્યું તેના પાટનગર કરતાંયે વધુ રમણિય શહેર ત્યાં વસી ગયું છે, એટલું સરસ કે સેનાપતિની સાથે ગયેલા સૈનિકો, કર્મચારીઓ અને મજૂરો પણ હવે ત્યાં જ રોકાઈ ગયા છે. અહીં પાછા આવવાની ના પાડે છે. સેનાપતિએ મને કહ્યું છે કે, ત્યાં મારું સ્વાગત કરવા એ બધા એક પગે તૈયાર ઊભા છે. અને અહીં તો મારું રાજ્ય ફક્ત પાંચ વર્ષ માટે હતું પણ ત્યાં તો હું જીવીશ ત્યાં સુધી રાજ્ય કરીશ. હવે ત્યાં મને ફાડી ખાવા માટે રાની પશુઓ નથી પણ મારું સ્વાગત કરવા માટે એક આતુર સમાજ-સુખી સમાજ ત્યાં છે.

'કહો હવે, કપ્તાન, હું શા માટે રડું ? મારે 'કલ્પાંત કરવા માટે કે દુઃખી થવા માટે હવે કોઈ કારણ છે ? બોલો ?' આટલું કહીને પેલા રાજપ્રમુખ પુનઃ હસી પડ્યા અને આનંદથી આસમાન તથા સમુદ્રના જળને એક કરતી દૂરદૂરની ક્ષિતિજ તરફ જોઈ મલકી ઉઠયા.'

'આ કથા મેં વ્યાખ્યાનમાં સાંભળી અને મારો આત્મા જાગી ગયો. કેટલી સરસ બોધકથા હતી તે ? મૃત્યુની પેલે પાર શું છે તે માનવી જાણતો નથી પણ એટલું જાણે છે કે જીવનકાળ દરમિયાન પરલોક માટે જે સત્કર્મરૂપી ભાથું બાંધી રાખ્યું હશે તેજ સાથે આવવાનું છે; અને છતાં, માનવી જાણે છે છતાં, ઊલટી રીતે જ વર્તે છે.

'પેલા સાધુ ભગવંતનું વ્યાખ્યાન પૂર્ણ થયું કે તરત જ હું દોડ્યો અને એમના પગમાં આળોટી પડ્યો. મેં કહ્યું : 'ભગવંત, પેલા રાજપ્રમુખે જેમ પાણી પહેલાં પાળ બાંધી લીધી તેમ મને પણ આપ માર્ગ બતાવો. શું કરવાથી પરલોક સુધરે ? પેલા રાજપ્રમુખની જેમ મૃત્યુ ટાણે પૂર્ણ આનંદ, સંતોષ અને હાસ્યપૂર્ણ વદન સાથે સૌ સ્વજનોને વિદાય આપી શકાય તે માટે કંઈક માર્ગ બતાવો.'

'જૈન કુટુંબમાં જન્મ તો હતો નહિ અને જૈનશાસ્ત્રો, સિદ્ધાંતો વગેરે કશાનો ખ્યાલ હતો નહિ એ વાત પેલા સાધુ ભગવંતને મેં કહી, તેમણે આનંદ-પુલકિત હૈયે મને કહ્યું :

'મહાનુભાવ ! એક માત્ર શ્રી નવકાર ગોખી લો. પરમ પાવનકારી એ નમસ્કારમંત્રનું રટણ જીવનભર કર્યા કરો. તત્ત્વશાસ્ત્ર અને ધર્મ-ધર્મ વચ્ચેના ભેદને વીસરી જાઓ. પરિણામ શું આવશે તેનો વિચાર પણ છોડી દો અને ફક્ત શ્રી



નવકાર મંત્રની આરાધના કરો. તે તમને તારશે, તે તમારી મનોકામના પૂર્ણ કરશે.'

આ પછી શ્રીનવકારમંત્રને કંઠસ્થ કરી મેં તેનું રટણ શરૂ કર્યું, જરા પણ અવકાશ મળે કે મનોમન નવકાર ગણ્યા કરવાનો મેં મહાવરો પાડ્યો અને એના ફળ સ્વરૂપે મને આજે આ દેહને છોડવાના અવસરે કોઈ જાતનું દુઃખ, ગ્લાનિ, ભય કે ચિંત્તા નથી. પેલા રાજપ્રમુખને માટે જેમ રમણિય નગર તૈયાર હતું તેમ મારા માટે આ ભવથી પણ વધુ સુંદર અને વધુ સુખદાયી એવો પરભવ તૈયાર છે. શ્રી નવકાર મંત્રના પરમ પ્રતાપે તે હું જોઈ શકું છું. હવે કહો, દાક્તર, ઉદ્વેગ કે ખિન્નતા મારી પાસે ક્યાંથી હોય ?'

બાપાજીએ ધીરગંભીર આનંદમિશ્રિત સ્વરે તેમની વાત પૂરી કરી અને ઘડિયાળમાં જોયું, દાક્તરે કહેલા બે કલાક પૂરા થયા હતા. બાપાજીના કહેવા મુજબ હવે બાવીસ મિનિટ બાકી હતી. દેહ જર્જરિત હતો. પોતાની મેળે બિછાનામાંથી ઉઠવાનું શક્ય નહોતું.

તેમણે ઈશારો કરી પોતાના શરીરને બેઠું કરવાની સૂચના આપી. પદ્માસન વાળીને તેમને પાછળ ટેકો આપી બેસાડ્યા, બાજઠ ઉપર ઘીનો દીવો તથા અગરબત્તી મુકાવરાવી. શ્રી નવકાર મંત્રના આલેખનવાળી એક તકતી તેના ઉપર ગોઠવવામાં આવી અને પછી છેલ્લીવાર તેમણે ચારે તરફ નજર કરી.

'કોઈ રડશો નહિ, કલ્પાંત કરશો નહિ, હું તો પરમ સુખ પ્રાપ્ત કરીને એથી પણ અધિક સુખ મેળવવા જાઉં છું. તમે... તમે બધા... પેલા રાજપ્રમુખની જેમ પાંચ વર્ષ પછી માટેની તૈયારી કરશો તો રડવું નહિ પડે, શ્રી નમસ્કાર મંત્રનો પ્રભાવ તો અચિંત્ય છે. મેં તે અનુભવ્યો છે. મારી છેલ્લી ઇચ્છા મારા માટે, આવતા ભવમાં પણ શ્રી નમસ્કાર મંત્રની ગોદમાં રમતા રહેવાની છે અને તમારા બધા માટે... તમે પણ બધા આ વિશ્વકલ્યાણક મહામંત્ર શ્રી નવકારનું શરણું લઈને આ સંસારને તરી જાઓ તે છે.'

પછી બાપાજીએ ધીરે સાદે શ્રી નવકાર મંત્રનું ઉચ્ચારણ શરૂ કર્યું. સાદ બેસતો ગયો. શેઠનો ફફડાટ ઓછો થતો ગયો અને એ જ હાલતમાં પદ્માસનવાળેલી દેહાવસ્થામાં બાપાજીનો પ્રાણ જ્યારે દેહને છોડીને ગયો ત્યારે દાક્તરે ઘડિયાળમાં જોઈને કહ્યું : 'બરાબર બે કલાકને બાવીસ મિનિટ.'

("સવિતા"માંથી સાભાર ઉદ્ધૃત)

“દિવ્ય-દર્શન” - **“પ્રકીર્ણ પ્રસાદ”** વર્ષ-૯,અંક-૪૫,તા.૫-૮-૧૯૬૧

## દોષ કે પાપથી બચવાની ચાવી

કોઈ અસત્ય, મશ્કરી વગેરે આદર્યાનું તાત્કાલિક કેટલીકવાર થાય છે નુકસાન ઘણું મોટું ! એથી ય ભયંકર મોટું નુકસાન કેઈ અશુભ કર્મો બંધનું અને અસત્યાદિના કુસંસ્કાર તાજા થયાનું થાય છે !

આ સમજો છો ? દિવસો ને મહિનાઓ કે કદાચ વર્ષોની જહેમત ઉઠાવી અમુક કુવાસનાઓ-સંજ્ઞાઓને દાબી હોય, નિર્બળ કરી હોય પરંતુ જ્યાં એકવાર પણ દુર્ગુણ કે પાપ સેવવામાં આવે છે, ત્યાં એ ઘસારે પડતી કુવાસના પાછી તાજી બની જાય છે, દૃઢ બની જાય છે ! એનો અર્થ એ કે એ વાસનાને દુબળી કરવાની મહિનાઓની મહેનત પાણીમાં ! અને હવે પાછી દૂબળી બનાવવા મહિનાઓ જોઈશે !

ટાઈફોડ કે એવી કોઈ બીમારીમાં બને છે ને કે માંડ બેતાલીસ દિવસ કે એવી લાંબી મુદતે બીમારી નરમ પડી હોય, અને પછી જરા કુપથ્ય કરી લો કે પાછી બેતાલીસ દિ’ની મંડાઈ સમજો ! તો શરીર કરતાં તો મન બહુ કોમળ છે, એ પર કુપથ્યની ઝટ અને ઘેરી અસર થઈ જાય છે.

બેતાલીસ દિવસના ટાઈફોડ પછી ખાવા કરવાની જરાક ઉતાવળનું કેવું દુઃખદ પરિણામ દેખાય છે ? ત્યારે આ બહુ સમય સત્ય આદિ ગુણ સાચવ્યા પછી એકવાર પણ અસત્યનું કુપથ્ય ખાઈ લેવાનું, બહુ દિન અધર્મથી દૂર રહ્યા બાદ એકાદિ, અધર્મ સેવી લીધાનું કેટલું દુઃખદ પરિણામ આવે ?

આ જો યાદ રાખીએ કે જરાક-શો પ્રમાદ જરાક-શી ભૂલ, જરાક-શું પાપ કરી લેવામાં ઘસારે પડતા કુસંસ્કારો પાછા તાજા અને દૃઢ થઈ જવાનું અને હવે એને વળી દબાવવા માટે દીર્ઘ સમયની આવશ્યકતા ઊભી થવાનું દુઃખદ પરિણામ આવીને ઊભું રહે છે, તો સારા માર્ગે ચઢ્યા પછી થોડા પણ પાપથી બચવાની બહુ સાવધાની આવી જાય.

ધ્યાનમાં રહે કે વિષય-કષાય સેવવાના આનંદ તુચ્છ છે, વિષય-કષાયને દાબવાના લાભ મહાન છે !



“દિવ્ય-દર્શન” - **“તપ મહિમા”** વર્ષ-૯,અંક-00,તા.00-00-00

ચીકણા કર્મનો નાશ કરવા માટે કોઈ રામબાણ ઈલાજ હોય તો તે એક તપ જ છે.

તે જ ભવમાં જેમનો મોક્ષ નિશ્ચિત થઈ ચૂક્યો છે, એવા પરમ તારક શ્રી તીર્થંકરદેવો પણ મોક્ષે જતાં જતાં પણ તપનો આદર કરે છે, એ તપની મહત્તા માટે પૂછવું જ શું ?

પાંચ ઇન્દ્રિયોરૂપ તોફાની અશ્વોને વશ કરવા માટે તપ એક સુંદર લગામ છે.

ચિત્તને સમાધિ અર્પી સમસ્ત કર્મોનો નાશ કરી આત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરી નિર્વિઘ્ન સ્થાને કોઈ પહોંચાડનાર હોય તો તે એક તપ જ છે.

અઢાર હજાર મુનિવરોમાં શ્રી નેમનાથ ભગવાને શ્રી ઢંઢણ ઋષિને સ્વમુખે ઉત્કૃષ્ટ અણગાર તરીકે વર્ણવ્યા હોય તો તેમાં મુનિશ્રીનો તપ જ મુખ્ય કારણ હતું.

“દિવ્ય-દર્શન” - **“પત્ર-પ્રેરણા”** વર્ષ-૧૦,અંક-૨,તા.૯-૯-૧૯૬૧

માનવજીવનમાં ચિંતામણિ રત્નસમો શ્રી અરિહંત પરમાત્માનો ધર્મ મળી ગયો છે. હીનભાગી જીવોને તે ન મળે, એ ભૂલતા નહિ. તો હવે એ ધર્મની સાધના ક્યારે કરી લેશો ? આ જીવનમાં ધર્મપુરુષાર્થ વિકસાવશો તો ભવાંતરે ધર્મ પ્રાપ્તિ થશે. માટે વર્તમાન ભવ સાધી લો.

કાળ કાળનું કામ કર્યે જ જાય છે. આત્મા પર અસંખ્ય ભવોના કર્મ અને અનંત ભવોની કુવાસનાઓના જંગી ભાર લદાયેલા છે. એનો નિકાલ કરવાનો આ ઉત્તમ ભવ છે. અને એથી ભાવિ દીર્ઘ કાળ ઉજ્જવળ બને છે. ધ્યાનમાં રહે કે અનેક યુગોના અંધારપટ પછી પ્રાપ્ત થયેલ આ ટૂંકોશો પ્રકાશ કાળ ભાવિ દીર્ઘ અંધારિયા કાળને સર્જનારો ન બને. માટીની માયા તો જોત જોતમાં ખોવાઈ જવાની છે. માટે વીતરાગના ધર્મરૂપી શાશ્વત લક્ષ્મી ને સાથે કરી લેવા જેવી છે.

“દિવ્ય-દર્શન” - **“જીવન ખર્ચ ખાતે”** વર્ષ-૧૦,અંક-૩,તા.૨૩-૯-૧૯૬૧

જીવન ખર્ચ ખાતે છે, આવક ખાતે નહિ, એ જરાય ભૂલતા નહિ. એ ખર્ચાયે જાય છે, ઉમેરો પામતું નથી. વળી એની પળેપળ મહાકિંમતી છે, કેમકે એનાથી લખલૂટ પાપક્ષય અને પુણ્યોપાર્જન કરી શકાય છે. માત્ર તન-મન-ધન સંસારને બદલે અનંતોપકારક વીતરાગ પ્રભુ અને એમના શાસનને સમર્પિત કરવાથી આ બની શકે.

● સંસારના નગ્નદર્શન કરતાં આવડે તો ખોટી ભ્રમણા છૂટી જશે. જીવ સંસારને ઉપરથી જુએ છે તેથી જ માનસિક ગૂંચમાં અટવાઈ જાય છે. મહાનુભાવ ! એવા અટવાઈ જવાનું રહેવા દો. એ માટે સંસારનાં ભીતરમાં દૃષ્ટિ નાખો. ભગવાન જિનેશ્વરદેવનું મહાકિંમતી ઉચ્ચ તત્ત્વજ્ઞાન મળ્યા પછી એવા દર્શન કરતાં ન આવડે તો પછી વિચારજો કે જીવનો બીજે ક્યાં કલાસ છે ? **'बुद्धेः फलं तत्त्वविचारणं च'** બુદ્ધિનું ફળ તત્ત્વવિચારણા ઊભી કરવાની છે. એટલે બુદ્ધિ તો આ માનવપણું અને જૈનશાસન મળવાથી મળી છે. પછી કેમ સૂઝ પડતી નથી ? ઊંડા ઉતરો, સ્નેહી-સંબંધી અને જગતના બીજા સંયોગો કેવા વિનશ્વર છે, આત્માને કેવા અપકારક છે. એનો વિચાર કરો તો ઝટ સૂઝ પડશે.

## ● થનાર પાપના ભાર અને કુસંસ્કારને શા માટે ઊભા કરવા ? ●

ભાગ્યવાન ! સાવધાન બનો. આવા સ્નેહી-વિરહના પ્રસંગને શોકના પ્રસંગ ન બનાવતાં વૈરાગ્યનો પ્રસંગ બનાવી, વિશિષ્ટ સચોટ ધર્મ-પ્રેરણા અને ધર્મચાનકનો પ્રસંગ બનાવો. કેટલુંય માનવ આયુષ્ય તો ઢળી ગયું ! પણ હવે જે હાથમાં છે, એને મન-વચન-કાયાના સુકૃતોથી ઇન્દ્રિયનિગ્રહ-કષાયનિરોધ-મૈત્ર્યાદિ ભાવનાઓ તથા માર્ગાનુસારિતા, સમ્યક્ત્વ, વ્રત, નિયમો, દેવગુરુભક્તિ વગેરેથી સુશોભિત કરી દો. સાર્થક કરી દો; અને મુક્તિની મંગળમાળા વરવાની તૈયારી કરો.

## ● દુર્લભ જિનવચન ●

આ સંસાર પારાવારમાં દુર્લભ, મહાદુર્લભ એવાં જિનવચન મળ્યાં છે. એને જ સ્થિર મગજમાં પરિણત કરતો ચાલ. પછી લે-ભાગુના વચન જૂઠા, માયાવી અને સ્વ-પરનું નિકંદન કાઢનારા લાગશે; સાથે તત્ત્વદર્શન ઝળકતું રહેશે; અનંતકાળથી પૂંઠે પડેલા રાગદ્વેષ કષાયો વગેરે આંતરશત્રુઓને કચડવાની અહીં મળેલી મહામોંઘેરી તકની કિંમત સમજાશે; અને એ આંતરશત્રુઓને કચડવાનું એકમાત્ર ઉત્તમ જીવન વહેલામાં પહેલી તકે પ્રાપ્ત કરવા ઝંખના વધશે, જાગશે, તથા પ્રબળ પુરુષાર્થ કરી એવું જીવન પામીને એજ કર્તવ્યમાં તન્મય થઈ જશે. બસ, આ કર. રાતનેદિ જિનવચનથી હૃદયને ભાવિત કરતો રહે. સુષુપ્ત આત્મસિંહને જગાડ. આત્માની અનંત શક્તિઓની એવી ખુમારી રાખ કે 'મને કોણ ઉન્માર્ગે ગલીચ વિષયોના માર્ગે, ભવવર્ધકમાર્ગે તાણી શકે ? કોઈ નહિ. હું અનંતશક્તિનો માલિક છું. મારી શક્તિઓને કામે લગાડી દઈશ. કુટુંબીઓના બંધન, દેવાંગનાઓ, રત્નનાં ઢગલા કે ઈન્દ્રાસનની ઠકુરાઈ, કોઈની તાકાત નથી કે મને તણી શકે !'





તમારા...નું દેહાવસાન જાણવા મળ્યું. વર્તમાન દુન્યવી સંયોગોની વચમાં અને અનાદિ મોહમય સંસ્કારોમાં તમે શોકાકુળ બન્યા હશો ! પરંતુ મહાનુભાવ ! ધ્યાન રાખજો કે આપણે તો આ વિશ્વમાં સર્વોત્તમ સર્વ કલ્યાણપદ લોકોત્તર ધર્મશાસન પામ્યા છીએ. એ આપણને શીખવે છે કે **'શોક-નરકની છાપ'** શોક આપણને પાપકર્મો બંધાવે છે, અને મમતા રાખીને મરનારનેય પાપકર્મો બંધાવે છે, કેમ કે એમની મમતાવાળી ચીજ શોકનું પાપ કરી રહી છે. આ વિશ્વમાં સનાતન કાળથી આ નિયમ ચાલી આવે છે કે જીવની મમતાવાળી વસ્તુની પાપક્રિયાઓમાં ભાર એને મમતા છૂટે નહિ ત્યાં સુધી એને લાગ્યા કરે છે. માટે તત્ત્વદર્શી બનીને શોક કરતા નહિ.

ખરી રીતે તો એ વિચારવા જેવું છે કે આપણે મરનારના આત્માના સગા કેટલા થયા ? અને એમને આત્મહિત કેટલા સધાવ્યા ? કે પછી આપણે એમને મોહનું પાત્ર બની એમના કર્મબંધમાં નિમિત્ત થયા ? જો આમ થયું હોય તો એના હવે પ્રાયશ્ચિત્ત કરવા જોઈએ. એ પ્રાયશ્ચિત્ત માટે પહેલું તો એ કે હવે બીજાને મોહવિષના કટોરા આપણે ન પાઈએ; બલ્કે ધર્મઅમૃતના પાન કરાવીએ.

વળી એ પણ વસ્તુ છે કે કાળ જેમ એમને ઠગી ગયો, કાળે એમનું અહીંનું બધું મૂકાવી દીધું, અને કર્મ તથા સંસ્કારનાં ભાતાં સાથે કરાવ્યાં તેમ આપણને પણ કાળ એજ રીતે નવાજવાનો છે. તો પછી જે મૂકીને જ મરવાનું એની શી બહુ માયા કરવી ?

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૧૦,અંક-૪૧,તા.૧૪-૭-૧૯૬૨

## દેવનારનું ભયંકર કત્લખાનું

### તેનો સ્થળે સ્થળેથી વિરોધ થવાથી જરૂર

આશા તો એવી હતી કે ભારતમાં લોકશાહી રાજ્યની સ્થાપના થયા પછી દાન, દયા અને પરોપકારની પ્રવૃત્તિઓ વધવા પામશે અને ધાર્મિક તથા નૈતિક જીવન ઉન્નતિ પામી પ્રાચીન કાળનું ગૌરવ પુનઃ પ્રાપ્ત થશે, પણ હાલ તુરત તો એ આશા ઠગારી નીવડી છે. ખાસ કરીને દયા જીવદયાની બાબતમાં આપણા દેશનેતાઓ એક ધારી પીછેહઠ કરી રહ્યા છે અને ખોરાકની તંગીના બહાને કે આર્થિક ઉત્પાદનના નામે એવી એવી યોજનાઓ ઘડી રહ્યા છે કે જેમાં લાખો ક્રોડો જીવોનો સામટો સંહાર થઈ જાય આ વસ્તુ ક્યાં જઈને અટકશે ? એ કહેવું મુશ્કેલ

છે, પણ હાલનું ચિત્ર ઘણું ભયાનક છે અને દયાળુ હૃદયોને કમકમાવી મૂકે છે.

હાલમાં દેવનારના કત્લખાનાની યોજના બહાર આવી છે, વાંચતાં જ આપણાં રૂંવા ખડાં થાય તેમ છે. એ યોજના મુજબ મુંબઈથી ૧૮ માઈલ દૂર ચેમ્બુર ખાતે થાણા ખાડીની વચ્ચે દેવનાર ખાતે રખાયેલી ૧૨૬ એકર જમીન પર એક જંગી કત્લખાનું ખડું કરવાનું છે.

આ યોજના મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, મહારાષ્ટ્ર સરકાર અને ભારત સરકાર એ ત્રણની સંયુક્ત દેખરેખ અને જવાબદારીથી અમલમાં આવવાની છે, અને તેમાં રૂા. ૨ કરોડનું રોકાણ થવાનું છે.

આ કત્લખાનાના બે વિભાગ રહેવાના છે. તેમાંના એક વિભાગમાં રોજના ૬ કલાકમાં ૬૦૦૦ ઘેટાં-બકરાં કપાય તેવી સગવડ થવાની છે અને બીજા વિભાગમાં રોજની ૩૦૦ ભેંસો-બળદો વગેરે કપાય તેવી વ્યવસ્થા રહેવાની છે. તે ઉપરાંત ઈમરજન્સી સ્લોટર હાઉસ, એક ઝટકા સ્લોટર હાઉસ, એક ન્યુઈશ સ્લોટર હાઉસ અને એક સૂઅરો માટેનું પણ સ્લોટર હાઉસ થવાનું છે.

વળી એમ પણ જાણવા મળ્યું છે કે આ કત્લખાનાની સાથે આશરે ૬૦ એકર જમીન કત્લ થયેલા જાનવરોનાં અંગોપાંગો જેવાં કે જીભ, આંતરડાં, લીવર, કીડની, લોહી, ચરબી, હાડકાં, ચામડાં, ખરી અને શિંગડા વગેરેના ઉપયોગ માટે રાખવામાં આવશે, અને ત્યાં વિદેશી ઉદ્યોગપતિઓના સહકાર અને મૂડીથી જુદાં જુદાં કારખાનાઓ નીકળશે.

મુંબઈની જીવદયા મંડળીએ આ યોજનાનો સખત વિરોધ કર્યો છે અને તે માટે વગદાર માણસોની 'દેવનાર-કત્લખાના-નિષેધક-કમિટી' નીમી છે. આ કમિટીએ પ્રચાર કાર્ય શરૂ કરી દીધું છે અને દરેક ધાર્મિક તથા સામાજિક સંસ્થાને તેનો વિરોધ કરવાની વિનંતી કરી છે, - એટલે આવી સંસ્થાઓએ જાહેર સભા ભરી તેમાં આ કત્લખાના અંગે વિરોધી ઠરાવ કરવો જરૂરી છે, અને તે ઠરાવની અંગ્રેજી નકલ સભાના પ્રમુખની સહીથી નીચેના સ્થળોએ મોકલી આપવાની આવશ્યકતા છે.

(૧) Chief Minister, Maharastra, Bombay.

(૨) Mayor, Bombay Municipal Corporation, Bombay.

(૩) Prime Minister, New Delhi.

(૪) Minister Agriculture, New Delhi.

આ માટેના વિરોધના તારો પણ ઉપરના ઠેકાણે મોકલી આપવા આવશ્યક છે અને તેની ખબર સ્થાનિક વર્તમાન પત્રોમાં તેમજ 'મુંબઈ જીવદયા મંડળી, ૧૪૯ શ્રોફ બજાર, મુંબઈ-૨'ને આપવી જરૂરી છે.



અમે આશા રાખીએ છીએ કે આ વસ્તુને અતિ અગત્યની માની દરેક સંઘ-સંસ્થા તે અંગે તાત્કાલિક કાર્યવાહી કરશે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૧૦,અંક-૪૪,તા.૪-૮-૧૯૬૨

## રાજસ્થાન ટ્રસ્ટ એક્ટની ધર્મમાં દખલગીરી

શ્રી જૈન ધર્મ અનાદિ અનન્ત છે પણ કાલ અને ક્ષેત્ર અનુસાર ભારતક્ષેત્રમાં શ્રી તીર્થંકર ભગવંતો ધર્મની આરાધના માટે તીર્થ એટલે શાસનની સ્થાપના કરે છે. ભવ્ય આત્માઓનાં આરાધના માટે ભગવાન મહાવીર દેવે આજથી ૨૫૧૯ વર્ષ પૂર્વે જૈનશાસનની સ્થાપના કરી અને એના સંચાલન માટે અધિકાર સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા રૂપે ચતુર્વિધ સંઘને પોતાના અધિકાર મુજબ વ્યવસ્થા અને વહીવટ કરવાનું બંધારણ શાસ્ત્રોમાં જણાવ્યું છે. જેના આધારે જૈનશાસનની દ્રવ્યભાવ અને ચલ અચલ મિલકતનો આત્મિક લાભ પાંચમા આરાની છેવટ સુધી યોગ્ય જીવોને મલતી રહેશે. આ વ્યવસ્થા નીચે જણાવ્યા પ્રમાણે છે :

(૧) જૈન ધર્મ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયી.

(૨) જૈનશાસન સંઘ જે દરેક ચલ અચલ દ્રવ્યભાવ મિલકતનો સ્વામી છે.

(૩) સંચાલક-શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ.

(૪) બંધારણ,-નિયમો, આજ્ઞા, વિધિ, વિષે-ફળો, જૈનશાસ્ત્ર.

(૫) દ્રવ્યભાવ સંપત્તિ,-ચલ અચલ સ્થાવર જંગમ મિલકત.

આ પાંચ અંગો મુખ્ય છે. આજના રાજ્યોના પબ્લિક ટ્રસ્ટ એક્ટ અને એના નિયમોથી અમારી સર્વજ્ઞ-કથિત સુવ્યવસ્થિતરૂપ આત્મહિતકારી વ્યવસ્થા-બંધારણ ભાંગીફૂટી ઊંધીચત્તી થઈ જાય છે. જેમકે,

(૧) સર્વજ્ઞ-કથિત જૈનધર્મને બદલે કૃત્રિમ મનોકલ્પિત ધર્મ.

(૨) જૈનશાસનને-બદલે ચાલુ સરકાર માલિક બને છે.

(૩) સંચાલક ચતુર્વિધ સંઘના બદલે આજનું રાજ્યતંત્ર અને અધિકારીઓ થાય છે.

(૪) શાસ્ત્રને અનુસરી આજ્ઞા નિયમોને બદલે પશ્ચિમના ભૌતિકવાદના ધોરણ પર બનેલા કાયદા કાનૂનોની દખલગીરી આવે છે.

(૫) મિલકત ધનને શાસ્ત્ર આજ્ઞા વિરુદ્ધ ખર્ચ કરવાની ફરજ પડે છે.

આ પ્રમાણે આધ્યાત્મિક સંસ્કૃતિના પાંચ અંગો નષ્ટભ્રષ્ટ થાય છે. અને ભારતના દરેક ધર્મના મૂલમાં કુઠારાઘાત થાય છે. માટે જ આખો એક્ટ ધર્મ-

શાસ્ત્રો અને ભારતીય બંધારણની વિરુદ્ધ છે. માટે આનો બારિકાઈથી અભ્યાસ કરી આનો અમલ થતો અટકાવવા યોગ્ય ઉપાયો કરવાની દરેકની ફરજ છે.

લિ. **ધર્મસાગર ગણિ.ના ધર્મલાભ**

શ્રી રાજસ્થાન જૈન સંઘ વતી વકીલ શ્રી પોખરાજજી સીંઘી તરફથી બહાર પાડવામાં આવેલ નિવેદનમાં નીચે મુજબ સખત કલમોનો નિર્દેશ તથા વિજ્ઞપ્તિ કરવામાં આવી છે.

- રૂ. ૩૦૦૦/-થી વાર્ષિક આવક અથવા એટલી જ મિલકત ધરાવતી દરેક ધાર્મિક અથવા ધર્માદા સંસ્થાઓએ રજીસ્ટર થવું પડશે.
- રજીસ્ટર કરાવવાની અરજી સાથે ત્રણ વર્ષ પૂર્વેનો હિસાબ, જમીન વગેરેની પટ્ટા અને ખાતાઓની નકલ પણ મોકલવી રહેશે.
- ટ્રસ્ટનું બંધારણ મિલકત, અને ટ્રસ્ટીઓનો ઓળખ વગેરે વિગત રજૂ કરવા પડશે. હિત ધરાવતી વ્યક્તિનો વાંધો એસીસ્ટેન્ટ કમિશનર માન્ય ન કરે તો કોર્ટની માથાકૂટમાં ઉતરવું પડશે.
- રૂ. ૨૦૦૦/- સુધીની અચલ અને રૂ. ૫૦૦૦/- સુધીની ચલ મિલકત એસીસ્ટેન્ટ કમિશનરની પરવાનગી વગર વેચી અથવા દાનમાં આપી શકશે નહીં. જમીન ખેડવા અને મકાન ભાડે આપવા બાબત પણ ટ્રસ્ટીઓના અધિકાર પર બહુ જ કાબૂ રાખવામાં આવ્યો છે.
- રૂ. ૩૬૦૦/-ની અથવા વધુ આવકવાળા ટ્રસ્ટોએ ચોપડા ચાર્ટડ એકાઉન્ટેન્ટ પાસે તપાસાવવા પડશે અને દર વર્ષનું અગાઉથી બજેટ બનાવી એસીસ્ટેન્ટ કમિશનર પર મોકલવું પડશે.

  નિયમ ૩૩ના અન્વયે ઘણી જાતના વિગત પત્રોથી ટ્રસ્ટની લેવડદેવડ આવક ખર્ચની છે. કમિશનરને જાણ કરવી પડશે. રૂા. ૧૦૦/-થી વધુ ખરીદી અને ૧૦૦૦/-થી વધુ રીપેર અથવા બાંધકામમાં ખર્ચવા માટે ભાવો અને ટેન્ડરો મંગાવવા પડશે.
- ઓડિટરોના રિપોર્ટ પર ટ્રસ્ટીઓને પૂછપરછ થતાં ખોટા સાબિત થયે એમની વિરુદ્ધ કામ ચલાવવામાં આવશે. ટ્રસ્ટીની જગા ખાલી થવા પર એની ભરવાની સમય મર્યાદા એસીસ્ટેન્ટ કમિશનરને જણાવવી પડશે અને ન ભર્યે એ કમિશનરને ટ્રસ્ટી નીમવાનો અધિકાર રહેશે.
- અમુક સરકાર આશ્રિત ટ્રસ્ટો સિવાય દરેક ટ્રસ્ટ જેની આવક રૂા. ૧૦ હજારથી વધુ હોય તેવા ટ્રસ્ટ પર એ કમિશનર તરફથી એક સમિતિ નીમવામાં આવશે.



- વ્યાપારીઓ અને એમની સંસ્થાઓ પાસેના ખાનગી શુભ ખાતાઓની રકમ પણ એમની વ્યાપારી સમિતિઓથી નિર્ણિત રીતે જ વાપરવાના રહેશે.

આ રીતે આ ટ્રસ્ટ એકટ ટ્રસ્ટના સુંદર સંચાલનમાં સહાયરૂપ થવાને બદલે નડતરરૂપ થવાનો વધુ સંભવ છે. અમુક કલમો પણ રાષ્ટ્રના બંધારણ-વિરુદ્ધ છે. એ બાબત ધારાશાસ્ત્રીઓનો અભિપ્રાય લેવાઈ રહ્યો છે.

આપ પણ અમને આપની નડતરોની જાણ કરશો, અને રજીસ્ટર કરાવવાની ઉતાવળ કરતાં નહિ.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૧૦,અંક-૪૫,તા.૧૧-૮-૧૯૬૨

## સાધારણ ખાતામાં દેવાનો લાભ

વિજય શેઠ-વિજયા શેઠાણી લગ્નથી માંડીને યાવજ્જીવ બ્રહ્મચારી બનેલા. એમના પ્રસંગમાં આવે છે કે વિમળ કેવળી ભગવાને જિનદાસ શ્રાવકને કહ્યું. 'તું ૮૪૦૦૦ મુનિઓની ભક્તિ કરવા ચાહે છે પણ તેટલો નિર્દોષ આહાર ક્યાંથી બને ? માટે તું કચ્છવાસી વિજય-વિજયા દંપતીની ભક્તિ કર તો ૮૪૦૦૦ મુનિઓની ભક્તિ જેટલો લાભ મળશે.'

હવે વિચારો કે કેવળી ભગવાનનું વચન છે એટલે અશ્રદ્ધા કરાય નહિ પરંતુ એમ ને એમ શું લાગે ? એમજ લાગે ને કે 'વાહ ! છકાયના કૂટામાં પડેલા અને આરંભ-પરિગ્રહ-રાગદ્વેષાદિભર્યા ઘરવાસમાં ખૂંચેલા વિજય-વિજયાની ભક્તિ એ ચોરાશી હજાર મુનિઓની ભક્તિની બરાબર ?' ત્યારે શું કેવળી ભગવાને અતિશયોક્તિ કરી ? ના, આપણને જે તદ્દન અસંગત લાગે છે તે માત્ર ઉપર ઉપરથી અમુક મુદ્દો ઉપાડીને જોઈએ છીએ માટે; ત્યારે ખરી રીતે વિજય-વિજયાએ કયા સંયોગમાં કેવું ભ્રીષ્મ પરાક્રમ કર્યું છે, તે બાહ્ય પરિસ્થિતિ ય લક્ષમાં લેવાની છે, અને એથી આગળ એ પરિસ્થિતિ જાણ્યા પછી ભક્તિ કરનારના દિલમાં કેવા અભૂતપૂર્વ ભાવોલ્લાસ જાગે એ પણ ધ્યાનમાં લેવાનું છે. ત્યાં 'મુનિઓ તો છોડીને દૂર રહી બ્રહ્મચર્ય પાળે છે, ત્યારે આ દંપતી ખીલતી યુવાનીમાં સાથે રહીને બ્રહ્મચર્ય પાળે છે ! અહો કેટલું કપરું !' એવો ચિત્ત-ચમત્કાર એમની ભક્તિ-પ્રસંગે દિલમાં અદ્ભુત શુભ પ્રગટ કરે છે. એ લાભ, કેવળી ભગવાન જુએ છે કે ચોરાશી હજાર મુનિઓની ભક્તિના પ્રસંગમાં થતાં શુભ ભાવના લાભની તોલે છે.

બસ, આ રીતે વિચારવાનું છે કે આજે સાધારણ ખાતામાં ધન-માલ અપાય તે દેવદ્રવ્ય ખાતામાં યાને અરિહંત ભક્તિમાં આપ્યા બરાબર લાભ કેમ ન

આપે ? 'આજે' એવું એટલા માટે કહેવાય છે કે સાધારણ ખાતામાં મોટા તોટાની બૂમ પડે છે, પછી એક બાજુ એના લીધે કાં સંઘ વિવિધ આરાધનાથી વંચિત રહે છે, અથવા બીજી બાજુ તોટો છતાં એના જંગી ખર્ચ કરી દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યની કોથળીમાંથી ચૂકવાય છે અને ચોપડા પર દેવદ્રવ્યાદિના દેવાની કોરી રકમ પડે છે ! હજારોનો જુમલો કોણ ક્યારે ભરપાઈ કરવાનું હતું ? આ સ્થિતિમાં જો સાધારણ ખાતામાં ભક્તિ કરી હોય તો એનો કેટલો બધો લાભ મળે ? બાહ્યથી લાભ સંઘ આરાધનામાં સારો જોડાય, અને દેવદ્રવ્યાદિની કોથળી પર આક્રમણ તથા સંઘના માથે દેવદ્રવ્યાદિનું દેવું થાય નહિ; ત્યારે અભ્યંતરથી પોતાને એમ થાય કે 'અહો ! આજની પરિસ્થિતિમાં સાધારણ ખાતામાં દેવાથી કેટલા બધા લાભ ! સંઘ આરાધના કરે એમાં મારા નાથ અરિહંતની ભક્તિ તો થઈ જ જાય છે, ઉપરાંત સંઘ બીજી ગુરુભક્તિ ત્યાગ, તપસ્યા, સામાયિકાદિ કેટલીય આરાધનાઓ કરે એ પણ કેવો સુંદર લાભ !' આ અધ્યવસાય દેવદ્રવ્યમાં દેવાના અધ્યવસાય કરતાં જરાય ઉતરતો હોય એમ લાગે છે ? એમ કહો કે અરિહંતના શાસન પરના ઉછળતા રાગ સાથે અરિહંત પરનો રાગ કદાચ ચઢિયાતા શુભ અધ્યવસાયને જગાડી દે ! તો શું સાધારણ ખાતામાં દેવામાં દેવદ્રવ્યમાં દેવાના લાભ કરતાં કાંઈ ન્યૂન લાભ છે ?

ના, માટે સાધારણ ખાતામાં દેવામાં શો બહુ લાભ મળે એ માન્યતા હોય તો કાઢી નાખજો. એવા ઊંધા ખ્યાલ ન હોત તો સાધારણ ખાતામાં તોટો પડવાની ફરિયાદ ન હોત. અપેક્ષાએ વિચારો તો દેખાય છે કે દેવદ્રવ્યથી નીચેના ખાતાં નથી પોષાતાં, સાધારણ દ્રવ્ય સાતે ક્ષેત્રમાં પહોંચે છે. કેમ ? કારણ છે કે સાધારણ ખાતાએ ધર્મની સગવડ કરી આપી એના પરિણામે સીદાતા શ્રાવક-શ્રાવિકા સમાધિ પામ્યા, સામાયિક-પૌષધ-બ્રહ્મચર્ય તપસ્યા, સાધુ ભક્તિ, જ્ઞાનપ્રાપ્તિ, મૂર્તિ-મંદિર-ભક્તિ વગેરેમાં ઉજમાળ બન્યા, સાતે ય ક્ષેત્રની ભક્તિ થઈ. સાધારણ ખાતું ગજબ કોટિનું વહેણ છે, સાતે ય ખેતરોને પલાળી દે છે !

સાધારણ ખાતું તર રહેવાથી ઉપાશ્રય ધર્મસ્થાનો સામગ્રી-સગવડથી ઝગમગતા રહે છે, ત્યાં સમર્થ આચાર્યાદિ મુનિવરો જિનવાણીની રેલમછેલ કરે છે અને શ્રોતાઓ ત્યાં ભરચક ભરાઈ એના પર ડોલે છે ! જીવન પરિવર્તન કરે છે ! જિનવાણીના ચમત્કાર કેવા ? 'દેવોને ફૂલની માળા કરમાતી નથી, આંખ મચકારા કરતી નથી, પગ જમીનને અડતા નથી'-એ ત્રણ જિનવચન પર **રોહિણિયો** ચોર મટી મુનિ બન્યો. 'ઉપશમ, વિવેક સંવર એ જિનવચન પર **ચિલાતી** પુત્ર બહારવટિયા અને ખુનીપણામાંથી મહાયોગી બન્યો ! **ધર્મદત્ત** પૂર્વભવે 'એક ધાન્ય, એક શાક, એક વિગઈ' એ ત્રિકથી ભિખારીમાંથી શ્રીમંત થયો અને આ ભવે જન્મતાં બાર વર્ષની



દુકાળી ફેડનારો બન્યો ! બધું ત્રણ ત્રણ ! રોહિણિયો, ચિલાતીપુત્ર, ધર્મદત્તને જિનવચનમાંથી ત્રિક મળ્યા, ને તર્યા ! ત્રણનું ટેબલ કહેવાય કે તરાપું ? અહિંસા-સંયમ-તપ, દર્શન-જ્ઞાન-ચારિત્ર, શ્રુત-ચિંતા ભાવના, દેવ-ગુરુ-ધર્મ... બધાય તારક ત્રિકો છે. અસ્તુ.

વાત આ છે કે સાધારણ ખાતાના કૂવામાંથી વહેતા દ્રવ્યે અનેક ધર્મપ્રવૃત્તિઓનાં ખેતર લીલાછમ રહે છે. દેરાસરે બધી ભરપૂર આકર્ષક સગવડો રાખી હોય તો ત્યાં આવનારા મસ્તીથી જિનભક્તિ કરે છે એ આપણા નાથનું જ ગૌરવ વધારનારું બને છે. નહિતર સાધારણની તંગાશમાં સગવડ-સામગ્રીની તંગાશે ઊલટું કદાચ પ્રભુની વિટંબણા થાય છે. બાપ પ્રત્યે સાચી ભક્તિ હોય તે માત્ર એમને લાડવા જમાડ્યા ને રેશમી કપડાં ઓઢાડ્યા તેથી પૂરી ન થાય; કેમ કે એ તો હોય પરંતુ નોકર એમનું અપમાન વિટંબણા કરતો હોય, અથવા બાપના નાના વહાલા બીમાર દીકરાની સંભાળ ન થવાથી બાપ ચિંતામગ્ન રહેતા હોય તો ભક્તિ રહી કે સંતાપ ? ત્યારે જો એવી બધી અગવડ મિટાવી આજુબાજુની બધી પૂર્ણ સગવડ રાખી હોય તો ખરેખરી ભક્તિ થાય. સાધારણ ખાતાનો પણ ભગવાનની યથાર્થ ભક્તિમાં મોટો ફાળો છે, એ તો ઊંડી અને વિશાળ દૃષ્ટિથી જુઓ તો સમજાય, અને એ સમજાય તો સાધારણ ખાતુ ધન-માલથી ઉધલાવી દેવાય.

બીજી દૃષ્ટિએ પણ સાધારણ ખાતાને ખાસ તરબોળ રાખવું અતિ જરૂરી છે. તે એ, કે એટલું વિચારો કે સાધારણ ખાતું શાના માટે ? ઉપાશ્રય, ધર્મશાળા, સંઘ, પાઠશાળા-મંદિરની સામગ્રી-સગવડ વગેરે માટે જ ને ? હવે એ જુઓ કે દા.ત. એક ઉપાશ્રય એ તમને કેટકેટલું પુણ્ય બંધાવે છે ? કેટકેટલાં પાપનો નાશ કરી આપે છે ? અને ભાવિ અનંતકાળ સુધારી આપે એવું કેટકેટલું સુંદર સંસ્કરણ આપે છે ? આ ત્રણેનો હિસાબ માંડો, સરવાળો ખેંચો, તો આંકડા પહોંચે એમ છે ? સુદર્શન શેઠ પૂર્વ ભવે એક શ્રાવક શેઠના નોકર હતા અને શેઠની સાથે ઉપાશ્રયે ગયા ત્યાંથી શેઠની સાથે પોતે પણ શક્તિ અનુસાર રાત્રિભોજન ત્યાગ, અભક્ષ્ય ત્યાગ વગેરે વ્રત મેળવ્યાં. ઉપાશ્રયમાં આ જે લાભ મળ્યો એનું ફળ ક્યાં સુધી પહોંચ્યું ? મહાસમૃદ્ધ છતાં મહા સદાચારી શ્રાવક સુદર્શન શેઠ કે જેના પૌષધ બ્રહ્મચર્ય ઉપર દેવતા શૂળીનું સિંહાસન કરે ! ત્યારે માપ કાઢો કે ઉપાશ્રયનો એ અથાગ પુણ્યદાયી વ્રત દેવાનો ઉપકાર કેટલો ?

**તો હવે આ ઉપકારની કૃતજ્ઞતા કાંઈ બજાવવાની ખરી કે નહિ ?**

શું મનને એમ ન થાય કે 'આ ઉપાશ્રય જ્યારે આટલું અઢળક પુણ્ય આપે છે, પાપક્ષય કરાવે છે અને મારો ભાવિ અનંતકાળ ઉજાળનાર ધર્મ-ગુણોનું સંસ્કરણ આપે છે, તો પછી મારે પણ સામેથી જરૂર ઉપાશ્રયને સારું કાંઈ ભોગ આપીને

આપવું જ જોઈએ ?' કોઈને કોઈ સેવાનો સમય, સેવાની ચીજ, સેવાનું ધન, સેવાનો શ્રમ આપવો જ જોઈએ તો જ હું નિમકહલાલ ગણાઉં, નહિતર તો કોરો કડકડતો સ્વાર્થી, પેટભરો અને મફતિયું ચાઉં કરનારો જ લેખાઉં.'

મંદિરે પણ આ જ વિચારવાનું છે. કેટલું બધું એ અઢળક પુણ્ય આપે છે ! મંદિરમાં પાંચ કોડીના ફૂલની પૂજાએ ૧૮ દેશના સમૃદ્ધ અધિપતિ રાજા કુમારપાળ બનાવ્યા ! મંદિર વિના ક્યાં આ થવાનું હતું ? એવા અનહદ ઉપકાર કરનાર મંદિરની ભરપૂર સગવડ-સામગ્રી આપી સેવા કરવાનું ન સૂઝે ? કૃતજ્ઞતા ન અદા કરાય ?

એમ, જિનવાણી જે ઉપકાર કરે છે, જે સ્વર્ગનાં પુણ્ય આપે છે, એના બદલામાં અહીં પુસ્તક ખાતે, પાઠશાળા ખાતે, સંઘમાં જ્ઞાનવૃદ્ધિ ખાતે સારું ખર્ચીને કૃતજ્ઞ ન થઈએ ? શું દિલ ન બોલે કે મારા વૈભવ-કમાઈ પર તો ધર્મનો ભરપૂર ટેક્સ જોઈએ ?

'ધર્મનો ટેક્સ ?' નામ સાંભળતાં જ વિરોધ ઊઠે છે. સંવત્સરી પ્રતિક્રમણ તમારાં બાર માસનાં પાપ ધોશે, માટે પાવલી ટેક્સ રાખ્યો હોય તો ? હલ્લો મચે ! 'જોયું ? હવે ધર્મમાં પણ ટેક્સ ?' હવે એને કોણ કહે કે "અલ્યા પણ કશું દીધા વિના પુણ્ય એમ જ તફડંચી કરવું છે ? ધ્યાન રાખજે, કર્મ જાણે કહે છે કે 'દુનિયાભરને બનાવાશે, મને નહિ ! ધર્મ કરે છે જો ચોટ્ટાઈથી, તો પુણ્ય પણ મળશે ચોટ્ટાઈથી.' ખબર છે ને 'થેં વેશ્યા, તો મૈં ભાટ.' સંસારમાં તો બરાબર ચલાવવું છે, પણ ધર્મમાં કર્મને ઠગવું છે, કર્મે આપેલી અનુકૂળતા ધર્મમાં નથી ખરચવી, દેવ ગુરુ ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા નથી બજાવવી, તો પછી કર્મ તને ઠગશે.'

સાધારણ-ખાતું ઘણાં ઘણાં પુણ્યનું ખાતું છે તેમજ કૃતજ્ઞતા અદા કરી પુણ્યાઈના વધુ લાયક બનવાનું ખાતું છે, માટે એમાં ખૂબ ખૂબ આપો.

**"દિવ્ય-દર્શન" - "પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૧૧,અંક-૩૪,તા.૨૫-૬-૧૯૬૩

## અંતર્મુખતા, સ્થિરતા અને ઉદાસીનભાવ રાખવા શું કરવું ?

આમાં, **અંતર્મુખતા** અખંડિત રાખવા માટે હવે ખૂબ ચોકસાઈ રાખી દરેક પ્રસંગ તત્ત્વદષ્ટિ નિહાળાય, વિચારાય. જીવનો પ્રસંગ હોય તા જીવ કેવા કેવા કર્મપ્રેર્યો કેવા કેવા ભાવ અનુભવે છે, પુદ્ગલનો પ્રસંગ હોય તો આપણા શુદ્ધ અને વૈભાવિક સ્વરૂપ સાથે એને શો મેળ ?... ઈત્યાદિ વિચારણા રાખવી.

**સ્થિરતા** અંખડિત રાખવા પ્રભુનું સ્મરણ યા ચૈત્યવંદનાદિ ક્રિયામાં તેમજ



શુભ ભાવનામાં સ્થિરપણે ઉપયોગ ચલાવવો. આમાં બીજા ત્રીજા વિચારાદિનો વિક્ષેપ આવવા જાય, અને તે ઉપયોગ ભંગ કરવા જાય, પરંતુ આપણી સાધનાની એક એવી ઇચ્છા ઊભી કરી રાખવી કે 'મારે તો આનું જ કામ છે,' તેમજ આંખ અડધી પોણી મીંચી મનની સામે આંખના બે પડળની આરપાર સૂત્ર અક્ષર અથવા અર્થ-પદાર્થની આકૃતિ પર નજર રાખવી. એથી વિક્ષેપ-ઉપયોગભંગ ઓછા થશે.

**ઉદાસીનતા** અખંડ રાખવા વિચારવું ભવિતવ્યતાના અનંતકાળમાં પટમાં નિર્ધારિત થઈ ગયેલા ભાવો બનતા આવે છે તેની સાથે આત્માના શુદ્ધ સ્વરૂપનો માત્ર જ્ઞાતૃદષ્ટભાવ સિવાય બીજો કોઈ સંબંધ નથી, તેથી બીજી ત્રીજી વિચારણા અને રાગાદિ કર્યા ફજૂલ છે. એ વિચારવું કે 'પરની વેઠ આપણે શા સારુ મન પર લેવી ? બનવા દો બનતું હોય તેમ.' બસ, હવે બહાર સાથે બધા જ માનસિક સંબંધ કાપી નાખવા.

અરિહંત કે સિદ્ધ ભગવાનના સ્વરૂપને ૧. ગદ્ગદ દિલે, ૨. ઉછળતા વધતા ઉલ્લાસથી અને ૩. જાણે આપણે આત્મસાત્ કરવા મથી રહ્યા છીએ એ રીતે ચિંતવવું મન એમાં જ પરોવી રાખવું.

**"દિવ્ય-દર્શન" - "પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૧૪,અંક-૨,તા.૧૮-૯-૧૯૬૫

## જીતી બાજી હારી નથી

જીવની કેટલી અજ્ઞાનદશા ? જગતના દુઃખી જીવોનાં નાથ, એકાંત-વત્સલ, જગત ઉપર અનંત ઉપકાર વરસાવનાર કલ્પવૃક્ષસમા અરિહંતદેવનું શરણું મૂકીને બહાર જવું છે ? બાવળિયે વળગવું છે ? કાંટા ન વાગે તો બીજું શું થાય ? કુદરતી અરણ્યના તૃણ મૂકી શિકારીના ગોઠવેલા મિષ્ટાન્નમાં લલચાય તો હરણિયાં કેવી રીતે બચે ? સરોવરના યથેચ્છ વિહરણ મૂકી માંસ-પેશીમાં લોભાયેલ માછલાની કેવી વિટંબણા ? રોટલીના ટુકડાની લાલચે આજના માનવીના પાંજરામાં પૂરાયેલા ઉંદરની કઈ દશા થાય છે ? ટૂકડો લેવા જાય એટલી જ વાર ! આજા-ફસા જા ! આજના નિર્દય માણસના હાથમાં તે ઉંદરની દશા શી ? દુનિયામાં બિલાડો ઉંદરનો વૈરી કહેવાય પણ તે યોજનાબદ્ધ નહિ. આજનો માનવ યોજનાબદ્ધ વૈરી ! કેવો કળિકાળ ! પ્રકૃતિએ સર્જેલી સૃષ્ટિમાં બધા ભાઈ ભાઈ કહેવાય જાતે જીવી બીજાને જીવાડવાનું હોય; ત્યારે આજે બીજાને મારીને જીવવાનું કરે છે ! જાતે દુર્ગતિના પાંજરામાં પૂરાવાની આ લત છે ! માનવ જીવનમાં આવ્યા એટલે તો બાજી જીતી ગયા સમાન છે. પણ મૂઢ જીવ એ ભૂલી જાય છે અને બાજી હારી જવાની કરણી લઈ બેઠા છે. કવિ ઋષભદાસ કહે છે **'ધન કીધું ધૂળધાણી જીતી બાજી ગયો હારી**

રે, સંસારિયામાં૦' સુસંસ્કાર અને માનવભવ આદિનું પુણ્યધન વેડફી નાખ્યું, તો બાજી હારી ગયા ! કેમકે પહેલાં નીચેથી ઊંચે આવ્યા હતા. હવે અહીં ઊંચેથી નીચે પટકાવાનું થાય છે ! શું કારણ ? રૂડું રૂપાળું મળેલું અરિહંતનું શરણ અને એમણે ફરમાવેલા ગુણોનું શરણ મૂકી બહાર મોહમૂર્તિઓ ને દોષ-દુષ્કૃત્યોમાં ભટક્યા માટે જ તો !

"દિવ્ય-દર્શન" - **"કુટુંબી ઉપર પ્રેમ છે ?"** વર્ષ-૧૪,અંક-૧૭,તા.૧૫-૧-૧૯૬૬

સમરાદિત્ય રાજકુમારને પરણીને આવેલી બે રાજકન્યાઓ સાથેની સખી કહે છે 'કુમાર ! લો આ આપની પત્નીઓએ પ્રેમથી તૈયાર કરેલું પાનનું બીડું.' ત્યારે

કુમાર પૂછે છે કે 'તમારી સખીઓને મારા પર પ્રેમ છે ? પૂછી જુઓ.'

સખી કહે છે, 'એમાં શી શંકા ? જે દિનથી આપનું નામ અને ગુણ સાંભળ્યા છે, ત્યારથી આપના પ્રત્યે પ્રેમથી તો એ ઝુરી રહી છે.'

કુમાર કહે છે, 'જેના પર પ્રેમ હોય એને ભવની કેદમાં જવું પડે એવું પ્રેમી કરે ? અને કરે તો એનો પ્રેમ છે એવું કહેવાય ? તમે વિચારી જુઓ કે અહીં મારી પાસે જે કરાવવાં આવી છો તેથી મારું આ ભવ પછી શું થાય ? જો જન્મ-મરણથી પરંપરા જ નીપજે, તો એમાં પ્રેરક બનનારી તમને મારા પર પ્રેમ છે એવું કહેવાય ? રોગી દીકરાને કુપથ્ય ખવરાવનાર માતા દીકરાની હિતેષી કે હિતશત્રુ ? પ્રેમી કે વૈરી ?'

ચતુર સ્ત્રીઓ તરત સમજી ગઈ અને કુમાર સાથે બ્રહ્મચર્ય પાળવાનું નક્કી કર્યું.

આ પ્રસંગ ઉપરથી સ્પષ્ટ તારવણી નીકળે છે કે કુટુંબી પર પ્રેમ છે એવું તો જ કહેવાય કે જો એને જન્મ-મરણની જંજાળ વધે એવા કાર્યમાં આપણે એને ન પ્રેરીએ, ન જોડીએ, એટલું જ નહિ પણ એને ભવના ફેરા ટળે, આત્મા કર્મલઘુ થાય, ને ઉચ્ચ ગતિ પામે એવા હિતકાર્યમાં જોડીએ. કુટુંબી પણ આપણા પ્રત્યે આવું કરનાર બને તો જ એને આપણો પ્રેમી માની શકીએ.

એટલે હવે વિચારવા જેવું છે કે આપણે કુટુંબી પાસે શું શું કરાવી રહ્યા છીએ ? ભલે આપણા દિલમાં એના પ્રત્યે વૈરભાવ ન હોય, એક પ્રેમી તરીકેનો ભાવ હોય, પરંતુ આપણો વર્તાવ શું કહી રહ્યો છે ? આપણા પ્રેમભાવનું સમર્થન કેટલું કરી રહ્યો છે ?

આ માટે આવી આવી બાબત તપાસવાની છે કે આપણે એનો મોહ વધારી રહ્યા છીએ કે ઘટાડો ? આપણે જે જે આચરી રહ્યા છીએ એનાથી એને આપણા પ્રત્યે રાગાંધતા પોષાઈ રહી છે કે શોષાઈ ? આપણો એને સંબંધ નહોતો ત્યારે શું એને પરમાત્મા અને ગુરુ પ્રત્યે જે રાગ બહુમાન હતા, એના કરતાં આપણા સંબંધ પછી એ વધ્યા છે કે ઊલટાં એ ઘટીને આપણા ઉપર રાગ-બહુમાન વધ્યા છે ? વળી આપણે કેવું વર્ત્યા કે જેથી એને ધર્મસાધના પર પહેલી તકેદારી આવી ? યા આપણી સાધના કરવા માટે ધર્મપાલન ભૂલીને પહેલી સાવધાની આવી ?

સામાના હિતૈષીપણાનો પ્રેમીપણાનો દાવો રાખતાં પહેલાં આ જોઈ લેવું જોઈએ કે આપણે એને અસત્ય-અનીતિ-અન્યાયમાં તો નથી પ્રેરતા ને ? બીજાઓ પ્રત્યેની ઈર્ષ્યા,-અસૂયામાં, એમ નિંદા-ચાડીચુગલીમાં દ્વેષ-અભિમાનમાં કે માયા-પ્રપંચમાં તો નથી ઘસડતા ને ? ખાનપાન-માલમિલકત આદિની બહુ તૃષ્ણા-મમતા-આસક્તિમાં તો એને નથી તાણતા ને ?

સામાને આપણે કેવી સલાહ-સૂચના અને ઉપદેશ આપીએ છીએ ? એનો સદ્ભાવ આપણા માતા-પિતા-ગુરુ ઉપર વધે એવી કે એના બદલે આપણા પર વધે અને ત્યાં ઘટે એવી ? એમ એના દિલમાં જીવો પ્રત્યે દયાભાવ વધે એવી સલાહ કે બેપરવાઈ વધે એવી ? એવું જ એના તરફથી આપણી કેવી સરભરાનો આગ્રહ રાખીએ છીએ, એ ધર્મકાર્ય ભૂલે એવી કે ધર્મકાર્યમાં સ્થિર રહે એવી ?

આ બધું તપાસવાની જરૂર છે, અને સામાના ખરેખરા હિતૈષી બનવું હોય, એના પર આપણો સાચો પ્રેમ વર્તાવવો હોય, તો એનો આપણા માતાપિતા અને દેવગુરુ પ્રત્યે પ્રેમ-આદર-સદ્ભાવ વધે, ધર્મભાવના વિકસતી જાય, ધર્મકાર્યમાં વિશેષ પ્રવૃત્તિ થાય. દયા-ગુણાનુરાગ-નમ્રતાદિ આત્મગુણો વધતા આવે. દોષ-દુષ્કૃત્ય-પાપાચરણં ઘટતા આવે, એવી આપણી સલાહ-સૂચના અને વર્તાવ જરૂરી છે. જો આ નહિ અને એથી ઊલટું નિપજાવતા હોઈએ, તો આપણે એના પ્રેમી નથી પણ મહા વૈરી છીએ.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૧૯,અંક-૪૫,૪૬,તા.૨૧-૮-૧૯૭૧

## સાધુતાનું દૃષ્ટાંત : સુંદર સમાધિમરણ

**અમદાવાદ શાંતિનગર** :- અત્રે પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવરના શિષ્ય મુનિશ્રી ગુણભદ્રવિજયજી મહારાજ શ્રાવણ સુદ ૧૧ પ્રભાતે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. કેન્સરની ભયંકર વ્યાધિ અને વેદના દરમિયાન પણ ચિત્તની પ્રસન્નતા સમાધિ સુંદર જાળવેલી. શાસ્ત્રોનું તથા સમાધિવિચારના સ્તવન સજ્ઝાય વગેરેનું શ્રવણ કરતા, ને બાકી સ્વયં પણ શ્રી નવકારમંત્ર ગણતા. એઓશ્રી જન્મે કચ્છ ભુજપુરના, મુંબઈમાં વ્યાપાર કરતા

ત્યારે પણ પૂ. મુનિવરોના સંપર્કથી ધર્મશ્રદ્ધા સારી ધરતા. એમણે પહેલાં એમના લઘુબંધુ હાલ પૂ. મુનિરાજશ્રી અમરેન્દ્રવિજયજી મ.ને દીક્ષા લેવામાં સારી પ્રેરણા કરેલી બાદ પોતાના જયેષ્ઠ પુત્રને સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સંપર્કમાં રાખી એનો વૈરાગ્ય વધતાં ધામધુમથી દીક્ષા અપાવેલી તે હાલ પૂ. મુનિરાજ શ્રી મુનિચંદ્રવિજયજી મ. છે. બાદ પોતાના બીજા બે નાના બાળકોને પૂ. આચાર્યદેવશ્રીના સંપર્કમાં રાખતા ગયા, અને અંતે એમણે આ બે બાળકો (હાલ પૂ. મુનિરાજો શ્રી કીર્તિચંદ્રવિજયજી તથા શ્રી જિનચંદ્રવિજયજી મ.) તથા બાળકોની માતા અને એક બેબી સાથે પોતે ચારિત્ર માર્ગે સિધાવેલું. આ. પૂ. મુનિરાજ શ્રી ગુણભદ્રવિજયજી એવા નિઃસ્પૃહી અને ગુરુભક્ત હતા કે કયારેક પૂ. આચાર્યદેવશ્રી એમને અન્ય મુનિરાજ સાથે ચોમાસુ યા કયાંય વિહારમાં મોકલે, છતાં આ પુત્રમુનિ એકને પણ સાથે લઈ જવા ઈચ્છા ય કરતા નહિ. એ તો કહેતા કે, ‘મારે તો ગુરુવચન જ તહત્તિ કરવાનું હોય. નાના મુનિઓની ચિંતા ગુરુ-મહારાજશ્રી કરે છે તે બરાબર છે.’ મોટી ઉંમરે દીક્ષા લેવા છતાં એમણે સંસ્કૃત-પ્રાકૃત-ભાષા તથા પ્રકરણશાસ્ત્રો અને આગમશાસ્ત્રોનું સારું અધ્યયન કરેલું. એટલી ચીવટ અને ખંતવાળા હતા કે રાતના યુવાનમુનિઓને એનું પુનરાવર્તન કરાવતા સારી તબિયતમાં રોજ એ એકાસણું કરતા તેમજ વર્ધમાન આંબેલ તપની ઓળીઓ પણ એમણે કરેલી. સ્વભાવે બહુ શાંત, સેવાભાવી, અન્યને પણ સમાધિ આપનારા, સ્વયં સહિષ્ણુ અને મિલનસાર તથા સંયમપાલનમાં સદા જાગ્રત્ રહેતા. કયારેય એ નકામી વાતચીતમાં પડતા નહિ કોઈની નિંદા નહિ, ફજુલ પ્રવૃત્તિ નહિ, જ્ઞાનધ્યાનમાં મસ્ત, સારાંશ સાધુતાના એક દૃષ્ટાંન્ત સ્વરૂપ હતા. આમ તો ૮-૧૦ માસથી કેન્સરની પીડા હતી છતાં સુંદર સમાધિ રાખતા, પણ છેલ્લે શ્રા.સુ. ૯ રાતે શ્વાસની ખૂબ તકલીફ ઉપડી, સ્થિતિ ગંભીર બની, ડૉક્ટરે ઓક્સિજન શરુ કર્યો, ત્યારે પણ પૂ. મુનિશ્રીની શાંતિ અને જાગૃતિ જોઈ સહુ ચકિત થઈ ગયા. એમણે બોલીને બધાની ક્ષમા માંગી, પછી ૦। કલાક સુધી મોટેથી બોલીબોલીને ‘નમો અરિહંતાણં’ ‘અરિહંત’ની રટણા રાખી, પછીથી કાંક રાહત આવી, છતાં સુદ ૧૦ સ્થિતિ ગંભીર હતી. બપોરે જ્ઞાનમંદિરેથી પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ પધાર્યા હતા. તેમની સાથે ખૂબ જ શાન્તિપૂર્વક વાતચીત કરી અને બધાને બહાર મોકલી આચાર્ય ભગવંત પાસે આલોચના કરી. સાંજે શ્વાસનું જોર વધતું ચાલ્યું છતાં જાગૃતિ ઘણી જ સારી. આચાર્ય મહારાજે એમની સુંદર સમાધિ જોઈ આનંદ વ્યક્ત કર્યો. નવકાર મંત્ર સંભળાવવાનું ચાલુ હતું. મુનિઓ ‘નમો અરિહંતાણં’ બોલતા સામે પોતે પણ ‘નમો અરિહંતાણં’ બોલતા શક્તિ વધારે ક્ષીણ થતાં ‘અરિહંત’ બોલાતાં સામેથી



‘અરિહંત’ બોલતા. ‘એગો હં નત્થિ મે કોઈ...’ સાધુ એટલું બોલે એટલે આગળનું પદ પોતે જ બોલતા એમ છેક છેલ્લી ઘડી સુધી આંતર જાગૃતિ સારી હતી અને સુદ ૧૧ પરોઢિયે નવકારના ધ્યાનમાં જ કાળધર્મ પામ્યા. શાન્તિનગર જૈન સંઘે સેવા સારી બજાવી. આખા ય કેન્સરના વ્યાધિ દરમિયાન ભાઈશ્રી હેમચંદ્ર તેજરાજ વગેરે રોહીડા સંઘે ભક્તિનો ખૂબ લાભ ઉઠાવેલો.

વિશેષત : રોહીડાના ડૉક્ટર શ્રી પુખરાજજીએ પોતાના કિંમતી સમયનો ભોગ આપીને ખૂબ સેવા કરેલ. છેલ્લા બે દિવસ તો લગભગ પાસે જ રહેલા. પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજે પણ એમની સેવા-સમાધિ-તથા સંભળાવવામાં સારી કાળજી રાખેલી. બાકી સદ્ગત્ પૂ. મુનિશ્રીના સંસારી બંધુ મુનિ તથા પુત્ર મુનિઓએ ખૂબ સારી રીતે એમની સેવા બજાવેલ અને વારંવાર આરાધનાનું સંભળાવી એમની સમાધિમાં સારો ફાળો આપ્યો હતો.

સદ્ગત પૂ. મુનિરાજશ્રીની સ્મશાનયાત્રા બેન્ડવાજા સાથે ઠાઠથી નીકળી. હજારો લોકો સ્મશાનયાત્રામાં જોડાયા હતા. સૌ કોઈના મુખમાં એ જ વાત હતી કે ‘મરણ થાય તો આવું થજો.’ શાન્તિનગર શ્રી સંઘે આ નિમિત્તે મહોત્સવ કરવા નિર્ણય કર્યો છે. એમની પાછળ લાખો સ્વાધ્યાય, સેંકડો એકાસણા-આયંબીલ તથા ઉપવાસ તથા ત્રણેક હજાર રૂપિયા શુભ ખાતામાં થયા હતા.

## “દિવ્ય-દર્શન” - **“પ્રકીર્ણ પ્રસાદ”** વર્ષ-૨૩,અંક-૨૨,તા.૧૫-૨-૧૯૭૫

**(તંત્રી નોંધ :** સાવરકુંડલામાં દીક્ષિત બનેલ ભાઈશ્રી અક્ષયકુમાર (સેકન્ડ એન્જિનિયરીંગ પાસ) ને દીક્ષા પૂર્વે એમના સંસારિપણે કાકા મુનિશ્રીએ વઢવાણથી વૈરાગ્ય પ્રેરણાર્થે લખેલ કાગળ ઘણાને ગમ્યો હોવાથી અત્રે પ્રગટ કરાય છે.)

શ્રાવણ સુદ ૧૦ સંવેગી જૈન ઉપાશ્રય, વઢવાણ.

મુનિ **જયશેખરવિજયજી** તરફથી અક્ષય જોગ ધર્મલાભ (સાવરકુંડલા)

દેવગુરુકૃપાથી બધાની તબિયત સારી છે.

તું કેટલો ભાગ્યશાળી ! પરમ તારક આચાર્ય ભગવંતની નિશ્રામાં જ સંસ્કૃત અધ્યયન તથા પાવન પ્રેરણા...આવો સુંદર અવસર ક્યારેય ય પ્રાપ્ત થશે નહિ. આ તક જરાય ગુમાવવા જેવી નથી. એક દુન્યવી માણસ, દુન્યવી ચીજ ખાતર, અર્થ ખાતર, ડિગ્રી અંગે અમેરિકા જઈ દેશ-વેષ ધર્મ-પરિવાર માતાપિતાનો ત્યાગ કરે છે અને કાયમ માટે ત્યાં જ વસવાટ કરી લે છે. ત્યાં મળીને શું મળવાનું ? કદાચ ભાગ્યયોગ હોય તો લાખો ડોલર કમાય પણ તેથી શું ? એનાથી મૃત્યુ પર,

રોગ પર સંકટ-વિઘ્નો ઉપર થોડો અંકુશ કે નિયંત્રણ આવવાનું છે ? જ્યારે ધર્મ ખાતર ઉપરની વસ્તુનો ત્યાગ કરવાથી આ જન્મ તથા પરલોકમાં સુખ, સુખ ને સુખ.

તે ખાતર થોડો ત્યાગ કરવાથી પાછી પાની કરતો નહી. તું કોનો પુત્ર છે ? મોહનભાઈનો, કે જેઓ સંયમ ખાતર કેટલા તલસતા હતા ! છેવટે પણ એ જ ભાવનામાં રમતા રમતા ગયા. વળી તેઓની પ્રબળ ભાવના પણ એ જ કે બધાય મારા સંતાન ચારિત્રમાર્ગે કેમ પ્રયાણ કરે ? તારા માટે તો એમની ખૂબ જ ભાવના હતી કે અક્ષય ખરો ક્ષત્રિય બચ્ચો છે એ જરા ય મોહ-મમતામાં ફસાય એવો નથી, જે કામ ધાર્યું હશે તે પાર પાડે એવો કૃતનિશ્ચયી છે. આવી વાતો તો મોહનભાઈ ઘણીવાર કરતા. વળી પાલીમાં પણ તું તૈયાર થઈ ગયો હતો. ત્યારે અમે ના આપી શક્યા એ માટે અમને એમણે ઘણો જ ઠપકો આપ્યો હતો. આટઆટલી તારા પિતાજીની ભાવના હતી.

પિતૃભક્ત પુત્રની શી ફરજ છે ? પિતાની ઇચ્છાભાવના પૂર્ણ કરવી જોઈએ. જેમ ધનપાલ-શોભન બંનેના પિતાની ભાવના એ હતી કે મારા બેમાંથી એક પુત્ર પૂ.આચાર્ય મહારાજને સમર્પણ કરું, મૃત્યુની પથારીએ છતાં જીવ જતો નથી. કારણ એ જ કે એક પુત્રને સંયમી બનાવવો છે. બસ ! આ ઇચ્છા જાહેર કરી, શોભન તૈયાર થઈ ગયો. પિતૃભક્તિ આનું નામ...બસ એ શોભનમુનિ બની ગયા પ્રખર વિદ્વાન થયા. કવિ પંડિત ધનપાલને પણ જૈન બનાવ્યો ! માટે...તું પ્રાજ્ઞ, વિનીત અને પિતૃભક્ત છે તો તારે માટે વધારે શું લખવું ? વધારે લખવું એ તો અનુચિત જ ગણાય ને ? બસ, તારા પિતાજીની પોતાની અંતિમ ભાવના હતી કે વૈશાખ સુદ પના દીક્ષા લઈ લેવી. (પણ એ તો એમ જ ગયા. હવે) આ જ ભાવનાને સાકાર બનાવવી એ તારા હાથની વાત છે. આ જીવનમાં પિતાની તથા પિતામહ એવા અરિહંતની આજ્ઞાનું પાલન થઈ ગયું તો જીવન જીતી ગયા. સાર્થક કરી ગયા. દુનિયાની બધી સંપત્તિ પ્રાપ્ત થાય એના કરતાં પણ સંયમથી વધુ લાભ થવાનો એ નિશ્ચિત છે.

બીજું માતાના મોહમાં પડીશ તો એ વધુને વધુ મોહ કરી, દુનિયાના અભખરાઓ કરી, મનોરથોના ઘોડાઓ દોડાવી કેટલા કર્મ બાંધશે ? હો...હો...મારો છોકરો કેવો સુંદર એન્જિનિયર ! કેવા પુલો બાંધે છે ! કેવા મકાનો બાંધે છે ! કેવી મશીનોની ડીઝાઈનો બનાવે છે ! આમ કહી કહી પ્રશંસા કરી કરી છાતી ગજ ગજ ફૂલાવશે, બધાની વચમાં બડાઈ મારશે. તેથી તું સંસારમાં રહી જે પાપ બાંધશે એના કરતાં અપેક્ષાએ કદાચ વધારે તારી મા બાંધી દે ! આ બધી ભાવદયા વિચારવાની ખાસ જરૂર છે.



જો તું નીકળશે તો તારી મા, અંજન અને કદાચ મયણા પણ નીકળી જાય...માતાજીને પણ કેવી સુંદર આરાધના થઈ જાય !

જો તો ખરો, વજ્રસ્વામી ૬ મહિનાના છે. ત્યારથી સંયમની ભાવના થઈ. વળી ૩ વર્ષના થયા ત્યારે રાજદરબારે મા અને દીક્ષિત પિતા વચ્ચે પુત્રમાલિકીનો ન્યાય તોલાયો, 'બાળક જેના પક્ષમાં જાય તેનો' તે વખતે ૩ વર્ષના વજ્રકુમાર શું વિચારે છે "જો હું સંસારમાં જઈ માતાને ખુશ કરીશ તો માતા મારા મોહમાં ફસાઈ કેવા ભારી કર્મના બંધો કરશે, મારા મોહમાં ધર્મને સાવ ભૂલી જશે વળી લોકો પણ જૈન ધર્મની નિંદા કરશે કે 'બાપે છોકરાને ભગાડી દીધો' માટે મા બોલાવે છે ત્યારે અડોળગિરિશૃંગની જેમ સ્થિર ઊભા...જરા પણ હાસ્ય કે મોહનું મટકું પણ મારતા નથી."

વિચાર ! તો ખરો ! ૩ વર્ષનો બાળક આટલો વિચાર કરી શકે છે તો તું કેમ પાછો પડે છે ? તને તો ૨૩ થયા. આવા પૂ. આચાર્યભગવંત જેવા ગુરુદેવ શિરછત્ર ક્યારે મળે ? કેવા ત્યાગી ! કેવા તપસ્વી ! કેવા જ્ઞાની ! કેવા ચિંતક ! કેવા ઉપકારી ! જેઓએ આપણા સારા ય કુટુંબનો ઉદ્ધાર કર્યો. અમે બે ભાઈ, ૪ બેનો અને માતા વગેરે નીકળ્યા. એમાં પરમ કારણ કોણ ? આવા તારક ગુરુદેવ મળ્યા પછી આખું જીવન સમર્પિત જ કરી દેવું જોઈએ, દુનિયાનાં લેભાગુ, બદમાશ તથા લોભી કોઈ શેઠિયાને જીવન સમર્પિત કરી શું લાભ ઉઠાવવાનો ? શું સાર કાઢવાનો ? એની ગુલામી, એની ઇચ્છાએ જીવનને ઘમરોલી નાખવાથી...જીવનની બરબાદી ! એની ઇચ્છા પર જીવી શું ચાર ચાંદ મેળવવાનો ? માટે ડાહ્યો થઈ ભગવાન જિનેશ્વરદેવોએ ફરમાવેલ નિષ્પાપ જીવન જીવવા કટીબદ્ધ બની જા !

બીજું આજની દુનિયામાં માલ શું છે ? રોજ ને રોજ નવા ફતવા, નવી આફતો, નવી મુશ્કેલીઓ રાજતંત્ર તરફથી થતી હોય, હૈયા હોળી, આર્ત અને રૌદ્રધ્યાનના દાવાનળ તેમાં શીતળતાના અનુભવની ઇચ્છા રાખવી એ સાવ વાંઝણી છે. બલ્કે ભારે સંતાપ !

વળી તારું શરીર, તારો સ્વભાવ પણ આવા ક્રૂર ઘાતકી સંસારમાં એક ક્ષણ પણ ક્યાં નભી શકે એમ છે ? અત્યારથી તારું શરીર નબળું છે વળી સંસારની અનેક ચિંતાઓ તથા મુસીબતો આવશે ત્યારે કમજોરી કેવી ગળચી પકડશે ? એક બાજુ શરીર શાંતિ માગતું હશે પણ બીજી બાજુ પરિવાર, સ્વામી, શેઠ ફરજિયાત કામે બોલાવવા ઇચ્છતું હશે. એ તો ઠીક, પરંતુ બીજી ચિંતાઓ ય તારા ચિત્તને કેવી રીતે શાંતિ આપી શકશે ?

તારો સ્વભાવ પ્રામાણિક-ન્યાયપ્રિય જ્યાં તું જોડાશે ત્યાં આ રીતે વર્તશે તો ચોટ્ટાઓ-બદમાશોને ગમશે નહીં અને ક્યાં તો તારું કાટલું કાઢી નાખશે, અગર

ક્યાં તો તારે અપ્રમાણિકતામાં ઘસડાવું પડશે. તે વખતે થતું દુર્ધ્યાન વગેરે તેનાથી જીવનની કેવી બરબાદી ?

માટે આ બધો વિચાર એકાન્તમાં બેસી અંતરના ઊંડાણથી કરજે ! તને દુઃખી બનાવવા માટે યા સાધુ બનાવી દઈ અમારી સંખ્યા વધારવા માટેની આ વાત નથી. એકાન્તે અહીં પણ હિતકર અને પરલોકમાં પણ હિતકર એવી આ વાત છે. માટે અંતરમાંથી આ વસ્તુ લખાય છે, જણાવાય છે. અમે ચારિત્ર પ્રાપ્ત કરી જે આનંદ લુંટ્યો, જે આરાધનાઓ કરી, કષાયોની જે ઉપશાન્તતા કેળવી, જે પ્રશમસુખ પ્રાપ્ત કર્યું તે જ તું કર, એ માટે જ તારા જીવનને ઉજમાળ બનાવ. વળી તારી પાસે અજોડ અનુપમ જ્ઞાન શક્તિ છે તેનો વિનિયોગ જિનશાસનમાં કર, જેનાથી અનેક જીવોનો ઉદ્ધારક બની શકશે. જ્યારે સંસારની ખાળમાં જો તારી શક્તિ ખર્ચાશે તો અનેક જીવોને ઘાત કરનારી, ત્રાસ કરનારી બનશે. વળી જે કોઈ તારી ખોટી પ્રશંસા વગેરેમાં પડશે તેની પણ અવશ્ય બરબાદી થશે. માટે આવી અનુપમ, અદ્વિતીય તક મળી છે તે જરાય ગુમાવીશ નહીં. ફરી ફરી આવો ચાન્સ મળવો દુર્લભ છે. એક વાર તો તે તક ગુમાવી છે. હવે જરાય ગુમાવીશ નહીં. બસ રત્નત્રયીની આરાધનામાં સદા લીન બન્યો રહે. પૂજ્ય આચાર્ય ભગવંતની આજ્ઞા શિરસાવંદ્ય કરી જીવન ધન્ય બનાવ એ જ સદા માટે એકની એક અભિલાષા...

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૫,અંક-૨,તા.૧૧-૯-૧૯૭૬

## પરમાત્મા સાથે સંબંધ બાંધો

### (લેખાંક-૨)

ગયા લેખમાં એ જોયું કે માનવભવ જેવો પરમાત્મા સાથે સંબંધ બાંધવા માટે કોઈ ભવ નથી; અને જનમમરણથી થાકેલાને પરમાત્માની સાથે સંબંધ બાંધ્યા વિના છૂટકો જ નથી; કેમકે જે પરમાત્મા બનીને જનમ-મરણથી સદાને માટે મુક્ત થયેલા છે, અને જેમણે જગતને જનમ-મરણથી છૂટવાનો સચોટ માર્ગ બતાવ્યો છે, એમનો આશરો લીધા વિના, એમનું આલંબન લીધા વિના, અને એમનો આદર્શ સતત સામે રાખ્યા વિના પરમાત્મા શી રીતે બનાય ? એ બન્યા વિના જનમ-મરણથી શી રીતે છૂટાય ? સંસારીઓ સાથે સંબંધ બાંધીને સંસાર જ નીપજ્યો છે. સંસારનો અંત પરમાત્મા બનીને આવે. પરમાત્મા બનવું છે, તો પરમાત્મા સાથે સંબંધ જોડવો જ જોઈએ.



પરમાત્મા સાથે જ હૃદયનો સંબંધ બાંધ્યા પછી, બાહ્ય સંબંધોમાં જીવને જે અનેકાનેક પ્રકારે ચિંતાઓ સંતાપ અને દુર્ધ્યાન પીડ્યા કરતા હતા, તે હવે પીડતા નથી; એ પણ પ્રત્યક્ષમાં મોટો લાભ અનુભવાય છે. અલબત હૃદયનો સંબંધ હવે પરમાત્મા સાથે બાંધવો છે, તો જગતના જડ ચેતન પદાર્થોના બાહ્યથી સંબંધ છૂટી ગયા નથી, છતાં એ બધાની સાથે હૃદયનો સંબંધ છૂટી જવો જોઈએ. આર્ય કુલીન બાળાને સગાઈ થઈ ત્યારથી હૃદયનો સંબંધ વરાયેલા પતિ સાથે જોડાઈ જાય છે, 'આ જ મારા સ્વામી, આરાધ્ય, શરણ્ય, મારા રક્ષક, પોષક,' એવું દિલમાં નક્કી થઈ જાય છે. પરમાત્મા સાથે સંબંધ બંધાયા પછી આ પ્રમાણે નક્કી થઈ જાય.

આ માટે શું કરવાનું ? તો પહેલું કર્તવ્ય ગયા લેખમાં જોયું એ, કે પરમાત્મા પર અથાગ પ્રેમ-શ્રદ્ધા-બહુમાન ઊભું કરાય; તે એવું કે દિલ કહે 'પ્રભુ ! તમારી આગળ, મારે મન, જગતનું કશું વિસાતમાં નથી. હજી મને પૈસા વહાલા, પરિવાર વહાલો, માન વહાલું,... વગેરે વહાલું લાગે છે, પરંતુ પ્રભુ ! તમે એ બધા કરતાં વધુ વહાલા છો. બચ્ચાને મન મા તે મા છે, એમ મારે મન તમે તે તમે જ છો.'

પરમાત્મા સાથે હૃદયનો સંબંધ બાંધવા બીજું કર્તવ્ય આ, કે એમનાં સમસ્ત વચન સમસ્ત આજ્ઞા પર સર્વેસર્વા શ્રદ્ધા; 'એ જ સાચાં એ બધાં જ સાચાં, એ જ મારે ઈષ્ટ, એ જ હિત, એ જ મંગળકારી; બાકી, બધું અનિષ્ટ, અહિત, અપમંગળરૂપ.

**પ્ર.**- જિનવચન જ ઈષ્ટ, તો શું જિનમંદિર વગેરે અનિષ્ટ ?

ઉ.- ના, જિનમંદિર વગેરે જિનવચને જ ઉપાદેય કહ્યા છે, તેથી એ જિનવચનની અંતર્ગત જ છે. જિનવચન જ ઈષ્ટ-હિત-મંગળકારી, એટલે જિનવચને ઉપાદેય-આરાધ્ય કહેલું બધું જ ઈષ્ટ-હિત-મંગળકારી છે, અને જિનવચને નિષેધેલું વિષયાકર્ષણ વગેરે બધું જ અનિષ્ટ-અહિત-અમંગળકારી છે.' આ શ્રદ્ધા હૈયે સચોટ જામી પડે. એ બીજું કર્તવ્ય છે.

પરમાત્મા પર અથાગ અનન્ય પ્રેમ, અને એમનાં વચન પર અનન્ય સચોટ શ્રદ્ધા, આ બે કર્તવ્યની બલિહારી છે, જીવન પર માનસિક વૃત્તિ પર એનો સુંદર પડઘો પડે છે.

(૧) પ્રભુ પર અનન્ય પ્રેમ રહેવાથી દુન્યવી ગમે તેવાં ઊંચા સુખસાધન પણ તત્ત્વથી મહત્ત્વનાં લાગતાં નથી. અંતર કહે છે 'આ બધાં મારા પ્રભુનાં ભજન-સ્મરણ-આદિનો સમય ચોરી લે છે, પ્રભુનું આકર્ષણ મોળું પાડનારાં છે, તેમજ મોક્ષમાં મારા પ્રભુ સાથે મારે એકાકાર થઈ જવાની આડે આવે છે. માટે મને એના પર અભાવ થઈ આવે છે.' આથી દુન્યવી સુખ સુખસાધન પર જ્વલંત વૈરાગ્ય ઝળહળે છે.

(૨) પ્રભુનાં વચન પરની સચોટ શ્રદ્ધા પ્રભુએ નિષેધેલા ૧૮ પાપસ્થાનકમાં ભય ઊભો કરે છે. મન કહે 'હાય ! પ્રભુએ આ પાપોને મહા અનિષ્ટ-અહિત-અપમંગળરૂપ હોવાથી નિષેધ્યાં, તે હું સેવી રહ્યો છું ? મારું શું થશે ?' એમ પાપોમાં ભય લાગી જવાથી એનું સેવન દુભાતા દિલે થશે, ને તેથી કર્મબંધ મંદ પડવાનો અને એક દિ' સર્વથા પાપત્યાગ થઈ જવાની ભૂમિકા સર્જાવાની. મનની વૃત્તિ જ ફરી ગઈ.

આ બંને વસ્તુ પરમાત્મા સાથે હૈયાનો અનન્ય સંબંધ બાંધવાથી બને. એવો સંબંધ બાંધવા પરમાત્મા પર અતિશય પ્રેમ-બહુમાન, ને એમનાં વચન પર અત્યંત દૃઢ શ્રદ્ધા-આદર, આ બે કર્તવ્ય છે.

પરમાત્મા સાથે સંબંધ બાંધવા માટે ત્રીજું કર્તવ્ય આ, કે શક્ય એટલી પરમાત્માની ભક્તિને જીવનમાં ઓતપ્રોત કરી દેવી જોઈએ. પરમાત્માનાં દર્શન-પૂજન-સ્તવન-ગુણગાન, જાપ-ધ્યાન-કાયોત્સર્ગ, ક્ષણે ક્ષણે સ્મરણ... ઇત્યાદિ ઇત્યાદિ પ્રભુભક્તિ જીવનવ્યાપી બની જાય. અરે ! દુન્યવી જ્યાં કાંઈ સારું મનગમતું મળી આવે, બની આવે, ત્યાં ત્યાં 'પ્રભુ ! આ તમારો ઉપકાર છે, તમારો આભાર માનું છું.' એમ વારે વારે આભાર મનાય, એ પણ પ્રભુભક્તિ છે. (૧) બધાં દર્શન વગેરે અત્યંત શ્રેષ્ઠ કર્તવ્ય માનીને થવા જોઈએ. અતિશય ભાવોલ્લાસથી થવા જરૂરી. એ વખતે આહારાદિસંજ્ઞા કે ક્રોધાદિસંજ્ઞા કશી ન નડવી જોઈએ, તેમજ એ દર્શનાદિ બંધુ તદ્દન નિરાશંસ ભાવે યાને કશી પૌદ્‌ગલિકા-આશંસા-અપેક્ષા-અભિલાષા રાખ્યા વિના આરાધાવા જોઈએ.

ચોથું કર્તવ્ય, જિનવચનરૂપ શાસ્ત્ર લખાવવા, પૂજવા, સાચવવા, પ્રદાન કરવા, એની વાચના કરાવવી, એનું શ્રવણ મનન અને પુનરાવર્તન કરવું એ છે.

પરમાત્મા સાથે સંબંધ બાંધવો છે, તો ધ્યાનમાં રહે કે તે પરમાત્મા વિશ્વવત્સલ, જગતદયાળુ, અને ભવ્યોની ઉન્નતિ કરનારા છે. તો પાંચમું કર્તવ્ય આ કે સમસ્ત જીવો પ્રત્યે મૈત્રીભાવ સ્નેહભાવ ઊભો કરવાનો. દુઃખી પ્રત્યે સક્રિય કરુણાભાવ અને પરની ઉન્નતિમાં પ્રમોદભાવ કેળવ્યે જવાનો,

આવા બધાં કર્તવ્ય બજાવી પરમાત્મા સાથે દિલથી ગાઢ સંબંધ બાંધી માનવભવને સફળ કરીએ.





**"દિવ્ય-દર્શન"-"અગ્રલેખ"** **વર્ષ-૨૫,અંક-૧૦,તા.૧૩-૧૧-૧૯૭૬**

## 'સમરાઈચ્ચ કહા'ની ઓળખ (લેખાંક-૧)

### (લે. પૂ. મુનિરાજ શ્રી પૂર્ણચંદ્રવિજયજી મ.)

સંસારના આ સાગરમાં કદીક વાત્સલ્યનો વાયુ વહેતો હોય છે, તો ક્યારેક વેરનાં વેગીલા વાવાઝોડાં પણ ફુંકાતા હોય છે ! વેરનાં પ્રચંડ વાવાઝોડા વચ્ચે, એની સામે મક્કમ મુકાબલો કરી લઈને, કાળજાનાં કોડિયે ઝગમગતી 'ક્ષમા-જ્યોત'નું જે જતન કરી જાણે છે, એ કેવો વિકાસ સાધી શકે છે, અને આ વાવાઝોડાને વશ થઈ જઈને જે પોતાની 'ક્ષમા-જ્યોત'ને બુઝાઈ જવા દે છે. એ વિનાશની કેવી ખતરનાક ખીણમાં ફેંકાઈ જાય છે,-એનું હૂબહૂ ચિત્ર એટલે જ આ સમરાદિત્ય કથા.

૧૪૪૪ ગ્રન્થોના સર્જક યાકિની મહત્તરાસૂનું આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનું જૈન-જગતમા જેવું આરાધ્ય સ્થાન-માન છે, એવું જ સ્થાન માન એઓશ્રીએ રચેલી આ 'સમરાઈચ્ચ મહા કહા'નું પણ છે.

આ મહા કથાના સર્જન પાછળ એક વ્યથા સમાયેલી છે, આ વ્યથાની કથાથી તો લગભગ સહુ સુપરિચિત હશે ! પોતાના પ્રિય-શિષ્યો હંસ-પરમહંસના નાશના દુઃખથી વસુલાત લેવા શ્રી હરિભદ્રસૂરિજીએ જ્યારે સૂરપાલ રાજાની સભાને પડકારી, વાદ-વિવાદ શરૂ થયો, પરાજિત એલાન થયેલા છ છ બૌદ્ધભિખ્ખુઓ શરત મુજબ ઉકળતા તેલ કુંડમાં હોમાઈ ગયા, છતાં ય ધગધગતી રહેલી વેરની એ વેદીએ વધુ બલિદાન માટે રાડ નાખી, ત્યારે એક સંદેશો વાદળ બનીને વરસી ગયો અને વેરની એ વેદી બુઝાઈ ગઈ ! વેરના એ વેરાનમાં વાત્સલ્યની વનરાજી ખીલી નીકળી !

આ સંદેશો એટલે જ સમરાદિત્ય કથા !

વેરના પનારે પડીને અગ્નિશર્માએ નોંતરેલા દુઃખોની દર્દીલી દુનિયા અને વાત્સલ્યની વાટે વાટે આગે બઢીને, ગુણસેન રાજાએ સર કરેલી સુખોની સોહામણી-સૃષ્ટિઓનું સ્મરણ થતાં જ શ્રી હરિભદ્રસૂરિજીનું અંતર પ્રશ્ચાત્તાપની તીવ્ર વ્યથાથી વલોવાઈ ગયું; અને ૧૪૪૪ ગ્રંથ-સર્જનનાં શ્રીગણેશ એઓશ્રીએ આ 'સમરાદિત્ય કથા' થી માડ્યા. પ્રાકૃત ભાષામાં રચાયેલી આ કૃતિ સિરિમઈ-સમરાઈચ્ચ' મહા કહાને વિદ્વાનોએ એક મહા કથા તરીકે બિરદાવી.

આત્માના વિકાસ ક્રમમાં 'વેર-વિસર્જન' નું મહત્ત્વ ખૂબ જ અગત્યનું છે. **ધર્મબીજનાં વાવેતર માટે કાળજાની ધરતી કોમળ હોવી અતિ આવશ્યક છે.** કાળજાને કઠોર બનાવતું તત્ત્વ ક્રોધ છે. ક્રોધના ધોધમાંથી જ વિરોધની વીજળી પેદા થાય છે. વિરોધની આ વીજળીને નાથવામાં ન આવે તો એ જ બોધિબીજને બાળી નાખે

છે અને બોધિબીજ બળી જતાં, પછી વિકાસનું વૃક્ષ ધરાશાયી બની જ જાય એ તો દેખીતી વાત છે ! આમ, ધર્મબીજનો વિનાશ ક્રોધ છે તો ધર્મબીજનો સર્વમુખી વિકાસ ક્ષમાને આભારી છે.

ચાર કષાય-સ્વરૂપ પાપનું પહેલું પગથિયું ક્રોધ છે. તો દસ પ્રકારના સંયમ-ધર્મ સ્વરૂપ પુણ્યનો પ્રારંભ ક્ષમાથી થાય છે.

કષાયો કાબૂમાં રહે, એ માટે આપણી આસપાસ કિલ્લેબંધી ઊભી કરવાના કીમિયા, આપણાં માટે શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. દેવસી, રાઈ, પખ્ખી, ચોમાસા અને સંવચ્છરી-પ્રતિક્રમણ આ પાંચ કિલ્લાઓ વચ્ચે આપણે રહીએ તો ય આપણું સંરક્ષણ થઈ જાય ! વેરના વાવંટોળ વચ્ચે ય માનસિક સમતુલા બરાબર જાળવી રાખે એ વિભૂતિ તો ધન્ય છે. પણ અનાદિની અવળી ચાલે ચાલવા ટેવાયેલા સામાન્ય સંસારી માટે, ક્રોધની ક્ષણોમાં જીભને અને જિગરને સમતોલ રાખવા અઘરાં છે. અશક્ય તો નથી જ ! ક્રોધને જીતવાને બદલે જે ક્રોધથી જીતાઈ જાય, એના માટે આ કિલ્લેબંધીની અનિવાર્ય આવશ્યક્તા છે. બને તો ક્રોધની ક્ષણમાં જ 'મિચ્છામિ દુક્કડં'નું કવચ પહેરી લઈને કિલ્લામાં સુરક્ષિત થઈ જવું જોઈએ. નહિ તો સાંજ-સવારના પ્રતિક્રમણ દ્વારા ક્રોધને કાબૂમાં લેવો જોઈએ. એ ય ન બની શકે તો પછી પાક્ષિક-પ્રતિક્રમણ દ્વારા શુદ્ધ બનવું જોઈએ. પખવાડિએ પણ જે શુદ્ધ ન થયો, એણે ચોમાસી-પ્રતિક્રમણ દ્વારા 'વેર-વિસર્જન' કરી લેવું રહ્યું. આ તકને પણ જે વધાવી ન શકે, એણે સંવચ્છરી પ્રતિક્રમણ દ્વારા તો ક્રોધનો ત્યાગ કરી દેવો જ રહ્યો રે ! છેવટે મૃત્યુ ટાણે તો એણે પોતાના તમામ વેર વિરોધ વિસરી જઈને 'મિત્તી મે સવ્વભૂએસુ'નો કોલ પ્રાણીમાત્રને આપવો જ જોઈએ !

આ શાસ્ત્રીય કિલ્લેબંધીમાં રહીને જે ક્રોધ-જયની તાલીમ લે, એ એક દહાડે અવશ્ય વીર બનીને 'કષાય વિજેતા' બની શકે. ક્રોધ ને જે કાબૂમાં લઈ શકે, એના માટે પછી માનને મારવું, માયાને મહાત કરવી અને લોભને લપડાક મારીને 'કષાય-મુક્તિ' મેળવવી આસાન વાત બની જાય છે.

કહેવું હોય તો કહી શકાય કે 'કષાય-મુક્તિ' એ જૈન દર્શનની તમામ ક્રિયાઓને પ્રક્રિયાઓનું પરમ અને ચરમધ્યેય છે. માટે જ આની આર્ષવાણી છે. **'કષાય મુક્તિ કિલ મુક્તિરેવ'** પર્વાધિરાજશ્રી પર્યુષણનો પ્રભાવ કોઈ પણ જૈનની આગળ કહેવા બેસીએ તો આ આગળ મોસાળની મહત્તા વર્ણવવા જેવું હાસ્યાસ્પદ ગણાય ! આવા, આ પર્વાધિરાજના પાયામાં પણ વેરનું વિસર્જન અને ધર્મસ્નેહ સર્જન આ બે મુખ્ય ઉદ્દેશો ધરબાયા નથી શું ?

વામનમાંથી વિરાટ બનેલી વિરલ-વિભૂતિઓથી ભરી-ભરી ઈતિહાસના ઈમારતમાં પ્રવેશ કરીશું. તો ય એ જણાયા વિના નહિ રહે કે, - વિનાશની અંધાર



ઘેરી ખીણમાંથી વિકાસના પ્રકાશ ભર્યા શિખરે પહોંચવામાં આ વિભૂતિઓને 'ક્રોધ-જયે' કંઈ ઓછી મદદ કરી નથી.

ત્રિલોકગુરુ ભગવાન શ્રી મહાવીરદેવના ચરણે ઝેર ભર્યો ડંખ દેનાર ચંડકૌશિક નાગને, દેવલોકની દુનિયામાં પ્રવેશ કરાવનાર આ ક્રોધ-જય હતો. મહા આર્યા મૃગાવતીજીને 'કેવળજ્ઞાન' અપાવનાર કોણ હતું ? ખૂની દૃઢપ્રહારીને મુનિ જીવનની સફળતા કોણે બક્ષી ? ચામડી ચીરનારા જલ્લાદોને, મિત્રભાવે નિહાળનારી નોખી નજર ખંધકમુનિને કોણે આપી ? કહેવું જ પડશે કે, ક્રોધ-જયે !

ક્રોધ-જયની આવશ્યક્તા અંગે આટલી ભૂમિકા બાંધ્યા પછી હવે આપણે આ મહા કથાના મુખ્ય બે પાત્રો ગુણસેન, અગ્નિશર્માના જીવનમાં ડોકિયું કરીએ,-

**(સમરાદિત્ય ભવ-૩ 'જાલિની-શિખી,'ની પ્રસ્તાવનામાંથી)**

"દિવ્ય-દર્શન"-**"અગ્રલેખ"** વર્ષ-૨૫,અંક-૧૧,તા.૨૦-૧૧-૧૯૭૬

## **'સમરાઈચ્ચ કહા'ની ઓળખ** (લેખાંક-૨)

જાણતાં અજાણતાં વેરનાં વાવેતર થઈ જાય, એક પક્ષ તરફથી મિચ્છામિ દુક્કડં દ્વારા વેરનું વિસર્જન પણ થઈ જાય, છતાં સામો પક્ષ વેર વિસર્જવા તૈયાર ન થાય, તો આ એકપખું વેર પણ ક્ષમાના સાધકની સાધનામાં કેટકેટલા ખતરા ભર્યા ખડકો અને અવરોધો ઊભા કરે છે એ આપણે આ કથામાંથી જોઈ જાણી શકીએ છીએ.

રાજકુમાર-ગુણસેનમાં રહેલી કુતૂહલવૃત્તિ અગ્નિશર્માના પ્રથમ દર્શને નાચી ઊઠી. આ પછી રાજકુમાર રમતે ને રમતે ચઢતો ગયો. એમ અગ્નિશર્માના અંતરમાં વેરનું વવાયેલું બીજ પાંગરતું ગયું. ગુણસેનના દિલમાં શત્રુતા નહોતી, કુતૂહલ હતું, પણ અગ્નિશર્માએ તો ગુણસેનને પોતાનો કટ્ટર શત્રુ માન્યો, ને એક દહાડો દેશત્યાગ કરીને એ ચાલતો થયો. એણે ભગવાં ધર્યાં, ને મહિના મહિનાના ઉપવાસ કરતો મહા તપસ્વી તરીકે એ વિખ્યાત બન્યો.

વર્ષો પછી રાજકુમાર ગુણસેન રાજા બન્યો. એક દહાડો એ બીજા રાજ્યમાં ફરવા નીકળ્યો. અગ્નિ શર્માના તપથી આકર્ષાઈને એ વંદના માટે ગયો. ને ઉપવાસનો મહિનો પૂરો થાય પછીના પારણા માટે આમંત્રણ આપી આવ્યો, પણ અણધાર્યું વિઘ્ન આવતાં પારણું નિષ્ફળ ગયું, ને તપસ્વી અગ્નિશર્મા શાંત ભાવે પાછો ફર્યો. આવું બે વખત બન્યું ત્યાં સુધી તો અગ્નિશર્મા પોતાના ક્ષમા જ્યોતને જાળવી શક્યો. પણ પછીના મહિનાનું પારણું નિષ્ફળ ગયું. ત્યારે તપસ્વીને ગુણસેનનું પેલું

રાજકુમાર જીવન, પોતાના પર વીતેલી એ વ્યથા, આ બધું યાદ આવતાં વેરનું બીજ વડલા તરીકે વિસ્તરી ગયું ને અંતે ક્ષમા-યાચતા ગુણસેનને ખમાવ્યા વિના જ અગ્નિશર્મા વેરની વણઝાર લઈને મૃત્યુ પામ્યો.

એકપખા અવરોધનો અંજામ હવે આરંભાયો. આ પછી વેરના વાવાઝોડા વચ્ચે પોતાની ક્ષમા જ્યોતને જાળવતા, ને એને વધુને વધુ ઝળકાવતા મહામના ગુણસેન સમરાદિત્ય તરીકેનો છેલ્લો જન્મ પામ્યા ત્યાં સુધી મનુષ્ય તરીકેના ભવોમાં અગ્નિશર્મા એમની સામે મોતનો મોરચો માંડીને વેરની વસુલાત લેતો રહ્યો. એકે વેર વાળવામાં કમીના ન રાખી, તો બીજાએ સહિષ્ણુ બની વાત્સલ્ય વરસાવવામાં આગળ પાછળનો વિચાર ન કર્યો. ગુણસેન ક્ષમાના સથવારે સથવારે અનેકવાર સ્વર્ગીય સુખો પામીને અંતે સમરાદિત્ય કેવળી બન્યા; ત્યારે વેરની વસુલાત માટે ધમપછાડા મારતો અગ્નિશર્મા ક્રોધના પનારે પડીને નરકના અગણિત ભયંકર દુઃખો સહતો અનંત સંસારમાં રઝળપાત નક્કી કરી ગયો. ગુણસેનથી માંડીને સમરાદિત્ય તરીકેના સંસાર-ભ્રમણમાં અગ્નિશર્મા એમની સાથે અનેકવાર લોહીના સગપણે પણ જોડાયો, પરંતુ ત્યારે ય એણે તો સંહારની સમશેર જ ઉગામી.

એકપખા વેરના પણ અંજામ તો જુઓ. ગુણસેન અગ્નિશર્મા એ (૨ જા ભવે) સિંહ-આનંદ તરીકે પિતા-પુત્ર થયા, ત્યારે આનંદ પિતૃ હત્યારો બન્યો. (૩ જા ભવે) શિખીકુમાર-જાલિની તરીકે દીકરો-મા બન્યા ત્યારે મા એ પુત્રના પ્રાણ લીધા. (૪ થા ભવે) ધન-ધનશ્રીના રૂપમાં પતિ-પત્ની બન્યા ત્યારે પત્નીએ પતિનું કાસળ કાઢી નાખ્યું. (૫ મા ભવે) જય-વિજય નામે સગા ભાઈ થયા ત્યારે નાના ભાઈએ મોટા ભાઈને મૃત્યુના ખપ્પરમાં હોમી દીધો. રે એકપખા વેર ! તારો અંજામ આટલો બધો દર્દીલો કે લોહીના સંબંધો પણ એ વેરને શાંત ન કરી શક્યા ?

વાત્સલ્યથી વિકાસ અને વેરથી વિનાશ, આ ગણિત આપણને સમરાદિત્ય કથામાંથી સચોટ રીતે મળી રહે છે. આ કથા-પાત્રોની મુલાકાત લેતા આવડતી હશે તો એમનો સાવધાનીભર્યો સંદેશ સાંભલી શકાશે કે

**'ભલા સંસારી ! હસતાં હસતાં પણ કરમ ન બંધાઈ જાય એ માટે જાગૃત રહેજે, નહિ તો રોંતા નવિ છુટે પ્રાણીયા રે.' મજા એ સજા ન બની રહે એ માટે વારંવાર ધરમની ધજા તરફ જોતો રહેજે.** ગાળ જેમ ગાળ આપવાથી વધતી જાય, એમ વેર વેર રાખવાથી વધતું જાય. અમારા જીવનમાં વાત્સલ્યની સામે વેરે, કરુણાની સામે ક્રૂરતાએ ક્ષમાની સામે ખુનસે મચાવેલા ધિંગાણા, ને જગાવેલા સંગ્રામ અને ખેલેલા યુદ્ધ તો જો. એક પક્ષીય વેર પણ શીતલ વાતાવરણમાં આટલી બધી રૂકાવટ કરી શકે. તો પછી સામ-સામા વેરથી સર્જાતા વિનાશની તો



વાત જ શી થાય ? માટે ચેતીને ચાલજે, બુઝીને બોલજે, અને સમજીને સંચરજે. વાત્સલ્યથી વિકાસ છે, તો વેરથી વિનાશ છે. વાત્સલ્યથી નિર્વાણ છે, તો વેરથી નરક છે.

દીન-હીનતા ભરી ભરી આ દુનિયામાં દિવ્યનું દર્શન કરવું હોય તો એકવાર તપોનિધિ પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની વિરાગવાણી સાંભળવી જ રહી, જેઓશ્રી વિરાગ-નીતરતા આ સમરાદિત્ય મહાકથા પરના પ્રવચનકાર છે.

વિરાગને વહાવતી વાણીના ઉદ્‌ગાતા તરીકે પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ જૈન સંઘમાં ખૂબ જ જાણીતા માનીતા છે. સંયમ, સરસ્વતી ને સહનશીલતાની ત્રિવેણીએ ઊભતાં એઓશ્રીના જીવન-કવન અનેકને માટે પ્રેરણાનાં પાથેય પૂરાં પાડે એવા વિશિષ્ટ છે. કથાપાત્રોના માધ્યમે સંસારના હૂબહૂ સ્વરૂપની સચોટ સમજણ આપતા પૂ. આચાર્યદેવશ્રીની ધર્મવાણી કેટલી બધી હૃદયંગમ હોય છે. એની ઝાંખી એના શ્રોતા ઉપરાંત એઓશ્રીના પ્રવચનોને પ્રતિ સપ્તાહે રજુ કરતા ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા-"પ્રકીર્ણ પ્રસાદ"(ભાગ-૭૬)ના વાંચક વર્ગને પણ થઈ શકે. રંગરાગના અંધકારથી ભીષણ ભાસતા ભીતરમાં વિરાગના ચિરાગ પેટાવવી હોય, તો એઓશ્રીની વાણીમાં ઝબુકતી ત્યાગજ્યોતનો એકવાર પણ સ્પર્શ પામવો રહ્યો. પછી ભીષણ ભાસતા ભીતરમાં ભવ્યતાનું ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા-"પ્રકીર્ણ પ્રસાદ"(ભાગ-૭૬) લાધતાં વાર નહિ લાગે.

પૂ. આચાર્ય દેવશ્રીનું જીવન અનેક રીતે અનોખું છે. એક સફળ સાહિત્ય સર્જકના સ્વરૂપમાં એક ઊંડા ઉપદેશક રૂપે, એક અનોખા અપ્રમાદી તરીકે, એક તેજસ્વી તપસ્વી અને એક કુશળ કાર્યયોજક તરીકે પણ એઓશ્રીના પુણ્યદર્શન થાય છે. આધુનિકતાના રંગે નખશિખ રંગાયેલા કેઈ યુવાનો ઉપર વાણીનો આ જાદુ અનોખી અસર નીપજાવે છે, અને એથી જ આજે ય આ વાણી કેઈને ભોગમાંથી ભાગવાની અને મોક્ષના જોગ માટે જાગવાની હાકલ દઈ રહી છે. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભૂવનભાનુસૂરીશ્વરજી મહારાજના પ્રવચનોમાંથી સંકલિત થઈ ચૂકેલા થોકબંધ પ્રકાશનોમાં આ પ્રકાશનનું સ્થાન આગવું છે. સમરાદિત્ય કથા ઉપર અપાયેલાં આધ્યાત્મિક પ્રવચનો પરથી આ પહેલાં 'ગુણસેન-અગ્નિશર્મા,' 'સિંહ અને આનંદ' આ બે ખંડો પ્રકાશિત થઈ ચુક્યા છે. આ ત્રીજા ખંડમાં જાલિની અને શિખીકુમાર તરીકેના ત્રીજા ભવનો કથા પ્રવાહ વહેવો શરૂ થાય છે. આ કથા-પ્રવાહ એવી કુશળતાથી વહાવવામાં આવ્યો છે કે જેમ જેમ આપણે એમાં ડૂબતા જઈએ, એમ એમ વાત્સલ્યથી નિર્વાણ અને વેરથી નરકનો પડઘો આપણા અંતરને ગુંબજે ઘૂમરાતો જાય. એક તો સમરાદિત્ય કથા જ હૈયાંને હલબલાવી મૂકે

એવી છે, એમાં વળી એના પાત્રોનાં મોં માં એક હૃદયસ્પર્શી પ્રવચનકાર શબ્દો મૂકે, પછી એની હૃદય વેધકતાનું તો પૂછવાનું જ શું હોય ?

સમરાદિત્ય કથાને અનુલક્ષીને મુખ્યત્વે અપાયેલાં આ પ્રવચનો ઘણી ઘણી હિતની વાતો તરફ આંગળી-ચીંધણ કરી જાય છે, મુંઝવતા અનેક પ્રશ્નો અંગે સચોટ માર્ગદર્શક રૂપે પણ આ પ્રવચનો ખૂબ જ ઉપયોગી નીવડે એવા છે. આ પ્રવચનોની પ્રેરણા જો ઝીલી લેવામાં આવે, તો ક્રોધને કાબૂમાં લઈ જવાનું કૌવત જરૂર જાગી ઊઠે,

**('જાલિની-શિખીકુમાર'ની પ્રસ્તાવનામાંથી)**

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૨૫,અંક-૧૪,તા.૧૧-૧૨-૧૯૭૬

## એક દીક્ષાર્થી બેનની માતાને પત્ર

(આ અંકમાં સમાચાર વિભાગમાં અમલનેર નગરે આગામી મહા માસમાં દીક્ષાઓનો જે અતિ ભવ્ય સમારોહ ઊજવાવા અંગેના સમાચાર આપેલા છે તે સમારોહનું નિમિત્ત લઈને પૂજ્યશ્રીએ એક દીક્ષાર્થી કુમારિકા બેનની દીક્ષા એમાં જ કરવા માટે એના માતાજીને પ્રેરકપત્ર લખેલ, તે બીજાઓને પણ પ્રેરક બને એટલા માટે અહીં નામઠામ વિના રજૂ કરીએ છીએ.) - તંત્રી

ધર્મ પ્રેમી સુશ્રાવક... તથા ભાગ્યવતી ધર્મનિષ્ઠા શ્રાવિકા... બેન જોગ ધર્મલાભ.

તમે જાણો છો કે તમારી પુત્રીરત્ન... કુમારી વૈરાગ્યવાસિત બનેલી છે. અત્રેથી એને ઘેર જવું પડવાનું હતું તો એ કેટલું રોતી હતી ! ઉપધાન વખતે મને વારંવાર કહેતી કે 'તમે જ મારા આધાર છો તો મારી દીક્ષાનું નક્કી કરી આપો...' અમને તો આશ્ચર્ય એ થાય છે કે 'ઉંમરમાં આવેલી આ તમારી બેબી આજે ચારેકોર દેખાતા યુવતીઓનાં વિલાસ રંગરાગ શું સમજી શકતી નથી ? છતાં એના પ્રત્યે એને ભારે નફરત થઈ વૈરાગ્યમાર્ગે ભાવના વધી અને દૃઢ થતાં ચારિત્ર તરતમાં લેવાનો નિર્ણય કર્યો !

તેથી મારી તમને ખાસ ભલામણ છે કે... ને અહીંના ભવ્ય દીક્ષા પ્રસંગે દીક્ષા અપાવી દો. જે આ દીક્ષા પ્રસંગમાં હાજર રહેલા લાખેક માણસોની અનુમોદના મળે અને નહિ હાજર રહી શકનાર એવા લાખો માણસોની પણ આ તરફ નજર હોઈ દુઆ મળે, તથા મોટા મોટા દીક્ષાર્થીઓ અને અનેકાનેક કુમારિકા દીક્ષાર્થીઓનો દીક્ષા લેતાં અજબગજબ ઉલ્લાસ હોય, તેમ પૂ. મોટા આચાર્ય મહારાજના પ્રમુખ-



પદે બીજા ત્રણ આચાર્ય તથા મુનિશ્રી ચંદ્રશેખર વિજયજી વગેરે લગભગ ૧૦૦ સાધુ, ૧૫૦ સાધ્વીજીઓનું સાંનિધ્ય હોય, એવા ટાણે...ની દીક્ષા થાય, તો એને કેટલો બધો ઊંચો અને અગણ્ય ભાવોલ્લાસ થાય ? જે જિંદગીભર યાદ રહેતા ચારિત્રમાં અનેરા ભાવોલ્લાસ જગાડ્યા જ કરે, જગાડ્યા જ કરે. બાર મહિનાના વિલંબે દીક્ષા કરવા જાઓ, તો આમાંનું કેટલું મળે ?

માટે...! કલ્યાણમાતા બની બીજો કશો વિલંબનો વિચાર કરશો નહિ. તમારો સ્વાર્થ પણ મનમાં રાખશો નહિ કે '...પરણે તો મારે જમાઈ અને દોહિત્રા-દોહિત્રી જોવા મળે, કોક દિ મારા ઘરે આવી કામ લાગે'...આવા તુચ્છ અને સ્વ-પર દુર્ગતિદાયી કોડ સેવશો નહિ. તમે તો **મહાવીર ભગવાનની શ્રાવિકા; એ કાંઈ લોકવણ બાઈ જેવા કોડ ન કરે.** ને પોતાના જ સંતાનને સંસાર અને દુર્ગતિઓને હવાલે કરવાના કામ ન કરે. તમે તમારી બેબીના પ્રેમી છો ને ? તો બોલો, પ્રેમપાત્ર પાસે જે એવા કામ કરાવે કે એમાં વિષય-વિલાસ અને કષાયો ફાલી ફૂલી દુર્ગતિઓની પરંપરા જ સર્જાય **એમાં પ્રેમપાત્રને ફસાવનારે પ્રેમીનું કામ કર્યું ? કે ભયંકર દુશ્મનનું ?** દુશ્મન દેવે યુગલિયાને અહીં લાવી રાજા-રાણી બનાવેલા, અને વિષયમસ્ત કરેલા. જેથી એ મરીને નરકે ગયા. તો દેવતાએ પ્રેમીનું કામ કર્યું ? કે ભયંકર શત્રુનું ? તમારે શાનું કામ કરવું છે ?

એટલું વિચારજો કે સંતાનને પરણાવવું એટલે શેની સગવડ કરી આપવાની ? જે એકવારના સંયોગમાં ૨ થી ૯ લાખ ગર્ભજ મનુષ્યોની કત્લ થાય છે. એવા હજારો સંયોગોની જ સગવડને ? સિવાય, રોજના જીવનના અસંખ્ય અનંત સ્થાવર કાયના તથા અજાણ્યે અગણિત ત્રસજીવોના સંહારમય આરંભ-સમારંભોની જ સગવડ ને ! ૧૮ પાપસ્થાનકો અને આર્ત-રૌદ્ર ધ્યાનમાં ડૂબાડૂબ રાખનાર પાંચે ઇન્દ્રિયોનાં વિષયોના વિલાસની જ સગવડ ને ? ભગવાનની બાળિકાને તમારે આવી સગવડ કરી આપવી છે ?

ભૂલશો નહિ, આપણા પર ભગવાનનો ઉપકાર કેટલો બધો ? પહેલો ઉપકાર તો આપણને મનુષ્યભવમાં લઈ આવવાનો; સાથે બીજો ઉપકાર મોટો એ કે આપણે ગર્ભમાં આવતાં આપણી સાથે ૨ થી ૯ લાખ ગર્ભજ મનુષ્ય જીવો આવેલા, એમાંથી માત્ર આપણે એક જ ગર્ભમાં ટકી ગયા ને બાકીના ૨ થી ૯ લાખની હત્યા થઈ, આ ૨ થી ૯ લાખમાંથી એક જ આપણો બચાવ શી રીતે થયો ? મા-બાપની કે આપણી હોશિયારીથી નહીં, પણ ભગવાનના જ પ્રતાપે થયો. ભગવાનના એવા મહા ઉપકારને ઝીલનાર તમારે ભગવાનના એવા જ મહા ઉપકારને ઝીલી જન્મેલી બેબીને ભગવાનના માર્ગે લઈ જનારા બનવાનું ? કે સંસાર કત્લખાનાના માર્ગે લઈ જનારા ?

સારાંશ, વિવેકવંતા... બેન ! સંસારના દલાલ ન બનતા તમે શાસનના દલાલ બનો, અને ...બેનની મહા સુદ ૧૩ ના દીક્ષાનું નક્કી કરી એને અને અમને તથા જગતના અનંતાનંત જીવોને આનંદિત કરશો. એ જ તમારી પાસેથી મહાન આશા છે.

સાધ્વીજી સાથે તે રહેલી પણ છે. સાધ્વીજી બહુ ગુણિયલ અને શાંત સ્વભાવી છે. તેથી જ એમની પાસે બીજી અનેક કુમારિકાઓ મહા સુદ ૧૩ ના દીક્ષા લેવા તલપાપડ બનેલી છે.

એ જ, ક્રોડો ખરચતા પણ આવો પ્રસંગ ન બનાવી શકાય; અને પૂર્વે પણ અબજોપતિ થાવચ્ચાપુત્ર, કાર્તિક શેઠ વગેરે જેવાની અતિભવ્ય તત્કાલ દીક્ષાનો પ્રસંગ ઉપસ્થિત થતાં **એ મોકો સાધી લેવા** માટે જ હજાર-હજાર જણ તત્કાલ દીક્ષા માટે ઊભા થઈ ગયેલા. તેથી... ! તમારે આ મોકો સાધી લેવા જેવો છે. અને ખાસ કરીને... ને તો સધાવી લેવડાવા જેવો છે.

સુજ્ઞને બહુ શું લખવું ?

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૨૫,અંક-૧૮,તા.૮-૧-૧૯૭૭

## વૈરાગી પુત્રનો મોહ ત્યજવા પ્રેરણા પત્ર

(તંત્રી નોંધ : હમણાં દીક્ષાનો વાયરો વાયો છે. અમલનેરમાં મહારાષ્ટ્રના ત્રણ માંધાતાઓ સહિત ૨૧ દીક્ષાઓ નોંધાઈ ગઈ છે. સુરેન્દ્રનગર અને વઢવાણમાં બારેક દીક્ષાઓ અને ઝીંઝુવાડા-ખંભાતમાં દસેક દીક્ષાઓ થવાની જાણવા મળે છે. મુંબઈમાં આ બધા દીક્ષાઓનો અભૂતપૂર્વ ભવ્ય વરસીદાન વરઘોડો અને સન્માન-પહેરામણીનો તા. ૯ જાન્યુ.ના એક જ દિવસનો સમારોહ ઉદાર ખર્ચથી થવાનું નક્કી થયું છે. આવા અવસરે પુત્રાદિની દીક્ષામાં આનાકાની કરનાર પિતા આદિને પ્રેરણા માટે પૂજ્યશ્રીનો એક પત્ર અહીં રજૂ કરીએ છીએ.)

'તમારા પત્રથી એટલું તો જાણવા મળ્યું કે તમો વહેલા નહિ તો મોડા પણ તમારા પુત્રને દીક્ષા અપાવવા ખુશી છો. એ જાણીને ઘણો આનંદ થયો. આ અંગે બે પ્રશ્ન વિચારણીય છે,-

(૧) જો પુત્રની દીક્ષાની ભાવના અત્યારે હોવાનું તમને લાગતું હોય, તો પછી તમારા લંબાવવાથી આગળ એ ભાવના ટકશે કે કેમ, એનો શો ભરોસો છે ? અને જો ભવિષ્યમાં એની ભાવના મંદ પડેલી દેખાશે, તો ચારિત્રના પ્રેમી એવા તમારા દિલને પારા-પારાવાર દુઃખ થશે કે 'હાય ! મેં ક્યાં અંતરાય કર્યો ?'



(૨) ચારિત્ર જ્યારે સારું છે માટે જ આવા ઉત્તમ ભવમાં લેવું જ જોઈએ અને લેવરાવવું જ જોઈએ, તો પછી સારી ચીજ મોડી લેવા કરતાં વહેલી જ કેમ ન લેવી, કે ન લેવરાવવી ? દુન્યવી દૃષ્ટિએ કોઈને ૧૦ લાખ રૂપિયાનો દલ્લો કે એવો વેપાર કોઈના તરફથી મળતો હોય, તો એ શું એમ કહે કે 'ના, હમણાં નહિ ૨ વર્ષ પછી ?...' અથવા પોતાના પુત્રને મળતો હોય તો શું એમ કહે કે 'ના હમણાં એ નહિ લેવાનો ?'

(૩) ખરી વાત એ છે કે તમે એને ૧-૨ વર્ષ ઘરમાં રાખીને જોઈ જોઈને ખુશી થશે એમાં તમને કેવલ રાગ મોહનીયકર્મ અને બીજા અશુભ કર્મના બંધ જ થવાના. જ્યારે, **એને સાધુ અવસ્થામાં એ જ ૧-૨ વર્ષમાં જોઈજોઈ કે યાદ કરી કરી એના ચારિત્ર પ્રત્યે રાજી થશો એમાં તમારે સમ્યક્ત્વ નિર્મળ થતું જવાનું. નીતરતા શુદ્ધ પુણ્યાનુબંધી પુણ્યની કમાણી થવાની; અને ચારિત્ર મોહનીય ક્ષીણ થતું ચાલવાનું.**

(૪) આ મહાન લાભ તરફ દૃષ્ટિ રાખશો તો તમને એમજ થશે કે જ્યારે દીક્ષા અપાવવી જ છે તો આવા મહાન લાભને શા માટે જતો કરાય ? એમાં વળી મહા સુદ ૧૩ અમલનેરના અતિભવ્ય સમૂહ દીક્ષા પ્રસંગ જેવો ફરીથી વર્ષોમાં ય ક્યાં આવવાનો ? માટે દીક્ષા હમણાં જ અપાવી દેવી જોઈએ, એમ તમને જરૂર લાગશે.

(૫) ત્યારે જેને ઊંડે ઊંડે એમ જ વિચાર હોય કે 'દીક્ષા શું ? દીક્ષા નથી જ અપાવવી.' તો તો એને પોતાના આત્મામાં જૈનપણું જ છે કે કેમ એનો ક્યાસ કાઢવો પડશે. એનું કારણ એ છે કે 'જૈન' એટલે જિનને તરણતારણ માનનારો, જિનનો અનુયાયી. જે જિનેશ્વર ભગવાન એટલે પાપસંસાર છોડી દીક્ષા લઈ વીતરાગ બનેલા, અને જે જગતને એ જ કરવાનું શીખવનારા, એમનો અનુયાયી એથી વિરુદ્ધ માને ખરો ? માને તો એમનો અનુયાયી જૈન કહેવાય ?

શ્રેણિક રાજા પુત્ર અભયકુમારને રાજ્ય સંભાળી લેવાનું કહે છે, ત્યારે અભયકુમાર એ અંગે ભગવાન શ્રી મહાવીર પરમાત્માને પૂછી આવી પિતા શ્રેણિકને કહે છે,-'ભગવાનનો ભક્ત હું, અને ભગવાનના ભક્ત એવા તમારો પુત્ર હું રાજ્ય લઈને નરકે જાઉં એ તમને પસંદ છે ? જો ના, તો મારે હવે ચારિત્રમાર્ગ લેવો છે.' શ્રેણિકે તરત સંમતિ આપી દીક્ષાનો વરઘોડો કાઢ્યો; પણ એમ ન કહ્યું કે 'દીક્ષા શી ? મારું ઘડપણ નથી જોતો ?' એમે ય ન કહ્યું કે 'ના, હમણાં નહિ, બે વર્ષ પછી.' જોજો, શ્રેણિકને કટોકટી છે, પોતાની ઉંમર થઈ ગઈ છે, બીજા સમર્થ પુત્રો મેઘકુમાર નંદીષેણ વગેરેએ દીક્ષા લઈ લીધેલ છે. કાલ-મહાકાલ વગેરે કોણિકમાં દબાઈ જાય એવા છે, હલ્લ-વિહલ્લ વગેરે એવા સમર્થ નથી, ત્યારે

કોણિક એકમાત્ર સમર્થ છે છતાં અયોગ્ય છે, ગર્ભથી બાપ રાજાનો વૈરી છે. એટલે સંભાળે તો એકમાત્ર અભય છે. આવી કટોકટીમાં શ્રેણિક રાજા હજી તો અભયને રાજ્ય સોંપવાની વાત નીકળી. એમાં અભય ચારિત્ર માર્ગે છે, તો તરત એને રજા આપી દે છે. માટે જૈન મા-બાપ-વડીલોની આ ઉત્તમતા સમજી તમારે પણ પુત્રને એની ભાવના હોય તો સંમતિ આપી દેવા જેવી છે.

(૬) છેલ્લે એટલું ધ્યાનમાં રહે કે પૂર્વ જનમમાં પ્રિયનો ત્યાગ અને પાપનો ત્યાગ કરેલો તેથી તો આ જૈન ધર્મ સાથેનો આર્ય મનુષ્યભવ મળ્યો, તો હવે આવો ઉચ્ચભવ જેટલો પ્રિયના રાગ અને પાપના રાગમાં જશે એટલો આગમાં નાખેલા ઘીની જેમ મનુષ્યભવ વેડફાઈ જશે. માટે પાપના ત્યાગથી મેળવેલી ચીજને રાગમાં નહિ પણ ત્યાગમાં વાપરી દેવી જોઈએ; પ્રિયના ત્યાગથી મેળવેલા પ્રિયને ત્યાગમાં ચડાવી દેવો જોઈએ.

પત્રનો એકેક બોલ બહુ બહુ વિચારજો.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૬,અંક-૧/૨,તા.૧૦-૯-૧૯૭૭

## પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પત્ર પ્રસાદી - પિંડવાડા

તા. ૧૯-૯-૬૪

...તું જાતે તારામાં બિન લાયકાત નિર્ગુણિતા માને એ યોગ્ય જ છે. એ પણ એક પ્રકારની યોગ્યતા-લાયકાત જ છે.

**થોડલો પણ ગુણ પર તણો, દેખીને હર્ષ મન આણ રે;**
**દોષ લવલેશ નિજ દેખતાં, નિરગુણ નિજાતમા જાણ રે.**

**-'ચેતન જ્ઞાન અજવાળીએ'**

બાકી દાન, ભક્તિ પાછળ તેં લખેલી ભાવના કે ઋણાનુબંધરૂપે પરાવર્તન છે, એ અરિહંતની ઠીક જ ઓળખાણ છે અને શાસનને સર્વેસર્વા Total Surrender થવા પર નવાઈ થવાનું લખ્યું તે દિવસ હવે જલદી દેખવાનું આવે એવું ભાવનાબળ વધારજે. અંતરાયને દોષ દઈશ ના, બળથી અંતરાય ખરેખર હશે તોય તેનો ક્ષયોપશમ જ થશે.

તું હતાશ નથી એ જાણ્યું, પણ એ લોકો તારા જેવા ચોક્કસ થવાનું સમજતા નથી. અલબત્ત 'દિવ્ય દર્શન' વાંચીને તથા શિબિર-ભણતર મેળવ્યા પછી ચોક્કસ થવું પડે, પણ થતા નથી. 'મારા શ્રમમાં વધારો કરે છે,' એવું તને જો



લાગે છે તો મારું તને એ કહેવું છે કે why should you be dependant on them ?

જવાબદારી ઉપાડવાનું શું આપણે જ કરીએ એ જરૂરી નથી ? અને તારી પાછળ તો પછી એ અને બીજા, મધપુડા તરફ ભ્રમરની જેમ, ખેંચાયા-દોડતા આવવાના, એ અટલ વિશ્વાસ રાખજે.

માત્ર, તારી ત્યાંની પરતંત્રતાનું પરવશતાનું લખ્યું છે એ સવાલ 'Solve' થવો જોઈએ. મને લાગે છે કે એમાં Main instrument is your mind. of Course as regards your father's Consent I am ready to try my best for it.

એવો મધુર છતાં હૃદયવેધી ઉપદેશ-પત્ર તારા પિતાજી ઉપર હું લખું કે એમના કોઈ નવીન ભવ્ય પ્રેરણા મળે. એમના પોતાના જ દિલને જબરદસ્ત ઊર્મિ ઊઠે કે સ્વયં ખુશી થઈને તને ઉચ્ચ માર્ગે ચડાવવા ઉત્સાહિત થાય. માત્ર તારી સંમતિ જ શું, દિલની ભારે ધગશ જોઈએ કે આવો કાગળ લખાય.

એમને પત્રથી કોઈ બીજો ભાવ જાગે કે મન બગાડે એવી તું લેશ પણ શંકા-સંદેહ કરીશ નહિ. પત્ર ઢંગસર લખાશે. એમની ઇચ્છા ન હોય અને તું જ એમના પર પત્ર લખી તારા દિલની ધગશ વ્યક્ત કરે તો પણ ચાલે, પરંતુ કશું કરવાનું જરૂરી છે. તાબડતોબ જરૂરી છે.

આજે આ તને લખું છે તે તને પાછા વાળેલા તારા પૂર્વ પત્રમાં તેં વ્યક્ત કરેલી વ્યથા પર હલી ઊઠેલા મારા કોમળ હૃદયતારને લીધે લખું છું. ખરેખર ! એ પત્રે તો એક સ્વચ્છ દર્પણનું કામ કરી તારા હૃદયનું નગ્ન ચિત્ર આપ્યું છે ! એમાંથી મારો ઉત્સાહ અમાપ વધી ગયો છે. તારા-મારા આદર્શ અને તારી-મારી રીતરસમ વગેરેની મહાન સમાનતા એમ સૂચવી રહી છે કે તારા સહકારથી ગજબ સર્જન -ઉત્પાદન - આવિષ્કરણ થવાનાં. અને તે આજનો વિષમ કાળ ખૂબ જ માંગી રહ્યો છે. આપણાં પર અનંત ઉપકાર કરનારું શાસન આપણને શાસને આપેલી પુણ્યાઈ દ્વારા આપણી પાસેથી તનતોડ, મનમોડ, સર્વે-સર્વા સમર્પણ સાથે સેવા આપવાનું અપેક્ષી રહ્યું છે.

એક પ્રશ્ન કદાચ કડવો પણ તને પૂછું કે તું ત્યાં પૂરો પરતંત્ર હોવાનું લખી રહ્યો છે કિન્તુ તું ને હું શાસનને સર્વાધિક પરતંત્ર છીએ કે નહિ ? પૂરા બંધાયેલા છીએ કે નહિ ? ભૂલતો નહિ અહીંના પરતંત્રકારી તત્ત્વો તો આગંતુક અને માત્ર આ ભવ પૂરતા છે જ્યારે શાસનસંબંધ કોણ જાણે કેટલાય ભવોનો અને આગળના ઠેઠ મોક્ષપ્રાપ્તિ સુધીના ભવો સાથેનો સંબંધ છે. આવા ભવોભવ સંબંધવાળા શાસનની જ મુખ્ય પરાધીનતા જોઈએ કે માત્ર આ ભવ મર્યાદિત વિષયની પરાધનીતા ?

કાળ ઓળખજે. વર્તમાન આંધિ પિછાણજે. શિબિર-ઉહાપોહ પાછળ તો હવે તરત જ શિક્ષણપત્રિકા શરૂ થઈ જવી જોઈએ જેથી ટીકાકારોના હૈયા શાંત થઈ જાય, પ્રશંસકોનો ઉત્સાહ ગજબ વધી જાય અને નવી પ્રજા તથા પીઢ પણ જિજ્ઞાસુઓમાં તત્ત્વપ્રકાશ રેલાવો શરૂ થઈ જાય.

શું આ હેતુઓના સાધકકાર્યમાં વિલંબ લેશ પણ તને યોગ્ય લાગે છે ? તું કહીશ કે "ત્યારે ઝટ શરૂ કરી દો, હું તો ઇચ્છું જ છું." પરંતુ મારા દિલની મૂંઝવણ તને લખું તો જણાવવા દે કે સબળ Vigorous enthuriastic સહકાર વિના મન ભય અનુભવે છે, ન પહોંચી શકવાનો ભય ઉત્સાહને શી રીતે સફળ થવા દે ?

બસ, આજ વાત છે. શાસનને વર્તમાનકાળે રક્ષા-પ્રભાવનાની અગત્યની આવશ્યકતા છે. એની યત્કિંચિત્ પણ પૂર્તિ કરવામાં વિલંબ યોગ્ય નથી. આપણાં તન-મન-પ્રાણ શાસનને જ અર્પિત હો. શાસનનાં જ કામમાં શીઘ્ર સર્વાંશે લાગી જાઓ. આ ધગશ કેળવવાની જરૂર છે...

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૬,અંક-૮,તા.૨૨-૧૦-૧૯૭૭

## સાધારણ ખાતાની આવક માટે અનુકરણીય

**મુંબઈ :** અત્રે ચોપાટી શ્રી જૈન સંઘમાં સાધારણ ખાતાના ખર્ચ માટે સ્વપ્નાની આવક પર સરચાર્જ કેમ ન નાખવો ? વગેરે વિચાર રજુ થતા હતા. ચોપાટી જૈન સંઘના ટ્રસ્ટી શ્રી સુધારકભાઈ દલાલે અન્ય ટ્રસ્ટીઓને કહ્યું, 'તમારે આ ચિંતા શા સારુ કરવી ? તમારે સ્થિર આવક અને તે યોગ્ય માર્ગે થતી હોય પછી ચિંતા જ નહિ.' એમણે ૩૬૫ દિવસની તિથિઓ જ સારી રકમની ૧-૧ તિથિ ય નોંધવાની યોજના ઘડી કાઢી, પછી પોતે અને અન્ય ટ્રસ્ટીઓની ધર્મનિષ્ઠા ખંત અને ચિવટથી પર્યુષણમાં જ આ ભગીરથ કાર્ય ઉપાડ્યું. સંઘમાં એમની લાક્ષણિક પ્રેરક વક્તૃત્વથી જોમ આવી ગયું. એમના પરની શ્રદ્ધાથી કેટલાકોએ તો એમ જ ઓફર કરી દીધી. ૨૮૪ દિવસ જોતજોતામાં નોંધાઈ ગયા. બાકીની તિથિઓની ચિંતા હતી ત્યાં એક ઉદાર ભાઈને પૂછતાં એ કહે, 'લો, આ બાકીના દિવસોના રૂપિયા લઈ જાઓ, પણ મારું નામ લખતા નહિ.' ત્યારે સુધાકરભાઈ કહે, 'હજી પર્યુષણ સમાપ્તિને એક દિન બાકી છે, મને પ્રયાસ કરવા દો, એમાં નોંધાશે તેટલા દિવસ તમારા ઓછામાં ઓછા નોંધીશ.' પુણ્યશાળી એવા કે એમના એ પ્રયત્નમાં ૮૧ને બદલે ૯૦ દિવસ નોંધાઈ ગયા. આમ, **'આ સાધારણ ખાતાના ખર્ચ અંગેનો લાભ તમને યાવચ્ચંદ્ર દિવાકરો મળ્યા કરશે; કેમકે આ ફંડ વ્યાજે મુકાઈ જશે ને કાયમ માટે**



**વરસોવરસ એનું વ્યાજ વપરાયા કરશે'** આવી સંઘને પ્રેરણા પર માતબર રકમ એકત્રિત કરવાનું ભગીરથ કાર્ય યશસ્વી નીવડ્યું. આ પૂર્વે આ દેરાસર-વિકાસનું કાયમી ફંડ તથા આ દેરાસરના જિર્ણોદ્ધારનું કાયમી ફંડ સારી રકમનું એમના પ્રયત્ન અને અન્ય ટ્રસ્ટીઓના સહકારથી થઈ ગયેલું છે. આવા સન્નિષ્ઠ અને સંઘવિશ્વાસના અનન્ય પાત્રભૂત સુધાકરભાઈને ખૂબ-ખૂબ અભિનંદન.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૬,અંક-૧૮,તા.૩૧-૧૨-૧૯૭૭

## વડોદરામાં જૈનધર્મનો જયજયકાર

પરમ શાસનપ્રભાવક પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સુરતથી સિદ્ધાચલ યાત્રાસંઘ સાથે પધારતા હોવાથી પ્રસિદ્ધ 'લોકસત્તા' દૈનિકમાં નીચે મુજબ અહેવાલ પ્રકાશિત કરવામાં આવેલ.

પરમ ગુરુદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ એટલે જિનશાસનના મહાન જ્યોતિર્ધર મહાપુરુષ, નિઃસ્પૃહતા, નિરભિમાનતા અને નિરતિચાર ચારિત્ર્યની સુવાસથી મઘમઘતુ જીવન, જૈનદર્શનની કર્મફિલોસોફીના પ્રકાંડ વિદ્વાન ! જૈન આગમોના તલસ્પર્શી અભ્યાસી ! વાત્સલ્ય અને કરુણાની પુનિત ગંગા ! ત્રણસોથી પણ વધુ સાધુઓને સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્રથી સુશિક્ષિત કરી જૈનશાસનને ભેટ ધરી જનારા આ પરમ પ્રશાન્ત ગુરુદેવશ્રીના ચરણે કોટિ કોટિ વંદન.

### હજારો હૈયામાં ત્યાગ-વૈરાગ્યની જ્યોત પેટાવનારી વિરલ વિભૂતિ પૂજ્ય આચાર્ય શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી

લગભગ ૧૦૦ સાધુ-સાધ્વીના પરિવાર સાથે અને ૪૦૦ શ્રાવક-શ્રાવિકાના સમૂહ સાથે સૂરતથી પ્રયાણ કરી શત્રુંજય ગિરિરાજની યાત્રાએ જતા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી આજે ગુજરાતના સોહામણા શહેર વડોદરામાં પધારે છે, ત્યારે તેઓશ્રીના આંતરબાહ્ય વ્યક્તિત્વનો પરિચય સૌને રસપ્રદ અને પ્રેરણાદાયી બનશે.

સિદ્ધાન્તમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના આ પટ્ટાલંકાર આચાર્યશ્રી ભારતના વિશાળ જૈનસમાજમાં 'વ્યાખ્યાન વાચસ્પતિ' તરીકે સુપ્રસિદ્ધ છે.

રાગ-દ્વેષ અને મોહના જંગલી પશુઓને માનવહૃદયમાંથી ભગાડનારી સિંહગર્જના જેવી તેમની ધર્મદેશના છે. પરમાત્મા તીર્થંકરદેવોના ઉપદેશને જ્યારે તેઓ પોતાની જોશીલી જબાનથી વાચા આપે છે ત્યારે હજારો શ્રોતાઓ મંત્રમુગ્ધ

બની જાય છે. આજે ૮૨ વર્ષની ઉંમરે પણ તેઓની ઉપદેશધારા ગંગાના નીરની જેમ વહી રહી છે.

- તેઓના ધર્મોપદશ સાંભળીને હજારો સ્ત્રી-પુરુષોએ વૈરાગી બની, સંસારનો ત્યાગ કરી સંયમજીવન સ્વીકાર્યા છે.
- તેઓ જેમ જૈનધર્મના આગમોના અચ્છા અભ્યાસી છે તેમ ભારતીય ષડ્દર્શનના પણ પ્રખર વિદ્વાન છે.
- તેઓના પ્રવચનો વર્ષો સુધી "જૈન પ્રવચન" સાપ્તાહિક પત્રમાં અમદાવાદથી પ્રકાશિત થતાં હતાં, છેલ્લાં બે વર્ષથી 'જિનવાણી' પાક્ષિકમાં વઢવાણ સીટીથી પ્રકાશિત થાય છે.
- તેઓશ્રી વર્તમાનમાં લગભગ ૪૦૦ સાધુઓના અધિનાયક છે.
- તેઓશ્રીની નિશ્રામાં ઉપધાનતપ, અંજનશલાકાપ્રતિષ્ઠા, સંઘયાત્રાઓ, ઉદ્યાપન, પ્રભુભક્તિના મહોત્સવો વગેરે સેંકડોની સંખ્યામાં યોજાયા છે.
- તેઓશ્રીએ ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાલ, બિહાર, રાજસ્થાન, આદિ પ્રદેશોમાં પાદવિહાર કરીને લાખો મનુષ્યોના જીવન નિર્વ્યસની બનાવ્યા છે. અભક્ષ્યભોજન છોડાવ્યાં છે.
- શાસનની રક્ષા માટે સદૈવ ઝઝુમતા આ મહાપુરુષે ઘણા પ્રસંગોએ અનેક કષ્ટો હસતા મુખે સહન કર્યા છે. લોકોની અપ્રીતિ પણ વહોરી છે. તેઓની નિર્ભયતા અને નિઃસ્પૃહતા ખરેખર અદ્‌ભુત છે.
- "સંસાર ભૂંડો અને મોક્ષ રૂડો;" આ તેઓના ઉપદેશનું કેન્દ્રબિન્દુ હોય છે. વર્ષો સુધી આ કેન્દ્રબિન્દુની આસપાસ તેઓના પ્રવચનો થતાં રહ્યાં છે...છતાં શ્રોતાઓને તે પ્રવચનોમાં રોજ નવીનતા લાગે છે.
- તેઓશ્રીની પ્રેરણાથી પાલિતાણા પાસે હસ્તગિરિ ઉપર એક બેનમૂન ભવ્ય જિનપ્રાસાદનું નિર્માણ ચાલી રહ્યું છે...જે જિનપ્રાસાદ ભારતનો એક અદ્‌ભુત શણગાર બનશે.

સંસારના વાસ્તવિક સ્વરૂપને સમજેલા આ મહાપુરુષે પોતાના હૃદયને સાચેજ નિર્લેપ અને અનાસક્ત બનાવ્યું છે. આવા મહાપુરુષના ચરણે ભાવપૂર્ણ હૃદયથી આપણે કોટિ કોટિ વંદના કરીએ. **–પૂ.મુ.શ્રી ભદ્રગુપ્તવિજયજી મ.**

દૈનિકમાં આ પ્રમાણેના પ્રકાશન ઉપરાંત ઉક્ત મુનિરાજનું શ્રી સિદ્ધાચલજી ને એની યાત્રાના મહિમા તથા વિધિનું સુંદર લખાણ, તેમા વડોદરા જનતા તરફનું પ્રસ્તુત યાત્રા સંઘમાના ૧૦૦ પૂ.સાધુ-સાધ્વીજી મહારાજ અને ૪૦૦ યાત્રિકોનું હાર્દિક સ્વાગત પ્રગટ કરવામાં આવેલ. આ ઉપરાંત વડોદરા મુખ્ય મેયરશ્રી તથા



અગ્રણી સંસ્થાઓ વ્યક્તિઓ આદિ નાગરિકજનો તરફથી પૂ.આચાર્યદેવશ્રી આદિ યાત્રિક-સંઘનું સ્વાગત નિર્દેશની પત્રિકા પ્રચારવામાં આવેલ.

માગસર સુદ ૭ મકરપુરાથી શાનદાર સામૈયું ચડેલ એમાં શ્રી મેયર વગેરે સંભાવિત ગૃહસ્થોની હાજરી નોંધપાત્ર હતી. નગરને ધજાપતાકા-તોરણો વગેરેથી ખૂબ શણગારી દેવામાં આવેલ. સ્વાગત-વરઘોડાની શોભા અનેરી હતી. ગહુંલીઓની ધૂમ હાર ચાલેલી. અંતે પૂ. આચાર્યદેવશ્રીના મંગળ પ્રવચને જૈન-જૈનેતરની મહામેદનીનાં હૈયાં સંસારસુખો પ્રત્યે વૈરાગ્યભીનાં કરી ધર્મરંગે રંગી દીધાં.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૭,અંક-૧,તા.૨-૯-૧૯૭૮

## ● નિરપેક્ષતાની મોજ - બોધકથા

એક પરદેશી અબજોપતિનો પ્રસંગ છે. અબજોપતિ છતાં તૃપ્તિ નહોતી. જેટલી જગતની અપેક્ષા છે તેટલો આત્મા વધુ રિબાય તેમ અબજપતિ રિબાતો. તૃષ્ણાની આગમાં શેકાતો ધનની ભૂખનો ભારે ભૂખ્યો. સતત એ જ ધ્યાન. એકવાર એનો માલ જહાજમાં વિદેશ રવાના થયો. કેટલાક દિવસ વીતી ગયેલા. કોઈ સમાચાર જહાજ પહોંચવાના આવ્યા નહિ.

અબજપતિએ મેનેજરને બોલાવી પૂછ્યું...મિસ્ટર ! માલનો વીમો ઉતરાવ્યો હતો કે નહિ ? "ના શેઠ" મેનેજર તરફથી જવાબ મળ્યો.

"જાઓ વીમો ઉતરાવી લો ! વિલંબ કરશો નહિ."

વીમો ઉતરાવી દીધો. પ્રીમયમ ભરાઈ ગયાના સમાચાર આવીને મેનેજરે આપ્યા, માલિક મલકાયા.

ત્યાં જ ફોનની ઘંટડી રણકી. તમારાં જહાજ સહીસલામત સ્થળે પહોંચી ગયા. માલ ઉતરી ગયો છે.

અબજપતિને શોક થયો. અરેરેરે ! આ હમણાં જ નકામો વીમો ઉતરાવ્યો. મનમાં બળતરા ચાલી પ્રીમિયમના પૈસાની. પહેલાં વીમો નહિ ઉતારવાનું દુઃખ, હવે પ્રીમિયમના પૈસા પાયમાલ થયાનું દુઃખ. સંસાર એટલે જ મળેલું ન ચાલી જાય તેની ચિંતા અને જગતનું બધું મને મળી જાય એની ખેવના. માનવ જીવન આવી તૃષ્ણાઓ અને ચિંતાઓથી મુક્ત થવા અને નિરપેક્ષતા કેળવવા માટે છે.

## ● સ્વાર્થમાં સાંકડા, પરમાર્થમાં પહોળા

મુંબઈમાં એક જૈન ધણી-ધણિયાણી વસતાં. દુષ્કાળના સમયે મુંબઈના યુવાનો

પશુઓને ઉગારી લાવે અર્થે જીવદયા આદિની ટીપ ઉઘરાવવા નીકળી પડ્યા. કોઈના કહેવાથી પહેલાં જ સારી રકમ લખાય તેથી આમના પગથીયે ચઢે છે, ત્યાં ઘરમાંથી અવાજ આવતો સંભળાય છે. ડોસો ડોસીને ઠપકો આપતો સંભળાય છે.

"પંદર દિવસ દિવાસળીનું બાકસ ચાલતું હતું તે કેમ દસ દિવસમાં પૂરું થઈ ગયું ?" 'આ તો ચોમાસામાં દિવાસળી હવાઈ ગયેલી હોય છે તે કેટલીક નકામી જાય છે' ડોસી ઠંડા કલેજે જવાબ આપે છે. દાદરનાં પગથિયા ચડતાં જુવાનિયા ઢીલા પડી જાય છે "આને ત્યાં મોટી રકમ લેવા જવાનું છે ? હેઠા ઊતરો ભાઈ" પણ બીજો સાથીદાર કહે છેઃ "ચિંતા ન કરો. ચાલો બધું સારું થશે."

ઓરડામાં પેઠા કે તરત બાજી સંકેલાઈ ગઈ. બુઢ્ઢો તરત જ ઊભો થયો એણે આવકાર આપ્યો. "આવો પધારો" આસન ઉપર બેસાડ્યા. ડોસાએ પાડોસીના છોકરાને હાક મારી. એક હાકે જ છોકરો આવીને ઊભો. વિચારો કે પાડોશીને કેવી રીતે આ બુઢ્ઢો સાચવતો હશે ? છે તમારે આવા પાડોશી ?

'જા ચા બનાવી લાવ' ડોસાએ કહ્યું

જુવાનિયા કહે છે 'કાકા રહેવા દો, ચા નથી પીવી.'

ડોસો કહે "અલ્યા છોકરા, જા કેસરિયા દૂધ લઈ આવ અને જોજે હો અંદર બદામ-પિસ્તા નાખવાનું ભૂલતો નહિ.

હૃદયની દિલાવરતા આવા સમયે ઝળકે ત્યારે વિશેષતા ગણાય. બાકી તો બજારમાં વેપારીઓ સામસામા સ્વાર્થના ઘણાયે સોદા કરે છે. આડતિયાની પાછળ ભરપૂર ખર્ચ કરી નાખે છે-તેથી શું ?

પેલા આગંતુકો કહે છે :

"કાકા, આ કાંઈ દૂધ પીવા માટે ચાની ના નથી પાડી પરંતુ અમારે જવું છે માટે ખટપટ રહેવા દો."

પણ કાકા ક્યાં રહેવા દે એમ હતા ? દૂધના કટોરા પાઈને પૂછે છેઃ "બોલો ભાઈ કેમ પધારવું થયું ?" કામ પૂછવાનું તે પણ પહેલાં ઉચિત ભક્તિ કરીને. આજે તો શબ્દના સ્વાગત પણ મોંઘા થઈ ગયા છે. ઉપરથી ક્યાંથી નીકળ્યા છે આવા ટીપટપોરાવાળા ? એવું કંઈક ન સુણાવી દે તો સારું.

"જુઓ ને કાકા, આ પશુઓને ઘાસપાણીની ભીડ પડી છે જીવદયાનું કામ છે. એ માટે નીકળ્યા છીએ, પહેલા સીધા તમારે ત્યાં જ આવ્યા છીએ."

"અરે ભાઈ, મારે ત્યાં શું આવ્યા ? બીજે ક્યાંક ગયા હોત તો ઠીક રકમ મળત"

"ના ના અમારે મન તો તમે જ ઠીક કરી આપશો"



"પણ પહેલાં કોઈ સારા અને જાણીતા માણસોનો આંકડો લખ્યો હોય તો ટીપ ઝટ ભરાય. નાની રકમથી મારું નામ શરૂ કરશો તો એમાં ઠેકાણું નહિ પડે."

"કાકા, ના કહેશો નામ તમારું નહિ લખીએ."

"સારું ત્યારે લો એકાવન રૂપિયા લઈ જાઓ."

"ના ના, એટલા નહિ. વધુ આપો."

"સો લઈ જાઓ."

"એટલે શું થાય કાકા ? એમ કાંઈ પાંચ હજાર પૂરા થાય ?" આમ રકઝક ચાલી તેમાં પાંચસો સુધી વાત પહોંચી. આ બાજુ ડોસી કપડાં સૂકવતી હતી. જુવાનિયાની અને બુઢ્ઢાની રકઝક જોઈને ડોસાને બૂમ પાડે છે.

"નાહક આ બિચારાને હેરાન શા માટે કરો છો ? ઘરનું તો કામ નથી કરવા નીકળ્યા ? આ તો ધર્મનું કામ છે. રાજી કરો."

ધર્મ શું છે કે બીજા જીવોની રાહત શું તેનાં મૂલ્યો આ ડોસા-ડોસીમાં કેવા વસ્યાં છે, તે જોવાનું છે. નહિતર એમ ન કહી દે કે "લેવા હોય તો લો નહિતર રસ્તો માપી લ્યો."

ડોસી વચ્ચે પડી કહે છેઃ "એ ક્યાં બિચારાઓને ઘેર લઈ જવા છે રૂપિયા પરમાર્થનું કામ છે. બોલો ભાઈઓ, તમારે કેટલા જોઈએ ?"

"અમારે એક હજાર ને એક જોઈએ."

તરત જ ડોસીએ કહ્યું : 'આમને આપી દો.'

એમ નહિ કે હમણાં નામ લખી લો, પછી ઉઘરાણી કરવા મોકલજો.

તરત જ ડામચિયા નીચેના પીપમાંથી કાઢીને રૂપિયા ગણી આપ્યા. જુવાનિયા નામ પૂછે છેઃ "કાકા તમારું નામ ?"

"નામ નહિ લખાવું પહેલાં જ વાત થઈ ગઈ છે."

"તો અમારાથી પૈસા કેમ લેવાય ?"

"લખો એક શ્રાવક તરફથી" જુવાનિયા ડોસાના વર્તનથી દિગ્મૂઢ થઈ ગયા. એમણે દાદરનાં પગથિયાં ચડતાં સાંભળેલા શબ્દો ફરી દેખાતા થયા. એક પાંચ પૈસાનું બાકસ પંદરને બદલે દસ દિવસમાં પૂરું થયું એની ચિંતા કરનાર બુઢ્ઢો એકી કલમે રૂપિયા હજાર જીવદયામાં આપી દે છે.

જુવાનિયા પૂછે છેઃ "કાકા અમે દાદરનાં પગથિયાં ચઢતા હતા ત્યારે પેલી દિવાસળીની..."

"હાહા ! સમજી ગયો. જુઓ તમને ખબર છે ? આ દુનિયામાં જીવન

જીવતાં આટલી કરકસર કરીએ તો અવસરે હાથ છૂટો રહે; પરંતુ પેટ જ પટારા જેવું રાખ્યું હોય તો પછી પરમાર્થની નાની પણ પેટીઓ ક્યાંથી પૂરાય ? જ્યાં સુધી સ્વાર્થમાં કરકસર નહિ થાય ત્યાં સુધી પરમાર્થમાં પરોપકાર હાથ પહોળો નહિ થાય."

• • •

## ● પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પત્ર પ્રસાદી

**ધર્માનુરાગી,**

પત્રથી તમારી ગાઢ બીમારી જાણવા મલી. તમારા જેવા પ્રભુભક્તને તથા ધર્મપ્રેમીને ભક્તિમાં તથા ધર્મારાધનામાં અંતરાય આવ્યો જાણી ખેદ થયો, તમને પણ દુઃખ થતું જ હશે. કિન્તુ-

મહાનુભાવ ! એટલું ધ્યાનમાં રહે કે સઘળીય બાહ્ય સાધના અભ્યન્તરનો જિનભક્તિનો તથા ધર્મનો પરિણામ જગાડવા પોષવા અને વધારવા માટે છે એટલે કે અંતે તો એ પરિણામની જાગૃતિ-પોષણવર્ધન કરવાનાં છે. તેથી તમો વર્તમાન અવસ્થામાં બાહ્ય સાધનામાં ન્યૂનતા આવવા પર મનને ઓછું ન લગાડશો કિન્તુ આંતરિક અર્હદ્ભક્તિ પરિણામ અને સમ્યગ્ દર્શનાદિ ધર્મ પરિણામને વધતો રાખશો એ તમારે મહાન કમાણી છે અને જીવનનો સાર છે જીવનની સફળતા છે.

ધ્યાનમાં રહે કે પાપી જીવો પણ અંતે ધર્મના આંતરિક પરિણામથી સદ્ગતિ પામી ગયા છે તો તમારા જેવા ધર્મી જીવને તો એ પરિણામ ઉન્નતિ આપે એમાં શી નવાઈ ? તાત્પર્ય આંતરિક ધર્મ પરિણામનું ઘણું મહત્ત્વ છે.

આંતરિક પરિણામ માટે ખાસ કરીને ચિત્તમાં ઉપશમ ભાવ વહેતો રાખવો. જીવનમાં કરેલા કષાયો અને એથી બીજા જીવોને કરેલી દુભામણનો દિલથી મિચ્છામિ દુક્કડં દઈ ક્ષમા યાચી લેવી. આપણા દિલમાં એની જરાય ગાંઠ ન રાખવી. ભૂલ આપણી જ જોવી, બીજાની નહિ-તો સાચી ક્ષમાયાચના થાય. વળી ક્રોધ કષાયની જેમ મન-માયા-લોભ કષાયનો પણ પશ્ચાત્તાપ-સંતાપ સાથે વોસરાવી દિલમાં નમ્રતા, સરળતા નિસ્પૃહતાના ભાવ વહેતા કરવા.

ધ્યાનમાં રહે કે અનન્ત કર્મ રાજના ગુલામ આપણે શી રીતે અભિમાન કરી શકીએ ? ગુલામને અભિમાન કરવાનો હક શો ?

તેમજ અરિહંત પ્રભુ આદિ મહાન પુરુષોના સદ્ગુણો સુકૃતો આગળ આપણામાં શું છે કે એ મહાપુરુષોએ લેશ અભિમાન ન કર્યો ને આપણે કરીએ ? આમ માન-કષાયને વોસરાવવો.



એમ માયા કષાયને સંસાર-ભાવ પરંપરાનું કારણ સમજી વોસિરાવવો તથા લોભ કષાયને વોસિરાવવા. એમ વિચારવુ કે જેની પર લોભ-મમતા આસક્તિ કરીએ છીએ એ બધું નાશવંત છે, પર છે અને અનંતા તીર્થંકર ભગવાન આદિએ વોસિરાવેલ છે. એ આપણા જીવને શો ન્યાય કરે છે કે એના પર રાગમાં મરીએ ? અલબત્ત શરીરનો રાગ જીવને સતાવે છે, પરંતુ આવી બીમારીના અવસરે એટલું વિચારવું કે આ શરીર તો માનવ ભવ રૂપી રત્નદ્વીપમાં રહેવા માટે ઝૂંપડી જેવું મલ્યું હતું. એ મલ્યા પછી એમાં રહીને જ્ઞાન-દર્શન-વ્રત નિયમો, દાન-શીલ-તપ ભાવના વગેરે રત્નો કમાઈ શકાય તેટલા કમાઈ લીધા. હવે કુદરતના ક્રમ મુજબ ઝૂંપડી જર્જરિત થઈ જવા બેઠી છે તો શી ચિંતા ? કમાયેલ રત્નોની પોટલી લઈ ઊંચા સ્થાને જવાનું છે અને રત્નોનો માલ ભોગવવાનો છે.

અંતે એક જ આનંદ મનમાં રાખવો કે બીમારીમાં પણ મારી પાસે જિનશાસન છે. જૈન ધર્મ છે, નવકાર છે, અરિહંત છે, વ્રત-નિયમો છે ક્ષમાદિ ગુણ છે, આટલું બધું મારી પાસે છે, મારે જરાય દુઃખ કરવાની જરૂર નથી.

આમ સુંદર સમાધિ ભાવમાં રહો એજ શુભેચ્છા.

"દિવ્ય-દર્શન" - **"પૂછો અને પામો - ૧"** વર્ષ-૨૭,અંક-૧,તા.૨-૯-૧૯૭૮

**પ્ર.**- હવે મૂંઝવણ એ થાય છે કે અમારામાં એવા ગુણ તો દેખાતા નથી, તો અમને પણ ધર્મ શું ખોટી રીતે સેવેલ ઔષધની જેમ નુકસાન કરશે ?

**ઉ.**- મૂંઝાવાની જરૂર નથી. પહેલી વાત એ છે કે ગુણો પ્રાપ્ત કરવા આજથી જ પ્રયત્ન શરૂ કરી દો. એટલું દૃઢપણે સમજી રાખો કે 'દયાળુ મહર્ષિઓએ ઉત્તમ સાધનાના જે અલૌકિક ગુણો રૂપી આવશ્યક ક્રિયાનાં નિદાન બતાવ્યાં છે, એના વિના ચાલી શકે જ નહિ, એના વિના સાધનાના ઉદ્દેશસમા ઉચ્ચતર ગુણસ્થાનકે ચઢી શકાય જ નહિ.' તેમ એ પણ હકીકત છે કે એ ગુણોને ઉપાર્જવા માટે આ ઉચ્ચ માનવભવમાં સુંદર તક છે. એ તક જતી કરી તો પછી કેટલી બધી આત્મવંચના ! કેટકેટલી ભાવી દુર્દશા ! માટે જ એ ગુણો કેળવવાના ધરખમ પુરુષાર્થ શરૂ કરી દો, એ માટે મન મજબૂત કરી ઈચ્છાશક્તિ, સંકલ્પશક્તિ વગેરેને દૃઢ કરી દો.

## ● રત્ન કણિકા

❊ સારા વિચારોનું જેટલું મોટું ઈનામ, તેટલી નરસા વિચારોની મોટી સજા.

❋ ધર્મની આરાધના આત્માનું ભૂલીને નહિ થાય, વિષયકષાયોને દૂર રાખીને થશે.

❋ સંગ્રહની જેટલી જેટલી વાર વહી વાંચો તેટલી તેટલી વાર નવાં નવાં પાપ મળે, ને સુકૃતની જેટલી જેટલીવાર વહી વાંચો તેટલી તેટલીવાર નવાં નવાં પુણ્ય મળે.

❋ નાનો પણ નિયમ જીવને બહુ સાવધાન બનાવે છે.

❋ મારા આત્માનો પુરુષાર્થ કિંમતી છે, તેને જ્યાં ત્યાં ન વેડફાય.

❋ આપણે શેમાં રાજી ? કચરો સાફ થાય એમાં ? કે ઝવેરાત ઓછું થાય એમાં ? દુઃખ આવે એમાં પાપનો કચરો સાફ થાય છે, તો નારાજ શું થવાનું ? દુઃખમાં પાપની હોળી, અને કચરો સાફ થવાથી આત્માને દિવાળી. સુખ-સંપત્તિમાં પુણ્યની હોળી, ને આત્માને પુણ્યધન જવાથી દેવાળું.

❋ જેટલું દુઃખ ભોગવો એટલાં અશુભકર્મ ખત્મ, જેટલાં સુખ ભોગવો એટલાં શુભ કર્મ ખત્મ.

❋ અશુભ કર્મનો ઉદય થાય તેમ રોગ-પીડા આવે, ને એ રોગાદિ ભોગવીએ તેમ તેમ પેલાં ઉદય પામેલાં કર્મ ખતમ થતાં જાય.

## "દિવ્ય-દર્શન" - **"પૂછો અને પામો - ૨"** વર્ષ-૨૭,અંક-૪,તા.૭-૧૧-૧૯૭૮

**પ્ર.**- ભગવાનની પૂજા ત્રીજી આંગળીથી જ કેમ ?

ઉ.- પહેલી આંગળી તર્જની કહેવાય છે, એ કોઈની તર્જના-તિરસ્કાર કરવામાં વપરાય છે. બીજી આંગળી સૌથી મોટી છે, એનાથી જાતની મોટાઈ-મદનો ભાવ આવે છે. ત્રીજી આંગળી 'અનામિકા' કહેવાય છે. ભગવાન અનામી છે, અનામીની પૂજા સહેજે અનામિકાથી થાય.

**પ્ર.**- ભગવાનની પૂજામાં વગર સીવેલા ધોતીખેસ જ કેમ જોઈએ ? સીવેલાં વસ્ત્ર-ખમીસ-પાયજામો કેમ ન ચાલે ?

ઉ.- (૧) સીવેલા વસ્ત્રથી આપણને ઘામ થાય, પરસેવો થાય, એની દુર્ગંધ પ્રભુને લાગે. (૨) વળી વસ્ત્ર સીવેલા એટલે ટુકડા કરીને સાંધેલા, પૂર્ણ નહિ. પૂર્ણ ભગવાન થકી આપણે પણ પૂર્ણ થવા માટે એમની પૂર્ણ-અખંડ વસ્ત્રથી પૂજા કરવી યોગ્ય કહેવાય. ખેસ એ વિનયનું ચિહ્ન છે, તેમજ એનાથી જીવરક્ષાર્થે પૂંજવા-પ્રમાર્જવાનું થઈ શકે. સીવેલાં વસ્ત્રોમાં આ ક્યાંથી બની શકે ?



**પ્ર.**- પુણ્યે આંખ-કાન-જીભ આપ્યાં છે, તો એનાથી પિક્ચર જોવા, રેડિયોગીત સાંભળવા-કરવા, કંદમૂળ ઈંડાં વગેરે ખાવાં, એમાં શો વાંધો ?

ઉ.- પુણ્યે આપેલા સાધનનો સદુપયોગ કરે તે ડાહ્યો સુજ્ઞ માણસ ગણાય છે, દુરુપયોગ કરે તે મૂર્ખ ગણાય. સ્નાનમાં હાથેથી શરીર સાફ કરાય છે, મોરી નહિ. છરીથી શાક સમારાય છે, આંગળી કે વસ્ત્ર નહિ. પિક્ચર જોવા એ આંખનો દુરુપયોગ છે, કેમકે પિક્ચરમાં પરસ્ત્રી અને લબાડી-બીભત્સ દૃશ્ય આવે છે. એ જોવાથી મન અપવિત્ર બને છે. જન્મોથી મન શુદ્ધ શુદ્ધ કરતા અહીં આવ્યા તો એને હવે અપવિત્ર કરવું એમાં આંખનો દુરુપયોગ કર્યો કહેવાય. એટલે જ કામોન્માદકારી રેડિયોગીત સાંભળવામાં પણ કાનનો દુરુપયોગ છે. કંદમૂળ ભક્ષણમાં અનંતા જીવોની હત્યા છે. એમાં દયાના ભાવ નષ્ટ થાય. વળી વિકારી હોવાથી વિકાર પણ થાય. જેમ-પ્રારંભે ગર્ભમાં તેમ ઈંડામાં રસ એ પંચેન્દ્રિય જીવનું પ્રારંભિક શરીર છે. એ ખાવામાં ક્રૂરતા આવે. આવતા જનમમાં બિલાડા-વાઘ-વરુ વગેરે શિકારી પશુના જીવનનાં બીજ રોપાય. સારાંશ, પુણ્યે મળેલા આંખ-કાન-જીભ વગેરેના આવા દુરુપયોગ ન થાય.

**પ્ર.**- આપણને આંખ-કાન બબ્બે, પણ મોં એક જ કેમ ?

ઉ.- એ સૂચવે છે કે નિર્ણય લેતાં પહેલાં આંખેથી બે વાર જુઓ, પગલું માંડતાં પહેલાં કાનેથી બે વાર સાંભળો, પણ મોઢેથી બોલવાનું તે જોઈ વિચારી એકજ વચન બોલો, બેવચની થશો નહિ, તો જ લોકને તમારા પર વિશ્વાસ પડશે.

## ● રત્નકણ ●

❋ વીતરાગને ગદ્ગદ હૈયાથી કરેલ પ્રાર્થના પારસ છે જે લોઢા જેવા જીવને સોના જેવો ગુણી બનાવે છે.

❋ આ ભવ ચૂક્યા પછી આથી બીજો કયો સારો ભવ આરાધના માટે મળવાનો ?

❋ પરાધીનતાને ઊભી રાખનાર કર્મ છે, જ્યારે સ્વાધીનતાને લાવનાર ધર્મ છે.

❋ ભયંકર પાપ કરનારો પશ્ચાત્તાપથી હજુય બચે, પણ જેને પાપમાં વાંધો ન લાગે તેનો કદીય દુઃખમાંથી છૂટકારો થાય નહિ.

❋ તાત્ત્વિક વિચાર તો એક જાતનું પોલાદી બખ્તર છે, આત્માને મોહ દૃષ્ટિના, દુર્બુદ્ધિના આર્તધ્યાનના કાળી લેશ્યાના, દીનતા ક્રોધ કે ઉન્માદ-અભિમાનના કશા બાણ લાગવા ન દે.

## "દિવ્ય-દર્શન" - **"પત્ર પ્રસાદી"** વર્ષ-૨૭,અંક-૫,તા.૩૦-૯-૧૯૭૮

માનવજીવન એ શ્રી વીતરાગ પ્રભુના મહામાર્ગની આરાધનાનો જબરદસ્ત પુરુષાર્થ કાળ છે. એનો જરાય નાશ ન થાય એ ખાસ જોવાનું છે.

સંસારવર્ધક અસત્ પુરુષાર્થના જન્મ જગતમાં અનેક, પણ આરાધનાના ઉચ્ચ પુરુષાર્થનો જન્મ એક જ માનવભવ, એવા આ ઉચ્ચ માનવભવમાં આળસ પણ કેમ થાય ? અને અઢાર પાપસ્થાનકમાં પુરુષાર્થ શક્તિનો નાશ પણ કેમ થાય ? એ માત્ર નાશ જ નહિ પણ આપણા પ્રાણપ્યારા આત્માનું નિકંદન કાઢનારો બને છે એ ભૂલીશ ના...

વિચાર તો એ કરજે કે કર્મ અને મોહસત્તાએ આપણા આત્માની અનંત અનંત કાળ સુધી ભયંકર વિટંબણા, નાલેશી અને દુર્દશા કરી છે. ત્યાં બિચારા આત્માની કોઈએ ચિંતા ય નથી કરી કે દયા ય નથી ખાધી.

હજી માટીના ખોળિયાની ચિંતા દયા કરનારા મળ્યા પણ આપણા મહાદુઃખી આત્માની ચિંતા-દયા કરનારા મળ્યા નહિ ! ત્યારે પરમકૃપાળુ પરમાત્માનું શાસન મળ્યાથી આપણને આપણા આત્માનું ભાન થયું તો આપણે જ એનો દુઃખદ અનંતો ભૂતકાળ નજર સામે રાખી આપણા એ આત્માની દયા ખાવાની છે, ચિંતા કરવાની છે; પળ પળ સફળ કરવાની છે...આ ક્ષણ લાખેણી જાય.

વળી ધ્યાનમાં રાખવાનું છે કે ઠેઠ એકેન્દ્રિયપણાથી આ ઉચ્ચ માનવભવ સુધી આવતાં યુગના યુગ વીત્યા, પણ અહીં જો તૃષ્ણા-મમતા-માયામાં ભૂલ્યો તો કાચી સેકંડમાં ઠેઠ નીચેય જવાનું થાય.

અને એ તો અહીં મળેલી પુણ્યાઈને પડકાર-ચેલેન્જ આપવા જેવું થાય કે "જો કર્મ ! મને ઊંચે લાવતાં તને યુગો લાગ્યા પણ જો હવે હું એક ક્ષણમાં કૂદકો મારી કેવો નીચે જઉં છું."

આ ખોટું છે માટે પુણ્યાઈ અને પુરુષાર્થ શક્તિનો ઉચ્ચ ઉપયોગ કરી લેજે...

## "દિવ્ય-દર્શન" - **"પૂછો અને પામો - ૩"** વર્ષ-૨૭,અંક-૫,તા.૩૦-૦૯-૧૯૭૮

**પ્ર.**- અપુનર્બંધક અવસ્થાને પ્રાપ્ત થયેલ આત્મામાં કઈ ખાસિયત હોય ?

ઉ.- વધારે શુદ્ધ અધ્યવસાય કેળવીને આત્મા મિથ્યાત્વને મંદ કરી દે અને એવી સ્થિતિ ઊભી કરે કે આયુષ્ય સિવાય કોઈ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્યારેય ન બાંધે તે અવસ્થા અપુનર્બંધક અવસ્થા કહેવામાં આવે છે. આ અવસ્થાને પ્રાપ્ત થયેલા આત્મામાં ત્રણ ખાસિયત હોય :

(૧) તીવ્ર ભાવે પાપ ન કરે. (૨) ઘોર સંસારની ઉપર બહુમાન ન ધરે. (૩) ઉચિત સઘળું આચરે.

અનંતકાળથી આત્મા પાપ કરતો આવતો હતો, તે ઉગ્ર ભાવે કરતો હતો, હવે પાપ નહિ જ કરે એમ નહિ, પણ તીવ્ર ભાવે નહિ, રાચી માચીને નહિ કરે, પાપ કરતાં કંપ અનુભવશે, પરલોકનો ભય અનુભવશે !

ઘોર સંસાર ઉપર બહુમાન ન કરે, એટલે સંસારને ભયાનક સમજવાથી એના પર આદર આસ્થા નહિ કરે. પૈસા, પરિવાર, વિષયસુખ વગેરે સંસાર છે, એના પર આદર-આસ્થા કરનારો હવે એ ન હોય. હવે એને એમાં હૂંફ, નિશ્ચિન્તતા, આશ્વાસન, આરામ ન લાગે. તો શું હવે એને પૈસા વગેરે ઉપર રાગ નહિ થાય ? રાગ, પ્રેમ જુદી વસ્તુ છે. આદર, આસ્થા જુદી વસ્તુ. નાલાયક છોકરા પર પણ એકના એક પુત્ર તરીકે રાગ થઈ જાય છે, પણ આસ્થા કે એવો આદર નથી થતો. પોતાના બાપના ઘરનો જ પક્ષ કરનારી પત્ની પર પણ રાગ તો રહે છે, કિંતુ આદર, આસ્થા નથી થતા. એવું સંસારમાં પૈસા-પરિવાર વગેરે પર રાગ થઈ જાય એ બને, છતાં આદર ન હોય, આસ્થા ન હોય, કેમકે એ બધાંને ભવ ભ્રમણનાં કારણ માને છે. અને ત્રીજું ઉચિત સઘળું આચરે, અનુચિત પ્રવૃત્તિ ક્યાંય ન થવા દે.

## "દિવ્ય-દર્શન" - **"પૂછો અને પામો - ૪"** વર્ષ-૨૭,અંક-૬,તા.૧૪-૧૦-૧૯૭૮

**પ્ર.**- માનવભવ દુર્લભ છે તો પછી બ્રહ્મચર્ય પાળી બીજા આત્માઓને માનવભવમાં આવતા શા માટે અટકાવવા જોઈએ ?

ઉ.- સ્વોપકારને હણીને પરોપકાર કરવાનું જૈન શાસન ના કહે છે, નહિતર પછી વિધવા-વિવાહની, કુમારિકાને પર-પુરુષની વગેરે મનાઈ શા માટે કરાય ? તેમ જ દુરાચાર વગેરેનો પણ નિષેધ શા માટે કરવો ? ઊલટું અબ્રહ્મ સેવવામાં તો એક જીવને માનવ થવા દેવા માટે તે પૂર્વે ૨ થી ૯ લાખ માનવ હણાય છે તેનું કેમ ?

**પ્ર.**- યુગાદિ દેવ શ્રી આદીશ્વર ભગવાન શ્રી અષ્ટાપદ પર્વત પર મુક્તિ પામ્યા, તથા શ્રી સિદ્ધક્ષેત્ર તીર્થરાજ ઉપર પૂર્વ નવાણુંવાર સમોસર્યા છતાં આરતિમાં **'ધુલેવા-મંડણ પ્રભુજી અજવાળ્યા'** આવે છે, તો તે બંને મહાન તીર્થો છતાં ધુલેવાની મહત્તા કયા કારણસર ગવાય છે ?- તે ખુલાસો આપવા કૃપા કરશો.

ઉ.- ધુલેવા નગરમાં બિરાજમાન આદીશ્વર ભગવાનનાં પ્રતિમાજી ખૂબ લોકપ્રિય અને પ્રભાવક બન્યાં છે, તેથી ધુલેવા નગરની પણ મહત્તા છે. જેમ અજિત શાંતિમાં 'સાવત્થિ પુવ્ય પત્થિવં ચ' કહીને અજિતનાથ ભગવાનની એ કોઈ કલ્યાણક ભૂમિ નહિ છતાં, એમની પ્રભાવક પ્રતિમાના હિસાબે શ્રાવસ્તિના ગુણ ગાયા.

**પ્ર.**- 'અન્નત્થ' સૂત્રમાં "મોણેણં" અર્થાત્ મૌનથી અર્થાત્ મૌન રહીને મડદાની જેમ "કાયોત્સર્ગ" કરવા કહે છે તો તે વખતે લોગસ્સ (નામસ્તવ) સૂત્ર શા માટે ગણવામાં આવે છે ? કાઉસ્સગ્ગમાં તો સુવિચાર કે વિચાર વગરની નિર્વિચાર સ્થિતિ હોવી જોઈએ, એમ લાગે છે. યોગ્ય માર્ગદર્શન આપશોજી. ૧૯ છૂટમાં (આગારમાં) પણ નથી આવતું અને મડદું બોલે પણ નહિ.

ઉ.- મડદાનું મૌન એમાંથી આત્મા નીકળી ગયો હોવાથી અસામર્થ્યનું મૌન છે, જ્યારે કાયોત્સર્ગમાં જીવતાનું મૌન એ વાક્-સંયમનના ઘરનું પ્રયત્ન-સામર્થ્યવાળું મૌન છે. બેમાં આકાશ-પાતાળ જેટલું અંતર છે. દા.ત. ૩ દિવસ બાંધ્યો ભૂખ્યે મરે, અને ૩ દિવસનો સ્વેચ્છાએ અઠ્ઠમ કરે એ બેમાં મોટું અંતર છે, બાકી કાયોત્સર્ગમાં ૧૯ આગાર કાયા અંગે છે ને મનની પ્રવૃત્તિનો ત્યાગ નથી તેથી 'ઝાણેણં' પદથી ધ્યાન કરવાનું છે.

**પ્ર.**- બરફ કે કરા અભક્ષ્ય કઈ અપેક્ષાથી ? શું કાચા પાણીનું સેવન કરવા કરતાં બરફ ભક્ષણમાં વધારે દોષ છે ? બરફ પણ પાણીનું જ બનેલું હોય છે ને ?

ઉ.- બરફ-કરા એ ગર્ભ જેવી અવસ્થા છે માટે અભક્ષ્ય છે. જેમ કૂણી આમલી, કૂણો પાક, અપક્વ દહીં એ વિકારી હોવાનો સંભવ છે. કાચા પાણી કરતાં એમાં મોટો દોષ છે. પાણી અનિવાર્ય છે. બરફ કરા અનિવાર્ય નથી.

**પ્ર.**- પ્રભુની પૂજા કરતી વખતે જલ ભરી સંપુટ નામનો કાવ્ય બોલાય છે તેમાં છેલ્લામાં લખેલું કે 'ઉપદેશક નવતત્ત્વના તિણે નવ અંગ જિણંદ.' આ નવ તત્ત્વ પ્રભુના કયા અંગે કયું તત્ત્વ સમજવું તેનો ખુલાસો કરશો.

ઉ.- 'ઉપદેશક...' એ ગાથા નવમાં અંગે જ નવેયના ઉપસંહાર રૂપે બોલવાની છે. નવે અંગોની પૂજા પ્રભુ નવતત્ત્વના ઉપદેશક છે માટે નવઅંગની પૂજા.

**પ્ર.**- સાંવત્સરિક પ્રતિક્રમણમાં છીંક શા માટે બાધારૂપ ગણાય છે ?

ઉ.- મોટા કામમાં છીંક અપશુકન ગણાય છે. રોજના પ્રતિક્રમણ કરતાં પક્ખી, સંવત્સરી પ્રતિક્રમણ એ મોટું શુભ કામ છે.

**પ્ર.**- "નવકાર મંત્રના ૧ અક્ષરથી ૭ સાગરોપમના, એક પદથી ૫૦ સાગરોપમના તથા સંપૂર્ણ નવકારથી ૫૦૦ સાગરોપમનાં પાપો નાશ પામે છે."



એમ જે શાસ્ત્રમાં કહ્યું છે તે કઈ અપેક્ષાથી ? પાપક્ષય તો નવકાર ગણનાર દરેક વ્યક્તિના ભાવ કે સદ્ભાવની તરતમતાવાળો સંભવે... તો પછી અહીં ચોક્કસ આંકડા આપ્યા છે તે કઈ અપેક્ષાથી ઘટી શકે ?

ઉ.- "નવકાર મંત્રના ૧ અક્ષરથી ૭ સાગરોપમ કર્મની સ્થિતિ તૂટે,' તે અતીન્દ્રિય ભાવ છે. કેવળજ્ઞાન રૂપી ચક્ષુથી દૃષ્ટ છે. એમાં દલીલ કરવાની ન હોય. એ તો આગમગમ્ય-શ્રદ્ધાગમ્ય પદાર્થ ગણાય. જેમ બીજાં સત્કાર્યોથી બંધાતું પુણ્ય. વળી આ આંકડા સામાન્ય ભાવના છે. વિશેષ ભાવવાળાને એથી અધિક પણ લાભ થાય. અને ભાવની પરાકાષ્ઠાવાળાને કેવળજ્ઞાન પણ મળે.

**પ્ર.**- મખમલના કપડાથી પ્રભુજીની આંગી થાય કે ન થાય ? વેલ્વેટ વપરાય તે હિંસક છે ? પૂજામાં વપરાય ?

ઉ.- વેલ્વેટ એ મખમલ જ છે. હિંસક હોવાનો ખ્યાલ નથી. કિંમતી દ્રવ્ય તરીકે આંગીમાં વાપરવામાં વાંધો નથી લાગતો.

**પ્ર.**- બહુબીજની વ્યાખ્યા શી ? શું ટમેટાં એ બહુબીજમાં ગણાય ? કેટલાક સાધુ-સાધ્વી ભગવંતો ટમેટાંનું શાક વહોરે છે, જ્યારે કેટલાક તેનો નિષેધ કરે છે- તો સાચું શું ? જામફળ શેમાં ? ભીંડા શેમાં ? તે કેમ બહુબીજ નહિ ?

ઉ.- ટામેટાં, ભીંડા, જામફળને બહુબીજમાં પૂર્વાચાર્યોએ લીધાં નથી. પરંતુ લાલ ટામેટાં દેખાવમાં સારાં નથી માટે એનો ઉપયોગ નથી કરતા-અને જામફળ રાંધેલા છતાં એનાં બીજ સચિત્ત રહેવાનો સંભવ છે. તેથી સચિત્તના ત્યાગી એનો ઉપયોગ નથી કરતા. પૂર્વાચાર્યોએ જેને બહુબીજનો વિકારી અને વધુ વિરાધના કારણે નિષેધ કર્યો છે, તે બહુબીજ-દા.ત. **રીંગણાં, અંજીર, ખસખસ વગેરે.**

**પ્ર.**- લોગસ્સના કાઉસ્સગ્ગમાં ક્યાંક **"ચંદેસુ નિમ્મલયરા"** સુધી ક્યાંક **"સાગરવર ગંભીરા"** સુધી તો ક્યાંક સંપૂર્ણ લોગસ્સ ગણવાનું જ્ઞાનીઓએ કહ્યું છે. તેનું શું રહસ્ય ? હંમેશાં સંપૂર્ણ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીએ તો શું નુકસાન થાય ? કયા કાયોત્સર્ગ ક્યાં સુધી ? તે પણ જણાવવા વિનંતી. વળી એક બે અધૂરાં મૂકી દેવાથી અર્થઘટન પણ બરાબર ન થઈ શકે.

ઉ.- ઔષધની જેમ જ્ઞાનીઓએ અમુક શુદ્ધિ યા આરાધના માટે ૨૫ શ્વાસોચ્છ્વાસ, અમુક માટે ૨૭ શ્વાસોચ્છ્વાસ, વગેરેનો ડોઝ માપસર ગણ્યો છે તેથી ચંદેસુ, સાગરવર વગેરે સુધીના કાયોત્સર્ગ-ધ્યાન ફરમાવેલ છે. **ઈરિયાવહીય,** પ્રતિક્રમણ વગેરેમાં ચંદેસુ૰...સુધી, સાધુના જોગના કે ઉપધાનના ઉદ્દેશાદિમાં સાગરવર૰ સુધી...કાયોત્સર્ગ કરવાનો. ૨૫ કે ૨૭ પદમાં યોગનું ધ્યાન તૂટતું નથી, કેમ કે છઠી ગાથાના **'જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા'**ના અનુસંધાનમાં ૭મી ગાથાના ૩ લાઈનનાં વિશેષણ જોડાઈ જાય છે.

## 'દિવ્ય-દર્શન'-**"પૂછો અને પામો-૫"**વર્ષ-૨૭,અંક-૧૭/૧૮,તા.૬/૧૩-૧-૧૯૭૯

**પ્ર.**- પૂજા અને સત્કારમાં શો ફેર ?

ઉ.- પૂજામાં જલ, ચંદન આદિથી અભિષેક-અર્ચન-વિલેપન વગેરે આવે. સત્કારમાં વસ્ત્ર, અલંકાર ઉત્તમ દ્રવ્યોનું અર્પણ આવે. બંનેનું સ્વતંત્ર મહત્ત્વ છે.

પ્રભુને અભિષેક એ ખાલી પાણી ઢોળવાની કે પ્રભુને સ્વચ્છ કરવાની ક્રિયા નથી પરંતુ ઉત્કૃષ્ટ પ્રભુની આગળ પોતાની જાતની અપકૃષ્ટતાના, જઘન્યતાના તથા નમ્ર ભાવના પ્રતીકરૂપ અથવા એની ભાવનાની પ્રેરક એક ભવ્ય ક્રિયા છે. માટે પ્રભુના જન્મ વખતે ઈન્દ્રો અને દેવો મહાન અભિષેક મહોત્સવ કરે છે, પ્રભુને દીક્ષા લેવાના અવસરે પણ ભવ્ય અભિષેક પૂજા ઊજવે છે. પૂજાની આગળ વિનયભાવે ઊભા રહી બે હાથમાં નમાવેલા કળશ પકડી નમ્ર મસ્તકે ને નમ્ર હૃદયે પ્રભુને અભિષેક કરવામાં આ માનના અનાદિના અહંકાર તૂટે છે. અભિષેક-પૂજાથી આત્મા નમ્ર બને છે. પ્રભુ પ્રત્યે પૂજ્યભાવવાળો અને આધીન બને છે. ભાવભરી અભિષેકની ક્રિયા એ અહંભાવ અને આપમતિને ઈલેક્ટ્રીક શોક (વિદ્યુત-આઘાત) લગાડે છે.

## "દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૭,અંક-૩૦/૩૧,તા.૭/૧૪-૪-૧૯૭૯

### વર્ધમાન તપ શી રીતે કરાય ?

વર્ધમાન તપ ૧૪ વર્ષ, ૩ મહિના અને ૨૦ દિવસે પૂરો થાય. કેમકે આ તપના તપસ્વી આરાધકે કુલ પાંચ હજાર અને પચાસ આયંબિલ સાથે સો ઉપવાસ કરવાના હોય છે. પાંચ હજાર આયંબિલ અને સો ઉપવાસ એક સાથે લગાતાર સળંગ કરવાનાં ? આ તપ ચઢતા ક્રમે કરવાનો છે. પણ નહિ કે સો ઉપવાસ લગાતાર સાથે કરવાના. નહિ કે ૫૦-૫૦ આયંબિલ લાગલગાટ કરવાના.

આ તપની શરૂઆત એક આયંબિલ પછી ઉપવાસ ત્રીજે અને ચોથે દિવસે વળી આયંબિલ અને પછી પાંચમે દિવસે ઉપવાસ, આમ લાગટ પાંચ આયંબિલ એક સાથે અને છેલ્લે ઉપવાસ કરી આ તપનો પાયો નંખાય છે. એટલે પાયો નાખનારને ૧૫ આયંબિલ અને પાંચ ઉપવાસ કરવાના. આમ આ તપનો સર્વ પ્રથમ તબક્કો પૂર્ણ થાય છે.

ત્યાર પછી છ આયંબિલ વત્તા એક ઉપવાસ, સાત આયંબિલ વત્તા એક ઉપવાસ એમ ક્રમશઃ આયંબિલ અને ઉપવાસ વધારતા જવાનું. આમ સો આયંબિલ લાગલગાટ ને પછી ઉપવાસ સુધી કરતા રહેવાનું. ત્યારે આ તપ પૂર્ણ થાય છે કેટલાક તેથી આગળ વધી ૧૦૮ આયંબિલ અને એક ઉપવાસ સુધી પહોંચી ૧૦૮ ઓળી પૂર્ણ કરે છે.

તપ ચાલુ હોય ત્યારે પ્રતિદિન ક્રિયા બે ટાઈમ પ્રતિક્રમણ, ત્રણ વખત દેવવંદન, જિનપૂજા, ગુરુવંદન, બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ, બાર ખમાસણા, વીશ છૂટી માળાનો જાપ 'નમો અરિહંતાણં' પદનો.

જૈન શાસનની બલિહારી છે. અનેક આચાર્ય ભગવંતો, મુનિ ભગવંતો, સાધ્વીજી મહારાજો તથા શ્રાવક શ્રાવિકાઓએ આજે પણ આવા ઉગ્ર તપની પૂર્ણાહુતિ કરી છે.

પૂજ્યપાદ તપોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા અપ્રમત્ત સાધના સાથે વર્ધમાન તપ ૧૦૮મી ઓળી ફાગણ વદ ૧૩ સં. ૨૦૩૫ ના રોજ પૂર્ણ કરી.

**કોટિશઃ વંદના મહાતપસ્વીરત્ન આચાર્યદેવને.**

## "દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૮,અંક-૧૭,તા.૧૨-૧-૧૯૮૦

### દિવ્ય દર્શન પ્રકાશનની અભિનવ યોજના સસ્નેહ આત્મસ્મરણ

સુજ્ઞશ્રી,

સાહિત્ય સર્જન કરે છે અને સર્વનાશ પણ. સાત્ત્વિક તાત્ત્વિક સાહિત્ય જીવનને શુદ્ધ કરે, આત્મામાં ઓજ અને તેજ પ્રગટાવે. અશ્લીલ સાહિત્ય તન મનને મલિન અને મેલું કરે. જ્યારે તત્ત્વનાં શાસ્ત્રો ઉંચા ઉમદા પદાર્થોનું તત્ત્વચિંતન અને સ્વાધ્યાય કરવા દ્વારા જીવમાં સુજ્ઞ અને શુભ અધ્યવસાયો પ્રગટાવે. સ્વાધ્યાય અણમોલ તપ છે, જે માણસને દુઃખસ્થિતિમાં પણ અપરંપાર સુખનો, શાંતિનો આસ્વાદ કરાવે. આજે આ અને આવા સાહિત્યની પ્રત્યેક જૈન પરિવારોમાં પ્રસારવાની, પ્રચારવાની તાતી જરૂર છે.

પૂજ્યપાદ ન્યાયવિશારદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે વર્ષોથી આજ સુધી લાંબા સમયની સતત ધર્મસાધના, તપસાધના અને જ્ઞાન-સાધનાથી સૌના હૈયે પ્રથમ પંક્તિમાં પ્રેમાળ અને માનવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પૂજ્યશ્રીની સિદ્ધહસ્ત કલમ વડે ૫૦ થી પણ વધારે મોટા નાના ગ્રંથો પુસ્તકોનું સર્જન થયું છે. જે દ્વારા વાચકોએ એમના જીવન વિમળ અને વિશુદ્ધ બનાવ્યા છે.

## પૂજ્યશ્રીનું સાહિત્ય એટલે ?

**તત્ત્વજ્ઞાન અને આત્મવિજ્ઞાનના ગ્રંથો**
**સમ્યગદર્શન અને ચારિત્રના ગ્રંથો**
**વૈરાગ્ય અને અધ્યાત્મરસના ગ્રંથો**
**આત્માને શુદ્ધ, વિશુદ્ધ અને પરિશુદ્ધ કરતા ગ્રંથો**
**આ ભવ અને પરભવ સુધારવાના ગ્રંથો**
**વાસનાથી મુક્તિ અને ઉપાસનામાં જોમ ભરતાં ગ્રંથો**
**તપ, ત્યાગ, તર્ક અને તત્ત્વચિંતનના ગ્રંથો**
**ધ્યાન, યોગ અને પ્રભુભક્તિ તરફ દોડતા કરનાર ગ્રંથો.**

આ એમના ગ્રંથનું વાંચન તત્ત્વથી આત્માને ભાવિત કરી દે છે.

આજે તાતી જરૂર છે. અગાઉ પ્રકાશન થયેલ અપ્રાપ્ય ગ્રંથો, પુસ્તકો અને નવા લખાયેલ સાહિત્યનું સુંદર અને સુવાચ્ય પ્રકાશન કરવાની ચોતરફથી આ અધ્યાત્મવાણીના પ્રકાશનોની માંગ છે. આ આવી રહેલ માંગને પૂરી કરવાના ઉદ્દેશથી ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા-"પ્રકીર્ણ પ્રસાદ"(ભાગ-૭૬) ટ્રસ્ટે સાહિત્ય પ્રકાશનની એક અભિનવ યોજના તૈયાર કરી છે. જે આ સાથે જ અન્યત્ર જણાવી છે.

આ આત્મક્રાંતિ અને આત્મોત્થાનનો અવાજ ઘેર ઘેર અને ગામે ગામ પ્રસારવા અને પ્રચારવાની યોજના અર્થે આપ ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા-"પ્રકીર્ણ પ્રસાદ"(ભાગ-૭૬) ટ્રસ્ટને આર્થિક આત્મભોગ આપી પ્રકાશનની આ યોજનાને નચિંત અને નિશ્ચિત બનાવશો.

લિ. આપના નમ્ર

| | |
|---|---|
| જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા | ભરતકુમાર ચતુરભાઈ શાહ |
| મયાભાઈ લક્ષ્મીચંદ શાહ | પ્રતાપરાય દલીચંદભાઈ દોશી |

કુમારપાળ વિ. શાહ





## દિવ્ય દર્શન સાહિત્ય પ્રકાશન યોજના

દિવ્ય દર્શન પરિવાર મેમ્બર્સ ૧૧૦૦૦ રૂપિયા, કોઈપણ ટ્રસ્ટ સંઘ, પરિવાર કે વ્યક્તિ આ રકમ આપનાર તરફથી એક પુસ્તકનું સ્વતંત્ર પ્રકાશન ટ્રસ્ટ તરફથી કરાશે. તે દાતાને ૨૫૦ પુસ્તક ભેટ અપાશે.

દિવ્ય દર્શન પ્રસારક મેમ્બર્સ ૫૦૦૦ રૂપિયા, કોઈપણ ટ્રસ્ટ, સંઘ પરિવાર કે વ્યક્તિ તરફથી આ રકમ આપનાર બે પ્રસારક મેમ્બર્સના સહકારથી એક સ્વતંત્ર પુસ્તકનું પ્રકાશન ટ્રસ્ટ તરફથી કરાશે. બંને દાતાઓને ૧૦૦-૧૦૦ પુસ્તક ભેટ અપાશે.

દિવ્ય દર્શન પ્રેરક મેમ્બર્સ ૨૫૦૦ રૂપિયા, કોઈપણ ટ્રસ્ટ, સંઘ પરિવાર કે વ્યક્તિ તરફથી આ રકમ આપનાર ચાર પ્રેરક મેમ્બર્સના સહકારથી એક સ્વતંત્ર પુસ્તકનું પ્રકાશન ટ્રસ્ટ તરફથી કરાશે. ચાર દાતાઓને ૨૫-૨૫ પુસ્તક ભેટ અપાશે.

### આરાધના

**(ચૈત્યવંદન સૂત્ર પ્રકાશ)**

**ભગવદ્-વંદના-સ્તુતિની આરાધનામાં ઉત્સાહ-પ્રેરક આત્મ શુદ્ધિનું બોધક અને પોષક**

**સમીક્ષા :** કુમારપાળ વિ. શાહ - મુંબઈ

તદ્દન નવું પ્રકાશન

**લેખક :** પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

**પ્રકાશક :** ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા-"પ્રકીર્ણ પ્રસાદ"(ભાગ-૭૬) ટ્રસ્ટ, ૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪

**પૃષ્ઠ :** ૨૦૩, પ્લાસ્ટીક કવર સહિત ● **મૂલ્ય :** માત્ર પાંચ રૂપિયા

મકાનને રોજ વાળી ઝુડીને સાફ કરવામાં આવે છે. માનવ શરીર અને માનવ જીવન પણ એક મંદિર સ્વરૂપ છે. દેહ રૂપ દેવાલયમાં નિશ્ચય દૃષ્ટિએ પરમાત્મા સ્વરૂપ આત્મા બિરાજે છે. આત્માની દિવ્યતા, પવિત્રતા અને ભવ્યતાના સંરક્ષણ માટે તથા એનું સંવર્ધન કરતા રહેવા રોજિંદા જીવનમાં રોજે રોજ સાફ સુફી કરવી અને અલંકાર સમૃદ્ધિ કરવી અનિવાર્ય અને આવશ્યક છે.

આ સમ્યક્ હેતુ માટે પરમોપકારી પૂજ્યશ્રી ગણધર ભગવંતોએ રોજની ધાર્મિક ક્રિયાઓનું સૂત્રાત્મક ગુંથન કર્યું છે. આવી રોજની છ પરમ આવશ્યક ક્રિયામાં ચૈત્યવંદન, ગુરુવંદન અને સામાયિકનો સમાવેશ થાય છે. દેવદર્શન અને જિનપૂજા પણ નિત્યની ધાર્મિક ક્રિયા છે. ધર્મ શ્રદ્ધાળુ પ્રત્યેક જૈન માટે આ બધી

નિત્યની ધર્મ ક્રિયાનું યથોચિત જ્ઞાન હોવું જરૂરી છે.

પૂજ્ય આચાર્ય મહારાજે પ્રસ્તુત પુસ્તકમાં આરાધનામાં ઉત્સાહ પ્રેરે, આત્મશુદ્ધિનો બોધ પમાડે અને સાધનામાં પોષક બને એવી રસપ્રદ રજુઆત કરી છે. ચૈત્યવંદન સુધીના સૂત્રોની શબ્દોના માર્મિક અર્થ સભર રજુઆત સુંદર જ નહિ સરળ શૈલીથી કરી છે. સુગમ ભાષાથી પ્રત્યેક સૂત્રોના રહસ્યો ખોલી એને ભાવવાહી શૈલીથી રજૂ કર્યા છે. વિધિનું મૂલ્ય અને એના ફળની પ્રાપ્તિનું નિરૂપણ આરાધકને આરાધનામાં દોડતા કરી દે તેવું છે. પૂર્વાચાર્યોરચિત ધર્મ-ગ્રન્થોના આધારપ્રદ અવતરણો સહિત આલેખાયેલ આ પુસ્તક ક્રિયાઓના મહિમાને મૂલ્યવાન બનાવે તેમ છે.

પરમાત્મા ભક્તિથી પરમ શક્તિ પ્રાપ્ત કરવાની ચાવીઓ બતાવીને આરાધકને પરમાત્મભક્તિથી ભાવિત કરે તેમ છે. નવ અંગના તિલક તથા અષ્ટપ્રકારી પૂજાના રહસ્યો પર પૂજ્યશ્રીનું વિવેચન ભાવ પ્રેરક અને તત્વબુદ્ધિ પોષક છે. સાથે ગાવા ગણગણવા માટે અનેક પ્રાચીન સ્તવન, સ્તુતિ ચૈત્યવંદન, થોય, સજ્ઝાય, સ્નાત્રપૂજા વગેરે ભક્તિ પ્રેરક પદ્ય અહીં રજૂ કરવામાં આવ્યાં છે. વિશિષ્ટ ગદ્ય પ્રાર્થનાઓ પણ નમુનારૂપ છે.

દેશ અને વિદેશોની જૈન પાઠશાળાઓ, તેમજ ધાર્મિક શિબિરોના શિબિરાર્થી માટે ખાસ તૈયાર કરાયેલ આ પુસ્તક જિજ્ઞાસુ દરેક વાચક માટે સ્વાધ્યાય કરવા યોગ્ય છે. શુદ્ધ, સ્વચ્છ અને સુંદર મુદ્રણ તેમજ પ્રવાહી શૈલી અને સરળ ભાષાથી લખાયેલ આ પુસ્તક ઘરઘરમાં વસાવવા જેવું અને ખાસ વાંચવા જેવું પણ છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૮,અંક-૧૮,તા.૧૯-૧-૧૯૮૦

## તંત્રીનોંધ

**તંત્રી નોંધ :-** નીચેના સમાચાર પ્રગટ કરવામાં ઘણું મોડું થયું છે, પરંતુ દિવ્ય દર્શનના કેટલાય વાંચકોને ખ્યાલ ન હોય તેથી ખ્યાલ પર લાવવા મોડે મોડે પણ અહીં પ્રગટ કરવામાં આવે છે.

મુંબઈ :- અત્રે શ્રી જેઠાભાઈ ચુનીલાલ ઘીવાળાએ શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈને પત્ર લખેલ તેના ઉત્તરમાં શેઠશ્રી શ્રેણિકભાઈ શ્રી જેઠાભાઈને આ પ્રમાણે લખે છે,-

ભાઈશ્રી જેઠાલાલભાઈ,

તમારો તા. ૩૦-૧૦-૭૯નો પત્ર મલ્યો. આ સાથે મને વ્યાજબી લાગે છે એ પ્રમાણેનું લખાણ તમને મોકલું છું. એ પ્રમાણેનું લખાણ પ્રસિદ્ધ કરવાના હો તો



તેમાં મારી સંમતિ છે. આ લખાણ નીચે સહી કરવાની હું જરૂર જોતો નથી. તમને બીજી એક વિનંતી કરવાની કે આ લખાણની હું વ્યક્તિગત રીતે સંમતિ આપું છું એટલે જ્યાં આ પ્રસિદ્ધ કરો ત્યાં કોઈપણ સંસ્થાનું નામ મારા નામ સાથે જોડશો નહિ.

હું આશા રાખું છું કે તમને મારું લખાણ યોગ્ય લાગશે.

લિ. શ્રેણિકના વંદન...

## "મહાસતી મૈના સુંદરી"ની ફિલ્મ સામે સખત વિરોધ

"શ્રીપાળ અને મયણા સુંદરી"નું ચરિત્ર જૈન ધર્મના વાર્ષિક મહાન પર્વો પૈકી ચૈત્ર અને આસો માસના પર્વમાં ગામે ગામ વંચાય છે. ચૈત્ર અને આસોનું નવપદ-આરાધનાનું પર્વ એ જૈનોનું શાશ્વતપર્વ છે.

શ્રીપાળ અને મયણા સુંદરી જૈન ધર્મની મહાન વિભૂતિઓ છે. આવી મહાન વિભૂતિઓનાં પાત્ર લઈને નાટક કે ફિલ્મ ભજવવામાં આવે તે તેમની ભૂમિકાને અન્યાય કરવા બરાબર છે. આથી જૈન સંઘોની લાગણી અત્યંત દુભાય છે.

સૌ કોઈ જાણે છે કે જૈન સંઘમાં તેમની મહાન વિભૂતિઓના નાટક કે ફિલમ ભજવાતા નથી અને તેને માન આપી આજસુધી સૌ કોઈએ મર્યાદા સાચવી તેવાં નાટક કે ફિલ્મો ભજવ્યા નથી.

અમારો "મહાસતી મૈના સુંદરી"ની ફિલ્મ બતાવવા સામે સખત વિરોધ છે. આ ફિલ્મ પાછી ખેંચી લેવા અમારી આગ્રહભરી વિનંતી છે. આ ફિલ્મ પાછી નહિ ખેંચી લેવામાં આવે તો સમસ્ત જૈન સંઘની લાગણી ઘણી જ દુભાશે.

નાટક અને ફિલ્મો માટેના કથાનકો અનેક છે. આ ફિલ્મના સંચાલકોને અમારી વિનંતી છે કે ધર્મની લાગણી દુભાય તેવી આ ફિલ્મ હોવાથી તે ફિલ્મને બતાવવાનું બંધ રાખે, અને સમસ્ત જૈન સંઘની લાગણી દુભાતી અટકાવે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૯,અંક-૨,તા.૧૩-૯-૧૯૮૦

## કણ સુખમાં મણ દુઃખ - બોધકથા

ભયંકર વન હતું. વન વચ્ચે સુંદર ફળોનો એક ઢગ પડ્યો હતો. મૃગનું એક મોટું ટોળું દોડતું આવ્યું. એમની નજર જાતજાતના ફળોના ઢગલા પર પડી. યુવાન મૃગોના મોંમાથી પાણી છૂટ્યા. એ તરફ દોડવા જાય છે અને વૃદ્ધ મૃગ

બોલ્યું, થોભો ! આ જાળ છે. અહીં ફળો ક્યાંથી ? જે ફળના વૃક્ષ આ જંગલમાં દેખાતાં નથી તે અહીં ક્યાંથી ? અને પાછાં આમ વ્યવસ્થિત કેવી રીતે ?

યુવાન મૃગો એમની યુવાનીના આવેશમાં હસી પડ્યાં. વૃદ્ધ મૃગ મૌન બની ચિંતાતુર નયને સ્થિર ઊભું. આગળ વધેલા મૃગોએ ફળોની મજા માણવાની શરૂઆત કરી અને મોતના મોંમા ધકેલાઈ ગયા.

આપણે યુવાનીના મદમાં જ્ઞાનવૃદ્ધ અનંતજ્ઞઆની પુરુષોના વચનોની અવજ્ઞા અને ઉપેક્ષા કરી સળગતા સંસારમાંથી સુખનો છાયડો પ્રાપ્ત કરવા કૂદી પડીને બળીને ખાખ થઈ જઈએ છીએ.

અગ્નિના ઘરમાં રહેવાથી બળવાનું જ મળે છે, ઠરવાનું નહિ. કાજળની કોટડીમાં કાળા જ થવાય. ઉજળા નહિ. કતલખાને કપાવાનું જ થાય. સંસારનું સુંદર ફળો જેવું દેખાતું સુખ પાયમાલ કરનારું છે. એના કણ સુખમાં મણ દુઃખોની લંગાર ખેંચાઈ આવે છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૯,અંક-૨૬,તા.૧૪-૩-૧૯૮૧

## અખિલ મહારાષ્ટ્રીય જૈન શાસન રક્ષા સમિતિ તરફથી નિવેદન

### (ગુરુમંદિર, પગડબંધ લેન નાસિક-૪૨૨૦૦૧)

### અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ અંગે.

તા. ૨૦-૨-૮૧

અંતરીક્ષ તીર્થમાં દિગંબર ભાઈઓની દખલગીરી સંબંધમાં છેલ્લા કેટલાક મહિનાથી સર્વે રસ લઈ રહ્યા છે. આ વિષયમાં સંઘર્ષ પેદા કરવાનું કોઈ ન ઇચ્છે પરંતુ છેલ્લા મહિનામાં દિગંબર ભાઈઓ તરફતી જે પ્રકારનું ત્રાસનું વાતાવરણ તે તીર્થમાં ઉપસ્થિત કરવામાં આવ્યું છે તે ત્રાસના કેટલાક મુદ્દા અહીં રજુ કરીએ છીએ.

(૧) ત્રણ કલાકની પૂજા ભક્તિના આપણા કાયદેસરના વારામાં તેઓએ મોટી સંખ્યામાં દેરાસરજીમાં પ્રવેશ કરીને વારંવાર ખૂબ ધમાલ મચાવી છે. મંદિરમાં જાપ કરતાં સાધ્વીજી સુમતિશ્રીજીને એવા કોઈ સાધનથી પગમાં પુષ્કળ લોહી વહેવડાવ્યું છે. (જે અંગેનો તેમનો લખેલ પત્ર મુનિશ્રી ચંદ્રશેખર વિ.મ. પાસે છે.)

(૨) આ શાસનભક્તા સાધ્વીજી પદ્માવતીજીની મૂર્તિ સમક્ષ બેઠા હતા ત્યારે ત્યાંથી ઉઠાડવા માટે દિગંબર કહેવાતી બેનોએ કમ્મરમાં લાતો મારી છે, અને બીભત્સ ગાળો આપી છે.

(૩) આજથી ત્રણ દિવસ પૂર્વે તેમને (સાધ્વીજીને) બે કલાક સુધી મંદિરના બહારના ચોગાનમાં બેસાડી રાખવાની સજા પોલીસે કરી છે.



(૪) પ્રભુજીની પ્રતિમા ઉપર રહેલી કચ્છ-કંદોરાની શ્વેતામ્બરી નિશાનીને ઉખેડી નાખવાનો ઘૃણાજનક શસ્ત્ર પ્રયોગ કરવામાં આવ્યો છે.

(૫) પદ્માવતીજીની શાસ્ત્રનીતિની પૂજા કરવાની બાબત ઉપર તેઓ પોલીસને પોતાના પક્ષે લઈને યાત્રિકો સાથે વારંવાર બોલાચાલી વગેરે કરે છે.

(૬) પોલીસની તકલીફ પુષ્કળ પ્રમાણમાં વધતી જતી હોવાના સમાચારો આવતા રહે છે. અને સંસ્થાઓના શ્વેતામ્બર મૂ.પૂ. જૈન સંઘના તમામ અગ્રણી કાર્યકર, બંધુઓને અમારી ભલામણ છે કે તેઓ બીજી બાબતોને ગૌણ કરીને આ પ્રસંગ ગંભીરપણે વિચારે અને તે માટે યોગ્ય પગલા ભરે.

નહીં તો રેતીના બનેલા પ્રતિમાજીનું ખંડન થઈને એકાએક વિસર્જન થતાં કદાચ વાર નહીં લાગે એવી સ્થિતી અટકાવવા માટે કેટલાક પગલા અનિવાર્ય બની જાય. આ પ્રશ્ન માત્ર યુવાનોનો નથી !

સમગ્ર શ્રી સંઘનો છે, અને એજ રીતે અનેક ભાઈ-બેનોએ પોતાની શક્તિને કામે લગાડી છે. જે ભાઈઓ મૈત્રીની અને ન્યાયની વાતો કરે છે તે દિગંબર પક્ષને પણ તે વાત કરે તો સારું.

પ્રતિમાજી-સાધ્વીજી ઉપરના આક્રમણને આપણે કયાં સુધી શાંતીથી જોયા કરી શકીશું ?

અમો આપ સર્વેને વિનંતી કરીએ છીએ. આ કાર્યમાં આપણે વધારેમાં વધારે સહકાર્ય આપો.

લિ. **અખિલ રક્ષા સમિતિ, નાસિક**

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૯,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૧

● **અંતરીક્ષજી :** પૂ.મુ. શ્રી હેમરત્નવિજયજી મહારાજની નિશ્રામાં અત્રે તીર્થરક્ષાનું કાર્ય સુંદર થઈ રહ્યું છે. તીર્થરક્ષા નિમિત્તે પરમાત્માની પ્રતિમાજીની સામે પ્રતિદિન સવા લાખનો જાપ, સતત ૩-૩ અઠ્ઠમની આરાધના, આયંબિલનો તપ ઇત્યાદિ આરાધનાઓ ખૂબ ઉલ્લાસભેર થઈ રહી છે. પૂ. મુનિવરના તીર્થરક્ષા નિમિત્તે ખુમારી ઉત્પન્ન કરાવતા પ્રવચનો સાંભળીને શ્રોતાવર્ગ ગદ્‌ગદ થઈ જાય છે. પરમાત્માની પ્રતિમાજીને લેપ ન થાય ત્યાં સુધી કેરી બંધના નિયમો હજારોની સંખ્યામાં આજસુધીમાં લેવાઈ ગયા છે. રોજ પ્રવચનોમાં આ અંગેની પ્રેરણા સારી થાય છે. પૂજ્ય ગણિવર્ય શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ અંતરીક્ષજી પહોંચી ગયા

છે. પૂ.મુ. શ્રી ચન્દ્રકીર્તિવિજયજી મહારાજ પણ ડીગ્રસથી સંઘ લઈને અત્રે આવી ગયા છે.

બાકી દિગંબરોના અન્યાયી આક્રમણો હજી સુધી ચાલુ જ છે. અવારનવાર વ્યાખ્યાનાદિ સમયે બેંડ-વાજાના અવાજો, ને છોકરાઓ દ્વારા હો...હા...કરાવીને તે તે પ્રસંગો ડહોળવાના પ્રયત્નો તેઓ કરી જ રહ્યા છે.

ચૈત્રી ઓળીની આરાધના અત્રે સારી રીતે કરાવવાની કાર્યકર્તાઓની ભાવના છે. લલિતભાઈ ધામી પોતાની મંડળી સાથે અત્રે આવનાર છે. ભારતના સંઘોને વધુ ને વધુ સંખ્યામાં અત્રે યાત્રાર્થે પધારવાની વિનંતી કરવામાં આવી છે.

શ્રી લલિતભાઈની પૂજા-ભાવનાદિ ભક્તિરંગ જમાવટ અને પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજના જોશીલા તેમજ રસમય વ્યાખ્યાનો સાથે થનારી ચૈત્રી ઓળીની અત્રે આરાધનાનો રંગ અદ્ભુત હતો. તરણતારણ પરમાત્માની મૂર્તિ પર લેપની શરૂઆત ચૈત્ર સુદ-૧૩ ના દિવસે થવાની છે. તે દિવસે ૧૦૦૮ આયંબિલ, લાખો કરોડોની સંખ્યામાં જાપ, ચૈત્રી પુનમના દિવસે નવ લાખ પુષ્પો પર નવ લાખ નવકારનો સમૂહ જાપ, ભવ્ય વરઘોડો... ઈત્યાદિના આયોજનો વિચારાઈ રહ્યા છે.

તીર્થરક્ષાર્થે રોજના ૩-૩ અટ્ઠમ, આયંબિલ, જાપ આદિ ચાલુ છે. પૂ. સાધ્વીજી શ્રી વિપુલગુણાશ્રીજીને અટ્ઠમના પારણે અટ્ઠમ ચાલે છે. લગભગ ૭૧ જેટલા અટ્ઠમ થયા છે.

પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ. પોતાના ગુરુદેવ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. પર લખેલ પત્રમાં જણાવે છે કે "કૃપાળુ ! છાપામાં આવેલા ફોટા જોઈને જો આપણા મુનિઓ ત્યાં ચોધાર આંસુએ રડી પડતા હોય...તો...હે કૃપાળુ ! અહીં સાક્ષાત્ નજરોનજર જોનાર મારી દશા શી થતી હશે એ આપશ્રી વિચારશો. દેખવું અને દાઝવું એના કરતા મરવું વધુ સારું એવો ઘાટ મારો થયો છે.

કૃપાળુ ! આપ નહિ માનો પણ આપને જણાવું છે કે દિલ તૂટીને ટૂકડા થઈ જાય છે, મારો કલ્પાંત મારે ક્યાં ઠાલવવો ? હું ગોચરી રૂમના દરવાજા બંધ કરીને ચોધાર આંસુએ રડું છું, જ્યાં સુધી આ આક્રમણો ન અટકાવીએ ત્યાં સુધી જીવતર ધૂળ છે.

આજે પણ મારી વેદનાનો પાર નથી. આ વેદનાઓથી હું શરીરથી તૂટી તૂટીને ખલાસ થઈ રહ્યો છું !

છરીથી કાપી નાખેલા ભગવંતના ચરણના અંગુઠા, ખંજરોથી ખોદી કાઢેલા કચ્છ અને કંદોરા, છાતીમાંથી કોંચી કાઢેલ શ્રીવત્સ, ગરમ દૂધના પખાળોથી મૂર્તિમાં



ઠેરઠેર ચીરાઓ અને લાંબી તીરાડો, એક રાત્રિમાં ૨૦ ઉપસર્ગો ગુજારનારા સંગમ કે મહાવીર દેવની ધર્મકાયાની જે દશા કરી નાખી હશે તેના કરતાં યે ભયાનક દશા સ્થાપના નિક્ષેપે બિરાજેલ ૨૩મા તીર્થપતિની વર્તમાનમાં કરવામાં આવી છે.

ખેર ! હવે સમસ્ત શ્રી સંઘના પ્રચંડ પુણ્યોદયે લેપનો પ્રારંભ થશે અને આવતી-કાલે ફરીવાર પ્રભુ વધુ તેજસ્વી અને ઓજસ્વી બનીને રહેશે, અને સહુની રડતી આંખલડી ઠરશે કકળતી આંતરડી શાંત પડશે... આપશ્રીએ મને અત્રે મોકલી તીર્થરક્ષાના પ્રયત્ન કરવાની તક આપી એ આપશ્રીનો મહાન ઉપકાર માનું છું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૨૯,અંક-૩૩,તા.૨-૫-૧૯૮૧

**('મુંબઈ સમાચાર' તા. ૨૪-૪-૮૧ માંથી ઉદ્ધૃત)**

## શ્રી અંતરીક્ષજી તીર્થ : સાચું કોણ ?
## અદાલતથી આંદોલન સુધી શ્વેતાંબરો જ સાચા સાબિત

દિનાંક ૧૮ મી એપ્રિલ ૧૯૮૧ ના શનિવારના 'મુંબઈ સમાચાર' દૈનિકના પૃષ્ઠ બીજા પર 'દિગમ્બરોનું દૃષ્ટિબિંદુ' શિર્ષક હેઠળનું ભારતીય વર્ષીય દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટિનું નિવેદન વાંચ્યું. નિવેદનની વિગતો સત્યથી વેગળી છે. સત્યનો ઈતિહાસ આ પ્રમાણે છે.

એલચપુરના રાજા શ્રીપાળની વિનંતીથી શ્વેતાંબર આચાર્ય મલ્લધારી શ્રી અભયદેવસૂરિજીએ વિ.સં. ૧૧૪૨ ના મહા સુદ પાંચમના રવિવારે વિજય મુહૂર્તમાં આજના શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિષ્ઠા વિધિ કરી હતી. ત્યારબાદ આજે જ્યાં મંદિર અને આ મૂળનાયક છે તેનો ઈતિહાસ ગવાહ છે કે આજનું મંદિર શ્વેતાંબર મુનિશ્રી ભાવવિજયજી ગણિના ઉપદેશથી બંધાયું હતું અને તેમણે જ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમાજીની વિ.સં. ૧૭૧૫ના ચૈત્ર સુદ છઠના રોજ રવિવારે પ્રતિષ્ઠા કરી હતી.

પ્રતિષ્ઠાના સંદર્ભમાં સૌ કોઈ લાલ લીટી દોરીને નોંધી લે કે દિગંબર ભાઈઓએ આ તીર્થનો જે કંઈ ઈતિહાસ પ્રકટ કર્યો છે, તેમાં જિનપ્રતિમાજીની પ્રતિષ્ઠા ક્યારે થઈ અને કોણે કરાવી તેનો જરા પણ ઉલ્લેખ નથી. જ્યારે આજ પ્રતિષ્ઠાકારક શ્વે. મુનિશ્રી ભાવવિજયજી ગણિની ચરણ પાદુકાઓ આજે પણ આ તીર્થના મંદિરમાં, શ્રી મણિભદ્રજીની સ્થાપનાવાળા બીજા ભોંયરામાં વિદ્યમાન છે. એટલું જ નહિ તેમના નામો પણ શિલાંકિત થયેલા વાંચી શકાય છે.

આ પ્રતિષ્ઠા બાદ વિ.સં. ૧૭૪૬ માં શ્વેતાંબર મુનિ શ્રી શીલવિજયજીએ

અને વિ.સં. ૧૮૫૫માં શ્વેતાંબર આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિજીએ આ તીર્થની યાત્રા કરી હતી અને આ બંને શ્રમણોએ શ્રી અંતરીક્ષજી તીર્થનો મહિમા ગાતા સ્તવનો રચ્યા હતા. જે આજે પણ ઉપલબ્ધ છે.

આ પ્રતિષ્ઠા સમય અને સ્તવનોની જેમ તીર્થના હિસાબી ચોપડાઓ પણ એક જ વાત કહે છે કે શ્રી અંતરીક્ષજી તીર્થની માલિકી અને વહીવટ પહેલેથી જ શ્વેતાંબરોના હતા. વિ.સં. ૧૮૪૫ થી મળતાં હિસાબી ચોપડાઓ અમારા આ દાવાની પ્રતીતિ કરાવે છે. એ ચોપડાઓમાં તે સમયના વહીવટકારોના હસ્તાક્ષર આજે પણ સ્પષ્ટ વાંચી શકાય છે.

દિગંબર ભાઈઓ પોતાના પક્ષમાં અદાલતનો અહવાલો સન ૧૯૧૦નો આપે છે, પરંતુ અદાલતી ઇતિહાસનો પ્રારંભ સન ૧૯૦૩ થી થાય છે. તીર્થની પૂજા વ્યવસ્થા ત્યારે શ્વે. દેખરેખ હેઠળ પોલકરો કરતા હતા. આ પૂજારી પોલકર ભાઈઓએ તીર્થને પચાવી પાડ્યું ત્યારે અને શ્વેતાંબરોએ દિગંબર ભાઈઓનો સહકાર લઈને વાસીમ કોર્ટમાં પોલકર ભાઈઓ સામે ફોજદારી કેસ કર્યો. વાસીમ અદાલતે દિનાંક ૧૦ મી સપ્ટેમ્બર ૧૯૦૩ ના રોજ આ શબ્દોમાં ચુકાદો આપ્યો.

‘‘તમામ પુરાવાઓ આથી સ્પષ્ટપણે સાબિત કરે છે કે શ્વેતાંબરો સં. ૧૯૫૯ સુધી તેઓ કહે છે તેમ વિના અવરોધે એકલા જ આ સંસ્થાન (પેઢી)નો વહીવટ કરતા હતા અને તે સમય પહેલા દિગંબરોનો વહીવટમાં ભાગ્યે જ કોઈ હાથ હતો.’’ (આર.પી.પી.સી.આઈ. પૃષ્ઠ ૨૭૯)

આમ સન ૧૯૦૩ માં સર્વ પ્રથમ નામદાર વાસીમ અદાલતે મહોર મારી કે શ્રી અંતરીક્ષજી તીર્થનો તમામ વહીવટ શ્વેતાંબરોના જ હાથમાં હતો. આ ચુકાદાથી તીર્થ પોલકરો પાસેથી તેના મૂળ માલિકો શ્વેતાંબરો પાસે આવ્યું. આ બાદ સન ૧૯૦૫ અને સન ૧૯૦૯ માં શ્વેતાંબર અને દિગંબર ભાઈઓએ આપસમાં સમજીને તીર્થના પૂજાના સમય નક્કી કર્યા. એ સમયપત્રક આજે પણ અકબંધ છે.

સન ૧૯૦૮ માં દિગંબર ભાઈઓએ તીર્થમાં પોતાની પેઢી શરૂ કરી. આ વરસમાં શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમાજીને લેપ કરવાનો શ્વેતાંબર ભાઈઓએ નિર્ણય કર્યો ત્યારે દિનાંક ૧૩ મી ફેબ્રુઆરી ૧૯૦૮ ના રોજ કોઈ શખ્સે કે શખ્સોએ પ્રતિમાજીના અંગ ઉપરના મૂળભૂત શ્વેતાંબર ચિન્હો ‘કંદોરો અને કછોટો’ છેદી નાખ્યા. આથી શ્વેતાંબર ભાઈઓએ દિગંબર ભાઈઓ સામે આકોલાના એડીશનલ ડીસ્ટ્રીકટ જજની અદાલતમાં દાવો દાખલ કર્યો, આ દાવો આકોલાથી નાગપુરની વડી અદાલતમાં ગયો અને ત્યાંથી ઠેઠ પ્રિવિ. કાઉન્સીલ સુધી પહોંચ્યો.

નાગપુરની નામદાર વડી અદાલતે સન ૧૯૧૮ ના ચુકાદામાં જણાવ્યું કે



‘‘આ સંસ્થાનો વહીવટ અને વ્યવસ્થા કરવાનો હક્ક એકલા વાદી (શ્વેતાંબરો)ઓને જ છે એ વાત પુરવાર થઈ ગઈ છે. ન્યાયમૂર્તિઓને જણાયું છે કે આ પ્રતિમા શ્વેતાંબરીય હતી અને તેને કટીસૂત્ર અને લંગોટી હતા.’’

પ્રિવિ. કાઉન્સીલે પણ સન ૧૯૨૯ માં પોતાના ચુકાદામાં જણાવ્યું કે શ્વેતાંબરો આ મંદિર અને મૂર્તિના પૂર્વાપર અને પ્રત્યક્ષ વ્યવસ્થાપકો છે અને તેમના વહીવટનો અને વ્યવસ્થાનો હક્ક ‘‘એકસ્લ્યુઝીવ છે... દિગંબરો તરફથી આ મંદિરની માલિકી અને તેના વહીવટના મુદ્દા ઉપર રજુ કરવામાં આવેલા પુરાવાઓ ઉપર વિશ્વાસ મૂકી શકાય તેમ નથી... તેથી દિગંબરોની આ અપીલ ખર્ચ સાથે રદ કરવામાં આવે છે.’’

તીર્થની માલિકી અને વહીવટ અંગે અદાલતોના સ્પષ્ટ ચુકાદાઓ હોવા છતાં ય દિગંબર ભાઈઓએ તીર્થની જગામાં અનધિકૃત બાંધકામો કરવા શરૂ કર્યા. નિવેદનમાં ઉલ્લેખ કરાયો છે કે ‘‘દિગંબરોને મંદિરમાંથી બહાર કાઢવા માટે વારંવાર અસફળ પ્રયત્નો થતાં રહ્યા છે.’’ અમે કયારેય આવો પ્રયત્ન કર્યો નથી. અમારા હક્કો પર હંમેશાં દિગંબર ભાઈઓએ જ તરાપ મારી છે. આ અમે નહિ અદાલતોની રિમાર્ક કહે છે.

સને ૧૯૧૦ માં દાખલ થયેલ સિ.રિ. કેસ નં. ૧૫/૧૦ માં નોંધાયું છે કે, ‘‘આ બંને કેસમાં દાખલ થયેલા પુરાવાઓ ઉપરથી દેખાય છે કે દિગંબરો જ સદા સર્વકાળ આક્રમણખોરો છે.’’

એફ.એ. નં. ૨૮૭/૪૪ માં જણાવાયું છે કે, ‘‘દિગંબરીઓ, મારા મત મુજબ લડવા ખાતર લડે છે...’’

રીવીઝન કેસ નં. ૧/૫-૧૯૬૨ માં તો વિગતે સ્પષ્ટતા કરી છે કે ‘‘આવા મુદ્દાઓ ઉપર ઝઘડાઓ ઊભા કરીને તેઓ (દિગંબરીઓ) પોતાના હાથમાં કાયદો લઈને બેકાયદા સત્તાનો ઉપયોગ કરવા માગે છે કારણ તમામ અદાલતોમાં તેમના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા છે. પૂજા સિવાય બીજા અધિકાર દિગંબરોને નથી મળ્યા. આથી તેઓ ઉશ્કેરાયા છે અને આથી તેઓ આવી રીતભાત દ્વારા શ્વેતાંબરોના કાયદેસરના હક્કોમાં ગરબડો ઊભી કરવા માંગે છે.’’

સને ૧૯૦૩ થી આજ સુધી અદાલતોના તમામ ચુકાદાઓ અમારી શ્વેતાંબરોના તરફેણમાં છે. અંતરીક્ષજી તીર્થમાં શ્વેતાંબરોનો કોઈ કાયમી વસવાટ નથી. અમારાથી થાય ત્યાં સુધી દિગંબર ભાઈઓના આક્રમણ સહન કર્યા. હવે તેઓએ હદ કરવા માંડી છે.

અમારા શ્વેતાંબરોના સમયમાં પૂજા કરવાના સમયમાં દખલ કરવામાં આવે

છે. અમારા પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોનું અપમાન કરવામાં આવે છે. પ્રતિમાજીને નુકસાન પહોંચાડવામાં આવે છે. તેમના પ્રચાર સાહિત્યમાં શ્વેતાંબરોની અનેક પ્રકારે ધાર્મિક લાગણીઓને દુભવવામાં આવે છે ત્યારે કોઈ પણ ન્યાયપ્રિય વ્યક્તિ ચૂપ ન બેસી રહે.

તીર્થમાં શાંતિ સ્થપાય તે માટે પૂજ્ય મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજની નિશ્રામાં અમે દિગંબર આગેવાનો શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી અભયકુમાર કાસલીવાલ સાથે બબ્બે વખત શાંતી મંત્રણાઓ કરી. જિન પ્રતિમાની પવિત્રતા જાળવવા અને તીર્થમાં શાંતિ અને પવિત્રતા અકબંધ રાખવા અમે આગ્રહભરી તેઓને વિનંતી કરી. પરંતુ દિગંબર ભાઈઓ તીર્થ અને જિનપ્રતિમાની સંપૂર્ણ માલિકીનો આગ્રહ રાખી રહ્યા છે. શિખર મંત્રણામાં શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને કહ્યું હતું : ''૨૧ કલાક પુજાનો અમારો હક્ક છે. શ્વેતાંબરોને માત્ર ત્રણ જ કલાક પુજા કરવાનો હક્ક છે.''

અમે આ તબક્કે ભારપૂર્વક કહેવા માંગીએ છીએ કે અમને અમારા જે હક્કનું છે તે જાળવવામાં જ રસ છે. દિગંબરભાઈઓનું અમારે બીન હક્કનું કશું જ જોઈતું નથી. દિગંબર ભાઈઓ પ્રત્યે અમને કોઈ જ વેરભાવ નથી. અમને તીર્થમાં શાંતિ જોઈએ છીએ. અમારે તીર્થમાં પવિત્રતા જોઈએ છે. અદાલતોમાં કે અન્યત્ર લડવામાં અમને જરાય રસ નથી. મંત્રણા માટે અમારા દ્વાર ખુલ્લાં જ છે, પરંતુ ધાકધમકી, લાગવગ કે અન્ય સાધનોના જોરે અમારા કાયદાબાધિત હક્કોને ડુબાડવાનો પ્રયત્ન કરવામાં આવશે તો અમે અમારા પ્રાણનું પણ બલિદાન દેતાં નહિ અચકાઈએ અમને શ્રદ્ધા છે કે સત્યનો જ વિજય વાવટો આ તીર્થ પર લહેરાશે.

''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૨૯,અંક-૩૭,તા.૩૦-૫-૧૯૮૧

## અંતરીક્ષજી તીર્થનો વર્તમાન રીપોર્ટ

**તા. ૧૦-૫-૮૧**

● **શિરપુર :** આજે ૧૪૪મી કલમ પૂર્ણ થવાની હોવાથી દિગંબરોએ ગુંડાઓ અને શસ્ત્રો સહિતની તૈયારી કરી રાખી હતી. સવારથી જ આપણાં યુવાનો વગેરેને ઉશ્કેરવા તેઓ જાત-જાતનાં નુસખા અજમાવતા ગયા. દિવસ દરમ્યાન અનેકવાર સાધ્વી ભગવંતો સામે ચેનચાળા કરવા, ગાળો બોલવી વગેરે રીતે લડવાનું નિમિત્ત આપતાં હતા પરંતુ બપોરના ૧૧ાા વાગ્યા સુધી કાંઈ જ બન્યું નહીં.

ત્યારબાદ બપોરના લગભગ ૧૨ વાગે દિગંબરી માણસો આપણી ધર્મશાળા આગળથી પસાર થયા અને સામેથી ઝઘડો ચાલુ કર્યો. ગાળો જેમ ફાવે તેમ



બોલવા લાગ્યા. આ સમયે ઈન્સ્પેક્ટર પેટકર અને પોલિસો હોવા છતાં તેઓ કાંઈ જ બોલ્યા વગર તેમજ ઊભા રહ્યા.

આજે જૂની ધર્મશાળાનો કબજો મેળવવાનો દિગંબરોનો પૂરેપૂરો પ્લાન હતો. માર મારી બધાને ભગાવી ધર્મશાળા મેળવવાની પૂરેપૂરી તૈયારી હતી, ધર્મશાળામાં સાધ્વી ભગવંતો તેમજ કેટલાક યુવાનો રહેતા હતા.

પ્રથમમાં દિગંબરી ગુંડો સાધ્વી ભગવંત સુમતિશ્રીજી મ. સાહેબ પર લોખંડી ચેન મારવા ગયો ત્યાં તો આપણો પૂજારી ગંગાધર વચમાં પહોંચી ગયો. ચેન ગંગાધરના બરડામાં જોરદાર વાગી અને મારામારી ચાલુ થઈ ગઈ.

બાદમાં દિગંબરી ગુંડાઓએ લાકડીઓ લઈ મારામારી ચાલુ કરી, અને દિગંબર માણસોએ ધર્મશાળા ઉપર ચડી જઈ પથ્થરોનો મારો આપણા માણસો ઉપર કર્યો. આ સમયે આપણી સંખ્યા એકદમ મર્યાદિત હતી, અને દિગંબરોના ૭૫-૧૦૦ જેટલા ગુંડાઓ ઉપરાંત ૧૫૦-૨૦૦ જેટલા બીજા દિગંબરી માણસો ત્યાં હતા.

લાકડી અને પથ્થરોનો મારો ચાલુ થતાં આપણા ધર્મશાળા બહાર ઊભેલા યુવાનોને વિઘ્નહરના મંદિરમાં ભાગી જવું પડ્યું, કારણ કે એકદમ તેમના માણસો બીજી બે બાજુ પણ જમા થવા લાગ્યા. સાધ્વી ભગવંતોએ ધર્મશાળામાં ઘૂસી જઈ બારણાં બંધ કરી દીધા, કારણ કે પથ્થરોનો મારો ખૂબ જ ચાલતો હતો.

એટલામાં તો દિગંબરી ગુંડાઓએ ધર્મશાળામાં બારણાં પર મોટા મોટા વજનદાર પથ્થરોનો મારો ચાલુ કર્યો, બારણાં તૂટવા લાગ્યા. પહેલી રૂમમાંથી સાધ્વી ભગવંતોને બીજી રૂમમાં ચાલ્યા જવું પડ્યું. આ પથ્થરોના મારાથી સાધ્વી ભગવંતોના પાતરા તૂટી ગયા. અંદર ગોચરી હતી તે વેરણ છેરણ થઈ ગઈ. માટલા ફૂટી ગયા અને ઘણું બધું નુકસાન થઈ ગયું.

આ સમયમાં હેમરત્નવિજયજી મ. સાહેબ ધર્મશાળામાં આવી ગયેલા. દિગંબરી ગુંડાઓ અને તેમનો સરદાર ધર્મશાળામાં ઘૂસતા હતા, પરંતુ નરેન્દ્રભાઈ ખામગાંવવાળાએ દિગંબરી ગુંડાઓને ધર્મશાળામાં ઘૂસતા રોક્યા. સામનો કર્યો. નરેન્દ્રભાઈને ઘણી જગ્યાએ પથ્થરો અને લાકડીવાળાના લાકડીઓનાં ઘા વાગ્યા. બધા ગુંડાઓ અને તેમનો સરદાર ધર્મશાળામાં ઘૂસી ગયા અને મરચાંની ભુકી સાધ્વી ભગવંતો પર નાંખી. ગુંડાઓ બીજી રૂમમાં પ્રવેશ કરવા જતા હતા ત્યાં વચમાં જ સાધ્વી ભગવંતોના રક્ષણ માટે હેમરત્નવિજયજી મહારાજ સાહેબ ઊભા રહ્યા, નિર્લજ્જ અને ઘાતકી એવા આ દિગંબરોના ગુંડાઓએ હેમરત્નવિજયજી મહારાજ પર પણ હુમલો કર્યો. હેમરત્નવિજયજી મહારાજ સાહેબના હાથ ઉપર લાકડીઓ સખત રીતે વાગી.

આ સમયે બહાર ઊભેલા બીજા દિગંબરોના ગુંડાઓએ બીજી રૂમના બારણા તોડવા ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ રૂમની અંદરના યુવાનોએ બે બારણા દબાવી રાખ્યા. આથી કરીને તુટ્યા નહીં. આજે પરિસ્થિતિ એટલી બધી ગંભીર હતી કે કદાચ પાંચ-દસ લાશો પડી ગઈ હોત. દિગંબરો કોઈ પણ રીતના સંજોગમાં ધર્મશાળાનો કબજો લેવા જ માંગતા હતા.

પરંતુ શાસનદેવની કૃપા કે આટલા જ સમયમાં બીજા બે ઇન્સ્પેક્ટરો અને બંદુકધારી પોલીસ આવી ગઈ, તેમણે લાઠીચાર્જ ચાલુ કર્યો. બધા દિગંબરો ધર્મશાળામાં ઘૂસી ગયા અને શાંતિ પ્રવર્તી ગઈ.

આ મારામારી દરમ્યાન મુંબઈના ઝવેરભાઈ છેડાને માથા ઉપર અને હાથ ઉપર ઘણું જ વાગ્યું. નરેન્દ્રભાઈ ખામગાંવવાળાને પણ ઘણી જગ્યાએ પથ્થરો અને લાઠીઓના ઘા વાગ્યા. હેમરત્નવિજયજી મહારાજ સાહેબને હાથ પર સખત વાગ્યું. એક સાધ્વી ભગવંતને પગ પર સખત પથ્થર વાગ્યો, ઉપરાંત બીજા પણ આઠ-દસ જેટલા યુવાનોને પથરા અને લાકડીઓ વગેરેનો સખત માર વાગ્યો છે. સાધ્વી ભગવંતોને છેવટે ગોચરી પરઠવવી પડી.

દિગંબરોના કામોની હવે મર્યાદા આવી ગઈ છે. ગુંડાઓને બોલાવવા, પોલિસખાતામાં પૈસા ખવરાવી કામો પતાવવા વગેરે રીતે પૈસાના જોર પર અને દાદાગીરી અને ગુંડાગીરી પર આધારિત આ દિગંબરો હવે ખરેખર જીવનથી પણ નાગાં બની નાચી રહ્યાં છે. શ્વેતાંબર જૈન સંઘ જાગૃત નહિ થાય તો આ અંતરીક્ષ પાર્શ્વનાથ નહીં પણ સમગ્ર જૈન તીર્થો પર આફત આવવાની પૂરી સંભાવના છે અને આ માટે તેઓએ પૂરેપૂરી યોજનાઓ કરી રૂપિયા એક કરોડનું ધ્રુવ ફંડ કરી નાખ્યું છે. તેના વ્યાજ પર આ દિગંબરો બધા કામો કરી શ્વેતાંબરી સંપત્તિને જપ્ત કરવા માગે છે.

સૌ હવે પોતાનું લક્ષ્ય અંતરીક્ષ પાર્શ્વનાથ બનાવે. સૌ પોતાનું જીવન શાસન રક્ષા માટે અર્પણ કરે. જાગો... જાગો જૈનબંધુઓ તમે જાગો.

લી. લલિતભાઈ ધામી વતી, મહેન્દ્ર શાહ

**નોંધ :** સાધ્વીશ્રી રોહિતાશ્રીજી મ.સા.ની શિષ્યાઓ સાધ્વીશ્રી કૈવલ્યરત્નાશ્રીજી મહારાજ સાહેબને તથા સાધ્વીશ્રી દિપ્તીરત્નાશ્રીજી મહારાજ સાહેબને માર વાગ્યો છે.







## અંતરીક્ષજી તીર્થમાં સાધ્વીજીઓ ઉપર દિગંબરી ભાડુતી ગુંડાઓએ કરેલા ખૂની હુમલાને વિગતથી જણાવતો કાળજું કંપાવી દેતો સાધ્વીજીનો પત્ર

પ. પૂ. પરમોપકારી પરમદયાળુ, પરમકૃપાળુ, ઔદાર્યનિધિ, ધીર, ગંભીર ઈત્યાદિ અનેકાનેક ગુણગુણાલંકૃત પ.પૂ. પ્રાતઃસ્મરણીય ગુ.મ. શ્રી પુન્યપ્રભાશ્રીજી મ. તથા સા. પુન્યદર્શનાશ્રીજી આદિના પુનિત પાદપક્ષે-

ગઈકાલે લગભગ સવારના ૧૧ વાગ્યાના સમયે આપણા શિબિરના વિદ્યાર્થીઓ દેરાસરમાં સ્નાન પૂજા માટે ગયેલા, વ્યાખ્યાન ઉઠ્યા બાદ થોડો જ સમય થયેલો, ત્યાં આપણા દેરાસરમાં કોઈ માણસ ચંપલ પહેરીને દાખલ થયો. (નવા દેરાસર)ના પૂજારી વગેરેએ તેને બહાર જવા ઘણું કહ્યું, છતાં તે ન નીકળ્યો, તેથી પૂજારી ગરમ થયો તે સાથે જ પેલા માણસે લોઢાની સાંકળ ઘુમાવીને પૂજારીને માર્યો. આથી આપણા યુવકો જુસ્સામાં આવી ગયા અને ત્યાં જ મારામારીની શરૂઆત થઈ.

સામેના પક્ષવાળાને તો ત્રણ-ચાર દિવસથી ધમાલ કરવી જ હતી. પરંતુ હમણાં આપણી સંખ્યા અહીં સારી હતી તેથી તેઓ શાંત રહ્યા હતા. છઠની સાંજે વાતાવરણ શાંત હોઈ બહારગામથી આવેલી ગાડીઓ વગેરે રવાના થઈ તે તકનો લાભ ઉઠાવી સાતમની સવારે તેઓએ આ ન ધારેલો છાપો માર્યો, કે જ્યારે આપણા માણસો લગભગ ૫૦ની સંખ્યામાં માંડ હશે, અને તે પણ મોટા ભાગના તો દેરાસરમાં જ. તેથી તે લોકો પાસે પોતાના સંરક્ષણનું કોઈ સાધન પણ કયાંથી હોય ? અચાનક જ બુમરાણ સાથે તોફાનની શરૂઆત થઈ. વસંતપ્રભાશ્રીજી મહારાજ અને આપણું ગ્રુપ એમ આપણા બે ગ્રુપ જ અહીં નવી ધર્મશાળામાં, બાકી બધા ગ્રુપ જુની ધર્મશાળામાં હતા. સાધુ મહારાજ બહારની ધર્મશાળામાં હતા. ત્યાં જ જુની ધર્મશાળા અને દેરાસરમાં તોફાન શરૂ થયું અને આપણા માણસો... દોડો... દોડો... ડંડા લઈ દોડો... એવી ભયજનક ચીસો નાખતા અમારી ધર્મશાળામાંથી ભાગતા રવાના થયા.

મારા સિવાય બાકીના ચારેને મેં તુરત જ જુની ધર્મશાળામાં રવાના કર્યા. હેમરત્નવિજયજી મહારાજ પણ અમારી પાછળ જ તુરત જ ત્યાં આવ્યા. તે દરમ્યાનમાં તે લોકોનો તોફાની હુમલો વિફરવા માંડ્યો કારણ તેઓને તો તોફાન

કરવું જ હતું. તેથી તેમની બધી જાતની ફુલ તૈયારીઓ હતી. લગભગ ૧૦૦ થી ૧૫૦ ગુંડા અને ૩૦૦ ઉપર તેમના માણસો જ્યારે આ તરફ આપણા નિઃશસ્ત્ર અને ૧૦ થી ૧૫ વર્ષની વયના માત્ર ૨૫ આસપાસ ભુલકાઓ અને ૮ થી ૧૦ યુવાનો...! આટલી સંખ્યા આ શસ્ત્રધારી ગુંડાઓને કયાંથી પહોંચી શકે ?

એક તરફ દેરાસર પાસે તોફાન જામ્યું. આપણા થોડા માણસો સામના માટે ત્યાં રોકાયા અને ત્યાં જ, અહીં અમારી સાધ્વીજીઓની ધર્મશાળામાં ધમાલ શરૂ થઈ, તુરત માણસ ત્યાં ભેગુ થવા માંડ્યું. ત્યાં તો પથ્થરમારો શરૂ થયો. આપણા યુવકો પાસે વધુમાં માત્ર લાઠીઓ પણ ન હતી. જ્યારે સામાપક્ષવાળા પાસે પોણો મણથી મણ વજનની શીલાઓ, લાઠીઓ, તરવાર, છરી, ભાલા તથા સાણસા વગેરે લોખંડી હથિયારો... ખૂનખાર જંગ જામ્યો. તીર્થભૂમિ ક્ષણવારમાં તો જાણે રણભૂમિ બની ગઈ. અમોને ઓરડીના બારણાં બંધ કરી અંદર પૂરી દેવામાં આવ્યા. અંદર રહ્યા રહ્યા બારીમાંથી આ ફેંકાતા પથ્થરો જોઈ અમારા તો કાળજા કંપી ગયા. મોટાઓ ખમીરથી બારણાં તોડે નહિ માટે બારણાં પાસે જ જોર કરી ઊભા રહ્યા, સૌના મનમાં એમ જ કે બહાર તો આપણા માણસોની કેટલીય લાશો પડી ગઈ હશે. પરંતુ આ તોફાન ત્યાં જ ન અટક્યું. વિફરેલા તેઓએ આપણી ધર્મશાળાની અમારી ઓરડીઓના બારણાં તોડવા મોટી મોટી શિલાઓ ફેંકી. જુની ધર્મશાળાના ખખડેલ બારણાંઓ જરાવારમાં તુટી ગયા અને ગુંડાઓ વગેરે અમારી રૂમોમાં ધસી આવ્યા અને રૂમમાં પથ્થરમારો વગેરે શરૂ કર્યો ત્યાં સા.શ્રી ચંદનબાળાશ્રીના નાના બે સાધ્વીને ખૂબ વાગ્યું. એવામાં પૂ. હેમરત્નવિજયજી મહારાજ અમારી રૂમમાં દોડી આવ્યા અને બધા યુવકો અને સાધ્વી મહારાજ વગેરે રડતી આંખે તેઓને ખૂબ ખૂબ વાર્યા છતાં પણ તેઓ અડગતાથી કોઈનું સાંભળ્યા વિના બે રૂમની વચ્ચેની વચ્ચેના બારણાં કે જ્યાંથી ગુંડાઓ અમારી પાસે આવી રહ્યા હતાં ત્યાં વચ્ચે જ આવી બે હાથ પહોળા કરી અમારા સંરક્ષણ માટે ગોઠવાઈ ગયા. ત્યાં તેઓને પણ લોઢાના પાઈપો વગેરેથી તે લોકોએ માર્યા. અરે ! ઉપરથી ભાલો તેમના ઉપર નાંખ્યો કે જેની અણી ખોપરીમાં વાગતાં જ ખોપરી ફાટી જાય... પરંતુ આપણો એક યુવાન તે જોઈ ગયો અને તરત તેણે નીચે આવી રહેલાં તે અણીદાર ભાલાને લાઠી દ્વારા આડો ઉછાળી મુક્યો અને મહારાજજી બચી ગયા... ત્યારબાદ પણ તેમને લાઠી વગેરે માર્યા છતાં તેઓ ન ખસ્યા. અમને થયું કે હમણાં જ મહારાજ પર છરી હુલાવી આ લોકો અંદર ઘૂસી અમારો બધાનો ખાત્મો બોલાવી નાંખશે... પણ ત્યાં જ કોઈ અદશ્ય શક્તિ આપણને સહાયક ન બની હોય તેમ પોલીસો ખુલ્લી બંદુકે આવી પહોંચી અને તેની ત્રાડથી ગુંડાઓ વગેરે ધર્મશાળા વગેરે ખાલી કરી પોતાની ભોજનશાળામાં ઘૂસી ગયા અને અમે સૌ



મોતના મુખમાંથી જ આબાદ બચી ગયા. આપણા ત્રણ-ચાર ભાઈઓ તથા ચાર-છ સાધુ-સાધ્વીજીને લાઠી, પથ્થર વગેરે સારા પ્રમાણમાં વાગેલું છે તેઓને તુરત દવાખાને લઈ જઈ યોગ્ય ઉપચારો કરાવ્યા. પત્રમાં તો આ ઘટનાનું કેટલું વર્ણન કરું ? પરંતુ અમે જે નજરે જ આ રણ સંગ્રામ ખેલાતો જોયો છે તે જોતાં તો કાચી છાતીવાળાનું હાર્ટ ફેઈલ થઈ જાય તેવું જ આ દશ્ય હતું, છતાં દેવગુરુકૃપાથી ''શૂળીની શિક્ષા કાંટાથી સરી'' એ મુજબ સૌ બચી ગયાં છે અને ખુલ્લી વાત તો એ છે કે માર ખાતા ખાતા પણ આપણા સાધ્વીઓ કોઈપણ જાતનો પ્રતિકાર કર્યા વિના મરશું તો પણ ભલે પણ આ સ્થાન તો તમને ખાલી નહીં જ કરી આપીએ. એવા જુસ્સા સાથે આ રમખાણ વચ્ચે પણ અડગતાથી ત્યાં જ રહ્યાં, કોઈ ત્યાંથી ન ખસ્યું તે ન જ ખસ્યું.

રાત્રે પણ તે ગુંડાઓના અડ્ડાની નજીકની જ ધર્મશાળાના રૂમોમાં સાધ્વીઓ હિંમતભેર આખી રાત ત્યાં જ રહ્યાં. રાત્રે ખાસ તોફાન થયું નથી. આજ અત્યારે તેઓ તોફાનની ફુલ તૈયારીમાં જ છે. આજુબાજુ આકોલા, ખામગામ, લુણાર વગેરે સ્થળેથી આપણું ઘણું માણસ અહીં આવી ગયું છે. તેથી આજ આપણને થોડી હિંમત છે. તોફાન કઈ મિનિટે કેવું સ્વરૂપ લઈ સળગી ઊઠશે તે કલ્પનામાં પણ આવતું નથી. ખાવું, પીવું, સુવું બધું જાણે હરામ થઈ ગયું છે અને ચારે તરફના ભયના વાતાવરણની વચ્ચે જાણે રણમેદાનમાં જ બેઠા ન હોઈએ તેવું લાગે છે.

ગઈકાલે સાધ્વીજી મહારાજના પાણીના ખાલી અને ભરેલા ઘડાઓ-પાતરા-તરપણી-ઓઘાની દાંડી વગેરેની ઘણી તોડફોડ થઈ છે અને નુકસાન થયું છે છતાં આજ પણ તેઓ તે જ સ્થળે રહ્યા છે. હવે આજ અને આગળ શું થાય છે ? તે જોવાનું છે. આપણા ઠાણાઓ પણ હાલ ત્યાં જ છે.

આપ ચિંતા ન કરશો દેવગુરુકૃપાથી બધું શાંત થઈ જશે અને છતાં કાંઈ થશે તો સૌનું થશે... તે આપણું થશે...

**લિ. પ્રફુલ્લપ્રભાશ્રીજી (વૈ.સુદ આઠમ)**

''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૨૯,અંક-૪૧,તા.૪-૭-૧૯૮૧

(મહારાષ્ટ્ર ખામગાંવનું મરાઠી સાપ્તાહિક 'ખામગાંવ સમાચાર'માં તા. ૧૯-૬-૮૧ શુક્રવારના રોજ પ્રસિદ્ધ થયેલા શિરપુર (અંતરીક્ષ) સમાચારને ગુજરાતી ભાષાંતરરૂપે અહીં સાભાર રજૂ કરવામાં આવે છે.)

# શિરપુર તીર્થની મહાનતા.
# (અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થની મહાનતા)

ભારતીય સંસ્કૃતિમાં અતિ પ્રાચીન એવી ૧૧૮૭૦૦૦ વર્ષ પૂર્વે ભરાવેલી શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથજીની પ્રતિમાને લઈને આશરે ૭૫ વર્ષથી જૈન સમાજના બે પંથમાં (શ્વે. દિ.) વિવાદ ઉત્પન્ન થયો. આ વિવાદને શમાવવા માટે ન્યાયાલય દ્વારા ઉપાયો કરવામાં આવ્યા. તેના ફળ સ્વરૂપે ઈ.સ. ૧૯૨૩ પ્રિવી. કાઉન્સીલનો નિર્ણય આવ્યો. (૧) આ પ્રતિમા શ્વેતાંબરોની છે. (૨) ૧૮૪૭-૪૮ થી આ સંસ્થાની દેખરેખ (વહીવટ) કરવાનો અધિકાર માત્ર શ્વેતાંબરોનો છે. (૩) આ પ્રતિમાને લેપ કરવાનો અબાધિત અધિકાર શ્વેતાંબરોનો છે.

સન ૧૯૩૪માં લેપ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે દિગંબરભાઈઓએ અરજી કરી કે પહેલા કછોટો અને કંદોરાનું માપ નક્કી કરો. જેના ફળ સ્વરૂપે કંદોરો ૧ ઈંચ પહોળો અને કમરના એક છેડાથી બીજા છેડા સુધી વિંટળાયેલો રાખવો. લંગોટ ૧/૮ ઈંચ જાડાઈવાળો, શરૂમાં ૨ ઈંચ પહોળો અને અંતે ૨॥ ઈંચ પહોળો એવો બનાવવો. પરંતુ દિગંબર ભાઈઓ દ્વારા ઈ.સ. ૧૯૩૪માં કરવામાં આવેલા ઉપરોક્ત દાવા મુજબ એ તો જરૂર સિદ્ધ થઈ ગયું કે તેઓને કછોટાની અને કંદોરાની કોઈ ઈતરાજી ન હતી. ફક્ત એનું માપ અને એની વિશેષતાને નક્કી કરવી હતી.

ન્યાયાલયના આ નિર્ણયને અમાન્ય કરીને ઉચ્ચ ન્યાયાલયમાં ફરીથી કરાવાયેલી અપીલમાં સન ૧૯૪૮માં પૂર્વ નિર્ણયને જ માન્ય રાખીને તેઓની અપીલ ફગાવી દેવામાં આવી. આ નિર્ણય પછી દિગંબરભાઈઓ તરફથી વિવાદ વધારાતો ગયો. મતભેદનું પરિવર્તન મનભેદમાં થયું, અને અતિસ્ફોટક પરિસ્થિતિનું નિર્માણ થતાં કેટલુંક અનિષ્ટ પણ થયું. જે આખા જૈન સમાજના મૂળભૂત તત્ત્વને કલંકરૂપ હતું. આવી અવસ્થા જ્યારે ઉપસ્થિત થઈ ત્યારે આખા ય શ્વેતાંબર આચાર્યોએ આઠ મહિના પૂર્વે શિરપુર અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થમાં ચાલી રહેલા વિવાદને શાંતિપૂર્વક ઉકેલવાનો વિચાર કરીને પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબને આ કાર્ય કરવા માટેનો આદેશ અપાયો. આચાર્ય ભગવંતોના આદેશને શિરોમાન્ય કરીને તેમના આશીર્વાદ લઈને તેમજ સકળ શ્વેતાંબર સંઘની વિનંતીને માન આપીને આ વિવાદને શાંતિપૂર્વક ઉકેલવા માટે ગુરુદેવે દઢ નિશ્ચય કર્યો. વિવાદાસ્પદ સમસ્યાને ઉકેલવાની પૂર્વ ભૂમિકારૂપે ન્યાયતંત્ર દ્વારા અપાયેલા નિર્ણયો પર વિચાર કરવા અને બંને પક્ષના ૭-૭ સભ્યોને બોલાવીને મુંબઈમાં અંદર અંદર સમજૂતી કરવાનો પ્રયત્ન કર્યો પણ તે સફળ થયો નહિ.



કિન્તુ એક વાતનો નિષ્કર્ષ એ નીકળ્યો કે સ્થાનિક દિગંબરભાઈઓ પોતાની ભૂમિકા રજૂ કરવામાં પૂર્વગ્રહથી પીડિત છે, સમભાવથી આ વિવાદને ઉકેલવાના પક્ષમાં નથી, તેથી ગુરુદેવે પોતાના અતૂટ વિશ્વાસ, આત્મબળ અને શ્રદ્ધાની સાથે શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનના ચરણકમળમાં શિરપુરના સ્થાનિક દિગંબરભાઈઓને સમજાવવા તેમજ સ્થાનિક વ્યવસ્થાને પ્રત્યક્ષ નિહાળવાનો નિશ્ચય કર્યો અને અંતરિક્ષ પાર્શ્વનાથ શિરપુર વિહાર કરવાનો નિર્ણય કર્યો. મુંબઈથી શિરપુર જેનું ૭૫૦ કિલોમીટર અંતર છે. પગપાળા વિહાર કરતા પૂ. ગુરુદેવે બધા જ સમાજના સભ્યોને ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મના મૂળભૂત તત્ત્વોની વિશેષતા સમજાવવા દ્વારા વર્તમાન જીવનમાં સાચા અર્થમાં માનવ બનવાની પ્રેરણા કરી. 'માનવની વિશેષતા એની માનવતામાં છે.' એ સમજાવતા દરેક સમાજના શ્રીમંત વ્યક્તિને ભલામણ કરી કે દેશની ૩૮ કરોડ ગરીબ જનતાની ગરીબી દફનાવવા યોગ દાન આપે.

● **શિરપુરમાં પ્રવેશ :** તા. ૧૪-૬-૮૧ ના રોજ સવારે શિરપુર તીર્થના પ્રાંગણમાં શ્વે. સંઘના મુનિઓ અને હજારો અનુયાયીઓ સાથે શાંતિપૂર્ણ અને આનંદમય વાતાવરણમાં ગુરુદેવે પ્રવેશ કર્યો. શિરપુરવાસી બધા સમાજોના પ્રમુખો પૂ. ગુરુદેવને આવી મળ્યા; અને તેમના શાંતિ મિશનમાં વિશ્વાસ વ્યક્ત કરવા સાથે આ વિવાદને શાંતિથી ઉકેલવા માટે આશ્વાસન આપ્યું. સવારે ૭-૪૧ ના સમય પર શોભાયાત્રાની શરૂઆત થઈ. આ યાત્રામાં સ્થાનિક સમાજના અગ્રણીઓ અને શ્વેતામ્બર સમાજના અનુયાયીઓએ ભાગ લીધો. શ્રી શાંતિનાથ પ્રભુજીની પ્રતિમા રથમાં પધરાવીને ઘોડા-વાજીંત્ર અને નગારાના મધુર ધ્વનિથી મંગળ સ્તવન ગાતાં ગાતાં પોતાના અનુયાયીઓ સાથે શિરપુર ગામમાં પ્રદક્ષિણા કરીને ગુરુદેવે શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ મંદિરમાં પ્રવેશ કર્યો. ઝરૂખામાંથી પ્રતિમાજીના દર્શન સમયે ગુરુદેવ ભાવવિભોર થઈ ગયા અને આંખમાંથી આંસુ નીકળી ગયા ત્યારે તેમણે એવા ઉદ્‌ગારો કાઢ્યા કે,

**"અપરાધી અમે, અને સજા ભગવાનને ?"**

આ દર્દને પોતાના દિલમાં સમાવીને ઘણા ધૈર્ય સાથે બહાર પધાર્યા.

પૂ. ગુરુદેવશ્રી ચંદ્રશેખરવિજયજી, શ્રી હેમરત્નવિજયજી, શ્રી જયચંદ્રવિજયજી અને સાધ્વીશ્રીજીની નિશ્રામાં આકોલાથી શિરપુરના છ'રી' પાળતાં સંઘની પૂર્ણાહુતિની વિધિ થઈ. આ સમારંભમાં અનેક શહેરોમાંથી પધારેલા હજારો ભાવિકો અને સ્થાનિક સમાજના અગ્રણીઓ હાજર હતા. ઉપસ્થિત સમુદાયને સંબોધન કરતા શ્રી

હેમરત્નમહારાજ સાહેબે ગુરુદેવના ગુણાનુવાદ કરતા કહ્યું કે ચન્દ્રશેખર મહારાજ સાહેબે પોતાના જીવનમાં અનેક વિવાદાસ્પદ પ્રશ્ન પોતાની આગવી શૈલીથી ઉકેલ્યા છે. સભા મંડપમાં લગભગ ૭ હજારના સમુદાય સમક્ષ ગુરુદેવશ્રી ચન્દ્રશેખર મહારાજે પોતાના અંતરની વ્યથાને વાચા આપતા કહ્યું કે 'પ્રત્યેક માનવની પાસે પોતાનો અંતરીક્ષ આત્મા એ જ સૌથી મોટું તીર્થ છે અને સૌથી પહેલા એની રક્ષા કરવી જોઈએ. પરંતુ આત્મારૂપી તીર્થની રક્ષા કરવા માટે થોડુંક એવું વાતાવરણ જોઈએ કે જ્યાં પોતાની આંતરિક ભાવનાઓ જાગૃત થઈ, આ કાર્યમાં મદદ કરી શકે અને એ માટે જીવનમાં બાહ્યતીર્થોનું પણ એટલું જ મહત્ત્વ છે. અગર આપણા આત્માના તીર્થની રક્ષા કરવી છે તો આપણે આ તીર્થની રક્ષા કરવી પડશે.

આ તીર્થભૂમિ કે જ્યાં આપણે નિર્વિકાર થઈને આપણા આત્માની શુદ્ધિ કરી શકીએ છીએ. આપણા જીવનમાં ઘણું મહત્ત્વ ધરાવે છે. આમ તો દરેક તીર્થભૂમિને પછી ચાહે કોઈ પણ ધર્મની હોય પોતાનો ઇતિહાસ હોય છે અને એની સાથે પૌરાણિક સંસ્કૃતિના અનેક ઉદાહરણો સંકળાયેલા હોય છે. એના કારણે તે ભૂમિના પ્રાંગણના અણુ-પરમાણુઓમાં એટલી શક્તિ હોય છે કે ત્યાં આવેલા આત્માની સિદ્ધિ થઈ શકે. તીર્થભૂમિમાં જવાથી આત્મશુદ્ધિની પ્રેરણા મળે છે. મનુષ્ય પોતાના જીવનમાં થયેલા અનેક અનૈતિક હારમાળાને યાદ કરીને તેનાથી બચવા પોતાના આત્મબળને જાગૃત કરી શકે છે અને તેથી જ તીર્થભૂમિ ક્યાંય બનાવી શકાતી નથી કે બની શકતી નથી. ઇતિહાસના પાના પલટતા ગુરુદેવે પોતાના વિચાર પ્રગટ કરતાં કહ્યું કે ઉપલબ્ધ જૈન શાસ્ત્રો મુજબ આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા આ મંદિરના નીચેના ભાગમાં શ્રી અભયદેવસૂરિ મહારાજે અને આજે પ્રતિમાજી જ્યાં બિરાજમાન છે ત્યાં ૪૦૦ વર્ષ પૂર્વે મુનિશ્રી ભાવવિજયજી મહારાજે કરી હતી. અનાદિકાળથી શ્વે. પંથ દ્વારા ચાલી આવતી વ્યવસ્થાને ૭૫ વર્ષ પૂર્વે દિગંબરભાઈઓએ સમાજ સમક્ષ વિવાદનું રૂપ આપ્યું. એના પર ગુરુદેવે વિચાર વ્યક્ત કરતાં કહ્યું કે વિવાદને ઉકેલવાના ૪ પ્રકાર સંભવિત છે.

(૧) **ગુંડાગીરી** કરીને વિવાદને કચડી શકાય છે જે માટે શ્વેતાંબર મતના અનુયાયીઓ બિલકુલ તૈયાર નથી. (૨) **ન્યાયતંત્ર** દ્વારા... ન્યાયતંત્ર દ્વારા મળેલા ન્યાયને માન્ય કરીને બંને પંથોએ પોતપોતાનો વિચાર પ્રસ્તુત કરેલા દાવાઓનો જલદીમાં જલદી ઉકેલ લાવવામાં ન્યાયતંત્રને મદદ કરવી. તેઓએ ખાતરી આપી કે શ્વેતાંબર પંથને મળેલો ન્યાય અનુચિત જાહેર કરવામાં આવશે તે જ ક્ષણે અમે આ તીર્થને દિગંબરભાઈઓને સોંપી દેવા તૈયાર છે. (૩) **પરસ્પર સમજૂતિ...** બંને



પક્ષના અનુયાયીઓ આપસમાં બેસીને જૈન ધર્મના મૂળભૂત તત્ત્વોની રક્ષા માટે પરસ્પર મતભેદ ભૂલીને આજસુધીમાં મળેલા ન્યાયને માન્ય કરે. (૪) **આંતરિક સૂક્ષ્મબળને જાગૃત કરીને...** એના પર પોતાના વિચાર પ્રગટ કરતાં તેઓએ કહ્યું કે આપણું આત્મબળ તપ-જપ-અનુષ્ઠાન દ્વારા જાગૃત કરીને કરવાથી આ વિવાદનો શાંતિમય રીતે ઉકેલવાનો માર્ગ આપણે મેળવી શકીશું. જૈન સંસ્કૃતિની વિશાળતા ધ્યાનમાં રાખીને બંને પક્ષે વિવાદ બંધ કરી વરિષ્ઠ ન્યાયાલયનો ચુકાદો માન્ય કરી ૨૦-૨૦ લાખ રૂપિયા વિવાદમાં ન વેડફી નાખતાં સરકારની મદદથી ૪ કરોડની કિંમતનો ઉદ્યોગ આ ક્ષેત્રમાં સ્થાપિત કરવો અને હજારો જરૂરિયાતવાળી વ્યક્તિઓને કામ આપીને મદદ કરીને શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ પ્રભુની ઉપાસના કરાવી શકીએ છીએ. અગર જો આમ થયું તો સંસારના દરેક ધર્મ પ્રેમીઓને નવો રાહ બતાવીને બંને પંથના લોકો આ સભા મંડપમાં એકત્રિત થઈ સ્વામિવાત્સલ સમારોહ ઊજવી શકે છે. આ શુભેચ્છા હું મારા વડીલો સર્વ આચાર્ય ભગવંતોના આદેશ અને સમસ્ત શ્વેતાંબર પક્ષના અનુયાયીઓને સર્વમાન્ય પ્રતિનિધિની રૂએ હું કહી રહ્યો છું. એના પર હવે દિગંબરભાઈઓએ વિચાર કરવાનો છે.

સ્થાનિક દિગંબરભાઈઓને અનુરોધ કરતા કહ્યું કે તમોએ મારું સ્વાગત અનુચિત પ્રચાર (પોસ્ટરો)થી કર્યું તો હું ખાતરી આપું છું કે હું ક્યારે પણ દિગંબર મહાત્માઓ કે દિગંબરભાઈઓ સાથે આવો વ્યવહાર હું નહિ કરું.

**વીરસૈનિક :** 'વીરસૈનિક' શબ્દનું પૃથક્કરણ કરતાં ગુરુદેવે કહ્યું કે આમ તો જૈન સમાજમાં જન્મ લેનાર વીરસૈનિક બની ચૂકે છે. વીરસૈનિકનું તાત્પર્ય એ છે કે પોતાની આંતરિક વાસનાઓ સાથે સંઘર્ષ ખેલી વિજયી બનવું. તેથી દિગંબરભાઈઓને મારી વિનંતી છે કે શબ્દનો ખરો અર્થ સમજી તેને વિકૃત સ્વરૂપ ન આપે. હું ઇચ્છું છું કે આખા ય ભારત વર્ષમાં વધારે ને વધારે સંખ્યામાં વીરસૈનિકો બને. મારું શાંતિમિશન તથા શિરપુર તરફ વિહાર કરવાના સમયે જ્યારે મેં મુંબઈથી વિહાર શરૂ કર્યો ત્યારે મારી સાથે શ્વેતાંબર પંથના હજારો અનુયાયીઓએ મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી શ્રી અંતુલેજીના નિવાસ સ્થાન પર તેમની મુલાકાત લઈને તેમને શ્વેતાંબર પંથે તૈયાર કરેલું આવેદનપત્ર આપ્યું. શ્રી અંતુલેજીએ મને, મારા શાંતિમિશનને તથા વિહાર દરમ્યાન સરકાર તરફથી સંપૂર્ણ સહકારની ખાતરી આપી અને હું તેને સાકાર થયેલી જોઈ રહ્યો છું. તે માટે મહારાષ્ટ્ર સરકાર ધન્યવાદને પાત્ર છે.

આપ સર્વેને મારે કહેવું છે કે તમે બધા શાંતિપૂર્વક અહિંસાનું પાલન કરો અને સત્ય પર ટકી રહો, હંમેશાં સત્યનો વિજય થાય છે. - ધન્યવાદ.

## અંતરીક્ષજી અંગે પારસી Ex. D.S.P. કે.પી. દારૂવાળાનો અભિપ્રાય.

● **ભરૂચ :** અત્રે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ વિશાળ પરિવાર સાથે પધારતાં સંઘમાં આનંદ પ્રસરી રહ્યો. એઓશ્રીએ સુરતના રિટાયર્ડ પારસી ડી.એસ.પી. શ્રી કે.પી. દારૂવાળાને પત્ર દ્વારા અંતરીક્ષજી તીર્થ માટે સલાહ સૂચન માટે મળવાની ઈચ્છા પ્રદર્શિત કરતાં, દારૂવાળા સાહેબે ભરૂચ આવી મળવાની ખુશી બતાવી અને સુરતના જૈન એડવોકેટ શ્રી મહેન્દ્રભાઈ વગેરે સંભવિત ગૃહસ્થો એઓને પોતાની કારમાં ભરૂચ લઈ આવ્યા. ડૉ. સુરેશભાઈ વગેરેએ એમનું સ્વાગત કર્યું અને પૂજ્યશ્રી પાસે લઈ આવ્યા. પૂ. આચાર્યદેવશ્રીએ અંતરીક્ષજી તીર્થની માહિતી આપી બતાવ્યું કે આ તીર્થ અંગે શ્વેતાંબરોના પ્રાચીન શાસ્ત્રોમાં ઉલ્લેખ મળે છે, ઇતિહાસ મળે છે, જ્યારે દિગંબરો પાસે એમાંનું કશું નથી. છતાં છેલ્લા સોએક વરસથી દિગંબરો ઝગડા કરે છે, અંતરીક્ષજીમાં માત્ર દિગંબરોની જ હાલ વસ્તી હોવાથી શ્વેતાંબરોના મંડપ ધર્મશાળા વગેરે કબજે કરી બેઠા છે. આ ઝઘડામાં શ્વેતાંબરોએ ઠેઠ પ્રીવી. કાઉન્સીલમાંથી જજમેન્ટ મેળવેલું છે. એમાં આ તીર્થ શ્વેતાંબરોની માલિકીનું જ હોવાનું મૂર્તિ શ્વેતાંબરીય હોવાનું તથા બધા વ્યવસ્થા હકો શ્વેતાંબરોના હોવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે. એમ કહીને શ્રી દારૂવાળાને જજમેન્ટના ફકરાઓ વાંચવા આપ્યા. દારૂવાળા સાહેબે ધ્યાનથી વાંચ્યા. વાંચીને કહ્યું કે આ જજમેન્ટ તો તીર્થ શ્વેતાંબરોની માલિકીનું જ કહી રહ્યું છે. પછી એમને વર્તમાનમાં દિગંબરીય માણસો તરફથી સાધુ સાધ્વીઓ ઉપર જે જીવલેણ પત્થર લાઠીઓના ઘા ઝીંકવામાં આવેલા વગેરે બ્યાન આપ્યું. આ બધું સાંભળીને દારૂવાળા સાહેબે આમાં શું થઈ શકે એના કિંમતી સૂચનો આપ્યા, તેમજ પોતે શી શી રીતે સહાય કરી શકશે તે પણ બતાવ્યું અને પોતે પૂજ્યશ્રીને કહે, 'ભવિષ્યમાં જ્યારે કાંઈ જરૂર પડે ત્યારે મને ખુશીથી જણાવજો.'

● **અંતરીક્ષજી :** પ્રખર વ્યાખ્યાતા પૂ.મુ. શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજનો અત્રે જેઠ સુદ-૧૨ ના રોજ ભારે દબદબાપૂર્વક ભવ્ય પ્રવેશ થઈ ગયો. આકોલાથી તેમની નિશ્રામાં નીકળેલ સંઘના ૫૦૦ ભાગ્યશાળીઓ સાથે ગામે-ગામથી પધારેલા બીજા ૫ થી ૬ હજાર ભાઈઓ આ પ્રવેશ દિને હાજર હતા. શિરપુરના સ્થાનિક જૈનેતર ભાઈઓ પણ આ પ્રવેશમાં પૂર્ણ સહકાર આપવાપૂર્વક સાથે રહ્યા. સામૈયું ઊતર્યા બાદ દેવાધિદેવ શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવંતના દર્શન કરતાં કરતાં પૂ. મુનિશ્રી રડી પડ્યા. શરૂઆતનું પ્રવચન ૦। કલાક પૂ.મુ. શ્રી હેમરત્નવિજયજી મહારાજે કર્યું. ત્યારબાદ લગભગ ૧॥ કલાક પૂ.મુ. શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનું



ભારે અસરકારક પ્રવચન થયું. સાંભળનારા ભારે પ્રભાવિત થયા.

● **રાતામહાવીરજી :** પૂ.મુ. શ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં રાતા મહાવીરજીમાં તા. ૨૯-૫-૮૧ થી તા. ૧૦-૬-૮૧ સુધી શિબિર થયેલ. જેમાં ૩૭ ગામના ૧૯૮ વિદ્યાર્થીઓ હતા. શિબિર દરમ્યાન ૭૧૨૫ સામૂહિક સામાયિક, ૨૫ શિબિરાર્થીઓએ સિનેમા ત્યાગ, ૪૧ શિબિરાર્થીઓએ કંદમૂલ ત્યાગ, ૩૧ શિબિરાર્થીઓએ રાત્રિભોજન ત્યાગ, ૬૧ શિબિરાર્થીઓએ સપ્ત વ્યસન ત્યાગના નિયમો લીધા. કેટલાક વિદ્યાર્થીઓએ ૫ વર્ષમાં ૫૦૦ બેસણાં, ૯ લાખ નવકારજાપ, મા-બાપને પ્રણામ, નિત્ય પૂજા-દર્શન વગેરે નિયમો સ્વેચ્છાએ કરેલ. ૨૧ સંઘપૂજન થયા. લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને ૫ ગોલ્ડમેડલ, પૂજાની જોડો, પૂજાપેટી વગેરે આપવામાં આવેલ. વિદ્યાર્થીઓમાં આચાર સંસ્કરણ સારું થયું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** **વર્ષ-૨૯,અંક-૪૨,તા.૧૧-૭-૧૯૮૧**

## અંતરીક્ષજીમાં પ્રવેશ વખતે પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનું મંગળ પ્રવચન

**अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेन बज्झओ ।**
**अप्पणामेवमप्पाणं जिणित्ता सुहमेहए ॥**

અનંત ઉપકારી શાસ્ત્રકાર પરમર્ષિઓએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવ્યું છે કે, "હે આત્મન્ તું શાની યુદ્ધની વાત કરે છે ? યુદ્ધ કરવું છે તો તારા આત્મા સાથે યુદ્ધ કર. તું તારા આત્માને જ તીર્થભૂત બનાવી પરામાધ્ય મોક્ષપદને પ્રાપ્ત કર."

આત્મા એ જ તીર્થસ્વરૂપ છે. પણ અનાદિકાળથી તેની ઉપર થયેલા રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, નિંદા વગેરેના આક્રમણોએ આત્મા તેની તારકતા પવિત્રતા ગુમાવી બેઠું છે. નથી તે તરી શક્તો, નથી તે બીજાને તારી શકતો.

જેમણે જેમણે રાગદ્વેષ કામ કષાય વિકારના હુમલાને ખાળ્યા છે તે સર્વ મહાત્માઓ સાધુઓ તીર્થ છે. સાધુઓ હાલતા ચાલતા તીર્થો છે. કારણ સાધુના સત્સંગમાં આવવાથી કામીઓના કામ ક્રોધીઓના ક્રોધ ખલાસ થઈ જાય છે. તેઓ સ્વયં તરે છે, અને બીજાને તારે છે.

માત્ર સાધુ જ નહીં પણ એવું કોઈ સ્થળ, જગ્યા કે ભૂમિ જેના સ્પર્શમાત્રથી આપણા કામ, ક્રોધ, માન, માયા ખલાસ થઈ જાય તે પણ તીર્થ છે. તે તીર્થની પ્રત્યેક જમીન પવિત્ર ગણાય છે. માટે જ ત્યાં અઢાર પાપોને આચરવાની મનાઈ છે. પાન -બીડી સિગારેટ પીવાની પણ મનાઈ છે.

આપણા અંદરના તીર્થોને 'ચાર્જ' કરવાની તાકાત આ તીર્થોની પવિત્ર ભૂમિમાં હોય છે. અહીં સંસારી જીવોની વાસનાઓ ખલાસ થાય છે. આવા તીર્થોનું મૂલ્ય આંકી ન શકાય તેટલું વધી જાય છે માટે કોઈના કહેવાથી આ તીર્થ બીજાને સોંપી ન દેવાય.

ગાંધીજીના ચશ્માની હરાજી થઈ શકતી નથી તેની જો હરાજી બોલાવાય તો મામૂલી કિંમતના એ ચશ્મા લાખોમાં વેચાય. પણ ભારત સરકાર તેની હરાજી કરી ન શકે કારણ તે વિશિષ્ટ વ્યક્તિના ચશ્મા છે.

પવિત્ર પરમ તીર્થ એ કાંઈ સોદાબાજીની ચીજ નથી. કોઈ કહે કે 'હું વીસ લાખ રૂપિયા આપી દઉં તમે બીજું તીર્થ બનાવી લો.' ભાઈ પૈસાથી આવા તીર્થો બનતા નથી, બનાવી શકાય પણ નહીં.

ચીન સાથેના યુદ્ધમાં તણખલું પણ ન ઉગે તેવી ગુમાવેલી જમીન માટે નહેરૂએ ઉપેક્ષા કરતાં નહેરૂને મહાવીરત્યાગીએ સાફ સંભળાવી દીધું કે 'જો તણખલું ય ઉગે નહીં એવી આપણી જમીન બીજાને સોંપી શકાતી હોય તો મારા માથામાં એક પણ વાળ ઉગતો નથી, તો શું મારું માથું ઉતારીને બીજાને સોંપી દેવું ?'

પ્રત્યેક ઈંચ જમીન તે તીર્થ છે. સોંપી દેવાની વાત સત્ત્વહીન કરે. ડોશી મરે તેની ચિંતા નથી, જમ ઘર ભાળી જાય તેની ચિંતા છે.

આજે મારો શ્રી અંતરીક્ષજી તીર્થમાં પ્રવેશ થયો છે. મારું મિશન શાંતિનું છે. મારે તમને ઘણી ઘણી વાતો કરવાની છે. મને પૂરેપૂરો સાંભળીને પછી જ કોઈપણ અભિપ્રાય બાંધજો.

છેલ્લા ૭૫ વર્ષથી આ તીર્થ માટે શ્વેતાંબર અને દિગંબર ભાઈઓ વચ્ચે ઝઘડો ચાલે છે.

કોઈપણ પ્રકારના ઝગડાનો નિર્ણય ચાર પ્રકારે લેવાય.

(૧) પહેલો પ્રકાર છે મારામારી-ગુંડાગીરીનો.

કોઈપણ સંજોગોમાં હું આ માટે તૈયાર નથી. મારા વિરુદ્ધ છાપાઓમાં ઘણો જ પ્રચાર થયો છે. પ્રવેશ અટકાવવા માટેના ઘણા પ્રયત્નો પણ થયા. જે શાંત અને ઉલ્લાસમય વાતાવરણમાં પાંચ હજાર માણસો સાથેનો પ્રવેશ થયો તે બતાવે છે કે આપણને આ મારામારીનો પ્રકાર માન્ય નથી.

(૨) બીજો ઉપાય છે ન્યાય દ્વારા ફેંસલો લાવવાનો.

જો આ તીર્થ કોર્ટો દ્વારા શ્વેતાંબરોનું સાબિત થતું હોય તો શ્વેતાંબર સંઘે તેની રક્ષા કરવી જ રહી.

જૈન ધર્મના દ્વેષી એવા અજયપાળના રાજયમાં કપર્દી મંત્રીએ માત્ર એક



ચાંદલા ખાતર પોતાનું બલિદાન આપી દીધું. જીવન ભુંસાઈ ગયું. પણ ચાંદલો અમર રહ્યો. અરે ! એક અવિધિ ખાતર પણ કોર્ટે ગયાના દાખલા જૈન ઈતિહાસમાં છે.

આબુના દેલવાડાના દહેરાસરમાં એક અંગ્રેજ અફસર પૂજારીની મનાઈ છતાં જોડા પહેરીને અંદર ગયો. કસ્તુરભાઈ શેઠના પિતાશ્રી લાલભાઈને ત્યાં આ વાતની ખબર પડતાં જ તે અંગ્રેજ અફસર ઉપર કેસ કર્યો. કોર્ટને સાફ સુણાવી દીધું કે 'આ યોગ્ય નથી થયું. અમારી ધાર્મિક લાગણી દુભાઈ છે.' જજ લાલભાઈની નીડરતા ઉપર ખુશ થઈ અંગ્રેજ અફસરને નાનકડી પણ સજા કરે છે.

**ઈતિહાસ :-**

આ અંતરિક્ષ પાર્શ્વનાથની મૂર્તિ લગભગ ૧૧ લાખ ઉપરાંત વર્ષો જુની છે. મહારાજા રાવણના સમયમાં તે બનેલી. આ વાતને દિગંબરોએ પણ માન્ય કરી છે. મહારાજા રાવણના બે સેવક ખર અને દૂષણને જિનેશ્વર ભગવાનની પૂજા કર્યા સિવાય અન્ન-જળ ન લેવાની પ્રતિજ્ઞા હતી. એકવાર હિંગોલી તરફની મુસાફરીમાં ખર-દૂષણના સેવકો પ્રતિમાજી લાવવાનું ભૂલી ગયાં. તાબડતોબ તેમાંથી એકે રેતીમાંથી પ્રતિમાજી બનાવ્યા. ઉપરથી માટીનું પ્લાસ્ટર કર્યું. ખર અને દૂષણે પૂજા કરી પણ વાત છૂપી ન રહી. રેતીના બનાવેલા એ પ્રતિમાને ખર-દૂષણે મંત્રવિદ્યા વડે વજ્ર જેવા બનાવી દીધા અને હિંગોલી બાજુના તળાવમાં તે પ્રતિમાજીને વિધિસર પધરાવી દીધા. ૧૧ લાખ ૮૬ હજાર વર્ષ સુધી દેવલોકના દેવોએ તળાવમાં સ્થિત આ પ્રતિમાજીની પૂજા કરી.

લગભગ એક હજાર વર્ષ પહેલાં હિંગોલીમાં શ્રીપાળ કરીને એક રાજા થઈ ગયો. તેને થયેલા શરીરદાહથી તે અત્યંત ત્રાસી ગયો હતો. દાહ અને અનિદ્રાથી કંટાળીને તે એક વખત ફરવા નીકળ્યો. જે તળાવમાં પ્રતિમાજી હતા ત્યાં તે નહાવા પડ્યો. સ્નાન કરીને મહેલે પહોંચીને ઘસઘસાટ ઊંઘી ગયો. મહિનાઓના દાહ અને અનિદ્રા દૂર થઈ ગયા. પ્રતિમાજીના પ્રભાવે તળાવનું પાણી પણ અત્યંત પવિત્ર થઈ ગયું હતું. હિંગોલીના રાજાએ અઠ્ઠમ તપ કરી પદ્માવતી દેવી પાસેથી તે પ્રભાવક મૂર્તિ મેળવી અને અભયદેવસૂરીશ્વરજીએ તેની પ્રતિષ્ઠા કરી. તે વખતે પ્રતિમાજી નીચેથી એક ઘોડેસવાર નીકળી જાય તેટલા તે પ્રતિમાજી આકાશમાં અદ્ધર હતા.

આજથી લગભગ ચારસો વર્ષ પહેલાં ભાવવિજયજી નામના શ્વેતાંબરી મૂર્તિપૂજક મહારાજ સાહેબ થઈ ગયા. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. તેમણે ગુરુદેવને પોતાની વેદના જણાવી. ગુરુદેવે અંતરીક્ષ પાર્શ્વનાથનો જાપ કરવા કહ્યું. ત્યારબાદ અંતરીક્ષજી તીર્થમાં દર્શનાર્થે પધારેલ આ મુનિરાજશ્રીની પ્રતિમાજીના પ્રભાવે આંખો

આવી ગઈ. આજુબાજુના ગામમાંથી આવેલા લોકોએ ફંડ ભેગું કરી નવું મંદિર બનાવ્યુ. જ્યાં આ પ્રતિમાજી પોતાની મેળે જ પધારી એક આંગળ અદ્ધર રહ્યા. આજે પ્રતિમાજી માત્ર કપડું નીકળી શકે તેટલા અદ્ધર રહ્યા છે.

આવા ચમત્કારી પ્રતિમાજી માટે છેલ્લા ૭૫ વર્ષોથી દિગંબર ભાઈઓ આપણી સાથે ઝઘડો કરે છે. માટે દિગંબર ભાઈઓની વાત પણ સમજવી છે. જો તેઓ નહિં આવે તો સામે પગલે હું તેમની પાસે જવાનો છું. એક દી એવો આવે કે સુયોગ્ય સમાધાન થાય અને આ જગ્યા ઉપર જ શ્વેતાંબર અને દિગંબરોનો ભેગો જમણવાર થાય તેમ હું ઈચ્છું છું.

અત્યાર સુધી છાપાઓમાં જ ખરાબ પ્રચાર થાય છે તેવું મારા ખ્યાલમાં હતું. પણ અહીં પ્રવેશ વખતે જોયેલા કાળા વાવટા અને બોર્ડો જોતાં મને લાગ્યું કે વાતાવરણ અત્યંત કલુષિત છે.

આપણે બહુ ધીરજથી કામ લેવાનું છે. એક પત્થર નીચે આપણી આંગળી ફસાઈ છે. જો જોરથી ખેંચવા જઈશું તો આંગળી કપાઈ જશે, જરૂર છે બીજા હાથ વડે ધીરજ રાખીને પથ્થરને ઊંચકવાની, અને આંગળી ખસેડી લેવાની.

આપણને ઘણા પુણ્યની, અખૂટ ધીરજની અને જોરદાર આત્મશુદ્ધિની જરૂર છે. આજે સવારના પ્રવેશ પછી ગામના સરપંચ વગેરે મને મળ્યા. તેમણે કહ્યું, 'અમારા શિરપુરમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે એકતા અને સંપ છે. જ્યારે એક જ માતાના બે દીકરાઓ દિગંબરો અને શ્વતાંબરો આપસમાં લડે છે.' મને પણ અત્યંત દુઃખ થયું. હું ઝઘડો કરવા નથી આવ્યો. જે વીરસૈનિકોને ગુંડા તરીકે આ લોકોએ ચીતર્યા છે તે વીરસૈનિકો કોઈ ગુંડા નથી. સુખી શ્રીમંતના ઘરના જમાનાવાદમાં ફસાયેલા પણ જિનવાણીના શ્રવણથી જેઓએ જીવન પરિવર્તન કર્યું છે એવા ધર્માત્મા યુવાનો છે. આવા વીરસૈનિકોનો અહીં પ્રવેશ પણ બંધ થાય તે માટે દિગંબરભાઈઓએ આજ સુધી ઘણી મહેનત કરી છે.

ખેર ! મને તેમના પ્રત્યે લેશ પણ તિરસ્કાર નથી. મહાષ્ટ્રના મુખ્યમંત્રી અંતુલે સાહેબ અને વડાપ્રધાન ઈંદિરાબહેને પોલીસોની સલામતીની જે વ્યવસ્થા કરી છે. તે માટે મારા તેમને ધન્યવાદ છે !

હું કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર દિગંબરોને સાંભળીશ. નાસિક સંસ્થાએ એક પુસ્તિકા પ્રસિદ્ધ કરેલ છે જેમાં મંદિર મૂર્તિ સંસ્થાની માલિકી અને વહીવટ શ્વેતાંબરોના છે એવો દાવો કરેલ છે. તેની સામે તેઓ(દિગંબરો) પાસેથી પણ હું જવાબ માંગીશ

સન ૧૯૦૫થી આ ઝઘડાની શરૂઆત થઈ. ૧૯૦૫માં જે સમાધાન થયું તે મુજબ શ્વેતાંબરોએ દિગંબરોને ત્રણ કલાકનો સમય આપ્યો. ૧૯૦૮માં લેપના પ્રસંગે



ફરી ઝઘડો ઊભો થયો. તેનો નિર્ણય ૧૯૧૮માં કોર્ટે આપ્યો જેનાથી બંને પક્ષોને સંતોષ ન થતાં તે જ સાલમાં નાગપુરની હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ ૩૯/૧૯૮૧ દાખલ કરી.

જેમાં પાંચ મહત્ત્વના મુદ્દાઓ ઉપર કોર્ટે નિર્ણય આપ્યો.

**પાંચ મુદ્દાઓ :-**

(૧) શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ મંદિર અને તે મંદિરના મૂળનાયક પ્રતિમાજી કોની માલિકીના છે ?

(૨) શું શ્વેતાંબરો એકલાને જ આ મંદિર અને તેની મિલકતનો વહીવટ કરવાનો અધિકાર છે ?

(૩) શું મૂળનાયક પાર્શ્વનાથની પ્રતિમા કંદોરો અને કછોટા સહિત હતી ?

(૪) શું શ્વેતાંબરોને આ પ્રતિમાને લેપ કરવાનો અધિકાર છે ?

(૫) શું કોઈ શખ્સે આ પ્રતિમાજી દિગંબરી દેખાય તે હેતુથી કોઈ લોખંડી હથિયારથી ખોદી નાખી છે ?

ઉપરના પાંચ મુદ્દાઓ ઉપર કોર્ટ સન ૧૯૨૩માં નિર્ણય આપ્યો. તેમાંના કેટલાક મહત્ત્વના ચુકાદાઓ આ પ્રમાણે છે.

" The title and right of management of the sansthan has been proved to have been enjoyed exclusively by the plantiffs (Shwetambaries). The judge has come to the conclusion that the management of the temple was all along in the hands of Shwetambaries and Balapur Panchas."

" The idol, the judge finds, was a Shwetambari one having a katisutra & Langoti."

" The plantiffs(Shwetambaries) were given a permanent injuction against defendents the Digambari sect, restraining the latter from obstrwting the plantiffs and their sect in putting the paste on idol and restoring to its fromer condition, namely mailing the kachhota and kargota and marks on the ears and arms."

"It seems to us thar there in little doubt that the principal idol in the temple wars a Shwetambari one."

"It seems to be conclusively proved that there are ornaments used is the worship of the principal idol in the temple."

"We have already found that the idol is a Shwetambari one. These two facts strongly support the plantiffs allegation that the temple it self belong to the Shwetambari sect."

"The documentary evidence produced by the plantiffs prove

beyond all resoanable doubt that the management of the shrine by the Shwetambaries for a very long series of years."

"We declare that the Shwetambaries are entitled to the exclusive management of the temple and image of Shri Antriksha Parshwanathji Maharaj at kasba shirpur with Katisutra, Kandoda and Lape and that they have the right to worship that image with Chakshu, Tika and Mugat and to put on ornaments over the same in accordance with the customs."

પ્રતિમા દિગંબરોની દેખાય તે માટે પ્રતિમા ઉપરનો કંદોરો અને કછોટો કોઈ લોખંડી હથિયારથી ખોદી કાઢવાનો પ્રયત્ન થયો છે, આ વાત સિદ્ધ થઈ ગઈ છે. પરંતુ કઈ વિશિષ્ટ વ્યક્તિએ આ કામ કર્યું તે સાબિત થઈ શક્યું નથી.

સન ૧૯૦૫થી પ્રીવી કાઉન્સીલ સુધીના ચુકાદાઓ દિગંબરો કેમ માન્ય કરતા નથી ? તેઓ કહે છે કે આ ચૂકાદાઓ દગાબાજીથી મળેલા છે. તેથી તેઓએ ૧૯૬૦માં ૨૧૮/૧૯૬૦ ના કેસ દ્વારા વાશિમ કોર્ટમાં ફરીથી મૂર્તિ, મંદિર, મિલકત અંગેનો દાવો માંડ્યો છે. આને ૨૧ વર્ષ થયા આ દાવો હજી ચાલ્યો જ નથી. જો દિગંબરો આ દાવો જીતી જાય તો શ્વેતાંબરો બધું છોડી દેશે. પણ જો શ્વેતાંબરો જીતી જાય તો દિગંબરો છોડવા તૈયાર છે ? રોજ રોજ આ કેસ ચલાવી તેનો ઝડપથી નિકાલ આવી શકે. પરંતુ જે ચુકાદો આવે તે તેઓને માન્ય છે ખરો ? જો બન્ને પક્ષો દિગંબરોએ કરેલો દાવો જલ્દી ચાલે તે માટે હાર્દિક પ્રયત્ન કરીને દાવો ચલાવી દે તો માત્ર ૩ માસમાં આખો પ્રશ્ન ઉકલી જાય તેમ છે.

(૩) કોર્ટથી આ પ્રશ્ન ન ઉકેલવો હોય, બન્ને પક્ષે થઈ રહેલા ખર્ચાઓ બચાવવા હોય તો ત્રીજો માર્ગ સમાધાનનો છે. બેશક સમાધાન એટલે જેમાં live and tane કરવું ન પડે. થોડુંક યોગ્ય રીતે શ્વેતાબંરો છોડે, થોડુંક દિગંબરો છોડે, આથી લાખો રૂપિયા કોર્ટના બચી જશે બંને પક્ષના ૨૦-૨૦ લાખ ભેગા કરી તેટલા રૂપિયમાંથી શિરપુરની ગરીબ પ્રજા માટે ગૃહ ઉદ્યોગ (અહિંસક) ખોલી શકાય. તેઓની દુવા મળશે અને તેઓ અંતરિક્ષ પાર્શ્વનાથનું નામ લેતા થઈ જશે.

સમાધાન માટે મલાડમાં શિખર પરિષદ મળી હતી. સાત શ્વેતાબંરો અને સાત દિગંબરોના અગ્રણીઓ સમક્ષ મેં મારી વાત રજુ કરી. શ્રેયાંસપ્રસાદ જૈનને મેં અપીલ કરી, પણ વાતનો કોઈ જવાબ મને ન મળ્યો.

તો કરવું શું ? મારામારી તો અમને મંજૂર નથી. કોર્ટના ચૂકાદાઓ તેમને માન્ય નથી. સમાધાન માટેની પણ તેમની તૈયારી નથી. હવે અક છેલ્લો ઉપાય છે તે છે જપ-તપ અને કાયોત્સર્ગનો.

મહાભારતમાં એક પ્રસંગ આવે છે. દ્રૌપદી માટે તળાવમાંથી કમળ લેવા



ગયેલો ભીમ તળાવમાં જ ગરકાવ થઈ જાય છે. તેને શોધવા ગયેલ નકુલ, સહદેવ છેલ્લે યુધિષ્ઠિર પણ તે તળાવમાં ગરકાવ થઈ જાય છે. આવેલી આપત્તિમાંથી બચવા દ્રૌપદી અને કુંતી માતા નવકાર મંત્રના ધ્યાનમાં લીન બની જાય છે. તેમણે કરેલા કાયોત્સર્ગના પ્રભાવથી આકાશમાર્ગેથી પસાર થતા દેવલોકના દેવોને આ વાતની ખબર પડે છે. દેવતા પાંચે પાંડવોને તળાવના અધિષ્ઠાતા દેવ પાસેથી છોડાવે છે.

કાયોત્સર્ગ, જપ-તપની આ તાકાત હવે લગાવવી જ પડશે. કદાચ એક બે વર્ષ વધારે સાધના કરવી પડે પણ ઉતાવળ કરવાની નથી.

અહીં સાધ્વીજીઓ ઉપર હુમલો થયો. સાધ્વીજીઓને કાનમાંથી કીડા ખરે તેવા શબ્દો બોલાયા છે. હું માનું છું કે આ કામ દિગંબર ભાઈઓએ નહીં જ કર્યું હોય. પણ તેમના તરફથી બહારથી આવેલા લોકોએ કર્યું હોય તે સંભવે છે. આટઆટલું સહન કરવાની સલાહ આપું છું.

આ સમય અંદરોઅંદર મારામારીનો નથી. કદાચ કોઈ દિગંબર સાધુ જંગલમાંથી પસાર થતા હોય ત્યાં તેમની નગ્નતાના કારણે કોઈ આદિવાસી તેમના ઉપર ઉશ્કેરાય, પથ્થર મારે, હીલના કરે તો તેમની રક્ષા કરવાનું કામ શ્વેતાંબરોના ફાળે આવશે તેની અહીં નોંધ લે.

જરૂર છે આજે યુવા પેઢીના જીવનને બચાવવાની. સિનેમા, દારૂ આદિના પાપોમાંથી યુવા પેઢીને ઉગારવાનો સમય છે. તેવા સમયે આપસઆપસમની મારામારી બંધ કરી દેવી જોઈએ. નહીંતર આવા ઝગડા જોઈ આખી નવી પેઢી નાસ્તિક થઈ જશે.

દિગંબરો આવેશ મૂકી દે. સમાધાન માટે સહુ પ્રથમ હું જ હાથ લંબાવું છું. જો સમાધાન શક્ય ન હોય તો આપણે તપ-જપનો યજ્ઞ શરૂ કરવો જ પડશે. વિશ્વમાત્રનું કલ્યાણ થાય. વિશ્વમાત્રના ઝગડા શાંત થાય તે માટે આજથી સૂક્ષ્મની તાકાત આગળ કોઈપણ સલ્તનતને ઝુક્યા વગર ચાલતું નથી.

કુંતી, દ્રૌપદીનો પ્રસંગ ભૂતકાળમાં બની ગયો. આજે પણ આવા પ્રસંગો બને છે. શાન્તાક્રુઝમાં પાંચ વર્ષ પહેલાં એક ભાઈને જ્યોતિષીએ કહ્યું કે "તમારો મિત્ર આપઘાત કરવાની તૈયારીમાં છે. તેની કુંડલી સ્પષ્ટ આ સૂચવે છે." ખરેખર તેમજ હતું પણ આત્મહત્યા કરવાના દિવસે છેલ્લીવાર તે ભાઈએ ભગવાનની એવી ભક્તિ કરી કે રાતોરાત મંદ થયેલા ધંધા તેજ થઈ ગયા. આપઘાત કરવાનો વિચાર માંડી વાળ્યો.

જ્યારે કટોકટી હતી ત્યારે વિનોબાને કોઈએ કહ્યું કે અત્યારે તમારી ઉપર

શનિની સાડા સાતી ચાલે છે. બધે જ અપયશ મળશે. વિનોબાએ તે જ્યોતિષીને આપેલો જવાબ સાંભળવા જેવો છે, "ગ્રહો તો જડ છે. હું ચેતન છું. ગ્રહોને ફેરવવા તે મારા હાથમાં છે કારણ હું ચેતન છું."

ચેતનની આ શક્તિ છે. સંકલ્પનું આ બળ છે. અંતરીક્ષજી માટે આ છેલ્લો ઉપાય છે. સહુ કોઈ લોગસ્સનો કાઉસગ્ગ સાગરવરગંભીરા સુધી કરે. સાધુ-સાધ્વીજી ૧૦૮ લોગસ્સનો કાઉસગ્ગ કરે. મહિનામાં એકવાર આયંબિલ કરે જ.

આ પેદા થયેલી સૂક્ષ્મની તાકાતથી જ બુદ્ધિમાં નિર્મળતા પેદા થશે.

વડીલોની કૃપા આપણને મળે, શાસનદેવતાઓ આપણને સહાય કરે પછી વિજય પામવામાં શી વાર છે ?

## "દિવ્ય-દર્શન" - **"ધર્મમાં અધર્મ"** વર્ષ-૨૯,અંક-૪૨,તા.૧૧-૭-૧૯૮૧

● **ધર્મમાં અધર્મ** : (**"આકોલા સાપ્તાહિક સારથિ"**ના તા. ૨-૬-૮૧ના અંકમાંથી તંત્રીલેખ અનુવાદિત કરી અહીં સાભાર લીધેલ છે.)

આકોલા જિલ્લામાં રહેલું અને આખા ભારતદેશમાં પ્રસિદ્ધ, શિરપુરમાં ભગવાન અંતરિક્ષ પાર્શ્વનાથનું દેરાસર છે. ત્યાં છેલ્લા ૮૦ વર્ષથી હંમેશાં સમાન ધર્મવાળા જૈન ભાઈઓમાં લગાતાર સ્વાર્થને વશ થઈને ઝગડા તંટા-બખોડા-આતંક અને કોર્ટબાજી ચાલુ છે. વાસ્તવિક રીતે કોઈ ધર્મ ખરાબ નથી હોતો તેમાં માત્ર સારાઈ હોય છે. પરંતુ સંભાળનારા તથા કહેવાતા ધર્મીઓ પાશવી કાર્ય કરીને ધર્મ શબ્દને અક્ષરશઃ કલંકિત કરતા હોય છે.

આ કેવું ધર્મતત્ત્વ ? આ કેવો રાજધર્મ ? આ કેવું શિક્ષણ તથા આચરણ ? આ કેવો આડંબર કે આ કેવી ધર્મભેદની મહાનતા ? માનવના કલ્યાણ માટે જેને હજારો વર્ષ પહેલા યુગસંદેશ અહિંસા, ત્યાગરૂપે આપેલ છે ત્યાં કામચલાઉ સ્વાર્થ ખાતર કબજો કરવાને માટે સંપૂર્ણ ધર્મને તથા ધર્મતત્ત્વને ખીંટી પર ટાંગી દીધા અને ધર્માવલંબિઓ ઉપર હુમલાને અવસર મળ્યો. આનાથી વધીને ધર્મનું બીજું કયું અપમાન હોઈ શકે ? સંપૂર્ણ ધાર્મિકતત્ત્વોનો અંત જ સમજી લેવો જોઈએ. જ્યાં સુધી શિરપુરમાં ભગવાન અંતરીક્ષ પાર્શ્વનાથનાં મંદિરનો પ્રશ્ન છે ત્યાં સુધી બધા દિગંબર સમાજને દોષ દેવો તે બરાબર નથી. તેમ છતાં એ પંથના કેટલાક લોકો કેટલાક વર્ષોથી કાળી કાર્યવાહી કરતા આવ્યા છે. માત્ર મંદિરની માલિકી સ્વહસ્ત કરવા માટે ! સ્વાર્થને વશ થઈ તેઓના સ્વાર્થી શેતાને હવે રૌદ્રરૂપ ધારણ કર્યું છે તેથી પરમાર્થ તત્ત્વનો અંત આવી ગયો છે. સંપૂર્ણ ઊંડાઈમાં ઊતરવાથી નજરે



આવતી વાસ્તવિકતા એ છે કે આ પ્રાચીન જૈન મંદિર સૈકાઓથી શ્વેતાંબરોનું છે તથા તે સ્થાનની સાર સંભાળ સૈકાઓથી શ્વેતાંબરો જ કરતા આવ્યા છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન આજે પણ ભૂમિથી થોડી ઊંચી છે અને મૂર્તિ અત્યંત પ્રાભાવિક ને ચમત્કારી છે. આવા પવિત્ર તીર્થ ઉપર કે જે ભારતવર્ષમાં પોતાની વિશિષ્ટતાથી પ્રસિદ્ધ છે તેના ઉપર કેટલાક દિગંબર જૈનોએ ખોટે માર્ગે જોર-જબરદસ્તીથી ગેરકાયદેસર રીતે આક્રમણ-અતિઆક્રમણ સતત ચાલુ રાખ્યું છે. તેમાંય એમની બૂરી દાનત પવિત્ર સ્થાનને હડપ કરી લેવાની છે, અને આ પરંપરા સારા વિશ્વના ધર્મને ચેતવણી આપે છે કે જો આમ ચાલુ રહેશે તો માનવતાનું રૂપ દાનવતામાં પલટાઈ જશે. વાસ્તાવિક રૂપે ધર્મને નામે કાદવ ઉછાળનારા લોકો જેઓ ધર્મને અફીણની ગોળી કહે છે તેઓ ધર્મની આવી ફજેતીના કારણે મશ્કરી ઉડાવશે અને 'ધર્મ' આ શબ્દ ભાવિ ભવિષ્યના ઇતિહાસમાં જમા રહેશે. ઈર્ષ્યાળુ કેટલાક દિગંબરભાઈઓ મનમાન્યું કરવામાં અન્યાયનો આશરો લેવામાં જરાય ખચકાતા નથી. આખો ઇતિહાસ સત્ય, ન્યાય અદાલતના નિર્ણયો અને દસ્તાવેજોની તપાસના આધાર પર શ્વેતાંબરોના પક્ષમાં ઉપલબ્ધ થાય છે. પરંતુ તે બધાંને અવગણીને કાયદા અને સમાજને આંધળો સમજીને ઉપરોક્ત તીર્થસ્થાનમાં તેઓ ભયંકર ઉદ્દંડતા કરતા આવ્યા છે એ અત્યંત કમનસીબીની વાત છે. સત્ય સ્થિતિનો અભ્યાસ કરતા દેખાય છે કે છેલ્લા ૭-૮ વર્ષથી માત્ર સંખ્યાબળ અને ખરીદેલી દાદાગીરીના આધાર પર તે લોકો આ મંદિરની પવિત્રતાને બદનામ કરી કલંક ચઢાવવા માટે આતુર થઈ રહ્યા છે અને એ આધારને જ આધાર માની પોતાનો જોર જુલમનો દંડો ફેરવી રહ્યા છે.

માનવતા જેવા સામાન્ય ગુણ પર તેઓ અન્યાય આક્રમણના કાળા કલંકથી કૂચડો ફેરવવાવાળા છે. જે કલંક હજારો વર્ષોથી ચાલી આવતા 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ'ના અજરામર સિદ્ધાંતને કલંકિત કરતો રહેશે. તથા તેનાથી ઉજ્જવળ પરંપરાનું પતન થતું આવશે, જેમાં દિગંબર કે શ્વેતાંબર કે બીજા કોઈ ધર્મ ઉપર ભય બધાની સાક્ષી છે. છતાં પણ તેઓની કિન્નાખોરી કાયદાની માયાજાળ અને અશ્લીલ પ્રચાર વગેરે હલકી કોટિના આધાર પર સફળ કરવાનો પ્રયત્ન થશે તો તેઓ પણ એ યાદ રાખે કે આ સંસારની અદાલત સિવાય પણ એક બીજી અદાલત છે તે શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનની છે ત્યાં પણ તેઓને ઉત્તર આપવો પડશે. અત્યંત દુઃખના ભારથી દિલગીર બનીને અમને કહેતા સંકોચ થાય છે કે એક દિગંબર સંપ્રદાયના કેટલાક ભાઈઓ ઉપરોક્ત સંવેદના તથા સત્યને નશ્વર સ્વાર્થને વશ થઈ સમયે તેમને વારંવાર પડકાર આપ્યો હોવા છતાં સમજતા નથી. ૮૦ વર્ષના સંઘર્ષમાં બંને પક્ષને શું પ્રાપ્ત થયું ? એક જ ધર્મના બે સંઘો વચ્ચે ઉદાત્ત એવો

ધર્મભાવ અને ભાઈચારો નષ્ટ થઈને અગ્નિમાં આહુતિની સમાન વૈરભાવ રોજ-બરોજ વધી રહ્યો છે. એક બીજા પ્રત્યે સમભાવ ન રહેવાને કારણે આધ્યાત્મિક પ્રભાવનું તેજ નષ્ટ થઈ રહ્યું છે જે કોઈ પણ ધર્મ માટે ઇચ્છનીય નથી.

જૈનધર્મને ધીર, ઉદાત્ત, ચિરંતન, સત્ય, અહિંસા વગેરે ચમત્કારિક તત્ત્વોની પરંપરા પ્રાપ્ત થવા છતાં પરસ્પર આ રીતે ઝઘડતા રહેવું એ ધર્મતત્ત્વ માટે લાંછનરૂપ છે તેમજ ભગવાન મહાવીર સ્વામીના ધર્મને નામે આપસમાં લડવું એ ઘૃણાસ્પદ છે.

વિવાદ હોઈ શકે છે અને વિવાદ-પ્રવાહને લઈને દરેક ક્ષેત્રમાં મતાન્તર સાથે સંઘર્ષ થતા આવ્યા છે પણ ગત ૮૦ વર્ષોમાં આ વાતનો ઉકેલ નીકળ્યો નથી. આ એક આશ્ચર્ય પણ છે કે જ્યારે ઇતિહાસ, અદાલત અને પુરાતત્ત્વ વિભાગના કેટલાક લેખો દ્વારા આ સત્ય કેટલીયવાર પુરવાર થઈ ચૂક્યું છે કે શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાનની સંસ્થાનો સંપૂર્ણ અધિકાર શ્વેતાંબર ભાઈઓનો છે. આ સંદર્ભમાં એક શીલાલેખનો ઉદાહરણ આપવું ઉચિત થશે જેનાથી એ સિદ્ધ થાય છે કે આ સંસ્થા પૂર્ણ શ્વેતાંબરોની છે.

સંવત ૧૭૦૫ વર્ષે ફાગુણવદી ૬ બુધે ઔરંગાબાદ જ્ઞાતીય વાસ્તવ્ય પ્રાગ્વાટ જ્ઞાતીય દુગ્ર (?) શાખાયાં સા. અમીચંદ ભાર્યા બાઈ ઇન્દ્રાણી નામ્ન્યા સ્વકુટુંબ શ્રેયસે સ્વકારિત પ્રતિષ્ઠાયાં શ્રી વાસુપૂજ્ય જિનબિમ્બકારિતં પ્રતિષ્ઠિતં ચ તપાગચ્છાધિરાજ શ્રી વિજયસેનસૂરીશ્વર પટ્ટાલંકાર ભટ્ટારક શ્રી શ્રી શ્રી વિજયદેવસૂરિભિઃ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ પ્રતિમાલંકૃત શ્રી સિરપૂરનગરે ॥શુભં ભવતુ ॥શ્રી॥...

આ વિષમ સ્થિતિ જો દૂર ન થઈ અને સત્યને શાખ ન મળી તો સંસાર જે આજે જૈનધર્મને ત્યાગનો ધર્મ માને છે તે ભૂલાઈ જશે અને આજના કૃતઘ્ન સમાજને ભાવી પેઢી માફ નહિ કરે. જેઓના અધિકૃત અધિકાર સર્વોપરી યત્ર તત્ર સર્વત્ર સિદ્ધ થઈ ચૂક્યા છે. તેઓના અધિકારોની ઉપલબ્ધિ થવી જ જોઈએ.

શ્રી ચંદ્રશેખરવિજયના શુભ આગમન પર "આકોલા સારથિ પરિવાર" પોતાના વિશેષાંક દ્વારા અભિવંદન કરે છે અને આશા રાખે છે કે આપના શુભાગમનથી વર્ષોથી ચાલી રહેલી શિરપુર સંઘર્ષની પ્રજ્જ્વલિત જ્વાળા હિમ જેવી શીતળ થઈ જશે.

## ● અંતરીક્ષજી તીર્થમાં ઐતિહાસિક પ્રવેશ ●

પૂજ્યપાદ વિદ્વાન મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ વિશાળ શિષ્ય પરિવાર સાથે આકોલાથી નીકળેલ છ'રી' પાલિત સંઘ સહ તા. ૧૪-૬-૮૧



રવિવારના રોજ શીરપુર અંતરીક્ષજી તીર્થમાં પધારી ગયા છે.

પૂજ્ય મુનિરાજશ્રીએ ગતસાલના નાસિકના ચાતુર્માસ દરમ્યાન ઘણા સમયથી ચાલી રહેલ વિવાદાસ્પદ આ તીર્થની રક્ષાનું કાર્ય જૈન સંઘના અનેક આચાર્ય ભગવંતોના આશીર્વાદ સાથે ઉપાડેલ. તે પછી શાહપુર તથા મુંબઈ-પરેલ શ્રીસંઘના અત્યાગ્રહે ત્યાંના જિનાલયોની પ્રતિષ્ઠાદિના કાર્ય પતાવી મુંબઈનગરીથી ૨૨ માર્ચના રોજ વિહાર કરી, હજારો નરનારીઓના મૂક મોરચા સાથે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એ.આર. અંતુલેના નિવાસ સ્થાને 'વર્ષા'માં જઈ અંતરીક્ષજી તીર્થ અંગે હૃદયવેધી અપીલ કરી નિવેદન આપીને તેઓશ્રીએ પોતાનો વિહાર આગળ લંબાવ્યો હતો.

પૂજ્યશ્રીએ નાસિક, માલેગામ, ધુલિયા, અમલનેર, મલકાપુર, ખામગામ, બાળાપુર અને આકોલા આદિ અનેક શહેરોમાં, નગરોમાં તીર્થરક્ષા કાજે જ્વલંત જાગૃતિની જ્યોત પ્રગટાવી ૭૦૦ કિલોમીટરનો ઉગ્ર વિહાર પૂર્ણ કરી જ્યારે આ પવિત્ર તીર્થની ધરા પર પગ મૂક્યો ત્યારે તેઓશ્રીનું સ્વાગત કરવા માટે ભારતભરના અનેક સંઘોના આગેવાનો, અગ્રણીઓ, યાત્રિકો હજારોની સંખ્યામાં આગલી રાતથી જ ઊમટી પડ્યા હતા.

મુંબઈથી ખાસ સ્પેશ્યલ ટ્રેનમાં લગભગ ૧૫૦૦ યાત્રિકો તેમજ અમદાવાદ, ઔરંગાબાદ, સુરત, નવસારી અને મહારાષ્ટ્ર વિદર્ભના અનેક યાત્રિકો બસો, મેટાડોરો, કારો લઈને હાજર થયા હતા.

વધુ આનંદની વાત તો એ હતી કે આટલા મોટા વિશાળ સાધુ-સાધ્વીજીઓના સમુદાય સાથે પધારી રહેલા મુનિરાજશ્રીનું સ્વાગત કરવા માટે માત્ર જૈનો જ આતુર હતા તેમ નહિ પણ શીરપુર નગરના જૈનેતર અગ્રણીઓ પણ પૂજ્યશ્રીના સ્વાગત માટે દિવસોથી ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા. જ્યારે મુનિરાજશ્રીએ શીરપુર ગામની સીમાને પાવન કરી ત્યારે ગામના સરપંચ, ઉપસરપંચ તથા મુસ્લીમ અગ્રણીઓએ વંદન કરી મુનિરાજશ્રીનું સ્વાગત કર્યું હતું. તેમજ નગરના રાજમાર્ગો પર ઠેર ઠેર કમાનો અને સ્વાગત બોર્ડો લગાડ્યા હતા.

સાત હજાર યાત્રિકો સાથે જ્યારે મુનિરાજશ્રી શીરપુર નગરીના રાજમાર્ગો પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તમામ રાજમાર્ગો જિનશાસનના જયનાદોથી ગાજી ઊઠ્યા હતા. યુવાનોના ખુમારીભર્યા સ્વરે ઉચ્ચારાતા શૌર્યભર્યા નારાઓથી આકાશ શબ્દમય બની ચૂક્યું હતું.

આ તીર્થની પાવનધરા પર મુનિરાજશ્રીના પગલાં ન થાય તે માટે દિગંબર ભાઈઓએ ઘણી ધમાચકડીઓ મચાવીને સરકાર પાસેથી 'પ્રવેશ પ્રતિબંધ'નો ઓર્ડર મેળવવા માટે છેલ્લે સુધી તનતોડ પ્રયત્નો કરી નાખ્યા હતા. કિન્તુ તેમને ફાવટ આવી નહિ અને શાસનદેવતાઓની સહાયથી નિર્વિઘ્ને પ્રવેશ થઈ ચૂક્યો.

ગામમાં વસતા દિગંબરભાઈઓએ પોતાના ઘરો પર કૃષ્ણ કલરના ઝંડાઓ તેમજ વિરોધના બોર્ડો લગાડી પોતાનો મૂકવિરોધ પ્રદર્શિત કરીને ઘેલછાભર્યો સંતોષ મેળવ્યો હતો.

૧ાા કલાક સુધી નગરના રાજમાર્ગો પર ફરીને આ વિરાટ જનમેદની પારસબાગમાં માત્ર ૧૦ દિવસમાં જ ખાસ વીરસૈનિક યુવાનોની ભારે જહેમત પર ઊભા થયેલા પતરાના વિરાટ શેડમાં પ્રવચન સભારૂપે ફેરવાઈ ગઈ હતી.

આકોલાથી અંતરીક્ષજી તીર્થના છ'રી' પાલિત સંઘમાં લાભ લેનાર સાતે સંઘપતિઓને માળારોપણની વિધિ પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજીએ કરાવી હતી. ત્યારબાદ સંઘ- આગેવાનોના પ્રાસંગિક વક્તવ્યો થયા હતા. તેમજ અંતરીક્ષજી તીર્થમાં ચાલી રહેલ ભોજનાલયમાં યાત્રિકોનો ધસારો વધવાથી લગભગ રૂા. ૨ લાખનો જે તોટો ઊભો હતો તે પૂ. મુનિરાજશ્રીની પ્રેરણા થતાં માત્ર ૧૦ મિનિટમાં જ રકમ ભરાઈ ગઈ હતી. ત્યારબાદ પૂ. મુનિવર્યશ્રી કર્મજિતવિજયજી લેખિત સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજાના ગુણોનું દર્શન કરાવતું **'જીવન-દર્શન'** નામના પુસ્તકનું ઉદ્ઘાટન શ્રીયુત રમણલાલ દલસુખભાઈ શ્રોફના હસ્તે કરવામાં આવ્યું હતું. તે પછી પૂજ્યપાદ મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનું ૧ાા કલાક સુધી ઐતિહાસિક મંગળ પ્રવચન થયું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૦,અંક-૯,તા.૨૧-૧૧-૧૯૮૧

## જાહેર મિચ્છામિ દુક્કડં

દિવ્યદર્શનના જિનશાસનની દેશના પદ્ધતિ એ વિષય પરના લખાણોમાં "સમકિતી જીવ હૈયાથી સંસારસુખ ભૂંડા માનતો હોવા છતાં અવિરતિ વિશ સુખના" રાગના ઉદયે એને સુખ સારા લાગે છે એટલે એને ભૂંડા નથી લાગતા માટે એનામાં સમક્તિ નહિ એમ ન કહી શકાય," -આ મૂળ શાસ્ત્રાનુસાર વાતને સ્પષ્ટ કરવા જતાં એમાં સિદ્ધાંત- રક્ષાના આવેશવશ 'બુડથલ' 'મોહમૂઢ' વગેરે જે ભારે શબ્દ મારાથી વપરાઈ ગયેલ તે ખોટું થયું છે. એ અંગે કેટલાકોના દિલ દુભાયાનું પણ જાણવા મળે છે. તો આ તબક્કે એવા ભારે શબ્દો વાપર્યા બદલ હું દિલગીરી અનુભવવા સાથે મિચ્છામિ દુક્કડં જાહેર કરું છું.

સુરત, કારતક સુદ ૧૪ "વિજયભુવનભાનુસૂરિ"



"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૦,અંક-૩૫,તા.૨૯-૫-૧૯૮૨

### (વક્તા - પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.)

આપણને મળેલા મહાવીર પ્રભુ કેવા ? ૩૦ વરસની ઉંમરે ચારિત્ર સ્વીકાર્યા બાદ સાડા બાર વરસના છદ્મસ્થકાળમાં તેઓશ્રી પર કેવા ઘોર પરિસહો અને ઉપસર્ગો આવ્યા ? સંગમના છ-છ મહિનાના જાલિમ ઉપસર્ગોની વચ્ચે પણ પ્રભુ કેવા અડોલ રહ્યા ?...અરે ! અડોલ રહ્યા એટલું જ નહિ, હારી-થાકીને જ્યારે સંગમ પાછો ગયો ત્યારે એ તારક દેવાધિદેવની આંખમાં કરુણાના આંસુ આવી ગયા. તે આ વિચારે કે 'બિચારો ! દુનિયા મને પામીને તરી જશે, જ્યારે આ મને પામીને પોતાનો સંસાર વધારી ગયો !' ઓહ ! કેવી અભૂતપૂર્વ ક્ષમા !

આવા તરણતારણ દેવાધિદેવ આપણને નાથ તરીકે મળ્યા છે તો પછી આપણે આપણા જીવનમાં એ પરમાત્માની ક્ષમાની યત્કિંચિત ઝાંખી પણ કરાવે તેવું જીવન જીવવાનું શરૂ ન કરીએ ?...શું એવો સંકલ્પ ન કરીએ કે મામૂલી મામૂલી બાબતો પાછળ કષાય તો નહિ જ કરીએ ? મજૂરે આઠ આના વધારે માગ્યા,...નોકરે કપ-રકાબી તોડી નાખ્યા... શાકમાં મીઠું ઓછું આવ્યું,...કપડા પર શાહીના છાંટા ઊડ્યા,...કોઈએ બે અપશબ્દો કહ્યા,...રાતના અવાજ કરીને કોઈએ ઊંઘ બગાડી,...આપણું કહ્યું કોઈએ ન કર્યું ... આ અને આવા મામૂલી પ્રસંગો પાછળ પણ જો આપણે મગજનો કંટ્રોલ ગુમાવી દેતા હોઈએ તો પછી આપણે પ્રભુ વીરનું ક્ષમાપૂર્ણ જીવન સાંભળ્યું શું ? એ વીરને આપણે સમજ્યા શું ?...એ વીરના ગુણગાન આપણે કર્યા શું ?

ચાલો કરો સંકલ્પ... 'પાંચ રૂપિયાથી ઓછું નુકસાન થતું હશે તેવા પ્રસંગોમાં આવેશમાં આવીને કષાય નહિ કરું.'

દર બેસતા વર્ષે ચોપડામાં લખો છો કે 'શાલિભદ્રની ઋદ્ધિ હજો.' પણ તમને ખબર છે કે આ શાલિભદ્ર બનવાની ભૂમિકા સંગમના ભવમાં કેવી જોરદાર ઊભી થયેલી ?

જિંદગીમાં પહેલી જ વાર રડી રડીને મેળવેલી ખીર થાળીમાં આવતા સંગમે વિચાર એ કર્યો કે કોઈ મહાત્માનો યોગ થઈ જાય તો તેમના પાત્રામાં ખીર વહોરાવી પછી મારા પેટમાં નાખું !...આની સામે આપણા વિચારોને તપાસવા જેવા છે. દર ઉનાળામાં કેરીઓ મજેથી ખાઈએ છીએ. પણ કોઈ ઉનાળો એવો આવ્યો ખરો કે જેમાં સીઝનની પહેલી કેરી આવી ત્યારે તો નહિ પણ આખી સીઝન પૂરી થાય ત્યાં સુધીમાં આપણને કોઈ સાધર્મિક યાદ આવ્યો હોય ! કે લાવ, 'મારા પ્રભુના ધર્મની આરાધના કરનારા સાધર્મિકની હું ભક્તિ કરું !' ના...આવી

કોઈ વિચારણા આપણા જીવનમાં આવતી નથી અને છતાં માગીએ છીએ શાલિભદ્રની ઋદ્ધિ !...

અરે ! એથી આગળ વધીએ ! રોજની દેવતાઈ ૯૯ પેટી શાલિભદ્રને ત્યાં ઊતરતી હતી... તેમાં ૩૩ પેટી વસ્ત્રોની, ૩૩ પેટી ખાનપાનની, ૩૩ પેટી અલંકારોની ! શાલિભદ્રને ત્યાંની આ તમામ પેટીઓ બીજે જ દિવસે એંઠવાડિયા કૂવામાં ઠલવાઈ જતી હતી !... સંગમના ભવમાં મહાત્માના પાત્રામાં ખીર વહોરાવતા સંગમે એ વિચાર નહોતા કર્યો કે 'આ થાળીની બધી ખીર વહોરાવી દઈશ તો હું પછી ખાઈશ શું ?...' ના...આખી થાળી મહાત્માના પાતરામાં ઊંધી વાળી દીધી છે !... આ જ સંસ્કાર શાલિભદ્રના ભવમાં કામ લાગ્યા... 'આજની પેટી કાલે કૂવામાં નાખી દઈશ અને પછી પેટીઓ ઉતરતી જ બંધ થઈ જશે તો હું શું કરીશ ?' આ વિચાર શાલિભદ્રને આવ્યો જ નથી ! હવે તપાસો આપણા જીવનને ! શાલિભદ્રે રાખવા જેવા નવાં કપડાં પણ રાખ્યાં નથી અને આપણે ટૂંકા થઈ ગયેલા, નકામા થઈ ગયેલા જૂના કપડાને પણ ફેંકી શકતા નથી ! અરે ! એટલું જ નહિ, એ કપડાઓના બદલામાં વાસણો લઈએ છીએ !

ક્યાંય શાલિભદ્રના જીવનની આછી પાતળી પણ અલપઝલપ આપણા જીવનમાં જોવા મળે છે ખરી ? જો ના, તો પછી આપણને સાંભળવા મળેલા શાલિભદ્ર આપણને ફળ્યા શું ?

આવો, આજથી નિર્ણય કરો કે 'શાલિભદ્રના એ ભવ્ય ત્યાગના સંસ્કારો જીવનમાં આવે તેની પ્રાથમિક ભૂમિકારૂપે કમસે કમ જૂના કપડા કો'ક ગરીબને આપી દઈશ પણ તેના બદલામાં વાસણ વગેરે તો નહિ જ ખરીદું.'

આવો કાંક સક્રિય ભોગ આપશું તો જ આવા પુણ્યવાન આત્માઓના જીવન ચરિત્રોનાં શ્રવણ આપણને લાભદાયી નીવડશે. અન્યથા તો મન છટકી જશે કે 'ભાઈ ! બધું બરાબર, પણ ક્યાં શાલિભદ્ર અને ક્યાં આપણે ?...' ના...મન આવી છટકબારી ન શોધે તે માટે આટલો મામૂલી ત્યાગ તો કરી જ દઈએ !

(ઉપરોક્ત બંને નિયમ સભામાંના સેંકડો ભાવિકોએ કરેલા.)

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૦,અંક-૩૭,તા.૧૨-૬-૧૯૮૨

## કાવી-સંમેલન પછી શ્રોતાઓના અનુભવ

**અમારા જીવન-પથ્થર પર જિનવાણી રૂપી ટાંકણાઓના માર પડ્યા પછી...**

"મહારાજ સાહેબ ! મેં પાંચ વરસમાં ૧૦૦૦ સિનેમા જોવાનો સંકલ્પ



કરેલો... ક્યારેક ક્યારેક તો એક એક દિવસમાં ત્રણ ત્રણ સિનેમા જોઈ લેતો... કુલ ૯૯૫ સિનેમા જોવાઈ ગયા પછી કાવી સંમેલનમાં આવ્યો...

'જયવંતા શ્રી જિનશાસનનો આપણા આત્મા પરનો અવર્ણનીય ઉપકાર... વિષમકાળમાં મહાન પુણ્યોદયે મળેલ ધર્મની સુંદર સામગ્રીઓ... અને તેની સામે આપણી વાસનાની ગુલામી... કષાયોની પરવશતા... અતિ ક્ષુદ્ર કક્ષાના આનંદો મેળવવામાં જ વેડફાઈ રહેલું અતિ ઉત્તમોત્તમ જીવન... પરલોકના કટુ વિપાકો...' ઈત્યાદિનું હૃદયંગમ વર્ણન કાવીના પ્રવચનોમાં સાંભળ્યું... મન ચગડોળે ચડ્યું... એક મન કહેતું હતું કે 'હવેથી જીવન સુધારી જ લે...' બીજું મન કહેતું હતું, 'આ દુનિયાના લૂંટાય તેટલા લહાવા લૂંટી લે !...' ઘણા વખત સુધી વિચારોનું યુદ્ધ ચાલ્યું, પણ છેવટે શુભ વિચારનો વિજય થયો... ત્યાં ને ત્યાં નિર્ણય કર્યો કે 'ભલે ૧૦૦૦ સિનેમામાં ૫ સિનેમા બાકી રહ્યા... પણ હવેથી સિનેમાના થિયેટર પર ક્યારેય પગ નહિ મૂકું !...'

બસ, એ દિવસથી સિનેમા છૂટી ગયા છે ! આજ સુધી હવે એ યાદ પણ નથી આવતું... મન ખૂબ સ્વસ્થતા અનુભવે છે... મલિન વિચારો તો આવતા જ નથી !...કાવી સંમેલન બીજાને ફળ્યું કે નહિ તેની મને તો ખબર નથી પણ મારા માટે તો એ સંમેલન જીવનને અજવાળનારું બની ગયું છે તેમાં જરાય શંકા નથી !"

● હું કૉલેજમાં પ્રોફેસર છું... ગયા વરસે આપનું એક પ્રવચન સાંભળ્યું... 'પ્રમાદાદિના કારણે ઘરવાસમાં થતી ઢગલાબંધ જીવોની નિરર્થક વિરાધના... તેમાંથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય જયણા યતના... જીવનમાં જો યતના આત્મસાત્ થઈ જાય તો આત્મામાં કોમળતાની પરિણતિ ઊભી થઈ જાય... આવી પરિણતિ ઊભી કરવા પ્રત્યેક ક્રિયામાં યતના લાવી દો... સવારના પહોરમાં ચા વગેરે બનાવવા માટે ગેસ સળગાવો તો ય કમસે કમ એ સળગાવતા પહેલાં પૂંજણીથી પૂંજી લો... ગેસનું બર્નર બરાબર જોઈ લો... સંભવ છે કે રાતના ટાઈમે તેમાં વાંદા વગેરે આવીને કદાચ બેસી ગયા હોય...'

પ્રવચનમાં આ વાત સાંભળી... એક મહિના સુધી ગેસનો ચૂલો પુંજીને પછી જ સળગાવવાનો નિયમ લીધો... મહારાજ સાહેબ ! આપને આશ્ચર્ય થશે, બાકી એક વરસમાં પ્રાયઃ એક દિવસ પણ એવો નહિ ગયો હોય કે જે દિવસે ગેસના ચૂલાના બર્નરમાંથી વાંદાઓ ન નીકળ્યા હોય !...

મારે ત્યાં બહારગામથી આવેલા મારા નાના ભાઈએ કે જે એન્જિનિયર છે તેણે આ જોયું અને તે આશ્ચર્યચકિત થઈ ગયો !... પોતાને ઘરે જઈને તેણે ય રોજ

ગેસનો ચૂલો પૂંજવાનો ચાલુ કરી દીધો છે ! આજે ખ્યાલ આવે છે કે ભગવાન શ્રી જિનેશ્વરદેવે શ્રાવકો માટેની કરણીમાં ફરમાવેલી યતના કેટકેટલા નિર્દોષ જીવોની રક્ષા કરી શકે છે !"

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૦,અંક-૪૪,તા.૩૧-૭-૧૯૮૨

## સુપ્રિમ કોર્ટથી શ્વેતાંબર સંઘની વિજયકૂચનો પ્રારંભ

### • મુનિશ્રી ચંદ્રશેખર વિજયજીનું નિવેદન •

ગત તા. ૨૧ જુલાઈએ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ શ્રી ચન્દ્રચૂડ તથા શ્રી વેંકટરામૈયાની બેંચ સમક્ષ દિગંબરો તરફથી રજૂ કરાયેલી ત્રણેય અરજીઓ નામંજૂર કરવાથી શ્વેતાંબર સંઘે જ્વલંત વિજયના પંથે કૂચ શરૂ કરી.

**દિગંબરોનો આગ્રહ હતો કે**

(૧) **અંતરીક્ષ પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિનું (એમની મરજી મુજબ) પૂરું નિર્લેપીકરણ થાય.**

(૨) **પુરાતત્ત્વ ખાતાના માણસો દ્વારા તે મૂર્તિનું સંશોધન થાય.**

(૩) **ભારતમાં રહેલા તેમના સાક્ષીઓની કમીશન ઉપર સાક્ષી લેવામાં આવે.**

આ અરજીઓ નામંજુર થતાં આપણા લેપ કરવાના અબાધિત અધિકારમાં દિગંબરો તરફથી ઊભી કરાયેલી ઘૃણાસ્પદ આડખીલી કાયમ માટે દૂર થઈ છે. હવે કેટલીક વિચારણા કર્યા બાદ થોડો વિલંબ કરીને પણ યોગ્ય સમયે લેપનો આરંભ કરવામાં આવશે.

શ્વેતાંબર સંઘ તરફથી વકીલો સર્વ શ્રી સોલી સોરાબજી, શ્રી કક્કડ અને શ્રી ડી.વી. પટેલ ઉપસ્થિત હતા.

આ અંગે હાલ સુપ્રીમ કોર્ટમાં વકીલાત કરતા (ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ) શ્રી સાકળચંદભાઈ એમ. શેઠ (જેઓ ચુસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે તે) તથા શ્રી પી.એસ. પાંડે (અંતરીક્ષ પાર્શ્વનાથ સંસ્થાનના કાયમી વકીલ) એ સખ્ત જહેમત ઉઠાવવાથી આપણા જૈન સંઘ સમસ્તના અગણિત આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે.

હવે વાસીમ કોર્ટમાં તા. **૧૦** ઓગસ્ટથી શરૂ થનાર **૨૮૮/૬૦**નો (દિગંબરોએ **૨૦** વર્ષ પૂર્વે દાખલ કરેલ) દાવો એકજ વર્ષની અંદર જેમ બને તેમ જલદી ચલાવીને પૂરો કરી દેવાનો હુકમ સુપ્રીમ કોર્ટ તરફથી કરવામાં આવેલ છે.

શ્રી સંઘને ટૂંકમાં આ અતિ આનંદદાયક સમાચાર આપતા એટલું જણાવવાનું કે ભારતભરમાં તપ-જપના જોરદાર અનુષ્ઠાનોએ અને શાસનદેવોએ આપણી ઉપર ભારે અમીવર્ષા કરી છે. ઘણી મોટી ચિંતામાંથી આપણે મુક્ત થયા છીએ.

**પવલી મંદિર અંગેનો ખૂબ મહત્ત્વનો કેસ નાગપુર હાઈકોર્ટમાં ચાલુ હોવાથી તપ-જપનું અનુષ્ઠાન સહુ ચાલુ રાખે. તા. ૨૩-૭-૮૨ શિરપુર.**



"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૩૧,અંક-૪૧/૪૨,તા.૧૬-૭-૧૯૮૩

## વિધવા બનેલ બેનને પ્રેરક પત્ર

દેવગુરુ ભક્તિકારક ધર્મપ્રેમી સુશ્રાવિકા બેન જોગ ધર્મલાભ-

દેવગુરુ કૃપાએ અત્રે સુખશાતા છે.

જાણવા મળ્યું કે સુશ્રાવક....નું સમાધિ મરણ થયું. એક મહાન શ્રાવકે જીવનભર ધર્મલેશ્યા અને અંતિમ સમયે સમાધિ રાખવાની મહાનતા કેળવીને જૈનધર્મની શાન વધારી છે. એની અમને ખૂબ અનુમોદના થાય છે.

અલબત તમને એમના વિયોગથી દુઃખ થતું હશે પરંતુ આ જગતમાં જન્મનો સ્વભાવ જન્મની પ્રકૃતિ જ મૃત્યુ સર્જવાની છે. તો વસ્તુની પ્રકૃતિ પર વસ્તુના સ્વભાવ પર દુઃખ શું કરવું ? પાગલની પ્રકૃતિ લવારો કરવાની જાણીએ છીએ, તો એ લવારા પર દુઃખ કરવાનું હોતું નથી. દુઃખ એના પાગલપણા ઉપર થાય અને દયા આવે કે આનું બિચારાનું પાગલપણું કેમ મીટે ! એમ અહીં મૃત્યુ પર દુઃખ શું ? દુઃખ થાય તો જન્મ ઉપર થાય, અને મનને થાય કે 'આમને જન્મ કેમ મીટે !' એટલે જ

જુઓ, તમે એક મહાન શ્રાવકની મહાન શ્રાવિકા છો; તો જ્યાં સદ્ગત યાદ આવે ત્યાં આ જ ભાવના કરજો કે 'કેમ એમની જન્મ જંજાળનો અંત આવે !'

બીજી મહત્ત્વની વાત આ છે, કે હવે આપણા મનની સામે બે વસ્તુ છે, ૧-સદ્ગતનો વિયોગ, અને ૨. સદ્ગતના સદ્ગુણો-સુકૃતો અને ધર્મસાધનાઓ. આમાં મન વિયોગનું વારંવાર આર્તધ્યાન કરી શકે છે, અથવા સદ્ગુણો-સુકૃતો-સાધનાઓ વગેરે શુભની ભરપૂર અનુમોદના કરી શકે છે. એટલું ધ્યાનમાં રહે, મન એક સમયે આ બેમાંથી એક જ કાર્ય કરી શકશે, કાં શોક આર્તધ્યાન, કાં અનુમોદના. શોક નરકની છાપ; શોક આર્તધ્યાનથી તિર્યંચગતિ યોગ્ય અશુભ કર્મો બંધાય. ત્યારે સદ્ગુણો આદિની અનુમોદનાથી શુભ કર્મો-પુણ્યો બંધાય, તેમજ આપણા આત્મામાં સદ્ગુણો-સુકૃતો-સાધનાઓનું બીજાધાન થાય, બીજ વવાય. હવે વિચારજો.

**શું કરવું ડહાપણભર્યું છે ? આર્તધ્યાન કે અનુમોદના ?**

તમે સમજી શકો છે કે અનુમોદના કરી શકવાનો કિંમતી સમય આર્તધ્યાનમાં શું કામ વેડફી નાખવો ?

એક વાત એ છે કે આશ્ચર્ય છે કે આપણે સામાના મૃત્યુ પર જોઈએ છીએ પરંતુ આપણને એ વખતે પણ આપણા મૃત્યુ તરફ નજર જતી નથી ! પરંતુ જુઓ કે કત્લખાના આગળ બંધાયેલ બકરો બીજા બકરાને નજર સામે કપાતો જોઈ કમકમી અનુભવે છે, પણ કમકમી શાની ! પેલો કપાય છે એની નહિ. કિન્તુ પોતાને આવું કપાઈ જવું પડશે ત્યારે પોતાને શું શું થશે એની કમકમી શાની ? પેલો કપાય છે એની નહિ કિન્તુ પોતાને આવું કપાઈ જવું પડશે ત્યારે પોતાને શું શું થશે એની કમકમી થાય છે. ત્યાં જો બંધાયેલો બીજો બકરો આ કત્લ જોવા છતાં ટેસથી ખાનપાન ઉડાવતો હોય, તો એ કેવો લાગે ? ધિક્કો જ ને ? બસ, આપણી સ્થિતિ વિચારો, સદ્‌ગતના મૃત્યુને જોઈ આપણા મૃત્યુ પર કમકમી થાય છે ? આપણે વિગઈઓ, મેવા-મીઠાઈ, ફરસાણ વગેરે હવે ટેસથી નહિ ઉડાવવાના ને ?

'બિચારા મરી ગયા !' એમ એમની દયા ખાઈએ છીએ, પરંતુ ખરી દયાપાત્ર આપણે પોતે છીએ. કેમકે આપણે આપણું મૃત્યુ ન જોતાં ધર્મની સાધના-સુકૃતો કમાઈ લેવા હવે એકદમ તત્પર નથી થતા; કેમકે આપણી જાતની દયા નથી આવતી કે 'સદ્‌ગતને તો જીવન ખોવાઈ જતાં સાધનાની તક ગઈ, પરંતુ મારે જીવન હાથમાં છતાં સાધનાને પ્રમાદથી ગુમાવું છું. ? કેવી મારી દયાપાત્રતા !'

વળી ભાગ્યવતી ! આ જ વિચારજો કે સદ્‌ગતે જીવન ખોઈને આપણને ચેતવ્યા છે કે "સાવધાન બનજો તમારે પણ આમ જ જીવન એક વાર જીવન પૂરું થવાનું છે. ત્યારે પુણ્ય પુરું થયે ધર્મપુરુષાર્થની તક જતી રહેશે. પુણ્ય પતી ગયે પુરુષાર્થ નહિ થાય. માટે અત્યારથી જ ધીખતા ધર્મપુરુષાર્થમાં લાગી જાઓ."

સાથે આ જોજો કે અગર સદ્‌ગતનો વિયોગ સાલે છે, તો શું મહાવીર પ્રભુનો વિયોગ સાલે છે ? ગૌતમસ્વામી વગેરે મહાન ઉપકારી વિભૂતિઓનો વિયોગ સાલે છે ? ક્યાં નજર પહોંચાડવાને બદલે ક્યાં નજર અટકી જાય છે ? એ વિચારશો તો તુચ્છ અને ટુંકી દૃષ્ટિ પર અફસોસ થશે.

અને એ પણ જુઓ કે સદ્‌ગત જતાં આપણને શી મોટી ખોટ પડી ગઈ કે જ્યારે આપણી પાસે કોહિનૂર હીરા જેવા દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્મા છે, આપણી પાસે અનંત કલ્યાણદાયી શ્રી જિનશાસન છે, મહાન તીર્થો છે, તારણહાર જૈનશાસ્ત્રો છે, આપણી પાસે મહામંત્ર શ્રી નવકાર છે, જીવદયા છે, દેવદર્શન-પૂજા-સામાયિક-પ્રતિક્રમણ, વ્રતનિયમો છે, આ મહાન સંપત્તિઓ આપણી પાસે છે, પછી આપણે મનને ઓછું લાવવાનું શાના પર હોય ? બસ, જાગો, અને મોહનાં તથા કર્મના બંધનો તોડનારી ધર્મભાવનાઓ ને ધર્મસાધનાઓમાં લાગી જાઓ.





## બીમાર વૃદ્ધને પ્રેરક પત્ર

...તમારી તબીયત નરમ પડ્યાનું જાણવા મળ્યું. પરંતુ તમારી તત્ત્વજ્ઞતાના હિસાબે તમારો આત્મા સ્વસ્થ સમાધિ સંપન્ન હશે.

આવા અવસરે આપણે કેટલાક ચાવીરૂપ મુદ્દા ખ્યાલમાં રાખવા જેવા છે; જેમકે,-

(૧) શરીર અને ઉંમર એનું ઘસારાનું કામ કરે છે, તો મારા આત્માએ એનું Gradual Uplift ક્રમિક વિકાસનું કામ કેમ ન કરવું ? એ કામ આજ સુધી આપણે વિકસાવેલ વૈરાગ્ય અને મૈત્રી આદિની વૃત્તિમાં વધુ વિકાસ કરતા રહેવાથી થાય. એ વૈરાગ્ય અને મૈત્રી ભાવાદિમાં વિકાસ કરવાની આડે શરીર આદિની પ્રતિકૂળતા નડતી નથી, બલ્કે શરીરાદિની વાંકાશ દેખીને ઊલટું વૈરાગ્ય વધે છે, શરીરની નબળાઈમાં સહેજે સર્વજીવ-સ્નેહરૂપ મૈત્રીભાવ પણ વધે છે. એટલે જોઈએ તો શરીરાદિની પ્રતિકૂળતા આશીર્વાદરૂપ બને છે.

(૨) આમ આપણે ચાહીને કઠોર પરીસહ-ઉપસર્ગથી શરીરને કષ્ટ આપી કર્મ ખપાવવા જતા નથી, પરંતુ જ્યારે બીમારી વગેરે અનિચ્છાએ પણ આવી પડ્યા છે, તો એને સહી તો લેવાના જ છે, તો એને આ રીતે વધાવી લઈએ કે 'કર્મ ખપાવવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે' 'જેટલું ભોગવાય છે એટલાં કર્મકચરા ઓછા જ થતા આવે છે.'

(૩) બીમારી આદિમાં 'શું કરું ? મારે હાલ અશુભનો ઉદય ચાલી રહ્યો છે' એમ વિચારવામાં દીનતા અને અતિ આર્તધ્યાન છે, ત્યારે એના બદલે 'ફિકર નહિ. મારે અશુભનો નિકાલ થઇ રહ્યો છે.' એમ વિચારવામાં શુભ ધ્યાન છે, સકામ નિર્જરાનો મહાન લાભ મળે છે.

(૪) કદાચ શરીર માંદુ પડ્યું એ ખરાબ માનવા જઈએ, પરંતુ 'બીજું કેટકેટલું સારું, મહા સારું મળ્યું છે' એ વિચારીએ, તો શુભની અનુમોદના થાય, અને મનનો પાવર વધે. દા.ત. સારું શું શું મળ્યું છે, એ જોઈએ તો આપણને (૧) દેવાધિદેવ અરિહંત મળ્યા છે એમનું મૂલ્ય કેટલું અંકાય ? (૨) આપણને જિનશાસન મળ્યું એની કિંમત શી મંડાય ? (૩) આપણને દયાદાનાદિ મહાન સુકૃતોની ઓળખ, બુદ્ધિ અને આસેવના મળી છે, એનું મૂલ્યાંકન ન થઇ શકે. (૪) આપણને ભરહેસર બાહુબલી... વગેરે ઉત્તમોત્તમ અને વિશ્વમાં અજોડ ઐતિહાસિક પૂર્વ પુરુષો કેવા અનુપમ મળ્યા છે ? દુનિયાના કે બીજા કોઈ ધર્મના ઇતિહાસમાં આવા પૂર્વપુરુષો નથી. (૫) એમ મને શાસ્ત્રો, તીર્થો ધર્માનુષ્ઠાનો તથા નવકાર મંત્રાદિ કેવા મળ્યા

કે જે ઇતરોને મળ્યા નથી, એ મને મળ્યા ? એ મારે કેટલી મોટી અણમોલ સંપત્તિ ! શરીર માંદું પડ્યું, પણ આ અરિહંતાદિ કોઈ માંદું પડ્યું નથી પછી શી ફિકર ?

બસ, આ એકેકને યાદ કરી એની અનુમોદના કરતા રહીએ, તો મન એ શુભમાં રોકાવાથી એટલો સમય અશુભ વિકલ્પો અટકે છે, તેમજ પરભવ માટે એવા સુંદર શુભાનુબંધો ઊભા થાય છે કે જેના ઉદયે ભવાંતરે સુબુદ્ધિ સદ્ભાવના વગેરે સુલભ થાય છે.

(૫) પાંચમો મુદ્દો એ છે કે આપણે જિનવચનની શ્રદ્ધાવાળા છીએ અને જિનવચન આત્માને અરૂપી અને નિર્વિકાર સ્વરૂપનો કહે છે, તો આપણા આત્માના (૧) આ અરૂપી અને નિર્વિકાર સ્વરૂપની મહત્તા લાગવી જોઈએ, અને (૨) એની મમતા જાગવી જોઈએ. આત્માના અરૂપી સ્વરૂપની મહત્તા લાગે એટલે શરીરાદિ રૂપી જડ પદાર્થોની કશી મહત્તા ન લાગે, એમ આત્માના નિર્વિકાર સ્વરૂપની મહત્તા લાગે, એટલે કાયાદિના આનંદ માણવાની કશી મહત્તા ન લાગે, કેમકે એમાં આત્માની વિકારી દશા છે.

એમ આત્માના અરૂપી સ્વરૂપની મમતા જાગે એટલે શરીરાદિના ગમે તેટલા રળિયામણા પણ સ્વરૂપ હોય, કિન્તુ એ રૂપી સ્વરૂપ હોવાથી એની મમતા ન રહે. પછી જેમ શોક્યના દીકરા પર સાવકી માતાને મમતા નથી, તો એ દીકરો ગમે તેવો રૂપાળો હોય છતાં ભલે વ્યવહારથી પણ એનું સાવકી માતાને સંભાળવું પડતું હોય કિન્તુ એને દિલમાં કશો હરખ નથી હોતો; યા એ પુત્ર બીમાર પડે એનું માતાને કશું દુ:ખ નથી થતું; એ જ રીતે પોતાના આત્માના અરૂપી સ્વરૂપની મમતાવાળાને જડતા રૂપી સ્વરૂપની મમતા નહિ હોવાથી એ જડનું કદાચ સંભાળવું પડે છતાં એમાં હરખ ન હોય, કે એ જડ માંદા પડે એનું કશું દુ:ખ ન હોય.

એમ આત્માના નિર્વિકાર સ્વરૂપની મમતા હોય એટલે આત્માના રાગ-રતિ-શરીર સંબંધ-ક્રોધ-માન, ઇંદ્રિયવિકારો... વગેરે કશાની મમતા ન હોય; પછી ચાહીને એ વારેવારે એ વિકારો શાનો સેવવા જાય ? અનંત કાળના અભ્યાસથી એ વિકારો ઊઠ્યા કરતા હોય પરંતુ એની મમતા નથી એટલે એનો પક્ષપાત ન હોય પણ બળાપો હોય. મહાનુભાવ ! હાલની પરિસ્થિતિમાં તમારે કરવાનું શું ? આ, કે (૧) તમે જીવનમાં જિનશાસનની સુંદર આરાધનાઓ કરી છે. તો હવે એ સુકૃતોની વારંવાર અનુમોદના કરતા રહેજો. વિશેષમાં (૨) જીવનમાં ફરસેલાં જિનમંદિરો તથા જિનબિંબો ક્રમસર જે જે યાદ આવે તે યાદ કરી કરી માનસિક સ્તુતિ અને ખમાસણાં દેતા જવું. એમ (૩) અદ્ભુત ત્યાગ કરનારા મહાન ઉપસર્ગ સહન કરનારા કસોટીમય શીલ બ્રહ્મચર્ય પાળનારા મહાપુરુષો અને મહાસતીઓને



યાદ કરવા, એમના જીવન પરાક્રમ યાદ કરવા, અને માનસિક વંદના કરવી. વળી (૪) ચોવીસ ભગવાનના નામ જાણે સામે ૨૪ બોર્ડ પર મોટા અક્ષરે લખેલા છે ને ક્રમસર એકેક બોર્ડ જાણે નીચેથી ઉપર જતું નજર સામે લાવી નામના અક્ષર ધીરતાથી વાંચતા જવું અને માનસિક નમસ્કાર કરવા; એકવાર પૂરું થયા પછી કાંતો ઊલટા ક્રમથી ૨૪ મા ૨૩ મા ૨૨ મા એ રીતે અથવા ફરીથી પહેલેથી ૨૪ ક્રમસર લાવી શકાય (૫) ૧૨ ભાવનાની ક્રમસર વિચારણા કરવી.

બસ, આ રીતે મનને તત્ત્વચિંતન પૂર્ણ રાખી, એને યોગ્ય શુભ ભાવોલ્લાસ અને શુભ લેશ્યા ભાવવા સાથે સુંદર સમાધિમાં ઝીલતા રહો એજ શુભેચ્છા.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૧,અંક-૪૩/૪૪,તા.૩૦-૭-૧૯૮૩

## બિમાર વૃદ્ધને પ્રેરક પત્ર

...તમારી તબિયત નરમ પડ્યાનું જાણવા મળ્યું. પરંતુ તમારી તત્ત્વજ્ઞતાના હિસાબે તમારો આત્મા સ્વસ્થ સમાધિ-સંપન્ન હશે...

આવા અવસરે આપણે કેટલાક ચાવીરૂપ મુદ્દા ખ્યાલમાં રાખવા જેવા છે; જેમ કે,-

(૧) શરીર અને ઉંમર ઘસારાનું કામ કરે છે, તો મારા આત્માએ એનું Gradual Uplift ક્રમિક વિકાસનું કામ કેમ ન કરવું ? એ કામ આજ સુધી આપણે વિકસાવેલ વૈરાગ્ય અને મૈત્રી આદિની વૃત્તિમાં વધુ વિકાસ કરતા રહેવાથી થાય. એ વૈરાગ્ય અને મૈત્રી ભાવાદિમાં વિકાસ કરવાની આડે શરીર આદિની પ્રતિકૂળતા નડતી નથી, બલ્કે શરીરાદિની વાંકાશ દેખીને ઉલ્ટું વૈરાગ્ય વધે છે, શરીરની નબળાઈમાં સહેજે સર્વજીવ-સ્નેહરૂપ મૈત્રીભાવ પણ વધે છે. એટલે જોઈએ તો શરીરાદિની પ્રતિકૂળતા આશીર્વાદરૂપ બને છે.

(૨) આમ આપણે ચાહીને કઠોર પરીસહ-ઉપસર્ગથી શરીરને કષ્ટ આપી કર્મ ખપાવવા જતા નથી, પરંતુ જ્યારે બિમારી વગેરે અનિચ્છાએ પણ આવી પડ્યા છે, તો એને સહી તો લેવાના જ છે, તો એને આ રીતે વધાવી લઈએ કે "કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે" "જેટલું ભોગવાય છે એટલાં કર્મકચરા ઓછા જ થતા આવે છે."

(૩) બિમારી આદિમાં 'શું કરું ? મારે હાલ અશુભનો ઉદય ચાલી રહ્યો છે' એમ વિચારવામાં દીનતા અને અર્તિ આર્તધ્યાન છે, ત્યારે એના બદલે 'ફિકર નહિ, મારે અશુભનો નિકાલ થઈ રહ્યો છે.' એમ વિચારવામાં શુભ ધ્યાન છે.

સકામ નિર્જરાનો મહાન લાભ મળે છે.

(૪) કદાચ શરીર માંદું પડ્યું એ ખરાબ માનવા જઈએ, પરંતુ 'બીજું કેટકેટલું સારું, મહા સારું મળ્યું છે' એ વિચારીએ, તો શુભની અનુમોદના થાય, અને મનનો પાવર વધે. દા.ત. સારું શું શું મળ્યું છે, એ જોઈએ તો આપણને (૧) દેવાધિદેવ અરિહંત મળ્યા છે એમનું મૂલ્ય કેટલું અંકાય ? (૨) આપણને જિનશાસન મળ્યું એની કિંમત શી મંડાય ? (૩) આપણને દયાદાનાદિ મહાન સુકૃતોની ઓળખ, બુદ્ધિ અને આસેવના મળી છે, એનું મૂલ્યાંકન ન થઈ શકે. (૪) આપણને ભરહેસર બાહુબલી...વગેરે ઉત્તમોત્તમ અને વિશ્વમાં અજોડ ઐતિહાસિક પૂર્વપુરુષો કેવા અનુપમ મળ્યા છે ? દુનિયાના કે બીજા કોઈ ધર્મના ઇતિહાસમાં આવા પૂર્વપુરુષો નથી. (૬) એમ મને શાસ્ત્રો, તીર્થો, ધર્માનુષ્ઠાનો, તથા નવકાર મંત્રાદિ કેવા મળ્યા કે જે ઇતરોને મળ્યા નથી, એ મને મળ્યા ! એ મારે કેટલી મોટી અણમોલ સંપત્તિ ! શરીર માંદુ પડ્યું, પણ આ અરિહંતાદિ કોઈ માંદુ પડ્યું નથી પછી શી ફિકર ?

બસ, આ એકેકને યાદ કતરી એની અનુમોદના કરતા રહીએ, તો મન એ શુભમાં રોકાવાથી એટલો સમય અશુભ વિકલ્પો અટકે છે, તેમજ પરભવ માટે એવા સુંદર શુભાનુબંધો ઊભા થાય છે કે જેના ઉદયે ભવાંતરે સુબુદ્ધિ સદ્ભાવના વગેરે સુલભ થાય છે.

(૫) પાંચમો મુદ્દો એ છે કે આપણે જિનવચનની શ્રદ્ધાવાળા છીએ અને જિનવચન આત્માને અરૂપી અને નિર્વિકાર સ્વરૂપનો કહે છે, તો આપણા આત્માના (૧) આ અરૂપી અને નિર્વિકાર સ્વરૂપની મહત્તા લાગવી જોઈએ, અને (૨) એની મમતા જાગવી જોઈએ. આત્માના અરૂપી સ્વરૂપની મહત્તા લાગે એટલે શરીરાદિ રૂપી જડ પદાર્થોની કશી મહત્તા ન લાગે, એમ આત્માના નિર્વિકાર સ્વરૂપની મહત્તા લાગે, એટલે કાયાદિના આનંદ માણવાની કસી મહત્તા ન લાગે, કેમ કે એમાં આત્માની વિકારી દશા છે.

એમ આત્માના અરૂપી સ્વરૂપની મમતા જાગે એટલે શરીરાદિના ગમે તેટલા રળિયામણા પણ સ્વરૂપ હોય, કિન્તુ એ રૂપી સ્વરૂપ હોવાથી એની મમતા ન રહે. પછી જેમ શોક્યના દીકરા પર સાવકી માતાને મમતા નથી, તો એ દીકરો ગમે તેવો રૂપાળો હોય છતાં ભલે વ્યવહારથી પણ એનું સાવકી માતાને સંભાળવું પડતું હોય કિન્તુ એને દિલમાં કશો હરખ નથી હોતો; યા એ પુત્ર બિમાર પડે એનું માતાને કશું દુઃખ નથી થતું; એ જ રીતે પોતાના આત્માના અરૂપી સ્વરૂપની મમતાવાળાને જડના રૂપી સ્વરૂપની મમતા નહિ હોવાથી એ જડનું કદાચ સંભાળવું પડે છતાં એમાં હરખ ન હોય, કે એ જડ માંદા પડે એનું કશું દુઃખ ન હોય.



એમ આત્માના નિર્વિકાર સ્વરૂપની મમતા હોય એટલે આત્માના રાગ-રતિ-શરીર સંબંધ-ક્રોધ-માન, ઇંદ્રિયવિકારો...વગેરે કશાની મમતા ન હોય; પછી ચાહીને એ વારેવારે એ વિકારો શાનો સેવવા જાય ? અનંત કાળના અભ્યાસથી એ વિકારો ઊઠ્યા કરતા હોય પરંતુ એની મમતા નથી એટલે એનો પક્ષપાત ન હોય પણ બળાપો હોય. મહાનુભાવ ! હાલની પરિસ્થિતિમાં તમારે કરવાનું શું ? આ, કે (૧) તમે જીવનમાં જિનશાસનની સુંદર આરાધનાઓ કરી છે, તો હવે એ સુકૃતોની વારંવાર અનુમોદના કરતા રહેજો, વિશેષમાં (૨) જીવનમાં ફરસેલાં જિનમંદિરો તથા જિનબિંબો ક્રમસર જે જે યાદ આવે તે યાદ કરી કરી માનસિક સ્તુતિ અને ખમાસમણાં દેતા જવું. એમ (૩) અદ્ભુત ત્યાગ કરનારા મહાન ઉપસર્ગ સહન કરનારા કસોટીમય શીલ બ્રહ્મચર્ય પાળનારા મહાપુરુષો અને મહાસતીઓને યાદ કરવા, એમના જીવન પરાક્રમ યાદ કરવા, અને માનસિક વંદના કરવી. વળી (૪) ચોવીસ ભગવાનના નામ જાણે સામે ૨૪ બોર્ડ પર મોટા અક્ષરે લખેલા છે ને ક્રમસર એકેક બોર્ડ જાણે નીચેથી ઉપર જતું નજર સામે લાવી નામના અક્ષર ધીરતાથી વાંચતા જવું અને માનસિક નમસ્કાર કરવા; એકવાર પૂરું થયા પછી કાં તો ઊલ્ટા ક્રમથી ૨૪ મા ૨૩ મા ૨૨ મા એ રીતે અથવા ફરીથી પહેલેથી ૨૪ ભગવાનના નામ વાંચતા જવું એમ નવકાર મંત્રનો એકેક અક્ષર મનની સામે ક્રમસર લાવવો એમ લોગસ્સના અક્ષર ક્રમસર લાવી શકાય. (૫) ૧૨ ભાવનાની ક્રમસર વિચારણા કરવી.

બસ, આ રીતે મનને તત્ત્વચિંતન પૂર્ણ રાખી, એને યોગ્ય શુભ ભાવોલ્લાસ અને શુભ લેશ્યા ભાવવા સાથે સુંદર સમાધિમાં ઝીલતા રહો એજ શુભેચ્છા.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૩૨,અંક-૨૯,તા.૩૧-૩-૧૯૮૪

## મુમુક્ષુને સાવધાનીનો પત્ર

આ દુઃખદ સંસારનો ત્યાગ કરી ચારિત્રજીવન લેવાની તારી ભાવના ઉત્તમ છે; પરંતુ સંયોગ-પરિસ્થિતિનાં કારણે તું હમણાં ને હમણાં ઘરવાસથી છૂટી શકે એમ નથી તો શું કરવું એનું માર્ગદર્શન માગે છે, તો એટલું ધ્યાન રાખજે કે,-

ઇતર શાસ્ત્રો પણ કહે છે **'યદહરે વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્'** અર્થાત્ 'જે દિવસે વૈરાગ્ય થાય, તે જ દિવસે ઘરવાસમાંથી હંમેશ માટે નીકળી જાય;' કેમકે આ જગતના સંયોગો એવા છે, કે સત્સંગ આદિથી વૈરાગ્ય થયો એટલે કે સંસાર અસાર અને દુઃખદ લાગવાથી એના પ્રત્યે નફરત ઊભી થઈ, ગ્લાનિ ઊભી થઈ, અને એનો ત્યાગ કરવાની શુભ ભાવના તો જાગી, પરંતુ આજુબાજુના સંસારના

દલાલોના શબ્દો અને વ્યવહાર વૈરાગીના વૈરાગ્યનું સમર્થન કરનારા નહિ પ્રોત્સાહન આપનારા નહિ, પણ વૈરાગ્યને ઢીલા પાડનારા હોય છે. એ તો કહે છે, 'ભાઈ ! સંસાર છોડી દીક્ષા લેવાની વાત કરો છો, પરંતુ પહેલા સંસારમાં કર્તવ્ય પૂરા કરો, પછી દીક્ષા લેવાની વાત કરો... માબાપના ઉપકારનો બદલો વાળો, એમની સેવા કરો, પરણેલાનું પાલન કરો... વળી ઘરવાસ સંભાળવા મહેનત મજૂરી કરવી પડે, એટલે એનાથી બચવા સાધુ થવાનું કહો છો. પણ એ તો કાયરતાનો ધંધો છે... ઘરમાં બેસીને ધર્મ કયાં નથી થતો તો શું સાધુ થઈને જ ધર્મ થાય ?... સાધુ મહારાજોને તો બીજો ધંધો નથી. તમારા જેવા ભલા ભોળાને ભરમાવે, અને ઘરમાં ક્લેશ ઘાલે; પણ તમે કેમ મૂરખા થાઓ છો !'... આવા આવા સંસારની દલાલીના બોલ બોલતા રહે. ત્યાં મન ચલિત થઇ જવાથી વૈરાગ્ય ટકાવવો મુશ્કેલ છે. એમ એમના મોહભર્યા-વ્યવહાર-વર્તાવ પણ વૈરાગ્યને ઢીલો પાડી દે એવા હોય છે. તેથી જ વૈરાગીએ સંસારત્યાગ વહેલામાં વહેલી તકે કરવા જેવો.

વળી સંસારમાં-ઘરવાસમાં એવા એવા પ્રલોભક વિષયો સામે આવે છે, કે જે મનને ચલિત કરી નાખે. કેમકે જીવને અનંત અનંત કાળના વિષયસંગના અભ્યાસ છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ બહુ બહુ ફરી છે. અહીં પણ જન્મીને અત્યાર સુધી એ આસક્તિ જ કર્યા કરી છે. તેથી હવે વધારે વૈરાગ્ય થયો છે. તો ઘરવાસમાં વધુ રહેતાં એ પ્રલોભક વિષયોનો ઘેરાવો વૈરાગ્યને પુષ્ટ નહિ કરે, પણ નબળો પાડી દેશે.

આ હિસાબ પર મહર્ષિઓએ વૈરાગ્ય જાગ્યો પછી તરતમાં જ ઘરવાસનો સંસાર છોડી જવા સલાહ આપી.

પરંતુ હવે જ્યારે તારે પરિસ્થિતિવશ તરતમાં નીકળાય એવું નથી, તો એ સંસારના દલાલોના બોલતી સામે મનમાં આ મમરાવ્યા કરજે, કે 'જો જન્મીને સંસારના કર્તવ્ય જ પૂરા કરવાના હોય, તો તો દરેક માનવ-જન્મની સાથે સંસાર તો લમણે લખાવાનો, એટલે એનાં જ કર્તવ્ય બજાવ્યા કરવાના હોય તો પછી આત્માએ જન્મ-મરણની પરંપરાનો કાયમી અંત લાવવાનો પ્રયત્ન ક્યારે કયા મનુષ્યભવે કરવાનો ? વળી માબાપના ઉપકારનો બદલો ખરેખરો તો સાધુ થઈને એમને ધર્મ પમાડવાનો છે. કે જેથી એ માતાપિતા આ ભવ પછી દુર્ગતિની પરંપરામાં રુલી ન જાય. વળી ઘરવાસ ચલાવવાનાં કષ્ટ પણ મારણહાર છે; ને એના કરતા સંયમ-જીવનના કષ્ટ મોટાં છે, તે પાછા એ તારણહાર છે. તેથી સંસાર છોડવામાં કાયરતા નહિ, શૂરવીરતા છે. મોહમાયા છૂટવી એ કાયરોનું કામ નથી. વળી ઘરમાં રહીને ધર્મ થાય તો ખરો, પણ આટામાં લૂણ જેટલો. જ્યારે પાપનાં તો પોટલે પોટલા આચરવા પડે આ બધું ધ્યાનમાં રાખી જ્ઞાનીની સંયમની



આજ્ઞા પર બહુ વિચારતો રહેજે.

આ બધું વિચારીને અવસરે અવસરે કુટુંબીઓ સાથે નમ્રભાવે મીઠા શબ્દોમાં આની વિચારણા આપતો રહેજે. સંસારની અસારતા અને દુઃખદતાના વર્તમાનના પણ ઢગલાબંધ પ્રસંગ બનતા રહે છે. એ અવરનવર એમના કાન પર લાવતો રહેજે, ને કહેજે આવા સંસારમાં શો માલ છે ?

સાધુપુરુષોનો સત્સંગ ખાસ કરતો રહેજે, શ્રાવકજીવનનાં કર્તવ્ય સામાયિક-પ્રતિક્રમણ-પૂજા-પોષધ-પચ્ચક્ખાણ વગેરેનો ખૂબ ખપ રાખજે. પૂર્વના મહાપુરુષોનાં ચરિત્ર નિયમિત વાંચતો રહેજે.

મુખ્યતયા એટલું ધ્યાન રાખજે, કે પરસ્ત્રીદર્શન-ચિંતનમાં જરાય ન તણાઈ જવાય. નહિતર, સ્ત્રીશરીર તો ખાટી આંબલી જેવું છે. આંબલીને જોતાં જ મોંમાં ખટાશ આવે એમ પુરુષને સ્ત્રીશરીર જોતાં જ રાગોન્માદ થાય છે. માટે જ જ્ઞાની કહે છે. **'નારી નરકની દીવડી.'** નરકમાં જવા અંધારું છે માર્ગ ન જડે, ત્યાં નારીશરીર એ દીવડી Torch light થઈને ઊભી રહે છે. 'મને માત્ર મનમાંય સાથે રાખોને એટલે ઝટ તમને સીધે સીધી નરકની વાટે ચાલ્યા જવું સરળ પડશે' એમ સ્ત્રીનું શરીર કહે છે.

માટે (૧) એને જોવાની તો નહિ જ, પરંતુ ચિંતનમાં ય નહિ લાવવાની. બાકી (૨) જીવનમાં બને તેટલા ખાનપાનની વસ્તુઓમાં વધુ ત્યાગ અને (૩) કપડાદિમાં મોજશોખના ને ભપકાદારના ત્યાગ રાખવા તેમ (૪) કુમિત્ર કે કુવાંચનને જરાય અડીશ પણ નહિ કારણ એક જ, કે વૈરાગ્ય ચંચળ છે, અને આ બધા સ્ત્રીશરીર-દર્શન, કુવાંચન... વગેરે વૈરાગ્યની ગળચી ટુંપનારા છે. માટે તો વહેલામાં વહેલી તકે સંસારત્યાગની અનુકૂળતા બનાવી ચારિત્ર લેવાનો ખ્યાલ જાગતો રાખજે એમાં વિલંબ ન કરીશ. કેમકે વિલંબ કરવામાં વૈરાગ્ય, વિષયોના તપેલા ઘેરાવાની વચમાં સુકાઈ જશે; પછી સંસારમાંથી નહિ નીકળી શકે. વૈરાગ્ય વિના સંસાર છોડવાનું મન જ નહિ થાય. તે જો અમુક સમય રોકાવું પડે એમ છે તો ઉપરોક્ત કિલ્લેબંધી મજબૂત રાખજે, જેથી વૈરાગ્ય ઘવાઈ ન જાય. માનવસમય મહાકિંમતી સમય છે; તે એટલા માટે, કે આર્ય માનવસમયનો જ સર્વપાપ-ત્યાગ અને રત્નત્રયીની આરાધનામાં ઉપયોગ થઇ શકે છે. અનાર્ય વગેરે માનવોના જનમ કે માનવેતર જનમનો આમાં ઉપયોગ નથી થઇ શકતો, ત્યાં મૂળમાં સર્વપાપનો ત્યાગ જ નથી પાલવતો.

એ માત્ર અહીં જૈન માનવજનમમાં થઈ શકે. આટલો કિંમતી જનમ શું પાપ પોષવા ને પાપ વધારવામાં વેડફી નાખવાનો ? એ તો કોહીનૂર હીરો વેચી પાંચ કીલો કુરમુરા ખરીદનારા જેવો મૂર્ખ ગણાય એવો મૂર્ખ ગણાય, એથીય અધિક

મૂર્ખ ગણાય. માટે ખૂબ સાવધાન થઈ જજે. કાળ કર્મ અને ભવિતવ્યતાનો ભરોસો નથી કે એ ક્યારે ઠગે ! ક્યારે વાંકા થઇ બેસે ! એ વાંકા થયા પછી હાથમાં બાજી નહિ રહે તેથી એ આપણને ઠગે એ પહેલાં ચેતીને તારા આત્માનું સાધી લે, એ જ શુભેચ્છા.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૩,અંક-૧૮,તા.૧૨-૧-૧૯૮૫

## અરિહંત પરમાત્માએ ફરમાવેલી ધર્મક્રિયાઓની કેટલી પ્રચંડ તાકાત !

અભવીનો આત્મા પણ સ્વર્ગાદિકની કામનાથી અરિહંત પરમાત્માના સંયમમાર્ગને સ્વીકારીને જ્યારે નિરતિચાર ચારિત્રનું પાલન કરે છે અર્થાત્ પરમાત્માએ ફરમાવેલી ધર્મક્રિયાઓ કોઈપણ જાતના અતિચાર લગાડયા વિના આદરે છે ત્યારે જેને મોક્ષ પ્રત્યે શ્રદ્ધા જ નથી એવો પણ અભવીનો આત્મા ૯મા ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમના આયુષ્યમાં જાય છે... જ્યારે

સમકિતિ અથવા દેશવિરતિધર આત્મા સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિમાં ફસાયેલો હોવાથી સર્વથા જિનાજ્ઞા-વિહિત સર્વવિરતિ ચારિત્રની ક્રિયાઓનું આરાધન કરી શકતો નથી અને એના કારણે એ વધુમાં વધુ ૧૨મા દેવલોકના ૨૨ સાગરોપમના આયુષ્ય સુધી જ જઈ શકે છે...

આમાં સમજવાનું માત્ર એટલું જ છે કે મોક્ષની શ્રદ્ધા ન હોવા છતાં પણ સર્વજ્ઞ વીતરાગ શ્રી અરિહંત પરમાત્માએ ફરમાવેલી ચારિત્રની ક્રિયાઓ ૯મા ગ્રૈવેયક સુધીના સુખોની જો ભેટ ધરી દેતી હોય તો પ્રારંભે મોક્ષની શ્રદ્ધા અને આશય વિના પણ આ ક્રિયાઓ કરતાં કરતાં જ્યારે એમાં મોક્ષની શ્રદ્ધા ભળી જાય ત્યારે એ ક્રિયાઓ આત્માને કર્મથી મુક્ત બનાવી જ દે એમાં શું આશ્ચર્ય છે ?

**પુણ્યવાનો ! જિનેશ્વર ભગવંતોએ ફરમાવેલા તપત્યાગ-દાન-સામાયિક-પૌષધ આદિ અનુષ્ઠાનોને આરાધતા જ જાઓ... એનાથી સદ્‌ગતિ નિકટ આવશે... પરંપરાએ મોક્ષ મળશે... પણ એનાથી નુકસાન થશે એવું તો સ્વપ્ને ય ન વિચારશો.**

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૪,અંક-૪,તા.૨૮-૯-૧૯૮૫

## દિવાલ નહિ દિશા બદલીએ ૩૪ મા વર્ષના આરંભે...

એક ભાઈ હાથમાં હથોડી અને લોખંડની ખીલી પકડીને દિવાલમાં ખીલી



ઠોકી રહ્યા હતા. પસીનાથી રેબઝેબ પરેશાન પરેશાન થઈ ગયા. ઘા ઠોકવાનું ચાલુ હતું. ખીલી દિવાલમાં જતી નથી. એક સજ્જને જોયું. સહજ કહી નાખ્યું. એ ય ! મીસ્ટર,ખીલી ઠોકવી છે તો આમ આ રીતે ન ઠોકાય. તમે ખીલીના તીક્ષ્ણ છેડાને હથોડી તરફ અને ટોપચાને દિવાલ તરફ રાખી ઘા... ઉપર ઘા મારી હાસ્યાસ્પદ શ્રમ કરી રહ્યા છો. આમ કરવામાં ખીલી વળી જશે કે હથોડીનો હાથો તુટી જસે પણ ખીલી કયારેય દિવાલમાં નહિ જાય. મહેરબાની કરીને ખીલીનું શીર્ષાસન કરો. ખીલીને ઉલ્ટાવી નાખો. ભાઈએ વાત સાંભળી પણ પોતે About turn થયા. જે રીતે ખીલી પકડી હતી તે રીતે પકડીને સામેની દિવાલે ગયા. ખીલીનો તીક્ષ્ણ ભાગ દિવાલ તરફ આવ્યો. ટોપચું હથોડી તરફ આવ્યું એક... બે... ત્રણ ઘા માર્યા કે ખીલી દીવાલમાં લાગી ગઈ.

ખીલી, હથોડી, દિવાલ અને આપણે.

ધર્મસાધનાના માર્ગમાં તો દિવાલ પણ બદલવાની જરૂર નથી. માત્ર દિશા અને દૃષ્ટિ, દિમાગ અને દિલ જ બદલવાની જરૂર માત્ર છે. મનના ખીલા કે ખીલીને ઉલ્ટાવવાની જરૂર છે. સમ્યગ્ દૃષ્ટિ અને સમ્યગ્ દિશા તરફ અભિમુખ થયા એટલે બેડોપાર. પુદ્‌ગલના રોગને બદલે પ્રભુ વિતરાગનો અનુરાગ, જડને શણગારવાને બદલે જીવને સુધારવાનું, અવિરતી તરફની દોડને બદલે વિરતી જીવન તરફની દોટ અને નશ્વરને બદલે શાશ્વત તરફની દૃષ્ટિ. ખોટી દિશાની અને ખરાબ દૃષ્ટિ તરફની હજારો માઈલની રેસ કરતાં સાચી દિશા અને સાચી દૃષ્ટિપૂર્વકનો થોડોક પ્રયાસ સીધો મુક્તિ મંજીલ તરફ લઈ જાય.

મનના ખીલાને તોડવાની, મોડવાની કે બાળવાની નહિ બદલવાની જરૂર છે. કંઈક આવી જ દિશા અને દૃષ્ટિ આપવાનું દિવ્યદર્શન સાપ્તાહિક દ્વારા થઈ રહ્યું છે. મેધા, માર્મિકતા અને આત્મિક મુલાયમતાનો સ્પર્શ થાય તેવી અધ્યાત્મવાણી પૂજ્યપાદ આચાર્યશ્રી છેલ્લા ૩૩ વર્ષથી લગાતાર વહાવી અને વર્ષાવી રહ્યા છે. પૂજ્યપાદ આચાર્યશ્રીની કલમમાં સ્પષ્ટ અને સ્વચ્છ શાસ્ત્ર શ્રદ્ધા અને શાસ્ત્ર ચુસ્તતાનો રણકો સંભળાતો રહ્યો છે. શાંત, શીળા, સ્વસ્થ અને નિર્ભિક પ્રવચન સાહિત્યમાંથી ઉડતી ફોરમનો આપણે દરેક સપ્તાહે સ્પર્શ માણ્યો છે. એ બદલ પરમ પૂજ્ય આચાર્યશ્રી અને પૂજ્ય મુનિશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

દિવ્યદર્શન સાપ્તાહિકના એકવાચક લખે છે કે "જ્યારે જ્યારે કાન પાસે કોલાહલ વીંટળાઈ વળે છે ત્યારે ત્યારે સવારના ફૂલ જેવી તાજગી મેળવવા માટે દિવ્યદર્શન હાથમાં લઉં છું. દિવ્યદર્શન મારાથી વિખૂટા પડેલા મને ફરી પાછો મારો મેળાપ કરાવી આપે છે."

પૂજ્ય આચાર્યશ્રીના માર્મિક અને તાત્ત્વિક પહેલા પાનાના અગ્રલેખો, અંદરના પાનાઓમાં આલેખાતા પ્રવચનો અને પરમ પૂજ્ય વિદ્વવર્ય મુનિશ્રી રત્નસુંદર વિજયજી મહારાજના ધર્મરત્ન પ્રકરણ પરના પ્રવચનો પ્રિય અને લોકપ્રિય બન્યા છે. દર સોમવારે પોસ્ટમાં દિવ્યદર્શન આવતાં જ વાચકો આતુરતાથી સીધા એમના પ્રવચનો તરફ ફરે છે. પહેલા જ વાક્યથી વાચકનું ધ્યાન ખેંચવાની કુશળતા અને શૈલીની એક પ્રકારની હળવાશ આકર્ષક છે જે પ્રત્યેકને મનનીય દૃષ્ટિકોણ અને મોક્ષ મંજીલની દિશા તરફ દોટ મૂકવાની પ્રેરણા આપી જાય છે.

દિવ્યદર્શન વાચકોને સમયસર સુલભ બને તે માટે પ્રકાશન, પ્રિન્ટીંગ, પોસ્ટીંગ વ્યવસ્થિત થતું જ રહે છે. પણ ગુજરાતની મહિનાઓ સુધીની અશાંતિને કારણે ક્યાંક કોઈને કેટલુંક અનિયમિત મળ્યું. વાચકોને થયેલા વિલંબ બદલ અમો અંતરથી ક્ષમા યાચીએ છીએ.

ગત વર્ષોમાં આપનો સાથ અને સહકાર મળ્યો જ છે.

૩૩ મા વર્ષના અંતે

૩૪ મા વર્ષના આરંભે

આપનો ગત વર્ષો જેવો જ બલ્કે એથી પણ વધારે પ્રેમળ સહકા મળી જ રહેશે.

**લિ. આપનો વિનમ્ર, કુમારપાળ વિ. શાહના પ્રણામ.**

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૪,અંક-૨૧,તા.૧-૨-૧૯૮૬

## અકસ્માત્ પામેલ સાધ્વીજી મ.ને સમાધિપત્ર

(લે. :- પૂ. મુનિરાજ શ્રી જયસુંદર વિજયજી મ.)

તમે સૌ જાણો છો કે આજના આપણા રોજિંદા જીવનમાં ખાસ કાંઈ સહન કરવાનું રહ્યું નથી. હજુ કદાચ માનસિક રીતે કંઈક સહન કરવાનું આવે પણ શારીરિક રીતે તો સહન કરવાનું ઘણું જ ઓછું છે. એટલે જે ધૃતિબળનો આપણામાં વિકાસ થવો જોઈએ તે થતો નથી. તેથી જ્યારે આવો કોઈ અકસ્માત થઈ જાય ત્યારે એટલો ટાઈમ હાયવોય કે આર્તધ્યાન ઘણું થઈ જાય એ સહજ છે પણ આ કસોટીના કાળમાં પેશન્ટ જ એને કહેવાય કે જે પેસન્સ એટલે ધીરજ સંપૂર્ણપણે જાળવી રાખે.

રોજરોજ શારીરિક વેદનાઓ સહન કરવી પડતી ન હોવાથી જ્યારે એક સામટી ઘોર શારીરિક વેદના આવીને ઊભી રહે ત્યારે સરળતાથી સહન કરી



લેવાનું કામ ઘણું દુષ્કર છે. છતાં એ ગમે ત્યારે આવીને ઊભી રહે તો પણ આપણે ના છૂટકે પણ સહન તો કરવી જ પડે છે. તો એ એ રીતે સહન કરવાની કળા આવડવી જોઈએ કે જેથી બે કામ થાય.

(૧) શારીરિક વેદનાથી કર્મોના ભુક્કા બોલાઈ જાય.

(૨) એ વેદના જાણે વેદના જ નથી એવું લાગવા માંડે.

જો આપણે બરાબર સહન કરીએ તો પહેલું કામ તો આપ મેળે થવાનું છે. પણ બીજું કામ સરળતાથી પાર પાડવા માટે તીવ્ર કોટિની અન્યત્વ ભાવના વેગવંતી બનાવવી જોઈએ. વીતરાગ સ્તોત્રમાં કહ્યું છે કે-

**'તથા સમાધૌ પરમેત્વયાડડત્મના વિનિવેશિતઃ !**
**સુખી દુઃખ્યસ્મિ નાસ્મીતિ યથા ન પ્રતિપન્નવાન્ ॥**

ભગવાન મહાવીર સ્વામીને જ્યારે જ્યારે શારીરિક ઉપસર્ગો આવ્યા ત્યારે એ અન્યત્વ ભાવના દ્વારા દેહભિન્ન આત્મરમણતા રૂપ સમાધિની એવી ઉચ્ચ દશામાં આરૂઢ થઈ જતા હતાં કે જેથી તેઓને દેહનું ભાન ભૂલાઈ જતું હતું એટલે 'હું સુખી છું કે દુઃખી' એવી એમને પોતાને પણ પ્રતીતિ રહેતી ન હતી.

ગજસુકુમાળ-ખંધક ઋષિ, ખંધકાચાર્યના પાંચસો શિષ્ય, મેતારજ મુનિ, સુકોશલ મુનિ, સનત્કુમાર ચક્રવર્તી, અવન્તિસુકુમાળ, સમરાદિત્ય કેવળી આ બધા મહાપુરુષોએ ઘોર વેદનામાં જ કર્મોના ભુક્કા બોલાવી દીધા એનું રહસ્ય આ છે કે તેઓ 'શરીર કરતાં હું અલગ તત્ત્વ છું' એવી દઢ ભાવનાથી પોતાના આત્માને વાસિત કરવામાં ભારે પુરુષાર્થ કરીને સફળતાને વરેલા. એટલે એ મહાપુરુષોની સજ્ઝાયો સાંભળતા પણ દેહભિન્ન આત્મસ્વરૂપમાં આત્માને તલ્લીન બનાવવાનો આજ અપૂર્વ અવસર છે તેમ સમજીને ખૂબ જ સમભાવપૂર્વક ધૈર્ય ગુમાવ્યા વિના જેટલું સહન કરવું પડે તે સહન કરી લેવું છે એવા કઠોર નિર્ધારને આત્મસ્થ કરતા રહેશો. સાથે સાથે જ્યારે દેહદશાના ભાનમાં હોઈએ અને વેદનાનો કડવો અનુભવ ચાલુ હોય ત્યારે પણ ખાસ એ વિચાર કરવો કે આ જિંદગીમા ઢોર વગેરે તો મારા કરતાં પણ વધુ ભયંકર વેદના સહન કરે છે અને નારકીના જીવો તો અત્યારે પણ ઘોર વેદનામાં રાડારાડ કરી રહ્યા છે, પણ ત્યાં કોઈ એમનું બેલી નથી. ત્યારે એમના હિસાબે મારી વેદના તો કોઈ વિસાતમાં નથી. વળી ઢોર કે નારકીને તો કોઈની સહાનુભૂતિ નથી ત્યારે મને તો અહો ! આ સાધ્વીજી મહારાજો વગેરે તથા આ જૈનશાસન કેટલી બધી શાંતિ સહાનુભૂતિ અને સમાધિ આપી રહ્યું છે ! મારા ગુરુણીશ્રી તથા સાધર્મિક સાધ્વીઓ વગેરે કેટલી ઉત્તમ શુશ્રૂષા કરી રહ્યા છે. અને

શ્રાવક-શ્રાવિકાઓ પણ આપણા માટે કેટલા બધા ચિન્તાતુર અને દોડધામ કરી રહ્યા છે ! ધન્ય છે આ જૈનશાસનને કે જેમાં કર્મ ખપાવવાનો આવો અવસર આવીને ઊભો રહે ત્યારે બાહ્ય પણ કેટલી બધી અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે ! આ એક જૈનશાસન પામેલ ચતુર્વિધ સંઘ એવું વિશાળ કુટુંબ છે કે જેમાં આવા કપરા અવસરે કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વિના જાણે કે આપણા અત્યન્ત નિકટના સ્વજન હોય એ રીતે આપણા સહવાસીઓ રાત દિવસના ઉજાગરા કરીને આપણી સેવા-શુશ્રૂષા-વૈયાવચ્ચ કરતા હોય છે. બીજી બાજુ અકસ્માત્ થયો હોય તે વ્યક્તિને લેશમાત્ર પણ માનસિક પીડા ન થાય એની પણ પૂરી કાળજી રખાય છે. દર્દીની શારીરિક પીડાને ભૂલાવવા માટે જ્યારે ભલભલા ડોક્ટરો સફળ થતા નથી ત્યારે આપણા આત્મીય સાધર્મિક બંધુઓ રાત-દિવસ-સ્તવન-સજ્ઝાય વગેરે સંભળાવતા રહીને આપણી માનસિક પીડાઓ અને શારીરિક વેદનાઓનું અપહરણ કરી લે છે, અને આપણા આત્માને સમતા ઉપશમભાવમાં ઝીલતો રાખવા ને સમાધિમાં લીન બનાવવા ભરપૂર સહાય પૂરી પાડે છે.

એવું જૈનશાસન ભવોભવ મળતું રહે એવી ઉત્તમ વિચારસરણીમાં સમાધિભાવ જાળવીને આત્માનું કલ્યાણ સાધો એજ મંગલ કામના.

**"દિવ્ય-દર્શન" - "પ્રકીર્ણ પ્રસાદ"** **વર્ષ-૩૪,અંક-૨૬,તા.૧૫-૦૩-૧૯૮૬**

## શ્રી કુંભોજગિરિ તીર્થનો સંક્ષિપ્ત ઈતિહાસ

**(પૂ.આ.શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ)**

(૧) અનંત ઉપકારી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનની વિભૂષિત શ્રી કુંભોજગિરિ તીર્થ એક નાના સરકારી ડુંગર ઉપર આવેલું છે. ડુંગરનો રિ, સર્વે નં. ૪૯૩ અ, ગેટ નંબર ૨૧૯૨ છે અને ક્ષેત્રફળ ૨૭ એકર ૨૪ ગુઠાં છે.

(૨-૩) ઈ.સન ૧૮૪૯માં જિનાલય બાંધવા માટે ડુંગરની નીચે શ્રી ફતેચંદ મલુકચંદ શાહે લગભગ પોણો એકર જમીન ઉપર એક મોટો કૂવો બંધાવ્યો ને ત્યાં આગળ આંબા વગેરેના વૃક્ષો લગાવ્યા અને (૩) ઈ.સ. ૧૮૫૧માં પોતાના ખર્ચથી મહેનતથી ડુંગર ઉપર ત્રણ માળનું અને સાત શિખરવાળું દેવવિમાન તુલ્ય અતિ સુંદર જિનાલય બંધાવવાનું શરૂ કર્યું. એ દિવસોમાં આ ભાગ ઘણો ભયાનક ગીચ જંગલ અને હિંસક પ્રાણીઓથી ભરેલો, અને વાહન વહેવારની બહુ જ થોડી સગવડવાળો હતો, જેથી જિનાલયનું નિર્માણકાર્ય એકધાર્યું ૧૯ વર્ષ સુધી ચાલ્યું. ૧૮૬૯માં તે પૂરું થયું.



(૪-૫-૬) ઈ.સ. ૧૮૫૩માં જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવા માટે મૂળનાયક શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન આદિ ૯ પ્રતિમાજી જયપુરથી મંગાવ્યા, અને (૫) ઈ.સ. ૧૮૬૯માં પ્રભુ પ્રતિમાજીઓની અંજનશલાકાવિધિ મહોત્સવ મોટી ધામધૂમ સાથે તીર્થ સ્થાનથી એક માઈલ દૂર 'નેજ' નામના ગામમાં થયો. (૬) ઈ.સ. ૧૮૭૦-૭૧ ફેબ્રુઆરી (સંવત ૧૯૬૨ મહા સુદ ૭) સોમવારે મોટી ધૂમધામ સાથે મહોત્સવપૂર્વક કુંભોજ ડુંગર પર નૂતન જિનાલયમાં શ્રી જિનેશ્વર ભગવાનોની પ્રતિષ્ઠા કરવામાં આવી. એ વખતે રાજ્યશાસને રજા અને પોલિસ બંદોબસ્ત આપેલ.

(૭) ઈ.સ. ૧૮૪૯ થી ૧૮૭૨ આ તીર્થનું સંપૂર્ણ વ્યવસ્થાતંત્ર જેમણે પોતાની સંપૂર્ણ દેખરેખ, મહેનત અને ખર્ચે જિનાલય કૂવા વગેરે બનાવ્યું, તે શ્રેષ્ઠીવર્ય શ્રી ફતેહચંદભાઈ નાણાવટી અને એમના કુટુંબના સભ્યો દ્વારા સંભાળાતું રહ્યું. આ પછી તેઓશ્રી દ્વારા ઈ.સ. ૧૮૭૨માં લખવામાં આવેલ મુખત્યારપત્ર મુજબ આ તીર્થ અને અહીંની તમામ મિલકત, ચોપડા વગેરે આ વિભાગના સમસ્ત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘને અર્પણ થયું.

(૮) ઈ.સ. ૧૮૭૨ (સંવત ૧૯૨૮ માગશર વદ ૧૩) શ્રી ફતેહચંદભાઈની વિનંતીથી પ.પૂ.શ્રી હીરરત્નસૂરીશ્વરજી મ.સા.એ આ તીર્થના પત્રવ્યવહાર, હિસાબ-કિતાબના ચોપડા અને બીજા મહત્ત્વપૂર્ણ કાગળો ઉપર લગાડવા માટે એક સિમ્બોલ (ચિહ્ન) આપ્યું જેનો ઉપયોગ એ સમયના હિસાબ-કિતાબના ચોપડાઓ અને જરૂરી કાગળો ઉપર કરવામાં આવતો હતો. એ ચોપડાઓ અને કાગળો આજે પણ ટ્રસ્ટ પાસે મોજુદ છે.

(૯) ઈ.સ. ૧૮૭૨ સમસ્ત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના હસ્તક આ તીર્થની વ્યવસ્થા આવ્યા પછી શ્રી સંઘે શ્વેતાંબર પંથના આગેવાનોની સભા બોલાવીને આ તીર્થની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળવા માટે શ્રી રાયચંદ ફતેહચંદ નાણાવટી અને શ્રી ફતેહચંદ વેણીચંદ મહેતાને નીમ્યા. તેઓએ ઈ.સ. ૧૮૭૨ થી ઈ.સ.૧૯૧૨ સુધી તીર્થની વ્યવસ્થા બહુ જ સુંદર રીતે સંભાળી. તીર્થોદ્ધારની સાથે સાથે યાત્રાળુઓની સગવડ માટે જિનાલયની આગળનો રંગમંડપ, ગભારામાં આરસ, ચોકમાં લાદી, ત્રણ ભાગવાલી ધર્મશાળા, પાણીના કુંડ, ચુનાની ઘાણી, ચુનાની ભઠ્ઠી બંધાવી, બાગ બનાવ્યો. કર્મચારીઓને રહેવાની વ્યવસ્થા કરી. વૃક્ષો લગાવ્યા અને ડુંગર ઉપર ચઢવા સારું પગથિયા વગેરે શ્વેતાંબર પંથના દાનવીર દાતાઓના સહકારથી બનાવ્યાં. ડુંગર પર દિગંબરોના માનસ્તંભ પાણીનો કુંડ, ધર્મશાળા વગેરેના નિર્માણમાં પણ આર્થિક મદદ કરી.

(૧૦-૧૧) આ બે મહાનુભાવો નિવૃત થતાં તીર્થની વ્યવસ્થા માટે તે તે

સમયે જુદી જુદી કમિટીઓ નિયુક્ત કરવામાં આવતી. હાલ પણ પૂનાથી લઈને દક્ષિણ ભારતના લગભગ દરેક ગામ નગરમાંથી તે તે શ્રી સંઘોદ્વારા મોકલેલ વ્યક્તિઓ પાંચ વર્ષ સુધી પ્રતિનિધિ સભાસદો તરીકે નિયુક્ત કરવામાં આવે છે. એ સભાસદોમાંથી કાર્યવાહક કમિટી રચવામાં આવે છે, જેઓ તીર્થનો વહીવટ અને દેખભાળ કરે છે. (૧૧) ઈ.સ. ૧૯૪૨ થી ૧૯૪૫ ડુંગર ઉપરના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો આ પૂર્વે ધર્મશાળાનું સમારકામ થયું અને બીજો માળ બનાવવામાં આવેલ.

(૧૨) ઈ.સ. ૧૯૫૩ પબ્લિક ટ્રસ્ટ એકટ મુજબ 'શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ કુંભોજગિરિ' નામથી રજીસ્ટર કરવામાં આવ્યું. આનો રજીસ્ટર નં. કે.એ. ૧૪૬ છે.

(૧૩) તીર્થ પર વર્ષમાં ત્રણવાર હજારો યાત્રિકોનો યાત્રા (મેળો) ભરાય છે. (૧) કારતક સુદ ૧૫ ના, (૨) માગશર સુદ ૧૦ ના અને (૩) ચૈત્ર સુદ ૧૫ ના.

(૧૪) ધ્વજારોપણ વર્ષમાં ત્રણવાર (૧) મહા સુદ ૭ (૨) મહા વદ ૧૩ (૩) જેઠ સુદ ૧૧ ના દિવસે મોટી ધામધૂમ સાથે થાય છે. દેરાસરમાં મહામંગલકારી અખંડ દીવો ચાલુ છે.

(૧૫) ઈ.સ. ૧૯૪૯ પ.પૂ.આ. દેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા. ની પાવન નિશ્રામાં દેરાસરમાં બિરાજમાન પ્રતિમાઓની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી. તેઓશ્રીએ જ દક્ષિણ ભારતમાં હાલ ડુંગર ઉપર આપણું આ એક જ તીર્થસ્થાન હોવાથી તીર્થને **"દક્ષિણનો શત્રુંજય"** નામ આપ્યું.

(૧૬) ઈ.સ. ૧૯૧૬ થી માંડી આજસુધી ડુંગરની નીચે તળેટીમાં ધર્મશાળા અને બીજી ઈમારતો માટે કુંભોજગામની હદમાં ૩ એકર ૩૦ ગુંઠા અને તેજ ગામની હદમાં ૪ એકર ૧૦ ગુંઠા જમીન ટ્રસ્ટ દ્વારા ખરીદાયા.

(૧૭) અત્રે અનેક યાત્રાસંઘો છ'રી પાળતા આવ્યા છે.

કુંભોજ ગામની હદમાં ધર્મશાળા બનાવવામાં આવી. એના નિર્માણમાં અમદાવાદના શાસનસુભટ શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાએ સારો ભોગ આપેલ.

(૧૮) ઈ.સ. ૧૯૬૮માં ડુંગર નીચેની ધર્મશાળામાં કાયમી શત્રુંજય તીર્થરચના થઈ.

(૧૯) ઈ.સ. ૧૯૭૦માં પં. રંજન વિ.મ.ની નિશ્રામાં ધામધૂમથી કુંભોજ તીર્થ શતાબ્દિ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની હાજરીમાં ઉજવાઈ.





## મુમુક્ષુનો પત્નીને ભવ્ય ઉપદેશ

'એક મુમુક્ષુ પતિએ દીક્ષા માટે પત્નીની સંમતિ માંગતાં પત્ની કહે છે, 'તમે દીક્ષા લો, પછી મારે કોનો આધાર ? તમે જ મારા પ્રાણાધાર છો. તમારા વિના કેમ જીવી શકું ?' ત્યારે પતિ કહે 'બાઈ ! તું આમ કેમ બોલે છે ? આ જગતમાં કોણ કોનું છે ? કોઈ જ કોઈનું નથી. જીવો તો પોતપોતાના કર્મોના અનુસારે બીજાની સાથે કામચલાઉ સંયોગ પામે છે, અને કર્મના અનુસાર પાછા એવા છૂટા પડી જાય છે કે ભવોના ભવોએ ભેગા જ થાય નહિ. એમાં જન્મે જન્મે બીજા બીજા જીવોના સંયોગમાં આવી ગમે તેટલું 'મારા, મારા' કરે, તો પણ જીવનના અંતે છૂટા પડવું જ પડે. કર્મસત્તા આગળ જીવનું શું ઊપજે છે ? જ્ઞાનીઓ પણ કહે છે,-'

'જીવનું એકાકીપણું કેવું ? :-'

**"जातश्चैको मृतश्चैक, एको धर्मं करोति च ।**
**पापं स्वर्गसुखे जीवः श्वभ्रे, गच्छति कः समम् ॥**
**मूढाः कुर्वन्ति ये मे मे, वपुःपुत्रगृहादिकम् ।**
**तेऽपि त्यक्त्वा च रोगार्ताः मज्जन्ति भवसागरे ॥"**

'અર્થાત્, આ સંસારમાં જીવ એકલો જન્મે છે, અર્થાત્ પૂર્વના કોઈ સગાને કે કશી સંપત્તિને સાથે લઈ આવી જનમતો નથી. અહીં જન્મે છે પણ એકલો, અને મરે છે પણ એકલો; અર્થાત્ અહીં વહાલામાં વહાલા પણ કોઈ કુટુંબીને સાથે લઈને મરતો નથી. વળી ધર્મ અને પાપ પણ જીવ એકલો જ કરે છે, કાં ધર્મ કરે છે, કાં પાપ કરે છે; એમાં બીજા ન પણ જોડાય એવું બને છે, અને એના ફળ સ્વરૂપે એકલો જ કાં સ્વર્ગમાં દેવતાઈ સુખમાં ચાલ્યો જાય છે ! કાં નરકના ઘોર દુઃખમાં એકલો જ પટકાય છે ! ત્યાં કોણ એની સાથે જાય છે ? અરે ! પોતાનું શરીર પણ સાથે જતું નથી, પછી પત્ની-પુત્ર વગેરે સાથે જવાની વાતે ય શી ?

"ત્યારે શું તમને નથી લાગતું કે આવા અહીં જ ઊભા રહી જનારા અને મરણ બાદ જીવનો કશો સથવારો-સધિયારો નહિ આપનારા શરીર સગા અને ઘરને 'આ મારા, આ મારા' એમ કરનારો જીવ મૂઢ છે ? 'મારા મારા' કરીને વળે છે શું ? અંતે એ જ બધાને મૂકીને જ રોગથી એકલો પીડાતો મરીને કર્મના ગંજ ઉપાડી ચાલવું પડે છે, ને આ વિરાટ ભવસાગરમાં એકલાએ જ ખોવાઈ જવું પડે છે.

''તો ભાગ્યવતી ! આ શું બોલે છે કે અમારું શું થશે ? હું કદાચ ચારિત્ર ન લઈને ઘરમાં બેસી રહું, તો પણ મારે મૃત્યુ તો આવવાનું. તો મારા મૃત્યુ પછી મારું શું થશે ? એ વિચાર તમને કેમ નથી આવતો ? એવા અવશ્યભાવી સર્વવિયોગને કરાવનાર મૃત્યુને જોતાં શું જોઈને અહીં 'મારા પતિ, મારા પિતા, મારું ઘર,' એમ મારાપણું કરાતું હશે ?

**''अन्यो जीवो भवेद् यत्र, देहात् तत्र गृहादिकम् ।**
**कथं मे मे तनुर्गेहं कलत्रं कुरुतेऽङ्गवान ? ॥''**

જીવ જ્યાં કાયાથી ય જુદો છે, ત્યાં ઘર-સગા વહાલા બધાથી ય જુદો છે એ સ્પષ્ટ દેખાય છે; તે જીવને એ કાયાદિ બધું જ છોડીને જવું પડે છે ! તો પછી શું જોઈને જીવ 'મારી કાયા, મારું ઘર, મારી પત્ની' એમ મમત્વ કરતો હશે ?' એમ કરવું એ ય શું જીવની મૂર્ખાઈ નથી ? મૂઢતા નથી ? જિંદગીભર મારી મારી કરેલી કાયા પર પણ, મૃત્યુ પછી, જો કશો અધિકાર નથી કરી શકાતો, તો ઘર-કુટુંબી પર પરલોક જતાં ક્યાં અધિકાર કરી શકાવાનો ? જ્ઞાની કહે છે.-

**કાયા-કુટુંબાદિ બધું દુઃખનું ઉત્પત્તિસ્થાન :-**

**'कुटुंब-धनधान्यादि सर्वं दुःखसमुद्भवम्, ।**
**देहं च मन्यते यः स्वं कर्म बध्नाति स कुधीः ॥**

અર્થાત્ તમે આ જુઓ કે 'આ કુટુંબ અને ધન-ધાન્યાદિ બધું ય દુઃખનું જ ઉત્પત્તિ-સ્થાન' છે. દેહ-શરીર પણ શું આપે છે । રોગ-પીડા-મજૂરી-કષ્ટો વગેરે ! એ, દેહ છે, તો જ આવે છે, મતલબ, દેહના લીધે જ એ ઊભા થાય છે. ત્યારે ધન-ધાન્યાદિના પરિગ્રહમાં દુઃખ-કષ્ટ-સંતાપ ઊભો થવાનું પૂછવું જ શું ? આમ છતાં જે દુર્બુદ્ધિ માણસ આ દેહાદિને પોતાના માને છે, પોતાના વહાલા તરીકે જુએ છે, એ કેવલ કર્મોથી જ ભારે થાય છે; અને એ કર્મ લઇને પરલોક જતાં એની કેવી દુર્દશા થાય ! એ એકત્રિત કરેલા કર્મોના ગંજના ગંજને લીધે કેટકેટલા દારુણ વિપાક એને ભોગવવા પડે ! સમજી શકાય એવું છે. આજે નજર સામે નાના મોટા અસંખ્ય જીવો જે પાર વિનાના જાલિમ દુઃખો ભોગવી રહ્યા છે, એ પરથી કલ્પી શકાય એવું છે.

એ તો અહીં જીવ એકમાત્ર ધર્મ જ કરીને એને પુણ્યરૂપે સાથે લઇને જાય, તો જ એને પરલોકે સ્વર્ગાદિના સુખ જોવા મળે. કહ્યું છે,-

**''एको धर्ममुपार्जितं च विबुधः कृत्वा स्वयं गच्छति स्वर्गं,**
**पापमुपार्ज्य घोरनरकं' दुःखाकरं प्राणभूत् ।**



**एको दुःखर्तार्ति ह्यसारमपि सो त्यक्त्वा च मुक्त्यालयम्**
**तस्मात् त्वं भज भावतो हि शरणं धर्मं, त्यज स्वं गृहम् ॥''**

'અર્થાત્ વિબુધ-સુજ્ઞ જીવ એકલો જ સ્વયં ધર્મનું ઉપાર્જન કરીને સ્વર્ગમાં જાય છે. ત્યારે જીવ એકલો જ પાપ ઉપાર્જન કરીને દુઃખ-ભરપૂર ઘોર નરકમાં સિધાવે છે ! તેમ જીવ એકલો જ અસાર દુઃખ-વિસ્તારનો (સંયમ દ્વારા) ત્યાગ કરીને મોક્ષ પણ પામે છે. માટે હે જીવ ! તું ધર્મનું ભાવથી શરણું લે. અને પોતાનું માનેલું ઘર છોડ.'

''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૩૫,અંક-૨૦/૨૧,તા.૫-૪-૧૯૮૬

**આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પૂનાના ૨૦૪૧ના યાદગાર ચાતુર્માસ દરમિયાન ભગવંતની વાણી શ્રવણથી એમનામાં જૈનત્વ પ્રગટ થયું.**

## જિનવાણી અમૃતધારા

'ઓ રીક્ષાવાળા ભાઈ ! આ પોટલું શાનું છે ?' પોતાનો માલ સામાન રીક્ષામાંથી બહાર કાઢી લીધા બાદ રીક્ષામાં રહેલું મેલું ઘેલું પોટલું બતાવતા ભાડાની રીક્ષામાંથી ઊતરેલી એક વ્યક્તિએ પ્રશ્ન કર્યો. 'એ તો મારી ગાડીનું કામ કરવા માટે ચીંદી લાવ્યો છું.' રીક્ષાવાળાએ ઠાવકાઈથી જવાબ તો આપી દીધો, પણ એને ખબર પડી ગઈ કે આ તો પેલા અંધ મુસાફર જેની સાથે ૫-૬ વર્ષનો બાળક હતો એનું ભૂલાઈ ગયેલું પોટલું છે. એણે એ પોટકાને સાવધાનીથી પોતાની સીટ નીચે મૂકી દીધું. આ રીક્ષાવાળા ભાઈ રમેશભાઈ જૈન છે અને પૂના પાસે હડપસર ગામના વતની છે. પૂર્વે નાસ્તિક જેવા પરંતુ

રાત્રે ઘેર ગયા પછી પોટકું ઉઘાડીને જોયું તો, 'આ શું ? રૂપિયા ૨૦૦૦૦ની નોટોનું બંડલ ?' રીક્ષાવાળાની આંખો પહોળી થઈ ગઈ. 'મારે હાલમાં ભાડાથી રાખેલું મકાન કોર્ટે માત્ર થોડા દિવસોમાં ખાલી કરી આપવાનો હુકમ કર્યો છે. નવું મકાન ભાડે રાખવા માટે રૂા. ૬૦૦૦ જોઈએ છે. પાઘડીના હજારો રૂા. જોઈએ છે, તો એ માટે આનો ઉપયોગ કરી શકાશે.' એમ ભયંકર ગરીબીથી કંટાળી ગયેલું મન પૈસાને રાખી લેવા દોરાતું હતું પણ જૈન ધર્મથી વાસિત, ગરીબીમાં પણ અમીરી' દિલ ધરાવતા એમના પત્ની અને છોકરીઓને આ મંજૂર નહોતું. એમણે સુણાવી દીધું 'રસ્તા ઉપર રહીશું પણ પારકું હરામનું ધન તો ઘરમાં રહેવા નહિ જ દઈએ. 'ધન માલિકને પાછું આપી દેવાનું.' એમને માત્ર બોલવું જ છે મંજૂરી

મારે કરવાની છે. કાળી મજૂરી કરતાં પણ ૨૫ વર્ષમાં પેટ ભરીને જમ્યો નથી, અંગ ઉપર સરખા કપડાં પહેર્યા નથી, આંધળા ભાઈ મને કોઈ રીતે પકડી શકે તેમ નથી,' ડ્રાઈવરનું રાવણ મન વિચારતું હતું એમાં ઊંઘ આવી ગઈ. ઊંઘમાં બીડાયેલી આંખ સામે પોતાના ભાડાના ઘરમાં પધરાવાયેલી શ્રી જિનેશ્વર ભગવંતની મૂર્તિ સાક્ષાત્ હાજર થઈ. પછીથી ગુરુ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને મુનિઓએ સ્વપ્નમાં દર્શન દીધા. પૂર્વે સાંભળેલી જિનવાણી સ્મરણપટ્ટ ઉપર અથડાઈને જાણે કહેતી હતી, 'માનવ ! ન્યાય એ જ ધર્મ મેળવવાનો રહસ્યભૂત ઉપાય છે. અનીતિનું ધન એ તન અને મન બંનેને બગાડે છે. ભૂલાઈ ગયેલું પડી ગયેલું ધન ઉઠાવવું એ ચોરી છે. જેનું ધન ચોરવામાં આવે છે, એના દશે પ્રાણો હરી લેવા જેવું છે' અને આ દિવ્ય જિનવાણીની જીત થઈ. આચાર્ય મહારાજશ્રીના ફોટા ઉપર હાથ મૂકી એ રડી પડ્યો. રુદન અઢી કલાક ચાલ્યું. તરત જ ત્રણ નવકાર ગણી એણે પૈસા પરત કરવાની પ્રતિજ્ઞા લઈ લીધી. પૈસા લઈ એ તુરત જ ઘર બહાર નીકળ્યો. પોલીસને વચ્ચે રાખી એણે પૈસા સહિત પોટલું આંધળા મુસ્લિમ ભાઈને પરત કર્યું. પૈસા પરત કરનાર આ ખુદાના ફિરસ્તાના પગ પકડી એ અંધભાઈ રડી પડતાં બોલ્યા 'અલ્લાહ પર આસ્થા રાખનાર કોઈ મુસ્લિમ ડ્રાઈવર પણ આમ ઘેર આવીને આટલી મોટી રકમ પાછા આપવા ન જ આવ્યો હોત. લો ભાઈ ! આ ૫૦૦/ રૂા. તમને ભેટ આપું છું. અને આ ૫૧/ રૂપિયા તમારા ભગવાનના ભંડારમાં નાખવા આપું છું. રીક્ષાવાળા રમેશભાઈએ જવાબ વાળ્યો 'મારે મારા સત્કાર્યના બદલામાં કાંઈ જ જોઈતું નથી અને આ ભગવાનના ભંડારની રકમ પણ જો તમે કાયમ માટે દારૂ બંધ કરો તો તમો ચાલો મારી સાથે ભંડારમાં નાખવા. તમને મારા ભગવાને પૈસા પરત અપાવ્યા તો તમો ભગવાનને દારૂ ત્યાગની પ્રતિજ્ઞા આપો.' અંધ મુસલમાન ભાઈએ સહર્ષ જીંદગીભર દારૂનો ત્યાગ કર્યો, પછી જ ભંડારમાં રૂા. ૫૧/ નંખાયા.

૨૨ વર્ષથી એક પણ એક્સિડન્ટ કે પોલીસ ફરિયાદ વગરના એ રીક્ષા ડ્રાઈવરનું પૂના રોટરી કલબે સન્માન કર્યું, પૂનાના એ પ્રામાણિક ડ્રાઈવરનું નામ છે. રમેશભાઈ, એમણે આચાર્યદેવશ્રીના પૂનાના ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રીની નિશ્રામાં માસક્ષમણનો ઉગ્ર તપ કરેલ છે. છઠ્ઠના પારણે આંબેલથી વર્ષીતપ કરેલ છે. મહુલી જેવા ભાડાના ઘરમાં પણ એ શ્રી જિનેશ્વરદેવના પ્રતિમાજીનું પૂજન મઝેથી કરી રહ્યાં છે.





## ● એ કેમ મરી ગયાં ?

તે દિવસે એ કેટલ કેમ્પનો ઉદ્ઘાટન વિધિ હતો. હજારો પશુઓ વિશાળ ખેતરમાં ઊભરાઈ રહ્યા હતા. ઘાસની વિરાટ ગંજીઓ ખડકી દેવામાં આવી હતી. સહુના પ્રાણ ઉગારી લેવાની ધગશ કાર્યકર્તાઓનાં અંતરમાં ધબકી રહી હતી. ગાયમાતાઓના ગળામાં ગુલાબનાં હાર પહેરાવી કપાળમાં કંકુતિલક કરી કેમ્પનું ઉદ્ઘાટન જાહેર કરાયું. પણ... પણ... સાંજ પડે અને દિ' આથમે તે પહેલાં તો ૨૦ જાનવરો તરફડી તરફડીને મરી ગયા. કાર્યકરોનાં જીવ અદ્ધર થઈ ગયા. રે ! આજે મંગલ ઉદ્ઘાટનના દિવસે જ જીવોના જાન જાય ? ડૉક્ટરોને બોલાવીને મરેલાં પશુઓનું પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું અને અંતે મેડીકલ રીપોર્ટ તૈયાર થયો કે અતિશય ભૂખ અને ચાલવાનું દુઃખ બેય ભેગાં થવાના કારણે આ પશુઓ મરી ગયાં છે.

## ● કાલે કદાચ કતલખાને જવું પડશે તો ?

ડ્રોઈંગ રૂમમાંથી અતુલભાઈ બોલ્યા... એ સાંભળે છે, જો આ જીવદયા પ્રેમીઓ સો રૂપિયાની રસીદ ફડાવા આવ્યા છે શું જવાબ આપવો છે ? કીચન રૂમમાંથી અવાજ આવ્યો આવતી કાલે મર્યા પછી તમારે પણ કદાચ પશુ થવાનું અને કતલખાને જવાનું થાય, એ વિચારીને જે કરવું હોય તે કરો ! એટલે શું કહેવા માગે છે ? કશું જ નહિ જિંદગીમાં એવા નઠારા પાપો કર્યા છે કે દુર્ગતિ તો નક્કી જ થઈ ચૂકી છે. આજ નહિ તો કાલ ઘોડા ગધેડા ઊંટ બકરા કે બળદીયા થવું જ પડશે. ભૂખે તરસે રીબાવું પડશે અને કતલખાને કપાઈ મરવું પડશે. એ બધામાંથી જો છૂટકારો જોઈતો હોય તો હમણાં કાંઈક કરી છૂટો. કોકનો જાન બચાવો તો તમારો જાન કોક બચાવશે ! અને શેઠે .......... રૂા.નું દાન જાહેર કર્યું. (ધર્મપત્નીના સદ્ઉપદેશથી).

## ● પશુઓ મરે તો મરવા દો

શેઠ ! ગુજરાતની પાંજરાપોળેથી આવ્યા છીએ. દુકાળ ભારે વર્તાઈ રહ્યો છે. પશુઓ મરી રહ્યા છે આપ ફૂલ નહિ તો ફૂલની પાંખડી પણ દાનમાં આપો. અરે ! નાલાયકો ! તમને કાંઈ લાજ શરમ છે કે નહિ ? શું ભીખ માંગવા નીકળી પડ્યા છો ! પશુઓ મરે તો મરવા દો મારે કશું જ દેવું નથી. રોજ દહાડો ઉગે ને તમારા જેવા કોક ને કોક હાલી નીકળે છે. આ તમારા બળદીયાઓને જીવાડવા અમારે મરી જવાનો દાડો આવશે, હાલતા થઈ જાવ હાલતા ! ફરી ખબરદાર જો

કોઈ દિ અહીં ફરક્યા છો તો ! પેલા કાર્યકર્તાઓ ઊભી પૂંછડીએ રવાના થઈ ગયા. અને શેઠ પાટલે જમવા બેઠા. થાળીમાં ભોજન પીરસાય તેની રાહ જોતા રહ્યા પણ શ્રીમતીએ કશું પીરસ્યું જ નહિ ત્યારે શેઠ એકદમ અકળાયા અને બોલી ઊઠ્યા કેમ ! મને ભૂખે મારવાનો છે ! શ્રીમતી કહે ગઈકાલે તો ભાણું ભરીને ખવડાવ્યું છે. હવે આજે શું છે ? રોજ ને રોજ તે આ વળી શી પંચાત ! છાનામાના ઊભા થઈ જાવ. ખબરદાર હવે પછી કોઈ દિ ખાવાનું માગ્યું છે તો. એકાએક ફાટેલા આ એટમબોંબથી શેઠ તો પરસેવે રેબઝેબ થઈ ગયા અને નરમઘેંસ બનીને ઘરવાળીને પૂછવા લાગ્યા. રે ! મારી શું ભૂલ થઈ છે તે તું આમ તાડુકી રહી છે. ત્યારે પત્નીએ જવાબ આપ્યો, તમને જો મારી પાસેથી રોજ ખાવાનું માંગતાં શરમ નથી આવતી તો જે પશુઓ માનવના આધારે જીવે છે એ પશુઓ માટે ઘાસચારાની જરૂર પડે તો કોની પાસે માંગે ? જો તમારે ખાવા રોજ જોઈએ તો પશુને પણ ખાવા રોજેરોજ જોઈએ. ડાહ્યા થાવ અને રોજ આટલા રૂપિયાનું દાન દેવાનું નક્કી કરો પછી જ રોટલા મળશે અને શેઠે પત્નીની વાત ન છૂટકે પણ વધાવી લીધી.

**"દિવ્ય-દર્શન" - "અગ્રલેખ"** **વર્ષ-૩૫,અંક-૪૫,તા.૧-૮-૧૯૮૭**

## રોગાદિમાં સમાધિ માટે હિતશિક્ષા-પત્ર

'તમો વર્ષોના સંયમી છે, અને શાસ્ત્રોના પરિચિત છો, તેથી બીમારીમાં ચિત્તની સમાધિ સુંદર જાળવતા હશો, એમાં શી શંકા ? છતાં એ ભાવના કરજો કે 'પૂર્વના મહાન પુરુષોએ આપણા કરતાં ય ભયંકર વ્યાધિઓમાં અદ્ભુત સમાધિ રાખી છે, તો મારે શી ચિંતા ?'

એટલું વિચારોને કે પાલક પાપીની ઘાણીમાં જીવતા પીલાઈ જનારા મુનિઓને વેદના કેવી વેદના કેટલી ? છતાં જો સહેજ પણ સમાધિ ગુમાવી હોત, સહેજ એટલું ય મનમાં લાવ્યા હોત, કે આ 'પીડા બહુ ભારે,' અથવા આ માણસ સારો નહિ,' તો શું એ વીતરાગ સર્વજ્ઞ થાત ? ના, બસ, તો પછી આપણે શી એવી પીડા છે ? આપણે તો એમ ન વિચારીએ કે 'આ મારે કેવો અશુભનો ઉદય ? આપણે તો એમજ વિચારીએ કે 'ધન્ય અવસર ! - ! મારે કેવો અશુભનો નિકાલ ?' આપણા મંગળવિજયજી મહારાજને પાછલી વયે વ્યાધિ આવતી, તો એ કહેતા કે 'આમાં છે શું ?' જેટલા ભોગવીએ એટલા કર્મ ઓછા જ થાય છે ને ! પછી શી ચિંતા ?'

એક કામ રાખશો, **'ભરહેસર'** સજ્ઝાયમાંના મહાપુરુષો અને મહાસતીઓનાં



જીવન યાદ કરતા રહેશો. તો તેથી બળ મળશે. સનતકુમાર ચક્રવર્તી મુનિએ ૭૦૦ વરસ ૧૬ રોગની પીડા સહી, પણ શાંતિથી; તો લબ્ધિઓ ઊભી થઈ. એક જ વિચાર હતો કે "મારા અશુભ કર્મ વિના રોગ આવે નહિ; પરંતુ ખુશી તો એ થવા જેવું છે, કે જેમ જેમ રોગ અને પીડા સહન કરું, તેમ તેમ કર્મશત્રુ રવાના થાય છે." આ વિચાર હતો એટલે રોગ મટાડી દેવા, દેવતા આવ્યા તો એમને કહી દીધું કે, 'રોગ તો મારા મિત્ર છે. એમના સહારે મારા કર્મશત્રુ રવાના થાય છે. તમે મારા આવા કલ્યાણમિત્રને કાઢવા આવ્યા છો ?'

ખરું તો શરીરનું વિચારવા કરતાં આત્માનું એ વિચારો કે 'આપણા અરિહંત કેવા અજોડ ઉપકારી મળ્યા છે ? જિનશાસન કેવું ક અદ્ભુત મળ્યું છે ? સંયમ કેવુંક મળ્યું છે ? જગતને એક અરિહંત નથી મળ્યા, આપણને અનંતા અરિહંત મળ્યા છે ! સિદ્ધગિરિ વગેરે તીર્થો કેવા મળ્યા છે ! દશવૈકાલિક, ભગવતી વગેરે શાસ્ત્રો કેવા કેવા મળ્યા છે ! થોડો પણ નવકાર, પ્રકરણો, આચારશાસ્ત્રો,... વગેરેનો બોધ કેટલો ઊંચો મળ્યો છે !... આ બધી આત્મ સંપત્તિ આપણી પાસે છે. એમાં કમીના નથી, પછી શરીરનું ઠેકાણું નથી એમાં શું રોવાનું ?'

આપણે તો જે આત્માનું સાચું ધન મળ્યું છે, એની એની ભરપેટ અનુમોદના કરતા રહીએ. 'અહો ! અહો ! શાસન !' 'અહો અહો દેવાધિદેવ !' એમ 'અહો ! અહો !' કરતા રહીએ. એથી (૧) પુણ્ય તો મળે જ, (૨) વધારામાં ભવસ્થિતિ કપાય, અને (૩) પરભવ માટે સદ્ગતિ તથા જૈન ધર્મનું રિઝર્વેશન થાય.

ધ્યાન રાખજો, પીડાથી કંટાળી મનમાં દુઃખ કર્યા કરશો, તો એમાં કાયાને મહત્ત્વ અપાશે, ને આત્મા ગૌણ થઈ જશે. વળી પીડામાં મન જાય તો એટલું એ મન પરમાત્મામાં નહિ ટકી શકે. મહાવીર ભગવાનના ઉપસર્ગ પરીસહો વિચારો. કેમ એ પ્રભુએ એટલું બધું સહન કર્યું ? કહો, આપણા પર ઉપકાર કરવા સહન કર્યું; કેમકે પ્રભુના ભક્ત આ જ વિચારે છે કે મારા પ્રભુએ આટલું બધું સહન કર્યું તો મારે તો જરૂર થોડું પણ સહન કરવું જોઈએ. જુઓ તો ખરા.-

### વીરપ્રભુએ સહન તે કેવુંક કર્યું ?

ગોવાળિઓ કાનમાં ખીલા ઠોકવા તૈયાર થયો. પણ એકલો હતો એટલે એક હાથે પથરો પકડી ખીલા પર મારવા જાય ત્યાં પ્રભુનું માથું ધક્કો લાગવાથી હાલી જાય એટલે ખીલો કાનમાં ઘૂસે નહિ તેથી પ્રભુએ એના પર હેત રાખી એને સહાયતા કરી.-

'લે ભાઈ ! તારા એકલા હાથે ખીલો અંદર નથી જતો, તો હું તને સહાય કરું, મારું માથું જોરથી સ્થિર ધરી રાખું છું. લે ભઈલા ! હવે ઠોક પથરો,' પોતાના કાનમાં પ્રભુએ ખીલા આમ ઠોકવા દીધા ! આ પીડા આગળ આપણને

પીડા કેવી ? તે પણ રોઈએ તો ય કર્મ કાંઈ દયા ન ખાય. માટે પ્રભુની માફક વીરતાથી પીડા ભોગવી લેવી, ખૂબ પ્રસન્નતા રાખી સમાધિ જાળવવી.

વિદુષી સંયમી સાધ્વીજી ! એટલું સમજી રાખો કે આપણે બહિર્મુખતામાં ટેવાયેલા, એટલે બહારનું કાયાનું જરાક આઘું-પાછું થતાં રાજી નારાજ થઈએ છીએ, કે 'હાશ ! મને સારું છે,' 'હાય મારું' બગડી ગયું.' **'આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ'** કાયાને જ પોતાનો આત્મા માની લીધો, પોતાની જાત માની લીધી, પછી કાયાના રોગ-આરોગ્યમાં રતિ-અરતિ કરીએ છીએ. ખરી રીતે એનાથી આપણી જાતને એટલે કે આપણા આત્માને જ્ઞાન વૈરાગ્યાદિની કશી હાનિ-વૃદ્ધિ નથી; ને એ રોગના વલોપાતમાં આત્માનો રોગ અસમાધિ-આર્તધ્યાન વધારીએ છીએ, તેમજ કાયાના આ રંગઢંગ પરથી 'વૈરાગ્ય-વૃદ્ધિ તથા પરમાત્મ-સ્મરણમાં જોસ'ની આત્મ-કમાઈ ચૂકીએ છીએ. માટે આ બહિરાત્મભાવ- 'કાયાની જાહોજલાલીમાં આપણી જાહોજલાલી અને કાયાની નબળાઈમાં આપણી નબળાઈ' માનવી એ અઘરૂપ છે - પાપરૂપ છે.

ખરી રીતે અહીં જૈન માનવ અવતારે અંતરાત્માની જ્ઞાન-વૈરાગ્ય સંપત્તિ વધારતા રહી, આત્માની ભાવ-ગરીબી તોડતા રહેવાનું છે; ને શારીરિક રોગ-નબળાઈમાં 'આમાં છે શું ?' કહીને ઊભા રહીએ, તો ભાવ-શ્રીમંતાઈ આવતી જાય. 'આમાં તો મારે અશાતા વેદનીય-પર્યાયો પસાર થઈ અશુભનો નિકાલ થાય છે. આત્મ ચિંતા રુડી કરાય છે. અરિહંત નામ રટણના શુભ પર્યાયો વધે છે. એ જ વિચારવું યોગ્ય છે.'

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૫,અંક-૪૭-૪૮,તા.૨૯-૮-૧૯૮૭

## ધનને વાવવાનો રૂડો અવસર

● **ધોળકા :-** વરસાદ નથી; પાણી નથી, ઘાસચારો નથી ખાવાનું નથી એવા સતત ત્રીજા દુષ્કાળમાંથી પસાર થઈ રહેલા મુંગા પશુઓની અને બેરોજગાર ભૂખ્યા માનવની શી પરિસ્થિતિ હોઈ શકે એ ત્રણ ટાઈમ વ્યવસ્થિત ભોજન કરનાર માટે કલ્પવું મુશ્કેલ છે... દુષ્કાળમાં ભયંકર પીડિત પશુઓ અને માનવોને રાહત માટે સતત ઝઝુમતા રાતદહાડાનો ભેદ ભૂલી અનવરત કાર્યશીલ સેવાભાવી કાર્યકરો કુમારપાળ વિ. શાહ - અને કલ્પેશ વિ. શાહનો પત્ર નીચે આપેલ છે...

● 'જગડુ ! કમાવવાનો આ અવસર આવ્યો છે' આચાર્ય ભગવંતના આ માર્મિક શબ્દો સાંભળી જાગૃત થઈ દાનવીર જગડુશાહે ત્રણ ત્રણ વર્ષના ભયંકર દુષ્કાળને ફેડવામાં પોતાની સંપત્તિ શક્તિ સમયનું વપન કર્યું.



દાનવીરો ! તમારા ધનનું વપન કરવાનો અમુલ્ય અવસર આવી લાગ્યો છે. જો જો પાછા પડતા... યાદ રહે. 'રક્ષિતો ધર્મો રક્ષતિ' બીજાને સમાધિ આપવાથી સમાધિ મળે બીજાને શાતા આપવાથી શાતા મળે. સુખની ઈચ્છાવાળાએ સુખ આપવાના જ પ્રયત્ન કરવો જોઈએ.

**ધોળકા, ૫ ઓગસ્ટ ૧૯૮૭**

**પત્ર**

સસ્નેહ આત્મસ્મરણ.

શ્રાવણ મહિનાના સોના જેવા દિવસો ય વિદાય થતા જાય છે. દિવસ ડૂબતાં જ હૈયું કંપી ઊઠે છે. અષાડ મહિનો કોરો ધાકર ગયો, અને શ્રાવણ મહિનો ય ઝેરોક્ષ કોપી જેવો જોઈને આંખ ભીની થઈ રહે છે. સર્વત્ર માણસો અને મૂંગા ઢોર ઉના લાય જેવા નિઃસાસા નાખે. ઠેર ઠેર પાણી અને ઘાસના પોકારો પડી રહ્યા છે. સરકારી ઘાસના ગોદામનું ય તળીયું સાફ છે. ઘાસની સગવડ તો શું, તણખલુંય મળવું મુશ્કેલ બની રહેશે ? ઘાસના ભાવો ઘઉંના ભાવોને ટપી જવાની તેજ દોડે દોડી રહ્યા છે. સામાન્ય સ્થિતિના ખેડૂત કે પશુપાલકની હામ અને હિંમત હવે તો તૂટીને ભૂક્કા થઈ ગઈ છે ! કેમકે ૨ રૂપિયા હોય તોય બાજરીનો એક પૂળો મળવો મુશ્કેલ બની ગયો છે. સમાચાર પત્રોમાં છપાઈ રહ્યા છે એ સચાચારોથી ય વધારે ગંભીર પરિસ્થિતિ અછતગ્રસ્ત વિસ્તારો ઉપર ઉતરી આવી છે. માણસો અને ઢોરો દુકાળના દૈત્ય સામે ઝઝૂમી રહ્યા છે ખરા, પણ વલખાં મારતાં લોકો સંપૂર્ણ રીતે ભાંગી પડ્યા છે. અમે તો રોજ રખડતાં રખડતાં કેટલાય જીવોને કાળનો કોળીયો થયેલા સ્પષ્ટ જોઈએ છીએ. કંપારી અને કમકમાટી હવે દૈનિક ક્રમ બની ગયો છે. મુંઝવણ અને મુશ્કેલીઓનો પાર નથી. ભુખનું દુઃખ શું કહેવાય એ અમારા જીવનમાં ય નજરોનજર જોઈ રહ્યા છીએ.

છેલ્લા છ મહિનાથી સતત સખતરીતે કમ્મરતોડ મહેનત કરી શક્ય બધું જ કર્યું. કરવામાં કોઈ જ કચાશ રાખી નથી હજીય એ જ રીતે આગળ વધી રહ્યા છીએ. ઊભી થયેલી અને આવી પડનારી અછતની બિહામણી અને બદતર પરિસ્થિતિમાંથી આપણા કેમ્પના ઢોરોને બચાવી લેવા માટે આજે વીરોચનનગરથી હીજરત કરાવીને દક્ષિણ ગુજરાત તરફ લઈ જવાનું શરૂ કરી દીધું છે. વેદનાથી હૈયું વલુરાઈ જાય છે પણ કોઈ જ આરો ઓવારો ન દેખાતાં કચવાતા અને કકળતા દીલે આ એક અંતિમ માર્ગ પસંદ કરી લીધો.૧૦ હજાર અબોલ જીવોને વીરોચનનગરથી પહેલા મુકામે સાણંદ ખાતે સ્થળાંતર કરાવી દીધું. રોજ આ રીતે મજલ કાપતા રહીશું. શક્ય એટલો શ્રમ કરીને ઘાસ પાણીની વ્યવસ્થા કરતા કરતા

આશા છે કે થોડાક દિવસોમાં અબોલ જીવોને દક્ષિણ ગુજરાતની લીલીછમ ધરતી ઉપર રમતા મૂકી શકશું.

અ.ભા. હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈનું ઉપરોક્ત કરુણાભીનું કાર્ય સ્થળાંતર કરવાના કાર્ય પછી સમાપ્ત થતું નથી, પણ અછતગ્રસ્ત બીજા વિભાગોના ગામડે ગામડે જઈને જીવદયાનું નવેસરથી યોજનાબદ્ધ કાર્ય ઉપાડી લેવાશે. ગુજરાતને ઈથોપીયાની હરોળમાં મૂકાતું જોઈને નિરાંતે નચિંત બનીને બેસી રહેવા જેવું મને તો લાગતું નથી જ નથી.

આપ સૌના આશીર્વાદ અને શુભેચ્છાની એક માત્ર અપેક્ષા.

લિ. આપના, **કુમારપાળ વિ. શાહ, કલ્પેશ વિ. શાહ**

કાર્યાલય : બંગલા નંબર ૩૯, કલીકુંડ સોસાયટી, ધોળકા, જિ.અમદાવાદ.

**"દિવ્ય-દર્શન" - "પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૬,અંક-૧૯,તા.૨૬-૧૨-૧૯૮૭

## અ-સ્વાદવ્રત પર મનનીય પ્રવચન

**(પ્રવચનકાર : પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.સા.)**

(ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ગાંધીજયંતિ નિમિત્તે એક પ્રવચનમાળાનું આયોજન કરેલું જેમાં તા. ૨૩-૯-૮૭ ના રોજ પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજનું 'અસ્વાદવ્રત' પર પ્રવચન પણ ગોઠવ્યું હતું. સ્ટુડન્ટોથી ખીચોકીચ ભરેલા વિદ્યાપીઠના પ્રાર્થનાહોલમાં થયેલ એ પ્રવચનો સાર વાચકો સમક્ષ અત્રે પ્રસિદ્ધ કરીએ છીએ. **-તંત્રી)**

અનંત ઉપકારી ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરદેવે સૌ પ્રથમ અનશન વ્રતને દર્શાવ્યું છે. સદા માટે અનશનવ્રત ન બની શકે અને ભોજન લેવું પડે તો ભોજનમાં અસ્વાદ-વ્રત પણ દર્શાવ્યું છે. મહાત્મા ગાંધીજીને મનપસંદ એવા આ વ્રતની વાતો વિચારતાં મારે તમારી સમક્ષ ભોજનથી પેદા થતી ભયંકરતાઓ, રામાયણ અને મહાભારતનાં એકાદ-બે પ્રસંગો મૂકીને રજૂ કરવી છે.

આજે માણસ મનફો તે રીતે ખાવા મંડ્યો છે. જે જોયું, ગમ્યું અને ભાવ્યું તે પેટમાં પધરાવ્યું જ સમજો ! આર્યદેશની આ ધરતી પર ભોજન માટેનાં પણ Principles (પ્રીન્સીપલ્સ-સિદ્ધાન્તો) હતા. ક્યાં જમાય ? ક્યારે જમાય ? કોના હાથે જમાય ? વગેરે બાબતો ખૂબ જ Scientific (સાયન્ટીફીક) રીતે સેટ કરવામાં આવેલી હતી. પણ જમાનાવાદનાં રવાડે ચડેલાં આજનાં કેટલાંક યુવાનોએ તે રીતિનીતિઓનાં ભાંગીને ભુક્કા બોલાવી દીધાં છે. આ બાબતમાં મારે ઘણું કહેવું



છે. પણ પહેલાં રામાયણનો`ક આહારવિષયક કિસ્સો કહી દઉં, પછી આગળ વધીએ.

એક દિવસની વાત છે. માતા અંજના જંગલોની ગુફાઓમાં પોતાનો વિરહકાળ પસાર કરી રહ્યા છે. ચિરંજીવી હનુમાન ખડે પગે માતાની સેવા બજાવી રહ્યા છે. માતા અંજના વારંવાર કહે છે કે, "બેટા ! તું રામ-લક્ષ્મણની વાતો તો રોજ કરે છે, પણ એક વાર પ્રભુ રામને આપણા ઘરે તો તેડી લાવ. હું જરા નજીકથી તેઓનાં પાવન દર્શન કરું અને જીવતરને ધન્ય બનાવું."

માતાની ભાવનાને સાકાર કરવા માટે પુત્ર અનેકવાર શ્રીરામને ઘરે પધારવા વિનંતી કરી, પણ મેળ બેઠો નહીં. રામનું સ્મરણ કરતાં કરતાં અંજનાનાં દિવસો વીતવા લાગ્યા.

એક દિવસ આકાશમાર્ગે શ્રીરામનું વિમાન ઊડી રહ્યું છે. રામ, લક્ષ્મણ, શત્રુઘ્ન અને હનુમાન સહુ વિમાનમાં બેઠા બેઠા અવનીનું અવલોકન કરી રહ્યા છે. જ્યાં નજર નાખે ત્યાં સર્વત્ર લીલી-લીલી કલાર વનરાજી દેખી રહી છે, ઠેરઠેર જલભર્યા સરોવર છલકી રહ્યા છે. પંખીઓનાં કલરવથી આકાશ ગુંજી રહ્યું છે. આવી અપાર વનશ્રીનું દર્શન થતાં રામે પૂછ્યું, 'આ કયું ઉપવન છે ?' **લક્ષ્મણજી**એ પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'આપના ચરણસેવક હનુમંતની માતા અંજના જે જંગલમાં વસે છે તે જ આ ઉપવન છે.'

અંજનાનું નામ સાંભળતા જ રામે કહ્યું, 'એમ ? તો તો આપણે અહીં જ ઉતરાણ કરીએ અને અંજનાને મળીને પછી આગળ વધીએ.' રામના શબ્દો સાંભળીને હનુમાન આનંદવિભોર બની ગયા, જોતજોતામાં તો વિમાન નીચે ઊતર્યું; અને સહુ ગુફામાં પ્રવેશ્યા. અંજનાએ સહુનું સ્વાગત કર્યું. બેસવા માટે આસનો પ્રદાન કર્યા પછી સહુ બેઠા.

હનુમાને પરિચયવિધિ કરતાં કહ્યું, 'જુઓ મા ! જેને આપ સતત યાદ કરતા હતા તે આ રાઘવેન્દ્ર રામ છે.' માતાએ નિસાસો નાંખતાં કહ્યું, 'ઠીક, હશે !' હનુમાન વ્યથિત થઈને આગળ બોલ્યા, 'બા ! આ શ્રીરામનાં લઘુબંધુ લક્ષ્મણ છે.' 'હશે, મારે શું ?' હનુમાનથી રહેવાયું નહીં. એ અકળાઈ ગયા. એમનું મુખ મ્લાન થઈ ગયું.

પુત્રાની અંતરવ્યથા અને માતાની ઉદાસીનતા જોઈને લક્ષ્મણજી બોલ્યા, 'હે માતા અંજના ! આપ આમ તો વારંવાર રામને યાદ કર્યા કરતા હતા, અને જ્યારે રામ સાક્ષાત્ આંગણે આવીને ઊભા છે, ત્યારે આપ સાવ ઉદાસ કેમ બની ગયા છો ?'

અંજનાએ કહ્યું, 'રામ પધાર્યા તેનાંથી તો હું આનંદિત છું, રાજી છું, પ્રમુદિત છું, પણ મને પેલા લંકાવિજયની વાત યાદ આવે છે ત્યારે મારા શરીરે વીંછીનાં સો સો ચટકાં જેવી વેદના થાય છે. મારો દીકરો કેટલો કાયર અને નમાલો નીકળ્યો કે સીતાને જીતીને લાવવા માટે સાક્ષાત્ રામને છેક લંકા સુધી જવું પડ્યું. મારો દીકરો જો શૂરવીર હોત તો રામને આ કષ્ટ ન લેવું પડત.'

હનુમાનની આંખે દડદડ આંસુ પડવા લાગ્યા અને માતાને પગે પડીને ભૂલ કબૂલવા લાગ્યા. ત્યારે ભાવાવેશમાં આવેલી માતા અંજનાનાં સ્તનમાંથી દૂધની ધાર વછૂટે છે; અને એ સામેની શિલા સાથે અફળાય છે. અંજનાનાં દૂધનો સંસ્પર્શ થતાં શિલાના શત-શત ટૂકડા થઈ જાય છે ! શીર્ણ-વિશીર્ણ થઈ ગયેલી શિલા સામે આંગળી ચીંધીને અંજના પોકારે છે,-

"ઐસો દૂધ મૈંને તુંહિ પીલાયો, બેટા ! તાહે મોરી કૂખ લજાયો !"

આ હતી આર્યદેશની માતાઓ જે પોતાનાં દુગ્ધપાનમાં જય-પરાજયનાં 'Result' (રીઝલ્ટ) તપાસતી હતી. આજની માતાઓએ કયારેક પોતાનાં દૂધનું પરિણામ કેવું આવ્યું એનો વિચાર સુદ્ધાં કર્યો છે ખરો ? રે ! આજે તો માતાઓએ પોતાનું દૂધ પાવાનું જ બંધ કર્યું છે, પછી આ સવાલ જ કયાં રહે છે ? અંજનાની જેમ આજની માતાઓને બોલવું હોય તો ડેરીનાં દૂધની પ્લાસ્ટિકની કોથળી સામે આંગળી કરી કહેવું પડે કે "ઐસો દૂધ મૈંને તુંહિ પીલાયો, તાહે ડેરીકો નામ લજાયો."

આ ધરતીનાં લોકોની એક માન્યતા હતી. "આહાર એવો ઓડકાર" અને "અન્ન તેવું મન્ન" આ દેશનાં લોકો પેટમાં કંઈપણ પધરાવતાં પહેલાં ખાદ્ય પદાર્થનાં ગુણદોષ વિચારતા, પછી જ પેટમાં પ્રવેશ થવા દેતા. ગમે તેવો પદાર્થ જો પેટમાં ઉતરી જાય, તો એ તન, મન અને જીવનને બરબાદ કરી નાખે. આવી શ્રદ્ધા એમનાં અંતરમાં ઉછાળા મારતી હતી. મહાભારતમાં ભીષ્મપિતામહનો એક પ્રસંગ આવે છે. તે પણ મારે મુકવો છે. અને તે દ્વારા તમને સહુને ચેતવવા છે.

કુરુક્ષેત્રનાં રણમેદાનમાં પાંડવો અને કૌરવોની સેનાઓ સામસામે અફળાઈ રહી હતી. એક દિવસે પાંડવસેનાએ ભીષ્મપિતામહને લાગમાં લીધા. બારે બાણવૃષ્ટિ કરી. પિતામહ હજારો બાણોથી વિંધાઈ ગયા. અને શ્વાસ મુકવાની ઘડી પર આવી ગયા.

અંતિમ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પિતામહે કહ્યું કે 'કોઈને કંઈ પૂછવું હોય તો પૂછી લો.' ત્યારે દ્રૌપદીજી આગળ આવ્યા અને બોલ્યા, "પિતામહ ! મારે એક વાતનો જવાબ જોઈએ છે કે જ્યારે ભરી સભામાં મારા ચીવર ખેંચાણાં, મારી લાજ લૂંટાવાની અણી આવીને ઉભી રહી, ત્યારે આપ મૌન કેમ બેસી રહ્યા



હતા ? આપની સૂઝબૂઝ તે દિવસે કેમ નષ્ટ થઈ ગઈ હતી ?"

પિતામહ બોલ્યા, "બેટા ! દીકરા દ્રૌપદી ! તારી વાત તદ્દન સાચી છે, પણ તું નોંધી લે કે તે દિ' હું મૌન રહ્યો હતો તેમાં કારણ માત્ર દુષ્ટનાં ઘરનું ભોજન હતું. બેટા ! તે દિવસે હું દુર્યોધનને ત્યાં જમ્યો હતો. તે દુષ્ટનાં ઘરનાં ભોજને મારી બુદ્ધિને ભ્રષ્ટ કરી નાખી હતી. મારી બુદ્ધિ બહેર મારી ગઈ હતી. મારી સૂઝબૂઝ ખત્મ થઈ ગઈ હતી તે આ દુષ્ટનાં ઘરનાં ભોજનને પરિણામે."

પિતામહ અને દ્રોપદીનો વાર્તાલાપ પૂરો થઈ જાય છે, પણ પૂરો થતો આ વાર્તાલાપ આપણને ઘણું બધું કહેતો જાય છે.

ગમે તે માણસના ઘરે જમવા બેસી ન જશો. ગમે તે માણસના હાથે જમી ન લેશો. તેના સંસ્કારો પ્રતિ, તેનાં જીવન પ્રતિ જરા નજર કરજો. જે માણસો સતત કામ, ક્રોધ, માન, માયા, મત્સરથી પીડાતા હોય તેવાઓના હાથે જો ભોજન કરવામાં આવે તો તે બુદ્ધિને ભ્રષ્ટ કરી નાખે છે, પછી ભલેને તેઓ દુર્યોધનની જેમ રાજકુલમાં જન્મેલો હોય !'

આર્યદેશની આ ભૂમિ પર એક એવો રિવાજ હતો કે ઘરમાં રસોઈ બનાવે સ્ત્રી, પણ પીરસે માતા માટે કહેવાનું કે, ઝેર ખાવું પડે તોય માના હાથનું ખાવું.' પત્ની પીરસે તો મનમાં કામવાસનાની ભાવના રાખીને પીરસે "પતિ સારું સારું ખાશે તો ભોગ વધુ સારી રીતે ભોગવાશે !" જ્યારે માતા જમાડે ત્યારે "મારો વહાલો દીકરો છે" એવા વાત્સલ્યભાવ સાથે જમાડે છે. ત્યારે તે ભોજન અમૃતભોજન બની જાય છે.

આજની આ યુવાપેઢીએ તો મોટે ભાગે ઘરમાં જમવાની જ માંડવાળ કરી છે, આ લોકોને તો ગૃહભોજન ભાવતું જ નથી. એમને તો જોઈએ છે, રસોઈયાનાં પરસેવાથી પવિત્ર બનેલું હોટલ ભોજન !

આજનાં માણસે પેટ પર એક પાટિયું મારી દેવું જોઈએ, જેની પર લખેલું હોય, "This is Not My Stomach, But Municipal Gutter." જિસકો જો કુછ ભી ડાલના હૈ, વો ડાલ સકતે હૈં, યહ પેટ નહીં હૈ, ગટર હૈ ગટર !

મને જરા જવાબ આપો કે 'કઈ ચીજ ગટરમાં ન નંખાય ? બધી જ નંખાય ? બધી જ નંખાયને ? તો તમે પેટમાં કઈ ચીજ નથી નાંખતા એ કહોને ?'

ગાંધી બાપુ અસ્વાદમાં આસ્થા ધરાવતા હતા, અને આજની આ યુવાઆલમ સ્વાદમાં શ્રદ્ધા ધરાવે છે. આજે સ્વાદ માટે તો જાતજાતના અખતરાઓ થાય છે. સ્વાદિષ્ટ વાનગીઓ બનાવતાં શીખવવા માટે મેગેઝીનો છપાય છે. Cooking Classes (કૂકિંગ કલાસ) ચાલે છે. નવરી બેઠેલી બહેનો એ કલાસ ભરે છે, અને

જુદા જુદા અખતરાઓ કરીને રસનેન્દ્રિયને ખુશ કરે છે, આજની હોટલો, રેસ્ટોરન્ટો, Food Centres દ્વારા માણસની રસનેન્દ્રિયને બહેકાવી મૂકવામાં આવી છે. હજારો પ્રકારની વાનગી આજે બનવા લાગી છે અને માણસ બે હાથે આરોગવા મંડ્યો છે.

મને મુંબઈમાં એક મંછો મળેલો. મને કહે કે, "દુનિયામાં જેટલી ચીજો બને છે એ બધાનો સ્વાદ તો કરવો જોઈએ ! ભગવાને જીભ આપી છે તો એનો ઉપયોગ શા માટે ન કરવો ?" આ મૂરખને કોણ સમજાવે કે, "આ જીભનો ઉપયોગ નહીં પણ દુરૂપયોગ છે ?"

આજે દેશનેતાઓનાં વરદ હસ્તે હોસ્પિટલોમાં શિલારોપણ અને દ્વારઉદ્‌ઘાટનનના પ્રસંગો ઉજવાય છે. પણ કોઈએ નથી વિચારતું કે આટઆટલી હોસ્પિટલો શા માટે ઊભી જ કરવી પડે છે ? કહેવાની જરૂર છે ખરી કે હોસ્પિટલોનો મૂલાધાર હોય તો તે હોટલ છે. મને એક ડૉક્ટરે કહેલું કે, "Home To Hotel & Hotel To Hospital" હોટલોવાળા તો અમારી ઉપર ઉપકાર કરે છે. એ લોકોનો ધંધો ધમધોકાર ચાલે એટલે અમારી હોસ્પિટલ ધમધોકાર ચાલતી જ રહેવાની. જરાય ફીકર કરવાની જરૂર નહીં."

સ્વાદલંપટ બનેલા માણસને ક્યાં ભાન છે કે "આ બધા સ્વાદ સોંસરા નીકળી જવાના છે !" કઢેલાં દૂધષ વસાણાં, મલાઈ, લસ્સી, રબડી અને ઊંધિયા ખાવાનાં કોઠા હવે આજે ક્યાં રહ્યાં છે ? હોજરી ગુમાવી બેઠેલા માણસે સ્વાદલંપટતાને સલામત રાખી છે. તેથી છાશવારે ને છાશવારે મલાઈ ઠોકતા, પનીર પકોડા, પાણીપુરી, છોલેપુરી, છોલેભતુરે, હોટડોગ, પીઝા, ઉત્તપ્પા, સેન્ડવીચ અને સ્વીસ-સેન્ડવીચનાં ચટકાં ઉડાવતો રહે છે. "પાડાના વાંકે પખાલીને ડામ" જેવી દશા પેટની સર્જાય છે.

આ ટેસ્ટની બધી ધમાલો માત્ર માણસ જ મચાવે છે. સમગ્ર જીવસૃષ્ટિમાંથી માત્ર માનવ જ એક એવું પ્રાણી છે જે ટેસ્ટ-સ્વાદ માટે ધમપછાડા કરે છે. બાકીના તમામ પ્રાણીઓ સદા માટે અસ્વાદી રહે છે. હજુ સુધી કોઈ ભેંસે થમ્સઅપ પીધી નથી, અને કોઈ ગાયે પનીરપકોડા ખાધા નથી. બધા ચાળા માણસ કરે છે. પશુઓ તો બિચારા લીલું, સૂકું જેવું હોય તેવું ઘાસ ખાઈ લે છે, અને સાંજ પડ્યે દશ લીટર દૂધથી તમારી દેગડી ભરી દે છે. એ જ દૂધ માણસને પીવડાવશો તો ઝાડા-પેશાબ સિવાય દુનિયાને કશી બક્ષિસ નહિ આપે, કોણ ચડે માણસ કે પશુ?

કુદરતે આપેલી કોઈ ચીજને માણસે સીધી રીતે ઉપયોગમાં લીધી નથી. કેરી જેવી સોહામણી ચીજના છુંદે-છુંદા કરી તેનું કેરી તરીકેનું અસ્તિત્વ ખતમ કરી નાખીને માણસ (છુંદા) નામનું અથાણું બનાવે છે, અને પછી આંગળીને ટેરવે લઈને પાગલની જેમ તે અથાણાનો ટેસ્ટ કરે છે.



અસલના કાળમાં ભગવાન શ્રી ઋષભદેવનાં સમયમાં માણસો સીધે સીધું અન્ન આરોગતા હતા સમય જતાં તે અન્ન (Digest) ડાયજેસ્ટ-પાચન થવામાં તકલીફો પડવા લાગી ત્યારે તે લોકોએ રાજા ઋષભને ફરીયાદ કરી કે "આ અન્ન અમને પચતું નથી. તો કંઈક ઈલાજ બતાવો." ત્યારે રાજા ઋષભ તેમને અન્નને અગ્નિ ઉપર પકાવીને પછી ખાવાનો પ્રયોગ દર્શાવ્યો. તે મુજબ તે લોકો અન્નને શેકીને અથવા બાફીને ખાવા લાગ્યા અને સારી રીતે જીવવા લાગ્યા. સમય જતાં ધીરે ધીરે માણસ સુધરતો (!) આવ્યો, અને બાફેલાં અન્નમાં મીઠું, મરચું, હળદર, હીંગ અને મરી-મસાલા ભભરાવતાં શીખ્યો. હવે તો ભૂખ, ભોજન અને અન્ન બધું ગૌણ બની ગયું છે. માત્ર મસાલા ખાય છે તેટલા પાન મસાલા ભૂતકાળ ક્યારેય કોઈએ ખાધા નહિ હોય. આજનો માણસ માત્ર ૩૦ વર્ષની અંદર હોજરીને સફાચટ કરી નાખે છે. પછી કીડની અને હોજરીનાં રોગ ન થાય તો બીજું થાય પણ શું ? શરીરમાં કુલ તેર અગ્નિની ભઠ્ઠીઓ છે, સાત ધાતુની સાત ભઠ્ઠીઓ, બે મળ-મૂત્રની ભઠ્ઠી અને વાત-પિત્ત તથા કફની ત્રણ ભઠ્ઠીઓ છે.

આ બારે બાર ભઠ્ઠીઓને સતત પ્રજ્જ્વલિત રાખવાનું કામ તેરમી જઠરાગ્નિ કરે છે. આજે માણસે ઠંડા પાણી, પીણાં આઈસ્ક્રીમો અને એરકંડિશનોથી જઠરાગ્નિને બુઝવી નાખ્યો છે. જેની જઠરાગ્નિ બંધ પડી જાય છે. તેના શરીરની બાકીની બારેબાર ભઠ્ઠીઓ ઓટોમેટિક બંધ પડી જાય છે. ફેકટરીમાં વીજળીનો પુરવઠો કપાઈ જાય અને જેવી હાલત થાય તેવી જ હાલત જઠરાગ્નિ વિના શરીરની થાય છે.

ખેર ! જવા દો. તમારે તો શરીરની પડી છે જ ક્યાં ? તમારે સહુને તો માત્ર સ્વાદથી જ મતલબ છે ને ? યાદ રાખજો, જ્યાં સુધી આ સ્વાદની લંપટતા નહીં છૂટે ત્યાં સુધી દવા, ડૉક્ટર અને દર્દ પણ તમને નહીં છોડે !

સ્વાદની લંપટતામાંથી છૂટવા માટે જૈન-દર્શને તપધર્મ દર્શાવ્યો છે. આયુર્વેદ જેમ મળશુદ્ધિ અને આરોગ્યપ્રાપ્તિના બે વિભાગ કર્યા છે, તેમ જૈનદર્શને પણ તપનાં બાહ્ય-આભ્યંતર એવા બે વિભાગ કર્યા છે. છ પ્રકારનો આભ્યંતરતપ આત્માનાં દોષોનું શોધન કરી ગુણોની પ્રાપ્તિ કરાવનારો છે. આજે તો આપણે માત્ર છ પ્રકારનાં બાહ્યતપને જ જોવો છે.

આજનાં યુવાનો એમ જ સમજતા હોય છે કે, "જૈનોનાં તપ એટલે ખાવું નહીં પીવું નહીં અને ભૂખે મરી જવું." પણ ના, અહીં ભૂખે મરી જવાની વાત જ નથી. શ્રમણભગવાન મહાવીર દેવે તો ખાવા છતાં પણ તપ થઈ શકે એવો માર્ગ દર્શાવ્યો છે. "ન ખાવું" યાને અનશન એ જ માત્ર તપ નથી. "ઓછું ખાવું" એ પણ એક તપ છે. આજે જે રીતે માણસ દાબી-દાબીને ખાય છે, એ

જોતાં આજના સમાજને 'Overfade Generation' જેવી પદવી આપવાનું મન થઈ જાય એવું છે. માણસ ઘરડો થઈ જવા છતાં તેની સ્વાદવૃત્તિ ઘરડી થતી નથી. માટે જ કહેવાય છે કે, 'ઘરડાં ને ઝાઝેરી.' કોક ઘરડાઓની સભામાં મને જીભ માટે બોલવા તેડાવ્યો હોય, તો મને વધુ મઝા આવે. પણ જ્યારે તમારા જેવા યુવાનો સમક્ષ મને બોલવાનો મોકો મળે ત્યારે જીભને છોડીને, ચાર આંગળ ઉપર ચડી જઈ આંખ પર બોલવાનું મન થયા વિના રહેતું નથી, હું પૂરેપૂરો સતર્ક છું, સાવધાન છું, સમજું છું કે હું બીજા વિષય પર Divert થઈ રહ્યો છું, પણ આજની આ યુવાઆલમને જોયા બાદ જીભને છોડીને આંખ પર બોલ્યા વિના રહી શકતો નથી. મને બેધડક રીતે કહેવા દો કે, આ દુનિયામાં ઘરડાઓએ જો જીભનો દુરુપયોગ કર્યો છે, તો આજની આ યુવાપેઢીએ પણ આંખનો ભયંકર દુરુપયોગ કર્યો છે. આજના યુવાનોનાં ભમરાળાં ડોળાં શિકારીની જેમ સતત ભમતા રહે છે, ને 'શિકાર'ની શોધમાં રહે છે. બસની લાઈનોમાં કોલેજની કેન્ટિનોમાં અને પાનનાં ગલ્લાઓ પર યુવાનો અડ્ડાઓ જમાવે છે, અને 'Door Keeper' (ડોરકીપર)ની જેમ સતત ધ્યાન રાખે છે કે, કોણ આવ્યું અને કોણ ગયું ? હાથે કરીને જીવનને પાયમાલ કરવાનો આ ધંધો છે. નારીનાં રૂપદર્શન માત્રથી પણ યુવાન પોતાનું સત્ત્વ ગુમાવી બેસે છે. જીવનનું હીર ખોઈ બેસે છે. એ બિચારાને આવું બધું કશું જ ભાન નથી. એ અંદરની ખણજોને શાંત કરવા જતાં શરીરની ઘોર ખોદી નાખે છે. 'હવેલી લેવા જતાં એ બિચારો ગુજરાત ખોઈ બેસે છે.' આંખનો આનંદ લેવા જતાં આખું શરીર ખોઈ બેસે છે. જવા દો ! રહેવા દો. આ વાત અહીં જ અટકાવું છું. નહીંતર હમણાં આપણો સમય પૂરો થઈ જશે, અને પેલો છ પ્રકારનો તપ જોવાનો રહી જ જશે.

(૧) પ્રભુ મહાવીરે છ પ્રકારના તપમાં સૌ પ્રથમ 'અનશન' નામનો તપ મુકયો છે. પ્રભુની પ્રથમ વાત છે, જ્યાં લગી ખાધા વિના ચાલે ત્યાં સુધી ચલાવો. 'Not to Eat.' પણ ખાઈ ખાઈને આંખે દેખાતું બંધ થઈ જાય પગે ચાલવાનું બંધ થઈ જાય, એવી પરિસ્થિતિ ન આવવા દેશો. અનશન નામનો તપ વધુમાં વધુ આજે છ માસ સુધીનો થઈ શકે છે. ચાર માસ સુધી આવો અનશન (ઉપવાસ) નામનો તપ કરનારા તપસ્વીઓ આજે પણ વિદ્યમાન છે.

(૨) અનશન પછી બીજા નંબરનો તપ છે. 'ઉણોદરી' ખાધા વિનાન જ રહેવાય અને ખાવું પડે, તો થોડા ઉણા રહેજો. ઉદરી એટલે પેટને જરા ઉણું રાખજો. 'Over Flow' ન કરતાં.

(૩) ઉણોદરી પછી ત્રીજા નંબરનો તપ છે વૃત્તિ-સંક્ષેપ. 'ઉણોદરી' એટલે 'ઓછું ખાવું,' પણ 'વૃત્તિસંક્ષેપ' એટલે 'ઓછાથી ખાવું.' ઉદરપૂર્તિ ઓછી ચીજોથી



કરો. તમે જો માત્ર એક જ ચીજથી ચલાવી શકતા હો, તો બે ચીજ ન ખાશો; અને બે ચીજથી ચલાવી શકતા હો તો ત્રીજી ચીજ ન ખાશો. જેમ બને તેમ ઓછી વેરાયટીઝથી ચલાવો. વિવિધ વેરાયટીઝ એક સાથે હોજરીમાં જમા થાય છે. ત્યારે હોજરી મૂંઝવણાં મૂકાય છે. કઈ ચીજને ડાયજેસ્ટ કરવી તેનો પ્રોબ્લેમ ઊભો થઈ જાય છે. મુંઝાયેલી હોજરી અંતે બધું પડતું મૂકીને ચૂપ બેસી રહે છે. હોજરીએ પાડેલી 'Strike' ને આપણે અજીર્ણનું લેબલ લગાડી દઈએ છીએ અને હિંગાષ્ટકને શરણે જઈએ છીએ. થોડાં ઓડકાર ખાઈને પછી પાછા ડાઈનીંગરૂમમાં પહોંચી જઈએ છીએ. જો ત્રીજા નંબરનો વૃત્તિસંક્ષેપ નામનો તપ આરાધવામાં આવે તો આવો કોઈ પ્રોબ્લેમ ઉભો થાય નહીં.

(૪) ચોથા નંબરમાં છે. 'રસત્યાગ' તપ. વૃત્તિસંક્ષેપ નામનો તપ ત્રીજા નંબરનાં તપમાં ઓછી વેરાયટીઝથી ચલાવી લેવાની જે વાત કરી છે તે વાતને ધ્યાનમાં લઈને તમે માત્ર દૂધપાક, શીખંડ કે લાડુ જેવી એકાદ ચીજ પર તૂટી ન પડો એટલા માટે આ ચોથા નંબરનો તપ તમને ઊભા રાખી કહે છે. ભાઈ ! ઓછું તો ખાજો, ઓછાથી તો ખાજો. પણ સાથે રસ વગરનું એટલે ફેટ વગરનું ખાજો ખાવામાં ચરબીવાળાં પદાર્થો ન ખાશો. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, ફરસાણ આદિ વિગઈઓથી ભરેલાં પદાર્થો ન ખાશો.

આજથી દસ વર્ષ પૂર્વે મને તાવ આવેલો. ત્યારે મેં ડૉક્ટરને પૂછેલું કે, 'ડૉક્ટર ! ખોરાકમાં પરેજી શું ?' ત્યારે ડૉક્ટરે બે હાથ ઊંચા કરીને મને કહે કે, 'સ્વામીજી ! ફીકર ન કરો ! જે ભાવે તે બધું ખાવ, કોઈ પરેજી નહીં, બધું ખાવાની છૂટ !' આવી વાત સાંભળીને મને તો ભારે આશ્ચર્ય થયું કે, 'શું તાવ જેવી બિમારીમાં પણ બધું ખાવાની છૂટ ?' આયુર્વેદ અને એલોપથીને કોઈ મેળ બેસે તેમ નથી.

પણ હવે આખી 'Medical Theory' (મેડિકલ થીયરી)ની કરવટ બદલી રહી છે. બધા ડૉક્ટરો પાછા આયુર્વેદ અને આર્યદેશનાં નિયમોને અમલમાં મુકવા લાગ્યા છે. બધું જ ખાવી છૂટ. એમ કહેનારા ડૉક્ટરો હવે પોતાની 'Medical Prescription' (મેડિકલ પ્રીસ્ક્રીપ્શન)ના મથાળે લખે છે. -

No Salt
No Sugar
No Fat
No Sodium

ચરબીવાળાં પદાર્થો માણસનાં માથાને પણ ચરબીથી ભરી નાંખે છે. વિષય-વાસનાઓને ભડકાવવાનું કામ આ ચરબીવાળાં પદાર્થો કરે છે.

(૫) પાંચમા નંબરનો તપ છે. કાયક્લેશ યાને કાયકષ્ટ. શરીરને સદા પરિશ્રમિત રાખો. જીવનને બેઠાડું ન બનાવી દેશો. આ દેહને પ્રદર્શનની Item ન બનાવશો, પણ સત્કાર્યનું સાધન બનાવજો. કંઈક ને કંઈક સત્કર્મ કરતા રહો, પ્રવૃત્ત રહો, ખાઈ-પીને સોફામાં પડ્યા ન રહો. પડ્યા રહેશો તો પડ્યે પડ્યે સડી જશો. શરીરને સત્કર્મમાં વાપરતા રહો.

(૬) છઠ્ઠા નંબરનો તપ છે સંલીનતા. શરીરને સત્કર્મમાં જરૂર વાપરો, પણ ખોટું બિનજરૂરી હલનચલન કરીને શરીરને ખોટો શ્રમ ન પહોંચાડશો. ઘણા માણસો નવરા બેઠા બેઠા પોતાનો પગ, હાથ કે અંગુઠાને હલાવ્યા કરતા હોય છે. આની કોઈ જરૂર નથી. કોઈ પરિણામ નથી. છતાંય ખોટેખોટું આ રીતે શરીરને થકવ્યે રાખવું એ વ્યાજબી નથી. છેલ્લો આ તપ એ સંદેશ પાઠવે છે કે, બિનજરૂરી હલનચલન બંધ કરો, સ્થિર બેસો, અંગોપાંગને સંલીન રાખો, ઇંદ્રિયોને ગુપ્ત રાખો.

આમ છએ પ્રકારનો આ તપ શરીરને ધર્મઆરાધના માટે જાપ-ધ્યાન માટે સક્ષમ બનાવવા માટે છે. જે પુણ્યવાનો આ છએ પ્રકારનાં તપનું શરણ સ્વીકારે છે, તેમનું શરીર એકદમ કહ્યાગરું બની જાય છે. બોડી Non Co-operative મટીને Co-operative બની જાય છે. આવા શરીરને જ્યારે જે આજ્ઞા કરશો તે તરત સ્વીકારી લેશે. ધર્મનું પરમસાધન ગણાતા આ શરીરને સરખું રાખવામાં અસ્વાદવ્રત પણ સારો એવો ફાળો નોંધાવે છે. સ્વાદની દુનિયામાંથી બહાર નીકળીને તમે સહુ અસ્વાદવ્રતની આરાધનાના પંથે પ્રસ્થાન કરો એવી શુભાભિલાષા સહ આજનું આ પ્રવચન પૂર્ણ કરું છું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૬,અંક-૧૭/૧૮,તા.૯-૧-૧૯૮૮

## માણસો અને પશુઓ કમોતે મરે તે પહેલાં દુકાળ પીડિતોનાં દુઃખો સત્વરે દૂર કરીએ.

**- કુમારપાળ વિ. શાહ, મુંબઈ**

ગુજરાત પર કુદરત દાંત કચકચાવીને સાત સાત ભવનું વેર વાળી રહી છે. ગયા વરસે એના અગાઉના વરસે ગગન રિસાયું હતું. એના ખેતરો સૂકા ભઠ્ઠ બન્યા હતા. ગુજરાતની જનતા ત્યારે દુકાળમાં દબાઈ રહી હતી.

અને ફરી ગુજરાત પર સતત ત્રીજા વરસે કુદરતનો કોપ ઊતર્યો છે. રાજાધિરાજ મેઘ રૂઠ્યો છે અને ધરતીના ધાવણ સુકાઈ ગયા છે. ધરતીના પેટમાં નદી, નાળા અને કૂવાના અંગો પર લાંબી લાંબી ફાટ પડી છે. ગુજરાતની ધરા



તરસી બની છે અને તેનું પેટ ભૂખ્યું ડાંસ.

છપ્પનિયા દુકાળને પણ ભૂલાવી દે તેવા દુકાળમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રજા અને પશુઓ દમ તોડી રહ્યા છે. ખેતરોમાં અનાજ નથી, મેદાનોમાં ઘાસ નથી, કૂવામાં પાણી નથી, ગુજરાતમાં અછત અર્ધ અછત કે દુકાળના ક્રૂર જડબામાં વસતી ધરબાઈ ગઈ છે.

ગુજરાતની ધરતી પર આજ માનવો નહિ જીવતા મોત ઢસડાઈ રહ્યા છે. કાળોતરા દુકાળમાં સપડાયેલ વિસ્તારના માનવીઓ પાસે ટુકડો રોટલો માંગવા માટે લાંબો હાથ કરવાની પણ હામ નથી રહી, તેમની આંખો ઊંડી ઊતરી ગઈ છે. ગળું સુકાઈ ગયું છે, પેટ ચીમળાઈ ગયું છે અને હાથ પગની ચામડી ક્યારે ખરી પડશે તેનો તેમનો કોઈ અંદાજ નથી.

પશુઓ ઘાસચારા માટે ભટકે છે અને ભટકી ભટકીને સૂકા ગગન અને વેરાન ધરતી વચ્ચે કમોતે મરે છે. ઘણાં ગામડાઓમાં પશુઓ જીવે છે. પરંતુ ગલીઓમાં પશુઓના જાણે જીવતાં હાડપિંજરો ફરે છે.

ભૂખ્યાં કૂતરાં જીવતા પશુઓનાં માંસ ઊતરડે છે તો ભૂખ્યાં માનવીએ સગા જણ્યાઓને ધૂળના ભાવે વેચે છે. ભૂખથી પીસાતી જનેતા પોતાના સંતાનોને વેચે છે. થોડીક હામ બચેલાં જવાનો અને પ્રૌઢો પોતાની પત્ની, બાળકો અને વૃદ્ધોને "જીવ્યા મર્યાના છેલ્લા જુહાર" કરીને હિજરત કરે છે. તરસ અને ભૂખથી વૃદ્ધો અને બાળકો ચીસાચીસ કરે છે.

એક બાજુ દુકાળનો ભીષણ ભરડો, બીજી બાજુ ચીજ વસ્તુઓની કૃત્રિમ તંગી. ત્રીજી બાજુ મોંઘાદાટ ભાવ અને ચોથી બાજુ સરકારી વહીવટી તંત્રની ઉદાસીનતા.

અને ગુજરાતની પ્રજા અને પશુ મોતના પંજામાં તરફડી રહી છે. તરસથી તેનું ગળું અને ભૂખથી પેટ એટલું બધું તો ચીમળાઈ ગયું છે કે "કોઈ આપો" એવો ધીમો અવાજ કાઢવાની પણ તેની હામ નથી રહી.

ગુજરાતના દુકાળ પીડિત લોકોની આજે હામ તૂટી ગઈ છે. મોરારજી દેસાઈ એવા એક ગામની મુલાકાતે ગયા ત્યારે ત્યાંનાં ભૂખ્યાં કંગાલોએ માંગણી કરી હતી : "અમને પાણી નહિ, ઝેર આપો." સતત દુકાળથી ત્રાસેલ ગુજરાતની પ્રજા આજે મોત માંગે છે.

દુકાળની જેને ઊણી આંચ પણ નથી આવી એવા આપણે શહેરીજનો શું કરીશું ? અલબત્ત, આ પ્રશ્ન જ નકામો છે.

**- તરસ્યાને પાણી પાઈશું.**

**- ભૂખ્યાને અનાજ આપીશું.**

**- ભટકતા પશુઓને ઘાસ નીરીશું.**

અને **જીવવાની હામ ગુમાવી બેઠેલાઓને** જીવન જીવવાનું **બળ આપીશું.** એમ આપણે કહેવું જોઈએ. તેવું કરવું જોઈએ.

પણ ક્યારે ?

આજે અને અત્યારે જ તે કામનો પ્રારંભ કરી દઈએ તો જ દુકાળને નાથી શકાય તેમ છે. યાદ રાખીએ આજે માનવતા અને કુદરત વચ્ચે જંગ ખેલાયો છે. સાવધ રહીએ : આ જંગમાં માનવતા હારી ન જાય.

અને એથી ય વધુ સજાગ અને સાબદાં એ માટે રહીએ કે માનવતા મોડી જાગે ત્યાં કોઈ માનવ વિના વાંકે કમોતે ન મરી જાય. ઇતિહાસને એમ કહેવાનો વારો ન આવવા દેવો જોઈએ કે માનવતા મોડી પડી, માનવતા મોળી પડી અને મોત વહેલું આવ્યું, મોત માનવોની મિજબાની કરી ગયું.

ઇતિહાસના પાને એવા કાળા અક્ષર અંકિત ન કરાવવા હોય તો મોત પહોંચે તે પહેલાં માનવતાને દોડી જવા દો. પેટ ચીમળાઈને જીવ તરડાઈ જાય તે પહેલાં તમારામાં રહેલા માનવપ્રેમ અને પશુપ્રેમને ત્યાં ધસી જવા દો.

● ખાતી વખતે મોંમા કોળિયો મૂકતા યાદ રાખો : અહીં તમે પેટ ભરીને ખાવ છો ત્યારે તમારો જ એક ભાઈ એક કોળિયા માટે દમ તોડી રહ્યો છે.

● બની ઠનીને અને અપ-ટુ-ડેટ થઈને કોઈ સમારંભ કે મિજબાનીમાં જતાં પગ ઉપાડો ત્યારે યાદ રાખો કે અહીં તમે આનંદથી દોડાદોડ કરો છો, ત્યારે તમારો જ એક ભાઈ ભૂખથી ભાંગી પડીને એક ડગ ભરી નથી શકતો.

● તમારી પાસે પૈસો હોય તો દુકાળ ફંડમાં ઉદાર હૈયે દાન કરો.

● તમારી પાસે સમય હોય તો દુકાળગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી જાવ. ત્યાં દુકાળ પીડિતોના દુઃખ દૂર કરતી સંસ્થાઓનાં કામમાં સેવા આપો.

**ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના હજારો ગામોમાં**
**છપ્પનિયાને ભુલાવે તેવો કાળોતરો દુકાળ**

● તમારા વિશાળ સંબંધો છે. મોટી ઓળખાણો છે તો તેમની પાસેથી પડતર કિંમતે અનાજ અપાવો, ઘાસ અપાવો.

● તમારી પાસે વહીવટી અનુભવ છે. તો એ અનુભવને કામે લગાડી વહીવટમાં થતાં બિનજરૂરી વિલંબને દૂર કરાવો.

● તમે કોઈ સંસ્થા કે ટ્રસ્ટના હોદ્દેદાર હો તો, એ સંસ્થા અને ટ્રસ્ટ પાસેથી દુકાળ રાહત માટે માતબર રકમ મંજૂર કરાવો.



● તમારી પાસે કંઈ ન હોય, પૈસો ન હોય, પ્રતિષ્ઠા ન હોય, સમયનો ભોગ આપવાની અનુકૂળતા ન હોય તો જીભ ચલાવો. દુકાળ પીડિતોના દુઃખમાં ભાગ પડાવવા માટે લોકોની માનવતાને જગાડો.

સરકાર અને ભાગ્યના ભરોસે બેસવાનો આ સમય નથી. આ કોઈ એક સંસ્થાનું કામ નથી. આ સમય સ્વયં સ્ફૂરણાથી દુકાળ પીડિતોના દુઃખમાં પોતાનાથી જે રીતે બની શકે તે રીતે સહભાગી બનવાનો છે.

દુકાળ રાહતનું કામ સૌનું છે. સૌને સંગઠિત બનીને આ કામ પાર પાડવાનું છે. આ કામ જીવદયાનું છે. આ કામ સાધર્મિક ભક્તિનું છે. આ કામ માનવસેવા અનુકંપાનું છે.

**ભગવાન મહાવીરે કહ્યું છે કે** જીવન સૌને પ્રિય છે. મૃત્યુ કોઈને પ્રિય નથી. સુખ સૌને વહાલું છે. દુઃખ કોઈને ગમતું નથી.

ગુજરાતની પ્રજા અને પશુ પર મોત મંડરાઈ રહ્યું છે. ત્યારે આવો આપણે સૌ એ ભૂખ્યા અને તરસ્યા, ગરીબ અને કંગાળ આપણાં દુઃખી ભાઈ-બેનોનાં દુઃખમાં સહભાગી બનીએ, અબોલ જીવો માટે બોલવાનું અને એમને નીભાવવાનું શરૂ કરીએ.

**- ભૂખ્યાને જમાડીએ, - તરસ્યાને પાણી પાઈએ, - બેઘરને ઘર આપીએ, - બેકારને રોજગાર આપીએ, - સ્વજનોથી વિખુટા પડેલાને આશ્વાસન આપીએ,**

આપણે જીવીએ છીએ એટલું બસ નથી. ભાંગી પડેલાં જીવનને ઊભું કરવામાં સહકાર આપીએ, સુખેથી જીવીએ અને બીજાને સુખી કરવામાં સક્રિય સહકાર આપીએ. **શ્રી વર્ધમાન સેવા કેન્દ્ર (મુંબઈ)**

૩૬, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા, મુ.પો. ધોળકા.

“દિવ્ય-દર્શન” - **“પ્રકીર્ણ પ્રસાદ”** વર્ષ-૩૬,અંક-૨૩,તા.૦૫-૦૩-૧૯૮૮

## સ્વજનના મૃત્યુ પર શોક કરતા ધર્મીને પત્ર

પત્ર મળ્યો, સુશ્રાવક..........નું અકાળ અવસાન જાણ્યું. તમોને બહુ દુઃખ થાય છે એને અપ્રશસ્ત દુઃખ ન બનાવતાં પ્રશસ્ત દુઃખ કરજો. પ્રશસ્ત દુઃખ આ, કે (૧) એક તો સંઘને એક સારા શ્રાવકની ખોટ પડી, અને (૨) બીજું આ, કે સદ્ગતે સુકૃતોનાં ભાજનરૂપ સુંદર માનવજન્મ ગુમાવ્યો.

પરંતુ આની સાથોસાથ એક આશ્વાસન એ છે કે સદ્ગતે માનવજન્મમાં આવીને અરિહંત-ઉપાસના, નવકારસ્મરણ, સાધુસેવા, વિવિધ નિયમો, અભક્ષ્યત્યાગ

આદિ શ્રાવકાચારો વગેરે સુકૃતોની શક્ય સાધના કરી લીધી; ને આપણે સમજુએ આની અનુમોદના જ કરાય; કિન્તુ અજ્ઞાન લોકવણ કરે છે તેવા શોક હાયવોય ન કરાય.

તત્ત્વજ્ઞ ગૃહસ્થો એવા હોય છે કે પોતાના અતિ નિકટના પત્ની કે પુત્ર જેવા કુટુંબીનું અકાળ પણ અવસાન થતાં, કશો શોક નહિ કરતાં, એમ સમજે છે કે એક મેમાન આવ્યો હતો તે ચાલ્યો ગયો. અમદાવામાં વિદ્યાશાળાના ટ્રસ્ટી શેઠ છોટાભાઈ સંઘવીનો પેઢી ચલાવનાર મોટો યુવાન પુત્ર મરી ગયો, બિમારી ટાઈફોડ તાવની; શેઠ સ્મશાને જઈ આવી વ્યાખ્યાનમાં થોડા મોડા પહોંચ્યા, વ્યાખ્યાન પૂરું થતાં મહારાજનો ચરણ સ્પર્શ કરવા ગયા ને મહારાજે કહ્યું, 'છોટાભાઈ ! આજ કાંક મોડા પડ્યા !' છોટાભાઈ કહે 'સાહેબ ! મેમાનને વળાવવા ગયો હતો. તેથી મોડું થયું.' મહારાજ સમજ્યા, 'કોઈક મોટો આડતિયો વગેરે આવ્યો હશે એને સ્ટેશને મૂકવા ગયા હશે.' પરંતુ એ વખતે બાજુવાળાએ કહ્યું, 'સાહેબ ! આ મેમાન એટલે એમનો મોટો દીકરો, ને સહેજ તાવની ટુંકી બિમારીમાં ગુજરી ગયો તેથી સ્મશાને જવું પડેલું.' સાધુ આવા તત્ત્વજ્ઞ મહાન શ્રાવક પર ઓવારી ગયા,- 'ધન્ય જિનવચનવેત્તા ! ધન્ય જિનશાસન !'

તમારા ખેદની સામે આ તત્ત્વપરિણતિ વિચારજો, એ છોટાભાઈના સંયોગ વિચારજો, ઘરમાં હવે નાની વિધવા બનેલી પુત્રવધુ જોવાની, એ વિચારજો.

ભરુચના આગેવાન મહાન શ્રાવક અનુપચંદ શેઠનો નાનો ભાઈ ૨-૪ વર્ષનો પરણેતર ગુજરી ગયો, શેઠે તરત એની નવયુવાન પત્નીને ઓરડામાં લઈ જઈ કહ્યું, 'જુઓ આ જબરદસ્ત અશુભનો ઉદય આવ્યો છે. એ હવે અન્યથા થાય એવો નથી માટે રોવા કૂટવાનું કરશો નહિ, આપણને સ્વાર્થ ભાંગ્યો એનો શોક મનમાં લાવશો નહિ, દુઃખ કરવું હોય તો એ કરજો કે 'સદ્ગત બિચારાને સારા સુકૃતો કરી શકાય એવો ઉત્તમ ભવ હાથમાંથી ગયો !' છતાં આ ટુંકા પમ જનમમાં એ અરિહંતભક્તિ, નવકારસ્મરણ, સાધુસેવા, જૈન આચારપાલન વગેરે સારું આરાધી ગયો એની અનુમોદના જ કરજો. અને જુઓ, બાઈઓ આવીને તમને રોવડાવશે કે'અરેરે ! તારે ઘરનું માણસ ગયું કેટલું બધું દુઃખ આવ્યું ? હવે તારે જેઠને પનારે રહેવું પડશે, હાય હાય !...' આવું આવું કાંઈક બોલશે, પરંતુ તમે એવી કશી ચિંતા કે શંકાકુશંકા કરશો નહિ, લ્યો આ તિજોરીની ચાવી તમારી પાસે રાખો તમારે જ્યારે જ્યારે મન ફાવે ત્યારે ત્યારે એમાંથી પૈસા લઈ મંદિર ઉપાશ્રય વગેરેમાં ખરચજો, એમાં મને પૂછવાનું નહિ. ને મારે પૈસા જોઈશે ત્યારે તમારી પાસેથી માગી લઈશ તે તિજોરીમાંથી કાઢી આપજો... બાકી પથાણા (બેસણા)માં આપણે રોવાનું નહિ. લ્યો આ નવકારવાળીનો ડાબડો પાસે રાખજો.



જમણા હાથે તમે માળા ફેરવતા રહેજો અને બાઈઓ આવે એને ડાબા હાથે માળા પકડાવતા રહેજો.'

આ જેઠ કેવા ? નાની વિધવા બનેલી ભોજાઈ કેવી કે એણે એ જ પ્રમાણે રોવા કરવા વગેરે બંધ રાખ્યું !

.......ના મૃત્યુ પર તમે અને બીજા સગાઓ એને પાછળ શું ભાતું મોકલસો ?...નું એકાએક મૃત્યુ થતાં સંભવ છે એ સગાઓને વોસિરાવ્યા વિના ગયો હોય, તો પછી જિનશાસન કહે છે કે પાછળવાળા સદ્ગત નિમિત્તે જેટલો શોક આર્તધ્યાન વગેરે દુષ્કૃતો આચરે તન્નિમિત્તક પાપ સદ્ગતને લાગે. તમને સદ્ગત પર પ્રેમ છે માટે શોક કરો છો ને ? તો એ કરીને તમે એ તમારા પ્રેમીને હવે આ પાપની બક્ષીસ મોકલશો ને ?

તમને એ દુઃખ થાય છે કે 'તમારી પ્રખર તપસ્યાનો એ પ્રભાવ કેમ ન પડ્યો કે આ ભવી જીવને દીર્ઘ આયુષ્ય ચાલે ?' આના પર એ પ્રશ્નો થાય છે કે-

(૧) શું પૂર્વભવબદ્ધ આયુષ્ય પર સાંધો થાય ? શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે, 'અસંખયં જીવિયં' અર્થાત્ આ જીવતર-આયુષ્ય અસંસ્કાર્ય છે, તુટ્યાનો સાંધો નહિ. ત્રિલોકનાથ મહાવીર ભગવાને ઈંદ્રને ના પાડી દીધી કે 'મારું આયુષ્ય વધારી શકાય નહિ.' તો અહીં પણ સદ્ગત........ની પૂર્વભવેથી આટલું જ આયુષ્ય બાંધી લાવેલ, તે તમારે તમારી તપસ્યાથી વધારી દેવું હતું ?

(૨) બીજાના સુકૃતતી બીજાને શુભોદય મળે ?

(૩) પાલક પાપીએ ૫૦૦ મુનિઓને ઘાણીમાં પીલી નાખવાની ઘોર અશાતા આપી તે વખતે પ્રભુના સંઘના સાધુ-સાધ્વીઓના સંયમ-તપ વગેરે સુકૃતોએ કેમ એને અટકાવી નહિ ?

(૪) તમારે.......નો વિયોગ જ દુઃખ કરવા લાયક છે ? મહાવીર પ્રભુ વગેરેના વિયોગો દુઃખ કરવા લાયક નથી ? યા આ વિયોગો કરતાં..........નો વિયોગ વધુ દુઃખ કરવા લાયક છે ?

(૫) તમારી તપસ્યાનું ફળ શું ? માત્ર...........નું દીર્ઘ આયુષ્ય ? કે બીજાં કેઈ ઉમદા ફળ છે ?

(૬) ...........ના મૃત્યુને રોવામાં શું તમને પ્રાપ્ત જિનશાસનની બક્ષીસને અન્યાય નથી થતો ?

(૭) અમદાવાદમાં રહેતા કલકત્તાવાળા ચંપકલાલ ભણસાલી પાટણ પૂ. રામચંદ્રસૂરિજી મ. પાસે પર્યુષણ કરવા ગયેલા, ત્યાં આઠેય દિવસ વિશાળ સંખ્યક મુનિઓને વંદન કરતાં કરતાં એમના તરતમાં કરાવેલ સારણગાંઠના ઓપરેશનના

ટાંકા તુટી ગયા, સંવત્સરી પ્રતિક્રમણ સુધી સાજાતાજા, ને પ્રતિક્રમણમાં છેડે દુઃખાવો ઉપડ્યો ચોવીસ કલાક બાદ ગુજરી ગયા, ઘરે મડદું લઈ આવ્યા, છોકરો જયેશ અને છોકરીઓ રોતા હતા તો તરતમાં એકાએક વિધવા બનેલી માતા એમને કહે છે. 'આપણે જૈનધર્મ પામેલા, તે આપણાથી રોવાય ?' શું આવી સંઘના રત્નસમી શ્રાવિકાનું તત્ત્વજ્ઞાન ઊંચું ? કે તમારું તત્ત્વજ્ઞાન ?

પત્રમાં ઘણી ઘણી વાતો લખી છે ઊંડાણથી એના પર વારંવાર વિચારણા કરજો અને Philosophic Mind બનાવી આ જ પ્રસંગ પર વૈરાગ્યની વૃદ્ધિ કરજો, નિજના આયુષ્યના વિશ્વાસે ન રહેતાં, અધિકાધિક જ્ઞાન-ધ્યાન તથા અર્હત્સમર્પણ કરતા રહેજો.

તા.ક. 'શું ધર્મીને ઘેર ધાડ ?' આવો પ્રશ્ન અજ્ઞાની કરે, જ્ઞાની નહિ. કેમ કે જ્ઞાની સમજે છે કે આફત એ ધાડ અર્થાત્ કર્મનું આક્રમણ નથી, કિન્તુ પાપ કર્મનો ભોગવાઈને નિકાલ છે. કચરાના નિકાલમાં શોક ન કરાય.

બાકી જન્મ ત્યાં મૃત્યુ નિર્ધારિત છે, વહેલું કે મોડું. એમાં વહેલું મૃત્યુ તો તે શોચનીય છે કે જયાં સર્વ પાપનિવૃત્તિ અને એકાન્તે ધર્મપ્રવૃત્તિ છે. બાકી મૃત્યુમાં તો ભૌતિક દેહ ગયો, પરંતુ ધર્મયશોદેહ ઊભો જ છે. એ સંભવ છે. શુભધ્યાનમાં સારી જગ્યાએ ટ્રાન્સફર થયો હોય, તો એના પર દુઃખ કેમ કરાય ?

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૬,અંક-૩૦/૩૧,તા.૩૦-૪-૧૯૮૮

## જૈનધર્મ સર્વહિતકર કેવી રીતે ?

એક વાર વિદ્વાનોની કોન્ફરન્સ (બેઠક) મળી. એમાં પ્રસ્તાવ રજૂ થયો કે 'ભારતમાં કોની જયંતી સર્વમાન્ય ઊજવવી ?'

આ અંગે એક રજૂઆત એ થઈ કે 'ઈસુ ખ્રિસ્તની જયંતી સર્વવ્યાપી ઊજવવી જોઈએ; કેમકે ઈસુ ખ્રિસ્તે માનવમાત્રની વત્સલતાનું પ્રતિપાદન કર્યું છે.'

બીજાએ કહ્યું 'એમ હોય તો તો શ્રી કૃષ્ણની જયંતી સર્વમાન્ય મનાવવી જોઈએ; કેમકે એમણે માનવ ઉપરાંત ગાયની જાત પ્રત્યે પણ વાત્સલ્યનું પ્રતિપાદન કર્યું છે.'

ત્રીજાએ કહ્યું 'એમ નહિ; ગૌતમ બુદ્ધની જયંતી જ વ્યાપક રીતે મનાવવી વાજબી છે, કેમકે એમણે માનવ ઉપરાંત સમગ્ર પશુજાત પ્રત્યે પણ વાત્સલ્યની હિમાયત કરી છે.'

ત્યારે એક વિદ્વાને સૂચવ્યું કે 'જો વધુ જીવો પ્રત્યે વાત્સલ્યનું પ્રતિપાદન એ



જ માપદંડ હોય, તો ભગવાન મહાવીર સ્વામીની જ જયંતી ભારતવ્યાપી મનાવવી યુક્તિયુક્ત છે, કારણ કે પ્રભુ મહાવીરદેવે માનવ અને પશુથી ય કેટલેય આગળ વધી ઠેઠ વનસ્પતિકાય આદિ એકેન્દ્રિય જીવો સુધીના પ્રત્યે વાત્સલ્ય કેળવવાનું પ્રતિપાદન કર્યું છે.'

બસ, આની ઉપરવટ હવે કોઈ રજૂઆત કરવાને અવકાશ નહોતો. આખાય વિશ્વમાં એકમાત્ર જૈનધર્મ જ અને જિનેશ્વરદેવ જ એકેન્દ્રિય સુધીના જીવોની વિસ્તૃત ઓળખ આપે છે. એમનું હિત આચરે ઉપદેશે છે. તો એ જ સર્વ જીવહિતકારી છે. સમસ્ત જીવો પ્રત્યે મૈત્રીભાવ, વાત્સલ્ય, અને દયાભાવ-અહિંસાભાવ કેળવવા-રાખવાનું બીજો કયો ધર્મ કે કયા ધર્મ-પ્રણેતા બતાવે છે ?

આવા સર્વજીવહિતકારી જિનેશ્વર પરમાત્મા અને જૈન ધર્મ પ્રાપ્ત કરનારના તો ભાગ્યની અવધિ નથી. માત્ર એને એની કદર જોઈએ, ઉત્કૃષ્ટ મૂલ્યાંકન જોઈએ. એ આવે તો સહેજે એવા સૂક્ષ્મકોટિ સુધીના જીવો પ્રત્યે દિલમાં સહાનુભૂતિ સમવેદન અને હમદર્દી ઊભી થાય; વૈર વિરોધ વોસિરાવાય; હિંસક સાધનો ડી.ડી.ટી. વગેરે, હિંસક મોજશોખ અને અભક્ષ્ય સેવનથી દૂર રહેવાય, અને શક્ય દયા-અહિંસાની પ્રવૃત્તિ ચાલુ રહે.

(૧) એટલે જૈનધર્મ આ રીતે સર્વહિતકારી છે કે એ સૂક્ષ્મ પર્યન્ત જીવોની હયાતી અને દયા શીખવી જીવોને એની હિંસા કરતાં અટકાવે છે, અભયદાન બક્ષાવે છે, તેથી એ જીવોને એના તરફથી રાહત મળે છે. ત્યારે જીવમાત્રને અભયથી વધુ વહાલું છે પણ શું ? ગમે તેવો મોટો તત્ત્વજ્ઞાની પણ જો બીજા જીવને હણવા જશે, તો પેલા જીવને નહિ જ ગમે, અપરંપાર દુઃખ થશે. બીજાને દુઃખમાં રીબાવવામાં તત્ત્વજ્ઞાનની સફળતા ક્યાં રહી ? સફળતા તો કોઈને પણ પીડા ન પમાડવામાં જ છે, અસર્વજ્ઞકથિત ધર્મોનાં તત્ત્વજ્ઞાન આટલી કક્ષાએ પહોંચી શકતાં નથી.

(૨) જૈનધર્મ સર્વહિતકારી આ રીતે પણ છે કે એ કોઈ અમુક જ વ્યક્તિનો સ્થાપેલો નહિ, પણ જે કોઈ વીતરાગ થાય સર્વજ્ઞ થાય તીર્થંકર બને, એમનો સ્થાપેલો હોય છે તેથી અનાદિ અનંતાકાળથી એવી વિભૂતિઓ થતી આવવાના હિસાબે જૈનધર્મ અનાદિથી સ્થપાતો આવ્યો છે. એવા જંગી કાળમાં અતિસૂક્ષ્મ નિગોદ અવસ્થામાંથી બહાર પડેલા સર્વ જીવોને માનવ અવતારે એ સ્વહિતની તક આપે છે; તક ન ઝીલે એ એની કસૂર, પણ જૈનધર્મ સર્વના હિતમાં છે.

વળી જૈનધર્મ આત્માના સમસ્ત હિતોનું માર્ગદર્શન કરે છે. ઠેઠ પ્રાથમિક ભૂમિકાના માર્ગાનુસારી ગુણોથી માંડીને ઉચ્ચતમ વીતરાગ અવસ્થા સુધીના સમસ્ત કલ્યાણ યાને સર્વ હિત બતાવી એમાં પ્રેરે છે, એ પ્રાપ્ત કરાવે છે આ રીતે પણ

જૈનધર્મ સર્વહિતકર છે.

આવો સર્વહિતકર જૈન ધર્મ પામ્યા પછી રોજિંદા જીવનમાં એના ફરમાવેલા જીવહિંસાદિ-પાપત્યાગ અને સુકૃત-સત્કૃત્યોનાં સેવન ઉપરાંત ચોમાસા જેવા અને પર્યુષણા-મહાપર્વ જેવા પ્રસંગે વિશેષરૂપે સદાચાર સદનુષ્ઠાન, દયા, દાન, વ્રતનિયમ આરાધવાં જોઈએ. સર્વહિતકારી ધર્મ, સર્વશ્રેષ્ઠ તક, સર્વશ્રેષ્ઠ ધર્મસામગ્રી પુણ્ય અને સર્વશ્રેષ્ઠ પુરુષાર્થશક્તિ પામી મૂઢ પ્રમાદી કોણ બને ?

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૬,અંક-૩૨,તા.૭-૮-૧૯૮૮

## જૈન શ્રમણસંઘનો એક મહાન સિતારો આથમી ગયો

**કોલ્હાપુર :-** વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનાં વિદ્વાન શિષ્યરત્ન શ્રી સૂરિમંત્ર પંચપ્રસ્થાન આરાધક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ધર્મજિતસૂરીશ્વરજી મહારાજા ચૈત્ર વદ ૧૪ તા. ૧૫-૪-૮૮ શુક્રવારે સાંજે ૭-૩૦ કલાકે હૃદયરોગના હુમલાથી શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં કોલ્હાપુર શાહૂપુરીના ઉપાશ્રયમાં ૬૧ વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

પૂ. સ્વર્ગસ્થ આચાર્યદેવશ્રી સં. ૨૦૦૭નો મહા સુદ ૬ના દિવસે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના વરદ હસ્તે સુરત મુકામે પ્રવ્રજિત બનીને મુનિશ્રી ધર્માનંદવિજયજી બન્યાં હતાં. દીક્ષા બાદ અત્યંત અંતર્મુખ બનીને સ્વાધ્યાય, તપ, વિનય, વૈયાવચ્ચ આદિ સંયમયોગોની આરાધનામાં ખૂબ ઉજમાળ બન્યા. સબહુમાન સમર્પણ અને અપ્રતીમ આરાધનાને કારણે ગુરુવર્યોનાં તે અત્યંત કૃપાપાત્ર બની રહ્યા. વિશિષ્ટ ક્ષયોપશમને કારણે શ્રુતોદધિના ઉંડાણ સુધી પહોંચીને જૈન શાસ્ત્રોને આત્મસાત્ કર્યા.

સિદ્ધાંત મહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની અસીમ કૃપા તેમણે પ્રાપ્ત કરી હતી. તે પૂજ્યશ્રીના આશીર્વાદથી તેમણે કર્મસાહિત્યના સર્વ પ્રાચીન ગ્રન્થોનો ઉંડાણથી અભ્યાસ કરી તે વિષયમાં અત્યંત નિપુણતા પ્રાપ્ત કરી. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની કૃપા પ્રેરણા અને માર્ગદર્શનથી થયેલા નૂતન કર્મસાહિત્યના વિરાટ સર્જન ગ્રંથમાં તેઓશ્રી પણ એક મુખ્ય સૂત્રધાર હતા. કર્મસાહિત્યના ગહન ગ્રંથો અને કઠીન કોયડાઓ તે સરળતાથી ઉકેલી શકતા, તેવી તેમની પરિકર્મિત બુદ્ધિ પ્રતિભા હતી. કર્મસાહિત્ય વિષયક કોઈ પણ પ્રશ્નનો તે સચોટ ઉત્તર આપવા



સમર્થ હતા. તદુપરાંત આગમગ્રન્થો છેદસૂત્રો તથા અધ્યાત્મગ્રન્થોનો પણ ઊંડો અભ્યાસ હતો. અનેક અર્થી આત્માઓમાં તેમણે પોતાના જ્ઞાનનો વિનિયોગ પણ કર્યો હતો.

દીક્ષાજીવનના પ્રારંભથી જ વર્ધમાન તપની ઓળીમાં ધીમા પણ મક્કમ પગલે ધૈર્યપૂર્વક આગેકૂચ ચાલુ રાખીને ૮૯ ઓળી સુધી તે પહોંચ્યા હતા. પ્રથમ હાર્ટ એટેક આવ્યા પછી પણ છેલ્લી ચાર ઓળી તેમણે કરી હતી. જીવનમાં એક વર્ષીતપની આરાધના પણ કરી હતી.

જપયોગ અને ધ્યાનયોગનાં પણ તે એક અવ્વલ સાધક હતા. તે અંતર્મુખી સાધનાના કારણે તેમણે જીવનમાં અનેક ચમત્કૃતિઓનો પણ અનુભવ કર્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી તે પ્રત્યેક ઓળીમાં નવ લાખ મહામંત્રનો જાપ કરતા હતા. ધ્યાન અને અધ્યાત્મના જિજ્ઞાસુ અનેક અર્થી આત્માઓની જિજ્ઞાસા તેમની મુલાકાતથી સંતોષ પામતી;

અરિહંત પરમાત્માનાં તે અવ્વલ ઉપાસક હતા અને તીર્થયાત્રાના ભારે રસીયા હતા. વિહાર માર્ગમાં ૫-૧૦ કીલોમીટરનો વિહાર વધારીને પણ આજુબાજુમાં કોઈ ગામના દર્શન પ્રાયે કે ચૂકતા નહોતા. મારવાડ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર, કર્ણાટકના મળીને ૧૫૦૦થી વધુ જિનાલયોને તેમણે જુહાર્યા છે. પરમાત્માની સ્તવના કરતા તે અત્યંત એકાકાર બની જતા હતા. પરમાત્મ ભક્તિ તો જીવનમાં એવી વણી લીધી હતી કે સ્વપ્નમાં પણ તેમને વારંવાર પરમાત્મ બિંબોના દર્શન થતા હતા.

વૈયાવચ્ચયોગની પણ તેમણે ખૂબ સાધના કરી હતી. અનેક સાધુઓને તેમણે હૂંફ, વાત્સલ્ય, સહાયતા અને પ્રેરણા દ્વારા સંયમમાં ખૂબ સ્થિર કર્યા છે, તેમના મુખ પર સદાય સૌમ્યતા અને સ્મિત તરવતા હતા. તેમના પ્રથમ પરિચયથી જ કોઈપણ વ્યક્તિને તેમની યાદ નિકટતાનો અનુભવ થતો કારણ કે નિર્દોષ સ્નેહાળ, અને ઉદાર તેમનું વ્યક્તિત્વ હતું તેથી પ્રથમ મુલાકાતથી જ સહુ કોઈની અત્યંત ચાહના તે પ્રાપ્ત કરી લેતા. તેમની પાસે કોઈપણ વાત કરવામાં કોઈપણ વ્યક્તિને ક્યારે ય સંકોચનો અનુભવ ન થતો.

સર્વજીવો સાથેની મૈત્રી આદિ ભાવનાઓને તેમણે અત્યંત આત્મસાત્ કરી હતી તેથી કોઈપણ વ્યક્તિ પ્રત્યે દ્વેષ કે તિરસ્કાર તેમને કયારે ય થતો નહિ. અલ્પકષાયી આ મહાપુરુષ ક્ષમામૂર્તિ હતા અને ઉપશમ રસમાં સદાય તરબોળ હતા.

તેમની અત્યંત કુનેહબુદ્ધિ શાસન અને સમુદાયના અનેક પ્રશ્નોમાં ખૂબ ઉપયોગી બનતી. ગત વર્ષે વૈશાખ સુદ ૧ના દિને ભવ્ય મહોત્સવપૂર્વક કોલ્હાપુર મુકામે

તેમને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું. તેજ વર્ષે સાંગલી મુકામે તેમણે ૮૯મી ઓળી સાથે શ્રી સૂરિમંત્રના મહાપ્રભાવી પંચપ્રસ્થાનની અનુપમ આરાધના કરી હતી.

નાદુરસ્ત તબીયતમાં પણ સદાય તેમના મુખ પર પ્રસન્નતા જ રહેતી. તેમનાં પરિચયથી ગ્લાનની ગ્લાની અને મ્લાનની મ્લાની દૂર થઈ જતી હતી.

આ આચાર્યદેવશ્રીના દેહવિલયથી શાસન તથા પૂજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમુદાયને એક ભારે ખોટ પડી છે. કોલ્હાપુરના તમામ સંઘો તથા મુંબઈ, સુરત, અમદાવાદ, સાંગલી, કરાડ, બેલગામ, ઈસ્લામપુર, સંગમનેર, વીટા, વડગામ, તાસગામ, કોરેગામ, ઈચલકરંજી, નિપાણી, રહેમતપુર, મસુર, મીરજ આદિ ગામોગામથી ઉપસ્થિત થયેલા હજારો ભાવુકોની હાજરીમાં તેમની સ્મશાનયાત્રા ચાર કલાક સુધી કોલ્હાપુરના રાજમાર્ગો પર ફરી હતી અને સાંજે ૪ કલાકે વિરાટ મેદની વચ્ચે તેમનો અગ્નિસંસ્કાર થયો હતો.

તેમના શિષ્ય પ્રશિષ્યાદિએ છેલ્લી પળ સુધી અત્યંત ભક્તિપૂર્વક તેમની ખડેપગે સેવા કરી હતી. તેમનું આરાધનામય અદ્‌ભુત જીવન સહુ સાધકોને માટે એક અવ્વલ આદર્શરૂપ છે. તેઓ અપૂર્ણ રહેલી સાધના શીઘ્ર પૂર્ણ કરીને શીઘ્રતયા પરમશ્રેયની પ્રાપ્તિ કરે એ જ અંતરની અભ્યર્થના.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૬,અંક-૩૭,તા.૧૧-૬-૧૯૮૮

**શ્રી જયંત સંઘવી રચિત, સંગીતકાર નિકેશ સંઘવી દ્વારા શ્રી નેમુભાઈ શેઠની વાડીના ઉપાશ્રય સુરતમાં ગવાતા અનેકની આંખમાં આંસુઓ ટપકતા હતા.**

## પૂ. આચાર્યદેવ શ્રી વિજય ૐકારસૂરીશ્વરજીના ચરણે ભાવભરી વંદના

**( રાગ : જય પાલીતાણાં, જય શંખેશ્વર..... )**

ઝગમગતો દીવડો શાસનનો, રાજનગરે બુઝાઈ ગયો,
ઝળહળતો સૂરજ શાસનનો, અણધાર્યો આથમી ગયો.
જ્યોતિર્ધર શાસનનો એ તો, જ્ઞાનની જ્યોત જગાવી ગયો,
હસતો હસતો ચાલી ગયો ને, અમર નામના મૂકી ગયો.
જય ૐકારસૂરિ... દર્શન આપો, ઊંચા સ્વર્ગલોકના દ્વારેથી,
ભારતનો સંઘ રડી રહ્યો છે, સૂરિજી તમારા વિયોગથી.



ગુરુજીના જન્મથી ધન્ય બની, પેલી ઝીંઝુવાડાની ધરતી,
વંદન કરીએ એ ભૂમિને, જેણે આપી આવી વિભૂતિ.
ઈશ્વરભાઈ પિતા, કંકુબેન માતા, જય બોલો ચીનુભાઈ નામની,
દસ વરસની ઉંમરમાં જેણે, વીરનો મારગ લીધો.
પિતા વિલાસવિજયજીની સાથે, સંયમનો પંથ લીધો,
વ્હાલો વીરો ને બે બે ભત્રીજા, સંયમના પંથે જાતા.
રાત-દિવસ તત્પર એ રહેતા, ભણવા આગમ વાણી,
કેટકેટલી વેળા પડી રહેતા'હતા, એના ગોચરી પાણી.
ભદ્રસૂરિદાદાની એણે, સેવા કીધી બહુ ભારી,
એ સૂરિજીના શાસનકામોના, થાય નહીં સરવાળા.
સંમેલનને સફળ બનાવી, શાસન ડંકા વગાડ્યા,
જીવનભરના કામો પર, સોનેરી શીખર ચડી ગયું.
''અપ્પાણં-વોસિરામિ'' કહીને, કાઉસ્સગ્ગ કરવા બેઠા,
કાઉસ્સગ્ગમાં ને કાઉસ્સગ્ગમાં, સૂરિ સ્વર્ગલોકે જઈ બેઠા.
એનું જીવન ને એનું મૃત્યુ, ધન્ય ધન્ય બની ગયું,
સંમેલનની સફળતામાં, એનો મોટો ફાળો.
સહુને એક કરીને એણે, બનાવ્યો સુંદર માળો,
એક ડાળે સહુને બેસાડી, સહુને છોડી ચાલી ગયા.
સૂરિજીના સ્વર્ગગમનથી જાણે એક આંધી આવી,
ચાંદ પુનમનો ઢળી ગયો ને, રાત અમાસની આવી.
શિરછત્ર ગયું, શિરતાજ ગયો ને, તૂટી પડ્યો મોભ શાસનનો,
શોકસંદેશાથી ભારતભરની, ધરતી આખી ધ્રુજી ગઈ.
એક રાતમાં શિષ્યોની ઉંમર, વીસ વરસની વધી ગઈ,
નથી જોવાતું સહુની સામે, સહુની આંખોમાં છે પાણી.
લાખોનો આધાર ગયો ને, સહુ બન્યા નોધારા,
શાસન જ્યોત બુઝાઈ ગઈ ને, થયા ઘોર અંધારા.
આંખો નાની આંસુ મોટા, કેમે કરી નથી સુકાતા,
નામ ને કામો સૂરીજીના સહુયે, અમર બનીને રહેશે.
આંખો નાની આંસુ મોટા, કેમે કરી નથી સુકાતા,

નામ ને કામો સૂરિજીના સહુયે, અમર બનીને રહેશે.
પ્રભાતે ઉઠી લોકો એના, ચરણકમળને પૂજશે,
ધન્ય સૂરિજી ધન્ય ગુરુજી, ધન્ય ધન્ય તુમ અવતારા.
હજારોની મેદની સાથે, ચાલી અંતિમ યાત્રા,
સહુની આંખોમાંથી ત્યારે, ધોધ આંસુના વહેતા.
પાછા આવો ગુરુ પાછા આવો, એમ સહુના દિલડા બોલી રહ્યા,
લાખોના લાડીલા સૂરિજી, અનંત નિંદ્રામાં પોઢી ગયા.
આંસુભીની લાખો આંખે, અંતિમ સંસ્કાર થઈ ગયા,
ધરતી પંકજ સોસાયટીની, તીરથ ધામ બની ગઈ.
સ્વર્ગલોકથી પ્યારા સૂરિજી, આશિષ અમને દેજો,
કો'ક દિવસ સ્વપ્નામાં આવી, દર્શન અમને દેજો,
**ગુરુ અમર રહો, ગુરુ અમર તપો, તમે રહેજો શાશ્વત શાંતિમાં....**

સંવત ૨૦૪૪, વૈશાખ સુદ ૧૫, તા. ૧-૫-૮૮ રચના : **શ્રી જયંત સંઘવી**
સ્થળ : **નેમુભાઈ શેઠની વાડી- ઉપાશ્રય, સુરત.** રજુઆત : **શ્રી નિકેશ સંઘવી**

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૬,અંક-૩૮/૩૯,તા.૨૫-૬-૧૯૮૮

## શ્રીમંતાઈનાં સાધન છતે...

વસ્તુના વિવેક અને મૂલ્યાંકન પર એ વસ્તુનો લાભ ઉઠાવાય છે. વિવેકની ખામી હશે, તો હલકી વસ્તુના ઊંચા મૂલ્ય બાંધી એની પાછળ દોડતાં માર ખાવાનું થાય છે. તેમ વિવેકથી સારભૂત વસ્તુની ઓળખ તો કરી, પરંતુ હૈયે હવે એનું ઊંચું મૂલ્ય નહિ વસ્યું હોય, તો ભળતી વસ્તુના મોહમાં પેલી માલવાળી વસ્તુ હાથવેંતમાં છતાં એનો અનુપમ લાભ ગુમાવવાની મહામૂર્ખાઈ થાય છે.

જુઓ, મસકાપોલિસ મિત્ર અને સહૃદય મિત્ર વચ્ચેનો તફાવત ખબર નથી, તો એ માખણિયા મિત્રના ઊંચા મૂલ્ય બાંધી એની સાથેના ભાગીદારી વેપારમાં અંતે દ્રોહ અને પાયમાલી જોવા મળે છે. એમ સુશીલ વફાદાર પત્ની અને ઉચ્છૃંખલ પત્ની વચ્ચેના તફાવતની ખબર એટલે કે વિવેક છતાં ઘરની (પોતાની) સુશીલ પત્નીનું ઊંચું મૂલ્ય હૈયે જો વસ્યું નથી તો પાડોશણના આંધળા વિશ્વાસમાં ગમે તેમ વર્તી સુશીલ વિશ્વાસુ પત્નીના ખરા લાભ ઉઠાવવાનું ગુમાવાય છે ને પરિણામે



એના રોદણાં, ફરિયાદ, નિરાશા વગેરેના જ સૂર નીકળે છે.

આવી સ્થિતિ આપણી વર્તમાન યુગે સર્જી છે. સાચી અને ખોટી શ્રીમંતાઈ વચ્ચેના ભેદની ગમ નથી, યા ખોટી શ્રીમંતાઈની મોહમૂઢતામાં સાચાની ખબર જ નથી, તેથી સહજ છે કે સાચી શ્રીમંતાઈના મૂલ્યાંકન નથી, તેમ એનાં સાધનો હાથવેંતમાં છતાં એનો ઉપયોગ કરી સાચા માતબર શ્રીમંત બનવાનું આવડતું નથી. બસ એક જ લક્ષ છે કે 'આંધળી દુનિયા પૈસા-ટકા, માલમિલકત, બંગલા-મોટર વગેરેમાં શ્રીમંતાઈ દેખે છે ને એની પાછળ દોડે છે, તો આપણે પણ એજ દેખો અને એની જ પૂંઠે દોડો.' આનું પરિણામ એ આવે છે કે એ નકલી શ્રીમંતાઈ પાછળ દોડતાં, આજનો વિલક્ષણ સમાજ, અને નોકરો-દલાલો-ગ્રાહકો, આજના કાયદા-કાનૂન, આજની રાજકીય ગુંડાશાહી અમલદારી, બે નંબરનાં નાણાં પાછળના ખતરનાક જોખમ, વગેરેની ભીંસમાં ચિંતા-સંતાપ, ઉકળાટ-વિહ્વળતા, નિરાશા-નિસાસા, ભય, છુપામણી, વગેરેના ભોગ બનવું પડે છે.

સાચી શ્રીમંતાઈ તો તે કે જેમાં ચિત્ત શાંતિ-સ્વસ્થતા ઓજસ-સત્ત્વ વગેરેથી માતબર હોય. મમ્મણ શેઠ પાસે અઢળક ધન હતું છતાં આ નહિ હોવાથી એની પાસે શ્રીમંતાઈ શી ? અને નામથી શ્રીમંતાઈ કહે તો પણ એને એથી શું ? જીવનને શો લાભ ?

આવી સાચી શ્રીમંતાઈનાં સાધન છે,- વીતરાગ પરમાત્મા અને ત્યાગી સદ્ગુરુ, ધર્મી સ્નેહી, પવિત્ર ધર્મશાસ્ત્રો, તીર્થો, ધર્મસ્થાનો, દાનાદિ ધર્મ, સામાયિક પ્રભુભક્તિ આદિ અનુષ્ઠાનો, નવપદ-નવકારમંત્ર, ક્ષમા-સમતાદિ ગુણો, ત્યાગવૃત્તિ-નિ:સંગભાવ વગેરે વગેરે. એની જો સાધના-સેવન-ઉપાસના કરવામાં આવે તો સાચી શ્રીમંતાઈનાં ફળ હાથવેંતમાં છે; મન સત્ત્વ-સ્વસ્થતા-સ્વચ્છતાથી માતબર રહે છે.

પણ કાં આની ખબર નથી, અગર ખબર છે છતાં એનું ઊંચું મૂલ્યાંકન નથી, તો એના જંગી લાભ ગુમાવવાની મહામૂર્ખાઈ થાય છે. તેમ પેલી નકલી શ્રીમંતાઈની પૂંઠે લાગ્યા રહેતાં નિરાશા, હાયવોય, નિસાસા, દીનતા, ઓશિયાળાપણું અને રોદણાં લમણે લખાયા રહે છે, મન મુડદાલ કંગાલ વિડંબાતું બન્યું રહે છે. આજના જૈન માનવનું પણ આ કરુણ ચિત્ર આશ્ચર્ય અને દુ:ખ પમાડે એવું છે.

શા સારુ આપણી આ સ્થિતિ આપણે નભાવી લેવી જોઈએ ? આપણી પાસે જો રોજનું ભોજન, ચાર કપડાં અને સૂવા-બેસવા જગા હોવા ઉપરાંત આપણને વિશ્વશ્રેષ્ઠ પરમાત્મા, સદ્ગુરુઓ, ધર્મશાસ્ત્રો, ઉત્તમ આચાર-અનુષ્ઠાનો મળેલા છે, તો એ તો ગુણકમાઈ-પાપક્ષય-પુણ્યસમૂહ-સદ્ભાવનાદિના મહાશ્રીમંત બનાવનારા છે. પછી પેલી નકલી શ્રીમંતાઈનાં સાધનો ઓછાં મળ્યામાં દુ:ખ શાનું કરવાનું ?

મનને ઓછું શું લગાડવાનું ?

આપણે તો કહીએ કે 'દુન્યવી ચીજ ઓછી હોય, માન-સન્માન ઓછા મળતા હોય, તેથી મારે કોઈ ઓછપ નથી; કેમકે મારે શી કમી છે ? હું તો વીતરાગ દેવ, ત્યાગી ગુરુ, સર્વજ્ઞનાં શાસ્ત્ર, નવકારસ્મરણથી માંડીને મોટાં ધર્માનુષ્ઠાન વગેરે મળ્યાથી મહાશ્રીમંત છું. આની તોલે કોણ આવે ? આનું સેવન કરવામાં જેટલી ખામી છે એટલી જ અહીં અશાંતિ વગેરે અને પરલોકની અસદ્ધરતા છે. માટે મારે તો એ દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પર જ ઇતબાર હો.' બસ આ શ્રીમંતાઈના ખ્યાલથી એનાં સાધનોની ઉપાસનામાં મસ્ત રહેવાનું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૬,અંક-૪૩/૪૪,તા.૩૦-૭-૧૯૮૮

## દુઃખનું મૂળ ખણજો; એ કેમ મીટે ?

આત્માને ઉચ્ચસ્તર પર લાવવા માટે જીવન ઉચ્ચ પ્રયોજનથી જીવાવું જોઈએ, ને એ પ્રયોજન વિશેષ-વિશેષ કેમ સર થતું આવે એવા પ્રયત્નમાં રહેવું જોઈએ. જીવનમાં ઉચ્ચ પ્રયોજન શું હોય ? શા માટે એક માનવ તરીકે જીવવાનું ? જીવીને મુખ્ય શું સિદ્ધ કરવાનું ? સૌ કહેશે સુખ, પણ દુઃખ ટળ્યા વિના સુખ ક્યાં છે ?

દુઃખનું મૂળ ખણજો છે. કોઈ પણ ખરજવાનો દરદી એમ નહિ કહે કે 'આ ખરજવાની ખણજ ઊઠે છે એ સારું છે, એથી ચળવામાં બહુ મઝા આવે છે.' ખરજવા અને ખણજને તો એ રોગ જ માને છે, દુઃખરૂપ માને છે. તેથી તો એને મિટાવવા ઉપચાર કરે છે. એ સમજે છે કે "ચળવાની મઝાને શું કરવાની ? વારે ને વારે ખણજથી (૧) એના તરફ જ ધ્યાન જાય છે, અને (૨) બધું પડતું મૂકીને ચળવાની વેઠ કરવી પડે છે. પાછી (૩) સરવાળે લહાયો ઊઠે એ જુદું; (૪) ચામડી બગડે એ અલગ; અને (૫) એનો ચેપ લાગી બીજે ખરજવું ઊઠે, તેમજ આ ખરજવું વધતું જાય,- એ બધું જુદું. માટે ખરજવાનું અને ખણજનું દરદ જ ન જોઈએ."

બસ, જીવનમાં પણ ઇન્દ્રિયોની ખણજો ઊઠે એ મોટું દરદ છે. પછી એને વિષયોનો સંપર્ક કરાવવામાં ભલે ચળવાની જેમ ક્ષણવાર મઝા આવે પણ એ દુઃખ જ છે; કેમકે (૧) વારે વારે ધ્યાન એના તરફ જાય છે; (૨) આત્મા અને પરમાત્મા ભૂલાય છે; (૩) સરવાળે પાપકર્મના વિપાકોની લહાયો ઊઠે છે; (૪) એના સંસ્કારથી જીવ બગડે છે; અને (૫) ચેપ આગળ વધી ખણજો વધે છે. (૬) કોઈ વિષયોનું કાયમી સુખ જ નહિ, તેથી જીવ ખણજોનો માર્યો વિષયોની જ પૂંઠે ભટકવામાં આખું ય જીવન અને જન્મોના જન્મ બરબાદ કરે છે !



માટે મૂળ દુઃખ ઇન્દ્રિયોની ખણજોનું છે. તેથી જેમ ખરજવું મટે તો આરોગ્યનું સુખ મળે, એમ ઇન્દ્રિયોની ખણજો મટે તો સાચું સુખ જોવા મળે. એટલે આ અમૂલ્ય માનવભવનું ઉચ્ચ પ્રયોજન ઇન્દ્રિયોની ખણજો મિટાવવાનું છે. જીવન એ માટે જીવાવું જોઈએ. જીવન જીવતાં મુખ્ય કામ આ, કે ખણજો મિટાવતા જવું. તો સવાલ આ છે કે -

ઇન્દ્રિયોની ખણજ શી રીતે મટે ? જવાબમાં, એના ઉપાય આ છે;-

(૧) પહેલું આ વિચારતા રહેવું કે 'જે વિષયોની ખણજો ઊઠે છે, તે વિષયો બધા પૌદ્ગલિક માટી છે, એકેન્દ્રિયાદિ જીવોનાં કલેવર છે. આત્માને એની સાથે શી નિસ્બત ? આત્મા તો શુદ્ધ જ્ઞાનાદિમય છે. વિષયો ચાહ્ય જીવતા કે મડદારૂપ, એમાં શું મોહવું'તું ? માટીના (જડ કલેવરના) રૂપરસ સ્પર્શ શબ્દ વગેરે જોવા-ચાખવાદિની શી ખણજ ઝંખના કરવી'તી ? જીવતા પર ઉજાણી તો વાઘ-વરુ કરે, ને મડદા પર ગીધડા તૂટી પડે. બેમાંથી એકેય હું ન બનું.' આમ વિચારી વિચારી સૂગ ઊભી કરીને એની ખણજો રોકવી.

(૨) 'ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ-રાગ-ભોગેચ્છાદિ ખણજો ઊઠે એ આત્માના વિકાર છે, વિકાસ નહિ. જેમકે, દૂધ ચૂલે ચડાવ્યું, ઊકળતાં ફોદા થાય એ તો દૂધનો વિકાર છે, પણ બાસુંદી માવા જેવો વિકાસ નહિ. તો શા સારુ મારે આ ઊંચા ભવમાં મારા સનાતન આત્માને વિકારોથી ફોદા જેવો કરવો ? એથી તો **'ભોગે રોગ વધે ઘણો. વિકારો વધતાં મને હેવાન બનાવશે.'** આ વિચારણા વારંવાર રાખી ખણજો દાબવી. બીડી કે દારૂની ખણજ પોષવાથી કદી એ લત મટે ? કે ઓછી થાય ? એને તો દબાવવાથી જ એ ઘટે.

(૩) ખણજ દબાવવા ત્રીજો ઉપાય,- 'ચલાવી લેતાં શીખવું.' જીવનમાં ખોટી જરૂરિયાતો ઊભી કરીને એની ખણજોમાં મરાય છે. ખોટી જરૂરી એક ચીજ માની કે એની પાછળ બીજી અનેક જરૂરી લાગે છે. પછી એનો છેડો ક્યાં ? એની ખણજોની સીમા ક્યાં ? માટે એવી જરૂરી પણ લાગતી ચીજ-બાબત વિના ચલાવી લેવાનું કરવું જોઈએ. તો જ ખણજો અંકુશમાં રહે.

(૪) જરૂરીમાં પણ સારું ને સામાન્ય સામે આવતાં, સારી વસ્તુની ખણજ સતાવે છે. ત્યાં એ વિચારવું કે 'આ સારીનો મોહ જીવનું સત્ત્વ હણે છે. સત્ત્વ નષ્ટ એટલે સુકૃતનો ઉત્સાહ નહિ, ને દુષ્કૃતોની લીલા અખંડ રહે. તો શા સારુ સારીની ખણજ જ પોષવી, ઊઠવા દેવી ? સામાન્ય ચીજને જ પસંદ કરી વધાવી લેવી. ખુશી માનવી કે જડને મહત્ત્વ ન આપવાથી આત્માનું મહત્ત્વ વધ્યું. ખણજ દાબવા આ ૪થો ઉપાય.

(૫) પાંચમો ઉપાય આ,- કે ખણજોથી મુક્ત વીતરાગ તીર્થંકર ભગવાનનું

ખૂબ સ્મરણ એમની વાણીનો બહુ અભ્યાસ, અને મહાપુરુષોનાં ચરિત્રનું વારંવાર વાંચન મનન કરવું.

(૬) સૌથી જરૂરી ઉપાય આ, કે વિષયત્યાગના કે તપના અનેક વ્રતનિયમ કરવા.

આમ મનુષ્ય જીવન જીવવામાં મુખ્ય લક્ષ અને ઉદ્યમ ખણજોને દબાવવાનો રાખવો મહાલાભદાયી છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૭,અંક-૫/૬, તા.૮-૧૦-૧૯૮૮

## સમતાભાવની ચાવી : 'કુદરતના અકળ સંકેત જુઓ.'

જીવનમાં બનતા યા સંભળાતા કેટલાક પ્રસંગ પર આપણે વગર વિચાર્યે ઉછળી પડીએ છીએ, વિહ્વળ-વ્યાકુળ થઈએ છીએ, ને સમતાભાવ ગુમાવીએ છીએ. પરંતુ ત્યાં જો 'કુદરતના સંકેત' વિચારીએ તો સમતાભાવ ગુમાવવાનું ન થાય દા. ત.

સમરાદિત્ય કેવલી મહર્ષિના ચોથા ભવમાં પોતે ધન્યકુમાર છે, અને દુશ્મન અગ્નિશર્માનો જીવ લક્ષ્મી એમની જ પત્ની બન્યો છે. પૂર્વના ભવોભવ મારવાના વૈરના નિયાણાનાં કારણે અહીં ધન્યકુમારને મારી નાખવા એણે કામણ પાઈ દીધું છે, જેના યોગે એમને બિચારાને ઉલટીઓ થાય છે, ખાધું પીધું કશું પેટમાં ટકતું નથી. શરીર કૃશ થતું જાય છે. એમાં એ સમુદ્રની મુસાફરીએ જાય છે, ત્યાં હજી આ કેમ મરતા નથી,' એવી અધીરાઈના કારણે એ પત્ની લક્ષ્મી રાતના લાગ જોઈને પતિ-ધન્યકુમારને દરિયામાં ધકેલી દે છે. હવે અહીં ધન્યકુમાર આવી મોટી આફતમાં કુદરતનો સંકેત જુએ છે,- 'અહો ! દરિયામાં મારું પતન થયું, પરંતુ આમાં ય કુદરતનો કોઈ સારો સંકેત હશે; ને એમ માની સમતાભાવ રાખે છે. એમાં દરિયામાં એક લાકડાનું પાટિયું હાથમાં આવ્યું તે પકડી લઈ ભગવાનને યાદ કર્યા કરે છે અને ખરેખર ! બન્યું એવું જ. આ પ્રસંગમાં સાત દિવસ દરિયામાં રહેવું પડ્યું, તેમાં દરિયાનું પાણી પીવું પડે છે એથી, એને આખા શરીરમાં છિદ્રો દ્વારા સમુદ્રના જળબિંદુ શરીરમાં ખેંચાયા કરે છે તેથી, અંદરનું કામણ બધું ધોવાઈ જાય છે ! ને જ્યાં આઠમે દિવસે કિનારે ઊતરવાનું થયું ત્યાં કાયા ચોક્ખી કંચન જેવી થઈ ગઈ છે !

જુઓ, દરિયામાં ફેંકાઈ જવામાં કેવું રહસ્ય છુપાયેલું ? જો ન ફેંકાયો હોત, તો કામણે દરિયામાં ફેંકાયા પહેલાં અડધો તો ખત્મ-કર્યોજ હતો, તે પૂરો ખત્મ થઈ જાત. તે દરિયામાં ફેંકાવાથી અને સાત દિવસ દરમિયાનમાં ટલ્લે ચડવાથી બધું



કામણ નષ્ટ ભ્રષ્ટ થઈ ગયું.

આપણાં જીવનના પ્રસંગોમા આમ છુપાયેલા સારાં રહસ્ય જોવાનાં છે, કહો કુદરતના સંકેત જોવાના છે; ને એ જોઈએ તો ચિત્ત સ્વસ્થ રહે છે. કશી આકુલતા-વ્યાકુળતા નહિ; સમતા-સમાધિભાવ બન્યો રહે છે. અહીં જરાક પૂછો-

**પ્રશ્ન.-** આજની કાતિલ મોંઘવારીમાં કુદરતનો શો સંકેત જોવાનો ? ને શી રીતે સમતા-સમાધિભાવ રહે ?

**ઉત્તર.-** આજની ભયંકર મોંઘવારીમાં સંકેત-રહસ્ય આ જોવાનું છે, કે "ભલે આજે ચીજ-વસ્તુ ભોગવવામાં સંકોચ કરવો પડે તેથી આનંદમાં કચાશ રહે છતાં પણ એવી સમજ રાખી શકાય કે સારું થયું. આમ તો પૂરું, મળતું તેથી ચીજવસ્તુમાં અને રસમાં થોડો પણ ત્યાગ-સંકોચ નહોતો થઈ શકતો તે હવે દ્રવ્યસંક્ષેપ અને રસ સંકોચ સહેજે થઈ શકે; માટે સવારથી જ એનો નિયમ રાખું." વર્તમાન સંયોગોમાં કુદરતનો આ સંકેત સમજીએ તો આટલા અંશે બાહ્ય તપનો સુંદર લાભ મળે અને અંશે પણ સમતા-સમાધિભાવ કમાઈ શકાય.

એથી ઊલટું, માનો કે પુણ્યના ઉદયે આજની મોંઘવારીમાં ધનની સારી કમાઈ થાય છે, તો એમાં ય કુદરતનો આ સંકેત વિચારવાનો કે 'સાવધાન રહેજે, આ કમાઈ તો સોજાની લાલિમા જેવી છે, સોજા અને લાલિમા ઊતરી જતાં વાર નહિ, પછી શું ? માટે આ સોજાની લાલિમા જેવી સંપત્તિ પર કશું રાજી થવા જેવું નથી.

પરંતુ મોટો થયેલો પુત્ર મરી ગયો ત્યાં કુદરતનો સંકેત શો ? સંકેત આ, કે જો વધુ જીવત તો કોને ખબર વધુ પાપાચરણમાં પડી વધુ નીચી દુર્ગતિનાં અશુભ કર્મ બાંધત, તે અટકી ગયું ! અથવા પુત્ર ધર્માત્મા હતો ને મરી ગયો તો શો સંકેત? સંકેત આ, કે અલબત હોત તો જીવંત રહી વધુ ધર્મસાધના કમાત ખરો, પરંતુ ધર્માત્મા હોવાથી કોઈ સારી ગતિમાં ગયો હોય, ત્યાં વધુ આત્મ-પ્રગતિ કરતો હશે. પૂર્વના મહાપુરુષો એમ જ અહીંની વિશુદ્ધ ધર્મસાધનાથી દેવલોકમાં ગયા તો પણ ત્યાં વિશેષ વૈરાગ્ય અને વિશિષ્ટ જિનભક્તિથી પોતાના આત્માને ઉચ્ચ સ્તર પર ચડાવનારા બનેલા, ને તેથી ત્યાંથી ચ્યવી અહીં માનવભવે આવતાં જનમથી મહાવૈરાગી અને દેવ-ગુરુભક્ત બને છે.

બસ, જીવન, જીવતાં જીવતાં આ કળા હસ્તગત કરી લેવાય, તો સારા-નરસા બધા પ્રસંગોમાં મનની સ્વસ્થતા-શાંતિ-સમાધિ અને મહાકિંમતી સમતાભાવ બન્યો રહે. એથી અહીં જનમતાં કદાચ આપણે હજાર ભવ બાકી હોવાનું લઈ આવ્યા હોઈએ, તો આ સમાધિ-સમતાભાવથી ઘણા ઘણા અશુભ અનુબંધો તોડવાથી માત્ર સો ભવ, પચાસ ભવ, દસ ભવ, ત્રણ ભવ સ્થિતિ ઊભી કરી શકીએ.

## જિનપ્રતિમા ચમત્કારના બે વર્તમાન દૃષ્ટાંત.

● **ઈડર :** અહીં પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શુભ હસ્તે તા. ૧૯-૮-૮૮ની ની મધ્યરાત્રિ જિનપ્રતિમાની અંજનશલાકા થઈ. શાસનપતિ ભગવાન શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા નૂતન મંદિરમાં શ્રાવણ સુ. ૧૩ની પ્રતિષ્ઠા થઈ. પ્રતિમા સ્થાપના સ્થળ-(પબાસન) તથા પ્રતિમાજી પર પૂ. આચાર્યદેવે જેવો સૂરિમંત્ર-મંત્રિત વાસક્ષેપ નાખ્યો કે આરસની દીવાલોમાંથી અમી ઝરવા લાગ્યા. બાલમુનિ શ્રી ચંદ્રયશ વિ.મ. તથા અન્ય મુનિઓએ જાપ શરૂ કર્યો. એટલામાં તો મૂળનાયક ભગવાન તથા અન્ય ભગવંતની પ્રતિમાની આંખોમાંથી અમી ઝરવા લાગ્યા. દીવાલોમાંથી વાસક્ષેપ તથા કેસરના છંટકાવ થવા લાગ્યા. સવારના ૧૦ થી બપોરના ૨ વાગ્યા સુધી -જિનપ્રતિમાની પ્રભાવકતા અનેક લોકોએ નજરોનજર નિહાળી.

● **પાલીતાણા :** ઘેટીપાદુકાનીપાસે શ્રી સિદ્ધાચલ શણગાર ભવ્ય જિનમંદિર નિર્માણાધીન છે. મંદિરજીમાં ૯૯ ઈંચ (૮ ફૂટ, ૩ ઈંચ)ની ભવ્ય જિનપ્રતિમા સ્થાપન કરવાની છે. આ વિષયમાં ત્રણ ચમત્કાર થયા... (૧) પ્રતિમા માટે મોટો સુંદર પોષાણ મળે તેની પાંચ વર્ષથી તપાસ-મહેનત ચાલુ હતી. પાંચ વર્ષ પછી રાજનગરની ખાણમાંથી યોગ્ય પાષાણ મળી આવ્યો. પત્થરનું વજન ૨૫ ટનનું ! તેને ખાણમાંથી બહાર કાઢવા ઉપલબ્ધ ક્રેઈન માત્ર ૧૦ ટન વજન ઉચકી શકે તેવી હતી ! હવે શું કરવું ? પણ ભગવાનની પ્રતિમાનાં પાષાણનો પણ પ્રભાવ જુઓ કે... તે જ ક્રેઈનથી ૨૫ ટનનો પાષાણ ઉચકાયો અને સરળતાથી બહાર આવ્યો.

(૨) પ્રતિમા ઘડનાર કુશળશિલ્પી રાધાકૃષ્ણજીને પ્રતિમાની ઘડાઈમાં દેખરેખ માટે રોકાયા. તેમના હાથે લકવો થયેલો, છતાં, 'પહેલું ટાંકણું' પાષાણ પર હું લગાવું !' આવા ભાવથી પાષાણ પર ટાંકણું લગાવ્યું, કે તેના હાથમાં ઝણઝણાટી થઈ ને હાથમાંથી લકવો દૂર થઈ ગયો.

(૩) ત્રીજો ચમત્કાર એ બન્યો કે... જે શ્રાવિકાબેન તરફથી મોટી બોલી બોલીને પ્રતિમાજી નિર્માણ થવાના હતા, તે બેનના ગળે થયેલી કેન્સરની મોટી ગાંઠ સામાન્ય લેપપટ્ટીથી એકાએક ફૂટી ને અદૃશ્ય બની ગઈ. જિનપ્રતિમાનો આજે પણ આવો જીવંત પ્રભાવ અનેક ભવ્યોને આરાધનામાં નવો ઉલ્લાસ લાવી આપે છે.







**રાજકોટમાં દશેરાના દિવસે 'સમસ્યા અને સમાધાન' આ વિષય પર આપેલ એક મનનીય પ્રવચનનો કેટલોક ભાગ. ક્રૂરતાના પ્રતીક ઈંડા ખવડાવવામાં અને બીભત્સ ટી.વી. ફિલ્મોના પ્રચારમાં સરકારને જ રસ છે.**

**રાજકોટમાં જૈનમુનિ શ્રી રત્નસુંદરવિજયજી મહારાજનો પુણ્ય પ્રકોપ**
**ગમે તે ભોગે રાજકારણમાં સજ્જનોને જ મોકલો.**
**સ્ત્રીના અપહરણનું નહિ પણ 'જટાયું' નથી તેનું દુઃખ છે.**
**બ્રહ્મચર્ય નહિ પાળતી પ્રજા કદી બળવો ક્રાંતિ ન કરી શકે.**

અત્રે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિરમાં આજે યોજાયેલા પ્રવચનમાં જાણીતા ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા જૈન મુનિ શ્રી રત્નસુંદરવિજયજી મહારાજે ઉપસ્થિત વિશાળ જનસમુદાય સમક્ષ રાજકારણીઓની સરકારની અહિંસા અને આધ્યાત્મિકતા વિરોધી નીતિની કડક આલોચના કરી હતી. 'સમસ્યા અને સમાધાન' વિષય પરના પ્રવચનમાં મહારાજશ્રીએ શારીરિક માનસિક સામાજિક અને આધ્યાત્મિક એ આજની ચાર પ્રકારની સમસ્યાઓની વિસ્તૃત છણાવટ કરી તેના વ્યવહારીક ઉકેલો પણ આપ્યા હતા.

શહેરના અગ્રગણ્ય નાગરિકોની ચિક્કાર મેદનીને સંબોધતા મુનિશ્રીએ કહ્યું હતું કે સુખ માટે બધા પ્રયાસ કરે છે છતાં દુઃખ આવે છે. કારણ કે જે કાયમ પોતાના સુખનો વિચાર કરે છે એને ચોક્કસ દુઃખ જ મળે છે અને જે કાયમ બીજાના સુખનો વિચાર કરે છે તેને જ સુખની પ્રાપ્તિ થાય છે. વિજ્ઞાન અને ધર્મનો ભેદ સમજાવતા તેઓએ કહ્યું કે વિજ્ઞાનના પ્રયોગ જડ વસ્તુ પર છે ધર્મના પ્રયોગો ચેતન પર છે. વિજ્ઞાન સંશોધન કરે છે. ધર્મ સ્વીકાર કરે છે. વિજ્ઞાન તોડવાનું કામ કરે છે. ધર્મ જોડવાનું કાર્ય કરે છે. શોધખોળમાં માણસ મર્યાદા વટાવી રહ્યો છે એ વાત તેમને એક ફુગાના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરતા કહ્યું કે ફુગ્ગો જ્યારે ફાટવાની તૈયારીમાં હોય ત્યારે તેને ફુલાવવાનું બંધ કરવું જોઈએ. આજે વિજ્ઞાનનો વિકાસ થયો છે પણ સાથે એક સમયે માણસને જ્યારે સમસ્યા નડતી હતી ત્યારે આજે માણસ જ સમસ્યાનું મૂર્ત સ્વરૂપ બની ગયો છે...!

શારીરિક સમસ્યાનો ઉકેલ ડૉક્ટરો લાવી શકે અલબત્ત ડૉક્ટરે દર્દીમાં 'ઘરાક'ના નહિ પણ માનવતા દર્શન કરવા જોઈએ. મુનિ મહારાજે કહ્યું કે સત્ય હંમેશા ઉગ્ર લાગશે પણ તે સ્વીકારવું રહ્યું. કથીર જેમ અગ્નિ પરિક્ષાર્થી ઠરે પણ કંચન ડરે નહિ એમ ડૉક્ટરો વકીલો પ્રોફેસરો વગેરેએ સત્ય સ્વીકારવા આચરવા

મુસીબત આવે તો પણ તૈયાર રહેવું જોઈએ. દવાના વધુ પડતા ઉપયોગ અંગે આક્રોશ ઠાલવતા મુનિશ્રીએ કહ્યું કે ભારતના ૭૦ કરોડની જનતાના તમામ પ્રકારના રોગોના નિવારણ માટે કુલ ૨૦૦ પ્રકારની દવાની જરૂર છે તેની સામે આજે ભારતમાં ૫૨૦૦ દવાની કંપનીઓ સાઠ હજાર પ્રકારની દવાઓ ઉત્પન્ન કરે છે...! સ્વામીએ કટાક્ષમાં કહ્યું કે મેં કયાંક વાંચ્યું હતું કે એકવાર ડૉક્ટરો હડતાલ પર ઉતર્યા ત્યારે મૃત્યુઆંક ઘટયો હતો...! આડકતરી રીતે આ સંતે ડૉક્ટરોને ઓછામાં ઓછી દવા દર્દીને આપવા અનુરોધ કરેલ.

આજના કથળી ગયેલા શિક્ષણતંત્ર અંગે સ્વામીજીએ પુણ્યપ્રકોપ ઠાલવતા કહ્યું કે આજના માસુમ ભુલકાઓ પર નાનપણમાં જ કે.જી.માંથી જ પુસ્તકોનો ખડકલો લાદી દેવામાં આવે છે. આજનું શિક્ષણ માણસનું ચારિત્ર્ય સર્જન નથી કરતો. નાલંદા વિદ્યાપીઠનું ઉદાહરણ ટાંકતા મુનિ મહારાજે કહ્યું કે વીસ વર્ષ પછી ઘરે જવાની રજા માંગતા ત્રણ શિષ્યો જ્યારે રજા મળી અને જંગલ રસ્તે જતા હતા ત્યાં કાંટાઓ જોઈ એક શિષ્યને ઘેર જવા પરવાનગી આપી કારણ કે જે શિક્ષણ બીજાના માર્ગમાંથી કાંટા ન હટાવી શકે તે શા કામનું...?

આજની સામાજીક પરિસ્થિતિ અંગે મહારાજ સાહેબે જણાવ્યું કે આજે લાગણીને ઉતેજવા પણ વધુ પ્રમાણમાં માણસો મરવા જોઈએ...! બે ચાર મોતની તો કોઈ નોંધ પણ લેતું નથી. પશ્ચિમની સંસ્કૃતિ ભારત માટે બિલકુલ યોગ્ય નથી એ વાત સ્પષ્ટ કરતા તેમણે કહ્યું કે આજે પશ્ચિમનો એઠવાડ આપણે ત્યાં લોકો મીઠાઈ માનીને આરોગે છે...! સમાજના રોગો રાજકારણીઓ દૂર કરી શકે છે પણ આજે રાજકારણીઓ જ સારા નથી. સજ્જન માણસો રાજકારણમાં જવા ન જાય તો તેમને આગ્રહપૂર્વક રાજકારણમાં મોકલવા તેમને જીતાવવા પ્રયાસ કરવા મુનિ મહારાજે આગેવાન નાગરીકોને અત્યંત ભારપૂર્વક જણાવ્યું હતું.

તો જ આ સમસ્યાનો ઉકેલ આવી શકે. કમસે કમ સારા માણસો ન મળે તો ઓછા ખરાબ માણસોને મોકલવા તેમણે ભારપૂર્વક જણાવેલ.

આજના નીતિભ્રષ્ટ અને સત્તાલોલુપ રાજકારણીઓ અંગે આક્રોશ ઠાલવતા મુનિશ્રીએ કહ્યું આપણી સરકારને જ ઈંડા ખવડાવવામાં રસ છે. ધર્મને એક બાજુ મૂકો વૈજ્ઞાનિકોઓ સાબિત કરી આપ્યું છે કે ઈંડા કરતા મગફળીમાં ઘણા વધારે પોષક તત્ત્વો છે. મરઘીએ મુકેલુ ઈંડું તરત જ શ્વાસોશ્વાસ લે છે તો તે નિર્જીવ કેવી રીતે હોઈ શકે...? મરઘી ઉછેર કેન્દ્રોમાં આચરવામાં આવતી ક્રૂરતા અંગે તેમણે ઉંડો ખેદ વ્યક્ત કરતા જણાવ્યું કે સ્ત્રીઓને અનુભવ હશે કે ચાર સુવાવડ થાય તો પણ તેને એટલી વેદના નથી થતી જેટલી એક કસુવાવડ થાય છે, પણ મરઘીને તો ઈંડા માટે રોજ પરાણે કસુવાવડ કરાવવામાં આવે છે...! ક્રૂરતાની કેટલી



હદ...! આ મરઘી પર અત્યંત ત્રાસ ગુજારી તેના શરીરને પછી ખાવા માટે માંસાહારીઓને સોંપી દેવાય છે...! (હિંસક પશુઓ પણ આટલી ક્રૂરતા નહિ આચરાતા હોય...!) મરઘીને એવી રીતે ઈંડુ મુકાવવામાં આવે છે કે તે ઙઈંડા પાસે પછી જઈ શકતી જ નથી...!

ઈંડાને સેવવા તે કેવા તરફડીયા મારે છે તે તો નજરે જોનારને જ ખ્યાલ આવે...! આવી ક્રૂરતા ભારતમાં બંધ ન થઈ શકે...? એવો વેધક સવાલ ઉપસ્થિત બુદ્ધિજીવીઓને મુનિશ્રીએ કહ્યો હતો.

અખબારોમાં પુત્ર કે પુત્રી સાથે વાંચી પણ ન શકાય એવી અશ્લીલ જાહેરાતો સેકસી ઉત્તેજનાપૂર્ણ ફિલ્મોને મંજૂરી, મોડી રાત્રીની ફિલ્મો હિંસા આંચરવામાં પ્રોત્સાહન (!) સરકારી આ ભ્રષ્ટ અને ક્રૂર નીતિએ ભારતના મહાન આધ્યાત્મિક વારસાને છીનવી લીધો છે. એથી આ દેશ સમસ્યાઓથી ઘેરાઈ ગયો છે.

સજ્જનો રાજકારણમાં જાય તો જ તેનો ઉકેલ આવી શકે. આજે સ્ત્રીઓના અપહરણ થાય છે. તે નવી વાત નથી, પણ આજના જમાનામાં કોઈ જટાયું નથી રહ્યા તે આજનું મોટું પાપ છે. ભારત ગરીબ છે છતાં ટીવી, વીડીયો ફિલ્મ અને ક્રિકેટ મેચ (રમવામાં નહિ સાંભળવામાં) પાછળ કલાકોના કલાકો બરબાદ થઈ રહ્યા છે.

ગર્ભપાત અંગે તીવ્ર કટાક્ષ કરતા સ્વામીજીએ એક કિસ્સો ટાંક્યો હતો એક સાધુને પુછ્યું કે ગીતામાં કહ્યું છે, કે અભ્યુત્થાનમ્ ધર્મસ્ય તદાત્માનમ્ સૃજામ્યહમ્' અધર્મ થાય ત્યારે ભગવાન જન્મ ધારણ કરે અત્યારે અધર્મ છે છતાં શ્રીકૃષ્ણ કેમ જન્મ ધારણ નથી કરતા મુનિશ્રીએ કહ્યું તેઓએ આનો એવો જવાબ આપ્યો કે શ્રીકૃષ્ણને સ્વપ્નમાં જ્યારે મેં આ પ્રશ્ન કર્યો ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે મે જન્મ તો ધારણ કરેલો પણ નવમાસ પુરા થાય તે પહેલા જ મારો ગર્ભપાત થઈ ગયો...!!!

બ્રહ્મચર્ય યાને સંયમપાલન પર અત્યંત ભાર મુકતા મુનિ મહારાજે જણાવ્યું કે બ્રહ્મચર્ય વગર યુવાન ભોગવિલાસ તરફ ઢળે છે અને વિલાસી પ્રજા કદી સંઘર્ષ કરી શકતી નથી બળવો કરી શકતી નથી કારણ કે બળવા માટે ક્રાંતી માટ જરૂરી શક્તિ તો તેઓ વિલાસજીવનમાં વેડફી નાખે છે. સીઉલમાંથી એક પણ ચંદ્રક લીધા વિના બધા ધોયેલા મૂળાની જેમ પાછા આવ્યા યુવાની નબળી પડી છે. કારણ આ દેશમાં બ્રહ્મચર્યને સ્થાને વીડીયો ટી.વી ફિલ્મ ક્રિકેટની વિલાસીતાએ સ્થાન લીધું છે. રાત્રીની ફિલ્મો બળતામાં ઘી હોમવાનું કાર્ય કરે છે. સીતાએ લાખો લોકોની જાન બચાવવા પણ પોતાનો દેહ રાવણને ન સોંપ્યો કારણ કે જો તેઓ તેમ કરત તો બીજી યુવતીઓ તેનું અનુકરણ કરત. સ્ત્રી વિધવા થાય તેના કરતા કુલટા થાય તે વધુ ખરાબ છે.

આજના યુગની ચાર સમસ્યા પ્રદુષણ ગરીબી યુદ્ધ અને સંબંધ વિચ્છેદ કે છુટાછેડા ને હલ કરવા માણસે પ્રેમ વિકસાવવો જોઈએ. નાનપણમાં દેડકા ચીરતો બાળક તેના નાજુક હાથને પણ તોડી નાખે છે. ધ્યેય નક્કી કરવા અને સમાજ સુધારણાની શરૂઆત પોતાનાથી કરવા સ્વામીજીએ અંતમાં જણાવેલ.

આ પ્રવચનની ધ્યાનાકર્ષક બાબત એ હતી કે તેમાં માઈક કે પંખાઓનો ઉપયોગ નહોતો કરાયો. મહારાજ સાહેબે ગાદી નહિ, ચાટ પર બેસી પ્રવચન આપ્યું જે તેમની તપશ્ચર્યા પ્રત્યેનો ખરો પ્રેમ દર્શાવતા હતા. આ પ્રસંગે અન્ય સંતો સાધ્વીઓ પણ ઉપસ્થિત હતા તેમજ વજુભાઈવાળા વસંતભાઈ ખોકાણી સહિત ચેમ્બર ઓફ કોમર્સ બેંક મેનેજર એસો.ઇન્ડીયન મેડીકલ એસો.આર્કીટેકટ મેટરર્સ ચાર્ટર્ડ એકાઉન્ટ એસો. જેવા શહેરના અગ્રગણ્ય નાગરીકોથી સભાગૃહ ચિક્કાર ભરાઈ ગયો હતો. મહારાજ સાહેબની તેજીલી પ્રેરક અને આધ્યાત્મિકસભર ભાષાથી શ્રોતાઓ મંત્રમુગ્ધ થયેલા જોઈ શકાતા હતા.

આજે સત્તા દુર્જનોના હાથમાં છે અને ઉપદેશ આપવો સજ્જનોના હાથમાં છે. આ સમીકરણ તોડવું પડશે. તે માટે 'ઇલેકશન' નહીં પણ 'સીલેકશન' કરવું પડશે.

સમાજની શારીરિક, માનસિક, સામાજિક તથા અધ્યાત્મિક તંદુરસ્તી જોખમાઈ ગઈ છે. શારીરિક રીતે સમાજને તંદુરસ્ત કરવાની જવાબદારી ડૉક્ટરની, માનસિક રીતે તંદુરસ્ત બનાવવાની જવાબદારી શિક્ષણ સંસ્થાઓની, સામાજિક રીતે તંદુરસ્તી આણવાની જવાબદારી રાજદ્વારી નેતાઓની અને આધ્યાત્મિક તંદુરસ્તી પુનઃ સ્થાપવાની જવાબદારી સાધુ-સંતોની છે.

સિકંદર પર એરિસ્ટોટલ, શિવાજી પર રામદાસ તથા કુમારપાળ પર હેમચંદ્રાચાર્ય જેવા સંતોની લગામ હતી. વર્તમાન રાજસત્તા પર આધ્યાત્મિક સંતની લગામ આવશ્યક છે.

પહેલાના કાળમાં સંસ્કારલક્ષી શિક્ષણ હતું પરંતુ અત્યારના સમયમાં ડિગ્રી લક્ષી શિક્ષણ છે.

વિશ્વને જોડી આપે તેનું નામ યુનિવર્સિટી કહેવાય છે. શિક્ષણનું અંતિમ લક્ષ્ય પાંડિત્ય નથી.

આ માટે ચુંટણી પદ્ધતિ નહિ પરંતુ પસંદગી પદ્ધતિ અપનાવવા સૂચવ્યું હતું.



"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"**વર્ષ-૩૭,અંક-૧૩/૧૪,તા.૧૦-૧૨-૧૯૮૮

## આપણે આત્માર્થી છીએ ? (લેખાંક-૧)

જીવ બે જાતના, આત્માર્થી અને દેહાર્થી, દેહાર્થી જીવો અપરંપાર, અને આત્માર્થી જીવો થોડા. દેહના અર્થીને લગન દેહનાં સુખ-સગવડ-સન્માનની, આત્માના અર્થીને લગન આત્માનાં હિતની, જેની લગન હોય એની ચિંતા થાય એ સહજ છે. તેથી દેહાર્થી રાતદિવસ દેહને અને ઇંદ્રિયોને કેમ સુખ મળે, અનુકૂળતા મળે, માન મળે, આદર-સત્કાર મળે, એ જ જોતો હોય છે, એની જ ચિંતા કર્યા કરે છે, ત્યારે આત્માર્થી જીવને આ જ ચિંતા રહ્યા કરે છે કે, 'પોતાના આત્માનું કેમ ન બગડે, આત્માનું હિત કેમ સધાય, કેમ પરલોક બગડી ન જાય. કેમ જીવનમાંથી પાપો દોષો અને દુર્ગુણો ઓછા થતા જાય, કેમ ત્યાગ તપ જિનભક્તિ સાધુસેવા ક્ષમા સમતા આદિ સુકૃત-સદ્ગુણો વધતા આવે. 'આત્માર્થીને આ જ ચિંતા હોય.' આ પરથી માપ કાઢો કે પોતાનામાં દેહાર્થીપણું છે ? કે આત્માર્થીપણું ?

આત્માનું અસ્તિત્વ જ નહિ માનનારા નાસ્તિકને તો આત્માની આત્મહિતની કે પરલોકની શી પડી હોય ? એને તો દેહને એશઆરામી અને સ્વાગત-સન્માન કેમ મળે, એનાં સાધન કેમ મળે, ઇન્દ્રિયોને મનગમતું કેમ મળે, એની જ લગન એની જ ચિંતા અને એની જ કાળજી હોય છે. એને માત્ર આજ જીવનની ચિંતા છે, પરલોકની નહિ. હવે જાતને આસ્તિક માનનાર પણ જો આ સ્થિતિમાં જ હોય, જો દેહ-ઇન્દ્રિયોનાં જ તર્પણ કેમ થાય, એનાં જ સુખનાં સાધન-સામગ્રી-સગવડ કેમ મળે, એની જ ચિંતા કર્યા કરતો હોય, પરલોકનો વિચાર જ ન હોય તો એ આસ્તિક શાનો ? એનામાં આસ્તિકતા શી ?

અરે ! સંસારના વિષયસુખો અને માન-મર્તબા કેમ મળે એની ચિંતાવાળા અભવી દુર્ભવી જીવો પણ કયારેક કોઈ દેવતા, કોઈનાં પૂર્વજન્મનાં સ્મરણ વગેરે જોઈને પોતાનાં આત્માની એ ચિંતાવાળા બને છે કે 'હું કેમ પરલોકમાં દેવ-દેવેન્દ્ર-ચક્રવર્તીની પદવી પામું.' અને એ ચિંતામાં અહીંના સુખ છોડી તપસ્યા ચારિત્ર વગેરેની એ કડક સાધના પણ કરે છે, એટલા અર્થમાં એ આસ્તિક યાને આત્માનું અસ્તિત્વ માનનારો હોવા છતાં આત્માર્થી નથી, કેમ કે એને આત્માનાં હિતની પડી નથી, એને તો પરલોકમાં ય માત્ર દેહનાં વિષયસુખ અને દેહનાં સન્માન જોઈએ છે. તો પછી માત્ર આ જીવનને સંસારના સુખસન્માનાદિથી ભરવાની ચિંતાવાળો અને કહેવાતો આસ્તિક જીવ પણ શાનો આત્માર્થી ગણાય ?

જાત માટે આ જ વિચારવાનું છે કે 'હું આત્માર્થી છું ? જો આત્માર્થી છું, તો આત્માના કયા હિતને ચાહું છું ? કયા હિતની ચિંતા કાળજી કરું છું ? એ માટે

શી સાધના, શો પ્રયત્ન કરું છું ?'

સમજવાનું છે કે આત્માનું પહેલા નંબરનું હિત આત્માને આ ભવભ્રમણની ચુંગાલમાંથી છોડાવી ભવમુક્તિ કરવાનું છે; અને બીજા નંબરનું હિત એ ભવમુક્તિને સાધી આપનારી વિષયકષાયથી મુક્તિ છે. 'જ્યાં સુધી વિષય-કષાયનાં બંધન છે ત્યાં સુધી જીવનો મોક્ષ નથી, કિંતુ સંસારમાં જકડામણ છે. એટલે તો અનંતાનંત જીવો વિષય-કષાયની જકડામણમાં ભવમાં કેદ પૂરાયા રહે છે, ભવમાં પારાવાર જન્મ-મરણ કર્યા કરે છે. વિષય-કષાયનાં બંધન ન હોય તો જીવને ભવમાં ભ્રમણ શાનાં ?

માટે આત્માનું પાયાનું હિત અહીંથી શરૂ થાય છે કે એને આ વિષય-કષાયનાં બંધન પ્રત્યે નફરત ઊભી થાય, વૈરાગ્ય-વૈમનસ્ય-વિરોધ રહ્યા કરે. વિષય-કષાયના એકદમ ત્યાગ કરવાની શક્તિ-સામર્થ્ય-વીર્યોલ્લાસ ન હોય એનું એને ભારે દુઃખ હોય. એથી જ ઇન્દ્રિયોના વિષયો શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ તથા એના આધારભૂત કે સાધનભૂત પૈસાટકા-માલમિલકત કુટુંબ-પરિવાર વગેરે બધું જ અકારું લાગે, ઝેરરૂપ આગરૂપ બેડીરૂપ લાગ્યા કરે. એવું જ કષાયો અંગે થાય, ક્રોધ-માન-માયા-લોભ ઈર્ષ્યા-મદ-માયાકાંક્ષા અને અનેક જાતની દુન્યવી એષણાઓ, તથા રતિ-અરતિ (હર્ષ-ઉદ્વેગ) ભય શોક કામ કંદર્પ વગેરે બધું ય અકારું લાગ્યા કરે, આગ-વિષ-બેડીરૂપ લાગ્યા કરે, આ વિષયો અને કષાયોમાં આત્માની વિટંબણા દેખાય. વેઠ, મશ્કરી અને નાલેશી લાગે. એથી એ એનાથી વિરક્ત રહે.

આત્મહિત શેમાં ? મોક્ષમાં અને મોક્ષના હેતુભૂત ધર્મમાં આત્મહિત છે. એ ધર્મના પાયામાં આ વિષયવૈરાગ્ય અને કષાયવૈરાગ્યની જરૂર છે. આત્માર્થીપણું પહેલાં નંબરમાં આ માગે છે. એ વિના શી રીતે માની શકીએ કે આપણે આત્માર્થી છીએ ? પાયામાં એટલે કે મૂળમાં જો આ વિષય-કષાયનો વૈરાગ્ય જ નથી, એના પ્રત્યે નફરત-વૈમનસ્ય-વિરોધ જ નથી, પછી દાનાદિ ધર્મ પણ એને તારણહાર કયાંથી બની શકે ? અને જો એ મૂળમાં છે તો પછી દાનાદિ ધર્મરૂપ આત્મહિતને જ કેમ ન ઝંખે ? કેમ એને વહાલા ને મુખ્ય ન કરે ?

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૩૭,અંક-૧૫,તા.૧૭-૧૨-૧૯૮૮

## આપણે આત્માર્થી છીએ ? : સંયમનાં સૌંદર્ય : બ્રહ્મચર્યની ટાઢક

(લેખાંક-૨)

ગયા લેખમાં એ જોયું કે આત્માર્થી જીવને આત્મહિતની તમન્ના હોય, અને પાયારૂપ આત્મહિતમાં વિષય-કષાયનાં કારમાં બંધન પ્રત્યે વૈરાગ્ય-વૈમનસ્ય-વિરોધ



હોય. હવે એ જોવું છે કે આમાંથી આત્મામાં સંયમનાં સૌંદર્ય અને બ્રહ્મચર્યની ટાઢક કેવી રીતે જન્મે ?

આત્માને જો વિષયોનાં આકર્ષણ અને કામ-ક્રોધાદિ કષાયના વિકારો એ વિટંબણારૂપ તથા વેઠ-નાલેશી અને બેડીરૂપ લાગે છે, તો એ વિષય-કષાયની ખણજો ભારે રોગરૂપ લાગીને અકળાવતી હોય. મનને એમ થાય કે,-

'અરે ! આ સારું નાટક જોઉં, આ સારું સંગીત કે સન્માન-પ્રશંસાના શબ્દ સાંભળું, એ સારા લાગે છે, આ આંબાનો રસ સારો લાગે છે,' વગેરે વગેરે, તકો તો એ તો ખરજવાની ખણજોની જેમ ઇંદ્રિયોની ખણજો છે. હું એને ક્યાં સુધી પોષીશ ? એમ કામ-ક્રોધ-લોભ, મદ-માયા-માનાકાંક્ષા તથા અનેકાનેક પ્રકારની દુન્યવી એષણાઓ જાગે, એ કષાયની માનસિક ખણજો છે. ખરજવાની ખણજની જેમ એને હું ક્યાં સુધી પોષ્યા કરીશ ? શું એ ખણજોની ચળ ઉતારવા માટે એ વિષય-કષાયનાં સેવન કરી લઈ સુખ-ગર્વ-તોષ માની લીધાં, તો શું પછી એ ખણજો શાંત પડી ગઈ ? એની વિટંબણામાંથી છુટકારો મળી ગયો ? ના, રોજ નવી પ્રભાતે નવી ખણજો ઊભી થઈ જ જાય છે, અને મૂર્ખ જીવ એને તોષવા-પોષવા દોડધામ કર્યા જ કરે છે ! આકુળ વ્યાકુળ બન્યો રહે છે, ફાંફા મારે છે, અને એ બધી લપમાં આત્માનું હિત સાધવાનું બાજુ મૂકે છે ! આત્માનાં સૌંદર્ય અને બ્રહ્મચર્યાદિની ઠંડક અનુભવવા તરફ દૃષ્ટિ જ નથી જતી. તો લાવ, હવે તો આ ખણજો-વિકારો-રોગોથી બચવા દે, આ વિષયોનાં આકર્ષણ ને કષાયોના વિકારોને પડતા મૂકવા દે.' આત્માર્થી જીવને આ લગન હોય.

શું આત્મા આ આકર્ષણની ખણજો, અને વિષયોના વિકારો પોષવામાં અસુંદર બને છે ? ગરમ ઊકળતો બને છે ? હા, અવશ્ય, કોઈનો કે પોતાના બંગલો સ્ત્રી વગેરે જોવાની ઉત્કંઠા કરી, ને એને પોષવા આંખ લગાવી ત્યાં જીવ એ પહેલાં જે સારા સદ્વિચાર કરતો હશે, મંદિરમાં વીતરાગ પરમાત્માને જોતો હશે, તે વખતે એ જે સારો ડાહ્યો સુંદર હતો, તે હવે આ ખણજ ઊઠાડવા-પોષવામાં અસ્વસ્થ પાગલ અને અસુંદર જ બન્યો કહેવાય. એમ સાદું ભોજન જમતાં સ્વસ્થ હતો તે હવે મીઠાઈ લેતાં-ખાતાં અંદરમાં મન કૂદાકૂદ અસ્વસ્થ અને પાગલ-શું બંને છે, જીવની આ અસુંદરતા જ છે. એવી રીતે દિલમાં જ્યાં સુધી ક્ષમા હતી, નમ્રતા-લઘુતા હતી, રાગ-લોભ-તૃષ્ણા ભભૂકતી નહોતી, ત્યાં સુધી જીવ શાણો-સ્વસ્થ-સુંદર હતો. પરંતુ જ્યાં કામ-ક્રોધ-અભિમાન, લોભ-રાગાદિના વિકાર જાગ્યા ત્યાં જીવની સુંદરતા ગઈ, સ્વસ્થતા ગઈ.

ત્યારે, કામના વિકારમાં જીવમાં ઠંડક શાની ? ઠંડક-શાંતિ તો, જ્યાં સુધી મનમાં એનો વિચાર જ નથી ત્યાં સુધી જ રહે છે. બાકી, રાગથી કામનો જો

વિચાર જાગતાં તપારો ઊભો થાય છે, ઉકળાટ જાગે છે, તો પછી વિકાર જાગતાં તો પૂછવાનું જ શું ?

અહીં 'કામનો રાગથી વિચાર' એટલે કામની વસ્તુ પર મન લઈ જવું તે. દા.ત. સ્ત્રીનાં રૂપ ઉપર, યા એના અંગોપાંગ પર, કે એના કોમળ શબ્દ યા મોહક વર્તાવ કે સ્વભાવ ઉપર રાગથી મન લઈ જવાય, એ મન લઈ જતાં દિલમાં ઝીણી પણ ઝણઝણાટી ઊભી થાય, વિહ્વળતા ઊભી થાય, એ કામનો વિકાર છે.

ધ્યાનમાં રાખવાનું છે કે કામની વસ્તુનો વિચાર કેટલીક વાર રાગ વિના સહેજે થતો દેખાય, પરંતુ જીવને એનું અનંત અનંત કાળનું આકર્ષણ એવું છે કે એમાંથી રાગ જાગતાં વાર નથી લાગતી, અને એ રાગમાંથી વિકાર પ્રગટતાં ય વિલંબ થતો નથી. માટે મૂળમાં એનો વિચાર જ ખોટો !

કામની વસ્તુના રૂપ જોવાની, શબ્દ સાંભળવાની કે એના સ્વભાવ વર્તાવ પર મન લઈ જવાની જિજ્ઞાસાને જ દબાવી દેવી જોઈએ. કદાચ આંખ-કાન-મન સામે એ આવી ગયા, તો તરત મનને ખેંચી લઈ બીજા નવકાર વગેરે શુભ વિષયમાં મનને લગાવી દેવું જોઈએ. ઇંદ્રિયોના બીજા વિષયો પર જ્યાં મન જાય કે તરત આ જ પ્રયોગ કે મનને શુભમાં જોડી દેવું. પછી આગળ વિકારમાં પડવાની વાત નહિ રહે.

એવી જીજ્ઞાસા, એવો વિચાર અને પછી થતા વિકારને રોકવા માટે ડગલે ને પગલે સાવધાની જોઈએ કે 'મારે આ ઇન્દ્રિયવિષયની જિજ્ઞાસા-આકર્ષણ જેટલી પણ ખણજ શા માટે પોષવી-કરવી ? એમ અંદરમાં એની ઝણઝણાટી વિહ્વળતાના વિકાર પણ શા સારુ પોષવા-કરવા ? જીવે અનંતા કાળ આ ખણજો અને વિકાસ જગાવી કરીને આત્મબીમારી જ ઊભી કરી છે, દુઃખ જ નોતર્યા છે; આત્મહિત અટકાવ્યા છે. હવે બસ થયું, મારે આ મૂળમાં વિષયાકર્ષણની ખણજ જડ ન જોઈએ, તેમ વિષયો પ્રત્યેની મનની વિહ્વળતા ઝણઝણાટીના વિકાર પણ ન જોઈએ.'

આમ એને અટકાવાય તો ઇંદ્રિય-મન પર સંયમનું સૌંદર્ય અને બ્રહ્મચર્યની ટાઢક ઠંડક સુલભ બને. મૂળ મંત્ર આ,- કે 'મારે આ ખણજ વિકાર શા માટે જોઈએ ? ક્યાં સુધી હવે ખણજ જગાવ્યા-પોષ્યા કરવાની ? વિષયોના સંપર્કથી ખણજો કદી શાંત થવાની નથી.'

## માંસાહારની ભયંકરતા

**(પ્રવક્તા -પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજય મહારાજ)**

અનંત કલ્યાણને કરનારા પરમ કૃપાળુ જિનેશ્વર દેવાધિદેવના શાસનને પામેલા આપણે સહુ યુવા શિબિરના આયોજન હેઠળ પ્રતિ રવિવારે ભેગા મળીએ છીએ.



જીવન ઉત્થાન માટે કંઈક કરી છૂટવા મથીએ છીએ.

ગત રવિવારે માનવ જીવનને ભ્રષ્ટ કરી નાખતાં "શરાબ"ને આપણે સારી રીતે ઓળખ્યો હતો. આજે આપણે 'માંસાહાર' પર વિચાર કરવાનો છે. શરાબ પછી પેટને પાયમાલ કરનારું પાપ છે, માંસાહાર.

માનવીના આંખ અને હાથ જેમ સાફ હોવા જોઈએ તેમ પેટ પણ સાફ હોવું જોઈએ. હીરાના પેટમાં જો નાટસ અને જિસ્મ નામના બે દોષો હોય તો હીરો નકામો ગણાય છે તેમ આ માનવીય કાયા જો શરાબ અને માંસથી અભડાઈ હોય તો આ સોહામણા ભવની પણ કોઈ કિંમત નથી રહેતી. હા જો પાપનું પ્રાયશ્ચિત્ત કરીને માનવ એ પાપથી પાછો હટી જતો હોય, તો તો ભયો ભયો.

ખરું કહું તો આ વિષયોના પ્રવચનો, તે તો દૂર રહો પણ શરાબ અને માંસાહારના નામો બોલવા પણ અમને પસંદ નથી. આ વિષયની વાતો અમને જરા પણ ગમતી નથી. પણ વર્તમાન સમયમાં પરિસ્થિતિ એવી ભયંકર સર્જાઈ છે કે હવે આ વિષયો પર અમારે બોલ્યા વિના ચાલે તેમ પણ નથી.

માત્ર એકલા મુંબઈમાં જ શરાબની ૧૪ લાખ બાટલીઓ પીવાતી હોય અને રોજના એક હજાર ઘેટાં બકરાંનું માંસ મુંબઈની બજારોમાં વેચાતું હોય અને રોજના દશ લાખ ઈંડા ખવાતા હોય ત્યારે અમે પણ ચોંકી ઊઠ્યા છીએ.

સરકારે આ દેશમાં માંસાહાર ફેલાવી દેવાનો નિર્ણય લીધો છે. એટલા જ માટે મત્સ્યોદ્યોગોને પોલ્ટ્રી ફાર્મોને સરકાર મોટી મોટી સબસીડી અને લોન સુદ્ધાં આપી રહી છે. થોડાક વર્ષો પૂર્વે તો મહારાષ્ટ્ર સરકારે સરકારી સ્કૂલોમાં પોષણના નામે બાળકોને 'ઈંડા' આપવાની જાહેરાત કરેલી પણ પ્રચંડ વિરોધ થવાથી તે યોજના સરકારે પડતી મૂકવી પડી હતી.

એ યોજના પડતી મૂકવા છતાં દેશને બરબાદ કરી નાખનારી બીજી અનેક યોજનાઓ અમલમાં મૂકાઈ ચૂકી છે. આ દેશમાં આજે કતલખાનાવાળાને સબસીડી મળી શકે છે પણ કોઈ ગોરક્ષા પાંજરાપોળવાળા સબસીડી લેવા જાય તો ધોયા મોંઢે પાછા ફરવું પડે છે.

જે સમયમાં માંસાહારના પ્રચારને રાજ્યાશ્રય મળ્યો છે, હજારો પોલ્ટ્રીફાર્મો ઠેર ઠેર ઊભા થઈ ચૂક્યા છે, અનેક કતલખાનાં લાખો પશુઓની કતલ કરી રહ્યા છે, અને ઉઘાડે છોગ ભર્યા બજાર વચ્ચે જ્યારે માંસના લબરાક લટકવા માંડ્યા છે ત્યારે હવે અમારાથી પણ મૌન રહેવાય તેમ નથી.

પરિસ્થિતિ તો એટલી હદે વણસી ગઈ છે કે કોક મેગેઝીનવાળાએ ગોરેગામની દક્ષા નામની જૈન કન્યાના નામ સાથે નોંધ્યું હતું કે 'દક્ષા જૈન છે. ચાર વર્ષ પૂર્વ એણે અઠ્ઠાઈનો તપ કર્યો હતો પણ પાછળથી તે મુસલમાનના પ્રેમમાં પડી અને

માંસાહાર કરવા લાગી. ઈંડા માછલી તો ઠીક પણ લોબ્સ્ટર અને ખેખડા ખાવા લાગી છે. કેટલીક જૈન કન્યાઓ ક્રિશ્ચનને પરણવા માટે કૂકીંગ કલાસમાં જઈને માંસની વેરાયટીઝ બનાવતાં શીખી રહી છે. આવા રીપોર્ટ વાંચતાં અમારા રૂંવાડે રૂંવાડે આગ ચંપાય છે.'

ક્યાં પ્રભુ મહાવીરનો અહિંસાનો માર્ગ અને ક્યાં આજના ચગી ગયેલા આ જૈનો !

અમારે ત્યાં તો ગામડાંઓમાં 'જીવાતઘર' રહેતું હતું. અનાજ સાફ કરતાં નીકળતી જીવાતને એક ડબ્બીમાં સાચવી રાખવામાં આવતી. સાંજ પડે એક માણસ માટલું લઈને આવતો સાચવી રાખેલી જીવાતોને તે માટલામાં નાખી દેવામાં આવતી પછી તે માટલું 'જીવાતઘર' માં મૂકી દેવાતું. જ્યાં જીવાત પોતાનું આયુષ્ય સુખેથી પૂર્ણ કરતી.

આવા દયાના સંસ્કારો પર આજે પાણી ફરી વળ્યું છે. આજે તો 'માર માર' સિવાય બીજી વાત જ ક્યાં છે. ટીક ટવેન્ટી, બેગોન ગેમેક્ષીન આદિ હજારો જંતુનાશક દવાઓ ઘરઘરમાં ગોઠવાઈ ગઈ છે. માણસ બધાને મારતાં શીખી ગયો છે. ઉંદર, માંકડ, ચાંચડ, જુ, મચ્છર, વાંદા, કૂતરાથી માંડીને છેક ગર્ભમાં આવેલા બાળકને મારી નાખવા સુધી માણસ પહોંચી ગયો છે.

માંસાહાર નામના પાપનો પગ પેસારો સૌ પ્રથમ ઈંડા, આમલેટ દ્વારા થાય છે. માણસ સીધેસીધો માંસ ખાવા નથી મંડી પડતો. એના પેટમાં પહેલાં આસ્તેક રહીને ઈંડું પ્રવેશ કરે છે. ઈંડું આમલેટના રૂપમાં, કર્માના રૂપમાં કે ચાટના રૂપમાં એવું સજીધજીને આવે છે કે ભલભલાની જીભમાં પાણી છુટ્યા વિના ન રહે.

મુંબઈમાં એક યુવાન મારી પાસે આવેલો. પર્યુષણના પ્રથમ દિવસનું **'અમારી પ્રવર્તનનું પ્રવચન'** સાંભળ્યા બાદ તેને પ્રાયશ્ચિત્ત કરવાનું મન થયું હતું. એ આવ્યો તો ખરો પણ બોલી ન શક્યો. રડવા જ લાગ્યો. મેં એને કહ્યું કે તું બોલી નહિ શકે કાગળમાં લખીને લાવજે. બપોરે એ લખીને લાવ્યો. એમાં સ્પષ્ટ એકરાર હતો, 'ગુરુદેવ ! મેં ગત વર્ષે આઠ ઈંડા ખાધા છે. મારું પેટ મેં અભડાવ્યું છે. એ પાપ મને આજે ડંખે છે. આપ પ્રાયશ્ચિત્ત આપીને મને બચાવી લો.'

આવા એક નહીં પણ અનેક કિસ્સાઓ આજે બની રહ્યા છે. અમારા એક સાધુ ગોચરી ગયેલા. દૂધની તપેલી બહાર કાઢવા માટે બહેને જ્યારે ફ્રીઝ ઉઘાડ્યું ત્યારે એ દૂધની તપેલીની બાજુમાં એક બાસ્કેટમાં ઈંડા પણ પડેલા હતા. ગોચરી વહોર્યા વિના સાધુ ત્યાંથી પાછા ચાલ્યા આવ્યા. માંસાહાર કેટલો વ્યાપક બની રહ્યો છે તેનો આ ઉઘાડો દાખલો છે.

કાઠીયાવાડના એક શહેરમાં જ્યાં એક પણ ઈંડાની લારી ન હતી ત્યાં છેલ્લે



બે વર્ષમાં ૧૦ લારી ગોઠવાઈ ગઈ છે. કેટલાક શાકાહારીઓ શરમના માર્યા લારી પર ઊભા રહીને ઈંડા ખાઈ શકતા ન હતા તેમના માટે લારીવાળાએ કંતાનના પડદાની વ્યવસ્થા રાખી છે. જેની પાછળ બેસીને સંતાઈને ઈંડા આરામથી ખાઈ શક્યા છે.

'મુંબઈ અમદાવાદના રોડ પર જૈન પાંવભાજી, જૈન આઈસ્ક્રીમ, જૈન પીઝા વગેરે નામો તો ઘણી લારીઓ પર જોવા મળે છે. પરંતુ હવે તો કામ આગળ વધી ગયું છે. "જૈન આમલેટ" પણ શરૂ થઈ ગઈ છે. જે આમલેટમાં કાંદો નથી હોતો પણ ઈંડુ ચોક્કસ હોય છે. જૈનોને ઠગવા માટેની આ જાહેરાત શું વાજબી છે ? મરઘીના પેટમાંથી જન્મેલા ઈંડામાંથી બનતી આમલેટ કદાપિ 'જૈન આમલેટ' હોઈ જ ન શકે. પણ આજે જ્યાં લાલચુઓ, આહાર સંજ્ઞાના લંપટો અને ખાઉધરાઓ ઉભરાતા હોય ત્યાં આવી બોગસ જાહેરાતો બજાર જમાવી જતી હોય છે.

જાહેરાતને જ સાક્ષાત્ સત્યવાદીની દેવી માનીને ચાલનારા મૂર્ખાઓના કારણે આજે મુંબઈમાં રોજના દશ લાખ ઈંડા વેચાઈ રહ્યા છે.

ગુજરાતી ઘરોમાં ધીરે ધીરે સવારના નાસ્તામાં નોનવેજ ઘૂસવા મંડ્યું છે. ટોસ્ટ, બિસ્કિટ અને બ્રેડ સાથે હવે આમલેટની પધરામણી પણ થઈ ચૂકી છે.

યાદ રાખજો, કેન્સર, હાર્ટ એટેક, કીડની, કોલેસ્ટરોલ, આંતરડાની બીમારી, ખરજવું, ધાધર વગેરે અસાધ્ય રોગો ઈંડાના આહારથી ઉત્પન્ન થાય છે.' એવી વાતો સારામાં સારા ગણાતા ડૉક્ટરોના અભિપ્રાયથી જાણવા મળી છે.

આજે થઈ રહેલ ઈંડાનો જુઠ્ઠો પ્રચાર જાણીને અમે હબક ખાઈ ગયા છીએ. અમને ડર લાગ્યો છે કે આ લોભામણી જાહેરાતોમાં અમારા જૈનો તો નહિ અટવાઈ જાય ને !

ઈંડાની જાહેરાતોવાળા દૈનિક પત્રો અને મેગેઝીનો તમારા ઘરમાં આવે છે. બધા વાંચે છે. વધુમાં રેડીઓ અને ટી.વી. પર પણ જાહેરાત શરૂ થઈ છે. ટી.વી. પર માત્ર ચૌદ સેકંડની જાહેરાત માટે પ્રચારકો રૂપીયા ચાલીશ હજાર ચૂકવે છે.

હું એક ગામડાના ઉપાશ્રયમાં બેઠો હતો. પાછળની બારીએ નાના છોકરાં રમતાં હતાં. તેમના મોઢે ગવાતા એક ગીતની પંક્તીઓ મારા કાને પડી.

'મેરી જાન મેરી જાન મુર્ગી કે અંડે
ફ્રાયડ ખીલાઉં ? બોઈલ્ડ ખીલાઉં ?
યા આમલેટ ખીલાઉં ?
ખીલાઉં મુર્ગી કે અંડે હી અંડે'

ગીત પૂર્ણ થતાં એક ટાબરીયો જોરથી બોલ્યો "ફેન્ટાસ્ટીક."

ગામડાની ધરતી પર ગવાતા આ ગીતે મને ઊંચો નીચો કરી મૂક્યો. હું રહી ન શક્યો. સારા ઘરનાં છોકરાઓના મોંઢે આ હું શું સાંભળી રહ્યો છું ? મને એ ન સમજાયું કે આ બાળકોને આવું ગાતાં કોણે શીખવાડ્યું. મેં એક જણને બોલાવીને પૂછ્યું ત્યારે ખબર પડી કે આ તો વિવિધ ભારતી પર અને ટીવી પર આવી જાહેરાત આવે છે. મેં પૂછ્યું તમે ઈંડા ખાવ ખરા ? એ બાળકો કહે કે એવા ઈંડા અહીં મળતા નથી.

બાળકોના કૂણા માઈંડ પર આ કેવું ઘોર આક્રમણ છે. તમારા બાળકો તો રોજ ટી.વી. જુએ છે. એમના સંસ્કારની તમને કાંઈ ફિકર છે ખરી ?

જ્યારથી ઘરમાં તમે ટી.વી. લાવ્યા ત્યારથી અમે વિરોધ કરતા આવ્યા છીએ. પણ તમે ક્યાં કોઈને ગાંઠો તેમ છો. અમે ના ના કરતા રહ્યા અને તમે ઘરમાં ટી.વી. ઘાલી દીધું. હવે એ ટી.વી.ના પગલે ઈંડા, આમલેટ અને ચીકન ન ચાલ્યા આવે તો સારું.

તમે સાવધાન બનો. ઘર સંભાળો, બાળકોના સંસ્કાર પ્રત્યે ધ્યાન આપો. તમે જાગતા રહેશો તો જ બચી શકાશે. હિન્દુસ્તાનની પોલીસ કે સરકાર હવે તમને બચાવી શકે તેમ નથી. સરકારે તો બધાને માંસાહારી બનાવી નાખવાની નેમ લીધી છે. આજે વરસે દાડે હિન્દુસ્તાનમાં પંદર અબજ ઈંડા વેચાય છે. સરકારની નેમ વીસ અબજ સુધી પહોંચી જવાની છે. પોલ્ટ્રીફાર્મવાળાને સબસીડી આપવામાં આવે છે. ઘણા બધા ફિલ્મ સ્ટારોએ પોતાની મૂડીનું રોકાણ પોલ્ટ્રીફાર્મમાં કર્યું છે. ઘણા કણબી અને પટેલ ખેતીવાડી છોડી દઈને મરઘાં ઉછેર કેન્દ્રની ધીકતી કમાણી કરી લેવાના કામે લાગી ગયા છે. સુરત, વડોદરા, પાલનપુર, જુનાગઢ, રાજકોટ વગેરે સ્થળોએ જંગી પોલ્ટ્રીફાર્મો ઊભા થયા છે. આ લોકોએ પોતાના માલનું વેચાણ વધારવા માટે જુદા જુદા શહેરોમાં ફરીને એક જ દિવસમાં બે લાખ ઈંડા મફતમાં વહેંચ્યા હતા.

આ પોલ્ટ્રીવાળાઓ મરઘીઓ પર કેવો જુલ્મ ગુજારે છે એ જાણો છો ? મરઘીની પાંખો, ચાંચો કાપી નાખવામાં આવે છે. સતત લાઈટોની વચ્ચે રાખીને તેને કૃત્રિમ રીતે ગર્ભવાળી બનાવવામાં આવે છે. ઈંડા આપતી બંધ થાય ત્યારે તેને બાફીને ખાઈ જવાના ઉપયોગમાં લેવાય છે.

મલેશીયાના પોલ્ટ્રીફાર્મમાં એક સમયે ત્રીસ લાખ બચ્ચા જન્મેલાં. આ બચ્ચાં મોટાં થાય અને મરઘી બનીને ભાવ તૂટી ગયા વિના રહે નહિ. ઈંડાનું માર્કેટ ટકાવી રાખવા માટે એ તાજા જન્મેલા ત્રીસ લાખ બચ્ચાંને પેટ્રોલ છાંટીને સળગાવી માર્યાં. જ્યાં આવા ઘોર પાપો ચાલી રહ્યાં હોય ત્યાં દુકાળો ન પડે તો બીજું પડે પણ શું ?



પેકેટમાં માંસ પેક કરીને પરદેશ એક્ષપોર્ટ કરતી એશીયાની સૌથી મોટી ફેકટરીઓ ભારતમાં છે. આ કેવી ભયાનક કમનસીબી કહેવાય. સ્વામી વિવેકાનંદ જેવા આ દેશની ધરતી પર પેદા થઈને પરદેશમાં શાકાહારનો મહિમા ગાઈ આવ્યા હતા. તે જ દેશના માણસો આજે દુનિયાને સૌથી વધુ માંસ પૂરું પાડવાની હોશિયારી ધરાવે છે.

આ દેશમાં આજે શું ધંધા ચાલે છે તેની તમને શી વાત કરું ? હમણાં હમણાં અર્થ વોર્મ બોક્ષ નીકળ્યા છે. ચાની ખાલી પેટીમાં માટી ભરીને રાખવામાં આવે એ પેટીમાં તમારે ઘરનો બધો કચરો નાખવાનો. એઠવાડનું પાણી એમાં નાખવાનું એટલે એ માટીમાં અળસીયા ઉત્પન્ન થાય. એક હજારથી માંડી બાર હજાર જેટલા અળસીયા આ બોકસમાં વગર મહેનતે તૈયાર થઈ જાય. પછી આ અળસીયાને કરવાનું શું ? તો કહે કે તેલમાં તળીને સેવની જેમ આરોગી જવાના. આવા બોક્ષ બેકવર્ડ એરીયામાં પહોંચી ગયા છે.

મેંદામાં માંસ ભેળવીને બનાવાતી સેવ કોઈક બ્રાન્ડના નામે આજે ઘણા ઘરમાં પહોંચી ગઈ છે. બિસ્કિટ, ચોકલેટ, વગેરેમાં પણ ઈંડાના રસ અને માછલાના પાઉડર ભેળવાય છે.

તમે જરા શાંત ચિત્તે તમારા શરીરની રચના વિચારશો તો તમને સમજાશે કે 'માનવી' એ માંસ હારી નહિ પણ શાકાહારી પ્રાણી છે.

માંસાહારી પ્રાણીઓના નખ લાંબા નહોર જેવા હોય છે. દાંત પણ તીક્ષ્ણ અને દાંતા જેવા લાંબા હોય છે. શાકાહારી કબૂતરની ચાંચ અને માંસાહારી બગલાની ચાંચમાં ઘણો મોટો તફાવત છે. ગાયના દાંત અને વાઘના દાંત વચ્ચે જમીન આસમાનનો ફરક છે. માંસાહારી પ્રાણીઓને જીભ લાંબી હોય છે. તેમને પરસેવો થતો નથી. શાકાહારીના પેટનું આંતરડું ૩૦ ફૂટ લાંબુ હોય છે. અને એમાં એસીડ બહુ ઓછા પ્રમાણમાં હોય છે. માણસનાં આંતરડામાં માંસનો ટૂકડો જાય તો તેને પચાવી શકાય તેટલું એસીડ તેમાં હોતું નથી. જ્યારે માંસાહારી પ્રાણીનું આંતરડું ખૂબ નાનું હોવા છતાં તેમાં માનવ કરતાં દસ ગણું એસીડ પડ્યું હોય છે. આ એસીડના જથ્થામાં માંસનો ટૂકડો તો ઠીક પણ કદાચ હાડકું પહોંચી જાય તો પણ ઓગળી જાય.

માંસાહારી પ્રાણીઓના આંતરડામાં રહેલું આ એસીડ માંસને પચાવી નાખે અને તેમાંથી જ પોતાના શરીરનું માંસ પણ બનાવે છે. એસીડથી પચીને તૈયાર થતા માંસમાં પણ એસીડ ભરપૂર હોય છે. માટે માંસાહારી માણસો કયારેક માંસાહારી પ્રાણીનું માંસ ખાતા નથી. માંસાહારીઓ પણ માંસ તો શાકાહારી પ્રાણીનું જ ખાય છે. ગાય, ભેંસ, બળદ, ઘેટાં, બકરાં વધુ પ્રમાણમાં જે કપાય છે

તેનું પ્રધાન કારણ છે કે માંસ પણ શાકાહારી પ્રાણીનું જ વપરાય છે.

પણ હવે તો માણસ માણસ જ મટી ગયો છે. એ તો રાક્ષસ બન્યો છે. તાઈવાનમાં વાઘનું હૃદય ૩૫ ડોલરમાં વેચાય છે. નરપીશાચો થમ્સઅપની જેમ આ બાટલી ગટગટાવી જતા હોય છે.

'જે માણસની પૂર્વની સાત પેઢીમાં કોઈએ માંસ ન ખાધું હોય એવો માણસ માંસ ખાય તો તેને ૧૬૦ રોગો પેદા થાય છે,' એવી વાત વર્લ્ડ હેલ્થ ઓરગેનાઈઝેશને સંશોધન દ્વારા હેલ્થ મેગેઝીનમાં જાહેર કરી છે.

અમેરિકામાં માંસાહારના અને શાકાહાર લાભાલાભ જાણવા માટે જેલમાંથી ૩૦ ગુનેગારોને પસંદ કરીને પંદર પંદરના ગ્રુપને દૂધ, ફ્રૂટ અને શાકભાજીવાળો સંપૂર્ણ શાકાહાર આપવામાં આવતો. જ્યારે પંદરના બીજા ગ્રુપને ઈંડા અને માંસ વગેરે આપવામાં આવતું. શાકાહાર લેનારા પંદરનું ગ્રુપ એકદમ શાંત બની ગયું. બધી મારામારીઓ અને ફરિયાદો બંધ થઈ ગઈ. જ્યારે માંસાહારી ગ્રુપમાં તોફાનો વધી ગયા. એક બીજા પર હુમલાઓ કરવા લાગ્યા મારામારીઓ કરવા લાગ્યા.

આવા સંશોધનો બાદ આજે ત્યાં માંસાહારનો જબ્બર વિરોધ થઈ રહ્યો છે. લંડનમાં 'એન્ટી-મીટ' નામનું મેગેઝીન શરૂ થયું છે, અમેરિકામાં 'પ્રોબલેમ ઓફ મીટ' નામનું પુસ્તક છપાયું છે. બ્રિટનમાં ૧૫ લાખ માનવોએ માંસાહાર ત્યજી દીધો છે. ત્યાં વેજીટેરીયન સોસાયટીની સ્થાપના થઈ છે.

આ આર્યદેશમાં આપણે તો કોઈ સંશોધનો કરવાની જરૂર નથી. આપણે તો પરાપૂર્વથી માંસાહાર અનેક રીતે ત્યાજ્ય ગણાતો આવ્યો છે. હમણાંના આ ઝેરી પ્રચારના પવનમાં તમે ઝડપાઈ ન જાવ માટે અમારે તમારી સમક્ષ દેશ પરદેશની અનેક વાતો લાવીને મૂકવી પડે છે. છેલ્લે એટલું જણાવું કે કોઈ જીવને મારીને તેના નિસાસા લઈને તંદુરસ્તી બનાવી શકાતી નથી. ખૂબ સાવધાનીથી ચાલજો.

**જો પેટમાં ગયું ઈંડુ તો આરોગ્યમાં અને આરાધનામાં થઈ ગયું મીડું.**

## ચાલો ફોરેનમાં ફરીએ

- ન્યુયોર્કમાં હોટલનું ભોજન કરવાથી પ્રતિ વર્ષ ૫૦૦ માણસો રોગનો ભોગ બનીને મરણ પામે છે.
- અમેરીકામાં T.V. પર 'સિકસ્ટી-મિનિટ' નામના પ્રોગ્રામમાં હોટલનું ખાણું કેટલું ગંદુ છે તે દર્શાવાય છે.
- અમેરીકામાં 'ડીઝાઈર ડાયટ' નામનો એક લેખ કોક મેગેઝીનમાં પ્રગટ થયેલો. જેમાં કેવા રોગમાં કેવો આહાર લેવો તેની માહિતી હતી. જેની લાખો નકલો વેચાતી હતી.



- પરદેશીઓ હવે મોડે મોડે 'આહાર તેવો ઓડકાર' અન્ન તેવું મન' આ આયુર્વેદના સિદ્ધાંતોનો સ્વીકાર કરીને કહેવા લાગ્યા છે કે... YOU ARE WHAT YOU EAT તમારા ચારિત્રનો આધાર તમારા આહાર પર છે.
- અમેરીકાની જગ વિખ્યાત ટી.વી. સીરીયલ PAIENESTY ની અભિનેત્રી કોર્ટે આમારા સંપૂર્ણ શાકાહારી છે. નોનવેજને હાથ પણ લગાડતી નથી.
- 37 દેશોમાં જેની શાખા છે એવી 'BEAUTY WITHOUT CRUELTY' નામની સંસ્થા ઈંગ્લેન્ડના લેડી ડો. વડિંગે અઠ્ઠાવીસ વર્ષ પૂર્વે સ્થાપી છે.
- કેટલાક દેશોમાં સાયન્સના વર્ગમાં દેડકા ચિરવા ન પડે તે માટે કોમ્પ્યુટર-ગ્રાફી દ્વારા ડીરેકશન દર્શાવાય છે.
- અમેરીકા અને જર્મન જેવા દેશોમાં પ્રાણીઓને સુરક્ષા આપવાના હેતુથી 'એનિમલ લિબરેશન ફ્રેન્ટ' નામની સંસ્થાઓ સ્થપાઈ છે.
- લંડનમાં માંસાહાર છોડવાં માટે 'ANTY-MIG' નામનું મેગેઝીન તૈયાર થયું છે.
- અમેરીકામાં 'પ્રોબલેમ ઓફ મીટ' નામનું પુસ્તક પ્રગટ થયું છે, જે બેસ્ટ-સેલર બન્યું છે.
- બ્રિટનમાં વેજીટેરીયન સોસાયટીની સ્થાપના કરવામાં આવી છે. જે સંસ્થા દર વર્ષે 150 માણસોને વેજીટેરીયન બનાવે છે.

**"દિવ્ય-દર્શન" - "ધર્મ પ્રેરણા"** વર્ષ-૩૭,અંક-૨૯, તા.૧-૪-૧૯૮૮

## કાળજાએ રાજનગર પર ચડાવેલ કલંક : નિરાધાર બનેલ બાલુડાને સોનેરી ધર્મપ્રેરણા

(**તંત્રીનોંધ :-** અમદાવાદના મહાન સંગીતમય પૂજા નિષ્ણાત શ્રાદ્ધરત્ન શ્રી ચીનુભાઈ ચીમનલાલ શાહ (રાજા) અને એમના પાંચ કુટુંબીજનો અમદાવાદ નજીક બાવળા ગામે અકસ્માત મૃત્યુ પામ્યાના અતિ દુઃખદ સમાચાર મળ્યા છે. શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી પાછા ફરી રહેલા એમની ફીયાટ કારને ટ્રકનો અકસ્માત નડતાં એકી સાથે છ મહાન ભવ્યાત્માના કચડાઈ જવાનો આ ભયંકર બનાવ બન્યો છે. ચીનુભાઈ રાજાના નામે પ્રખ્યાત પામેલા આ મહાન શ્રાવકે વર્ષોથી ચતુરભાઈનો જૈનધર્મ આરાધક મંડળમાં રહી હજારો પૂજાઓ-ભાવનાઓ ભણાવી શ્રી જિનેન્દ્રભક્તિ કરેલી અને લોકોને પણ એમાં રસતબરોળ કરી લોકચાહના મેળવેલી. શાસનને છ-છ આરાધક શ્રાવક-શ્રાવિકાની ખોટ પડતાં સૌને અને સવિશેષ સ્નેહી સંબંધીઓને દુઃખ થાય એ સમજી શકાય છે પણ જન્મેલા તમામ માટે નૈસર્ગિક બનેલા મૃત્યુને કોણ રોકી શક્યું છે ? એમના કુટુંબીજનો પર સ્વ હસ્તે લખાયેલ પૂ. પાદ વર્ધમાનતપોનિધિ શાસનપ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો પત્ર, ભવ્યોને ખૂબ પ્રેરણા-સમાધિ આપી રહેશે એ આશા સહ અત્રે પ્રગટ કરીએ છીએ.)

**લિ. વિજય ભુવનભાનુસૂરિ,** **બેંગલોર વિહારમાંથી**

**દેવગુરુભક્ત ધર્મપ્રેમી સુશ્રાવકો** **ફા. સુ. ૧૪**

**રાજેન્દ્રકુમાર ને અભયકુમાર જોગ,**

આજે સુશ્રાવક ભરતભાઈના મળેલા પત્રથી તમારા પિતાશ્રી વગેરેને જીવનાન્તકરી ભયંકર અકસ્માત નડ્યાના સમાચાર જાણવા મળ્યા, તેથી દિલને ભારે આઘાત લાગ્યો. દૂર બેઠા અમને આમ થાય, તો તમારે તો દિલના ટુકડા જ થઇ જતા હોય; પરંતુ એક વસ્તુ ચોક્કસ સમજી રાખજો કે બની ગયેલી ભયંકર પણ ઘટના પર હવે શોક-રુદન-સંતાપ કરવાથી પરભવે ગયેલા પાછા આવવાના નથી, તેમ ગયેલાને આપણા શોકથી કશો લાભ થવાનો નથી. ઊલટું આપણા શોકથી એમને પાપ બંધાય છે; કેમકે એમને દુઃખદ મૃત્યુ વખતે એની ભયંકર પીડામાં બધું જ વોસિરાવવાનો કદાચ ખ્યાલ ન હોય એટલે આપણા પરની મમતાને પણ ન વોસિરાવી હોય તેથી આપણે શોક વગેરે પાપક્રિયા કરીએ એમાં એ પણ ભાગીદાર બને, અને તેથી એમને પાપ પહોંચે. આપણને જો એમના પર પ્રેમ છે, તો આપણાથી એમને પાપ પહોંચે એવા શોક-સંતાપ-રુદન કેમ કરાય ? એવું કરીએ તો એમના પર સાચો પ્રેમ ક્યાં રહ્યો ?

શાસ્ત્ર કહે છે 'જીવે જે જે જડ કે ચેતન વસ્તુ પરની પોતાની મમતા વોસિરાવી નહિ અને મર્યો, તો એને પાછળ છોડેલા એ જડ-ચેતનથી થતી પાપક્રિયાઓ લાગે છે માટે તમારે એમનો શોક કરવો યોગ્ય નથી. 'શોક નરકની છાપ' એમ જ્ઞાની કહે છે. મમ્મણ શેઠ અને બ્રહ્મદત્ત ચક્રી શોકમાં સાતમી નરકમાં ગયા.

બાકી સદ્ગત ચીનુભાઈ તો મહાન ધર્માત્મા હતા, એ જીવન જીતી ગયા, તેથી મૃત્યુ દ્વારા એ સારી ઊંચી ગતિમાં ગયા હોય, એટલે એમનું મૃત્યુ તો મહોત્સવરૂપ ગણાય એમ શાસ્ત્ર કહે છે. તો એ સારી જગાએ ટ્રાન્સફર થવા ઉપર શોક કરવાનો હોય ? તમને એમનો વિયોગ થયો માટે જો તમે શોક કરતા હોય, તો તે તો તમારી સ્વાર્થમાયા થઇ. તમારે તો હવે એમના જીવનના અનેક ધર્મકાર્યો અને સુકૃતોની અનુમોદના જ કરવાની હોય. આપણું મન એક જ છે, એ જો શોકમાં પડશે તો એમના સદ્ગુણો-સુકૃતોની અનુમોદના કમાવાની રહી જશે, એમના શોકને બદલે એમના સુકૃતોની અનુમોદના કરવાથી તમને પુણ્યનો લાભ થશે. શાસ્ત્ર કહે છે ''કરણ કરાવણ ને અનુમોદન સરીખા ફળ નીપજાયો'' સદ્ગતે સુકૃતો કરીને જે પુણ્યલાભ મેળવ્યો તે તમને અનુમોદનાથી મળે છે. માટે શોકની મૂર્ખાઈ



શા માટે કરવી ? દુનિયાના અજ્ઞાન મૂઢ માણસો આવા પ્રસંગે જે શોક કરે તે આપણે કરીએ ?

તમે કદાચ કહેશો, 'અમારે તો કુટુંબમાંથી એક નહિ, પરંતુ છ-છ જણ જાય, તો શું મનને ન લાગે ?' પરંતુ મહાનુભાવ ! અત્યારે સગર ચક્રવર્તીનો પ્રસંગ યાદ કરો. એના ૬૦,૦૦૦ પુત્રો અષ્ટાપદજીની યાત્રાએ ગયેલા એમાં એ ત્યાં મહાતીર્થની ભાવી રક્ષા અર્થે નહેર ખોદી એમાં ગંગાનું પાણી વહેતું કરવા ગયા એમાં દેવતાએ એમને સૌને એકી કલમે જીવતા બાળી નાખ્યા ! હા, સાથે ગયેલ લશ્કર પાછું આવ્યું પરંતુ ચક્રવર્તીને આ સમાચાર કહેવા એમની હિંમત નહોતી, તેથી દેવતાએ ગરીબ બ્રાહ્મણનું રૂપ કરી ખાંધ પર છોકરાનું મડદું લઇ ચક્રવર્તીની આગળ ધા નાખી કે 'તમે ચક્રવર્તી શાના ?' મારા છોકરાના પ્રાણ જમડો લઇ ગયો તેને જીતીને પ્રાણ પાછા લાવી આપો.'' એમ કરીને પોકેપોક રોવા માંડ્યું. ચક્રવર્તી કહે ''ભાઈ ! જમને ત્યાં આ ગણિત નથી કે કોને ક્યારે ઉપાડવા ? જેનું આયુષ્ય પૂરું થયું હોય એને એ ઉપાડે છે. ત્યાં શોક કરવો નકામો છે.'' એમ ચક્રવર્તી પાસે બોલાવે છે અને બીજી બાજુ ઈસારો કરે છે એટલે કાળા ઝબ્ભામાં લશ્કર દાખલ થયું. ચક્રવર્તી પૂછે 'આ શું ?' દેવતા એને સાઈઠ હજાર પુત્રોના મૃત્યુની વિગત કહે છે, ત્યાં ચક્રવર્તી શોકાકુલ થતાં દેવતા કહે છે. 'શાનો શોક કરો ? તમે જ હમણાં મને કહેલું જમરાજને ત્યાં ગણિત નથી કે કોને પહેલા ઉપાડવા ? ને કોને પછી ? એ તો આયુષ્ય પૂરું થયું એને એ ઉપાડે. માટે સમજો તમારા પુત્રોનું આયુષ્ય પૂરું થયું તેથી યમરાજે એમને ઉપાડ્યા એના પર શોક ન કરાય. ચક્રવર્તીએ હાથ જોડી કબૂલ કર્યું અને શોક છોડી દીધો; અને પછીથી ચારિત્ર લઈ લીધું.

એક વાત સમજી રાખો કે વિશ્વનો ભવિતવ્યતાનો મોટો ચોપડો છે. એમાં તે તે કાળની જડ-ચેતનની ઘટનાઓ અંકિત થઇ ગયેલી છે. એમાં કોઈ જ ફેરફાર કરી ન શકે. મોટા તીર્થંકર ભગવાન પણ ન કરી શકે તો 'પ્રસ્તુત ઘટના પણ એમાં આ રીતે લખાઈ ગઈ હશે તે તેમ બની ગયું,' એમ વિચારી મનને વાળી લેજો. અને સદ્ગતના પ્રસંગથી આપણી જાત માટે સાવધાન બની જજો. એમનું તો અહીંનું પુણ્ય પૂરું થઈ ગયું, પરંતુ આપણું પુણ્ય હજી ઊભું છે, તો એનો સદુપયોગ કરી લો; અને આજ નિમિત્તથી વીર્યોલ્લાસ હોય તો ચારિત્રમાર્ગ અપનાવો, ને એટલો વીર્યોલ્લાસ ન હોય તો વિવિધ શ્રાવકધર્મની આરાધનામાં લાગી જાઓ. એમાં જ સદ્ગત પ્રત્યેની સાચી લાગણી ગણાશે.

એક વાત યાદ આવી, આપણને કદાચ લાગે કે ''પણ મૃત્યુ આવી રીતે ? અને તે પણ ધર્માત્માને' ? પરંતુ અહીં સમજવાનું છે કે જેમ કોઇ પાછળથી શ્રીમંત

બનેલાને પૂર્વની કપરી સ્થિતિમાં કટોકટીથી ઊગરવા મોટા વ્યાજે કોઈની રકમ લેવી પડી હોય, તો અત્યારે એક બાજુ રૂપિયાની ભરતી થઇ રહી છે છતાં પૂર્વનું ચુકવવું પડે છે એમ અહીં દરેકને પૂર્વના કર્મઋણ અહીં ચુકવવા પડે છે. એ હિસાબે સદ્ગત મહાન આત્મા શ્રી ચીનુભાઈ વગેરેને પૂર્વના તેવા તીવ્ર અશુભ કર્મના લીધે અહીં અનિષ્ટ આવી ગયું એના પર આપણે વ્યર્થ વિચાર શા માટે કરવો ? આપણે હવે આપણાં ગુપ્ત કર્મનો ભય રાખી 'પાણી પહેલાં બાંધો પાળ' એ ન્યાયે ધર્મથી પુણ્યબળ વધારવા જેવું છે.

મદનરેખા મહાસતીના પતિને મોટા ભાઈએ મદનરેખાને કબજે કરવા તલવારનો પીઠ પર મોટો ઘા કર્યો ને પછી ભાગી ગયો, ત્યાં મહાસતીએ પતિની આંખમાં લાલાશ જોતાં કહ્યું. 'આ શું ચિંતવી રહ્યા છો ? મોટાભાઈ પર ગુસ્સો ? અને એને મારવાનું વિચારી રહ્યા છો ? હવે તમારે મૃત્યુ નજીકમાં છે અને આ ગુસ્સો તમને નરકમાં તાણી જશે. અત્યારે તો તમારે તમારો પોતાનો પર ભવ સુધારી લેવાની સોનેરી તક છે તેથી મન હળવું કરી નાખો એટલું જ વિચારો કે આપણા પોતાના પૂર્વ કર્મનો અહીં ફેંસલો થઈ ગયો બાકી મોટાભાઈને ઉદાર દિલે ક્ષમા આપી દો, એની દયા ખાઓ કે એ બિચારાનું આ પાપથી પરભવે શું થશે ? બાકી તમે નવકારમાં લીન બની જાઓ' પતિએ એમ કર્યું અને મરીને પાંચમા દેવલોકે દેવ થઇ મદનરેખાને દર્શન આપે છે ત્યારે મહાસતી દિંગ થઇ જાય છે કે મૃત્યુ ગમે તેવી રીતે થયું પરંતુ ગતિ કેવી સુંદર થઈ !

જ્ઞાનીઓ સંસારને આટલા માટે જ બેહૂદો કહે છે. કોને ખબર સંસારમાં ન ધાર્યું અને અણઘટતું કેવું ય બની આવે ? એમ સમજો કે સદ્ગત તમારા પિતાશ્રી વગેરેએ તો જાણે આપણને ચેતવણી આપી છે કે 'જુઓ અમારું પુણ્ય ખૂટી ગયું તેથી અમે અણધારી રીતે આમ જઈએ છીએ, પરંતુ તમારું પુણ્ય હજી જાગતું છે તેથી ખૂબ ધર્મ કરી લો. પુણ્ય ખૂટ્યા પછી કશુ નહિ થાય.'

બસ, ખૂબ હિંમત રાખજો કર્મસત્તાને પડકાર કરજો કે તેં અમારા પર આટલો બધો જુલ્મ કર્યો છે, પરંતુ અમારા પડખે અનંત બળી અરિહંત ભગવાન છે એમની ભક્તિ અને એમના ધર્મના સહારે તારા ફુરચા ઉરાડશું" આ પાવર રાખી દીનતા-ગરીબડાપણું કાઢી નાખજો.

પ્રસ્તુત પ્રસંગથી કેમ જાણે આપણે ગરીબડા ! અને દુનિયા જાણે શ્રીમંત ! તે આપણને આશ્વાસન આપવા આવે અને રોતડ મોંઢે આપણે સાંભળવું પડે ! તમે જરાય ગરીબડા થશો નહિ, સદ્ગત ભવ્ય આત્માઓ પર ભયંકર કર્મનો હલ્લો આવ્યો એથી કાંઈ તમે ગુન્હો નથી કર્યો તે ગુનેગારની જેમ રોતડ રહેવું પડે. પ્રસંગ આવ્યે આપણે બીજાને કહી શકીએ કે 'અમે ઊંઘણશી, મોહની ઊંઘમાં



ઊંઘતા હતા, તે સદ્ગતના મહા અનિષ્ટ પ્રસંગે અમારી ઊંઘ ઉડાડી નાખી છે, અને પરમાત્માનું અને ધર્મનું શરણું લેવાનો ઘંટ બજાવ્યો છે.

બસ, તમે શાણા છો, શાણાને બહુ કહેવાનું શું હોય ? એક ઇસારો બસ છે.'

સદ્ગત ચીનુભાઈ તો પૂજામાં લહેરમાં ચડ્યા હોય અને હું એમાં પૂર્તિ કરું એટલે એવા ખીલે એવા ખીલે કે એમ દેખાય કે એમના દિલમાં પ્રભુભક્તિ કેવીક ઉછાળા મારી રહી હશે ! મને આ લખતાં અને એ યાદ કરતાં દિલ ભીનું ભીનું થઈ જાય છે. સંઘના આવા અણમોલ રત્નને કાળરાજાએ ખૂંચવી લીધું એનું અમને પણ મહા દુઃખ થાય છે, પરંતુ એના પર મહાન પ્રભુભક્ત ચીનુભાઈએ જે હજારો પૂજા-ભાવનાઓનાં અદ્ભુત સુકૃત કર્યા છે એની અનુમોદનાનો લેલો ફેરવી દેવો પડે છે.

એવા મહાન પિતાના તમે મહાન સુપુત્રો પિતાના પગલે પગલે ખૂબ ખૂબ પ્રભુભક્તિમાં લીન બનો એ જ શુભેચ્છા.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૭,અંક-૩૦/૩૧,તા.૧૫-૪-૧૯૮૯

## વર્તમાન હાડમારીઓ : એમાં હૂંફનું સાધન.

પંચમ કાળના જીવોનાં પુણ્ય દૂબળાં એટલે સંપદાઓ થોડી, ને વિપદાઓ વધારે; સરખાઈ ઓછી, અને વિષમતાઓ વિશેષ, મોટા ભાગના જીવોની આ દશા હોય છે; એટલે એક વાતની અનુકૂળતા થઈ હોય, પણ બીજી કેટલીય પ્રતિકૂળતા દેખાય.

દા.ત. સંસારસુખ માટે પત્ની તો મળી; પરંતુ પુણ્ય દૂબળું એટલે એનો વિચિત્ર સ્વભાવ, એના રંગ-રસ, એના ભારે બોલ, એનો ચડતી વયમાં જ અનેક પુત્ર-પુત્રીઓનો કાફલો... વગેરે એવી ઉપાધિઓ મળે કે જે સહવી કઠિન પડે. એમ આજીવિકા માટે નોકરી તો મળી, પરંતુ દૂબળા પુણ્યે શેઠની કડકાઈ, નોકરીમાં હાડમારી, સમયનો વિશેષ ભોગ, જરૂરી રજા મળવાની મુશ્કેલી, વગેરે અગવડો વેઠવી પડતી હોય. ત્યારે નોકરી તો નહિ, પણ વેપારી બની દુકાનની શેઠાઈ મળી હોય, છતાં ય દૂબળાં પુણ્યે નોકરોની કામચોરી, ને અવળચંડાઈ, લાગ મળ્યે ચાઉંગીરી, સરકારી લફરાં, ટેક્ષ, ટેક્ષથી બચવા જોખમભરી અનેક ચોરી છુપકીઓ, વળી મોભાના મોટા ખરચા, વગેરે વગેરે બાબતો એવી ચિંતા સંતાપ ઊભા કરતા હોય કે મન જાણે ત્યારે સ્ત્રીઓનાં જીવનમાં ધણીના તુંડમિજાજ, ક્ષુદ્ર સ્વભાવ, કૃપણતા, એના લાગતાવળગતાની સરભરાની લોથ, એના આડાઅવળા ધંધામાં છાશવારે ને છાશવારે પૈસાની પોક... વગેરે વગેરે કષ્ટ અપરંપાર. એમ માતાપિતા

બનવાની પુણ્યાઈ તો જાગી, પરંતુ પછી ટુંકી આવકમાં સંતાનના લંગર અને ખરચા, સંતાનની ઉદ્ધતાઈ, એને વરાવવા-પરણાવવાની ચિંતા, છોકરાને વરાવ્યા પછી એની વહુના ઝગડા, છોકરીને વરાવ્યા પછી જમાઈ કે સાસરિયા અંગે છોકરીની આવતી ફરિયાદો;... વગેરે વગેરે કેટકેટલી કઠિનાઈઓ ?

પંચમ કાળમાં કયાં સુખની સરખાઈ છે ? વિચારવાને હૃદય હોય તો જ્ઞાનીઓ કહે છે તે મુજબ સંસાર અસાર હોવાનું આબેહૂબ દર્શન થાય. પછી જીવ મન મનાવી લે કે 'હોય ભાઈ ! કઠણાઈ તો હોય; ગુલાબ લેવા જઈએ તો કાંટા તો વાગે, પણ ગુલાબ તો સારાં મળે ને ? એમ અહીં પત્ની-પરિવાર-ધંધાનું સુખ તો મળે છે ને ?' આમ મન મનાવાયા, પરંતુ એકેકની પાછળ પારાવાર મુશ્કેલીઓ જોતાં અને એમાં જીવનની ઘણી ઘડીઓ સંતાપની જોતાં, એ મન મનાવવું એમાં હૃદયની ધિટ્ઠાઈ છે. સંસારના તુચ્છ અલ્પ સુખ ચાટવાની લાલચમાં હૈયું એવું ધિટ્ઠું બનાવાય છે. ખાવાનો લાલચું ક્યાંક ગોલ્લઈયામાં જમવા ઘૂસી જાય અને ત્યાં અપમાન પામે, છતાં સારું ચાટવા મળ્યું એના પર જો મન મનાવી લે તો એ એની ધિટ્ઠાઈ છે.

એટલે ત્રણ સાંધતાં તેર તૂટે જેવી પંચમ કાળની સ્થિતિ તો વિચારકને વૈરાગ્ય પેદા કરે એવી છે. એવા વૈરાગ્યથી જાગેલ પરાક્રમી ભવ્યાત્માઓ તો દૂબળાં પુણ્ય ભોગવવાની અજ્ઞાનતાભરી લહેર જતી કરી ચારિત્રમાર્ગ અપનાવે છે.

પરંતુ જેનામાં એ પરાક્રમ શક્તિ નથી, એણે શું કરવું ? શું આજની પારાવાર હાડમારીઓમાં મુશ્કેલીઓમાં સંતાપ કર્યા કરવા ? શું વર્તમાન કાળે ચિત્તને શાંતિ મળવાની જ નહિ ?

અહીં 'ચત્તારિ મંગલં'નું સૂત્ર સારું ઉપયોગી થાય એવું છે. 'અરિહંતા મંગલં સિદ્ધા મંગલં...' વગેરે સૂત્રનું સ્મરણ મનને બળ આપે છે, કહે છે કે 'તને અરિહંત, સિદ્ધ, સાધુ અને સર્વજ્ઞનો ધર્મ એ મહામંગળરૂપ મળ્યા છે, પછી તારે ફિકર શી છે ? ઓછાશ શી છે ? અગર જો તારી શ્રદ્ધા છે કે અરિહંત સિદ્ધ વગેરે ખરેખર સાચા મંગળરૂપ છે, અને એથી મહા વિઘ્નો-અંતરાયો તૂટી અચિંત્ય સિદ્ધિઓ મળે છે, આપદાઓ ભાગી જઈ વાંછિત મળી આવે છે, તો આ મંગળરૂપ અરિહંત સિદ્ધ વગેરે મળ્યા એ જબરદસ્ત પુણ્યોદય છે; મહાનિધાન મળ્યા રૂપ છે. પછી તુચ્છ સગવડ ઓછી મળ્યાનું કોઈ દુ:ખ કરવા જેવું નથી.'

આ શ્રદ્ધા સાથે, 'ચત્તારિ મંગલં અરિહંતા મંગલં...' વગેરે સૂત્ર વારંવાર યાદ કરાય, મનને ભાવિત કરતા રહેવાય કે 'અહો ! આ નિધાન મળ્યા પછી મારે શી કમી છે ?' એવી ભાવના કર્યા કરાય, વારંવાર આશ્વાસન લેવાય. તો ભારે હુંફ અનુભવાય અને વર્તમાન કાળની સંકડામણોનો મન પરથી ભાર ઘણો ઓછો થઈ જાય, અને ચિંતા-સંતાપ-આર્તધ્યાનથી ઘણું બચી જવાય.





**• બધા જ ધર્મશાસ્ત્રીઓ કહે છે :**

"ઈંડા અને માંસનો આહાર આત્માને પાપી બનાવે છે." બધા જ માનસશાસ્ત્રીઓ કહે છે.

"ઈંડા અને માંસનો આહાર વિચારોમાં વિકૃતિ ઉત્પન્ન કરે છે." બધા જ અર્થશાસ્ત્રીઓ કહે છે.

"ઈંડા અને માંસનો આહાર ઘણો મોંઘો પડે છે" અને જુઓ હવે નિષ્ણાત ડોક્ટરો પણ શું કહે છે ?

ડૉ. આર. જે વિલિયમ(નોબલ પારિતોષિક ઈંગ્લેન્ડના) કહે છે કે ઈંડાનો આહાર હૃદયરોગ, અસ્થમા, લકવા જેવા ભયાનક રોગોનો ઉત્પાદક છે.

ડૉ. વસંત જાઈ.(ન્યુટ્રીશ્યનસ એન્ડ ડાયેટ્રોલોજીસ્ટ હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ હરકીસનદાસ હોસ્પિટલ અને હાફકન ઈન્સ્ટીટયુટ ઓફ પરેલ) કહે છે કે ઈંડામાં પાંચ ટકા ગુણ હશે, પણ તેની સામે ૯૫% ભયંકર અવગુણ છે. જેને આપણી હોજરી પચાવવા શક્તિમાન નથી.

ડૉ. એમ એમ ભમગરા(ડાયરેક્ટર ઓફ હેલ્પ સાયન્સ ટ્રસ્ટ) કહે છે કે ઈંડામાં ચરબી અને પ્રોટીનનું પ્રમાણ તુલ્ય હોય છે. આ તુલ્યને કારણે ઈંડા માનવઆરોગ્ય માટે અત્યંત જોખમી છે અને કાર્બોહાઈડ્રેટસથી સંપૂર્ણ રહિત હોવાથી ઈંડા અને માંસનો આહાર તદ્દન વર્જ્ય છે.

આત્માને, મનને તિજોરીને અને તનને પણ નુકશાન પહોંચાડનારા ઈંડાના આહારથી તો પછી ફાયદો કોને ?

માત્ર ઈંડાના ધંધાદારીઓને જ ને ?

• • •

**• બેંગલોર :-** પરમશાસનપ્રભાવક વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદપૂર્વક કર્ણાટક અહિંસા સંઘ આદિ અનેક પશુપ્રેમી સંસ્થાઓ દ્વારા બેંગલોર જિલ્લાના નર-નારીઓની એક વિશાળ રેલી બેંગલોર નજીક આયોજિત કાચરકાનાહલ્લી આધુનિક પશુકતલખાનાના વિરોધમાં કાઢવામાં આવી, શહેરના અને સમગ્ર જિલ્લાના અનેક રહેવાસીઓની હજારોની સંખ્યામાં રેલી શહેરના વિશાળ માર્ગો પર પસાર થઈ કર્ણાટક વિધાનસભા બિલ્ડિંગ નજીક આવી. ત્યાં અતિવિશાળ સભા થઈ, કર્ણાટક સરકારને નૂતન

કતલખાના વિરોધનું આવેદનપત્ર અપાયું. પૂ.પાદશ્રીની પ્રેરણા-સલાહસૂચનથી નૂતન આયોજિત કતલખાના વિરોધનું આંદોલન ઉગ્ર બની રહ્યું છે. ભારતના પશુધનની રક્ષા માટે પશુરક્ષાપ્રેમીઓએ ખૂબ જાગૃત થવાની તાતી જરૂર છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૭,અંક-૩૫/૩૬,તા.૨૭-૫-૧૯૮૯

## જીવનમાં પરલોક માટે કાંઈ જોગવાઈ કરો છો ?

જગતમાં મનુષ્યો બે જાતના,- ધર્મ કરનારા, અને ધર્મ નહિ કરનારા. ધર્મમાં નહિ માનનારાને તો પરલોક સાથે નિસ્બત નથી હોતી. એને વિચાર નથી કે 'ધર્મ નહિ કરું તો મારું પરલોકમાં શું થશે ?' એટલે એ ધર્મ કરે જ શાના ? ત્યારે પરલોકમાં માનનારા પણ અર્થ-કામની ગાઢ લગન, મોજમજાહ, સુખશીલતા, એશઆરામી વગેરે કારણે ધર્મ કરવામાં સુસ્ત રહે છે, ને એ ય ધર્મનું આચરણ નથી કરતા.

પરંતુ પરલોકમાં જે માને છે, અને ધર્મનું આચારણ કરે છે એમણે આ વિચારવા જેવું છે કે 'હું ધર્મ પરલોક સુધારવા માટે કરું છું ખરો ? ધર્મ કરીને એના ફળરૂપે મારે અહીં કશી નામના કે સારાપણાની ખ્યાતિ અથવા ધર્મી તરીકેનો ઈલ્કાબ, યા અહીં પૈસાટકા-સુખસગવડ નથી જોઈતી, પરંતુ મારે તો પરલોક માટે સુકૃત ઊભું કરી એ પરલોકહિત માટે અનામત રાખવું છે. મારે સદ્‌ગતિ જોઈએ છે, પુણ્ય વધીને પરલોકમાં વિશેષ ધર્મસામગ્રી, ધર્મબળ અને વિશેષ ધર્મસાધના જોઈએ છે.' ધર્મ કરતાં આ જ ભાવના રહે છે ખરી ? કે ના, ધર્મનાં ફળરૂપે અહીં જ કીર્તિ-જશ-માન-પૈસા-સુખ સગવડ જોઈએ છે ? પરલોક માટે કશી જોગવાઈ રાખવાની ચોકસાઈ ખરી ?

ધર્મ કરનારે આ જાત-તપાસ કરવા જેવી છે, આ આત્મ-નિરીક્ષણ કરવા જેવું છે; નહિતર ગાય દોહીને કૂતરીને પાઈ દેવા જેવું થાય. કરેલા ધર્મસુકૃતનો અહીં જ બદલો માગી લેવાથી પરલોક ખાતે કશું પુણ્ય ક્યાંથી ઊભું રહે ? અથવા કહો અહીંનાં સુખ-સન્માન-યશની વિશેષ તાલાવેલી અને પરલોક સુધારની સામાન્ય ઈચ્છા છે,' તો પણ આચરેલ એ ધર્મસુકૃત જોરદાર પુણ્ય અને શુદ્ધ ધર્મસંસ્કાર દેવાને બદલે માત્ર મામૂલી પુણ્યાઈ આપે. અહીંના માગેલા વિષયસુખો, લક્ષ્મી, કે નામનાને સારભૂત સમજવાથી ધર્મસુકૃતમાંથી શુદ્ધ ધર્મસંસ્કાર ન જન્મે. એટલા જ માટે પરલોક ખાતે પણ એ જ વિષયસુખાદિ ઈચ્છીને નિયાણું કરનારા જીવો ધર્મસુકૃતનાં પુણ્યના બળે એ સુખ-સમૃદ્ધિ તો પામે છે, પણ ધર્મસંસ્કાર નહિ; તેથી ત્યાં જીવન પાપભર્યું જીવી નરકાદિમાં રવાના થાય છે.



ઉઘાડો હિસાબ છે કે વિષયસુખો-પૈસા-બળ-ખ્યાતિ વગેરે પર મન જોરદાર રહ્યું તો મનને એ જ સારભૂત લાગ્યા; તેથી ધર્મ સારભૂત નહિ લાગે. તો પછી ધર્મ કરે છે શા માટે ? એનો ખુલાસો એ, કે ધર્મને એક સાધન (means, medium) ગણી ધર્મ કરે છે. વેપારને પૈસાનું સાધન માનનારો ધાર્યા પૈસા મળ્યેથી વેપાર છોડી દે છે, યા બીજેથી પૈસા સારા મળવાનું દેખી આ વેપારને ત્યજી દે છે, પણ આ વેપારને પકડી નથી રાખતો. એમ, પત્નીને માત્ર વિષયસુખનું સાધન સમજનારો, બીજેથી એ સુખ મળતું દેખી પત્ની પર આદરવાળો નથી રહેતો. એમ ધર્મને માત્ર વિષયસુખો આદિનું સાધન ગણનારો એ ધાર્યા સુખાદિ મળી જતાં ધર્મને છોડી દે છે, ધર્મને વળગી નથી રહેતો. પછી પરલોકમાં ધર્મ શી રીતે પામે ?

દેવદર્શનાદિ કે દાનાદિ ધર્મ પૈસા માટે યા લોકમાં સારા ધર્મી દેખાવા સારુ નહિ, કિન્તુ પરભવે દેવાધિદેવ અને એમનો ધર્મ પમાડે, એવી સદ્‌ગતિ મળે, અને ત્યાં વિશેષ ધર્મ સધાય, એ માટે કરવાની બુદ્ધિ હોય, તો તો એ પરલોક સુધારે; ત્યાં એ ધર્મને સારભૂત લેખ્યો ગણાય, ને તેથી પરભવે એ સૂઝે. પરંતુ ધર્મને માત્ર સાધન બનાવી સુખ-સમૃદ્ધિ સન્માન જ જોઈતા હોય, ત્યાં 'ધર્મ એજ સારભૂત' એવું ન રહ્યું; તેથી પરલોકે એ ન મળે.

એટલે જ ધર્મ કરનારે આ વિચારવાનું છે કે ધર્મ તો હું કરું છુ, પરંતુ પરલોક માટે એથી કશી જોગવાઈ કરું છું ખરો ? ધર્મખાતામાં પૈસા દઈને નામની તકતી ચોડાવી, તો પરલોક માટે શું રાખ્યું ? દાનને તો કીર્તિ માટે વેચી દીધું. એમ દર્શન પૂજા કરી સારા ધર્મી તરીકે જશ લઈ ખુશી થયા, તો પરલોક માટે શું રાખ્યું ? તપ કરીને વ્રત કરીને જશ ઈચ્છ્યો, તો પરલોક ખાતે કશી જોગવાઈ રહી ?

સાજનમંત્રીએ સિદ્ધરાજ જયસિંહનાં ખંડણીનાં નાણાં ગીરનારના જીર્ણ મંદિરોના ઉદ્ધારમાં ખરચી દીધા, પછી સિદ્ધરાજને કહે 'તમારે આ મંદિરોનું સુકૃત જોઈએ તો તે લો, યા પૈસા જોઈએ તો એની મેં સગવડ કરી રાખી છે તે લઈ લો.' ત્યાં સિદ્ધરાજ કહે, પૈસા તો માટીના, મૂકીને મરવુ પડશે. 'મારે તો સુકૃત ખપે.' આનું નામ પરલોક માટે જોગવાઈ કરી.

જીવનમાં શુદ્ધ ધર્મ માટે તથા દાન-શીલ-તપ, દયા-અહિંસા-સત્ય, ક્ષમા-નિર્લોભતા-બ્રહ્મચર્ય, દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે ધર્મ વધારવા માટે આ સૂત્ર વારંવાર રટવા જેવું છે કે 'હું પરલોક માટે શી જોગવાઈ કરી રહ્યો છું ? એ જ કરતો રહેવા દે. ખાધું પીધું, ભેળું કર્યું વગેરે તો ખોવાઈ જવાનું.'

● ● ●

## ભગવાન શ્રી મહાવીરનો સંદેશ :
## આ યુગની સાંપ્રત પરિસ્થિતિના સંદર્ભમાં

(પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિજયજી મ.)

રોજ સવાર પડે છે અને વિજ્ઞાન અનેક પ્રકારની સામગ્રીઓ આ જગતની સામે મૂકતું જાય છે. માણસ જાતને સુખી કરી દેવાની એની તીવ્ર લગન અને મહેનત છતાં એમાં એને સફળતા મળી નથી. મળતી નથી. કદાચ એ વધુ ને વધુ નિષ્ફળ જઈ રહ્યું છે. સગવડો આપવામાં એ સફળ બન્યું છે પણ સુખ આપવાની બાબતમાં એ ધરાર નિષ્ફળ ગયું છે. હા... ઓછી સગવડોવાળો હજી થોડો સુખી દેખાય છે પણ ભરપૂર સગવડવાળો તો અતૃપ્તિના ખપ્પરમાં વધુ ને વધુ ખૂંચતો જ જાય છે.

કારણ સ્પષ્ટ છે. વિજ્ઞાનની નજર સફળતા તરફ છે. મહાનતા તરફ નહીં ? ભિખારીને કરોડપતિ બનવાની એની પાસે યોજના છે પણ કરોડપતિને ઉદાર બનાવવાની એનામાં કોઈ તાકાત નથી... કાળી ચામડીને એ પળભરમાં ગોરી બનાવી શકે છે પણ ગોરી ચામડીમાં શીલની સુવાસ મુકવાનું એનું કોઈ ગજું નથી... અણુને તોડવાની બાબતમાં એ આગળ છે પણ તૂટી ગયેલા બે દિલને જોડવાની બાબતમાં એ સર્વથા પાછળ છે... સૂકી ધરતીને એ કૃત્રિમ વરસાદથી લીલીછમ બનાવી શક્યું છે પણ નિષ્ઠુર દિલને સ્નેહભીનું બનાવવાની બાબતમાં એણે પોતાની હાર સ્વીકારી લીધી છે.

યાદ આવે છે અત્યારે પ્રભુ વીર ! એઓશ્રીએ જીવમાત્રમાં રહેલી મહાનતાને બહાર લાવવા માટેનો જબરદસ્ત પુરુષાર્થ આદર્યો... મહાનતા વિનાની સફળતા એ સુખનું નહીં પણ સંકલેશનું જ કારણ બને છે જ્યારે સફળતા મળે કે ન મળે પણ જો મહાનતા હોયતો પ્રસન્નતા મળ્યા વિના રહેતી જ નથી આ વાસ્તવિકતાને એ મહામાનવે આ જગત સમક્ષ રજૂ કરી.

કેન્સરની બિમારી વચ્ચે ય સમાધિ ટકાવી રાખવાની કળા એઓશ્રીએ શીખવી. દુશ્મનને વશ કરવાની નહીં પણ વાત્સલ્યસભર હૈયે દુશ્મનને મિત્ર બનાવી દેવાની ધર્મકળા જગતની સામે તેઓશ્રીએ મૂકી... ધનવાનને ઉદાર બનવાની, રૂપવાનને સદાચારી બનવાની, બળવાનને દયાળુ બનવાની, આત્માને પરમાત્મા બનવાની અનેકવિધ નક્કર વાસ્તવિકતાઓ જગત સમક્ષ મૂકવા દ્વારા એ તારકે આ જગતના સર્વજીવો પર ક્યારેય ન વિસરી શકાય તેવો અનંત ઉપકાર કર્યો છે.

માત્ર આજના જ કાળ માટે નહીં, સર્વકાળ માટેનું આ વાસ્તવિક સત્ય છે



કે વ્યક્તિને સફળતા તરફ આકર્ષિત કરવાને બદલે એનામાં રહેલી મહાનતાને બહાર લાવવાના પ્રયત્નો કરવામાં જ એનું વાસ્તવિક હિત સમાયેલું છે. સફળતાનું જ આકર્ષણ વ્યક્તિને પાપ માર્ગે લઈ ગયા વિના રહેતું નથી જ્યારે મહાનતાને પ્રગટ કરવાની વૃત્તિ વ્યક્તિને ધર્મ માર્ગે લઈ ગયા વિના રહેતી નથી.

પ્રભુ વીરના જન્મ કલ્યાણકના આજના પાવન દિવસે આપણે પ્રાર્થના કરીએ પરમાત્માને કે 'પ્રભુ ! સફળતાને જ કેન્દ્રમાં રાખીને મહામૂલા આ જીવનની કિંમતીમાં કિંમતી પળો અમે વેડફી નાખી છે પણ આજથી અમે અમારી દિશા બદલીએ છીએ. સફળતા-નિષ્ફળતાને અમે ગૌણ બનાવીએ છીએ પણ મહાનતાનું પ્રકટીકરણ એ અમારા જીવનનું એક માત્ર લક્ષ્ય બને છે. આશિષ આપો આપ અમને કે અમારા એ પુરુષાર્થને આપની કૃપાની અમીવર્ષા સફળ બનાવીને જ રહે !'

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૭,અંક-૩૯,તા.૨૪-૬-૧૯૮૯

## અમદાવાદ શ્રી રાજનગર જૈન શિક્ષક સંઘ જણાવે છે કે

જૈન સંઘમાં યુવાપેઢીના ધર્મ સંસ્કરણ માટે આજે મોટી ભૂખ જાગી છે અને માંગ વધી છે એવી પ્રતીતિ શિબિરોના આયોજન ઉપરથી દેખાય છે. સંઘના આગેવાનો, ટ્રસ્ટીઓ, મુનિ ભગવંતો, જૈન, મા-બાપ અને વડીલોએ આ હકીકત સ્વીકારીને યુવાન યુવતીઓનો સંસ્કરણ અને આધ્યાત્મિક શિક્ષણ માટેના આયોજન પાછળ પ્રોત્સાહન પૂરું પાડવા જાગૃત થવાની જરૂર છે, કટિબદ્ધ બનવું પડશે.

શ્રીમતી છાયાબેન પી. શાહ, શ્રી જ્યોતિબેન ડી., શ્રી તારાબેન એન. શાહની દેખરેખ નીચે અમદાવાદમાં વિકાસ ગૃહની શાળામાં ૧૫-૫-૮૯ થી ૨૫-૫-૮૯, ૧૧ દિવસ જૈન યુવતીઓની શિબિરનું આયોજન થયું. અમદાવાદની કાળઝાળ ગરમીમાં બપોરે ૧ થી ૪ સમય દરમ્યાન ૪૦ ને બદલે ૭૫ની સંખ્યામાં યુવતીઓએ ઉત્સાહભેર નિયમિત હાજરી આપી શિબિરમાં ભાગ લીધો તે જોતાં એમ લાગે છે કે વડીલોએ અને ધર્મપ્રેમીઓએ માત્ર પ્લેટફોર્મ પૂરું પાડવાનું છે. યુવાનો તો ટી.વી., વીડિયો, ક્રિકેટ, ખાનપાન, મોજમઝા, પ્રવાસના રંગીન વાતાવરણની અસર નીચે રગદોળાયેલી યુવા પેઢીને થોડો સમય પણ બ્રેક મળે, ચેઈન્જ મળે એ માટે ધર્મશિક્ષણ-સંસ્કરણના અમુક દિવસોના શિબિર-આયોજન બહુ જરૂરી છે.

અત્રે ૭૫ યુવતીઓની આ શિબિર ભર બપોરે ૧ થી ૪ ત્રણ વિષયોના કાર્યક્રમમાં ૧૧ દિવસ સફળતાપૂર્વક યોજાઈ. દેશ પરદેશ ફરીને અધ્યયન અને

અધ્યાપન દ્વારા ધર્મશિક્ષણની સુવાસ ફેલાવી, વતને પાછા આવનાર, કમ્મપયડી, તત્ત્વાર્થસૂત્ર ને અનેક તત્ત્વ પદાર્થોના અભ્યાસ શ્રી રાજનગર જૈન શિક્ષક સંઘના પ્રમુખશ્રી પ્રવીણભાઈ શાહે (એમ.એસ.સી.એમ.બી.એ.એ.સી. : યુ.એસ.એ.) શિબિરમાં પ્રથમ પીરિયડ ૧ થી ૨ જૈન તત્ત્વજ્ઞાનનો લીધો. જૈન તત્ત્વના વિષયમાં નવપદની ઓળખ તેમનો સંદેશો અને પુણ્ય પાપની સમજ, ૧૮ પાપસ્થાનક વગેરેનું તત્ત્વજ્ઞાન પ્રથમ પીરીયડમાં રોજ અદ્ભુત શૈલીથી વર્તમાન જીવનને સ્પર્શે અને સુધારે એવી છણાવટથી સમજાવ્યું.

૨ થી ૩માં શ્રીકાન્તાબેન ધ્યાન-યોગાસન-શવાસન-કાયોત્સર્ગ ત્રિવિધ એકાગ્રતા મનની વ્યગ્રતા પર સંયમ વગેરેની સુંદર તાલીમ આપતા.

૩ થી ૩-૩૦ ની અલ્પાહારની રીસેસ પછી વિજ્ઞાન-વક્તાઓએ વિવિધ વિષયો ઉપર માહિતીપૂર્ણ પ્રવચનો થયા. "ચારિત્ર નિર્માણમેં ધર્મકા પ્રદાન" શારદાબેને, "સામાયિકનું મહત્ત્વ" મનીષાબેને બધાને પ્રાયોગિક રીતે સામાયિકની વિધિના હેતુ, ને શ્રી કુમારપાલ દેસાઈ "૨૧મી સદીમાં ધર્મની જરૂર પડશે ?" પ્રકાશ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી હેમંતભાઈએ "શિસ્ત અને ધર્મ વિષે" ગુજરાત સમાચારના કટાર લેખક શ્રી ચીનુભાઈ નાયકે "ધર્મ-સાધના સિદ્ધિ"નો સંગમ, સુમેળ જીવનમાં ધર્મનું સ્થાન" વિષય ઉપર "ધર્મધારા" માસિકના સંપાદક શ્રી મનહરભાઈ, છાયાબેન શાહે "મહાસતી સીતાના, સતીત્વનું રહસ્ય" અને શ્રી ચંદ્રદાસભાઈએ "જાગૃતી અને ધર્મ," શ્રી શુભકરણ સુરાણાએ "જીવન પથ" અંગે પ્રવચનો આપ્યા.

જરૂર છે ધર્મપ્રેમીઓની જાગૃતી અને આયોજનની. વરસોથી શિબિરોના આયોજનો કરતા ચારિત્ર્યવાન શ્રી કેશવલાલ મોહનલાલના શુભ હસ્તે શિબિરનો આરંભ થયો. શ્રી રાજનગર જૈન શિક્ષક સંઘના સંચાલકોએ વહીવટીતંત્ર સંભાળ્યું અને મુંબઈના દાતાઓએ મો માંગ્યું આર્થિક બળ આપ્યું.

"હું આદર્શ જૈન ગૃહિણી કેવી રીતે બનું" અથવા શિબિરથી મને થતા લાભ વિશે વક્તૃત્વ હરિફાઈમાં ૧૬ યુવતીઓએ ભાગ લઈ છટાદાર મૌલિક ભાષામાં રજૂ કરેલા વિચારોથી સભાજન પ્રભાવીત થયેલ.

શ્રેયસ સ્કૂલના સંસ્થાપક રચયિતા શ્રીમતી લીલાબેન સારાભાઈને હસ્તે ઈનામ વિતરણનો સમારોહ ઉજવાયો.

દાતાઓ, શિબિરાર્થીઓ અને વિદ્વાન વક્તાઓની ત્રિવેણી સંગમથી શિબિરને જ્વલંત સફળતા મળી.

"શ્રી રાજનગર જૈન મહિલા મંડળ"નું સર્જન થયું.





● **કોલાર :** પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ **શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ** બેંગ્લોરમાં ધર્મશાસન પ્રભાવના સુંદર રીતે કરાવીને તથા સ્વ. પૂ.આ.શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ.સા.ના ૪૭ વર્ષના નિર્મળ સંયમ-જીવનની સાધનાની અનુમોદનાર્થ શ્રી જિનેન્દ્રભક્તિરૂપ પંચાહ્નિકા મહોત્સવની શાનદાર રીતે પૂર્ણ થયા બાદ મદ્રાસ તરફ વિહાર કર્યો. પૂજ્યપાદશ્રીજી કોલારમાં પધારતાં શ્રી સંઘે ભાવભીનું સ્વાગત કર્યું. પૂજ્યશ્રીના બે દિવસના રોકાણ દરમ્યાન છ વ્યાખ્યાન થયા. દરેકવાર શ્રીફળની પ્રભાવના થઈ. વૈશાખ વદ-૧૧ ના સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના ગુણાનુવાદ સુંદર રીતે થયા. સાંભળીને શ્રોતાગણ આશ્ચર્યચક્તિ બની ગયા. સંઘપૂજન તથા શ્રીફળની પ્રભાવના થઈ. બપોરે મોટી પૂજા ભણાવાઈ તથા પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ. પૂજ્યશ્રીના ઉપદેશથી ઘરમંદિરમાંથી નૂતન જિનમંદિર નિર્માણનું નક્કી થયું.

● **બંગારપેઠ :** સ્વ. પૂ. સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની સ્વર્ગવાસતિથિ અને સ્વ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણાનંદસૂરીશ્વરજી મ.સા.ની પાવન સંયમજીવનની અનુમોદના નિમિત્તે અહીં શ્રી જિનેન્દ્રભક્તિ સ્વરૂપ પંચાહ્નિકા મહોત્સવની ઉજવણી શાનદાર થઈ. શ્રી સંઘે મંદિરજી તથા ઉપાશ્રય આદિનું સુંદર ડેકોરેશન કરાવેલ. સ્વ.પૂ.આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબના ફોટાના પૂજનની બોલીઓ સારી થવા પામી. અનેક લોકોએ આ નિમિત્તે વ્રત-નિયમો લીધા. પૂજ્યપાદ **વર્ધમાન તપોનિધિશ્રીજીના પાવન** પ્રવેશ પ્રસંગે પાંચ સંઘપૂજન તથા શ્રીફળની પ્રભાવના આદિ થયેલ.

● **કે.જી.એફ.** (કોલાર ગોલ્ડ ફીલ્ડ) **:** અહીં મૂર્તિપૂજકોનાં ઘર ૪૦ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું એમ કુલ ૪ જિનમંદિર છે. **પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિશ્રીજીનો** શાનદાર પ્રવેશ - ચારેય ફિરકાનાં (કુલ ૨૫૦ ઘર) ભાઈ-બહેનોએ મળી ખૂબ જ ઉત્સાહથી કરાવ્યો. યુવાનોના આગ્રહથી શ્રી અષ્ટાપદજી પૂજા રાખવામાં આવી. યુવાનોએ સુંદર પત્રિકા તૈયાર કરેલી જે કાંઈક આ પ્રમાણે હતી.

● **શ્રી અષ્ટાપદતીર્થ મહાપૂજા :** "આપણા કે.જી.એફ. ના આંગણે ન્યાયવિશારદ, યુવાજન પ્રતિબોધક, વર્ધમાન તપોનિધિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સાહેબ આદિ સુવિશાળ સાધુ-સાધ્વીજી મ.સા.ના પાવન સાંનિધ્યમાં રોબર્ટસન પેઠમા બપોરના ૧ વાગે તા. ૫-૬-૮૯ના દિવસે અષ્ટાપદજી મહાપૂજા ભણાવવામાં આવશે."

એ તો બધા જાણે જ છે કે આ અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી આદિનાથ-ઋષભદેવ અષ્ટાપદ પર્વત પરથી મોક્ષમાં ગયા છે.

શ્રી ઋષભદેવ ભગવાનનો કાળ કેવો ઉત્તમ હતો અને તેમણે પ્રથમ રાજા બનીને રાજ્યનીતિ તથા સમાજનીતિનું કેવી રીતે પ્રવર્તન કરાવ્યું હતું ? તેમણે દીક્ષાકાળ તથા કેવલજ્ઞાનની સાધના કેવી રીતે કરી હતી ? તેમના માતાજી શ્રી મરુદેવીમાતાને કેવી રીતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ? શ્રી ઋષભદેવ મોક્ષમાં ગયા પછી તેમના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર કેવું ભવ્ય મંદિર-સ્મારકતીર્થ બનાવ્યું હતું ? તથા શ્રી સગરચક્રીના ૬૦ હજાર પુત્રોએ અષ્ટાપદતીર્થની રક્ષા માટે કેવાં ભવ્ય બલિદાન આપ્યા હતા ? આ બધા તથ્યોનો ભવ્ય ઈતિહાસ સાંભળવા માટે આપ બધા સકુટુંબ-પરિવાર પધારશો.

પરમપૂજ્ય આચાર્ય ભગવંતના મુખારવિંદથી વિવિધ રાગ-રાગિણી દ્વારા શ્રી અષ્ટાપદ મહાપૂજા-પ્રવચન-આખ્યાન સાંભળવાનો, અપૂર્વ આનંદ પ્રાપ્ત કરવાનો લાભ આપ ચૂકશો નહી...''

અને પૂજા પ્રારંભ થઈ તો વિશાલ હોલ પણ નાનો પડ્યો, ચારે ફિરકાના મળી કુલ ૨૫૦ ઘરનાં ભાઈ-બહેનો હાજર થયા હતા અને પૂજા સાંભળી મંત્રમુગ્ધ બની ગયા હતા. પૂજ્યશ્રીએ ખૂબ ગવરાવ્યું... ગાયું અને બધાને પૂર્વજોના ભવ્ય ઈતિહાસથી ચકિત કર્યા. પૂજા ભણાવવા માટે બેંગ્લોરથી શ્રી વિજય લબ્ધિસૂરિ જૈન યુવક મંડળના યુવાનો આવેલા, પૂજા સાંભળવા બહારગામથી પણ અનેક લોકો પધાર્યા હતા.

અહીં દિવસમાં બે વ્યાખ્યાન પૂજ્યશ્રીએ જ આપ્યાં... આવી જૈફ ઉંમરે પણ ચાર કલાક સુધી અષ્ટાપદજીની પૂજા અવિરત સંભળાવી તે જોઈને યુવાનો પૂજ્યશ્રીજીની સ્ફૂર્તિના બે મોઢે વખાણ કરતાં થાકતા ન હતા. બે દિવસના રોકાણ બાદ પૂજ્યશ્રીનું મદ્રાસ તરફ આગળ પ્રયાણ થયું.

● **નાકોડાજી** (રાજ.) : વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય પૂ. આચાર્યદેવ શ્રીમદ્ ગુણરત્નસૂરીશ્વરજી મ.ની શુભ નિશ્રામાં અત્રે શ્રી બૃહત્શાંતિસ્નાત્ર સહ નવાહ્નિક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવપૂર્વક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ શાસન પ્રભાવનાપૂર્વક સંપન્ન થયો. બાદ પૂ. શ્રી થુબા પધાર્યા. જ્યાં ૧૬ વર્ષની ઉગતી જુવાનીવાળા મનોજકુમાર છોગમલજીની દીક્ષાનો પ્રસંગ શ્રી સિદ્ધચક્રમહાપૂજન સહિત પંચાહ્નિકા જિનભક્તિ મહોત્સવ અને પાંચ છોડના ઉજમણાપૂર્વક ખૂબ ઠાઠથી ઉજવાયો. દીક્ષા બાદ મનોજકુમાર પૂ.આચાર્યશ્રીના શિષ્ય મુનિશ્રી ધીરેશરત્નવિજયજી બન્યા. દીક્ષાના ઉપકરણ આદિની બોલી સારી થઈ.



● **અરસીકેરે** : તપસ્વી પૂ. મુનિરાજશ્રી કનકસુંદરવિજય મ.શ્રીની નિશ્રામાં તપસ્વી સ્થવીર મુનિરાજશ્રી પદ્માનંદવિજયજી મ.ની વર્ધમાન બે આયંબિલની ઓળી લગભગ ૧૫૦નું પારણું અત્રે ખૂબ ઉલ્લાસપૂર્વક થયું. પારણા નિમિત્તે શ્રી સંઘમાં સારી આરાધનાઓ નક્કી થઈ. પૂ. મુનિરાજશ્રી અત્રે બાળકોની શિબિર ચલાવે છે. જેમાં હાલ ૧૦૦ આસપાસ બાળકો લાભ લઈ રહ્યા છે.

''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૩૭,અંક-૪૦/૪૧,તા.૮-૭-૧૯૮૯

## શાકાહારી ઈંડા : ભ્રામક પ્રચાર

(''મુંબઈ સમાચાર'', ૧૫-૬-૮૯ માંથી સાભાર ઉદ્ધૃત)

છેલ્લા થોડાક સમયથી આપના ચર્ચાપત્રોમાં આવતા ઈંડા અને માંસાહાર વિરોધી ચર્ચાપત્રોએ અમારા જેવા માંસાહારી લોકોની આંખ ઉઘાડી નાખી છે.

વિશ્વના નામાંકિત ડૉક્ટરોના અભિપ્રાયો જડબેસલાક આંકડાઓ તથા સચોટ દાખલા દલીલો સાથે લખાયેલા ચર્ચાપત્રો વાંચીને અમારા કુટુંબીજનોમાં તો અમે માસાંહાર છોડી જ દીધો છે. ઉપરાંત પોષણના નામે અમારા દિલો-દિમાગનું શોષણ કરતા ઈંડાને પણ તિલાંજલી આપી દીધી છે.

આવા નિષ્પક્ષ અને પ્રજાના સાચા આરોગ્યની ચિંતા કરતા ચર્ચાપત્રો છાપીને મુંબઈ સમાચારે આજના સમાજની સાચી સેવા કરી છે. વધુમાં આપને ફરીથી વિનંતી કરવાની કે આપ જેવા નિષ્પક્ષ તંત્રીઓ આપશ્રીના અગ્રલેખોમાં ઈંડા તથા માંસાહારનો વિરોધ કરીને તથા આપના પેપરમાં આવતી ઈંડાની છેતરામણી જાહેરાતો બંધ કરીને ગાંધીજીએ સ્થાપેલા અહિંસા ને સત્યના પક્ષકાર બનશો તો લાંબુ અને નિરોગી જીવનની ઈચ્છા ધરાવતા અમારા જેવા અનેકોની ઉપર આપણો ઘણો જ ઉપકાર લેખાશે.

અમારા ફેમીલી ડૉક્ટરનો આ બાબતમાં અભિપ્રાય માંગતા તેમણે પણ ઈંડા અને માંસાહારના નુકસાનો બતાવી સંપૂર્ણ શાકાહારી બની જવાની સલાહ આપી છે. આથી અમે પણ સર્વે આરોગ્યપ્રિય વાચકોને અમારી સાથે 'શાકાહાર અભિયાન' માં જોડાવા અપીલ કરીએ છીએ. **- ફિરોઝ કે. કપૂર**

● ● ●

ઈંડા કદી ઝાડ પર ન ઉગતા હોવાથી કદાપિ શાકાહારી થઈ શકતા નથી. નેશનલ એગ કોઆર્ડીનેશન કમિટી દ્વારા ઈંડા શાકાહારી હોવાનો ભ્રામક અને મિથ્યા પ્રચાર થઈ રહ્યો છે.

આ પ્રચાર તદ્દન જૂઠો અને આધારહીન છે. કારણકે ઈંડા કદાપિ વૃક્ષ પર ઉગતા નથી કે ઘી અને તેલની માફક બનાવવામાં આવતા નથી. ઈંડા તો હંમેશા મરઘીના પેટમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ જે ઈંડામાંથી મરઘીનો જન્મ થતો નથી તેના ઈંડાને કેટલાક તકસાધુ લોકો પ્રચારને માટે અને પોતાની ધંધાકીય આવક વધારવા માટે 'શાકાહારી ઈંડા' કે 'રામ લડ્ડુ' એવું ભયાનક ઉપનામ આપી વેચાણ કરે છે. અભણ અને ભોળી પ્રજા પોતાના લાભાલાભનો વિચાર કર્યા વગર ફેશનેબલ ગણાવા માટે ઈંડા ખાઈ આરોગ્ય ઉપર ભયંકર આફત નોતરે છે.

હકીકતમાં તો કહેવાતા શાકાહારી ઈંડા એ મરઘીનો ગર્ભપાત છે જે રક્ત, મળ, મૂત્ર વગેરેથી ખરડાઈને મરઘીના પેટમાંથી બહાર આવે છે. તેમાં સાધારણ ઈંડા કરતા પણ વધુ જીવલેણ બીમારી ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે.

તો પછી બધી બાબતોને ફક્ત તર્કના જ ત્રાજવે તોલી આજની બુદ્ધિજીવી પ્રજાના બુદ્ધિમાન ગણાતા માણસો સંગઠિત થઈને આવા જૂઠા અને આરોગ્ય માટે જોખમી પ્રચાર સામે પોતાનો અવાજ ઉઠાવશે ખરા ?

અંતે તો લાંબુ અને નિરોગી આયુષ્ય જીવવું એ તો આપણો જન્મસિદ્ધ હક્ક છે. તેના પર કોઈ તરાપ મારીને આપણને મૂર્ખ ઠેરવે તે તો કેમ સહન કરી શકાય ?

**- સેદુલ દફતરી**

• • •

મુંબઈના ડૉ. વસંત જાઈ જેઓ છેલ્લા ૩૦ વર્ષથી ડાયેટોલોજીસ્ટ અને ન્યુટ્રીશનીસ્ટ તરીકે હાફરીન ઈન્સ્ટીટ્યૂટ તથા હરકીશનદાસ હોસ્પિટલમાં સેવા બજાવી રહ્યા છે. તેમના મત પ્રમાણે ઈંડામાં ૫ ટકા ગુણ છે તો ૯૫ ટકા અવગુણ છે. એનઈસીસી તરફથી એવી જાહેરાતો થયેલી છે કે સફરજન અને ટામેટા કરતા ઈંડામાં પ્રોટીન વધુ છે. સવા કિલો ટામેટા અથવા ૬ કિલો સફરજન કરતા બે ઈંડામાં વધુ પ્રોટીન છે. પરંતુ ડૉક્ટર વસંત જાઈના મત પ્રમાણે આ સરખામણી ગેરમાર્ગે દોરનારી છે. સફરજન અને ટમેટા તેના પ્રોટીન માટે નહિ પરંતુ તેમાં રહેલા ખનિજ પદાર્થો જેવા કે શર્કરા, વિટામીનો અને કાર્બોહાઈડ્રેટસ માટે ખવાય છે. ડૉક્ટર જાઈ કહે છે કે ઈંડાનો ભ્રામક પ્રચાર કરનારા પ્રોટીનના જ ગુણગાન ગાયા કરે છે. તેમને પછી જુઓ કે ઈંડાની તુલના ખટમધુરા ફળો સાથે કરો અને કહો કે તેમાં વિટામીન સી કેટલું છે. ૧૦૦ મીલીગ્રામ વિટામીન સી માટે પા કિલો (૦૧) સંતરા કે ટમેટા પૂરતા છે. જ્યારે તેને માટે ૧૦ કિલો ઈંડા એટલે કે આશરે ૨૦૦ ઈંડા આરોગી જવા પડે.

**- વિજેશ આર. દોશી**





## જિનશાસનના તેજસ્વી સિતારા સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજની સુરતમાં ગુણાનુવાદ સભામાંથી કાંઈક

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય નવિનસૂરીશ્વરજી મહારાજ આદિ અનેક મુનિવરોની પાવન નિશ્રામાં શેઠ નેમુભાઈની વાડીના ઉપાશ્રયે સ્વ. પૂજ્યશ્રીની ગુણાનુવાદ સભા રાખવામાં આવેલ. જેમાં,

- પૂ. આ. શ્રીમદ્ વિજય હિરણ્યપ્રભસૂરીશ્વરજી મહારાજે અનેક પ્રસંગો બતાવીને જણાવ્યું હતું કે ''અમે જ્યારે જ્યારે મલ્યા ત્યારે તેમના સ્નેહભીના સ્વભાવનો સારો અનુભવ થયો. જ્ઞાનની તો એ મૂર્તિ હતા. આવા મહાન આત્માના જવાથી સંઘને ભારે ખોટ પડી છે.

- આચાર્ય શ્રી કલ્યાણસાગરજી સૂરિજી મહારાજે જણાવ્યું હતું કે સમુદાય કરતાં ને પક્ષ કરતાં ય શાસન મહાન છે. શાસનનાં હિત માટે સામાચારીનું કાંઈક જતું કરવું પડે તે કરવાની ઉદારતા હોવી જોઈએ. આવી ઉદારતાના પ્રભાવે જ આજે એક પુણ્યાત્માના ગુણાનુવાદમાં તમે ત્રણ ત્રણ સમુદાયને એક પાટે સાથે બેઠેલા જોઈ શકો છો.

- પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય રાજયશસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હતું કે અમે એકવાર મલ્યા ત્યારે તેમણે એક સૂત્ર આપેલું કે ''કંઠીબંધા ભક્તોને કયારેય સામેથી બોલાવવા નહિ.'' બહુ સાચી વાત હતી. કંઠી બાંધી હોય એટલે એકના જ દુરાગ્રહમાં હોય, પછી બાકી બધા જ તેને ખોટા લાગે. આજનો કહેવાતો અનુયાયી વર્ગ હકીકતમાં અનુયાયી જ નથી. અનુયાયી તો તે કહેવાય કે જે ગુરુની પાછળ ચાલે. આ તો ગુરુને પોતાની પાછળ ચલાવે છે ! અમારા પરમોપકારી પૂજ્ય સ્વ. ગુરુદેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજે 'જૈનં જયંતિ શાસનમ્'નો નાદ ગૂંજતો કરેલો. શાસનને નજરમાં રાખો અને પછી બધું વિચારો. આજે શાસન કરતાં પક્ષને નજરમાં લઈને વિચારવામાં આવે છે; તેથી શાસનની હીલના કરનારી પ્રવૃત્તિ કરતાં સંકોચ નથી. સ્વ. પૂ. ગુણાનંદસૂરીશ્વરજી મ. સહુની વચ્ચેથી એકાએક ચાલ્યા ગયા. એક ટેક્ષી આગળની મોટરને ઓવરટેક કરવા આવીને ટક્કર મારીને જતી રહી, શી વાત છે ? પણ એ ટક્કરમાં આપણે તો એક મહાન વિભૂતિ ગુમાવી બેઠા ! વર્તમાન કાળે કેવી અરાજકતા !

- પૂજ્ય મુનિરાજ શ્રી હેમરત્નવિજયજી મહારાજે પૂજ્યશ્રીના ગૃહસ્થાવાસથી માંડીને સ્વર્ગવાસ સુધીના અનેક પ્રસંગો સભા સમક્ષ મૂકીને સહુની આંખડી ભીંજવી

દીધી હતી. પૂજ્ય મુનિશ્રીએ જણાવ્યું હતું કે પૂ. ગુણાનંદસૂરીશ્વરજી મ.નો અકસ્માત્ -પ્રસંગ ભલભલાંને વૈરાગ્ય કરાવે એવો હતો. તત્ત્વાર્થ સૂત્રના સાતમા અધ્યાયમાં એક નાનકડું સૂત્ર છે.

- **'જગત્કાય-સ્વભાવૌ ચ સંવેગ વૈરાગ્યાર્થમ્ !'** જગતમાં બનતી ઘટનાઓ અને કાયાનો સ્વભાવ અંતરમાં વૈરાગ્ય અને ધર્મપ્રેમ જગાડે એવા (૧) મચ્છુનો ડેમ ફાટ્યો અને પાંચ હજાર નરનારીઓ તણાઈ ગયા ! લાખો પશુઓ મોતના મુખમાં ધકેલાઈ ગયા ! (૨) ભોપાલમાં ઝેરી ગેસ ફાટ્યો, અને દશ હજાર માણસો ગુંગળાઈને મરી ગયા ! (૩) અમદાવાદ પાસે પ્લેન સળગી ઊઠયું અને ૧૩૦ માણસો સ્વાહા થઈ ગયા. (૪) મોસ્કોમાં ભૂકંપ થયો અને ૫૦,૦૦૦ માણસો ધરતીમાં સમાઈ ગયા, સાવ સેન્ડવીચ બની ગયા. આવી વિશ્વની ઘટનાઓ જાણ્યા બાદ આત્મામાં વૈરાગ્ય જાગવો જોઈએ. પણ આજના કાળે માણસના હૈયાં ધિટ્ટાં બનાવી દીધાં છે. એને બધું જ કોઠે પડી ગયું છે. છાપું વાંચીને આરામથી ચા પી લે છે !

(૫) સગર ચક્રવર્તીએ ૬૦,૦૦૦ પુત્રોના મોત સાંભળીને અંતરને વૈરાગ્યથી ભીનું ભીનું બનાવી દીધું હતું. (૬) હનુમાનજી આથમતી સંધ્યાને જોઈને વૈરાગી બની ગયા હતા. (૭) ગૌતમબુદ્ધ કરમાયેલા ગુલાબને જોઈને વિરાગી બન્યા હતા. પૂર્વે આવા સામાન્ય પ્રસંગમાં વૈરાગ્ય ! ને આજે ખતરનાક પ્રસંગ જોઈ વૈરાગ્ય નહિ ? શાસનની શાનસમા મહાન આત્માના આ રીતના સ્વર્ગવાસ-સમાચાર વૈરાગ્ય પામવા માટે બસ છે.

પૂ. ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ આ જન્મમાં મૂળ લિંગાયત કોમમાં જન્મીને એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરીને પૂ. આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સંપર્કમાં આવી વૈરાગ્યવાસિત, દીક્ષિત અને એઓશ્રીના કૃપાપાત્ર બન્યા હતા. પોતાના પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના અદના સેવક હતા. મોટા ધુરંધર જ્ઞાનયોગી હોવા છતાં પૂજ્ય ગુરુદેવ પાસે એક નાનકડા બાળક બનીને ઊભા રહી જતા અમે અનેકવાર જોયા છે. પૂજ્ય ગુરુદેવશ્રી પણ તેમના ઉપર એટલા જ પ્રસન્ન હતા. ગુરુદેવે પોતાના વરદ હસ્તે તેઓશ્રીને તૃતીયપદે બિરાજિત કર્યા હતા.

આ. મહાપુરુષની પાસે પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખર વિ. ગણી મ. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિ. મ. આદિ સમુદાયના અનેક મુનિઓ ભણ્યા હતા. હું પોતે પણ તેઓશ્રી પાસે ભણ્યો છું. ઉપમિતિ, હારિભદ્રીય દશવૈકાલિક, વિશેષાવશ્યક ભાષ્ય આદિ અનેક ગ્રંથોનું અધ્યયન તેઓશ્રીએ અનેકને કરાવેલું. ધુલિયાના મારા પ્રથમ ચાતુર્માસમાં હું તેઓશ્રીની સાથે હતો ત્યારે તો મને વ્યાખ્યાન વાંચતા પણ



આવડતું ન હતું છતાં પૂજ્ય ગુરુદેવે મને મોકલેલો. પૂ. આ. શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ.ની તબીયત તો નરમ રહેતી, તેથી તેઓ પ્રવચન તો આપતા ન હતા. પણ પ્રવચનના પોઈંટની તેઓશ્રી મને નોટસ કરાવતા. સમુદાયના સાધુ માટે એમણે જે મહેનત કરી છે તે ખરેખર અનુમોદનીય જ નહિ પણ ચિરસ્મરણીય છે.

અમે સમુદાયના સાધુઓ જેટલું જ્ઞાન તેમની પાસેથી મેળવ્યું, તેટલું જ્ઞાન જો પંડિતો પાસેથી મેળવ્યું હોત તો કદાચ જૈન સંઘના ૨૫ લાખ રૂપીયા ખર્ચાઈ જાત તો ય તેઓશ્રી જેવું આપી શક્યા તેવું પંડિતો ન આપી શકત. આવા જ્ઞાનયોગીના વિરહથી અમને સહુને જ નહીં સમગ્ર જૈનસંઘ-શાસનને એક ન પૂરી શકાય એવી ભારે ખોટ પડી છે. તેઓશ્રીના ગુણાનુવાદ કરીને તેમના જેવા ગુણ આપણામાં જાગે એવી અભિલાષા સહ વિરમું છું.

**"દિવ્ય-દર્શન" - "પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૮,તા.૨૮-૧૦-૧૯૮૯

## ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, મુંબઈ, રવિવાર તા. ૧૭-૯-૮૯

## માંસ માટેનો વૈકલ્પિક સ્રોત-સસલા

હવે એ દિવસ દૂર નથી કે જ્યારે ચીલાચાલુ માંસની જગ્યાએ સસલાના માંસની સુંદરતયા બાફીને તૈયાર કરેલ વાનગી બજારને કબજે કરશે.

પશુસંવર્ધન ખાતાના એડીશનલ ડાયરેક્ટર ડૉ.એચ.ટી. વેન્કટશેટીએ જણાવ્યું કે અમારા ખાતાએ સસલાની ખેતી કરવા રાજ્યમાં એક યોજના અમલમાં મૂકી છે અને શરૂઆતમાં છ પશુસંવર્ધન વાડામાં સસલાનો ઉછેર શરૂ કરવામાં આવ્યો છે.

તેઓએ કહ્યું કે અમારા ખાતા તરફથી ઘણા ગ્રામ યુવકોને હેસારઘટ્ટા પશુસંવર્ધન વાડામાં આને લગતી તાલીમ અપાઈ રહી છે. તેમાંના થોડાક યુવાનોએ તો પોતાના સસલા ઉછેરકેન્દ્રો સ્થાપી પણ દીધા છે. અમારા ખાતાએ હિમાચલ પ્રદેશમાંથી સસલા મેળવ્યા છે. અને દરેક તાલીમ પામેલા યુવાનને પોતાનું કેન્દ્ર ચાલુ કરવા એક નર અને બે માદા સસલા ખાતાના કેન્દ્રમાંથી આપવામાં આવે છે.

સસલાની ખેતી (ઉછેર) ને પ્રોત્સાહન આપવા રાજ્યની આર્થિક યોજનામાં સમાવેશ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારના પ્રોત્સાહનથી હસન જીલ્લામાં આવા અનેક કેન્દ્રો કામ કરતા થાય છે, એમ તેઓએ ઉમેર્યું.

તેમણે જણાવ્યું કે સસલાનો ઉછેર આર્થિક રીતે પરવડે તેવો છે કારણ કે સસલાઓ સહેલાઈથી ઉછેરી શકાય છે, તેમને જલ્દી રોગ લાગુ પડતા નથી, તેઓની વંશવૃદ્ધિ જલ્દીથી થાય છે, અને તેમનું માંસ, ચામડી અને રૂંવાટી બજારમાં

સહેલાઈથી ખપી જાય છે. સસલાના ઉછેર માટે ઓછું રોકાણ અને ઓછી સાધના સામગ્રીની જરૂરીયાતને કારણે ખેડૂતો સહેલાઈથી તેનો ઉછેર કરી શકે છે.

તદ્ઉપરાંત, સસલાની ખેતી ખેડૂતને ઘણી જ નફાકારક થાય છે, કારણ કે સસલાની વૃદ્ધિ બીજા પ્રાણીઓ કરતા ઘણી ઝડપથી થાય છે, તેમ તેમણે કહ્યું.

એક વર્ષમાં ૩૦ થી ૩૫ બચ્ચાઓને સસલા જન્મ આપી શકે છે અને તે પાંચ મહિનામાં તો પુખ્ત બને છે. જેથી તેના માંસના ૧૭રૂા. કિલો લેખે ભાવ મળે છે. તેમની ચામડીના રૂા. ૧૦ થી ૧૨ અને રૂંવાટી કે જેમાંથી પ્રખ્યાત અંગોરા ઊન બને છે તેના રૂા. ૧૦૦૦ કીલોના મળે છે.

સસલાની ખેતી (ઉછેર) માટે પ્રોત્સાહન પૂરું પાડવા ખેડૂતો ઉપરાંત ઘણી જ ખાનગી વેપારી સંસ્થાઓએ પણ મોટા પાયા પર સસલાનો ઉછેર કરવાનું શરૂ કર્યું છે. સ્થાનિક એક કંપની વાર્ષિક એક લાખ સસલાનો ઉછેર કરવા એક કેન્દ્ર વિકસાવી રહી છે.

ડૉ. શેટ્ટીએ સસલાનું માંસ ગ્રાહકો દ્વારા અપનાવવા બાબત જણાવ્યું કે ચીલાચાલુ માંસની દિવસે દિવસે ખેંચ વર્તાય છે. (તંગી વધતી જાય છે), તેથી સસલાનું માંસ બજારમાં મળવા લાગતા ચીલાચાલુ માંસની માંગ અને પુરવઠા વચ્ચેની ખાઈ ઓછી થશે.

વળી તેમણે અંગુલિનિર્દેશ કર્યો કે સસલાના માંસના કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઓછું હોવાથી તથા આ માંસ પાતળું (ઓછું ચરબીવાળું) હોવાથી તે વધારે લોકપ્રિય બનશે કેમકે **આજકાલ ગ્રાહકોની પસંદ પાતળા માંસ પ્રત્યે છે અને નહીં કે ભરપુર ચરબીવાળા માંસ પ્રત્યે.**

સસલાની ખેતી દ્વારા કરોડોની સંખ્યામાં સસલાની આયોજિત હિંસાના વિરોધ માટે ગામોગામથી અધિકાધિક તાર-પત્રો નીચે મુજબ મોકલવા ખાસ અપીલ છે.

| | |
|---|---|
| To, | Prime Minister |
| (1) President Of India | Secretariat |
| New Delhi | South Block New Delhi |

Stop Rabbit Farming Scheme Save Voiceless animals from destruction.

## "દિવ્ય-દર્શન" - **"સસલાની ખેતી ?"** વર્ષ-૩૮,અંક-૧૪,તા.૨૩-૧૨-૧૯૮૯

દયાપ્રેમી દરેકને જાણીને પારાવાર દુઃખ થાય એવું છે કે ભારત સરકારે અને ખાસ કરીને કર્ણાટક સરકારે "સસલાની ખેતી" ના રૂપાળા શબ્દો દ્વારા સસલાને ઊછેરી એના માંસ-ચામડી-રૂંવાટી દ્વારા પૈસા કમાવાની યોજના શરૂ કરી છે.



યોજનાની વિગત

'Raising Rabbits' નામના Indian Expressમાં આવેલ લેખનો **સારાંશ.**

સરકાર હવે સસલા ઉછેર કેન્દ્રો ઊભા કરી રહી છે... તેઓ કહે છે કે ગાય, ભેંસ, બકરા, ઘેટા, ડુક્કર, મરઘા ને માછલાથી ભારત વર્ષની માંસની માંગને પહોંચી વળાતું નથી... તેને પહોંચી વળવા માટેની આ યોજના છે... વધુમાં આ યોજનાના ગુણગાન ગાતા કહે છે કે એક સસલાની જોડ પાંચ વર્ષમાં પરંપરાએ ત્રણ લાખ બાવીસ હજાર સસલા પેદા કરવાની ક્ષમતા ધરાવે છે. એક સસલું ૧ કિલો માંસ આપી શકે છે, તેથી ૫ વર્ષમાં ૧ સસલાની જોડમાંથી ૩૨૨ ટન માંસનું ઉત્પાદન સરળ બની શકે.

વળી સસલાનો વિકાસ ખૂબ ઝડપી થાય છે... પ્રજનન શક્તિ ઘણી જ હોય છે. ખરાબ ખોરાક ખાઈને પણ તેને સુંદર માંસમાં રૂપાંતર કરવાની શક્તિ ગજબની હોય છે. સસલું આખા જ વિશ્વની માંસની માંગને પહોંચી વળવા સમર્થ છે... તેની ચામડી તથા રૂંવાટીની માંગ પણ ઘણી છે. તેથી તેના દ્વારા વિશ્વના બજારમાં મોં માંગ્યા ભાવ મેળવી શકાય છે... સસલાનું માંસ પાતળું છે, તેમાં કોલેસ્ટરોલનું પ્રમાણ ઓછું છે, તેથી બીજા બધા માંસ કરતા ખાવામાં હલકું, સરળતાથી પચી જાય તેવું તથા સ્વાદિષ્ટ હોય છે... તે જલ્દી લોકપ્રિય બની જાય છે.

સસલાને ઉછેરવા મૂડી રોકાણ ઓછું જોઈએ છે... બાંધકામના ખર્ચા લાગતા નથી. શેડ નીચે ખુલ્લા મેદાનમાં પણ ઉછેરી શકાય છે. તેમનામાં હાડકા કરતા માંસનું પ્રમાણ વધારે હોય છે... એક સસલું એક વર્ષમાં ૨૫ થી ૩૦ બચ્ચા પેદા કરી શકે છે... ૨।। થી ૩ મહિનામાં ૧।। થી ૨ કિલો વજન વધી જાય છે. સસલા વિ.ને રહેવા માટે જગ્યા પણ ઓછી જોઈએ છે... દરેકને અલગ અલગ પાંજરામાં રાખી, સારામાં સારો ખોરાક આપવામાં આવે છે. તેમનો ગર્ભકાળ લગભગ ૩૦ થી ૩૭ દિવસનો હોય છે. એક સસલી એક સાથે ૩ થી ૭ બચ્ચાને જન્મ આપે છે. એક કે દોઢ મહિનામાં જ બાળ સસલાને તેની માતાથી દૂર કરી દેવામાં આવે છે.

સસલાનું માંસ પણ ચીકનના જેવું જ હોય છે, તેના વિકલ્પ તરીકે પણ વાપરી શકાય છે. રોગનો સામનો કરવાની શક્તિ પણ તેમનામાં સારી હોય છે. દરેક જાતના વાતાવરણમાં તે પોતાની જાતને અનુકૂળ કરી શકે છે. **મદ્રાસની વેટરીનરી કોલેજમાં** આ વિષય પર શોધખોળ ચાલી રહી છે... સસલાના માંસમાં બીજા બધા કરતા પ્રોટીનનું પ્રમાણ પણ વધારે હોય છે. જ્યાં ખેડૂતોએ ખેતી દ્વારા ધાન્યનું ઉત્પાદન બંધ કર્યું છે, તેવા ક્ષેત્રોમાં આ ઉછેર કેન્દ્રો શરૂ કરાયા છે... ને તેમને પૂરતા પ્રમાણમાં પ્રોત્સાહનો તેમજ સહાય પણ આપવામાં આવે છે...

લેખક E. S. Venatesan

Dr. Venkatesan is a retired professor of the Madras Veterinary College, where he was with the Department of Meats for nearly two decades.

આ એટલા માટે જણાવાય છે કે

(૧) મૂળ સ્થાને જેની લગભગ પહોંચે તે આ આ ગોઝારી સ્કીમ રદ કરાવવા પ્રયત્ન કરે અને (૨) આજ વધી પડેલ સૌંદર્યના સ્થાનનો ઉપયોગ તથા શોખની તેવી વસ્તુઓ બંધ કરાય.

"સસલા ઊગાડવાની" સરકારી યોજના દ્વારા લાખો નિર્દોષ જીવોની હિંસાના કાર્યક્રમનો વિરોધ તાર દ્વારા પત્રો દ્વારા મોકલવા ખાસ અનુરોધ છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૧૭,તા.૨૦-૧-૧૯૯૦

## ગૃહમંદિર સંબંધી માહિતીપત્ર (અંજનશલાકા-ચલપ્રતિષ્ઠાવાળા)

૧. આપને ત્યાં ગૃહમંદિરમાં મૂળનાયક ભગવાન ક્યાં ?...
૨. આજુબાજુ હોય તો કેટલા અને કયા કયા ?...
૩. શ્રી સિદ્ધચક્ર યંત્ર છે ખરું ?...
૪. પરમાત્મા પાષાણના, પંચધાતુના, ચાંદીના, સ્ફટિકના કે અન્ય કોઈ ?...
૫. કેટલા વર્ષ પહેલાં ગૃહમંદિરમાં પ્રભુજી પધરાયા ?...
૬. કોના શુભહસ્તે પ્રતિષ્ઠા કરાવી ? (પ્રવેશ કરાવ્યો) ?...
૭. દરરોજ હાલમાં મંદિરમાં પૂજા કરનાર કેટલા ?...
૮. તમારાથી બીજી કોઈને પ્રેરણા મળી ?...
૯. તમારે ત્યાં પ્રભુજી પધારવાથી કંઈ વિશિષ્ટ અનુભવ ?...
૧૦. તમારા મકાનની અંદર છે કે અલાયદા છે ?...
૧૧. તમારે ત્યાં બંગલામાં, ફ્લેટમાં કે રૂમમાં છે ?...
૧૨. પરમાત્માની દૃષ્ટિ કઈ દિશામાં છે ?...
૧૩. તમો પરમાત્મભક્તિ કેટલો સમય કરી શકો છો ?...
૧૪. તમારે મંદિર માટે કંઈ જરૂરી છે ?...
૧૫. તમારા પરમાત્મા બીજે ક્યાંય જરૂર હોય તો આપવા છે ?...
૧૬. ભગવાનને પરિકર છે કે નહિ ?...

અમો ગૃહમંદિર સંબંધી પુસ્તક પ્રકાશિત કરવા ભાવના રાખીયે છીએ... આ અંગેની શક્ય હોય તો પૂરેપૂરી નહિતર જેટલી બને તેટલી વધારે માહિતી



મોકલી આ કાર્યમાં યોગ્ય સહકાર આપશો.

સરનામુ : મુનિ વરબોધિ વિજય C/o, અરિહંત મેન્શન, મીન્ટસ્ટ્રીટ, મદ્રાસ.

"દિવ્ય-દર્શન" - **"બીઝનેસ ઓફ મેન"** વર્ષ-૩૮,અંક-૧૮,તા.૨૭-૧-૧૯૯૦

- લીવર એક્સ્ટ્રેક્ટ નામની દવા પશુઓના લીવર ઉકાળીને બનાવાય છે.
- શેમ્પુ, સાબુ, હેરસ્પ્રે, આયલેશિઝ વગેરે કોસ્મેટીક સાધનોનું રીએક્શન જોવા માટે સસલાઓને માથું હલાવી ન શકે તેવાં તાંબાનાં બોક્ષમાં ફીટ કરી આંખોની પાપણો કાપી નાંખીને તેના ડોળા પર, શેમ્પ વગેરેનું દ્રાવણ રેડવામાં આવે છે.
- બોક્ષીંગની રમતમાં માણસના માથા પર ૧૦૦ ફટકા પડે તો શું રીએક્શન આવે ? એ જોવા માટે વાંદરાના માથા પર લાકડીના ૧૦૦ ફટકા મારવામાં આવે છે.
- સ્નાન માટેનાં ઊંચી જાતના સાબુમાં કાચબાને ઉકાળીને તેનું તેલ કાઢી સાબુમાં ભેળવાય છે.
- વ્હેલ માછલીનું પેટ ચીરીને અંદરની સુકોમળ ચામડી કાઢી તેમાંથી બાળકોને રમવા માટેના રમકડાં બનાવવામાં આવે છે.
- ગેંડાના શીંગડાની કિંમત સીત્તેરથી એંશી હજાર ઉપજતી હોવાથી આખાને આખા ગેંડાને ઠાર કરવામાં આવે છે.
- ફરકોટ બનાવવા માટે મિંક નામના પ્રાણીઓની હત્યા કરવામાં આવે છે, ૧૦૦ મિંક મરે ત્યારે એક ફરકોટ બને. રૂંવાટીદાર ટોપી બનાવા માટે ઘેટાંના બચ્ચાને મારી નાખવામાં આવે છે.
- કસ્તુરી માટે જીવતાં કસ્તુરી મૃગોને મારી નાખવામાં આવે છે. એક કિલો કસ્તુરીનો ભાવ છે પાંચ લાખ રૂપિયા.
- હોર્મોન્સ મેળવવા માટે સગર્ભા ઘોડીના પગ બાંધી દઈને ભય ઉત્પન્ન કરાવીને વધુ ને વધુ પેશાબ કરાવાય છે.
- આંધ્રના નાલગોંડા જિલ્લાના દુરાજ્યપલ્લી ગામે દર વર્ષે શિવરાત્રીનો મેળો ભરાય છે. ત્યારે કુલ દશ હજાર ઘેટાં-બકરાનાં ભોગ ધરાવવામાં આવે છે.
- ઈંડાના ભાવ ટકાવી રાખવા માટે મલેશિયાના પોલ્ટ્રીફાર્મમાં જન્મેલા મરઘીના કુલ ત્રીસ લાખ બચ્ચાને જીવતા આગમાં સળગાવી મારવામાં આવ્યા હતા.
- મુંબઈમાં દિવસ ઉગે તે પહેલાં કુલ ૧૦૦૦ ઘેટાં-બકરાંની કત્લેઆમ બોલી જાય છે.

● ચાર પગવાળા ખુરશી-ટેબલ છોડીને બધું જ ખાવા શીખેલા ચીનાઓ ઉંદરડાથી માંડીને વાઘ જેવા પ્રાણીઓને ખાઈ જાય છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૨૨/૨૩,તા.૩-૩-૧૯૯૦

## આજના કાળને શ્રાપ : વાસનાથી રક્ષાનો ઉપાય

આજના વધી ગયેલા વિકારસાધનોમાં જીવોની કેવી ભયાનક ખરાબી સરજાઈ રહી છે એનો વિચાર કરવામાં આવે તો આજના કાળને શ્રાપ દેવાનું મન થાય.

હાલતાં ને ચાલતાં ઉદ્ભટ વેશવાળી સ્ત્રીઓ-બાળાઓનાં અંગોનાં થતાં દર્શન, સિનેમાચિત્રો, છાપાઓમાંનાં આકર્ષક સ્ત્રીચિત્રો, તથા જાહેરાતમાંનાં સ્ત્રીચિત્રોનાં થતાં દર્શન, તેમજ શૃંગારી નોવેલ-નવલિકાનાં વાચન, વળી ચા-નાસ્તા-પીણાં વગેરેના વધી ગયેલા ખાનપાનટંક, તેમજ ભૂતની જેમ ઊભરાઈ પડેલી મોહ-વિલાસની વાતો, સ્ત્રીપરિચયો, માદક ખોરાક, અને વિટામીન ભરપૂર દવાઓ ઇત્યાદિ મહા વિકાર સાધનો છે, વિકારોનાં એ ઉત્તેજક છે. એથી જીવોની કામવાસના ભભૂકતી રહે છે. પછી ઉત્તમ કુળ, સમાજ વ્યવહાર વગેરેનાં બંધન માથે ધર્યા હોય તો કાયિક દુરાચારના માર્ગે જવાનું કદાચ ન થાય, કિન્તુ દૃષ્ટિના અને વિચારના દુરાચાર ચાલી પડે છે, તેમજ સ્વસ્ત્રીમાં અનહદ અસંયમ પ્રવર્ત્યા કરે છે. ત્યારે જો પેલા બંધનની પરવા ન હોય તો ગુપ્ત વ્યભિચાર પણ ચાલ્યા કરે છે. એમાં વળી આજના સંતતિનિયમનનાં સાધનોએ દાટ વાળ્યો છે. સરકાર દ્વારા ગર્ભપાત કાયદેસર ગણાતા વાત ઓર વિણસી છે.

આ સ્વસ્ત્રીમાં અનહદ-અસંયમથી, પરસ્ત્રીદર્શનથી, સ્ત્રીચરિત્રદર્શનની લતથી કે આગળ વધીને દુરાચારથી બચવા માટે અલબત દૃષ્ટિ પર કાબૂ, સિનેમા-ટી.વી. ત્યાગ, ખાનપાન પર સંયમ, મોહની વાતોનો ત્યાગ, સ્ત્રીચિત્રો જોવાનો ત્યાગ, શૃંગારી વાચનનો ત્યાગ, સ્ત્રીપરિચય અને વીર્યોત્તેજક દવાઓનો ત્યાગ વગેરે જરૂરી છે; ઉપરાંત આ એક વિચારવા જેવું છે કે

મનમાં ઊઠેલી કામવાસનાને તૃપ્ત કર્યે જવાનું કેટલું બધું જોખમી છે ? અને એને તૃપ્ત કરવાનું કામ કેવુંક વચગાળે ખંડિત થનારું છે ? જોખમમાં આબરૂ જાય, તિરસ્કાર મળે, અંતર સળગતું રહે, આયુષ્ય કપાય, છેવટે મૃત્યુ તો આવવાનું જ. મૃત્યુ થતાં મોહ તરફથી જીવને જાણે પડકાર થાય છે કે 'લે, કર હવે વાસનાની તૃપ્તિ ! જોઈએ છીએ તું કેવીક તૃપ્તિ કરી શકે છે ?' આ પડકાર ઝીલી વાસનાનું કાર્ય ચાલુ રાખવાની શક્તિ મૃત્યુ પામતા જીવમાં રહેતી નથી; કેમકે મૃત્યુ થતાં



જીવને એ શરીર તથા એના અંગેનો સંબંધ જ છૂટી ગયો, પછી એના દ્વારા શી રીતે વાસના-તૃપ્તિનું કાર્ય કરી શકે ? ત્યારે જો કે નવા શરીર અને એના અંગોથી પાછું વાસના-તર્પણનું કામ ચાલી શકે ખરું, પણ ત્યાં ય પુણ્ય વિના એની સામગ્રી પરલોકમાં ક્યાં મળે ? તેમજ અહીંના વાસના પોષણથી ઊભા કરેલાં જાલિમ પાપો ત્યાં કેવી દુઃખદ પીડાઓ અને મોત લાવવાના ?

વાસનાની તૃપ્તિ કરવાનાં સાધન પણ પુણ્ય ઉદયમાં હોય તો જ મળે; પાપના ઉદયથી ન મળે. અહીં અયોગ્ય માર્ગે વાસના-તર્પણમાં તો જાલિમ પાપો ઊભા કર્યાં, ને એ જ કરવા પર પુણ્ય ક્યાંથી ઉપાર્જાય ? અને એ નહિ, તો પરભવે સાધન-સામગ્રી ક્યાંથી મળે ? તો એના વિના વાસનાની તૃપ્તિ શે કરી શકે ? એટલે અહીં અયોગ્ય માર્ગે તથા દુરાચારના માર્ગે વાસનાની તૃપ્તિ કર્યે જવામાં વચમાં જ મોત આવતાં અહીં તો હવે એ તૃપ્તિ કરવાનું અટક્યું, પણ પછીથી ય સાધનના અભાવે એ તર્પણ પણ થઈ શકવાનું નહિ; ને વધારામાં અહીં પુષ્ટ કરેલી વાસનાની આગ ત્યાં જોરદાર સળગતી રહેવાની.

પાછું એવા દુર્ગતિના ભવમાં વળી સમજ તો હોય નહિ, ઉપદેશ પણ મળે નહિ, એટલે વાસનાને શુભ ભાવનાથી શમાવવાનું ય થઈ શકે નહિ. એટલે નિરંતર જલતી રહેતી વાસનાની આગ જીવને કેવી અને કેટલી પીડાયા કરે ? કેવી બેચેની અને ભાનભૂલાપણું રાખે ! વળી પરભવે વાસનાની આગ પીડતી હોય, અને એના તૃપ્તિ કરવાનું મળતું ન હોય, તેથી કેવાં દુઃખદ દુર્ધ્યાન ચાલે ? તેથી કેવાં કારમા પાપકર્મ સરજાતા રહે ? એનું પરિણામ, આગળ પણ અધિક દુઃખદ દુર્ગતિના ભવ સિવાય બીજું શું આવે ?

તાત્પર્ય, વાસનાને મહેકાવવામાં અને સંયમબહાર પોષ્યે જવામાં અહીં અંતે હાથ ઘસતા થવું પડે છે, ને પરભવે દુઃખ-દુર્ધ્યાનના પાર નથી રહેતા, તેમજ અહીં પણ દિલથી દેવદર્શન, સાધુપ્રેમ, અન્ય ધર્મસાધના તથા શુભ ચિંતન-વિચારણા ગુમાવવી પડે છે; વિકારી વિચારો ચાલ્યા કરે છે, એના ગુરુ આગળ આલોચન પ્રાયશ્ચિત્ત ન થવાથી દિલમાં શલ્ય પડે છે, કુસંસ્કાર જામે છે, તેથી અનેક ભવોમાં બેફામ વાસનાનાં તોફાન ચાલે છે. ઊંચા આર્ય માનવભવમાં તો પાપ ઘણાં ખાલી કરીને આવવાનું થયું, પણ હવે અહીંથી વાસનાના પાપે પાપકર્મોના ભંડાર ભરીને જવાનું થાય છે. સારા કુળમાં સંસ્કારી જીવન મળ્યું એની પાછળ પૂર્વના કેટલાય ભવોમાં વાસના-વિકારનાં નિયંત્રણની તપસ્યા કામ કરતી હતી; તે તપસ્યા ઉપર અહીંના યથેચ્છ વાસના-તર્પણથી ધૂળ વળી જાય છે. તપસ્યાને આગળ વધવાનું થતું નથી... ઇત્યાદિ જાલિમ નુકસાનો વિચારી વાસના-વિકારોને પ્રતિપળ દબાવતા જવું જોઈએ.

("જન્મભૂમિ પ્રવાસી" - લે. મીના દવે)

## અધ્યાત્મની દુનિયાના ઊલટા હિસાબ

થોડા દિવસ પહેલાં કલકત્તા જવા માટે એરપોર્ટ ઉપર બે ધક્કા ખાધા અને છેવટે ફલાઈટના અનિશ્ચિત વિલંબથી કંટાળીને ટિકિટ કેન્સલ કરાવી. ઘરે આવીને મેં હસતાં હસતાં કહ્યું, "મા કાલીની મરજી નહીં હોય કે હું જાઉં. એની પાસે માગી માગીને મેં એને ખૂબ પજવી છે એટલે એણે મને એરપોર્ટથી જ પાછી રવાના કરી દીધી !"

આમ તો નાનાં હતાં ત્યારથી શીખવાડવામાં આવ્યું છે કે ભગવાન પાસે કશું મંગાય જ નહીં. મોટાં થયાં ત્યારે ગુરુ-આચાર્ય સહુ કોઈએ આ જ સમજાવ્યું: પ્રાર્થનામાં તો હોય માત્ર ધન્યવાદ. જે કંઈ મળ્યું છે તેનો આભાર બહુ સરસ, વાત સહેલાઈથી ગળે ઊતરી ગઈ. એમાં ગર્વ કરવા જેવું કશું નથી. મૂળ કારણ એટલું કે એવડી મોટી કોઈ ચીજની જરૂર નહોતી પડી જેને માટે છેક ભગવાનના દરવાજા ખટખટાવવા પડે. નાનામોટા દરવાજા ખખડાવવાથી જ વાત પતી જતી હતી. પણ આમ કરવાથી કોઈ વિશેષ જ્ઞાનના દરવાજા ખુલી ગયા છે તેવું પણ નથી. ઊલટાનું એવું લાગે છે કે જાણે કશુંક ખોવાઈ ગયું છે.

ભગવાન પાસે કશું મંગાય નહીં એવું શીખી શીખીને આપણે આપવાવાળો જે અદૃશ્ય બેઠો છે તેનું અસ્તિત્વ જ વિસરી જઈએ છીએ. જિંદગીમાં જે ક્ષણે ભાન થાય છે કે હવે નાનામોટા કોઈ દરવાજા ખુલી શકે તેમ નથી તે વખતે જે દરવાજો અચૂક ખૂલવાનો જ છે તેનું જ સરનામું આપણી પાસે હોતું નથી. ત્યાં સુધીમાં અભિમાન પણ એવું ફૂલીને ફાળકો થઈ ગયું હોય છે કે માગવાની ક્ષમતા જ આપણે સદંતર ગુમાવી બેસીએ છીએ. આપણે ભૂલી જઈએ છીએ કે માગવાથી ઈશ્વર સાથે એક ખાસ સંબંધ સ્થાપિત થઈ શકે છે, એક સેતુ રચી શકાય છે. સેતુ ભલે ગમે તેવો હોય, પણ જે તત્ત્વને આપણે જરીકે જાણતાં નથી, સમજતાં નથી એની સાથે સૂતરનો કાચો તાંતણોય બંધાતો હોય તો એ તક શું કામ ચૂકવી ? એ કાચો તાંતણો એક દિવસ લોઢાની સાંકળ નહી જ બને તેવી કોઈ ખાતરી છે ખરી ?

વળી, માગવામાં એક ઋજુતા છે, માધુર્ય છે. બાળક સાવ નાનું હોય ત્યારે પિતા પાસે સાઈકલ માગ્યા કરે. પિતા જાણે છે કે સાઈકલ માટે એ ઘણું નાનું છે. પછી જ્યારે બાળક સાઈકલ ચલાવવા જેવડું થાય ત્યારે પિતા આપોઆપ હોંશથી સાઈકલ લાવી આપે છે. પણ એનો અર્થ એવો નથી કે નાનું બાળક સાઈકલ ન



મળે ત્યાં સુધી મુંગુ બેસી રહે. એ તો વારે વારે પિતાને કહ્યા જ કરવાનું કે મારે સાઈકલ જોઈએ-મારે સાઈકલ જોઈએ ! એ જો એવું ન કરે તો એના શૈશવની મધુરતા તદ્દન નષ્ટ થઈ જવાની ! માગવામાં જે સ્નિગ્ધ આનંદ છે, આત્મીયભાવ છે અને સ્નેહ અને પિતાનું પિતા હોવું સાર્થક થાય છે. તો પછી ઈશ્વર તો પિતાનોય પિતા છે આ બધા માધુર્યથી એને બિચારાને શું કરવા વંચિત રાખવો ? એને શું પથ્થર બનીને આખો વખત પૂજાવાનો કંટાળો નહીં આવતો હોય ?

જ્ઞાનની અક્કડમાં જે લોકો પોતાનું પાત્ર પીઠ પાછળ સંતાડીને ઊભા છે તેઓ ખરે વખતે અમૃતપ્રસાદથી વંચિત રહે છે એટલું જ નહીં પણ મૃદુતાની આંતરવર્ષાથી પણ સમૂળગા કોરા ધાકોર રહી જાય છે. માગવાથી મનની બાળક-સુલભ મૃદુતા જળવાઈ રહે છે. રડવા માટે જેમ આંખની નહીં પણ સંવેદનશીલ હૃદયની જરૂર છે તેમ માગવા માટે મનની નજાકતની જરૂર છે. નાનાં હોઈએ ત્યારે આપણને એ બધું આવડતું હોય છે. પછી એક દિવસ અચાનક આપણે મોટાં થઈ જઈએ છઈએ. લાડ કરવાનું અને માગવાનું કોઈ સ્થળ હવે ઉપલબ્ધ નથી રહેતું અને ભગવાન સાથે તો એ સંબંધ કદી બંધાયો નથી. એ વખતે મનની તમામ ઋજુતા, પેલું ગાતું, કૂદતું ચંચળ ઝરણું શિયાળામાં થીજીને બરફ થઈ જાય, તેમ કઠોર બની જાય છે.

આપણા જ નાનપણની આવી માગણીઓ કોઈ યાદ દેવડાવે ત્યારે મન કેવું મીઠાશથી ભરાઈ જાય છે ? હું સાડીથી કંટાળું ત્યારે બા અને મોટી બહેન કહે કે હું નાની હતી ત્યારે "રંજુ પહેરે છે તેમ સાડી પહેરાવો.' કહી કહીને એમને કેટલી પજવતી હતી. રંજુ મારી જિગર બહેનપણી. મારાથી થોડીક જ મોટી પણ અનેકગણી વધારે વ્યવસ્થિત અને સુઘડ. એ કરી શકે તે કરવા માટે મારે ખૂબ વધારે મોટા થવાની જરૂર હતી. તે મને શી રીતે સમજાય ? આજે જ્યારે મોટી બહેન આવી ક્ષુલ્લક, નિરર્થક માગણીઓ યાદ કરાવે છે ત્યારે થાય કે ક્યાં ગયું એ મન જે આ બધું નિઃસંકોચ માગી શકતું હતું ?

તમામ કઠોરતાને કોરે મૂકીને માગવાનું એક ઠેકાણું હરહંમેશ આપણી પાસે છે. એની સામે જ્ઞાની બનીને કોરા ધાકોર ઊભા રહેવાનું ગમતું નથી.

ઈશ્વર તો માગ્યા વગર પણ આપવાનો છે. યોગ્ય સમયની જ કદાચ એ રાહ જુએ છે. આપ્યા વગર એને જ નિરાંત નથી થવાની, પરંતુ જેઓને માગતા આવડતું નથી તેમનાં પાત્ર સંકોચાઈને એવાં સાંકડા બની ગયાં છે કે જે દિ' અમૃતવર્ષા થાય તે દિવસે કોણ જાણે કેટલાં બિંદુઓ ઝીલી શકશે ? આપણે જ્યારે કશુંક માગીએ છીએ ત્યારે આપણી માગ દ્વારા એ વસ્તુ ગ્રહણ કરવાની આપણી ક્ષમતા વિસ્તૃત બને છે. આપણી આંતરિક તૈયારી પરિપૂર્ણ બને છે. મનુષ્યની

ઈચ્છા અને દૈવી ઈચ્છા, એ બંનેના સુમેળથી નિયતિ સર્જાય છે. વિશ્વનાં તમામ પ્રાણીઓની ઉત્ક્રાંતિના પાયામાં આ જ ઈચ્છાશક્તિ રહેલી છે. માગવાની પ્રક્રિયા દ્વારા આપણી ઈચ્છાશક્તિ પ્રબળ બનતી જાય છે અને છેવટે દૈવી ઈચ્છાને આંબી જાય છે. અમૃતની વર્ષા પછી દૂર નથી.

પ્રાર્થનામાં કશું મંગાય નહીં તેવું શીખીને જ્ઞાનને બદલે અક્કડતા વધતી હોય કે નહીં, પણ **શ્રદ્ધાનાં મૂળિયાં તો જરૂર કપાય છે.** જાણે શ્રદ્ધા કેળવવાના રસ્તા જ બંધ થઈ જાય છે. મૂળિયાં કાપીકૂપીને કૂંડામાં વડની પ્રતિકૃતિ ઉગાડી શકાય પણ એને વડનું ઝાડ કેમ કહેવું ?

જેની પાસે શ્રદ્ધાની મૂડી નથી તેનું ગજું નથી કે એ ઈશ્વર પાસે હાથ લંબાવી શકે. અધ્યાત્મની દુનિયાના બધાય હિસાબ ઊલટા છે. અહીં જે હાથ લંબાવે છે તે ભિખારી નથી. એનું ભિક્ષાપાત્ર શ્રદ્ધા અને પ્રેમનાં હીરા-મોતીથી જડેલું છે. અહીં જે દાતા છે તે લેવાવાળા કરતાંય દેવા માટે વધારે વ્યાકુળ છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૨૯,તા.૫-૫-૧૯૯૦

## સાવધાન ! ટી.વી. આપના બાળકોને અફીણ પાઈ રહ્યું છે !

'બોબ હોજ' અને 'ડેવીડ ટ્રિપ' નામના બે અમેરિકન ઓસ્ટ્રેલિયન સંશોધકોએ 'બાળકો અને ટેલિવિઝન' નામનું એક પુસ્તક પ્રકાશિત કર્યું છે. ઓસ્ટ્રેલિયાના ઘણા બાળકો સાથે પ્રશ્નોત્તરી કરીને આ પુસ્તક લખવામાં આવ્યું છે. તેમાં લેખકોએ જણાવ્યું છે : 'અમે એક છોકરીને મળ્યા. તે ઢીંગલી રાખતી હતી. આ છોકરી રોજ ટીવી પર હિંસક ફિલ્મ જોતી હતી અને ફિલ્મ જોયા પછી રસોડામાં જઈને ચપ્પાથી ઢીંગલીનું ખૂન કરતી હતી !'

અમેરિકાની 'ઈન્ટરનેશનલ કંપલીશન અગેઈન્સ્ટ વાયોલન્ટ એન્ટરટેનમેન્ટ' નામની સંસ્થાના મનોવૈજ્ઞાનિક કહે છે : 'પશ્ચિમના દેશોમાં ટી.વી.-વીડિયોનું સામ્રાજ્ય વધ્યા પછી હિંસક કેસમાં ૫૦૦ ટકાનો વધારો થયો છે. આ મનોવૈજ્ઞાનિક તબીબે ૫૦૦ બાળકોનો તેમણે જોયેલી વીડિયો વિશે ઈન્ટરવ્યુ લીધો અને બાળકોએ જે જવાબો આપ્યા તે ચોંકાવી મૂકે તેવા હતા. બાળકોએ પોતાની મનપસંદ ફિલ્મોનાં નામ સાથે જ મનપસંદ દૃશ્ય કહ્યું તેમાંથી કેટલાંક-'

- 'આ ફિલ્મમાં ચંદ્ર પરથી માણસ પૃથ્વી ઉપર આવે છે અને એક સ્ત્રીનું માથું કચડ ભચડ ચાવે છે અને પછી ચગળે છે તે જોવાનું મને ખૂબ ગમે છે.'
- 'આ ફિલ્મમાં એક ઘરડી ડોશીને ચારે બાજુથી ચપ્પા મારે છે અને લોહીના સફેદ ફુવારા ઊડે છે તે મને બહુ ગમે છે...'
- 'આ ફિલ્મમાં ફિલ્મનો ખલનાયક એક સ્ત્રીને પકડીને તેનાં ૧૦૦ ટુકડા કરી નાખે છે. તે જોવાની ભારે મઝા પડે છે...'
- 'આ ફિલ્મમાં એક દરિયા કિનારે એક હાથ રેતીમાંથી બહાર આવે છે અને કોઈ સ્ત્રીનું ગળું દબાવી દે છે તે જોવાનો મને આનંદ આવે છે...'

...આ ઈન્ટરવ્યુ અને આપણી 'રામાયણ' ટીવી સિરીયલ જોઈને રામ રાવણ યુદ્ધમાંથી તીરકામઠું ચલાવતાં શીખનારા આપણા ભારતીય બાળકો વચ્ચે બહુ અંતર નથી. ટેલિવિઝન-વીડિયોની ઘેલછાએ આપણી નવી પેઢીનું જે અધઃપતન નોતર્યું છે તે એક વાસ્તવિક હકીકત છે. તેની ભયાનકતાથી હવે આપણે સજાગ બનવું જ રહ્યું.

અમદાવાદના એક અનુભવી મનોવૈજ્ઞાનિકના અભ્યાસાત્મક તારણને અહીં લક્ષ્યમાં લેવા જેવું છે. તેમણે કહેલું : 'એક ભૂત કે મેલીવિદ્યાનું વળગણ ઘરમાં જ ખાનાખરાબી અશાંતિ કરી મૂકે છે, તેવું જ સ્વરૂપ ટીવીનું કહી શકાય.' 'Television meand Ghost in your house' એક ભૂત તરીકે, આપણા પર અને આપણા બાળકો પર ટીવી જે રીતે સવાર થઈ જાય છે તે સમજવાનો સમય આવી ચૂક્યો છે.

આસપાસના વાતાવરણની બાળકો પર ધીમી ગતિએ પણ કાયમી અસર થાય છે એ નિર્વિવાદ છે. આ અસર માનસિક વિકાસ પૂરતી મર્યાદિત નથી રહેતી. બાળકોના શારીરિક અને ભૌતિક વિકાસ પર તેની અવળી અસર પડે છે. શિક્ષણના માધ્યમ તરીકે ટેલિવિઝન એક ઉત્તમ સાધન છે. અમે તો ટિટેનસના જોખમ સામે અફીણ (મોર્ફિન) એક ઉત્તમ ઔષધ ગણાય છે, પણ એ માત્રામાં હોય તો જ. બંનેનો વધારે પડતો ઈનટેક અનેક આફતોને નોતરે છે. ટેલીવિઝન આજે લોકોનું અફીણ બની ગયું છે.

વડીલો અને મોટાઓ પર પ્રતિકૂળ અસર શક્યતા ઓછી છે. જે અસર થશે તે બાળકો પર થશે. તેનાં બે કારણો છે : એક, વડીલો કરતાં બાળકો વધારે સમય ટેલિવિઝન જુએ છે. બીજું અને મહત્ત્વનું કારણ એ છે કે બાળકોનું મગજ વધુ સંવેદનશીલ કે રિસેપ્ટીવ હોય છે. તે સારી-નરસી બાબતો ગ્રાહ્ય કરતું હોય છે. ટેલિવિઝનની બાળકોને લત લાગી જાય છે, ટેલિવિઝન અને નશીલી દવાના લક્ષણો મળતાં આવે છે.

બાળકો પર ટીવીની કેવી આડઅસરો થાય છે તે અંગેના સંશોધનોનું તારણ ચિંતાજનક છે. આ તારણો કહે છે કે ટેલિવિઝન બાળકોને પોતાની કલ્પના શક્તિને કુંઠિત કરવા માંડે છે. સારાનરસાની તેના પર નોંધપાત્ર અસર થતી નથી અને

તેની સંવેદનશીલતા મરી પરવારે છે.

ઈંગ્લેન્ડમાં જન્મેલા માયકલ રયાન નામના ઊગતા યુવાને વિડિયો ફિલ્મ 'ફર્સ્ટ બલ્ડ' જોઈને તેના હીરો 'રેમ્બો'ની જેમ માત્ર આઠ જ કલાકમાં ૧૯ ખૂન કરીને તરખાટ મચાવી દીધી હતી. - એ વાત જગજાહેર છે. ગઈ કાલે ઈંગ્લેન્ડની બનેલી આ ઘટના આવતી કાલે આપણા ઘરઆંગણે નહીં બને તેની શી ખાતરી ? ટીવી જોઈને ઢીંગલીનું ખૂન કરવા શીખતી સાત-આઠ વરસની બાળકી કાલે તેના માતા-પિતાના જીવતા દેહ પર તેની 'વિદ્યા' નહીં અજમાવે તેની શી ખાતરી ? ભારતમાં રોજના ૪૩ કરોડ લોકો ટીવી જુએ છે. તેમાંથી પ્રેરણા લઈને માત્ર એક હજાર બાળકો જ ભયાનક હિટલરના માર્ગે ચાલશે તો...?...?

દિલ્હીનો એક બાર વરસનો બાળક ટીવી જોઈને ત્રણ મિત્રો સાથે બેંક લૂંટવાનું કાવતરું કરે - તે પરિસ્થિતિ શું ચિંતાજનક નથી ?

ટેલિવિઝન પર મશીનગનથી આડેધડ ગોળીએ દેવાતા માણસોને જોઈને કુમળું બાળક એમ જ સમજે કે માણસ પણ ફુગ્ગાની માફક ફોડવાની એક ચીજ છે. તેના હાથમાં મશીનગન આવે અને તે માનવફુગ્ગા ફોડવા માંડે તો નવાઈ પામવા જેવું નથી. હમણાં ન્યૂયોર્કમાં એક દસ વર્ષના બાબાએ પિતાને નજીવી બાબતમાં ગોળીથી ઉડાવી દીધો !

ટીવી પર આવતા કાર્યક્રમોની વિગતો એક બાજુ રાખીએ તો પણ ટીવી જોવાથી બાળકોના શારીરિક વિકાસને જે નુકસાન પહોંચે છે તે વધુ ખતરનાક હોય છે. અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. જહોન એમ. ઓટ્ટે એવું શોધી કાઢ્યું છે કે ટેલિવિઝન સેટ સામે વટાણાના છોડ ઉછેરવામાં આવતાં. ટીવી સેટમાંથી નીકળતા ટોકિઝ રેડિએશનને લીધે તે છોડ વિકૃત બની ગયા હતાં. તેના મૂળિયા જમીનમાંથી વાંકા વળીને વળી પાછા બહાર નીકળ્યા હતાં. 'ટેલિવિઝન જોવાથી બાળકો થાકેલાં જણાય છે.' એવું વિધાન વાંચીને આ શોધ કરવામાં શ્રી ઓટ્ટને પ્રેરણા મળી હતી.

ટીવીની અસર ઈલેક્ટ્રોનિક કાર્ડસ અને ઓડિયો કેસેટ પર પણ થતી હોય તો પછી બાળકો પર થયા વગર કઈ રીતે રહે ? બેંકના ખાતા માટે આપવામાં આવતા ઈલેક્ટ્રોનિક કાર્ડને ટીવી સેટની નજીક રાખવામાં આવે તો તેની શક્તિ (POWER) ક્ષીણ થઈ જાય છે. ઓડિયો કેસેટના ઉત્પાદકો તરફથી પણ સૂચના આપવામાં આવે છે કે ટીવી સેટની નજીક ટેપ કરેલી કેસેટ (ઓડિયો) ન મૂકવી. કારણ કે રેડિએશનના કારણે ઓડિયો પરની વિગતો ભૂસાઈ જાય છે. વૈજ્ઞાનિકો પૂછે છે કે વટાણાનો છોડ કે બેન્કકાર્ડને પણ અસર થાય જ તો બાળકોને તેની ખરાબ અસર કઈ રીતે ન થાય ?



વિશ્વવિખ્યાત 'પેંગવિન' પ્રકાશન કંપનીએ એકાદ વર્ષ પહેલા એક પુસ્તક પ્રકાશીત કર્યું છે. 'The plug in drug' આ પુસ્તક દ્વારા ટીવીના બાળકો ઉપરની શી અસર પડે છે તેની અભ્યાસાત્મક વિગતો બહાર આવી છે. ઓસ્ટ્રેલિયામાં શિક્ષકો, માનસશાસ્ત્રીઓ, તબીબો તથા કેટલાય બાળકોના માતપિતાએ નોંધેલી કેટલીક વાસ્તવિક હકીકતો તેમાં રજૂ કરાઈ છે.

એક અનુભવસિદ્ધ કથનરૂપે આ પુસ્તકમાં જણાવ્યું છે કે ટીવી જોવાથી બાળકોની આંખો પર અને વિકાસ કેન્દ્રો પર ટીવીના કૃત્રિમ પ્રકાશની અસર થાય છે તે ચિંતાજનક છે. એને લીધે બાળકોની બુદ્ધિ અને મગજનો વિકાસ એટલે સુધી રૂંધાય છે કે સતત ટીવી જોતા બાળકોની ઊંઘવાની ક્રમબદ્ધતા (પેર્ટન) પણ બદલાઈ જાય છે. જ્ઞાનતંતુઓ શિથિલ થઈ જાય છે અને બાળક વારંવાર હતાશ થઈ જાય છે. ટીવી જોવાને લીધે તેને ખરાબ સપના આવે છે. ભૂખ, તરસ, કુદરતી હાજત જેવી શારીરિક આવશ્યકતાઓનો ક્રમ ભાંગી પડે છે. કેનેડામાં ટીવી અંગે એક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું તેમાં જાણવા મળ્યું કે જે શાળામાં ટીવી બતાવવામાં નહોતું આવતું તે શાળાઓની પરિણામ જે શાળામાં ટીવી બતાવવામાં આવતું હતું તેવી શાળાઓ કરતાં વધારે ચડિયાતા હતાં.

ટીવીની એવી કેટલીય અસરો બાળકો પર થાય છે કે જે નરી આંખે આપણાથી જોઈ શકાતી નથી. બાળકોના મગજનું સેટીંગ જ એવું હોય છે કે જે કોઈ પણ વિચારને તરત અપનાવી લે છે. સતત ટીવી જોવાથી બાળકનાં જમણાં મગજમાં ભાષા, હલનચલન, તરંગો અને વિચારો મુદ્રિત થઈ જાય છે અને એ બધું યોગ્ય છે કે અયોગ્ય છે તે નક્કી કરવાનું કાર્ય ડાબું મગજ મહદ્ અંશે નિષ્ક્રિય રહે છે તેથી ખરાખોટાનો નિર્ણય, બાળક આપમેળે લઈ શકતું નથી. જેમ જેમ બાળક ઉંમરમાં મોટું થતું જાય તેમ તેમ ડાબા મગજનું કાર્ય વધતું જાય છે પણ વધુ વાર ટીવી જોનારા બાળકની કમનસીબી એ હોય છે કે તેમનું ડાબું મગજ નિષ્ક્રિય પડી રહેવાથી, સમય પડ્યે તાત્કાલિક સક્રિય સેવા આપી શકતું નથી.

એક સર્વેક્ષણમાં એવી જાણકારી પ્રાપ્ત થઈ હતી કે ત્રીજા વિશ્વના બાળક ચાલુ દિવસે સરેરાશ બેથી ત્રણ કલાક અને બાકીના દિવસોમાં રજાના સમયે ત્રણથી ચાર કલાક ટીવી પાછળ ગાળે છે. આમ આખા વર્ષ દરમિયાન બાળક ટીવી પાછળ બારસો કલાક બગાડે છે. જ્યારે અભ્યાસ પાછળ નવસો કલાક જ તે ગાળે છે !

અભ્યાસમાં બાળકોને મંદ પાડતા ટીવીને લાત મારીને ૧૯૮૭માં ૧૨માં ધોરણમાં બોર્ડમાં ફર્સ્ટ આવેલ કિશોરે કહેલું : 'મારી સફળતાનું રહસ્ય ટીવીના ત્યાગમાં છે !' રોજ ટીવી પર આંખો ખોડીને બેસતા હજારો વિદ્યાર્થીઓ ટીવીને

દશ્યોની અસર હેઠળ પોતાના લાખો કલાકો ધૂળમાં રગદોળે છે. પોતાની કારકિર્દીને જમીનદોસ્ત કરે છે. તેમનો કિંમતી અભ્યાસનો સમય બગાડે છે, એ વાત તેમનાં મા-બાપોને કેમ નહીં સમજાતી હોય ?

જ્યારે આપણે ટીવી જોઈએ છીએ ત્યારે સ્ક્રીન પાછળ રહેલી કેથોડ રે ગનમાંથી પ્રકાશનો ધોધ છૂટે છે. રંગીન ટીવીમાં તેની તાકાત ૨૫ હજાર કિલોવોટના હોય છે અને બ્લેક એન્ડ વ્હાઈટ ૧૮ હજાર કિલોવોટની હોય છે. સ્ક્રીન પરના ફોસ્ફરના બિંદુઓ પર ઇલેક્ટ્રોનનો ધોધ છૂટે અને તે પ્રકાશના રૂપમાં પ્રેક્ષકોને જોવા મળે છે. ૮૦૦ ફોસ્ફર બિંદુઓની એક એવી ૬૨૫ જેટલી લાઈનો પર એક સેકન્ડમાં ૨૫ વખત ફેંકાતા પ્રકાશથી બાળકોના શરીર પર થતી અસરની નોંધ લેવી જરૂરી છે. પુરાવાઓ સાથે એમ સાબિત કરવામાં આવ્યું છે કે કુમળું બાળક જેટલું વધારે ટીવી જુએ એટલી ભાષા ગ્રહણ કરવાની તેની શક્તિ ઘટે છે. તેનું મુખ્ય કારણ એ છે કે બાળક ટીવી સામે પડ્યું રહે છે અને આસપાસના લોકો સાથે તે ઓછી વાતચીત કરે છે ત્યાં સુધી કે બાળકો હવે નર્સરી રહાઈમ યાદ રાખી શકતાં નથી પણ 'કલ મમ્મીને મુઝે પપ્પી દી, ઔર દો ગ્લાસ રસના' જેવાં ન યાદ રાખવાનાં વાક્યો યાદ રાખે છે. આપણે ત્યાં તો એવા માબાપ છે કે જે બાળકો ટીવી એડના કાલા કાલા વાક્યો બોલે ત્યારે હરખાઈ જાય છે બધાંને કહેવાં માંડે, 'જુઓ અમારું બાળક કેટલું હોશિયાર છે. ટીવીમાં આવે તે બધું તેને યાદ રહી જાય' પણ એ માતાપિતાઓને ખબર નથી હોતી કે બધું ન યાદ રાખવાનું કે ન શીખવાનું બાળક શીખે છે. શીખવાનું હોય છે તે શીખતું નથી.

ઘણી વાર બાળકો ટીવી સામે લાંબા, ટુંકા, વાંકાં અને આડાં અવળા થઈને પડ્યા રહે છે. સતત આમ પડ્યા રહેવાથી શારીરિક પ્રશ્નો ઊભા થાય છે. બાળકનું વર્તન પણ શિસ્તબદ્ધ રહેતું નથી બાળક ઘરકૂકડિયું બની જાય છે. બહારની રમતગમત અને તંદુરસ્ત મનોરંજન તેને આકર્ષતા નથી. જે શાળાઓમાં ટીવી કાર્યક્રમ દર્શાવવામાં આવતા નથી ત્યાંના બાળકો રમતગમતમાં આગળ તરી આવે છે એવું પણ અભ્યાસ પરથી સાબિત થયું છે.

-('સ્વામિનારાયણ પ્રકાશ'માંથી સાભાર)

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૩૫,તા.૧૬-૧૨-૧૯૮૯

## ઈંડાનો સાથ એટલે મોતની મુલાકાત

ઈંડુ તમારા બાળકને ખવડાવીને તમે એમ ન માનતા કે...તમે માત્ર મરઘીના અપરિપક્વ બાળકનો જ વધ કરી રહ્યા છો...



પણ તમારા પરિપક્વ બાળકનો પણ ધીમી ગતિથી વધ જ કરી રહ્યા છો...કારણ કે...

ઈંડામાં સોલ્મોનીલ્લા નામનો ઝેરી પદાર્થ છે...તમારા બાળકનું આયુષ્ય ટુંકાવી નાંખશે...

ઈંડામાં રહેલું કોલેસ્ટ્રોલ હૃદયરોગ મગજ કે કીડનીના રોગોનો ભોગ બનાવી તમારા બાળકને જલ્દી ભરખી જશે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૩૬-,તા.૨૩-૬-૧૯૯૦

**ગર્ભપાત મફત** (???!!!) અને ગર્ભ ફક્ત રૂા. ૧-૦૦ થી ૧-૫૦ જે ગર્ભ (ઈંડા) ખાઈને હૃદયરોગ, બ્લડપ્રેશર, પથરી, કબજીયાત, શીળશ, ખીલ, લકવો જેવા રોગોને સાવ સસ્તામાં આવકારે છે. એ ભણેલાનું વિજ્ઞાન છે કે અજ્ઞાન ?

ઈંડા એ મરઘીનો ગર્ભપાત છે.

**સન્ડે યા મન્ડે કભી ન ખાઓ અન્ડે.**

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૩૭,તા.૩૦-૬-૧૯૯૦

## ઈંડાથી લાખોની બિસ્માર હાલત

મેં પ્રોટીનના નામે ઈંડા ખાધા...

નામ : ભોલારામ, ઉંમર : ૩૨ વર્ષ

વજન : ૩૦ કીલો, અને જુઓ મારી હાલત.

રોગો : હૃદયરોગ, શીળશ, કીડનીના પ્રોબ્લેમ વગેરે...

ઈંડા કદી ખાશો નહીં, પોષણનાં નામે દિલો-દીમાગનું શોષણ કરતાં ઈંડાને તિલાંજલી આપી દો !

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૪૦,તા.૨૧-૭-૧૯૯૦

## મરઘીની પ્રસૂતિની વેદનાનો આર્તનાદ

પોલ્ટ્રીફાર્મની એક મરઘીના મુખ પર ચીતરાયેલી વ્યથાની રેખાઓ જોઈને મેં તેને પૂછ્યું :

" કેમ શું વિચારમાં છે ?"

અને તેણે જવાબ આપ્યો.

"મને મારા આ ઈંડાઓની ઈર્ષ્યા છે...તેમની જેમ હું પણ ઈંડા અવસ્થામાં હતી ત્યારે જો કોઈ ક્રૂર માનવીનો ખોરાક બની ગઈ હોત તો, મૃત્યની વેદના એકવાર ભોગવવી પડત એટલું જ ને ?

પણ...ઈંડાના લોભમાં કૃત્રિમ રીતે વારંવાર કરાવાતી સેંકડો પ્રસૂતિઓની ભયાનક રીબામણો હવે નથી સહેવાતી."

અને, આ સંવાદ સાંભળ્યા પછી...તમારા હૈયામાં બેઠેલો કોઈ મહાવીર કે મુરારિ જાગ્યો હોય તો...

મરઘીઓની અસહ્ય રીબામણોથી ઉપજતા ઈંડાના આહારથી શરીરને ક્યારેય નહિ અભડાવનારો સંકલ્પ કરી દ્યો.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૪૧,તા.૨૮-૭-૧૯૯૦

## જનતાદળ-ભાજપની સરકાર ઘોરાતિઘોર હિંસા બંધ કરે-કરાવે.

ભારતીય સંસ્કૃતિની જાળવણી માટે લાગણીવાળી જનતાદળ અને ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકાર તમો દેશના પશુધનને સંપૂર્ણ નાશ કરવાના પગલાને શી રીતે સહન કરી શકો છો ?

આ રહી તમારી ઘોરાતિઘોર પશુ કતલખાનાઓની યોજનાઓ :

**૧. પશુ કતલખાના નિગમ યોજનામાં કેન્દ્રીય સહાય**

(૧) શ્રીનગર (૨) માઝીતર (ગેન્ગટોક) (૩) કાચરકાનહલ્લી (બેંગ્લોર) (૪) હૈદ્રાબાદ (એ.પી.) (૫) દિલ્હી

૨. **વર્તમાન-પશુ કતલખાના યોજનાનો સુધાર (અર્થાત્ શક્ય એટલા વધુ પ્રમાણમાં ભારતની જીવાદોરી સમાન પશુધનનો નાશ.)**

(૧) અલ્લાહાબાદ (૨) વારાણસી (૩) સીડીએફ અલીગઢ (યુ.પી.) (૪) જલંધર (૫) પૂના (૬) બુડ્જે (ડબલ્યુબી) (૭) સઈદાપેટ પેરામ્બુર (મદ્રાસ) (૮) મોટી દમણ અને મોટી દીવ (દમણ અને દીવ) (૯) ચંદીગઢ

**૩. સંરક્ષણ મંત્રાલય તરફથી વિનંતી**

સંરક્ષણમા મંત્રાલયે સૂચવેલા ચાળીશ નગરમાં વર્તમાન કતલખાનાને આધુનિક બનાવવાની યોજના. (આમાં વિજયવાડા-વિઝાગાપટનમ્‌ના કતલખાના પણ હોઈ શકે)

તમને એ બરાબર ખબર જ હશે કે ભારતનાં પશુધનનું પ્રમાણ દર હજાર



માનવ દીઠ દિન-બ-દિન ઘટતું જાય છે. એક વખત ઘણી કિંમતી મશીનરીઓમાં રોકાણ દ્વારા નવા કતલખાના બનાવાશે - યા સુધારાશે તો મૂડીના રોકાણનું વળતર મેળવવા ગમે તેવા યુવાન અને કાયદાથી પ્રતિબંધિત પશુઓની પણ હત્યા કરવા માટે પશુકતલખાનાના આયોજકો તૈયાર થશે...

ખેતી અને પશુપાલનપ્રધાન ભારત દેશની પશુસંપત્તિને ખતમ કરી નાખીને તમો કરોડો ભારતીયોની રોજી રોટી ઝુંટવી લેવા અને એ દ્વારા તેમના ભૂખમરા માટે શા માટે તૈયાર થયા છો ?

પશુના માંસને પરદેશ નિર્યાત કરવાનું કાર્ય તમો શી રીતે મંજૂર રાખી શકો છો ? પશુઓ અર્થાત્ રાષ્ટ્રીય સંપત્તિના નાશ પર મળેલી રકમને આવક શી રીતે કહેવાય ? સરકાર અને સરકાર ચલાવતા રાજકીય પક્ષો દેશના પશુધનની બરબાદીને શી રીતે સહન કરી શકે છે ? વિચારો અને પ્રજાની બરબાદીથી પાછા હઠો.

ભારતીય પશુપ્રેમી-અહિંસાપ્રેમી જનતાને પણ અપીલ છે કે તેઓ સરકારની આ કતલખાનાઓની અને માંસનિર્યાતની ઘોરાતિઘોર હિંસાને બંધ કરાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારો પર પોતાનો વિરોધ મોકલી આપે...

• • •

## ● ગોઝારું ગિફ્ટ ટેક્ષ બીલ

ધી ગીફ્ટ ટેક્ષ બીલ ૧૯૯૦ (બીલ નં. ૧૦૮/૧૯૯૦)(લોકસભામાં તા. ૩૧-૫-૯૦ ના રોજ દાખલ કરાયું છે)માં હવે દાન આપનાર નહીં પણ મેળવનાર વ્યક્તિ અથવા સંસ્થાએ લોકો પાસેથી સ્વૈચ્છિક રીતે જે દાન મેળવ્યું હોય એના પર ભારે ટેક્ષ નાખવાની જોગવાઈ કરવામાં આવી છે. મંદિરોમાં અને ધર્મના સ્થાનોમાં લોકો પોતાની ભાવના, ભક્તિ અને શક્તિ અનુસાર દાન આપતા હોય છે. આ દાનનો ઉપયોગ મંદિરાદિના બાંધકામ, નિભાવ, સમારકામ, મૂર્તિઓના નિર્માણ, શોભા આદિમાં થતો હોય છે. વળી ધર્મસ્થાનો લોકોમાં તપની, ત્યાગની, અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-પરિગ્રહત્યાગ-દેશવિરુદ્ધ વાતોનો ત્યાગ વગેરે વાતોની લાગણી પ્રસરાવે છે અને એ મુજબ કાર્ય કરે-કરાવે છે. આવી તમામ ધર્મસંસ્થાઓ ભારતીય પ્રજાના પ્રાણ સમાન છે. ધર્મની સંસ્થાઓ અને ધર્મની કાર્યવાહીઓ માટે લોકો પાસેથી મળેલી ભેટ પર ટેક્ષ નાખવો તે કેટલું ગોઝારું કૃત્ય ?

ભાજપ અને જનતાદળની સરકાર ભારતીય આર્ય સંસ્કૃતિની રક્ષાની પ્રચંડ લાગણી ધરાવે છે, - ભારતીય મંદિરો, ધર્મસંસ્થાનો તથા ધર્મપ્રવૃત્તિઓ આ ઉત્તમ સંસ્કૃતિ-રક્ષણનું જબરદસ્ત કાર્ય કરે છે. આવી સંસ્થાઓને મળેલી નાની-મોટી ભેટ

પણ ગીફ્ટ ટેક્ષ નાખવાથી આર્ય સંસ્કૃતિ પર તીવ્ર કુઠારાઘાત થશે. રાજ્યસત્તાએ પણ ધર્મપ્રવૃત્તિઓને ઉત્તેજન મળે તેથી એને આપવાનું હોય છે, લેવાનું નથી જ હોતું. સરકાર ગીફ્ટ ટેક્ષના કાનૂનથી તમામ ધાર્મિક-પ્રવૃત્તિઓને અને ધાર્મિક સંસ્થાઓને ધાર્મિક-પ્રવૃત્તિના પૈસા પર કરડી નજર ન કરવામાં જ સરકારનું કલ્યાણ છે.

ભારતીય ધર્મપ્રેમી જનતા, સંસ્થાઓ પણ સરકારના આ ઘોરાતિઘોર ગોઝારા કૃત્યના વિરોધ માટે પોતાની તમામ તાકાત અજમાવે એ ખાસ જરૂરી છે. પોતપોતાના વિસ્તારના સંસદસભ્ય, ધારાસભ્ય, રાજકીયપક્ષના આગેવાનો તથા ભારતના વડાપ્રધાન, નાણાપ્રધાન વગેરેને તાર-ટપાલ તથા રૂબરૂ મળી સમજાવવા દ્વારા સરકારના આ કાળા કૃત્યને અટકાવવા કટિબદ્ધ બને. સરળતા માટે તારનો નમૂનો અત્રે આપ્યો છે.

Shri VISHVAPRATAP Singh
Prime, Minister, Bharat, New Delhi.

Mr. Madhu Dandavate
Finance Minister, Bharat, New Delhi.

GIFT TAX BILL 1990 ENCROACHING UPON MASS SCALE GIFTS RECEIVED BY RELIGIOUS INSTITUTIONS FOR RELIGIOUS ACTIVITIES THEREBY GREATLY HARMING THEIR PIOUS HEARTS MERCY TRUTH ETC. DUE TO MONEY USURPED BY TAX BILL ASSURED WILL RESULT IN GREAT ATTACK ON RELIGIOUS ACTIVITIES EXCLUDE RELIGIOUS ACTIVITIES AND INSTITUTIONS.

## ● જૈન સાધર્મિક ઉત્કર્ષ અંગે લોન યોજના નિવેદન.

જૈન સમાજમાં ઘણા જ કુટુંબો વેપાર-ધંધો કરીને સ્વમાનભેર સંસ્કારી જીવન જીવતા હોય છે. મોંઘવારી જે પ્રમાણમાં વધે છે તે પ્રમાણમાં આવક વધતી ન હોય ત્યારે જીવન વિતાવવામાં તકલીફ જણાય છે.

નાના ગામોમાં નાની મૂડીનું રોકાણ કરી વેપાર કરનાર પોતાનો વેપાર વિકસાવી શકતા નથી. વ્યાજથી રકમ મેળવી શકતા નથી અને જેઓ વ્યાજે રકમ મેળવી શકે તેમને વ્યાજ બહુ જ ઉંચા ભરવા પડતા હોય છે. આ સંજોગોમાં જરૂરત પ્રમાણમાં આવક થઈ શકતી નથી અને જૈન સંઘમાં સેંકડો કુટુંબો મુશ્કેલીથી જીવન વિતાવતા હોય છે. આ સાધર્મિક બંધુઓને વગર વ્યાજે વેપાર માટે સગવડ કરી અપાય તો પોતાનો વેપાર વધારી આવક વધારી શકે અને પોતાના કુટુંબને સંસ્કારી વાતાવરણમાં નભાવી શકે.

સાધર્મિક બંધુને વગર વ્યાજે લોન આપવાની યોજના સાકાર બને તે માટે **"સાધર્મિક ઉત્કર્ષ ટ્રસ્ટ"** નામની એક સંસ્થા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર



છે. વગર વ્યાજની લોન રૂા. ૨૫૦૦/- થી રૂા. ૧૦,૦૦૦/- સુધીની આપવાની યોજના હાલ વિચારેલ છે. માસિક ૨॥ % (અઢી ટકા) હપ્તો પરત કરવાનો રહેશે. જેથી ૪૦ મહિનામાં લોન પરત કરી શકાય. લોન લેનારે જૈન સમાજની બે પ્રતિષ્ઠીત વ્યક્તિની હપ્તા ભરવા માટે ખાત્રી (જામીન) આપવાની રહેશે. જે કુટુંબ વેપાર કરી જીવન ગુજારવા મુશ્કેલી અનુભવતા હોય તેવા જ કુટુંબને લોન અપાશે.

અરજી કરનાર વ્યક્તિ જરૂરતવાળી હોય - પ્રામાણિકપણે રેગ્યુલર હપ્તા ભરે - ખાત્રી આપનાર બરાબર ભરેલ હશે તો જ અરજી મંજૂર કરવા વિચારાશે. સંસ્થા પાસે ફંડની સગવડ પ્રમાણે અરજીઓ મંજૂર કરાશે.

કોઈપણ જૈન ધર્મ પાળતા કુટુંબને આ યોજનામાં લાભ મળી શકશે. ટ્રસ્ટ રજીસ્ટર થતા ૨-૩ મહિના લાગે તે પહેલા જરૂરતવાળી વ્યક્તિ પત્ર દ્વારા માહિતી મોકલી આપે જેથી કેટલી લોનની જરૂર પડશે તેનો ખ્યાલ આવી શકે તેમજ અરજીની ચકાસણી પણ કરી શકાય. પત્રમાં કુટુંબની સંખ્યા-કમાનાર વ્યક્તિ કેટલી-માસિક આવક કેટલી - ઘરખર્ચ - શું વેપાર કરો છો - કેટલું રોકાણ વેપારમાં છે અને વેપાર વધારવા કેટલી લોનની જરૂર છે તે જણાવશો. ઘર ખર્ચમાં આવક ઓછી હોય તો બીજી કોઈ મદદ મળતી હોય તો તે લખશો. સંસ્થા રજીસ્ટ થયેથી ફોર્મ મોકલી આપીશું. નીચેના સરનામે જણાવશો.

**પત્રવ્યવહાર :**

**રાયચંદ નાનચંદ દોશી,** ૪૭-બી, શાંતિનગર, ૯૮, નેપીયન્સી રોડ, મુંબઈ-૪૦૦૦૦૬.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૯,અંક-૧૦/૧૧,તા.૨૪-૧૧-૧૯૯૦

## સંયમ-બ્રહ્મચર્ય માટે ખાતા વહેંચી લો

સ્વતંત્ર આત્મતત્ત્વને માનનાર સમજે છે કે આત્માનું સ્વરૂપ જડ પૌદ્‌ગલિક પદાર્થના સ્વરૂપ કરતાં તદ્દન જુદી જાતનું છે. આત્માનાં સ્વરૂપમાં શુદ્ધ જ્ઞાન-દર્શન યાને જ્ઞેય વસ્તુને માત્ર જોવી જાણવી એટલું જ છે. દર્પણની માફક જ્ઞાનમાં વસ્તુનું પ્રતિબિંબ પડે એટલું માત્ર; બાકી રાગ-દ્વેષ હિંસા પરિગ્રહાદિ નહિ. દર્પણમાં એના પર ફૂલહાર ચડાવનાર સામે આવે કે એને તોડનાર ધોકો લઈ સામે આવે તો દર્પણ એનું પ્રતિબિંબ દેખાડે છે, પરંતુ ક્યાં રાગ-દ્વેષ કે નાચકૂદ યા હિંસાદિ તોફાન કરે છે ?

જો આપણે આત્માનું આ સ્વતંત્ર શુદ્ધ જ્ઞાન સ્વરૂપ નિશ્ચિતપણે માનનારા છીએ તો જડના સ્વતંત્ર સારા શબ્દ-રૂપ-ગંધ-સ્પર્શ સ્વરૂપ પર આકર્ષવાની કે

નરસા પ્રત્યે નાક મચકોડાવાની શી જરૂર ? જડ ઈંદ્રિયોને એ શાતા-અશાતા આપે એમાં આત્માએ લહેવાઈ જવાનું શું કામ ? શી ખુશી-નાખુશી માનવી ? આપણે તો ઈંદ્રિયોને કહી શકીએ કે "તું જડ; તને જડ શબ્દ રૂપ-રસ વગેરેથી શાતા-અશાતા ઠંડક-ઉકળાટ લાગે એમાં રાગ-દ્વેષ કરી મારું શું ભલું થયું ? મારે ને તમો જડને ક્યાં મેળ છે ? મારું ખાતું સ્વતંત્ર છે, તેથી મારે તમને એવા સારા વિષયો મેળવી આપવાની કે નરસા આવેલાથી ગભરાવવાની વેઠ કરવાની શી જરૂર ?"

આ ભાવના ખૂબ અને ઊંડા વારંવારના ચિંતનથી આત્મસાત્ કરવાનું કરી-એ, તો જડ પદાર્થ પ્રત્યે અને ઈંદ્રિયો પ્રત્યે એક પ્રકારની નફરત, ઉદાસીનભાવ અલિપ્તભાવ ઊભો થાય છે. પછી દા.ત. મોટી રૂપસુંદરી કે ખાવાની ચીજ સામે આવે છતાં અંતરમાં ચોકખો હિસાબ તરવરે કે મારાથી તદ્દન જુદા સ્વરૂપનાં આ જડ-રૂપ-રસથી મારાથી તદ્દન જુદા સ્વરૂપની ઈંદ્રિયોનાં તર્પણ કરવાની જરૂર નથી. હું તે શુદ્ધ જ્ઞાનાદિમય સ્વરૂપવાળો; માટે રસથી મારાથી તદ્દન જુદા સ્વરૂપની ઈંદ્રિયોનાં તર્પણ કરવાની જરૂર નથી. હું તે શુદ્ધ જ્ઞાનાદિમય સ્વરૂપવાળો; માટે એ જડરૂપ-રસમાં માથું મારવાનું હોય નહિ." આ હાર્દિક ભાવનાથી એ રૂપસુંદરી આદિથી અલિપ્ત રહેવાય; કામના વિકાર દબાવાય, મનને ઝટ થાય કે "સ્પર્શનેદ્રિંયના ગિલગિલિયામાં હું શું કામ પડું ? મારું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાદિ કરવાનું. એટલે કે નિર્વિકાર રહી માત્ર વસ્તુ જાણવાનું શું કામ ઈંદ્રિયોની ખણજ માથે વહોરી મારે દૂબળા પડવું ? મારે વિહ્વળ વિકારી થવું ? શા માટે મારે વિષયસંગ્રહ-વિષયસંપર્કની ચેષ્ટા કરવી ?"

બ્રહ્મચર્યનાં પાલન માટે અને પરસ્ત્રી કે સ્વસ્ત્રીનાં રાગભર્યા દર્શનથી દૂર રહેવા સારુ આ વિચારણાને દિલમાં ખૂબ ભાવિત કરવી જોઈએ, એથી ગમતા રસ ગીત વગેરે વિષયોથી પણલિપ્ત રહેવા બળ મળે છે.

આટલું ધ્યાનમાં રહે, કે આત્માને જડથી તદ્દન જુદા સ્વરૂપવાળો, અને જડને આત્માથી બિલકુલ સ્વરૂપવાળું વારંવાર ચિંતવ્યા કરવું પડે; અને જ્યારે ઈંદ્રિયોની સામે કે વિચારણામાં જડ વિષયોનું આક્રમણ થાય, પ્રવેશ થાય ત્યારે ત્યારે વિશેષે કરીને ઉપરોક્ત ભાવના દિલમાં સ્ફુર્યા કરવી જોઈએ. એનું કારણ એ છે કે અનંતાનંત કાળથી ભૂલા પડેલા અને મોહ-અજ્ઞાનના અંધારામાં આથડતા તથા જડ-વિષયોથી અનંત વાર લહેવાઈ રહેનારા આત્માને એના એટલા બધા ગાઢ સંસ્કાર છે, કે અહીં ચેતન-જડના સ્વતંત્ર જુદા જ ખાતા-હિસાબની જરા જેવી ભાવના વિસારે પડી કે તરત આ અનાદિરૂઢ સંસ્કારો પાવરધા બનવા અને તોફાન જમાવવા તૈયાર જ છે, આત્માને ભૂલો પાડી વિષયમૂઢ બનાવતાં વાર નહિ. એટલે જ ઉપરોક્ત ભાવના સતત જાગતી રાખવાની જરૂર છે. એ જો રહે



તો જડ વિષયો મુઆ પડ્યાં છે. આતમા ઘણા ઘણા ઈષ્ટવિષયના સંપર્કથી બચી શકે.

કેટલાક અજ્ઞાનતાથી એવું સમજે છે કે 'યુવાની ખીલ્યા પછી કામભોગ ન કરવામાં આવે તો એથી નુકસાન થાય, શરીર બગડે છે, મન બગડે છે. વિષયભોગની તો સહજ લાગણી છે.' પરંતુ આ સમજ ખોટી છે; એ આત્મા અને જડ ઈંદ્રિયવિષયોનાં તદ્દન જુદાં સ્વરૂપ નહિ વિચારવાના લીધે છે. બંનેના સ્વરૂપનું મિશ્રણ શંભુમેળો કર્યા કરવાના હિસાબે ખોટી સમજમાં તણાવાનું થાય છે નહિતર આત્માનાં સ્વરૂપની તદ્દન જુદાઈ વિચાર્યા કરવાથી અને એને દિલ પર લેવાથી આ ભ્રમણા ન ઊભી રહે. જેવી રીતે દા.ત. કોઈ આલીશાન બંગલો કે મોટર નજર સામે આવે તો એને ધારી ધારીને ન જોવામાં કે ન ખુશી થવામાં આત્માને યા દેહને કશું નુકસાન નથી એમ મીઠો ખાદ્ય પદાર્થ નજર સમો આવ્યો છતાં એ ન ખાવાથી આત્માને કાંઈ નુકસાન કે દેહને કશું નુકસાન નથી એમ મીઠો ખાદ્ય પદાર્થ નજર સામે આવ્યો છતાં એ ન ખાવાથી આત્માને કાંઈ નુકસાન કે દેહને કશું કરમાવાનું નથી હોતું; બસ એવી રીતે છતી પત્નીનો સંબંધ ન કરવાથી કશું નુકસાન કે કરમાવાનું હોતું નથી. શરીરનાં પોષણટકાવ માટે જેમ ભોજન જરૂરી છે, એમ એ રૂપાળાં દર્શન-સ્પર્શન જરૂરી નથી. નહિતર આઠ દિવસ ભૂખ્યા રહેતાં શરીર દૂબળું પડે, એમ પત્ની સુવાવડમાં ગઈ ને દિવસો સુધી એમજ સ્પર્શન ન મળ્યાં તો કાયા કેમ દૂબળી નથી પડતી ? ઊલટું રૂપાળો તગડો બાબો જોઈ લોહી વધે છે તે કેમ બને ?

તાત્પર્ય, સંયમ-બ્રહ્મચર્ય એ તો માનવ જીવનનાં અલંકાર છે સ્વાસ્થ છે, નિરોગીતા છે, સત્ત્વવિકાસ છે. આ ઉત્તમ જીવનમાં આનો ઉત્તમ લાભ ન ગુમાવવા માટે બળ કેળવવા આત્મા અને જડનાં ખાતાં વહેંચી લેવા જોઈએ.

(૧) આત્માના ખાતામાં શુદ્ધ જ્ઞાન-દર્શન, નિર્વિકારપણે માત્ર જોવા જાણવાનું અને (૨) જડના ખાતામાં શબ્દ-રૂપ-રસાદિ પછી આત્માએ જડના ખાતાં ને કારભાર પોતાના માથે લેવાની, ને એમાં સંડોવવાની જરૂર નહિ.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૯,અંક-૨૨,તા.૧૬-૨-૧૯૯૧

## પર્યાવરણ અંગે જૈનદર્શનનું માર્ગદર્શન

**(વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રશિષ્ય મુનિશ્રી અભયશેખરવિજયજી મહારાજ)**

પ્રાચીનકાળમાં પર્યાવરણનો આજના જેવો કોઈ પ્રશ્ન હતો નહિ. એટલે એ

અંગેનું સીધું માર્ગદર્શન શાસ્ત્રોમાં મળવું કઠીન છે. તેમ છતાં, જૈનદર્શનની જે જે વાતો પરથી ગર્ભિત રીતે પર્યાવરણની સુરક્ષા અંગેનું માર્ગદર્શન મળી શકે છે એમાંની કેટલીક વાતોને વિચારીએ.

પોતાના સ્વાર્થ માટે કરાતી પ્રવૃત્તિમાં પણ બીજાઓનો વિચાર છે કે નહીં, અને છે તો કેવો છે કેટલો છે એના આધાર પર જીવોના લેશ્યાસંજ્ઞક પરિણામનું જૈન શાસ્ત્રોમાં વર્ણન આવે છે. આ લેશ્યા પરિણામોના મુખ્ય ૬ પ્રકાર છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ. આમાંની પ્રથમ કૃષ્ણ લેશ્યા અત્યંત અશુભ છે, બીજી એના કરતાં ઓછી અશુભ છે. ત્રીજી લેશ્યા એનાં કરતાં ઓછી અશુભ છે. ચોથી લેશ્યા શુભ છે, પાંચમી શુભતર છે અને છઠ્ઠી અત્યંત શુભ-શુભતમ છે. આમ જીવના પરિણામોનું ૬ વિભાગોમાં વર્ગીકરણ કરીને જૈન શાસ્ત્રોમાં એવું જણાવ્યું છે કે લેશ્યા જેમ જેમ વધુ અશુભ તેમ તેમ એના પરિણામે અનેક દુઃખો-આફતો આવી પડે છે, અને તેથી એવી વૃત્તિ-પ્રવૃત્તિઓ ત્યાજ્ય છે, જ્યારે લેશ્યા જેમ જેમ વધુ શુભ તેમ તેમ એના પરિણામે અનેક સુખ-સમૃદ્ધિ મળી આવે છે, અને તેથી એની વૃત્તિ-પ્રવૃત્તિઓ આદરણીય છે.

આપણી તે તે પ્રવૃત્તિમાં કયો લેશ્યા પરિણામ સંભવે છે અને તેને અનુસારીને એ પ્રવૃત્તિ ત્યાજ્ય છે કે આદરણીય છે એ આપણે સમજી શકીએ એ માટે જૈન શાસ્ત્રોમાં જાંબુવૃક્ષનું દૃષ્ટાંત આવે છે.

એનો ભાવાર્થ આવો છે-

ભૂખ્યા થયેલા છ પથિકોએ એક જાંબુવૃક્ષ જોયું. એટલે એક પથિક બોલી ઊઠ્યો કે, 'આ વૃક્ષને મૂળમાંથી ઉખેડીને પછી સુખેથી જાંબુ ખાઈએ. (કૃષ્ણ લેશ્યા) એના પર બીજો પથિક કહે છે-' 'આટલા મોટા વૃક્ષને ઉખેડી નાખવાની શી જરૂર છે ? માત્ર એની મોટી મોટી શાખાઓ છેદીએ' (નીલ). એટલે ત્રીજો મુસાફર બોલ્યો કે 'આવી મોટી શાખાઓ છેદાઈ ગયા પછી કોને ખબર પછી કયારે ઊગે ? એટલે એના કરતાં ફળોથી લચી પડેલી પ્રશાખાઓને જ કાપીએ (કાપોત). આ સાંભળીને ચોથો કહે છે - 'પ્રશાખાઓને કાપવાની કાંઈ જરૂર નથી, માત્ર ગુચ્છાઓ જ તોડીએ' (તેજોલેશ્યા). વળી પાંચમો પથિક કહે છે... 'ગુચ્છાઓ તોડવાની પણ કોઈ જરૂર નથી, માત્ર એમાંથી જાંબુઓ જ તોડી લઈએ' (પદ્મ). છેવટે છઠ્ઠો પ્રવાસી કહે છે 'આ જમીન પર જ આટલા બધા જાંબુ એની મેળે પડેલા છે તો એ જ લઈ લઈએ, ગુચ્છાઓમાં રહેવા જાંબુ ભલેને ગુચ્છાઓ પર જ રહ્યા (શુકલ લેશ્યા).

આ છમાંનો પ્રથમ પથિક અશુભતમ કાળી-કૃષ્ણ લેશ્યાવાળો છે માટે આવી વૃત્તિ ત્યાજ્ય છે, જ્યારે છઠ્ઠો પથિક શુભતમ શુકલ લેશ્યાવાળો છે, માટે આવી



વૃત્તિ આદરણીય છે. વચલા મુસાફરો ક્રમશઃ અશુભતર, અશુભ, શુભ અને શુભતર લેશ્યાવાળા છે, અને તદનુસાર બીજા-ત્રીજા પથિકની વૃત્તિ પણ ત્યાજ્ય છે જ્યારે ચોથા-પાંચમાં પથિકની વૃત્તિ પણ આદરણીય છે.

જાંબુનું ઘટાદાર વૃક્ષ અનેક પથિકોને છાયા અને વિશ્રામ આપે છે, કેટલાય પંખીઓને આશ્રય આપે છે અને ભૂખ્યાઓને ભોજન માટે જાંબુ આપે છે. વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાખવામાં આવે તો ફરીથી જ્યાં સુધી આવું ઘટાદાર વૃક્ષ પેદા ન થાય ત્યાં સુધી ત્યાં આવનાર પથિકો, પંખીઓ અને ભૂખ્યાઓની શી હાલત થશે એનો કૃષ્ણ લેશ્યાવાળા પ્રથમ પથિકને કોઈ જ વિચાર નથી. આવી વિચારશૂન્યતા પોતાના ભાવીને અંધકારમય કરનાર હોવાથી અનુચિત છે. આ જ રીતે બીજા-ત્રીજા પથિકને પણ અન્ય જીવોનો વિચાર ન હોવાથી એવી વૃત્તિ પણ ત્યાજ્ય છે. આમ આ ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓનો નિષેધ કરવા દ્વારા જૈન શાસ્ત્રોએ ગર્ભિત રીતે પર્યાવરણના નાશનો પણ નિષેધ કરી દીધો છે. કારણ કે માનવની જે જે પ્રવૃત્તિઓ પર્યાવરણનો નાશ કરી રહી છે લગભગ તે બધી પ્રવૃત્તિઓનો આ પ્રથમની ૩ લેશ્યાઓમાં સમાવેશ થઇ જાય છે.

આજે માનવી પોતાના અલ્પકાલીન સ્વાર્થ-જાહોજલાલી-ભોગવિલાસ માટે જે રીતે કુદરતી જળસંપત્તિ-ખનિજતેલ-વનસંપત્તિ-પશુઓ વગેરેનો નાશ કરી રહ્યો છે એનાથી પર્યાવરણનો નાશ થઈ રહ્યો છે. માનવીને ઉપયોગ માટે પૃથ્વીની ઉપર જ નદી-નાળાં-સરોવર વગેરેની કુદરતી વ્યવસ્થા છે. પૃથ્વીના પેટાળમાં સંગ્રહીત પાણીને હાથ લગાડવાનો એનો અધિકાર નથી. જ્યારે દુષ્કાળ વગેરેના કારણે ઉપરનું પાણી સૂકાઈ જાય ત્યારે નીચેના પાણીનો આવશ્યક જથ્થા પૂરતો એ ઉપયોગ કરે તે ક્ષમ્ય ગણી શકાય. પણ એના બદલે, વર્તમાનમાં માનવી પાતાળના પાણીને બોરીંગ કરી કરીને બેફામપણે નિરંતર વાપરી રહ્યો છે જેના કારણે એ પાણીની સપાટી વધુ ને વધુ નીચી જઈ રહી છે. એના સ્થાને સમુદ્રના ખારા પાણી ભરાવા માંડ્યા છે, જેના કારણે થોડા જ વર્ષોમાં જમીન ખેતીને લાયક ન રહેવાની શક્યતા ઊભી થઈ છે. પાતાળનું આ પાણી કંઈ બે-ચાર વર્ષમાં સંગ્રહિત થયેલું નથી. સેંકડો વર્ષોથી સંગ્રહાયેલું હોઈ શકે છે, અને ફરીથી એને એ રીતે સંગ્રહિત થવામાં એટલા જ વર્ષો લાગે એ સંભવિત છે. એ ગાળામાં જો ઉપરાઉપરી બે દુકાળો પડ્યા તો એ વખતના માનવો-ઢોરો વગેરેની શી હાલત થશે ? કારણ કે નીચેનું પાણી પણ જ્યાં બોરીંગથી પણ કામ ચાલી ન શકે એટલી હદે નીચી સપાટીએ પહોંચી ગયું હશે. પોતાના તુચ્છ સ્વાર્થ ખાતર, ભાવિના સેંકડો વર્ષોના માનવીઓનો કોઈ જ વિચાર ન કરવો એ કૃષ્ણ લેશ્યા સમાન હોવાથી પોતાને જ દુઃખની ગર્તામાં ધકેલી દેવા સમાન છે. અને તેથી આ રીતે પાતાળના પાણીનો

બેફામ ઉપયોગ અહિતકર છે.

આ જ પ્રમાણે, જંગલો-ખનિજ તેલના ભંડારો વગેરેનો માનવ જે ઝડપે નાશ કરી રહ્યો છે એ ઝડપે એ નવા તૈયાર થતાં રહે એવું જોવાય મળતું નથી. લાખો વર્ષ સુધી સૂર્યપ્રકાશની ગરમીને ઝીલી ઝીલીને પૃથ્વીના અંદરના ઘટકો ખનિજતેલ રૂપે પરિણમે છે એવું આજના વૈજ્ઞાનિકો કહે છે. લાખો વર્ષમાં સંચિત થયેલા તેલના આ ભંડારોને માનવી માત્ર ૨૦૦ વર્ષમાં ખાલી કરી નાખવા તૈયાર થઇ ગયો છે તો એમાં પછીના માનવોનો વિચાર ક્યાં રહ્યો ? તેથી આ ઝડપે પેટ્રોલ કાઢતા રહેવું એ શું કૃષ્ણ લેશ્યા રૂપ હોવાથી ત્યાજ્ય નથી ? આ કૃષ્ણ લેશ્યા છે એમ જાણીને પેટ્રોલિયમને આ ઝડપે બહાર કાઢવાનું જો અટકાવી દેવામાં આવે તો, આ ઝડપે એ બળવાનું પણ નહીં, અને તેથી એ બળીને પેદા થતા ગેસથી જે વાયુ પ્રદૂષણ થાય છે એ પણ અટકી જાય, પર્યાવરણની સુરક્ષા થાય.

એમ રાસાયણીક ખાતર નાખી નાખીને પ્રતિવર્ષ ત્રણ પાક લઈને માનવી જમીનના રસકસને ખલાસ કરી રહ્યો છે જેમાં ભાવી પેઢીનો વિચાર ન હોવાથી તે ત્યાજ્ય છે. આ સૂચનને નજરમાં લેવામાં આવે તો ફળદ્રુપ જમીનો રણમાં ફેરવાઈ જવાના પ્રશ્નો જે ઊભા થવા માંડ્યા છે તે શમી જાય.

આમ પર્યાવરણનો નાશ કરનાર આવા બધા વર્તનને કૃષ્ણ વગેરે લેશ્યારૂપ જણાવી જૈન શાસને એનો નિષેધ કર્યો છે.

આની સામે શુકલ લેશ્યા આદરણીય છે. જે જાંબુઓ સહજ રીતે જમીન પર પડેલા છે એનાથી મારું કામ નભાવી લઉં, વૃક્ષ પર ગુચ્છામાં રહેલા જાંબુને પણ ચૂંટવાની મારે શી જરૂર ? એ બીજાઓના કામમાં આવશે.... બીજાના વિચારના પ્રાધાન્યવાળી આવી વૃત્તિ-પ્રવૃત્તિને શુકલ લેશ્યા સ્વરૂપ જણાવી જૈન ગ્રન્થોએ ઉપાદેય કહી છે. પોતે જેટલા જાંબુ ખાઈ શકે એટલા જાંબુ જમીન પર પડ્યા જ હોય એવું કાંઈ હોતું નથી. તેમ છતાં, 'જેટલા પડ્યા હોય એટલાથી ચલાવી લઈશ, પણ વૃક્ષ પરથી એકે ય નહીં તોડું, એને બીજાઓ માટે અકબંધ રહેવા લઈશ.' આવી ભાવના આ લેશ્યામાં હોય છે જે એના ભવિષ્યને પ્રોજ્જવળ બનાવનાર છે એવું જૈનદર્શન કહે છે.

કુદરત પાસેથી જે ચીજ જેટલા પ્રમાણમાં સાહજિક રીતે મળી રહેતી હોય એટલી જ ચીજનો, જરૂર પડે ત્યારે ઉપયોગ કરવો, અને કદાચ ક્યારેક એ ઓછા પ્રમાણમાં પ્રાપ્ત હોય તો એટલા જ પ્રમાણથી ચલાવી લેવું એ સમૃદ્ધ ભવિષ્યનું સૂચક છે. આ રીતે પેટ્રોલ વગેરેનો જો ઉપયોગ કરવામાં આવે તો એનાથી જ ગેસ ઉષ્ણતામાન વગેરેમાં વિશેષ ફેરફાર વગર પોતાનામાં સમાવી લેવાની વાતાવરણમાં ક્ષમતા હોય જ છે જેથી પર્યાવરણ સુરક્ષિત રહે છે અને ઉત્તરોત્તર સમૃદ્ધિઓ



મળતી રહે છે.

સીધું ગણીત છે. પૂર્વજોએ ગમે એટલી સંપત્તિ એકઠી કરી હોય, ઈન્કમ કરતાં ખર્ચ અધિક રાખવામાં આવે, અને એ અધિકતા સંચિત સંપત્તિમાંથી મેળવવામાં આવે તો એક દિવસ ભીખ માંગવાના દહાડા આવવાના જ. એ રીતે, છેવટે માનવીએ આટલું તો કરવું જ જોઈએ કે ખનિજ તેલ, વૃક્ષો વગેરે જે ચીજ જેટલા કાળમાં જેટલી નવી ઉત્પન્ન થઈ શકતી હોય એ ચીજનો એટલા કાળમાં એટલા પ્રમાણથી અધિક ઉપયોગ કરવો નહીં.

પોતાની મર્યાદિત શક્તિઓના કારણે જે ચીજને માનવી સ્વયં ઉત્પન્ન કરી શકતો નથી એ ચીજોને જરૂરિયાત વખતે એના - પાસેથી કઈ રીતે મેળવવી એનો ચિતાર પણ ગર્ભિત રીતે જૈન શાસ્ત્રોએ આપેલો છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે- વૃક્ષ પરના પુષ્પોમાંથી ભ્રમર મકરંદ એવી રીતે પીએ છે કે જેથી પુષ્પને કોઈ હાનિ ન પહોંચે અને પોતાનું કાર્ય થઈ જાય. એ રીતે સાધુઓ, ગૃહસ્થોએ પોતાના માટે તૈયાર કરેલ ભોજન વગેરેમાંથી થોડી થોડી ભિક્ષા લઈ નિર્વાહ કરે છે, અને કોઈને હાનિ પહોંચાડતા નથી.

સીધે સીધી આ વાત સાધુઓને લાગુ પડે છે, પણ વ્યાપક રીતે જો વિચાર કરીએ તો આમાંથી પર્યાવરણના પ્રશ્ને પણ માર્ગદર્શન મળી રહે છે.

ભ્રમર પોતે મકરંદ પેદા કરી શકતો નથી તો પુષ્પમાંથી એ રીતે મકરંદ ચૂસે છે કે જેથી પુષ્પને કોઈ વાંધો ન આવે. જૈન સાધુઓ, સાધુપણાની મર્યાદાના કારણે ભોજન પોતે બનાવતા નથી, એટલે એ માટે તેઓ સદ્‌ગૃહસ્થોને ત્યાંથી ભિક્ષા લે છે ગૃહસ્થો પાસેથી એટલું થોડું થોડું લેવું જેથી ગૃહસ્થોને કોઈ વાંધો ન આવે. ગૃહસ્થે સ્વકુટુંબ માટે ૪૦-૫૦ રોટલી બનાવી હોય અને સાધુ એમાંથી ૨-૩ રોટલી ભિક્ષા તરીકે લે તો ગૃહસ્થને કંઈ વાંધો ન આવે એ સ્પષ્ટ છે. આ રીતે ભિક્ષા લેવી એને ગોચરી કહેવાય છે, એટલે આમાં ગાયની ઉપમા છે. ગાય ઘાસને ઉપર ઉપરથી એ રીતે ખાય છે કે જેથી એ મૂળમાંથી ઉખડી ન જાય અને નવું નવું આવ્યા કરે. ગાયની ઉપમા દ્વારા એ સૂચન છે કે આ રીતે ભિક્ષા હંમેશ માટે મળ્યા કરે છે અને લોકોમાં આદરપાત્ર બનાય છે.

**તેથી વિપરીત :** ગધેડો ઘાસને મૂળમાંથી ઉખેડી નાખે છે જેથી નવું ઊગી શકતું નથી. નુકસાનને લઈ ગધેડાને લોકો તિરસ્કારે છે. તેમ પર્યાવરણને જેનાથી નુકસાન થાય તે અનાદર પામે છે.

પર્યાવરણને સ્પર્શતી અનેક ચીજો જેવી કે પૃથ્વીના પેટાળમાં રહેલું પાણી, ખનિજ તેલ, ગીચ જંગલો, નાની-મોટી વિવિધ પ્રાણીસૃષ્ટિ વગેરેને માનવી પોતે

ઉત્પન્ન કરી શકતો નથી. કુદરતી રીતે પોતાની મેળે એ ઉત્પન્ન થયા કરે છે એટલે કુદરતને કોઈ હાનિ પહોંચે એની સમતુલા ખોરવાઈ જાય એ રીતે એનો ઉપયોગ કરવો ન જોઈએ. એ રીતે બેફામપણે કુદરત પાસેથી એ ચીજો લઈ લેવામાં ગધેડાની ઉપમા છે, કુદરત માનવીને ધિક્કારશે, ફરીથી આપવાનું બંધ કરશે અને ઉપરથી પ્રતિકૂળ થઈ હેરાન કરશે. કુદરતની સમતુલા ખોરવાય નહીં એ રીતે આ ચીજોનો ઉપયોગ કરવામાં સમૃદ્ધિ છે એવું જણાવવા દ્વારા પર્યાવરણની સુરક્ષા સૂચિત થઈ છે.

શ્રી તત્વાર્થસૂત્રનું **'પરસ્પરોપગ્રહો જીવાનામ્'** વચન પણ 'પરસ્પર એકબીજાને ઉપગ્રહ કરવો = સહાય કરવી એ જીવોનું લક્ષણ છે' એવું જણાવવા દ્વારા પર્યાવરણ અંગે વેધક પ્રકાશ ફેંકે છે. કુદરતે, જાણે કે, પરસ્પર એકબીજાને સહાય કરવાનું કર્તવ્ય જીવોને સોંપ્યું છે.

ઉપલકદૃષ્ટિએ નુકસાનકર્તા લાગે એવા જીવજંતુઓ પણ કંઈક ને કંઈક રીતે ઉપકારક હોય જ છે એ આજે સિદ્ધ થઈ ગયેલી વાત છે. ચકલી જેવા પક્ષીઓ ઘણો પાક ખાઈ જવા દ્વારા નુકસાન કરે છે એમ માનીને ચીનમાં લાખો-કરોડોની સંખ્યામા એનો સામૂહિક સંહાર કરવામાં આવ્યો. બીજે વર્ષે લગભગ ૮૦% પાકને જીવાત ખાઈ ગઈ ત્યારે ત્યાંની પ્રજાને ખ્યાલ આવ્યો કે આ પક્ષીઓનો નાહક સંહાર કર્યો. જીવાતથી રક્ષા કરે, થોડો ખોરાક ચણી જાય છે, એના બદલામાં કિંમતી ખાતર રૂપે એ ચરકી પણ જાય છે, આ પણ એનો ઉપકાર છે. સાવ ક્ષુદ્ર કહેવાય તેવું અળસીયું પણ સેન્દ્રિય ખાતર પૂરું પાડવા દ્વારા ઉપકારક બની રહે છે એ જગપ્રસિદ્ધ છે. આમ નાની મોટી તમામ જીવસૃષ્ટિઓ કાંઈ ને કાંઈ ઉપકારક છે જેની હિંસા કરવાની જરૂર નથી.

આ સૂત્રમાં **'પરસ્પર'** એવો જે શબ્દ છે તે જણાવે છે કે આમાં એકપક્ષી સહાયની વાત નથી. એટલે માનવે પણ અન્ય જીવસૃષ્ટિને સહાયક બનવું એ જાણે કે કુદરતે એને સોપેલું કર્તવ્ય છે. એના બદલે માનવ જો પોતાના મોજવિલાસ ખાતર પશુસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિનો સંહારક બને તો કુદરત એને શી રીતે સાંખી લેશે ? બાકી તો કુદરતની આ સચોટ વ્યવસ્થા છે કે દરેક જીવસૃષ્ટિ સ્વજીવન જોખમ વિના જીવે. આ વાતનો નિર્ણય નીચેની બાબતો પરથી કરી શકાય છે -

(૧) લીલા પાંદડા પરની જીવાતનો રંગ લીલો હોય છે. લાલ ફુલમાં થતી જીવાત લાલ હોય છે. કાળા કોલસા પર થતા કંથવા કાળા હોય છે. આમાં ક્યાંય વિરોધાભાસ લગભગ જોવા મળતો નથી. જો વિપરિત રંગ હોય તો એ જીવાત તુર્ત જ અન્ય હિંસક જીવની નજરમાં આવી એનો ખોરાક બની જાય. આમ એ જીવાતનું મૃત્યુ જલ્દી થવાનો ભય ઊભો થાય જે કુદરતને મંજૂર ન હોવાથી દરેક



જીવાતને પોતપોતાના આધારને અનુરૂપ રંગ પ્રાપ્તિ એ કુદરતી વ્યવસ્થા છે.

(૨) ઠંડા પ્રદેશોમાં રહેતા પ્રાણીઓની શરીર રચના એવી હોય છે કે જેથી એ ઠંડી એના જીવનને ટૂંકાવી ન દે. એ જ રીતે ગરમ પ્રદેશોનાં પ્રાણીઓની શરીર રચના એવી થઈ છે કે જેથી ગરમી સામે રક્ષણ મળ્યા કરે. રણપ્રદેશમાં કેટલાય દિવસો સુધી પીવા પાણી ન મળે અને તો પણ એ રણ કાપવા પ્રવાસ ચાલુ રહે એ માટે ઊંટના શરીરમાં પાણીનો સંગ્રહ થઈ શકે એવી વિશિષ્ટ ગોઠવણ હોય છે. જળચર પ્રાણીઓ પાણીમાંથી પ્રાણવાયુ મેળવી લે એવું વિશિષ્ટ શ્વસનતંત્ર એના શરીરમાં ગોઠવાયેલું હોય છે. આ બધી બાબતો પણ **'દરેક જીવ પોતાનું જીવન ટકાવી રાખે'** એવી કુદરતની જાણે કે ઈચ્છા હોય એવું શું નથી જણાવતી ?

**''દિવ્ય-દર્શન'' - ''અગ્રલેખ''** **વર્ષ-૩૯,અંક-૩૩/૩૪,તા.૨૫-૫-૯૧**

## દીક્ષાર્થીને હિતશિક્ષા

બેંગલોર - પ્ર.વૈ. લિ. વિજય ભુવનભાનુ સૂરિ,

તારા પિતાશ્રીના પત્રથી તારી ભાગવતી દીક્ષા નજીકમાં નક્કી થયાનું જાણી અતીવ આનંદ થયો.

સરિયામ પાપો અને દુઃખોથી ભરેલા આ અસાર સંસાર પરથી, મોહની રાજધાની સમી, યુવાનવયે તને જ્વલંત વૈરાગ્ય થયો અને હવે તું સંસારત્યાગ કરી અનંત તીર્થંકર ભગવંતો અને ચક્રવર્તીઓ વગેરેએ અપનાવેલ ભાગવતી દીક્ષાના માર્ગે પ્રયાણ કરવા તૈયાર થઈ છો, તો તું સિંહની જેમ ચારિત્ર સ્વીકાર અને સિંહની જેમ ચારિત્ર પાલન કરે એવા અમારા તને અંતરના અંતરથી શુભ આશીર્વાદ છે.

સિંહના જેવું પરાક્રમ અખંડ વહેતું રાખવા આટલું હંમેશા યાદ રાખજે કે

''કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે !''

''અત્યાર સુધી ભવયાત્રા બહુ ચલાવી, હવે હું મોક્ષયાત્રામાં છું. મારાથી વિષયકષાયરૂપી કારમા શત્રુને પગઠામ ન અપાય.''

**''મને જિન અને જિનવચન જ ફાવે, બીજું ન ફાવે.''** ઇતિ

## દીક્ષાર્થીના વડીલોને પત્ર

લિ. વિજય ભુવનભાનુસૂરિ,

ધર્મપ્રેમી દેવગુરુભક્ત સુશ્રાવક વસ્તીમલજી જોગ,

ધર્મલાભ, દેવગુરુની કૃપાએ અત્રે સુખશાતા છે. તમારો પત્ર મળ્યો, તમારી પુત્રીની દીક્ષા નક્કી કરી જાણી અપાર આનંદ થયો. તમો શાસનને ક્રોડો રૂા.ની ભેટ કરતાં પણ અતિશય કિંમતી રત્નની ભેટ કરી રહ્યાં છો એથી તમને ધન્યવાદ ઘટે છે, અને તમે એથી તમારા આત્માના મોહનીય આદિ કર્મોને જબરદસ્ત ધક્કો લગાવી રહ્યાં છો જે તમને અહીંયાં, પરલોકમાં તરણતારણ ચારિત્રરત્ન સુલભ કરી દે. પ્રભુના શાસનની આ અમૂલ્ય સેવા તમને અને તમારા પરિવારને જયજયવંતી બને એવી અમારી શુભાશિષ છે.

સંસારના નિયમ મુજબ કન્યાને પારકે ઘેર વળાવવાની હોય છે. એટલે તત્ત્વદૃષ્ટિએ જોતાં વિષયકષાયના કતલખાને વળાવવાની હોય છે, એના બદલે તમારે ગૌરવ અનુભવવાનું કે જિનશાસન પામીને બચ્ચીને સંયમના સુરક્ષિત કિલ્લામાં સ્થાપિત કરવાનું સદ્ભાગ્ય અમને સાંપડે છે, અમારું અહોભાગ્ય છે.

સંયમ શું છે ? એ જાણવા માટે મહાસતી સીતાજીના બોલ યાદ રાખવા જેવા છે.

અગ્નિનું દિવ્ય કરી એમાં ઉત્તીર્ણ થયા પછી મહાસતીને એનાં પતિ રામચંદ્રજી મહેલમાં પધારવા કહે છે. ત્યારે મહાસતી કહે છે,-

હવે મારે સંસારથી સર્યું. કર્મસત્તાએ ભૂતકાળમાં તો અનંતવાર મને તમાચો લગાડી, પરંતુ આ ભવમાં પણ ત્રણ મોટી તમાચો લગાડી,-

૧. પહેલી તમાચ તમને પરણીને મનમાં મેં નિરાંત અનુભવેલી 'મને દશરથનંદન પતિ મળ્યા મારા જેવી સૌભાગ્યવંતી કોઈ કન્યા નહિ હોય, ચાલો હવે એમની સાથે મહેલવાસમાં રહી મજા કરીશું,' ત્યાં કર્મસત્તા મને કહે 'આમ આવ, લે આ તારા મહેલવાસને તમાચ ખાતી જા,' એમ કરી મને વનવાસમાં તગેડી.

૨. બીજી તમાચ એમ લાગી, કે વનવાસમાં પણ મેં મન વાળેલું કે ''હું કયાં મહેલને પરણી હતી કે મહેલ જતાં રોઉં ? હું તો રામચંદ્રજીને પરણી હતી, એ મારા રામ અહીં મારી પાસે સલામત છે. મારે કશું જ રોવાનું નથી,'' ત્યાં કર્મસત્તા કહે 'આમ આવ, તારા રામ તારી પાસે સલામત ? લે જો, એમ કહી રાવણ પાસે મને ઉપડાવી.'

૩. ત્રીજી તમામ એમ લાગી કે તમે રાવણ સાથે યુદ્ધ કરીને મને ત્યાંથી લઈ આવી અહીં મહેલમાં આનંદ મંગળમાં રાખી, ત્યારે મેં ધાર્યું કે 'હાશ ! મારા દુઃખના દહાડા હવે ગયા !' ત્યાં કર્મસત્તા કહે છે. 'આમ આવ, તારા દુઃખના દહાડા ગયાં ? લે તારા પતિ પાસે જ તારી જંગલમાં હકાલપટ્ટી કરાવું.' એમ કરી મને એકલી અટુલી જંગલમાં નિરાધાર સ્થિતિમાં મુકાવી.



હવે તમે કહો છો 'ચાલો મહેલમાં,' એટલે મહેલમાં આવીને મારે ફરીથી કર્મની તમાચ ખાવા મારો ગાલ તૈયાર રાખવાનો ? ના,

હવે માફ કરો, મારે કર્મની તમાચ નથી ખાવી, હું જિનશાસન પામી છું, તેથી કર્મ મને શું તમાચો લગાવે ? હું જ જિનશાસનના સંયમને સ્વીકારી તપ સંયમથી કર્મને તમાચે તમાચા લગાવીશ, ને કર્મને ખતમ કરીશ.''

બસ સંયમથી કર્મનાશ કેવી કેવી રીતે થાય એનું સાયન્સ જિનશાસન પાસેથી શીખી લઈ સંયમના વિવિધ માર્ગોને જીવનમાં આરાધવા યોગ્ય છે.

એજ

''દિવ્ય-દર્શન'' - **''અગ્રલેખ''** વર્ષ-૩૯,અંક-૩૯,તા.૨૯-૬-૯૧

## નૂતન દીક્ષીતને હિતશિક્ષા

હુબલી વિહારમાંથી જેઠ સુદ ૪

લિ. વિજય ભુવનભાનુસૂરિ,

વિનયાદિ ગુણયુત સુશીલ સાધ્વીજી શ્રી....યોગ્ય

અનુવંદના સુખશાતા

તમારો પત્ર મળ્યો હતો. દીક્ષા પછી તમારા અતિ હર્ષના સંવેદનો જાણી અતીવ આનંદ થયો. અલબત્ત એ પોસ્ટ-દીક્ષિત સંવેદનો અકથ્ય-અવર્ણનીય હોય છે, છતાં તમારા સચોટ શબ્દોથી એનો આછો ખ્યાલ આવી ગયો હતો.

લૌકિક રીતભાતમાંથી સર્વેસર્વા ડાયવોર્સ લઈ લોકોત્તર રીતભાતમાં એકાએક જોડાઈ જવામાં કશું ગ્રીક-લેટિન જેવું નહિ લાગ્યું હોય. ઊલટું પરદેશમાંથી ઘેર આવ્યા જેવું લાગ્યું હશે. કારણ એ છે કે લૌકિકની પ્રેમ-રીતભાત સ્વાર્થ-મોહમૂઢતા અને અજ્ઞાનતાના પાયા ઉપર ચાલતી હોય છે અને એનું સ્વરૂપ પણ તત્ત્વદૃષ્ટિથી એક પ્રકારના સનેપાતના ચાળા જેવું હોય છે, જેથી વાસ્તવમાં એમાં પ્રેમ જેવું કશું તત્ત્વ જ નથી હોતું.

ત્યારે લોકોત્તરમાં આત્માની સગાઈ છે, એટલે સમુદાયમાં રહેલા આ આત્માના સગાઓને જેમ પોતાને પરમાત્માના માર્ગે અવિરત પ્રયાણ ચાલુ હોય છે એમ એ ચારિત્રમાં જોડાતા નવા ભદ્રક યાત્રિકોને પણ આંગળી પકડાવી પરમાત્મમાર્ગે ચલાવતા હોય છે. સૌને પ્રસન્નતાથી આરાધનામાં ડૂબેલા જોઈ પોતાને પણ ચોવીસે કલાક આરાધનાનો ઉત્સાહ બન્યો રહે છે.

મહાભાગ્યવતી ! એટલું ધ્યાન રાખજો કે 'દીક્ષા મળી ગઈ, ચાલો હવે મારું

કામ પતી ગયું !' એમ નિરાંત વાળવાની નથી, કેમકે કામ તો હવે જ શરૂ થાય છે અત્યાર સુધી જે કર્યું એ સિદ્ધગિરિના પહેલા સોપાને આવી ઉભવાનું કર્યું. પરંતુ હવે જ ઉપર ઉપરના સોપાન સર કરવાનાં છે, એ માટે તરણતારણ શ્રી આચારાંગ સૂત્રમાંની આ ગણધરવાણી યાદ રાખ્યા કરવાની છે,-

**(૧) ''जाए सद्धाए निक्खंतो तमेव अणुपालिज्जा ॥''**

હે દેવાનુપ્રિય ! જે વૈરાગ્ય-સંવેગના જોસથી વીરના માર્ગ પર નીકળ્યો છે, તે જોસને બરાબર સુરક્ષિત રાખજે. એમાં જરાય સુસ્તી-મંદતા-ઉપેક્ષાને આવવા દઈશ નહિ કેમકે એ યાદ રહે.-

**(૨) ''पणया वीरा महावीहिं ॥''**

હે આયુષ્યમાન્ ! આ મહામાર્ગને કાયરોએ નહિ. પણ વીર પુરુષોએ ખુંદ્યો છે. એમણે ક્યારેય પાછીપાની કરી નથી. સુસ્તી મંદતા હતાશા કે ઉપેક્ષા આવવા દીધી નથી; પરંતુ વધતા ઉત્સાહથી આગેકૂચ કર્યે રાખી છે. તો તારે પણ એ જ કર્તવ્ય હોય.

મહાસતી સીતાજીએ દીક્ષા કેવા સંયોગમાં લીધી ? જ્યારે જીવનમાં ભયંકર કષ્ટો વેઠયા પછી મહાસન્માન સાથે ઠરીઠામ બેસવાનો અવસર આવ્યો ત્યારે એ એકલા અટુલાએ ચારિત્રમાર્ગ અપનાવ્યો. અને અપનાવ્યા પછી પણ અપનાવી જાણ્યો, જવલંત વૈરાગ્ય, પ્રખર ત્યાગ, અને ઉછળતો જિનપતિરાગ વધારતી રહી, મહાસમકિતી અચ્યુતપતિ ઇન્દ્રપણાના પદે પહોંચ્યા ત્યાં સુધી ચારિત્રમાર્ગ સાથે સમ્યગ્દર્શનનું, સર્વ આત્મપ્રદેશોને તન્મય કરવા પૂર્વક પાલન કર્યું. તો જ એ ૨૨ સાગરોપમ યાને ૨૨૦ કોડાકોડી પલ્યોપમના કાળમાં થનારા અસંખ્ય જિનેશ્વર ભગવંતોના જન્માભિષેક પહેલા નંબરમાં કરવાનો અધિકાર પામ્યા. તમારે હરહંમેશ દૃષ્ટિ સામે આ સીતાસાધ્વીજીનું મહાચારિત્ર રાખવાનું છે, અને ચારિત્ર પ્રાપ્તિ પછીના આદ્ય ઉચ્ચ શુભ સંવેદન જ શા, કિન્તુ ચારિત્ર પાળતાં પાળતાં ઉપરોક્ત રીતિએ સમકિત અને સંયમની વિશુદ્ધિના સ્થાનક ઉચ્ચ ઉચ્ચતર રીતે સ્પર્શતા રહી એના કલ્પનાતીત શુભ સંવેદનોનો અનુભવ કરતા રહેવાનુ છે અને એને - કરતા રહેવાનું છે. જેથી એ સ્વ-પરને અવસરે પ્રોત્સાહક બને.

મહાસોભાગિની ! તમે આ વિરાટ વિશ્વના અનંત પરિભ્રમણમાં કદાચ પહેલવહેલો જ આ ચારિત્રપ્રાપ્તિનો ભગીરથ પુરુષાર્થ કર્યો છે,- એમ સમજી હવે આ ધગશ રાખ્યા કરજો કે 'તોડી નાખું મોહને ! ને તોડી નાખું કર્મોને !' એ માટે હવે જીવનમાં અનાદિના સ્વભાવ પડે દા.ત.

| | |
|---|---|
| - કષાયનો સ્વભાવ પડતો મૂકી... | ઉપશમ નિરીહતાનો સ્વભાવ ધરજો. |
| - આપમતિનો સ્વભાવ પડતો મૂકી... | 'ગુરુમતિ એ જ મારી મતિ.' |
| - દેહાધ્યાસનો સ્વભાવ પડતો મૂકી... | ડામીસ દેહ પ્રત્યે શોક્યભાવ રાખજો. અંદરવાળા આત્માની જ મમતા જીવંત રાખજો. |
| - સુંવાળાગિરિનો સ્વભાવ પડતો મૂકી... | ખડતલપણું તિતિક્ષા અને સૌમ્યપણું કેળવજો. |
| - બાહ્યભાવની રીતરસમ પડતી મૂકી... | આંતરભાવની રીતરસમ અજમાવજો. |
| - અજ્ઞાન-મોહમૂઢ લોકનાં ગણિત પડતાં મૂકી.. | જ્ઞાનીનાં ગણિત અપનાવજો. |

આ સૂત્ર હંમેશા મનમાં રમતું રાખજો.

**'કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે પ્રાણીરે.'**

**'धन्यास्मि कृतपुण्यास्मि यत् प्राप्तं जिनशासनम् ।'**

''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૩૯,અંક-૪૩,તા.૨૭-૭-૧૯૯૧

## પવિત્ર તીર્થભૂમિ ઉપર ઉપવન બનાવવાને બદલે મત્સ્યોદ્યોગનું પાપ-વન બનાવવાનું આયોજન થઈ રહ્યું છે ?

- ગુજરાત સમાચારમાંથી સાભાર ઉદ્ધૃત.

હિંસા કરતા અહિંસાની સાત્ત્વિક તાકાત વધારે છે એ સત્યનો સાક્ષાત્કાર મહાત્મા ગાંધીજીએ ભારતને આઝાદી અપાવીને જગતને કરાવ્યો. અંગ્રેજોની બંદુકો અને તોપોવાળી મહાસત્તા સામે અહિંસક ક્રાંતિ કરીને આપણે મેળવેલી આઝાદીની જગતના ઈતિહાસમાં સૌથી ઉજળી અને નિષ્કલંક ક્રાન્તિ ગણાય છે.

પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આપણા ભ્રષ્ટ રાજકીય નેતાઓ અહિંસા-ધર્મની સંસ્કૃતિ ભૂલીને પૂજ્ય મહાત્મા ગાંધીજીનું અપમાન કરીને હિંસા દ્વારા કરોડો રૂપિયાનું હુંડિયામણ મેળવવાના અધમ પ્રયત્નો કરે છે. વેરાવળ સોમનાથ જેવા દરિયા કિનારાના તીર્થો ઉપર તથા શત્રુંજય જેવા તીર્થસ્થળોએ મત્સ્યોદ્યોગની જંગી યોજનાઓ કરીને તે દ્વારા દર વર્ષે લાખો કરોડો રૂપિયાની માછલીઓની નિકાસ કરે છે. મરઘા પાલનના હિંસાત્મક વ્યવસાયને સરકાર ભરપુર પ્રોત્સાહન આપીને નક્કર પ્રગતિ કર્યાની ડંફાસો મારે છે.

જાપાન જેવો દેશ ઇલેકટ્રોનિકસ ચીજોની નિકાસ કરે છે. અમેરિકા અણુ શસ્ત્રોની નિકાસ કરે છે ! એવી અસંખ્ય બાબતો છે જેનું વ્યાપક ઉત્પાદન કરીને જગતના દેશોમાં તેની નિકાસ થઈ શકે તો પછી આપણી સત્તાલોલુપ સરકાર માછલાંની નિકાસ કરવાનું અધમ અને અધર્મયુક્ત કૃત્ય કેમ આચરે છે ?

આઝાદી મેળવવા માટે આપણે અહિંસાની સંસ્કૃતિનું જતન કર્યું હતું હવે એ

આઝાદીને ટકાવવા અને આબાદી લાવવા માટે હિંસા આચરવી એ કઈ રીતે અનિવાર્ય ગણાય ?

જગતનો કોઈ ધર્મ કદીય હિંસાનું સમર્થન કરતો નથી. દરેક ધર્મ અહિંસાનો જ આદર કરે છે. તો પછી આપણી સરકારમાં ચુંટાયેલા ભ્રષ્ટ નેતાઓ હિંસાની તરફેણ કરીને કયા ધર્મનું પાલન કરી રહ્યા છે ?

સૌથી મોટી કમનસીબી તો એ છે કે આપણી સરકાર પવિત્ર તીર્થસ્થળોએ મત્સ્યોદ્યોગ સ્થાપે છે. લાખો અને કરોડો રૂપિયા ખર્ચીને મંદિરો અને જિનાલયો ચણાવતા આપણા ધર્માત્માઓ સરકારની આવી નીતિ સામે કેમ ચૂપ રહે છે ? અભિષેક કરીને પાલિતાણા શેત્રુંજયને પવિત્ર કરવાનો ઠેકો લઈને ફરનારા દંભીઓને શું ખબર છે ખરી કે ગુજરાત ફીશરીઝ સેન્ટ્રલ કો-ઓપરેટીવ એસોસીએશન દ્વારા શેત્રુંજય ડેમમાં મત્સ્યોદ્યોગ સ્થાપવાની ચાલ શરૂ થઈ છે.

ચાલુ વર્ષે મચ્છીમારીનો કોન્ટ્રાકટ એકતાળીસ લાખ રૂપિયામાં અપાયો હોવાનું મનાય છે..... એટલું જ નહિ શત્રુંજય ડેમથી કદમગીરી તીર્થ સુધીના માર્ગ ઉપરની સર્વોદય ગૌશાળાની જમીન ઉપર માછીમારોના દોઢસોથી અધિક કુટુંબોને રાતોરાત વસવાટ કરાવી દેવાયો છે. નિરાધાર લોકોને સરકાર આ રીતે વસાહત આપે તો તે ગૌરવની ઘટના છે પણ પવિત્ર તીર્થસ્થળે પાપાચાર માટે મત્સ્યોદ્યોગના હેતુથી માછીમારોને વસવાટ કરાવ્યો એનો વિરોધ થવો જ જોઈએ. પાલિતાણામાં અસંખ્ય સાધુ-સાધ્વીઓ સ્થિર થઈને રહે છે તે બધા આ પ્રવૃત્તિની સામે ઉપવાસ ઉપર કેમ નથી ઉતરતા ? કે એમની જીવદયા મરી પરવારી છે ?

સોમનાથ હિન્દુઓનું તીર્થ છે અને પાલિતાણા જૈનોનું તીર્થ છે. આ ઉપરાંત દ્વારકા જેવા અન્ય પણ તીર્થસ્થાનો છે જ્યાં ધુપ દીપ અગરબત્તીની મહેકને બદલે મત્સ્યોદ્યોગની દુર્ગંધ પ્રસરી રહી છે.

વિદેશના લોકો અને વિદેશની સરકાર હવે ભારતની અહિંસાની સંસ્કૃતિ અપનાવતા થયા છે જ્યારે આપણી જ સરકાર હિંસાની વિકૃતિ અપનાવીને પ્રગતિની બડી બડી બડાશો મારે છે. મત્સ્યોદ્યોગ બંધ થશે તો એ વ્યવસાય પર નભતા હજારો લોકો બેકાર થઈ જશે એવો ખોટો ભ્રમ ફેલાવીને સરકાર આડકતરી રીતે હિંસાનું જ સમર્થન કરવા માંગે છે. તો તો પછી ચોરી દુરાચાર જુગાર વગેરે પર નભતા લોક બેકાર ન બને એ માટે એનાં સમર્થનના કાયદા અને આયોજનો ઘડવા જોઈએ.

ખરી વાત તો એ છે કે સરકાર પાસે બેકારી દૂર કરવાનું કોઈ નક્કર આયોજન જ નથી.



જીવદયા માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા ધર્મવીરોનો આપણને ગૌરવવંતો વારસો મળ્યો છે એ વારસાનું તેજ જરા પણ ઝાંખુ ન પડે તે જોવાનો આપણા સૌનો ધર્મ છે. જો આપણે આપણો આ ધર્મ નહિ સમજીએ તો આડંબરના અવળા માર્ગે જ જઈશું. જે દેશનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી એવી લોકોક્તિ પ્રચલિત છે. આપણે જો ભિખારી ન બનવું હોય તો આપણી સરકારને હિંસાત્મક માર્ગે વેપારી થતી રોકવી જોઈએ.

શત્રુંજય ડેમની માછલી દરિયાઈ માછલી કરતાં સારી હોવાથી તેનો વેપાર સારો નફો કરાવે છે. આ કારણે સરકાર અદ્યતન મત્સ્ય બીયારણ કેન્દ્ર, કોલ્ડ સ્ટોરેજ, માછલા સુકવવાનું વિશાળ કારખાનું વગેરે સ્થાપીને જીવદયા પ્રેમીઓને ઉશ્કેરવાનું કાર્ય કરી રહી છે. પાલિતાણાના શત્રુંજય પર્વત ઉપર તીર્થ યાત્રાએ જનારા વૃદ્ધ બિમાર કે અપંગ લોકો માટે રોપ-વે કરવાનું વિચારતી વખતે જીવદયાની અવહેલના થતી હોવાનું કહેનારા અત્યારે પાલિતાણા તીર્થ મટીને મત્સ્યોદ્યોગનું કેન્દ્ર બની રહ્યું છે ત્યારે કઈ રીતે ચૂપ રહી શક્યા છે ? શું આપણી જીવદયા માત્ર કાગળો લખવા પૂરતી જ છે ? શું આપણો જીવદયાધર્મ એટલો કાયર છે કે અધર્મની સામે લાચાર બનીને બેસી રહે ? તીર્થની આ ભૂમિ ઉપર ઉપવન બનાવવાને બદલે મત્સ્યોદ્યોગ બનાવવાનું ષડ્યંત્ર ગોઠવાય ત્યારે આપણે ચૂપ રહીએ તો એ પાપમાં આપણે ય ભાગીદાર જ ગણાઈએ ! **- રોહિત શાહ**

**(અંક-૪૫ માં આ લેખનો સુધારો વાંચો)**

**બુદ્ધિમત્તા શેમાં ? ગુનાહિત કૃત્યોને રોકવામાં કે એને કાયદેસરના બનાવવામાં ?**

સમાચાર છે કે :

"મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને કેન્દ્રની સરકારે એવી દરખાસ્ત કરી છે કે કેન્દ્ર સરકાર મ્યુનિસિપલ કોર્પોરેશનને પોતાના પશુ કતલખાનાના વિસ્તારમાં સંપૂર્ણ આધુનિક સાધનોથી સજ્જ માંસનિર્યાત યુનિટ સ્થાપવાની રજા આપે અને સાથે જ તે કતલખાનાઓની હાલની બધી જ વ્યવસ્થાઓનો સંપૂર્ણ ઉપયોગ થાય અને એમાં આધુનિક સુધારા વધારા પણ થાય. કેન્દ્ર સરકારે સદરહુ યોજનાની વિસ્તૃત રૂપરેખા તૈયાર કરવા સલાહકારોની નિમણૂક પણ કરી છે અને એ યોજના જો આકાર લે તો મુંબઈ મ્યુ. કોર્પોરેશનને આર્થિક રીતે સદ્ધર એવું આધુનિક પશુ કતલખાનું મળે

'તાજા અને ગરમ માંસની' વધતી જતી માંગને કારણે મુંબઈમાં ગેરકાયદેસર કતલખાનાઓ ફાલ્યા ફૂલ્યા છે. આ ગેરકાયદેસરના કતલખાનાઓ બઝારમાં તાજુ માંસ આપી શકતા હોવાથી એમની હરિફાઈના કારણે કોર્પોરેશનના કતલખાનાઓને

દર વરસે સાડા ત્રણ કરોડ રૂપિયાની ખોટ સહન કરવી પડે છે. આવી ગેરકાયદે થતી ખોટ નિવારવા મ્યુનિસિપાલિટીએ ફી લઈને માંસના તે તે દુકાનદારોને પોતાની માંસની દુકાનની જ સ્પેશયલ રૂમમાં પોતાના ઘેટા બકરા આદિ પશુઓની કતલ કરવાના પરવાના આપવાનું ઠરાવ્યું છે.''

આ સમાચારમાં જો સત્ય હોય તો કહેવાનું મન થાય કે જરૂરી લાઈસન્સ વગરની ગેરકાયદે કાર્ય કરતી વ્યક્તિઓને આવી કતલ અટકાવવા વર્તમાન કાયદાઓનો અમલ વ્યવસ્થિત અને સખત કરવાને બદલે એમના ગેરકાયદેસરના કામને કાયદેસર બનાવી દેવામાં ડહાપણ કહેવાય ખરું ? લૂંટ, ચોરી, દુરાચારી, બળાત્કાર ગેરકાયદે ચાલતા હોય તો બુદ્ધિમત્તા એને અટકાવવામાં કે એને કાયદેસરના બનાવવામાં ?

છેલ્લા ચાર દાયકાથી દર હજારની મનુષ્યની વસ્તી સામે ભારતીય પશુ ધન ઘટતું ચાલ્યું છે એના સરકારી આંકડાઓની જાણકારી સત્તાધારીઓને નથી શું ? ઘટતા જતા આ પશુધનની રક્ષાની જવાબદારી કોની છે ? ત્રીજી દુનિયાના દેશો જેવા કે બ્રાઝિલ, કોલંબિયા, ઓસ્ટ્રીયા, આર્જેન્ટીના કરતાં દર હજારની મનુષ્યની આબાદીની સામે ભારતીય પશુ ધનનું પ્રમાણ; થાઈલેન્ડ, પાકીસ્તાન, નેપાળ, વિયેતનામ કરતાં ભારતમાં ભેંશોનું પ્રમાણ; પાકિસ્તાન, તુર્કી, ઇથોપિયા, સુદામ, સોમાલીયા કરતાં ભારતમાં બકરાનું અને દ. આફ્રિકા, આર્જેન્ટીના, ઓસ્ટ્રીયા, ઉરુગે, ન્યુઝીલેન્ડ કરતાં ભારતમાં ઘેંટાનું પ્રમાણ ઘણું ઓછું છે એ વાતની ખુરશી પર બેઠેલાને ચિંતા છે ખરી ? પશુઓની આડેધડ કરાતી કતલથી આ પ્રમાણમાં શું ઓર ઘટાડો નહીં થાય ? પશુધનના નાશ દ્વારા પ્રાપ્ત કરાતી પૂંજીને કમાણી કહેવાનું સાહસ બુદ્ધિમાન માણસ શી રીતે કરે ? ઓ સત્તાધારીઓ ખૂબ મોડું થાય એ પહેલા ચેતો ! પશુધનનો નાશ થતો અટકાવો ! પશુઓની આ કત્લેઆમના પાપનું શું પરિણામ આવશે એની કલ્પના તો કરો !

આ એ દેશ છે જ્યાં કીડીને આટો, કબૂતરને ચણ, કૂતરાને રોટલા, પશુ-પંખીઓને પાણી આદિ આપવા દ્વારા એમને જીવાડવાની સંસ્કૃતિ હજારોના હજારો વર્ષથી ચાલી આવી છે. પશુનાશ દ્વારા સંસ્કૃતિનો નાશ અને પ્રજાનાશ કરવામાં તમને કોઈ પાપ લાગે છે કે કેમ એનો તમો વિચાર કરશો ખરા ઓ સત્તા સ્થાને બેઠેલાઓ !



''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૩૯,અંક-૪૪,તા.૩-૮-૧૯૯૧

## સાધુ-સાધ્વીને હિતશિક્ષા

**લિ. વિજય ભુવનભાનુસૂરિ.**

● મનમાં કોઈ વિકલ્પ કરતા નહિ. મૂળ તો આપણે અનંત કાળે લબ્ધ **રત્નત્રયીના નિર્મળ પર્યાયોની વૃદ્ધિ કરતા રહેવાનું મુખ્ય લક્ષ** રાખવાનું છે. અલબત્ત

● જગતની વચ્ચે રહેતાં વિષમ સંયોગો આવ્યા કરવાના, કેમકે આપણાં પુણ્ય દૂબળાં છે. પરંતુ પુણ્ય દૂબળાંની સાથે સત્ત્વ દૂબળું નથી બનાવવાનું, એ ખાસ ખ્યાલમાં રહે. કારણ કે પુણ્ય પૂર્વોપાર્જિત છે. એને ફેરવી અબલ ન કરી શકાય પરંતુ **સત્ત્વપુરુષાર્થ અને તત્ત્વસમજને આધીન છે, જે બેને આપણા વીર્યોલ્લાસ અને ભાવોલ્લાસ ફોરવવાથી પ્રબલ કરી શકીએ છીએ,** અને તેથી જ કર્માધીન મળતા સંયોગોની અનુકૂળતા-પ્રતિકૂળતા જોવા કરતાં, **સંયોગોને આપણે અનુકુળ બની જવા જેવું છે.** આ માટે સત્ત્વ ફોરવવાની જરૂર છે

● ચંદનબાળા, દમયંતી, મૃગાવતી, સીતાજી વગેરે મહાન આત્માઓના જીવન પ્રસંગો અને એમાં કરેલ સત્ત્વવિકાસ પર જ નજર રાખ્યા કરવાની, એમના એકેક પ્રસંગનાં સત્ત્વવિકાસનું આલંબન હૃદયમાં સ્થિર કરવાથી ઘણું ઘણું આત્મબળ ખીલશે, અને તેથી તત્ત્વસમજ અને સત્પુરુષાર્થ પ્રબળ બનતા રહેશે.

''દિવ્ય-દર્શન'' - **''અગ્રલેખ''** વર્ષ-૩૯,અંક-૪૫,તા.૧૦-૮-૧૯૯૧

## આચાર્ય વિજય ભુવનભાનુસૂરિ તરફથી

**હુબલી, અ. સુદ ૩**

**વિનાયાદિ ગુણયુત સાધ્વીજીશ્રી... યોગ્ય અનુવંદના સુખશાતા,**

**તમારો પત્ર મળ્યો હતો.**

તમારે તમારા ગુરુણી-મોટા ગુરુણી તરફથી વ્યથા છે એ જાણી દુઃખ થયું કે તમે ભ્રમણામાં છો. તમને દુઃખ એમનું નથી તમારી કલ્પનાનું છે.

જુઓ 'નાયાધમ્મ કહાઓ' આગમમાં પોટ્ટિલાનું દૃષ્ટાંત છે. એને લાગ્યું કે પહેલાં એના પતિ મંત્રી તેતલીપુત્ર એને સારી રીતે બોલાવતા, પરંતુ પાછળથી મંત્રી કોઈ રાજકાજના ભારમાં હશે તેથી એને લાગ્યું કે મને પતિ હવે બોલાવતા ચલાવતા નથી, તેથી પતિને વશ કરવા બાવા જોગી જોગણ પાસે કામણટુમણ કરાવ્યાં, છેવટે સાધ્વીજી વહોરવા આવેલા એમને કહે 'મહારાજ ! હું બહુ દુઃખી

છું' 'શું દુઃખ છે ? તારી પાસે તો મહેલ, દાગીના-વાહન-મીઠાં ભોજન વગેરે સુખસાધનનો ઢગલો છે તે શાને દુઃખી ?'

પોટ્ટિલા કહે 'મારા પતિ મને બોલાવતા ચલાવતા નથી એ મોટું દુઃખ છે. ગૃહસ્થ બાઈને પહેલા નંબરમાં પતિનું સુખ જોઈએ. એ ન બોલાવે એ મોટું દુઃખ ગણાય.'

સાધ્વીજી કહે 'તું દુઃખી એથી નથી.'

**પેલી કહે 'મહારાજ** હું જૂઠું નથી કહેતી મારે બીજું કશું દુઃખ નથી પતિનો પ્રેમ નહિ એ જ મારે દુઃખ છે.'

સાધ્વીજી કહે 'તારે એ દુઃખ નથી તું એથી દુઃખી નથી, તારા દિલમાં કામવાસના છે તેથી તું દુઃખી છું જો એ કામવાસના ન હોય તો તને આ કશું દુઃખ ન લાગે. ભાગ્યવતી ! સમજ કે કામવાસના તો અનંત અનંત ભવ પોષી ને તેથી જ અનંત કાળથી જીવ દુઃખી છે ને હજી પણ એ નહિ હટાવે તો તારું દુઃખ મિટવાનું નથી. વાસનાને ખત્મ કરવાનો માત્ર આ જ ઉત્તમ ભવ છે. આ ભવ હાથમાંથી ગયા પછી દુષ્ટ કામવાસના ઊભી રહ્યે ભવિષ્યના ભવ ભૂંડા છે. જો અમારે વાસના નથી તો અમારે કશું દુઃખ નથી. અંતરમાં ઉતરીને ઠંડકથી વિચાર કર તો આ બરાબર સમજાશે.'

પોટ્ટિલા સમજી ગઈ 'મારા દિલમાં કામવાસના ન હોય, તો મારે શી અપેક્ષા રહે કે પતિ મને પ્રેમ દેખાડે ?'

બસ, પછી તો સાધ્વીજીના ઉપદેશથી સમ્યકત્વ શ્રાવકના વ્રતો કરણી ૧૬ ભાવનાઓ વગેરેમાં લાગી ગઈ મહાસુખી થઇ ગઈ.

એમ તમારે પણ આ જોવાનું છે કે હું દુઃખી કોઈ બાહ્ય યોગથી નથી, પરંતુ મારા અભિમાનથી અને સ્નેહ સન્માનની આકાંક્ષાથી છું, મને બીજાઓએ સારી રાખવી જોઈએ. આ અભિમાન છે. મારામાં અવગુણ હોય તો ય મને સન્માન મળવું જોઈએ આ પ્રેમનો ખોટો લોભ છે' આ અભિમાન-લોભ હટાવી દો તો તમને કશું દુઃખ નહિ લાગે. નહિતર ભ્રમણામાં આ જિંદગી જ નહિ, પણ ભવોના ભવો દુઃખી રહેશો !

પોટ્ટિલાએ વાસના કાઢી નાખી તો મહાન સાધ્વી જેવી થઈ ગઈ તેમ તમે ય અભિમાન અને લોભ કાઢી નાખો તો મહાસુખી થઈ જશો.

• • •

**ધર્મલાભ...** તમારો સવાલ છે,- પરમાત્માની ભક્તિ તથા ત્યાગ તપ વગેરે કરવા છતાં ઈષ્ટ વિષયો તરફ ઝુકાવ રહ્યા કરે છે એનું શું કરવું ?



**ઉત્તર** એ છે કે, એકેક કલાક યા ૧-૧ દિવસ માટે તે તે વિષયનો ત્યાગ એટલા કામચલાઉ નિયમપૂર્વક કરી શકાય.

એટલું ખાસ ધ્યાનમાં રહે કે તે તે વિષયોના ઉપભોગ ચાલુ રહેશે ત્યાં સુધી એનો વૈરાગ્ય પણ નહિ જામે, અને એના ત્યાગની ધગશ પણ ઊભી નહિ થાય. એટલે મૂળ વાત આ છે, કે વિષયોનો સંપર્ક જ કાપવો જોઈએ, ભલે અલ્પ સમય માટે દા.ત. રોટલી સાથે ગોળ ખાવાની આદત છે, તો એનો રસ ઓછો કરવા માત્ર એક ટંકનો ત્યાગ રાખવો જોઈએ, પછી ભલે ૪-૫ ટંક ત્યાગ ન રાખ્યો, પરંતુ વળી પાછો એક ટંક ત્યાગ રખાય. એમ વચમાં વચમાં ટંક છોડતાં છોડતાં આગળ વધાય, તો ધીરે ધીરે એનો રસ ઓછો થશે. બહુ આગળ વધતાં એવી સ્થિતિ આવીને ઊભી રહેશે કે એના પર નફરત ઊભી થશે.

અલબત્ત સાથે સાથે એ વિષયસંપર્કના ભયંકર અનર્થ અને દુઃખદ પરિણામ પર સતત વિચારણા જોઈએ. એ વિચારણા વિચારી વિચારીને નોટમાં વિસ્તારથી લખવી જોઈએ, અને પછી એને વારંવાર વાંચતાં રહેવું જોઈએ. સાથે સાથે આત્માને આ વિષય ગુલામીથી બીજું સારું કેટલુંય સારું હસ્તગત થયા કરે છે વગેરેની પણ વિચારણા જોઈએ. સારાંશ, વિષયો તરફ ઝુકાવ મિટાવવા,-

(૧) ટુંકા ટુંકા કામચલાઉ ત્યાગના નિયમ કરતા રહેવું.

(૨) વિષય સંપર્કમાં કેટલા ઘોર અનર્થ એ વિચારતા રહેવું.

(૩) વિષય સંપર્કમાં કેટલું કેટલું સારું ગુમાવવું પડે એ વિચારવું.

(૪) ભવનું આખું સ્વરૂપ નજર સામે લાવ્યા કરવું.

(૫) જિનભક્તિ-સેવા-ઉપાસના ખૂબ વધારવી.

• • •

## — સુધારો —

દિ. દ. વર્ષ ૩૯/અંક ૪૩ માં રોહિત શાહ લેખકના નામે 'પવિત્ર તીર્થભૂમિ ઉપર...' આયોજન થઈ રહ્યું છે' એ શીર્ષક હેઠળ જે લેખ પ્રસિદ્ધ થયો છે - તે અલબત્ત અહિંસા સમર્થન અને હિંસા વિરોધની દૃષ્ટિએ શ્રી શત્રુંજય તીર્થ પાસે વિકસાવાઈ રહેલા મત્સ્યોદ્યોગના ઘૃણાસ્પદ કાર્યને રોકવા માટે જૈન શ્રી સંઘમાં જાગૃતિ લાવવા માટે ઉપયોગી હોવાથી દિ. દ. માં છાપવા માટે અપાઈ ગયા બાદ ખ્યાલ આવ્યો કે સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ તે લેખમાં શ્રી શત્રુંજયતીર્થના મહાપવિત્ર અભિષેક કાર્ય તથા જૈન સાધુ-સાધ્વીઓ પ્રત્યે જે કટાક્ષ કરવામાં આવ્યો છે તે બરાબર નથી. એ લેખમાં જે લખાણ છે કે 'અભિષેક કરીને પાલીતાણા

શત્રુંજયને પવિત્ર કરવાનો ઠેકો લઈને ફરનારા દમ્ભીઓને ખબર છે ખરી કે...' એ લખાણ માત્ર લેખકના શ્રી શત્રુંજયતીર્થ મહાભિષેક કાર્ય પ્રત્યેના ભૂલ ભરેલા-ગેરસમજથી છલકાતા - મિથ્યામાન્યતાના વળગણવાળા અંગત અભિપ્રાયથી પ્રેરિત છે અને અયોગ્ય છે. શ્રી શત્રુંજય મહાભિષેક પ્રેરિત છે અને અયોગ્ય છે. શ્રી શત્રુંજય મહાભિષેક જેવા શકવર્તી અતિ ઉમદા અને સર્વહિતકારી કલ્યાણકર સુકૃત કરનાર-કરાવનાર સજ્જનો પ્રત્યે કટાક્ષ નિંદા કરવાનું કામ કોઈપણ રીતે ઉચિત નથી પણ મર્યાદાભંગરૂપ છે.

શાસ્ત્રોમાં મેરુપર્વત ઉપર નવજાત શ્રી તીર્થંકર પરમાત્માના અભિષેકનું સવિસ્તર વર્ણન થયેલું છે તેમાં જણાવ્યું છે કે પરમાત્માનો અભિષેક કરીને દેવતાઓ અને ઇન્દ્રોએ પોતાના મલિન આત્માને વિશુદ્ધ બનાવ્યા. એ રીતે આ મહાભિષેકના પવિત્ર પ્રસંગે શ્રી શત્રુંજયતીર્થને અભિષેકપૂર્વક પવિત્ર કરવા દ્વારા અનેક પુણ્યાત્માઓએ શ્રી જિનભક્તિ દ્વારા પોતાના અનેક સંચિત પાપોને ધોઈને, કુવાસનાઓને ધોઈને અનેક યુવાનોએ પોતાના જીવને પવિત્ર અને ઉજ્જવળ બનાવ્યા છે - આ હકીકતનો ઇન્કાર થઈ શકે તેમ નથી, ત્યારે આવા પવિત્ર મહાભિષેકના કાર્યને તન-મન-ધનથી ઉલ્લાસપૂર્વક ઉજવનારને દમ્ભી શી રીતે કહી શકાય ? આવી અસભ્ય ગાળ દેવામાં હેતુભૂત અજ્ઞાન અને અભિમાન સિવાય કાંઈ જ ન હોઈ શકે. અમે એ કટાક્ષ ભરેલા અયોગ્ય લખાણને દિ. દ. ના લેખમાંથી રદ કરીએ છીએ અને મહાન આધ્યાત્મિક શ્રી જિનશાસનનિષ્ઠ દિવ્યદર્શન જેવા પત્રમાં શરતચૂકથી પ્રગટ કરવા બદલ ખેદ પ્રગટ કરીએ છીએ. **લિ. તંત્રી**

• • •

## અહિંસાપ્રેમી જૈન સમુદાય આભાર માને છે...

મુંબઈની આર્યભૂમિ ઉપર નવાં કતલખાના બંધ રાખવા માટેનો નિર્ણય લેવા માટે મુંબઈના જીવદયા પ્રેમીઓની લાગણીને માન આપી લગભગ છસો કતલખાના બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમગ્ર સમાજ માટે આ એક અતિ મહત્ત્વની અને અતિ હર્ષની વાત છે. આના માટેના ભગીરથ પ્રયત્નો કરવા માટે શ્રી બાળાસાહેબ ઠાકરે કમિશનર શ્રી પદ્મનાભૈયા અને મુંબઈના મેયર સમક્ષ સમાજનાં અગ્રગણ્ય મહાનુભાવો જેવાં કે શ્રી દિપચંદભાઈ ગાર્ડી, શ્રી મહીપતરાય જાદવજી શાહ, શ્રી દામજીભાઈ (એન્કરવાલા), શ્રી વસનજીભાઈ લખમશી શાહ, શ્રી પ્રશાંતભાઈ ઝવેરી, શ્રી દશરથભાઈ, જીવદયા મંડળી અને જીવન જાગૃતિ ટ્રસ્ટ જઈને સમજાવવામાં સફળ નીવડયાં હતા અને ઉપર મુજબનો નિર્ણય લેવામાં



આવ્યો હતો. આ બદલ અમો મુંબઈ મહાનગરપાલિકાના સર્વપક્ષીય નગરસેવકોનો આભાર માનીએ છીએ અને સાથોસાથ ઉપરના સર્વ મહાનુભાવોનો આભાર માનીએ છીએ. **લિ. અહિંસા પ્રેમી**

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૪૦,અંક-૨,તા.૨૧-૯-૧૯૯૧

## લિ. આચાર્ય વિજય ભુવનસૂરિ તરફથી

**હુબલી ૨૦૪૭, શ્રાવણ વદ ૨**

**ધર્મપ્રેમી સુશ્રાવક................જોગ ધર્મલાભ.**

તમારા પત્ર મળ્યો. તમારા ભાઈ...........નું હાર્ટ એટેકથી અવસાન થયું જાણી જૈન સંઘે એક સારો શ્રાવક અને તમારા કુટુંબે એક પ્રેમાળ સ્નેહી ગુમાવ્યો એથી દુઃખ થયું. પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપે એવી અમારી પ્રભુને પ્રાર્થના છે, અને તમો સૌને શોક ન કરતાં સદ્ગતના સદ્ગુણો અને સત્કૃત્યોની અનુમોદના કરતા રહેવાની ભલામણ છે.

અલબત્ત એકાએક આમ બનવાથી દુઃખ થાય, પરંતુ હવે મનમાં શોક કરવાથી વળતું કાંઈ નથી, ઊલટું આર્તધ્યાન અને અસમાધિ પ્રસરી રહી છે જે સિવાય કર્મબંધ અને પાપાનુબંધ કાંઈ સારૂં દેતી નથી. તો પછી શોક કરવાની મૂર્ખાઈ શા માટે કરવી ?

જે મનમાં શોક ઘાલીએ છીએ એ જ મનમાં ઉક્ત અનુમોદના ઊભી કરી શકાય છે, અને એથી

(૧) પૂર્વના પાપાનુબંધો તૂટે છે, નવા શુભાનુબંધો ઊભા થાય છે, જે ભવિષ્યમાં સદ્બુદ્ધિના બીજ છે.

(૨) સદ્ગતના સત્કૃત્યો-સદ્ગુણોની અનુમોદના કરતા આવડે તો પુણ્યના થોક ઉપાર્જાય છે કેમકે 'કરણ કરાવણ ને અનુમોદન સરિખાં ફળ નીપજાયો.'

(૩) સદ્ગતે તો કષ્ટ વેઠી અને ધનવ્યય કરીને સત્કૃત્યો અને સદ્ગુણો ઊભા કરેલા, પરંતુ આપણને તો એ કષ્ટ અને ધનવ્યય વિના જ એની અનુમોદનાથી મફતમાં મહાન પુણ્યલાભ ઊભો થાય છે, તો એ શા માટે એની સોનેરી તક ગુમાવવી ?

(૪) ઊલટું એ અનુમોદનાને બદલે મનમાં જો શોક ઘાલીએ તો આપણે તો કર્મબંધ કરીએ છીએ પરંતુ મરનારને પણ કર્મબંધ કરાવીએ છીએ. કેમકે માનો કે અચાનક મૃત્યુ થતી વખતે સદ્ગતે બધુ વોસિરાવ્યું ન હોય તો પોતાની પાછળ

મૂકેલા જડ-ચેતન પદાર્થોની મમતા સાથે લઈ જવાનું થાય છે, તેથી પછીથી એ જડ-ચેતનથી જેટલી પાપક્રિયાઓ થાય એ મરનારને પણ લાગે છે ને એથી એ અઢળક પાપ બાંધે છે. એટલે પાછળનો પરિવાર જે શોક કરે એનાં પાપ પણ મરનારને લાગે. જો આપણા શોકથી મરનારને પણ પાપ લાગતા હોય તો શોક બિલકુલ કરતા નહિ.

બાકી જન્મેલા માત્રને મરવાનું તો નિશ્ચિત છે પછી જરા વહેલા કે મોડા, એમાં શોક શાને ? એમ કહો કે સદ્ગત કુશળ વેપારી તે મરતા પહેલાં જીવનમાં શાસનની સારી આરાધના કરી ગયા. નવકારમંત્ર, જિનપૂજા-ભક્તિ, સાધુસેવા, વ્રતનિયમો, રાત્રિભોજન ત્યાગાદિ, સામાયિક, પ્રતિક્રમણ, યથાક્તિ તપસ્યા, દાન, શીલ વગેરે આરાધી જાતે અઢળક પુણ્ય કમાઈ ગયા, અને આપણને પણ અનુમોદના દ્વારા ઝવેરાતની દલાલી કમાઈ લેવાનું મૂકી ગયા ! અરે ! એમને તો અહીંનું જીવન પૂરું થયું એટલે પછીના ભવે એમને અહીંના સુકૃતો સદ્ગુણો યાદ ન આવે તેથી એની અનુમોદના ન કરી શકે, પરંતુ આપણે હજી જીવંત છીએ તેથી એ અનુમોદનાથી સુકૃત કમાણી કરી શકીએ. આવો પરસુકૃતની અનુમોદનાનો મહાન ઝવેરાતનો વેપાર મૂકી શોકનો કચરાપટ્ટીનો ધંધો કોણ સુજ્ઞ કરે ?

એક વાત એ પણ છે કે પૂર્વના કાળે આવી આપત્તિ આવી ત્યારે મહાન જૈનોએ શું કર્યું એ જોવા જેવું છે. લક્ષ્મણજીનો રામ પર કેવો પ્રેમ એની પરીક્ષા કરવા દેવતાએ આવીને લક્ષ્મણજી આગળ રાણીઓનો કૃત્રિમ કલ્પાંત ગોઠવ્યો. લક્ષ્મણજી પૂછે 'અલીઓ ! કેમ રુઓ ?' 'તમને ખબર નથી ? રામ મરી ગયા,' આટલું સાંભળતાં લક્ષ્મણજીનું હાર્ટ ફેઈલ, રામને ખબર આપી રામ દોડતા આવ્યા પણ લક્ષ્મણજીનું મોત માનવા તૈયાર નથી, તેથી ગાંડાની જેમ લક્ષ્મણને ખવરાવવા-પીવરાવવા બોલાવવાનું કરે છે. કાંઇ જવાબ નથી, છતાં 'મારો ભાઈ મરે જ નહિ ગાંડી ચેષ્ટા. કાળો કલ્પાંત બંને ભાઈના પરિવારમાં મંત્રીઓ લવણ-અંકુશને કહે 'અયોધ્યાની રાજગાદી સંભાળી લો પછી અમે મરણ કાર્ય કરીએ' ત્યારે લવણ-અંકુશ એ સ્વીકારવા ના કહે છે. ''કાકાને જો આમ અણધાર્યું મોત આવી શકે, પિતા જો આમ અણધાર્યા પાગલ થઈ શકે તો અમારે શો ભરોસો ? કાકા ચારિત્ર વિના ગયા. અમારે ચારિત્ર વિના નથી મરવું. મોત આવતા પહેલાં ચારિત્ર લેવું છે. માનવભવ ચારિત્ર માટે જ છે એ ગુમાવ્યા પછી ફરીથી મનુષ્યભવ ક્યારે મળે એની શી ખાતરી ? માટે અમે તો આ ચાલ્યા ચારિત્ર લેવા.''

એમની સામે હજારોનો કાળો કલ્પાંત છે કેમકે વાસુદેવ લક્ષ્મણજીની ૯૬૦૦૦ રાણીઓ, પુત્રો ૨૫૦, એમની પત્નીઓ, રામનો મોટો પરિવાર, રોતો કકળતો મોટો કાફલો ! એમાં લવણ-અંકુશ ભેગા રોવા ન બેસી ગયા, પણ જીવનની



ક્ષણભંગુરતા જાણી સંસાર છોડી ચાલી નીકળ્યા.

સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રો અષ્ટાપદની યાત્રાએ ગયા હતા, ત્યાં તીર્થરક્ષા માટે ગંગામાંથી નહેર ખોદી લાવ્યા. પાણી નીચે ઊતર્યા દેવતાના ભવન પર. દેવતાએ તરત આવીને સાઠે હજારને ઊભા બાળ્યા. સગર ચક્રી રોવા ને માથું પછાડવા ન બેઠા, તત્ત્વ વિચાર્યું ને વૈરાગ્ય વધાર્યો એવો કે પાછળથી ૧૪ રતન - ૯ નિધાન ને ૧ લાખ ૯૨ હજાર રાણીઓ આદિના વિશાળ પરિવારથી ભર્યો ભર્યો સંસાર પડતો મૂકી ચારિત્રમાર્ગે નીકળી પડ્યા. મરનાર આયુષ્યક્ષયથી મરે, એના પર શોક કરાય ? કે ધર્મમાં કૂદકો લગાવાય ?

તમારા ભાઈના જવાથી તમારે ખોટ પડી એના કરતાં બહુ મોટી ખોટ તો તો એ સદ્ગતને પડી ! એમનો વિચાર કરો છો ? કે એમના હાથમાંથી ક્રોડોની કિંમતનો મનુષ્યભવ ગયો જૈન શાસન ગયું, એ આગળ શું કરશે ? તમારે તો હાથમાં હજી મનુષ્યભવ છે, જિનશાસન છે, એને લેખે લગાડો અજ્ઞાનતાભર્યા રુદન ને શોક ન કરો.

''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૪૦,અંક-૩,તા.૨૮-૯-૧૯૯૧

## શોર્ટ ટેમ્પર, હોટ ટેમ્પર, એંગર (- મુનિશ્રી હેમરત્ન વિ. ગણી.)

- અમદાવાદની પોળમાં પાણી ભરતાં ઝઘડો થતાં એક બાઈ માથે ઘાસલેટ છાંટીને બળી ગઈ.
- ગીરીડીહ (શીખરજી પાસે) ગામમાં એક પતિ અત્યંત ગુસ્સા સાથે પત્નીને મારવા દોડ્યો પણ રસ્તામાં જ તેનું હૃદય ફાટી જવાથી તે મૃત્યુ પામ્યો.
- સુરેન્દ્રનગરમાં વેપારીની પઠાણી ઉઘરાણીથી ત્રાસેલા એક કાઠીએ જાત પર કેરોસીન છાંટી, દિવાસળી ચાંપી શેઠને બાથમાં લઈ લીધો, બે ય જણા બળી મૂઆ.
- પત્ની સાથે ઝઘડો થતાં એક પતિએ ગુસ્સામાં ટી.વી.ના તોડીને ટુકડા કરી નાખ્યા.
- એક કપલ મધરાતે ઝઘડી પડ્યું અને પત્નીએ ગુસ્સામાં છઠ્ઠા માળથી પડતું મૂકી દીધું.
- પરસ્પર વૈર ભાવમાં માનગઢમાં એક જ દિવસમાં એક માણસે અગિયાર માણસોને ઢીમ ઢાળી દીધા હતા.
- થાણામાં નાપાસ થયેલા એક બાળકને તેના બાપે એટલો માર્યો કે બાળક માર

ખાતાં ખાતાં જ મરી ગયો.

- એક પત્નીએ ગુસ્સામાં આવીને ત્રીજા માળથી પડતું મૂકીને આપઘાત કર્યો. તરત તેના પતિના મગજની નસ છટકી ગઈ. તે પાગલ થઈ ગયો અને એક દિવસ રાત્રે તેણે પણ ત્રીજા માળથી પડતું મૂકીને મોત વહાલું કર્યું, પણ વહાલસોયો એકનો એક બાળક સદા માટે અનાથ બની ગયો.

ઓ ભાઈ ! મહેરબાની કરીને હવે તમે તમારા ક્રોધને કંટ્રોલમાં લો.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૪૦,અંક-૪,તા.૫-૧૦-૧૯૯૧

## ગ્લાનને સમાધિભાવ માટે પ્રેરણા !

મહાનુભાવ ! તમે હાલમાં ઉત્કટ રોગ-વેદના સહવાના માર્ગે પસાર થઈ રહ્યા છો. છતાં 'સમતાભાવે કરાતું પરીસહ-સહન એક તેજસ્વી સંવર-સાધના છે' એ ન ભૂલશો; જેથી એ સહવું પડ્યું તેય એક પ્રકારનું 'સુકૃત' થયું માનજો. સુકૃત માનીને એ પર અનુમોદના જ રહે, પણ સેવેલા સુકૃતને ખેદ દ્વારા બાળી નાખવાનું ન થાય, એ ધ્યાનમાં રાખજો. એ તો અજ્ઞાન મૂઢ જીવના ધંધા કે સ્વયં ઊભા કરેલા દાન-શીલ-તપ યા પ્રસંગવશ આવી પડેલા રોગાદિ સહનરૂપી સુકૃત સધાયા તો ખરા, પણ પાછળથી બળતરા કરી અજ્ઞાન જીવ એનો નાશ કરે. વિવેકી તો ત્યાં વારંવાર અનુમોદના કરી નવનવા પુણ્ય કમાય, ને ભરપૂર પાપક્ષય કમાય.

રોગપરીસહનું સહન એ સંવરમાર્ગનું સુકૃત છે. એના અંગે આપણે તો વિચારવાનું આ જ કે 'ધન્ય મારું જીવન કે પરમાત્માનું શાસન પામી આ સમભાવે સહવાનું મળ્યું જેથી દુષ્ટ કર્મોના વિધ્વંસ તો થયા જ ! ને ઉપરથી વળી કદાચ બીજે જો આ કર્મ ઉદયમાં આવત તો ત્યાં જે પીડાઓ સહી તે તો ગઈ જ, તો પછી હવે આ અનુમોદના કરવામાં શું જાય ? શા સારુ એ વિચારવું કે 'હાય ! આ સહવાનું ક્યાં આવ્યું ? હાય કેટલું બધું સહવું પડ્યું ?' આવી હાય હાય શા માટે ? એમાં તો રોગપરીસહ-સહનરૂપી સુકૃત બળી જાય.

બાકી મહાનુભાવ ! ખૂબી એ છે કે આ જિનશાસન કહે છે કે તમે સુકૃત કર્યું ભલે એકવાર, પરંતુ પછી જ્યારે જ્યારે એની અનુમોદના કરો ત્યારે નવીન નવીન પુણ્યાનુબંધી પુણ્યનો લાભ વધ્યે જાય છે. એ હિસાબે એકવારના સુકૃતના અનુમોદનથી અનેકવાર નવું નવું પુણ્ય !! અલ્પ શ્રમની આ કેવી મહાન કમાણી ! તમે તો જીવનમાં કેઈ અનેરાં સુકૃત કર્યા છે, એટલે તમારે અનુમોદનાની મહાન તક છે, મહાન સગવડ છે.



આ અનુમોદનામાં મનને એમ થાય કે 'અહો ! વર્તમાન કર્મવિષમતાને પરાધીન પડેલા જીવનની પામરતા સ્પષ્ટ છે. હેં ? એવા પામર જીવનમાં મારા હાથે ભવ્ય સુકૃત થયાં ? વાહ ! દેવગુરુનો કેવો અનુપમ ઉપકાર ! કેવું અશક્ય શક્ય બન્યું !' એમ ચિત્ત તે બાજુ ચડી જવાથી એ પણ લાભ થાય છે કે ધ્યાન પીડા તરફ નથી રહેતું.

ત્યારે વર્તમાન પીડામાં પણ એક અમૂલ્ય વિચાર એ કરવાનો છે કે 'જીવ કાયાના આરોગ્યમાં સુખાકારિતા, અનુકૂળ ખાનપાનમાં સુખાકારિતા, ધન-માલ-મિલકતમાં સુખાકારિતા, વગેરે માલ બહારમાં ને બહારમાં જ દેખે છે, અને દુઃખી થાય છે ! ધનમાં માલ, કુટુંબમાં માલ, પૈસામાં માલ, ખાનપાનમાં માલ, વગેરે વગેરેમાં માલ, બધે જ માલ; પણ કેમ જાણે પોતાના આત્મામાં કશો માલ જ નથી ! જાણે આત્મદ્રવ્ય સાવ ખાલીખમ અને માલ વિનાનું છે, તે અનંતકાળનો ભિખારી બન્યો રહી બહારના તરફથી આશાઓ રાખ્યા કરી બાહ્ય પદાર્થો પાસે ભીખ માગ્યા કરે છે ! પણ એ મળવાનું તો પુણ્યને આધીન છે, અને પુણ્ય એટલા ઊંચા અને વિશાળ પહોંચતા નથી, પહોંચે તો ટકતા નથી, કાયમી નથી, તેથી સરવાળે રોવાનું અને અને દુઃખી દીન માંયકાંગલા બન્યા રહેવાનું આવીને ઊભું રહે છે.'

માલ બહારમાં જ જોવાની અને આંતરિક આત્માને માલ વિનાનો દેખવાની આ કેવી મૂઢતા ! સ્વાત્માનું કેવું અવમૂલ્યાંકન ! હીરાનું તોલ કે જાત વજનનો કાંટો કે તપાસવાનો કાચ નક્કી કરી આપે છે, માટે મહત્ત્વના શું એ કાંટો તથા કાચ અને હીરો બિન મહત્ત્વનો ? એમ સંસાર-અવસ્થામાં આત્માની તે તે કાળની જરૂરિયાતો બહારનાઓ પૂરી પાડી આપે છે માટે શું એ મહત્ત્વ બહારનાનું અને આત્માનું કોઈ મહત્ત્વ નહિ ? માલ શું કાંટો અને કાચમાં ? અને હીરામાં માલ નહિ ?

ખરો માલ જ આત્મામાં ભર્યો પડ્યો છે. આત્મા ક્ષમા, સહિષ્ણુતા, ઉદાસીનતા, યાવત્ અનંતસુખ સમૃદ્ધિનો ખજાનો છે. માત્ર આડે આવરણથી ભ્રાન્તિ ખડી છે, એને ખસેડવાની જરૂર છે. પણ તે તો જ બનશે કે 'ખરો માલ મારા આત્મામાં જ છે, બહારનામાં નહિ. બહારના તો નિઃસાર-તુચ્છ-નિર્માલ્ય છે. ત્યાંથી માલની શી અપેક્ષા રાખવી ? કે શી એની પાસે લાળ ઝરતી જીભડી કાઢી દીનતાભરી ભીખ માગ્યા કરવી ? એને ગમે તેમ વર્તવાની તથા મને પીટવાની છુટ ! અને હું એના લારા કર્યા કરું ? બિલકુલ નહિ. મારામાં અનંત માલ છે. એનો જ અભિલાષી બન્યો રહી એને જ પ્રગટ કરવાનું પ્રધાન લક્ષ રાખીશ. જે શાંતિ, સ્વસ્થતા, આબાદી એમાંથી મળશે, તે બહારમાંથી કદી નહિ મળે. કદાચ તાત્કાલિક

મળતી દેખાશે તો તે પણ ક્ષણજીવી ચંચળ તથા આગામી મહાઅશાંતિ, મહાદરિદ્રતા તથા મહા ભીખાણિયાપણાને નોંતરનારી.

મહાપુરુષોએ ભયંકર વેદનાઓમાં પણ બાહ્ય અનુકુળતાઓના કુચા તથા અંતરાત્માના અનંત માલ નજર સામે રાખેલા, તેથી કર્મના રણસંગ્રામમાં કર્મને ભારે શિકસ્ત આપી ! વિશ્વધ્વજ લહેરાવી ગયા ! અમારા શ્રાવક પણ એક ભડવીર શાસનસુભટ છે. એ પણ **'મહાજનો યેન ગતઃ સ પંથાઃ'** કરી એ મહાપુરુષોના ચીલે કેમ નહિ ચાલે ? એ તો જોશે કે પાલક-પાપીની ઘાણીમાં ખોપરા ફૂટવાની, ચરબીના લબરકા પીસાવાની, સટાક સટાક નસો તુટવાની તથા હાડકાં કચડકૂચ થઈ તડાક તડાક તુટવાની પીડા આગળ યા ખંધકમુનિના તપ-દુર્બળ દેહે ચરર ચરર ચામડી ઉઝરડાવાની, કે ગજસુકુમાળના સુકોમળ મસ્તક ઉપરના ધગધગતા અંગારાએ ક્રમશઃ બળી ઉઠવાની, લાયો સળગવાની પીડાઓ આગળ મારી પીડા કોણ માત્ર છે ? બસ એક જ સૂત્ર - 'બહારમાંથી નીકળી અંદરમાં આવીને નાથને મળવા ચાલું.'

આ કરવાની ખાસ જરૂર છે. કાયાએ તો આપણી અનંતકાળ દુર્દશા જ કરી છે. એને બરાબર નજર સામે તરવરતી રાખજો, જેથી વર્તમાન કાયા પર ગેરવાજબી રાગ-આસક્તિ ન થાય; એની પીડા પર દીન-દુઃખીયારા ન બનાય. સ્વાત્માની સ્વરૂપગત નિરંજન નિર્વિકાર વિશુદ્ધ અવસ્થા વારંવાર લક્ષમાં લાવવાથી કાયાની આસક્તિ હટાવી શકાશે. એટલું ધ્યાનમાં રહે કે જ્ઞાનીઓ શરીરને રોગનું દ્વાર કહે છે. માથે પડેલી એ કાયા-કોટડી પોતાનો ધર્મ બજાવે, પોતાનું પોત પ્રકાશે, એ જોઈને સમકિતી આત્મા વિશેષ સાવધાન બની એ જ વિચારનારો હોય કે 'તો પછી મારે મારા આત્માનો ધર્મ બજાવવા-સાચવવામાં શા માટે ચુસ્ત અને સક્રિય ન રહેવું ? માણસ પોતાની એક દુકાનમાં અલેલટપ્પુ નોકરોથી વર્ષો સુધી ચલાવી લેવું પડતું હોય, પરંતુ છોકરો આવી મળ્યા પછી શું એ પુત્રને સારી રીતે સમાલી કેળવી એને પગભર કરી લેવામાં નથી લાગતો ? એ જ રીતે આત્મધર્મ પગભર અને સંગીન કરી લેવાનો છે.

ભૂલતા નહિ કે **દ્રવ્યરોગો કરતાં ભાવરોગો કેઈ ગુણા પ્રમાણમાં અને કેટલા બધા ભયંકર છે.** દ્રવ્યરોગના નિવારક ડોક્ટર, ઉપચાર મળે યા ન મળે, ફળે યા ન ફળે, એ બધું અનિશ્ચિત ! કદાચ મળે અને ફળે તો ય તે કાયમી નિઃશંકતા નહિ. જ્યારે ભાવરોગના નિવારક દેવ, ગુરુ અને ધર્મ અને એમના ભાવ-ઉપચાર, આ ઉત્તમ જન્મમાં એ મળ્યાનું મહાન સદ્ભાગ્ય તો જરૂર બની આવ્યું છે. વળી એ અચૂક ફળે છે ! તેમજ ભાવરોગના નાશ પર દ્રવ્યરોગ બિચારો દેશવટો પામી જાય છે ! બંને વચ્ચેનો આ તફાવત વિવેકી નહિ સમજે તો કોણ સમજવાનો હતો ? માત્ર સમજવાનો



જ વિવેક નહિ, કિન્તુ વિવેકનો અમલ અને ભાવરોગ-નિવારણના મળેલા મહાદુર્લભ સાધન અને ઉપચારની ઉંચી કદર કરી એમા જ મહા પુણ્યથી પ્રાપ્ત વિશિષ્ટ કોટિના મન-વચન-કાયા, ઇંદ્રિયોના યોગો અર્પિત કરવા ઘટે. આત્મવીર્ય એમાં નહિ ફોરવાય તો ગટરમાં જવાના, સુવર્ણરસની જેમ ઢોળાઈ જશે ! માટે મન પરથી શારીરિક કઠિન પણ તકલીફના ભાર હેઠા ઉતારી એને ફોરૂં-હળવું બનાવી ઉલ્લાસભેર અનંતગુણનિધાન અરિહંત પ્રત્યેનો ઉછળતો ભક્તિભાવ, અરિહંતની અચલ શક્તિ પર અટલ વિશ્વાસ, અનિત્યાદિ ભાવનાઓ દ્વારા કાયા અને જગત પ્રત્યે ઉદાસીનભાવ, કર્મમુક્તિ તથા અજ્ઞાન ને રાગ-દ્વેષ-મોહના કારમા રોગથી ગ્રસ્ત જીવો પ્રત્યે નીતરતી ભાવદયા-કરુણા, વારંવાર ચતુઃશરણ સ્વીકાર, તીર્થયાત્રાના સુબદ્ધ વિસ્તૃત સંસ્મરણ, ભયંકર રોગ વચ્ચે પણ મળેલી માનવભવથી માંડી કેઈ કેઈ પ્રકારની સુંદર વિશેષતાઓ બદલ વારંવાર અરિહંત પ્રત્યે આભાર પ્રદર્શન, ઇત્યાદિ શુભ ભાવોથી ભર્યું ભર્યું રાખવું એ જ શુભેચ્છા !

## ક્રોધ ક્રોધ ક્રોધ (- મુનિશ્રી હેમરત્ન વિ. ગણી.)

- અમેરિકાના લાઈફ મેગેઝીનમાં જણાવ્યું છે - હાઈપર ટેન્શનના બધા જ રોગો ક્રોધથી પેદા થાય છે. હાર્ટએટેક, બ્લડપ્રેશર, બ્રેઈનહેમરેજ વગેરે બધા રોગોનો પરમ પિતા ક્રોધ છે.
- આજનું મનોવિજ્ઞાન કહે છે કે ક્રોધથી જઠરમાં રસગ્રંથિઓમાં, લાળ પેદા કરતી ગ્રંથિઓમાં એક અવ્યવસ્થા ઊભી થાય છે માટે જ માણસ ગુસ્સો કરે છે ત્યારે ભૂખ મરી જાય છે.
- ગ્રીકના એક વૈદ્ય હીપોક્રેટસે આજથી બે હજાર વર્ષ પૂર્વે કહેલું કે ક્રોધ કરવા લોહીમાં ઝેર ઉત્પન્ન થાય છે. માટે તીવ્ર ક્રોધ કર્યા પછી માતા-બાળકને સ્તનપાન કરાવે તો બાળક મરી જાય છે.
- જૈનાચાર્ય હેમચન્દ્રસૂરીશ્વરે ક્રોધને ઉપઘાતક એટલે હણનારો કહ્યો છે.
- સિદ્ધર્ષિ ગણી મહારાજાએ ક્રોધને બાળી નાખનારો વૈશ્વાનલ કહ્યો છે.
- ક્રોધના મૂળમાં ઊંડે ઊંડે કામ છુપાયેલો હોય છે. માણસ કામમાં નિષ્ફળ જાય છે, ત્યારે તે કામ, ક્રોધમાં કન્વર્ટ થઈ જાય છે. માટે જ કહેવાય છે કે **કામાત્ ક્રોધોઽભિ જાયતે !** કામથી (રાગથી, ઇચ્છાથી) ક્રોધ પેદા થાય છે. માટે રાગી માણસ હંમેશાં ક્રોધી જ હોય, વિરાગી માણસ હંમેશાં શાંત હોય છે.
- ક્રોધ એક એવી ભયાનક આગ છે. જે વર્ષોનાં પ્રેમસંબંધને, તપને, ચારિત્રને બધાને એક ક્ષણવારમાં બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૦,અંક-૫,તા.૧૨-૧૦-૧૯૯૧

## "જિંદગીમાં જેણે સહી જાણ્યું" (-મુનિશ્રી હેમરત્ન વિ. ગણી.)

- અજાણ્યા એક પ્રદેશમાં સાધુને ભૂત સમજીને કોક ગ્રામિણ માણસે માથામાં લાકડીઓ વીંઝી અને શેર લોહી તૂટી પડ્યું તોય મુનિશ્રીએ પેલાને એક શબ્દ પણ ન કહ્યો.
- વિહારમાં એક્સીડંટ થતાં એ આચાર્યશ્રી રોડથી દશ ફૂટ ઉછળીને નીચે ખાઈમાં જઈને પડ્યા. પગ ભાંગી ગયો તોય તેઓ બોલતા હતા કે ડ્રાઈવરને છોડી મૂકજો એને પકડશો નહિ.
- અંતરિક્ષજી તીર્થમાં નિર્દોષ સાધુ-સાધ્વીજી પર ગુંડાઓ દ્વારા લોહિયાત હુમલો થવા છતાં કશો પ્રતિકાર કર્યા વિના ઉપસર્ગને સમભાવે સહી જાણ્યો.
- ઘર છોડીને નીકળી ગયેલી વહુએ સાસુને ખૂબ ખૂબ વીતાડ્યું. તોય સાસુએ સમભાવ રાખીને પોતાની વહુને માફ કરી.
- એ પત્નીને ઢોરની જેમ ખૂબ ખૂબ મારવા છતાં એણે સમભાવ રાખીને સહી જાણ્યું.
- ભીક્ષાર્થે ગયેલા સાધુને એક અજૈન સ્ત્રી 'ભિખારડા ! તારા બાપનું અહીં શું દાટ્યું છે તે આવ્યો લેવા' એમ બોલતી સળગતું લાકડું લઈને બાળી નાખવા પછવાડે પડી તોય મુનિશ્રીએ તેને સમભાવથી સમજાવીને પાછી વાળી.
- વિહાર કરતાં મુસલમાનના છોકરાંઓએ મુનિશ્રી પર ઈંટો, પથ્થરો, નળીયાનાં ટુકડા, બાટલીના કાચના ટુકડાના ઘા કર્યા તોય મુનિશ્રીએ બાળકોની આ ચેષ્ટાને રમત સમજીને હસી કાઢી.
- રાત્રે લૂંટ કરવા આવેલા ચોરોએ સાધ્વીજીઓ પાસે જે હતું તે લૂંટી લીધું. પછી જ્યારે ગયા ત્યારે સાધ્વીજીએ કહ્યું કે હજી કંઈ જરૂર હોય તો કહેજો સગવડ કરાવી આપશું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૦,અંક-૬,તા.૨૬-૧૦-૧૯૯૧

## આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તરફથી

........જોગ ધર્મલાભ અનુવંદના

મૈસુરનું ઊટીનું જોવા જવાની જરૂર નહોતી. કેમ કે એ બાહ્યભાવ છે.



અનંતા કાળ અનંતી વાર આવા આવા બાહ્યભાવની જિજ્ઞાસા અને બાહ્યના દર્શન કરી કરીને આત્મામાં એના સંસ્કાર ગાઢ કર્યા છે તેથી તો અહીં ભૂલા પડીએ છીએ, હવે પાછું એમાં અહીં વધારો શા સારું કરીએ ? એમ કરવામાં આગળ પાછું લાંબો સમય બાહ્યમાં અટવાયા રહેવું પડશે. ને એના આરો જ આવે નહિ.

માટે કરવા જેવું આ છે. જીવને બાહ્ય માત્રથી તૃપ્ત કરી દો, થાકેલો કરી દો. મનને સમજાવી દો કે 'બહારનું બહુ જોયું, બહુ જોયું, હવે હું ધરાઈ ગયો છું, થાકી ગયો છું; કેમ કે નજર સામે નવું કશું આવતું નથી, જે જોયેલું છે એ જ રૂપાંતર થઈને થઈને નજર સામે આવે છે, વળી કદાચ માનો કે નવું બનીને આવતું ય હોય તો ય એ જોવાથી મારા આત્માને કશો ફાયદો નથી, આત્મામાં કાંઈ નિત્ય તૃપ્તિ, નિત્ય પ્રસન્નતા, કે નિત્ય પ્રકાશ ઊભો થતો નથી. માટે એની જિજ્ઞાસા પણ શા સારું કરું ?

બીજી વાત એવી છે કે જુવાન માણસને કુતુહલ થાય છે કે જોઉં વિજાતીયના અંગોપાંગ કેવા છે, પરંતુ આ કુતુહલ પણ ભયંકર છે. કેમ કે એ વાસનાને ઉત્તેજિત કરે છે, માટે એવા કુતુહલ ઊભા જ થવા દેવા નહિ. ત્યાં તરત આંખ મીંચી વિચારવું કે આમાં જોવા જેવું છે જ શું ? એમ તો કલ્પનાથી મોટી અપસ્રાઓ જોઈ શકાય છે, પરંતુ એમાં જોવું જેવું નવું છે જ શું ? ઉલ્ટું એ જોવામાં અનાદિની કુટેવનું પોષણ થાય છે એ જોવામાં સ્વાત્માનો ખ્યાલ ચૂકાય છે ધર્મનું ચૂકાય છે, સારા બધા વિચાર અટકી જાય છે. આ નુકસાન ન વહોરવા હોય, તો એવા કુતુહલ એવી જિજ્ઞાસા ઊભી જ ન થવા દે.

એ માટે મનમાં સારા વિચાર ગોઠવી દેવા. દા.ત., (૧) મહાવીર ભગવાનના પહેલા ભવથી ક્રમસર બનેલા પ્રસંગો મનમાં લાવ. ખાસ કરીને ૩ જા મરીચિના ભવના ૧૬ મા વિશ્વભૂતિ રાજકુમારના ભવના, ૧૮ મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવના, ૨૩ મા પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિના ભવના, ૨૫ મા નંદન રાજર્ષિના ભવના પ્રસંગો મનમાં ક્રમસર લાવ. મન આ વિચારમાં રોકાઈ જવાથી પેલો અસત્ આવેગ અટકી જશે. ભુલાઈ જશે.

અથવા (૨) તીર્થો, દેરાસરો, જિનબિંબોનો ક્રમશઃ વિચાર-સ્મરણ મનમાં ચાલુ કરી દેવા.

અથવા (૩) જીવવિચાર આદિ પ્રકરણના પદાર્થના વિચાર મનમાં ક્રમશઃ લાવવા. દા.ત. જીવોના ૫૬૩ ભેદ ગણવા માંડવા. પ્રભુના ૩૪ અતિશય કયા કયા તે મનમાં લાવવા અથવા (૪) ૧૨૦ કર્મપ્રકૃતિ ગણવા માંડ અને પહેલે ગુમઠાણે જે પ્રકૃતિ બંધાય છે, એના કરતાં બીજે બંધમાં કઈ કઈ ઓછી થાય એ વિચારવું.

અથવા (૫) કલ્પનામાં સામે એક મોટું રોલર અડધું જમીનમાં ને અડધું બહારમાં ગોળ ગોળ ફરી રહ્યું છે. અંદરમાંથી બહારમાં આવે છે એના પર ૨૪ ભગવાનના જમીનમાંથી ક્રમશઃ નામ પ્રગટતાં વાંચતા જવું.

અથવા (૬) 'પગામ સજ્ઝાય'માં 'અરિહંતાણં આસાયણાએ'થી ૫-૫ના ગ્રુપમાં પદો યાદ કરવા.

અથવા (૭) 'ભરહેસર'ના મહાપુરુષોના જીવનના એકેક ખાસ પ્રસંગ ક્રમસર નજર સામે લાવવા.

બીજું (૮) મંદિરમાં આપણે ભગવાનના દર્શન કરીએ છીએ ત્યાં આપણી દૃષ્ટિ માત્ર મૂર્તિ સુધી જઈને અટકી પડે છે. એના બદલે મૂર્તિની અંદર અંતર્ગત પ્રભુના સ્ફટિક-સ્વચ્છ આત્માને તે તે વિશેષતાવાળો જોવાનો.

અથવા (૯) 'નમુત્થુણં' ના એકેક પદ પ્રભુને સંબોધવાના, -હે અરિહંત, હે ભગવંત, હે આદિકર, હે તીર્થંકર, હે સ્વયસંબુદ્ધ... એમ હે પુરુષોત્તમ, હે પુરુષસિંહ...

સારાંશ, મનમાં આવી વિચારધારાઓની પ્રેકટિસ કર્યા કરવાની. મન એમાં રોકાઈ જાય એટલે પેલી ગલીચ બિભત્સ વસ્તુઓની વિચારણા ઉઠવા જ નહિ પામે. ફક્ત એક પટ્ટીમાં આ સારા વિચારોના પોઈંટ લખી, સાથે ને સાથે રાખીને એની વિચારણા પ્રેકટિસ કરવા એની પૂંઠે પડી જાઓ.

બીજું, વિજાતીયના અંગોપાંગના વિચાર અટકાવવા માટે એ વિચારવું કે મારો જન્મ પશુ કરતાં ઊંચી માનવજાતિમાં હોઈ પશુ જેવી હલકી વૃત્તિ પ્રવૃત્તિ હલકી ચેષ્ટા મને શોભતી નથી. માટે મારા પોતાના શરીરમાં પણ નાભિ નીચેના ગાત્રને કસી આકર્ષણની લાગણીથી જોવા જેવા નથી. તેમ ઇંદ્રિયોમાં છેલ્લી ઇંદ્રિય સ્પર્શને ઇંદ્રિયના સંવેદનને કશું મહત્ત્વ આપવા જેવું નથી. કેમ કે જગતમાં એકેન્દ્રિય જીવો અનંત અને એમને માત્ર એક સ્પર્શનેંદ્રિય ! તથા એના પ્રતિકૂળ સંવેદનજન્ય દુઃખો શા માટે ? કારણ એક જ પંચેન્દ્રિય સુધીના જીવો સ્પર્શનેંદ્રિયની ગુલામી બહુ સેવે છે. એ હિસાબે પણ વિજાતીયના અંગોના સ્પર્શનેંદ્રિયવિષયક સંવેદના આપણા પવિત્ર મનને ન બગાડે માટે મનને એમાં લઈ જવા જેવું જ નથી, મન એમાં જાય તે પૂર્વે જ મનને કોઈ પ્રશસ્ત વિષયોની સિરિઝમાં જોડી દેવું. દા.ત. પ્રભુ નવ કનકકમળ પર ચાલતા વિચરતા પધાર્યા, ત્યાં રત્નમય સિંહાસન ઉપર બિરાજ્યા, પછી પ્રભુની બે બાજુ ચામર વીંજાવા લાગ્યા, પછી મુખની પાછળ ભામંડળ ઝગારા મારવા લાગ્યું, પછી મસ્તક પર ઊંચે ત્રણ છત્ર મોતીઓના ઝુંબકડાવાળા શોભવા લાગ્યા, એના પર બહુ ઊંચે વિશાળ અશોકવૃક્ષ લીલા કલાર પાંદડાવાળું પ્રગટ થઈ ગયું... આ દરેક પ્રાતિહાર્ય ક્રમસર દેખાતું જાય, દા.ત., પહેલાં પછી



બીજું, બીજા પછી ત્રીજું..., એ વખતે પૂર્વ પૂર્વના પ્રાતિહાર્ય પણ સાથે દેખાતા જાય, એ ધ્યાન રાખવાનું... પછી અશોકવૃક્ષની બહુ ઊંચે દેવદુંદુભિ (નગારા) દેખાતી જાય અને એનો 'તડિતુમ્ તડિતુમ્ તનનન તનનન' અવાજ સંભળાતો જાય, એની નીચે આકાશમાંથી ઝરમર ઝરમર પૃષ્પવૃષ્ટિ પડતી જોવાની અને એનો સુવાસિત પમરાટ આપણને નાસિકામાં આવતો અનુભવાય જેને આપણે નાસિકામાં ઊંચે ખેંચીએ છીએ એવો અનુભવ કરવાનો. છેલ્લે વાતાવરણમાં દેવતાઓ બંસરી બજાવે છે એ દિવ્યધ્વનિને આપણે શોભાવીએ છીએ એવો અનુભવ કરવાનો.

આમ મનને અષ્ટ પ્રાતિહાર્યની સિરિયલમાં જોડી દઈએ એટલે વિજાતીયના અંગોપાંગનો ગલીચ વિચાર અટકી જશે. આવી સિરિયલો ઘણી જોઈ શકાય, દા.ત. જીવનના પ્રસંગોની... રામના રાજ્યાભિષેકની તૈયારી ચાલી રહી છે, ને કૈકેયી આવીને દશરથ પાસે પોતાનું પૂર્વનું વરદાન માંગેછે એમાં ભરતને રાજ્યગાદી આપવાનું માગે છે ત્યાં ભરત કહી દે છે હું તો પિતાજીની સાથે ચારિત્ર લેવાનો છું હું રાજ્ય લેવાનો નથી...

આવા આવા ઐતિહાસિક પ્રસંગો પહેલાં નિરાંતે બેસીને વિચાર કરી કરીને શોધી કાઢી નોટમાં લખી લેવા, પછી અવસરે અવસરે એનો ઉપયોગ કરાય એટલું જ નહિ, પણ અવસર વિના પણ, નવરા પડ્યા કે મનમાં એ સિરિયલો ચાલુ રાખવાની. એનો બહુ અભ્યાસ થવાથી એ વિચારણાઓ સહજ જેવી થઈ જશે.

બાકી સુદર્શન શેઠ, સ્થુલભદ્રજી, જંબૂકુમાર, સમરાદિત્યકુમાર, વિજય શેઠ વગેરે મહાન પુરુષોના મહાવૈરાગ્યના ચિંતન મનમાં લવાય.

ટુંકમાં, બહુ સમય કાઢીને આ બધું લખ્યું છે એની કદર કરી એને જીવનમાં અમલી કરવું, જેથી ફરી ફરી 'મને વિજાતીયના બહુ વિચાર આવે છે.' એવી મુફલિસ ફરિયાદ ન કરવી પડે એ જ...

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૦,અંક-૭,તા.૨-૧૧-૧૯૯૧

## ચિત્ત-કલેશો શમાવવા એક મંત્ર,-'પ્રભુ ! તું મને ગમે છે ?'

આજની વધારી મૂકેલી ભૌતિક જરૂરિયાતો અને વિલક્ષણ બનેલ દેશ-કાળના સંયોગોના કારણે માણસનાં મન સંકલેશોથી ખૂબ પીડાઈ રહ્યા છે; તેમજ ધર્મી જીવોને ધર્મસાધના વખતે ચિત્તની સ્થિરતા નથી રહેતી. પુણ્ય અને સત્ત્વ એટલાં પ્રબળ નથી કે જેથી વધુ પડતી જરૂરિયાતો સીધે સીધી રીતે પૂરી પડે; તેમજ વિલક્ષણ સંયોગો પોતાને સ્પર્શે નહિ પછી સહજ છે કે એ ચિત્તને ડહોળી નાખે

ચિત્તને સંતાપથી તપાવે.

એટલે, ચિત્તના સંકલેશ અને ચંચળતા ઓછી કરવા ઉપાય ખરો આ છે કે ભૌતિક જરૂરિયાતો ઓછી કરવી, અને દેશકાળના સંયોગોથી દિલને બને તેટલું દૂર રાખવું. ધ્યાનમાં રહે કે આવાં સ્વમાન ને અહંત્વ ઊંચું રાખવાની પણ જે જરૂર લાગે છે એ ય વધુ પડતી જરૂરિયાત છે. એથી બહુ નિકટના સગા બાપ-દીકરો ભાઈ-ભાઈ પતિ-પત્ની સાસુ-વહુ વગેરે વચ્ચે આના કારણે ઝઘડા ઊભા થાય છે. 'સામાનું બોલ્યું-ચાલ્યું હું શાનો સહન કરી લઉં ?' એમ અહંત્વમાં તણાયે મોં બગાડાય છે, ને કડવું કર્કશ સંભળાવી ય દેવાય છે; પછી ચિત્ત કલેશ સળગતો રહે એમાં નવાઈ નથી. તેથી જેના સ્નેહથી જીવવું છે એની સામે સ્વમાન-અહંત્વની જરૂરિયાત પણ ઓછી કરી નાખવાની જરૂર છે. અસ્તુ.

સત્ત્વ ઓછું હોવાના હિસાબે જરૂરિયાતો તરત એટલી ન ઘટે અને વિલક્ષણ સંયોગો મનને સ્પર્શી જતા હોય, ત્યાં પણ સકલેશ શમાવવા આ એક ચાવી છે કે વારંવાર અંતરમાં આ પૂછવું કે

**'પ્રભુ ! તું મને ગમે છે ? મને પ્રભુ ગમે છે ? જો ગમે તો બીજું શાનું ગમે ?'**

આ એક મંત્રની જેમ ચિત્ત પર ચમત્કારિક અસર કરે છે. કેમકે આ યાદ કરતાં મનને એમ થાય છે કે 'વીતરાગ પ્રભુ ! જો તું મને ગમતો હોય, તો પછી શા સારુ મને રાગાદિ રોગ પોષનારું ગમે ? વીતરાગ ભગવાન એટલા જ માટે ગમે કે રાગ-દ્વેષ-અહંત્વ-ઈર્ષ્યા વગેરે મનના રોગો અને એથી નીપજતા અશુભ કર્મસંચય તથા જન્મ-મરણાદિની પીડાઓને એ ટાળનાર છે. એવા પ્રભુ ગમે એટલે સહજ છે કે પછી બીજું રાગાદિ રોગ વધારનારું ન ગમે ત્યારે, જો એ અણગમતું બરાબર કર્યું તો પછી એના પર મદાર શી બાંધવી હતી ? એને મહત્ત્વ આપી શા સારુ સંકલેશ કે સંકલ્પવિકલ્પ કરવા ?' આમ, મનમાં બરાબર ગોઠવીને વીતરાગ પ્રભુ પર આસ્થા વધાર્યે જવાય. 'પ્રભુ ! તું મને ગમે છે ?' એ વારંવાર યાદ કરી કરી 'તો પછી મારે બીજું ગમતું કરવાનું ન હોય' એ ભાવ નક્કી કરાય; અને એમ એનું મહત્ત્વ ઘટાડી દેવાથી એના સંકલેશ અને સંકલ્પવિકલ્પ ઓછા થાય.

**"દિવ્ય-દર્શન" - "અગ્રલેખ"** **વર્ષ-૪૦,અંક-૮,તા.૧૬-૧૧-૧૯૯૧**

## વિજય ભુવનભાનુસૂરિ તરફથી

**૨૦૪૭ આસો વદ ૫**

**અનુવંદના સુખશાતા...**

વાચનામાં એક પદાર્થ એવો આવ્યો કે આપણે ક્રિયા તો કરીએ છીએ પરંતુ



અંતરમાં આપણે એવા સક્રિય નથી રહેતા, તેથી લાખનો માલ પાંચમાં લીલામ થાય છે. ત્યારે એ જ્ઞાનવિમળસૂરિએ સીમંધર સ્તવનમાં કહ્યું,

**"અક્રિય સાધે જે ક્રિયાજી, તે નાવે તિલમાત.**
**મદ અજ્ઞાન ટળે જેહથીજી, તે નહિ નાણની વાત, કૃપાનિધિ !"**

અંતરથી અક્રિય રહીને જે બાહ્ય ક્રિયા સધાય છે, તેની તલમાત્ર જેટલી પણ કિંમત નથી. પરંતુ અંતરથી સક્રિય (તદનુરૂપ ઉપયોગ સહિત) રહી જે જ્ઞાનગર્ભિત ક્રિયા સધાય તે જ્ઞાનપરિણતિ અને તદ્યુક્ત ક્રિયાના મહત્ત્વની અને લાભની વાત થાય એવી નથી એટલું બધું એનું ઊંચું મહત્ત્વ અને ઊંચા લાભ છે. જેમકે,-

બહારથી મોટું દાન દે પરંતુ અંતરથી દાનનો યોગ્ય પરિણતિ ન ઊભી કરી તો એ દાનનું ફળ મનમાં માનાકાંક્ષા-માનકષાય અને લોભકષાયનું પોષણ થાય. એમાં દાનને યોગ્ય પરિણતિઃ ત્યાગવૃત્તિ, જિનાજ્ઞાપાલનનો આનંદ, બાહ્ય ભાવ પર ઉદ્વેગ અને કાપ... એમ બહારથી તપ તો કર્યો પરંતુ અંતરમાં તપની પરિણતિ રૂપે આહાર સંજ્ઞા પર નફરત, પોતાના 'ઘર' તરફ પ્રયાણનો આનંદ... વગેરે આંતર ક્રિયા ન લાવ્યા ને માનાકાંક્ષા વગેરે પોષ્યું તો એનો લાભ કેટલો ? એમ બહારથી શક્રસ્તવ બોલ્યા પણ પદે પદે જેવું બોલ્યા તેવું તેવું હૃદય ન બનાવ્યું, તો એ પોપટ પાઠનો લાભ કેટલો ?

પહિલેહણ યા ઈર્યાસમિતિ જીવદયા માટે છે, અંતરની પરિણતિમાં વિચાર જોઈએ કે 'કોઈ બિચારો નિર્દોષ જીવ આમાં ભૂલો તો નથી પડ્યો ?' ભારો ભાર દયાનો ભાવ જોઈએ.

સંવચ્છરીનું ૨॥ કલાકનું પ્રતિક્રમણ કર્યું; વિચારો, એમાં કેટલીય બાહ્ય ક્રિયાઓમાં અંતરમાં એને અનુરૂપ ભાવની ક્રિયા કેટલી ચાલી ? દા.ત. અતિચારોના ને વિરાધનાઓનાં પદ બોલતાં પદે પદે આંતરિક ક્રિયારૂપ સંતાપ પશ્ચાત્તાપના ભાવની ચાલે. એ પદોનું ઉચ્ચારણ પણ ગદ્ગદ સ્વરે ચાલે. બહારથી 'મિચ્છામિ દુક્કડં' બોલવાની ક્રિયા કેટલીય વાર ચાલી, પરંતુ સાથે અંતરમાં પશ્ચાત્તાપની ક્રિયા ચાલી ? આ ક્રિયા લાખો રૂા.ની છે, પરંતુ અંદરમાં જો દરવાજા બંધ છે, કેમકે માલિક આત્મા બહારગામ ગયો છે, તો બાહ્ય ક્રિયાનું ફળ કેટલું ? 'અક્રિય' સાધે જે ક્રિયાજી, તે નાવે તિલમાત.' અંતરથી અક્રિય, ને બહારથી ક્રિયા; એની કિંમત નહિ.

**'વાંદણા'**ની ક્રિયા કેટલી બધી સુંદર છે ? પરંતુ પહેલાં તો જો એ જ ખ્યાલ નથી કે 'આમાં કેટકેટલી અવાંતર ક્રિયાઓ આવે છે,' તો પછી એ જુદી જુદી ક્રિયાએ ભાવ પલટવાનો ખ્યાલ ક્યાંથી રહેવાનો હતો ? દા.ત. પ્રારંભે 'ઇચ્છામિ ખમાસમણો !...' બોલવામાં ગુરુવંદનની ભારે હોંશ છે, તો એ બોલવામાં હોંશ

નીતરવી જોઈએ. બોલો, હોંશભેર બોલાય છે ? બોલતાં હોંશ નીતરે છે ?... પછી 'અણુજાણહ મે મિઉગ્ગહં'માં ગુરુના અવગ્રહ (મર્યાદિત જગા)માં પ્રવેશની નમ્રતાથી રજા માગવાની છે, તો એ બોલતાં અંતરમાં અહંત્વ કચરવાની ક્રિયા હોય, પછી 'અ... હો, કા... યં, કા... ય,' સંફાસ' માં બહુ મૃદુભાવે ગુરુચરણના સ્પર્શની બાહ્ય ક્રિયા છે, તો એમાં અંતરમાં "મારું કેટલું અહોભાગ્ય કે મને આવાં જાદુઈ ગુરુચરણ-સ્પર્શ મળે છે ! જે મારા લાખો ભવોનાં પાપ નષ્ટ કરી શકે છે ! તેમ મારા અંતરમાં મદ કામવાસના વગેરે કુવાસનાઓને નષ્ટ કરી શકે છે !" આનો અદ્ભુત આલ્હાદ હોય. આ આંતરિકક્રિયા ચાલે છે ને આ ક્રિયામાં ?

**'સંફાસં'** ને **'ખામેમિ'** બોલતાં માથું ગુરુચરણે અડાડવાનું છે, શાનું ? 'સંફાસં'માં વંદનનું, 'ખામેમિ ખમાસમણો'માં ગુરુની ક્ષમા માગવાનું. એમાં બે વાર મસ્તક ગુરુચરણે અડાડવું એ છે બાહ્ય ક્રિયા; પણ સાથે સાથે બે છે આંતર ક્રિયા, (૧) વંદનમાં સ્વાપકર્ષ (સ્વની હીનતા), ના અને ગુરુના ઉત્કર્ષ (ઉચ્ચતા)ના પ્રદર્શનની; ત્યારે (૨) ક્ષમાયાચનામાં પોતાની દૈવસિક ભૂલના ખેદની.

એવી રીતે 'ખામેમિ ખમાસમણો દેવસિઅં વઈક્કમં'માં જે 'દેવસિઅં વઇક્કમં'થી આગળના ગુરુ પ્રત્યેના અપરાધોના પદો છે એ બોલવાની બાહ્ય ક્રિયા વખતે અંતરમાં એ અપરાધોના તીવ્ર સંતાપ-પશ્ચાત્તાપની ક્રિયા ચાલવી જોઈએ.

આ તો થઈ 'ઇચ્છામિ'માં ગુરુવંદનનો હોંશ, 'અહો...'માં ગુરુ પ્રત્યે ચરણસ્પર્શનાં અહોભાગ્યનાં પ્રદર્શનને વંદન-ચરણસ્પર્શમાં ગુરુની ઊંચી અને પોતાની નીચી સ્થિતિનાં પ્રદર્શનની આંતરિક ક્રિયાની વાત.-પણ વંદનની સાથે સાથે સુખશાતા પૃચ્છાની આંતરિક ક્રિયા પણ 'બહુ સુભેણ, ભે દિવસો, વઇક્કંતો ?' પૂછતાં લેવાની છે. 'એમ... જવણિજ્જં ?' સુધી. પછી 'ખામેમિ ખમા૦...'થી આશાતના અપરાધનાં પદો બોલવાનાં એમાં સંતાપ-પશ્ચાત્તાપની આંતરિક ક્રિયા લાવવાની.

આમાં વાંદણામાં બે ભાગ, ૧. વંદન, અને ૨. આશાતનાનું પ્રતિક્રમણ-એમાં વંદનમાં ૩. ક્રિયા,-૧. ચરણસ્પર્શ, ૨. ચરણશરણ, અને ૩. સુખશાતા પૃચ્છા ૨. ચરણશરણ, (ગુરુના ચરણે હાથ લગાડી આપણાં માથે લગાડીએ તે.)ને ૩. સુખશાતા પૃચ્છા (૧. બહુ સુભેણ ભે... ૨. જ...ત્તા....ભે ૩. જ...વ....ણિ...જ્જં...ચ...ભે એ ત્રણ પદોથી) સુખશાતા પૂછવાની.

ક્રિયા કેટલી બધી સુંદર છે ! 'ઇચ્છામિ... વંદિઉં' વંદન કરવા ઇચ્છું છું એ હોંશથી ? કે હોંશ વિના ? હોંશથી હોય તો આંતરિક ક્રિયા ભળી; હોંશ વિના હોય તો 'અક્રિય સાધે જે ક્રિયા' થઈ, આંતરિક ક્રિયા ન ભળી.

ચરણસ્પર્શ, ચરણશરણ, સુખશાતાપૃચ્છા આ ત્રણે બાહ્ય ક્રિયામાં અંદરથી સક્રિય રહેવાનું છે. નહિતર 'અક્રિય સાધે જે ક્રિયાજી, તે નાવે તિલ માત્ર' જો



અંદરથી અક્રિય, તો તે બાહ્ય ક્રિયાની તલમાત્ર જેટલી પણ કિંમત નહિ આંતરિક ક્રિયા ભેળવીએ તો બાહ્ય ક્રિયાની લાખ રૂ ની કિંમત આંતરિક ક્રિયામાં એનું જ્ઞાન ભળે, નિરહકાર ભળે, ચિંતન ભળે. તો જ **'મદ અજ્ઞાન ટળે જેહથી તે નહિ નાણની વાત'** (આંતરિક ક્રિયાયુક્ત બાહ્ય ક્રિયાની) વાત ન થાય, એની કિંમત ન આંકી શકાય. એનાથી મદ નીકળી જાય, અજ્ઞાનતા નીકળી જાય. જ્ઞાનયુક્ત ક્રિયા અમૂલ્ય છે, માટે શાસ્ત્રે લખ્યું,-

વાંદણામાં ૨૫ આવશ્યક સાચવવાના છે, એ ૨૫ આવશ્યક બરાબર સાચવીને વાંદણા દે એને લખલૂટ કર્મ-નિર્જરાનો લાભ મળે; જનમ-જનમનાં થોકબંધ કર્મ ખપી જાય !

આ તો માત્ર વાંદણામાં; બાકી 'અબ્ભુટ્ઠિઓ'માં 'ઇચ્છામિ પડિક્કમિઉં'માં નમુત્થુણં'માં, 'લોગસ્સ'માં, 'ઇરિયાવહિયં'માં, '' વગેરેમાં આંતરિક ક્રિયા સાથે ચાલતી હોય એના લાભના કેવા સરવાળા થાય !

આટલા બધા અખૂટ લાભની ક્રિયામાં પણ આપણે જેમ ગાડું ગબડતું આવ્યું છે એમ ગબડાવીએ છીએ. વરસના ૩૬૦ દિવસના ૭૨૦ પડિક્કમણામાંનું એકાદ પણ પડિક્કમણું આવા અનુપમ લાભ દેનારું આંતરિક ક્રિયાયુક્ત બાહ્ય ક્રિયારૂપ ખરું ?

દિવસમાં નાની મોટી કેટલી બધી ક્રિયાઓ કરીએ છીએ ? એ બધીમાં આંતરિક ક્રિયા ભેળવવાની છે. રસ્તામાં સાધુ મળ્યા, આપણે 'મત્થએણ વંદામિ' કહીએ એ બાહ્ય ક્રિયા છે, ત્યાં મનમાં આવે કે 'આ જગતમાં સાધુ એટલા બધા ક્યાં મળે છે ? મને આ મળ્યા,મારું અહોભાગ્ય કે પરમેષ્ઠીને નમસ્કાર કરવાનો મળ્યો!'

જેમ 'અરિહંત નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો'

એમ **'સાહૂણં નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો'**

એમ 'પરમિટ્ઠી નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો'

એટલે સાધુને બહારથી નમન કરતાં કે 'મત્થએણ વંદામિ' બોલતાં અંતરમાં અહોભાવ અને નમસ્કાર-સુકૃતની અનુમોદના લાવીએ તો લાભના કેટલા ટકા ?

ત્યારે મંદિરમાં આપણું અંદરનું વર્કિંગ પદે પદે અને દર્શન દર્શને ચાલુ હોય તો લાભના લેખા રહે ? જો બાહ્ય ક્રિયાની સાથે સાથે આંતરક્રિયા ચાલુ હોય તો એના અમાપ આત્મિક લાભ જાણ્યા પછી પણ ક્રિયાઓ રાબેતા મુજબ અંતરથી અક્રિય રહીને કર્યે જઈએ તો આપણે શું બુડથલ નથી ? શું આપણે બુદ્ધિમાન છીએ ? ક્રિયામાં જરાક મગજ વાપરીએ એમાં કેટલું કષ્ટ વધી જાય ? કેટલો સમય વધુ લાગે ? પ્રેક્ટિસ કરીને એ આંતરિક ક્રિયા સાથે ચાલુ રાખીએ તો કશો સમય વધુ નથી લાગતો.

એક **'પગામ સજ્ઝાય'**માં પદેપદમાં આ આંતરિક ક્રિયા ભેળવીએ તો અમાપ કર્મનિર્જરાના લાભ ઉપરાંત કેટલાય કષાયો શમાવવાના, કેટલીય એશુદ્ધ વૃત્તિઓ રોકવાના, નાના મોટા કેટલાય દોષ-દુર્ગુણોની આત્મનિંદા કમાવવાના... વગેરે વગેરે અનુપમ લાભો મળે છે. 'નમુત્થુણં'ના પદેપદમાં બાહ્ય ઉચ્ચારણક્રિયાની સાથે સાથે આંતરિક ક્રિયા ભેળવીએ ત્યાં કેઈ પ્રકારની અરિહંતભક્તિ-અરિહંતગુણગાનના અનુપમ લાભ મળે છે.

તમે સંજ્ઞી પંચેન્દ્રિય છો, સુંદર મન મળ્યું છે; બાહ્ય ક્રિયાઓમાં એ મહાકિંમતી માનવમનનો ઉપયોગ કરતા ચાલો અને નિજના આત્માને અહીંથી જતા પહેલાં મહાલઘુકર્મી બનાવો, તથા પરભવ માટે સુલભ બોધિપણું નિશ્ચિત કરી લો, એ જ મારી શુભાશિષ છે. અનંત દયાળું અરિહંત પ્રભુ તમને એમાં સહાય કરે !

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૪૦,અંક-૯,તા.૨૩-૧૧-૯૧

## લિ. વિજય ભુવનભાનુસૂરિ તરફથી

**મુમુક્ષુ જોગ ધર્મલાભ**

તને લાગ્યું કે હમણાં કાંઈ મારો પ્રેમ ઓછો થઇ ગયો છે એ તારી ગુરુભક્તિ હજી જાગતી સૂચવે છે. જીવનમાં દેવાધિદેવની કૃપા અને ગુરુકૃપા વિના કશું ખૂટતું લાગે, નોધારાપણું લાગે, એ આંતરદૃષ્ટિ છે, જ્યારે મનગમતી ધનકમાઈ વિના, ગમતા ભોજનપાણી વિના ખૂટતું લાગે એ બાહ્યદૃષ્ટિ છે. યોગની પ્રાથમિક દૃષ્ટિમાં આવ્યો હોય અને પરલોક પર દૃષ્ટિવાળો બન્યો હોય એને જ આંતર દૃષ્ટિ જાગે છે, અને જીવનમાં પૈસા-ટકા, પરિવાર, મનગમતાં ભોજન વગેરે બધું મળ્યું હોય છતાં જીવનમાં પહેલે પ્રાણાતિપાત બીજે મૃષાવાદ વગેરે અઢાર પાપસ્થાનક સેવવા પડતા હોય એની ભારે બેચેની હોય; કેમકે એને સામે પરલોક અને પોતાની ત્યાં થનારી દુર્દશા અને નોધારી સ્થિતિની કલ્પના અકળાવી મૂકતી હોય કે 'હાય ! અહીંના પાંચમે પરિગ્રહ, સાતમે માન, નવમે લોભ, દસમે રાગ, પંદરમે રતિ અરતિ વગેરે મારાં સેવાતાં પાપસ્થાનકના આગળ પર થનારા ગુણાકાર મારા આત્માની કેવી પાપિષ્ઠ દશા કરશે !' ત્યાં પછી એનાથી પાછો વાળવા મને દેવાધિદેવ અને ગુરુનો યોગ ક્યાં ? જો એ યોગ નહિ તો પાપસ્થાનકો સેવવામાં સંકોચ ક્યાં ? અફસોસી ક્યાં ? પરિણામ ? સતત દુર્ગતિઓના અવતારમાં ઊંચે આવવાની કરણી ય ક્યાં ? અને વિચારસરણી ય ક્યાં ? એને યોગ્ય દેવગુરુની ટોકણી ય ક્યાં ?



મહાનુભાવ ! એટલું સમજી રાખજે કે ત્યાં કાંઈ લોટરી લાગવાની નથી કે 'અહીં ધર્મવ્યાપાર કર્યા વિના ત્યાં એકાએક જ દેવ-ગુરુ-ધર્મનો મોટો ડાબડો મળી જશે' એવી લોટરી લાગે એવા અનંતાનંત જીવોમાં કેટલા ? મોટા ભાગને તો અહીંના સેવેલા અને વહાલા કરેલા પાપસ્થાનકના બંડલ ગુણાકાર થઈને સાથે લઈ આવવાનું એના પર ભાવીને મનમાં લાવજે.

## ભવયાત્રામાંથી મોક્ષયાત્રામાં

અનંતકાળ આપણે ભવયાત્રા ચલાવી. કિન્તુ હવે જૈનધર્મ પામ્યા છીએ એટલે આપણી મોક્ષયાત્રા શરુ થઈ છે. તો જેમ કાશ્મિર આદિની ટુર મૂકી સંમેતશિખર શત્રુંજય આદિની યાત્રામાં લાગે ત્યારે પૌદ્ગલિક પાગલતા મૂકી પ્રભુભક્તિ આદિના વિવેકમાં આવે છે, એવી રીતે મોક્ષયાત્રામાં પાપરસ મૂકી ધર્મરસ જાગતો રાખવાનો છે.

પાપરસવાળો દિવસમાં જેટલા ટંક અને જેટલાં દ્રવ્ય ખાવાપીવા મળે એટલા ટંક અને એટલાં દ્રવ્ય નિઃસંકોચ ખાયપીએ, અને એમાં જીવનની મજા માને, ત્યારે ધર્મરસવાળો ખાવાપીવાના ટંક પર અને દ્રવ્યો પર સવારથી જ કાપ મૂકે, મર્યાદા બાંધે, કે આજે આટલાં ટંક અને આટલા દ્રવ્ય જ ખાવા-પીવાનું; અને આ નિયમનમાં જીવનની મજા માનવાની.

પાપરસવાળો પૌદ્ગલિક આનંદના નશામાં જ ચકચૂર રહી એનાં સાધનોમાં જ મન-વચન-કાયાથી ઓતપ્રોત રહેનારો હોય, ત્યારે ધર્મરસવાળો ભાગ્યવાન આત્મા એ ચકચૂરતા અને એ ઓતપ્રોતતા પડતી મૂકી વીતરાગ પ્રભુની સંગતતાના આનંદમાં મશગૂલ બની મન-વચન-કાયાથી પ્રભુભક્તિ-ગુણગાન, શાસ્ત્રવાંચન અને વ્રતનિયમ-સામાયિક-પ્રતિક્રમણ આદિમાં ઓતપ્રોત બનનારો હોય. એથી પેલા પાપઆનંદનો નશો ઊતરી, આ પવિત્ર આનંદ આવે.

પાપરસવાળાને ક્રોધ-અભિમાન-આર્તધ્યાન-પાપવિચારો વગેરે મિત્રો હોય જેનો સહારો લેતો જ રહે; અને પોતે મરે ત્યાં સુધી એને જીવતા રાખી એને પરભવે સાથે લેતો ચાલે; ત્યારે ધર્મરસવાળો પ્રભુપ્રેમ, ગુરુબહુમાન, ક્ષમા નમ્રતા ધર્મવિચારો, શુભધ્યાન, સમતા-સમાધિ વગેરે મિત્રો હોય જેમને જીવનના અંત સુધી સાથે રાખી પરભવે સાથે લેતો જાય.

**- વિજય ભુવનભાનુસૂરિ**

## આચાર્ય વિજય ભુવનભાનુસૂરિ તરફથી

**હુબલી, કા. સુદ ૧**

**અનુવંદના સુખશાતા / ધર્મલાભ !**

નૂતનવર્ષમાં તમો સૌને મારી શુભાશિષ છે કે, તમો સૌ રાજકુમારી કનકશ્રીની જેમ એ સાવધાની કેળવો કે 'રખેને મારા મનને કોઈ પાપવિકલ્પ, મિથ્યાવિકલ્પ સ્પર્શી ન જાય !'

આપણે પૂર્વના મહાન આત્માઓની તે તે પ્રસંગની અદ્‌ભુત શુભ વિચારણાઓનો ખપ કરવાનો છે; જેમકે, ગુરુ અર્ણિકાપુત્ર આચાર્ય હજી છદ્મસ્થતાની ધરતી પર છે અને નવી શિષ્યા પૂષ્પચલા સાધ્વી તે જ નગરમાં સ્થિરવાસ રહેલી ખાસ વિચારણા અને સાવધાનીથી કેવળજ્ઞાન આસમાનમાં ઊડતાં થઈ ગયા !! હિસાબ એક હતો (૧) જન્મથી પ્રેમી પતિ રાજા રોજ દર્શનાર્થે આવવાના, તેમજ (૨) નગરના લોકો 'વાહ અમારા મહારાણી સાધ્વીજી કેવા પરાક્રમી !' એમ માની ભારે સત્કાર, સન્માન દેખાડવાના, એની વચમાં મારે રહેવાનું તે એમ સમજીને કે આ સામે રાજા પર દૃષ્ટિ મારે મન દૃષ્ટિ વિષ સર્પ જેવી છે, જો એમના સામે એકવાર પણ મેં જોયું તો હું ખત્મ છું (૨) લોકોના સત્કાર, સન્માન ફુગ્ગામાં ભરાતી હવા સમાન છે, એ જો મેં મારા મનમાં ભર્યા તો હું ફટ ફૂટી જવાની' આ બે સાવધાનીથી પ્રતિપક્ષ વૈરાગ્યની ભાવના એટલી બધી વધારતાં ગયા કે અંતે વીતરાગ કેવળજ્ઞાની બની ઊભા રહ્યા...

દમયંતી સાત વરસ ગુફામાં એકલી રહી શું વિચારતી હશે ? શાંતિનાથ પ્રભુની મૂર્તિ બનાવી એમની સાથે સમ્યક્ત્વને અતિ નિર્મળ અને દૃઢ કરતી રહી, સમ્યક્ત્વની નિર્મળતા એવી કરી કે, પાસેના તાપસ આશ્રમના તાપસોને વરસાદથી અને ધસી આવેલા પૂરથી બચાવી લીધા, "મારા સમ્યક્ત્વ અને શીલનો પ્રભાવ હોય તો આશ્રમ પર વરસાદ ન પડો, અને પૂર દિશા બદલો" આવી એની ભાવના પ્રમાણે જ થયું... તાપસો ચમત્કાર પામી ગયા... એમ કનકશ્રીએ પૂર્વ ભવમાં ગરીબ બ્રાહ્મણી તરીકે 'ધર્મચક્ર તપ' અને પછી બીજા તપ કરી કાયા ઓગાળી નાખી, પરંતુ એક મિથ્યા કલ્પના થઈ કે 'આટલા બધા તપનું ફળ તો મને મળશે ને ?' આ મિથ્યા વિચારના બાંધેલા પાપથી પછીના કનકશ્રીના ભવે એના નિમિત્તે એના બાપ પ્રતિવાસુદેવનું મૃત્યુ થયું. બસ આટલી હકીકત પર એણે વિચાર્યું ને પતિ થનાર વાસુદેવને એને કહી દીધું કે જો આ એક મિથ્યા કલ્પના પર આટલું ભોગવવું પડે તો સંસાર માંડવામાં એક જ જીવનમાં જે હજારો લાખો



પાપવિકલ્પો આવ્યા કરે એનાં કર્મફળ ભોગવી લેવા માટે મારે કેવા કેવા હલકા ભવ કરવા પડે ? માટે આવો સંસારવાસ જોઈતો જ નથી."

આ **કનકશ્રી** પછીથી સાધ્વી બની ગઈ. ચારિત્ર લઈને પણ કેવુંક જીવન જીવ્યા હશે કે એ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે ! આપણે પણ એવી જ લાઈન પકડવાની છે, એ જ નૂતનવર્ષ માટેની જીવન દિશા છે...

• આમ કનકશ્રીના જીવનમાંથી ક્ષણે ક્ષણે પાપવિકલ્પોથી બચાય એવી આપણી વિચારસરણી રહે.... એ કરવાનું છે.

• તેમજ **અર્ણિકાપુત્ર આચાર્ય**ને કેવળજ્ઞાની સાધ્વીએ તો કહ્યું હતું કે તમને ગંગા પાર કરતાં કેવળજ્ઞાન થશે. પરંતુ અહીં તો ગંગા પાર કરતાં પૂર્વભવની વૈરી વ્યંતરીએ નાવને ડોલં ડોલ કરી, ને લોકોએ એમને પોટલાની જેમ ઊંચકીને ધસમસ વહેતી ગંગામાં ફેંક્યાં. ત્યાં આચાર્ય એ વિચારવા ન બેઠા કે "આ તો કેવળજ્ઞાનને બદલે આમ ફેંકવાનું જ્ઞાન આવ્યું" પરંતુ પોતાની સાધનાના વિચારમાં ચડ્યા કે 'અરે કેવું કમભાગી મારું શરીર કે આ બિચારા જીવોને પાપ કરવામાં નિમિત્ત થાય છે... પાણીના જીવોને મારવામાં નિમિત્ત થાય છે ! ધન્ય છે સિદ્ધાત્માને કે જેમને શરીર જ નથી તો કોઈને પાપમાં કે દુઃખમાં નિમિત્ત થતાં નથી'... આ ભાવનામાં કેવળજ્ઞાન પામ્યા...

તો આપણે પણ એમાંથી એ ભાવના લેવાની છે કે નવા વરસમાં મને આવી પાયાની મૈત્રી કરુણાની વિચારણા મળો જેથી મનની પરિણતિ નિર્મળ ચાલ્યા કરે.

## ● બ્રહ્મચર્યનો અદ્‌ભુત ઉપાય

કેટલાય ભવ્ય જીવોને બ્રહ્મચર્ય પાળવાની ખૂબ અભિલાષા છતાં એ નથી પાળી શકતાં એનું ભારોભાર દુઃખ હોય છે અને વાસના-વિકારને રોકવા ઉપાયના ફાંફાં મારતા હોય છે. એમને અહીં ઉપાય દર્શાવવા કાંઈક વિચારીશું...

એક ઉપાય એ છે કે, 'પરમ બ્રહ્મચારી પરમાત્મા બ્રહ્મચર્યનું પાવરહાઉસ છે.'- એમ વારંવાર ભાવના કરવાની પછી આપણે પરમાત્માના ચરણે આપણા હાથનો સ્પર્શ કરીએ એટલે સ્વીચ ઓન થઈને પાવરહાઉસના પાવર સાથે આપણું કનેકશન થયું, અને પરમાત્મામાંથી બ્રહ્મચર્યનો ઈલેક્ટ્રિક પાવર આપણામાં વહી આવે છે. એવી ભાવના કરવાની... બહુવાર એ કરતાં કરતાં આપણી વાસના-વિકાર મોળા પડતાં આવે છે.

આમ ભગવાનનો ચરણસ્પર્શ બહુવાર કરવાની તક આપણે 'લોગસ્સ' અને

'નમુત્થુણં' સૂત્રમાં મળે છે. 'લોગસ્સ સૂત્ર બોલતાં પહેલી ગાથા વખતે સામે અનંત અરિહંત સિંહાસન પર બિરાજમાન જોવાના અને એમના પગને નીચે પાદપીઠ પર સ્થાપેલા જોવાના - તેમજ પ્રભુના પગને આપણાં હાથ સ્પર્શે છે એમ ધારવાનું એ સ્પર્શ થતાં જ આપણાંને ઇલેક્ટ્રિકનો ઝટકો લાગે એમ બ્રહ્મચર્યનો ઝટકો લાગવાનું વિચારવાનું, ને એમ આપણામાં ભગવાનનો બ્રહ્મચર્ય-પાવર વહી આવી રહ્યો છે એમ ધારણા કરવાની...'

પછી બીજી ગાથા વખતે ઉપરથી નીચે ક્રમસર - આ રીતે 'પ્રભુજી બિરાજમાન જોવાના અને એમના દરેકના ચરણે હાથ સ્પર્શતાં તે તે પ્રભુનું નામ બોલવાનું; જેમકે 'ઉસભ' 'અજિઅં' 'સંભવ' 'અભિણંદણં' 'સુમઇં ચ'... તે ઠેઠ ત્રીજી ચોથી ગાથામાં - 'પાસં તહ' 'વૃદ્ધમાણં ચ' સુધી પછીથી પાંચમી છઠ્ઠી બે ગાથામાં પહેલી ગાથાની જેમ અનંત અરિહંતના ચરણ પાદપીઠ પર જોવાનાં અને આપણા હાથ એમને સ્પર્શતા કલ્પવાના.

લોગસ્સના કાઉસ્સગ્ગમાં માત્ર બોલવાનું નથી પરંતુ ધ્યાનમાં આ જ પ્રમાણે ભગવાન સામે લાવવાના છે, અને એમના ચરણે આપણા હાથ ક્રમશઃ સ્પર્શતા કલ્પવાના છે. આ બધામાં પ્રભુના ચરણોમાંથી આપણા શરીરમાં બ્રહ્મચર્યનો પાવર લઈ રહ્યા છીએ એ ધારણા બરાબર રાખવાની.

આવી કલ્પના પ્રભુનો ક્ષમાનો પાવર આપણામાં ખેંચવા અંગે કરી શકાય. એમ કરુણાનો પાવર, નમ્રતા-નિરહંકારનો પાવર, નિર્લોભતા નિરીહતાનો પાવર, ઉદારતા-સહિષ્ણુતાનો પાવર તેમજ ગાંભીર્યતાનો પાવર... વગેરે વગેરે પ્રભુના ચરણે આપણા બે હાથ સ્પર્શાવતાં કલ્પી શકાય.

બ્રહ્મચર્ય માટે એક બીજો પ્રયોગ એ છે કે આપણે ચિંતવવાનું,- 'વીતરાગ ભગવાનના એક ક્ષણ વાર પણ જો ભક્તિથી દર્શન કરાયા, પ્રણામ કરાયા, પૂજન કરાયા, સ્તુતિ કરાયી, (દરેક કામમાં) આગળ કરાયા યા તો ધ્યાનમાં લવાયા તો તે મહાન ઉદયવાળી સિદ્ધિને આપનાર બને છે.' આમાં વીતરાગને આગળ કરવાનું વીતરાગની આજ્ઞા (વચન)ને આગળ કરવાથી થાય છે. આપણે જિનેશ્વરદેવના વચનને યાદ કરીએ એ જિનેશ્વરદેવને જ યાદ કરવા બરાબર છે, અને એનો લાભ અપરંપાર છે. એ લાભ મળ્યાનો આપણને અપરંપાર આનંદ હોય.

આ જગતમાં બીજું ઘણું ઘણું મળવું સોહિલું છે પરંતુ વીતરાગ તથા વીતરાગવચન મળવા અતિ અતિ દોહિલા છે, અને મોટી સ્વર્ગની સદ્ગતિ અને મોક્ષ સુધીની પરમગતિ આમની જ સાથે ગંઠાયેલા છે.

એટલે હવે ચિંતવવાનું આ કે હે જીવ ! બોલ તારે તુચ્છ અને ગોઝારા વિષયસુખનો આનંદ જોઈએ છે ? કે જિનવચનની આરાધનાનો આનંદ જોઈએ છે ?



જો જિનવચનની આરાધનાનો આનંદ જોઈતો હોય તો આ વિષયસંગોને લાતે ફગાવ કે 'જાઓ અહીં તમારા માટે સ્થાન નથી.'

આવું દરેક વિષયના આનંદ પ્રસંગે કહેતાં રહેવાનું' મારે જિનવચનની આરાધનાનો જ આનંદ ખપે, વિષયાનંદ નહીં, એથી આત્મામાં વિષયાનંદ પ્રત્યે સૂગ ઊભી થઈ, વિષયોમાં ઇન્દ્રિયને ન જોડવાનું બળ સત્ત્વ ઊભું થાય છે....

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૪૦,અંક-૧૬,તા.૨૫-૧-૧૯૯૨

## લિ. આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરિ તરફથી

**સુશ્રાવિકા..................બેન જોગ ધર્મલાભ**

તમારો પત્ર મળ્યો. પત્રથી તમારે આપત્તિઓ આવ્યા કરી અને વર્તમાનમાં મોટી આપત્તિ છે જાણી બહુ દુઃખ થયું. આફત પર આફતમાં તમે ભગવાનને આ પ્રાર્થના કર્યા કરો,

**"જય વીયરાય જગ ગુરુ ! હોઉ મમં**
**તુહ પ્પભાવઓ ભયવં ઈફફલ સિદ્ધિ"**

અરિહંત ભગવાન અચિંત્ય પ્રભાવી છે. અનંત પ્રભાવી છે. એમના પ્રભાવે જો મોક્ષ સિદ્ધ થાય છે તો બીજું શું સિદ્ધ ન થાય ? સિદ્ધ થાય જ એવી એમના પરની અથાગ અને દૃઢ શ્રદ્ધા જોઈએ.

અલબત ધર્માત્માને આફત એ કસોટીનો પરીક્ષાનો અવસર છે, એમ સમજી ચિત્તની સ્વસ્થતા-સમાધિ ગુમાવશો નહીં અને મનમાં 'અરિહંતા મે સરણં' ની રહેવા રાખજો. કેમ કે આફત કાંઈ સમાધિ ગુમાવીને હાય બળાપો કરવાથી ટળતી નથી ઊલટું આર્તધ્યાન થવાથી ફોગટના કર્મબંધ થાય છે...શાસ્ત્રે કહ્યું છે-

**"અટ્ટેણ તિરિય ગઈ રુદ્દજ્ઝાણેણ ગમ્મઈ નરયં"**

અર્થાત્ 'આર્તધ્યાનથી તિર્યંચગતિના કર્મબંધાય છે અને રૌદ્રધ્યાનથી નરકગતિના કર્મ બંધાય છે.'

આવા પાપબંધક દુર્ધ્યાન કરવા કરતાં અરિહંત શરણની પ્રભાવક શ્રદ્ધા અને શરણનો સ્વીકાર શું ખોટો ? માટે આ વારંવાર ભાવતા રહો-

(૧) 'અચિંત સત્તિ જુત્તા હિ તે ભગવંતો વીયરાગા સવ્વણ્ણુ મૂઢે અમ્હિ પાવે, અણભિન્ને ભાવઓ, અભિન્ને સિઆ.' આ પણ ભાવતા રહો-

(૨) 'અરિહંત નમુક્કારો સવ્વપાવપ્પણાસણો... નમો અરિહંતાણં'

અથવા આ પણ ભાવતા રહો-

(૩) (i) 'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં, સાહૂ મે સરણં, જિણધમ્મો મે સરણં,' (ii) 'ગરિહામિ સવ્વાઈં દુક્કડાઈં,' (iii) 'અણુમોએમિ સવ્વેસિં સુક્કડાઈં'

શ્રદ્ધાથી આ વારંવાર ભાવવાનો જબરદસ્ત પ્રભાવ છે; માટે મનથી જરાય દૂબળા પડતાં નહીં કે 'હેં ! મારે આવા દુઃખના દહાડા જોવાના આવ્યા ?' એના બદલે શ્રદ્ધા અને ધૈર્યથી ઉપરોક્ત ભાવનાનો સદ્‌ઉપાય સાધજો; અને સાથે સાથે પૂર્વના મહાપુરુષોને યાદ કરજો કે એમણે કેવી મહાન આફતો સહન કરી છે ! છતાં એમણે સમાધિ નથી ગુમાવી.

રામ-સીતા, નળ-દમયંતી, પાંચ પાંડવોએ બધુ ગુમાવી ૧૨ વરસ વનવાસ ખેડ્યો !

સનત્કુમાર ચક્રવતીએ શરીરમાં એકાએક રોગો ઊભા થતાં સ્વેચ્છાએ ચક્રવર્તીપણું છોડી ચારિત્ર સ્વીકાર્યું...

આ લોકોએ કોઈએ મન પર એ ન લીધું કે 'હાય અમારી આબરૂ ગઈ !' કેમકે મન પર એ ભાર હતો કે અમે આડી લાઈને ચાલ્યા નથી, કોઈનો વિશ્વાસઘાત-લુંટણગીરિ વગેરે કર્યા નથી, એ જ અમારી મોટી અને સાચી આબરૂ છે.

તેમ જૈન ધર્મ તો આ શીખવે છે કે-

'આફત એ મારે અશુભનો ઉદય નહીં, પણ અશુભનો નિકાલ છે' અશુભનો ઉદય વિચારતાં દીનતા આવે છે. જ્યારે અશુભનો નિકાલ વિચારતાં મનને નિરાંત અનુભવાય છે કે 'હાશ ! ચાલો એમાં કોઈ પ્રબળ અશુભ કર્મ હશે તે આ આફત આપીને રવાના થાય છે,' જેમ 'અશુભના ઉદય વિના આફત ના આવે' એ સાચું છે. એટલા માટે પૂર્વ પુરુષો આફતને ધન્ય અવસર માનતા-ખંધકમુનિની રાજા તરફથી ચામડી ઉઝરડાય છે ત્યાં મુનિએ આ વિચાર્યું કે-

**'કર્મ ખપાવવાનો અવસર એહવો ફરી નહીં મળશે પ્રાણી રે...'**

કર્મ 'ખપાવવાનો' અર્થાત્ કર્મનો નિકાલ કરવાનો આ સુંદર અવસર મળ્યો છે આમ માનીને રાજી થયા અને રાજાને ભાઈ કરતાં ય ભલેરો માન્યો કેમકે એણે કર્મનો નિકાલ કરવાનો અવસર આપ્યો.

આપણું જિનશાસન આ છે. અહીં મરણાંત કષ્ટને પણ ધન્ય અવસર માન્યો છે તો આપણી આફત એ કઈ વિસાતમાં ? જ્યાં મરણાંત કષ્ટમાં ય કોઈ બચાવનારની આશા-અપેક્ષા રાખી નથી, તો એના કરતાં સામાન્ય આફતમાં આપણે કેમ દીનહીન બની બીજાની સહાયતાની અપેક્ષા રાખી રહ્યા છીએ ? "પૂર્વ કર્મ કર્યા છે આપણે, તો કર્મનાં ફળ પણ આપણે સામી છાતીએ ભોગવી લેવા તૈયાર



છીએ" એ મનોવૃત્તિ રાખવાની. એમાં શાહુકારી છે. દુનિયામાં પણ એવા અવસરે થઈ ગયેલા દેવાને(ઋણને) નીતિમાન હોંશે દૂધે-ધોઈને ચુકવે છે.

આ બધો વિચાર એટલા માટે કરવાનો છે કે જ્યારે દુનિયામાં આવા અવસરે કોઈ સહાયક નથી દેખાતા ત્યારે શું વિચારવું ? શું કરવું ?

એવા અવસરે જરાય ગરીબડા થવાની જરૂર નથી. સંસારમાં રીબાવાનું અપેક્ષાઓ રાખીને જ થાય છે. આપણા પોતાના કર્મના જ હિસાબે બધું જ થાય છે. ઈતરો પણ કહે છે કે ભગવાન જે કરે તે આપણા સારા માટે જ. ખરાબ થાય તેમાં ય કુદરતનો સંકેત હોય. એટલે જેમ સુખમાં કુદરતનું ગણિત કામ કરે છે એમ દુઃખમાં પણ કુદરતનું ગણિત કામ કરે છે. જો શુભનો ઉદય કાયદેસર છે તો અશુભનો ઉદય પણ કાયદેસર છે- એમ શા માટે ન માનવું ?

અમેરિકન માનવશાસ્ત્રીઓ કહે છે "ઈશ્વરની દયા માત્ર પૈસા આપે એમાં નથી, કિંતુ Power of Resistance અર્થાત્ સત્ત્વ વિકાસનો અવસર આપે એમાં પણ ઈશ્વરીય દયા છે. ગરીબીમાં સત્ત્વ-વિકાસની આ દયા મળે છે. માટે ત્યાં ઈશ્વરનો વિશેષ ઉપકાર માનો" અને એમ હૃદયથી માનવામાં કેઈ માણસોની આફતો ટળી, એ સંપત્તિમાન બન્યાના દાખલા છે.

પ્રાંતે, ખરી વાત તો એ છે કે આવા પ્રસંગોમાં આ વિચારવા જેવું છે કે,-

"આ સંસાર આવો જ નગુણો છે, ઈષ્ટ સંયોગો ક્ષણભંગુર છે, જીવને ઉપકાર પર અપકાર કરનારો છે, વિશ્વાસમાં બેઠેલાને ઠગનારો છે. પુણ્યસંપત્તિ વેચી પાપની ખરીદી કરાવનારો છે, જીવને મૂઢ બનાવી ધર્મના સુવર્ણ અવસર તરફ આંખમિંચામણા કરાવનારો છે..."

આ રીતે સંસારના નગ્ન સ્વરૂપનો વિચાર કરી એના પર અભાવ લાવવા જેવો છે અને પરમાત્મભક્તિમાં મસ્ત બનવા જેવું છે. માટે રોજ 'જયવીયરાય' સૂત્રમાં પ્રભુ આગળ 'ભવ નિવ્વેઓ-સંસાર' પર નિર્વેદ-કંટાળો-વૈરાગ્ય માગીએ છીએ. તે પણ 'હોઉ મમં તુહ પ્પભાવઓ ભયવં'

'હે ભગવંત ! આ ભવનિર્વેદ વગેરે મને તારા પ્રભાવથી મળો' અર્થાત્ 'સારું કાંઈ પણ મળશે તો પ્રભુના પ્રભાવથી જ મળશે' આવી પ્રભુ પર અથાગ શ્રદ્ધા અને ભક્તિ ઊભી કરવાની છે.

એ જ સુજ્ઞેષુ કિં બહુના ? તમો ભયરહિત, આફતરહિત બનો એ જ અમારી શુભાશિષ... પ્રભુને અમારી પ્રાર્થના છે કે તમારી આફત શીઘ્ર દૂર થઈ તમોને સમાધિ મળો...

## લિ. આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરિ તરફથી

૨૦૪૮ ગદગ-બિજાપુરના વિહારમાં
ભગવાન શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણક

**દેવગુરુ ભક્તિકારક ધર્મપ્રેમી સુબુદ્ધ સુશ્રાવક કાન્તિભાઈ જોગ,...ધર્મલાભ...**

હુબલીથી ગદગ થઈ અમે બિજાપુર જઈ રહ્યા છીએ વચમાં ભાગલપુર આવ્યા ત્યાં તમારો પુત્ર એકાએક આવ્યો. મને આશ્ચર્ય લાગ્યું એને પૂછ્યું કેમ અહીં ? મને કહે 'મારે દીક્ષા લેવાની છે. હું ૧૮ વર્ષ ઉપરનો ઉંમરલાયક માણસ છું. રજા વિના દીક્ષા લઈ શકું છું. ૩-૩ વર્ષથી સાધુ મહારાજની પાસે રહું છું. મને સંસારનો મોહ નથી માટે સંસાર માંડવો નથી. ચોમાસા પહેલાં મને મારા પૂ. પાપા કહેતા હતા તું ઉતાવળ ન કર, અમે ન અપાવીએ તો ચોમાસા પછી લઈ શકે છે.'

સુજ્ઞ શ્રાવક ! તમને મારે એટલું જ સમજાવવું છે કે જ્યારે એનો વૈરાગ્ય આટલો બધો તીવ્ર છે, તો ઉદારતાથી એને દીક્ષાની રજા આપી દેવી જોઈએ, તમે તો મહાન ભાગ્યશાળી છો કે તમારે ત્યાં આવું રત્ન અવતર્યું છે. યુવાનીમાં આવી જવાં છતાં આજની વિલાસી દુનિયાની વચમાં એ આટલો બધો વૈરાગ્ય ૩-૩ વર્ષથી સાધી શક્યો છે. તમે જોઈ શકો છો કે આજે લાખો યુવાનોમાં વૈરાગ્ય કેટલાને થાય છે તો આપણે એને વધાવી લેવો જોઈએ.

તમે મહાવીર ભગવાનના એક મહાન શ્રાવક ! શ્રાવકને પોતાને જનમથી વૈરાગ્ય હોય, એ સંતાનને વૈરાગ્યના સંસ્કાર આપનાર હોય કેમકે એ સમજે છે કે સંસારમાં ગમે તેટલો રાગ કરવા છતાં જીવનના અંતે તો બધી માલ-મિલકત અને બધા સગાવહાલાને મૂકીને જ જવું પડે છે ને ચારિત્રની સાધના વિના જવાનું થાય તો અહીંયાં ૧૮ પાપસ્થાનકના જીવન પછી ક્યાં જવાનું થાય ? અને સંસારમાં ચારિત્ર મનુષ્ય જનમ વિના ક્યાં મળે ?

સુબુદ્ધ શ્રાવક ! તમે દૃષ્ટિ જરા વિશાળ બનાવીને વિચારશો. રામચંદ્રજી અને લક્ષ્મણજીના પ્રેમનું પારખું કરવા દેવતા આવ્યો અને પહેલાં લક્ષ્મણજીનો રામ ઉપર પ્રેમ પરખવા લક્ષ્મણજીની આગળ રાણીઓને રોતી કકળતી દેખાડી લક્ષ્મણ પૂછે, 'અલીઓ ! કેમ રુઓ છો ?' પેલી કહે, 'તમને ખબર નથી ? રામ મરી ગયા.' આટલું સાંભળતા જ 'હેં ?' બોલતાં લક્ષ્મણજીની ડાગળી ફાટી પડીને ત્યાં



જ મૃત્યુ પામ્યા. દેવતાને ભારે પસ્તાવો થયો કે 'હાય મેં આ શી રમત કરી ? એક ઉત્તમ પુરુષનો મેં ઘાત કર્યો ?' દેવતા તો ત્યાંથી ભાગી જ ગયો, પરંતુ આજુબાજુવાળાએ લક્ષ્મણને મરેલા જાણી પોક મૂકી રામને ખબર પડતાં દોડતા આવ્યા, ભાઈને બેશુદ્ધ જોઈ પાગલ થઈ ગયા, મરેલો માનવા તૈયાર નથી, વૈદ્યો કહે, 'હવે આમાં કાંઈ નથી આ મરી ગયા છે' તો એ સાંભળવા તૈયાર નથી. વૈદ્યોને મારી નાખવા તૈયાર થાય છે તો મંત્રીઓ સમજાવવા તૈયાર થાય છે તો એ માનવા તૈયાર નથી, મડદાને પકડી બેસી રહે છે 'મારો ભાઈ મરે જ નહિ,' કરીને એને ખવરાવવા પીવરાવવા બોલાવવા રામ મથે છે,

મંત્રીઓએ જોયું કે અયોધ્યાની ગાદી પર કોઈ રાજા બનાવવા જોઈએ પછી જ લક્ષ્મણનું મોત જાહેર કરાય નહિતર અચાનક નધણિયાતું રાજ્ય જોઈ દુશ્મન ચડી આવે તો રાજ્યનું રક્ષણ કોણ કરે ?

એટલે મંત્રીઓ રામના બે પરાક્રમી પુત્રો લવણ-અકુંશ(લવ-કુશ)ને કહે છે, તમે રાજ્યગાદી સંભાળી લો, નહિતર મહાઅનર્થ થઈ જશે.'

એ વખતે લવણ-અકુંશ કહે, 'અમારે રાજા નથી થવું, અમારે દીક્ષા લેવી છે અગર આવા મહાન પરાક્રમી કાકા અચાનક મરી જાય અને પિતાજી અચાનક પાગલ થઈ જાય તો અમારું પણ ક્યારે શું થાય ? તો શું અમે ચારિત્ર વિના મરીએ ? અમે તો હમણાં જ આ ચાલ્યા, ચારિત્ર લેવા, રાજ્યગાદી અમારે ન જોઈએ'

એમ કહી લવણ અકુંશે એ જ વખતે બધાને રોતા કકળતા મૂકી ગુરુ પાસે પહોંચી ચારિત્ર લઈ લીધું ! પોતાની પત્નીઓય રોતી રહી, કાકીઓ ય રોતી રહી, અને લવણ-અકુંશે સંસાર ત્યજી સાધુજીવન સ્વીકારી લીધું. એમાં અયોધ્યાની રાજ્યગાદી રખડી ન પડી, ને સગાવહાલા બધા નિરાધાર ન બની ગયા કે મરી ન ગયા.

સુશ્રાવકજી ! આમાં મહાવૈભવી મહાપરાક્રમી લવણ અકુંશનો વૈરાગ્ય જોવા જેવો છે. રામચંદ્રજીના કુળમાં એ કેવા રત્ન ? તમે ય જાતને ધન્ય માનો કે તમારે ત્યાં એક ભવ્ય જીવરત્ન આવ્યું છે કે જેને તમે વૈરાગ્ય નથી આપ્યો પણ એણે પોતાના પૂર્વના તેવા સુસંસ્કારે અને અહીં ગુરુના ઉપદેશે તેમજ અહીં જૈનશાસન પામ્યાનું મહત્ત્વ સમજાયાથી સ્વતઃ વૈરાગ્ય થયો છે, શું તમે એને વધાવી પણ ન શકો ?

આશા છે તમો વૈરાગી સુયોગ્ય એવા તમારા પુત્રરત્નને ચારિત્ર માટે શીઘ્ર રજા આપશો.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૦,અંક-૩૬,તા.૧૩-૬-૧૯૯૨

## શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાન કા સ્તવન

(તર્જ - બેદર્દી બાલમા તુઝકો)

દેવાધિદેવ વીતરાગી ! મેરા દિલ આજ રોતા હૈ,
કહાં ગયે ભક્ત સબ તેરે, શાસનદેવ ભી ક્યૂં સોતા હૈ ?
અંતરિક્ષ પાર્શ્વ કી પ્રતિમા, કઈ સદિયો પૂરાની હૈ,
પ્રગટ પ્રભાવી યહ મૂર્તિ, સારી દુનિયા ને માની હૈ
શ્રદ્ધા સે જો કરે પૂજા, પાપ કે મેલ ધોતા હૈ...
ઐસે અનમોલ તીરથ કો, જાને કિસકી નજર લાગી
રાગી સંસારી કે ઝઘડે, સજા પાતે હૈ વીતરાગી
ભૂલા માનવ તેરે દર પે, દ્વેષ કે બીજ બોતા હૈ...
જમી હૈ ધૂલ બરસોં સે, કોઈ ઉસે પોંછ ના પાયે,
જાલે લટકે પ્રતિમા પે, દશા યેં દેખી ના જાયે,
પ્રાણ પ્યારે પ્રભુ કી દેખ દશા દર્દ હોતા હૈ...
દર્શ પાને કો મેં આયા, ફિર ભી કઈસી હૈ યહ દૂરી,
કરું દર્શન ઝરોખે સે, કઈસી હૈ મેરી મજબૂરી,
તુમ્હી બતલાઓ ઓ સ્વામી, કઈસે સંતોષ હોતા હૈ...
ઐસી હાલત પ્રતિમા કી, દેખું તો દેખ નહીં સકતા,
સહી નહી જાતી યહ પીડા, કિસીસે કહ નહીં સકતા,
કઈસે બેઠું દો પલ ભી મેં વ્યથા સે દિલ યહ રોતા હૈ...
સ્નેહ સાગર પ્રભુ વીર કે પંથ કે હમ તો હૈ રાહી,
કદાગ્રહ મેં ઝગડતે હૈ, દેખો આપસ મેં દો ભાઈ
પગલા ઈન્સાન હીરે કો, હાત સે યોંહી ખોતા હૈ...
કોઈ ચમતકાર હો શાયદ, બન્દ યે દ્વાર ખુલ જાયે,
તેરે હી પ્રભાવ સે સબકી, બન્દ આંખે ભી ખુલ જાયે,
ઈસી આશા મેં મૈં બેઠા, ન જાને કબ ક્યા હોતા હૈ ?
ત્યાગી સંતો ને યહાં પે શાસન કી આન બચાને,
જાન કી બાજી લગાયી, પાવન યહ તીર્થ બચાને,
બુલંદ આવાજ સુનકર ભી, શાસન દેવતા ક્યોં સોતા હૈ ?



ત્રિભુવન કે હો માલિક તુમ, સારી દુનિયાં કે રખવાલે,
ઐસી કુછ શક્તિ દીખા દો, દેખેંગે સારે જગ વાલે,
બન્દ દરવાજે મેં પ્રભુ તું, વ્યથા કા બોઝ ઢોતા હૈ...
કરોડો દેવોં કે સ્વામી, કોઈ એક આજ જો જાગે,
અપની શક્તિ દીખાને કો, શાસનદેવ આયે જો આગે,
ખુલેંગે દ્વાર યે તેરે, યહી વિશ્વાસ હોતા હૈ...
સારી આરાધના કા બલ, મેરે સ્વામી તુમ્હેં અર્પણ,
ખુલે જબ દ્વાર યે તેરે, આઉંગા કરને મૈં દર્શન,
બસ ઈસી એક આશા સે, મન મેં સંતોષ હોતા હે,
(રચયિતા : **પૂ. સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી ના શિષ્યા**
**સાધ્વીજી શ્રી સંસ્કારનિધિશ્રીજી મ.**)

"દિવ્ય-દર્શન" - **"સ્તુતિઓ"** વર્ષ-૪૧,અંક-૨૮,તા.૨૪-૪-૧૯૯૩

1
A for O my **ADINATH** !
Be with me in every path.
Never forget naughty son.
you are father super one.

2
Shri **AJITNATH** is your name,
what to say for your fame ?
your are winner best of all
I am missing every ball.

3
Save me **SAMBHAVNATH** Dada !
Show me true way O Dada !
How to walk in blackish night ?
give me your super light.

4
That one is my golden day,
**ABHINANDAN SWAMI** I Pray,
Tell me O god ! Where you Stay ?
How to come ? you show me way.

5
You are in my every thought,
Let me live life as you taught,
**SUMATINATH** give Wisdom nice,
So that I fall never twice.

6
I like you most Supreme Dad !
Your face is rosy red.
**PADMAPRABHA SWAMY** so high,
you can forget, how can I ?

7
I am candle, you are light,
I am eye and you are Sight,
I am heart and beat you are,
**SUPARSHVANATH** not you are far.

8
Come come come come Shining moon,
See my **CHANDRAPRABHA** Soon,
Why you look So dull and pale ?
Sea of sorrow you can sail.

9
I like lovely number nine,
**SUVIDHINATH SWAMY** is mine,
Forget O God ! my mistake.
My burden you have to take.

10
Burning world is too much hot,
Where to get cold water pot ?
Push me out of burning flame,
**SHEETALNATH** you same as name.

11
Night is dark and journey long,
**SHREYANSNATH** I sing your song,
Singing makes my journey Sweet,
Reserve me a Mukti Seat.

12
You are ocean of mercy,
Give me lovely master-Key,
can you See lock on my door ?
**VASUPUJYA SWAMY** I adore.





13
Flowing Water I have Seen,
Make my heart So pure and Clean,
Wash **VIMALNATH** my dirty mind,
Remove dust of every kind.

14
So many Stars are in the Sky,
Counting even can't I try.
Ocean I cannot measure,
Such is **ANANTNATH'S** treasure.

15
**DHARMANATHJI** kill my karma,
You are preacher of dharma,
Come on ! my Lord ! Almighty,
Waiting for you eagerly.

16
Achiradevi's lovely Son,
Give me peace and compassion,
In this world my own is none,
**SHANTINATH** is only one.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૧,અંક-૩૨,તા.૨૯-૫-૧૯૯૩

17
I am baby innocent,
**KUNTHUNATHJI** excellent,
you are ocean I am drop,
I at bottom, you at top.

18
I am crying bird in cage,
I cannot see my image,
Sri **ARNATH** my ambition,
I get find liberation.

19
Stop my birth and death cycle,
Show **MALLINATHJI** miracle,
Let me always Stay with you,
Leave this old home come to new.

20
Chuk, Chuk, Chuk, Chuk running train,
World is full with Sorrow pain,
Open for me mukti - gate,
Sri **MUNISUVRATSWAMY** great.

“દિવ્ય-દર્શન” - **“પ્રકીર્ણ પ્રસાદ”** વર્ષ-૪૧,અંક-૩૪,તા.૧૯-૬-૧૯૯૩

21
I don’t pray for worldly wealth,
Not for name or body’s health,
**NAMINATH** never lose I faith,
Name on lips till final breath.

22
In my heart you own a place,
That is like a special case,
I like **NEMINATH’S** glowing face,
Bless me God with supreme grace.

23
Kamatha harmed you not the less,
Blessed you him with forgiveness.
O **PARSHVANATH** ! give me patience,
cannot move me disturbance

24
Kingdom Palace ornament,
you had but no attachment,
Left you all O **MAHAVEER** brave,
Give me little what you have.

By **Sadhvi shri Sanskarnidhishriji**

“દિવ્ય-દર્શન” - **“પ્રકીર્ણ પ્રસાદ”** વર્ષ-૪૧,અંક-૩૦,તા.૧૫-૫-૧૯૯૩

**[નોંધ- મુંબઈ નિવાસી શ્રી નવિનચંદ્ર કાંતિલાલ શાહ B.E. Civil (પાટણવાળા) જેઠ સુદ ૧૧ સોમવાર તા.૩૧-૫-૯૩ના રોજ મુંબઈ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદપૂર્વક સિદ્ધાંતદિવાકર પૂજ્ય આચાર્ય શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુનિતનિશ્રામાં દીક્ષા અંગીકાર કરી પરમપૂજ્ય પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સા.ના શિષ્ય બનવાના છે. તેઓએ પોતાના કુળદીપક ભાવેશ અને કુળદીપીકા દીપાબેનને પત્ર દ્વારા સુંદર**



**સરસ હિતશિક્ષા લખી છે તે વાંચકોને પ્રેરક બને તે હેતુથી અમો અહીં પ્રસ્તુત કરીએ છીએ.]**

**લિ. તંત્રી**

**- મહાવદ ૫, સં. ૨૦૪૯**

**ચિ. ભાવેશ,**

તને મારી અંતરની આશિષ, મારી મૂડીમાંથી તને જે મળ્યું છે તેનાથી પણ વધુ કિંમતી આ શિખામણો અહીં આપું છું તેનું વ્યવસ્થિત પાલન કરીશ તો તું ખરો સુખી બનીશ. ફક્ત પૈસા કમાઈને જ સુખી થવાતું નથી પણ જેને ‘માણસ’ ની જેમ જીવી જાણ્યું તે જ સાચા અર્થે સુખી, આ વાત તું સારી રીતે જાણે છે. તેથી શ્રેણિક મહારાજા, કુમારપાળ મહારાજા. પુણિયા શ્રાવક, સુવ્રત શેઠ, સુદર્શન શેઠ, પેથડશા જેવા મહાપુરુષોના જીવનના આદર્શ નજર સમક્ષ રાખી પ્રભુભક્તિ, ગુરુભક્તિ, જીવદયા-પાલન, સામાયિક, પૌષધ, બ્રહ્મચર્ય, સાધર્મિકભક્તિ જેવા ક્ષેત્રે આરાધના-સાધનામાં ઉત્તરોત્તર પ્રગતિ કરજે. ધન જરૂરિયાત પુરતું કમાજે. તારી જીંદગી ચાલે એટલું ધન કદાચ તું બે ચાર વર્ષમાં કમાઈ લઈશ. પણ પછી જે ધંધો કરીશ તે તું તારી કુટુંબ-નિભાવવાની ફરજરૂપે હશે. તેનો ખ્યાલ રાખજે તેથી પૈસા કમાવવાની આંધળી દોટ મૂકી પાપનો ઢગલો એકલે માથે લેવાની મૂર્ખામી કરીશ નહિ. સંસારમાં કરકસરથી રહેજે પણ ધાર્મિક ક્ષેત્રે સવાયા વાપરજે. ધન યેન-કેન-પ્રકારેણ ઉપાર્જન કરીશ નહીં. કારખાના ખોલવા-ખોલાવવા અથવા શેરનો ધંધો કરવો એ શ્રાવકને કર્માદાનનું સાધન હોવાથી વર્જનીય અને શરમજનક છે તેથી હૈયામાં તારા ધંધાનું સતત દુઃખ રાખજે. મોજશોખને જીવનમાં સ્થાન આપીશ નહિ. શ્રાવકને ન શોભે એવા ભોગ સાધનોથી દૂર રહેજે.

વહેલામાં વહેલી તકે રોજનું કમસે કમ એક સામાયિક શરૂ કરી દેજે. તે જ પરભવે સાથે આવશે. શ્રાવિકાને પણ તેમ શરૂઆતથી જ પ્રેરણા કરજે. સામાયિકમાં ‘હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ ?’ આદિ સાત્ત્વિક વિચારણા, પંચસૂત્રનો સ્વાધ્યાય, અનિત્યાદિ બાર ભાવનાઓ, મૈત્રાદિ ચાર ભાવનાઓ, પાપના ફળો, ઉત્તમ મનોરથો, દુનિયાના જીવોની દયાજનક પરિસ્થિતિઓ અને તેની સામે તારી પોતાની સદ્ધર સ્થિતિ અને તે દ્વારા તારી જવાબદારીઓ આદિનું ચિંતન કરજે. નવકારવાળી અને સૂત્રોનો સ્વાધ્યાય કરજે.

બીજું મારી દીક્ષા થયે છત્તે તારી માતાને અને બહેનને મારી ગેરહાજરી ન સાલવી જોઈએ. માતાને ઉણપ આવે એવું બિલકુલ કરીશ નહિ. તેની આજીવન સેવા કરજે. તેની માંદગી આદિ પ્રસંગમાં ધંધાની બીજી રીતે ગોઠવણ કરી લેજે અને ઉત્તમ સુશ્રૂષા અને આરાધના કરજે.

ટુંકમાં જીવનની જરૂરિયાતો અને ઘરની જવાબદારીઓ સારી રીતે સમજી ધર્મને સાથે અથવા આગળ રાખી જીવનરાહ પર ચાલજે પણ તેને પાછળ રાખી જીવન બરબાદ કરવાનું અથવા મારી આબરૂ પર આંચ આવે અવું વર્તવાનું ટાળજે. અને તેથી મારી આશિષ તને ફળશે.

• • •

**ચિ. દીપા,** **મહાવદ ૫, સં. ૨૦૪૯**

તને મારી અંતરની આશિષ. તું સદાય સુખી રહેજે. સુખી સાચા અર્થમાં બનવું હોય તો ગુણવાન બનજે. તે માટે તું જીવન સંયમી જીવજે. મયણાસુંદરી જીવનનો આદર્શ નજર સામે રાખી શીલવાન, સહનશીલતા, સાદાઈ, વિનય, ધર્મચુસ્તતા આદિ ગુણો ઉત્તરોત્તર વિકસાવજે. સંસ્કૃતિની મર્યાદાઓનું અચૂક પાલન કરજે. આપણા ઘરની શાન વધે એવી રીતે સાસરામાં-સમાજમાં વર્તજે. સંસાર માંડ્યો છે તો હવે ગૃહલક્ષ્મી બની ઘરની બધી જવાબદારીઓનું વફાદારીપૂર્વક પાલન કરજે.

સાસુ-સસરા એજ હવે તારા મા-બાપ છે તે વાત ભૂલતી નહિ. તેમની સેવા કરજે. તેમને અને પતિને દુઃખ થાય એવું કરીશ નહિ. ઘરની રીત પ્રમાણે રહેજે. સાસુજી-નણંદ વિશે પતિને કઈ ફરિયાદ કરીશ નહિ. નણંદનું બહુમાન કરજે. જયણાપૂર્વક ઘરના કામો કરજે. સાથે નવકારનું રટણ કરજે. M.C. નું પૂર્ણ પાલન કરજે.

આ ભવ મોજમજામાં પૂરો કરવા માટે નથી પણ દાન-શીલ-તપ-ભાવરૂપ ચાર પ્રકારના ધર્મ દ્વારા અનાદિકાળથી આત્માને લાગેલ પરિગ્રહ-મૈથુન-આહાર અને ભય આ ચાર સંજ્ઞાઓને કાબૂમાં આણવા માટેનો છે આ વાતથી તું પરિચિત છે તેથી જીવનમાં ધર્મનું સ્થાન મોખરે રાખજે. મારી ભાવિ સર્વવિરતિની યાદમાં દિવસે કે રાત્રે એક સામાયિકનો સમય કાઢજે જેથી સ્વનો અધ્યાય(સ્વાધ્યાય) કરવાની તક મળે તે પણ ન બને તો રોજની ઓછમાં ઓછી દસ મિનિટ થોડું ચિંતન કરી આત્માની પુષ્ટિ કરજે. આ આરાધનાઓ જ પરભવે સાથે આવવાની. સામાયિકમાં 'હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ ?' આદિ સાત્ત્વિક વિચારણા, પંચસૂત્રનો સ્વાધ્યાય, અનિત્યાદિ બાર ભાવનાઓ, મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ, પાપના ફળો, ઉત્તમ મનોરથો, દુનિયાના જીવોની દયાજનક પરિસ્થિઓ અને તેની સામે તારી પોતાની સદ્ધર સ્થિતિ અને તે દ્વારા તારી જવાબદારીઓ આદિનું ચિંતન કરજે. નવકારવાળી અને સૂત્રોનો સ્વાધ્યાય કરજે.



ટુંકમાં ઘરની જવાબદારીઓ સારી રીતે સમજવાપૂર્વક ધર્મને સાથે અથવા આગળ રાખી જીવનરાહ પર ચાલજે પણ તેને પાછળ રાખી જીવન મોજશોખમાં બરબાદ કરવાનું અથવા મારી આબરૂ પર આંચ આવે એવું વર્તવાનું ટાળજે. અહીંથી તને ઘણાં કપડાં-ઘરેણાં આપ્યા હશે પણ આ મારી શીખની કિંમત તેથી વધુ આંકજે અને તેથી મારી આશિષ તને ફળશે.

**લી.**

**શ્રી નવિનચંદ્ર કાન્તિલાલ શાહ** B.E.Civil

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૧,અંક-૪૪,તા.૧૮-૯-૧૯૯૩

## 'આ'

(લેખકઃ મુનિ શ્રી નંદીભૂષણવિજયજી મ.)

આજે વ્યાખ્યાનમાં નિગોદ પદાર્થ આવ્યો હતો...તેની વિસ્તારથી સમજ આપી...નિગોદ=શું ? નિ એટલે નહિ અને ગોદ=ખોળો જેને કોઈ ખોળો ન આપે તેવા સ્થાન... અર્થાત્ જેને કોઈ માતા નહી... જેને જન્મ આપવા કોઈ તૈયાર નહી... જેને સંઘરવા કોઈ જ તૈયાર નહી...જેને શરીર પણ આપવા તૈયાર નહી...શરીરધારી પણ રાખવા તૈયાર નહી...તે નિગોદ...

સંસારમાં અનાદિકાલીન ૪ સંજ્ઞાના જોરે જ નિગોદમાં આપણે રહેવું પડ્યું છે...અર્થાત્ પરિવારના પંદરે પંદર માણસ કોઈને હડધૂત કરે...તિરસ્કાર કરે...કાઢી મૂકે...તો તે જાય ક્યાં ? જ્યાં જાય ત્યાં કોઈ સંઘરે જ નહી તો ય રહેવું પડે જ ને ? બસ એનું નામ નિગોદ... જે જીવની મા બની ગોદ આપવા કોઈ જ તૈયાર ન થાય એનું નામ નિગોદ... મતલબ દેવતાની ૪ લાખમાંથી એકેય યોનિ જેને સંઘરવા તૈયાર નહિ... માનવીની ૧૪ લાખ યોનિમાંથી કોઈ જ યોનિ જેને જન્મ આપવા તૈયર નથી... અરે જાનવરની ૪ લાખ યોનિ કે નરકની ૪ લાખ યોનિ પણ જેનો કર્તવ્યથી તિરસ્કાર કરે... રાખવા તૈયાર ન થાય... તો જીવાતો કીડી મંકોડા; તીડ પતંગીયા કે શંખ અળશીયા જેવા વિકલેન્દ્રિયના ૬ લાખ યોનિમાં પણ કોઈ જેની મા થવા તૈયાર નથી. ભયંકરતાની હદ... આપણી નાલાયકીની હદ તો ત્યાં થાય કે પૃથ્વી અપ. તેઉ. વાઉ. કે પ્રત્યેક વનસ્પતિની ૩૮ લાખ યોનિમાંથી એક યોનિ પણ આપણો જન્મ દેવા તૈયાર નથી... બધેથી હડધૂત થયેલો જીવ ક્યાં જાય ? સંજ્ઞાના સેવનના પાપે અંતે હારી થાકી જ્યાં ગયો તે જ નિગોદ... ત્યાં ય કોઈ રહેવા જ ન દે માટે જ્યાં જનમ થયો કે તરત ચલ નીકળ અહીંથી મર...

મરવાનું... ફરી જનમ તો ફરી મોત... જનમતા જ મોત... જનમતા જ મોત... એક શ્વાસોશ્વાસમાં ૧૭/૧૮ વખત જનમ કે મોત પામવાના... અને જનમવા ગયા ત્યાં કર્મસત્તા ય રૂઠી... શરીર આપવા ય તૈયાર નહી... તેથી સોંયના અગ્રભાગ જેટલું શરીર તે ય અનંતા જીવોને ભેગા થાય ત્યારે મળે... ના રે ના... ત્યાં ય બધા મારવા જ તૈયાર... એકબીજાને ખાવા તૈયાર... એકબીજાના સ્થાનમાં ઘૂસે... અર્થાત્ સોંયના અગ્રભાગ જેટલું શરીર તે ય એક જ અને જીવો અનંતા... કોણ પોતાનું કરી શકે ? આ જનમતા જ મરવાનું ચાલું તે અનંતી અનંતી વાર થાય અને તેમાં કાંઈક સંજ્ઞાનું જોર ઓછું થયું તો એકેન્દ્રિયની યોનિઓ ખોળો આપવા તૈયાર થાય અર્થાત્ ગોદરહિત(મારહિત)પણું નિગોદપણું જાય... પછી જેમ સંજ્ઞાના જોર તોડે તેમ ઉપર ઉપરની યોનિ જનમ આપવા તૈયાર અર્થાત્ ઉપર ઉપર ચઢતો જાય... આ છે નિગોદ...

ઘરમાં રહેલા ૧૦ સભ્યોમાં બધા જ નહિ બે જ જણા જો તિરસ્કાર કરે તો ય બેબાકળા થઈ જઈએ છીએ ને દસે દસ માણસ તિરસ્કાર કરે તો ? બસ એ જ સ્થિતિ છે... બધી જ ગતિ બધી જ યોનિનો તિરસ્કાર... બધા શરીરનો તિરસ્કાર ત્યારે હારી થાકી બેબાકળા બની જ્યાં સમય પસાર કરવા જેવું પડે તે ય જનમમરણના ટલ્લે જ જવાનું તેનું નામ નિગોદ...

સંયમજીવનમાં આવ્યા પછી જો સંજ્ઞાના જોર વધારાયા... પાંચ ઈન્દ્રિયની આળપંપાળ અને અનુકૂળતા પોષવા ગયા. હું અને મારું કરવા ગયા... ઉપકરણ પ્રત્યે પણ મમત્વ કરવા ગયા... સાધર્મિકો પ્રત્યે તિરસ્કાર ભાવ કરવા ગયા... તો શું થશે ?

અનંતા ચૌદપૂર્વીઓ નિગોદમાં ગયા છે તો આપણી શી વલે થશે ? માટે સાવધ થવાની અતિ જરૂર છે... જે સાવધગીરી આપણી ગુરુમાતાને સંયમજીવનની પ્રત્યેક પળમાં હતી... તેને તો આજે ૩/૩ માસ થયા વિદાય થઈ ગયે... પણ સાવધગીરીની સાવધતા શીખવાડી ગયા છે ને ? માટે સાવધ થશું ને ?

જો નિગાદમાં ન જવું હોય તો !

**તા.ક. :-** હડકાયો કૂતરો તિરસ્કૃત થઈ આખી શેરીમાં ફરે પણ કોઈ જ સંઘરે નહિ તેમ નિગોદના જીવ ચૌદે રાજમાં ફરે પણ કોઈ સંઘરે નહિ...





## વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈનું ભુકંપગ્રસ્ત ક્ષેત્રમાં સહાયતા કાર્ય

**જૈન શ્વેતાંબર મંદિર, હનુમાન ચોક,**
**લાતુર, (મહારાષ્ટ્ર) પીન-૪૧૩૫૧૨**
**તા. ૬-૧૦-૧૯૯૩**

મહારાષ્ટ્ર ધરતીકંપગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી જઈને આપણે સહાયતા કાર્યનો પ્રારંભ કરી લીધો છે.

દૂરદર્શનના દૃશ્યો અને દૈનિકપત્રોમાં આવી રહેલા સમાચારોથી પણ વધારે દુઃખદાયક ઘટના ઘટી છે. એવું નજરોનજર જોતાં અમોને લાગી રહ્યું છે. ગામોના ગામમાંના મકાનો ઊભા ઢગલાં બની ગયા છે. ગામમાં જીવતા રહેલા ગામવાસી કરતાં મોતને ભેટેલા માણસોની સંખ્યા મોટી છે. હજી આજે પણ હળવાથી ભારે આંચકાઓનો અનુભવ થઈ રહ્યો છે, આંખના આંસુ ઓછાં પડી જાય તેવી પરિસ્થિતિનું વર્ણન કરવા શબ્દો લાચાર બની જાય છે, પેન થંભી જાય છે.

અસરગ્રસ્તોની સહાયતા માટે રસોડા ખોલીને ભોજન કરાવવાનું તંત્ર ગોઠવ્યું છે. થોડાંક દિવસોમાં અસરગ્રસ્ત કુટુંબો પોતાનું જીવન રાબેતા મુજબ જીવવાનું ચાલુ કરી શકે તે માટે હાઉસકીટ / કીચનકીટ આપવાનું કરીશું. મકાન નિર્માણની યોજના અંગે પણ સરકારી તંત્ર સાથે વાતચીત ચલાવી રહ્યા છીએ.

અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી જવાનું જરૂરી હતું. તેથી અમો આપનો અગાઉ સંપર્ક કરી શક્યા નથી, અત્રે ફોનકોલ તંત્ર ખોરવાયેલું હોવાથી સમાચાર આપી શક્યા નથી.

જયેશભાઈ ભણશાળી, કલ્પેશ શાહ, મહેન્દ્રભાઈ શાહ, વિનોદ સંચેતી, નિધિષ બૈદમુથા, હિમાંશુ, સુરેશ અને અન્ય કાર્યકરો સતત કાર્યરત છે. અત્રેના જૈન સંઘના ભાઈ-બહેનો પણ ખડેપગે ઊભા છે.

અમો સેવાકાર્ય સબળ મનથી કરી શકીએ. કાર્ય કરવામાં નિર્બળ ન બની જઈએ. અમારું મન વધારે ને વધારે નિર્મળ બનતું જાય તે માટે શુભકામના વ્યક્ત કરજો.

**– કુમારપાળ વિ. શાહના વંદન...**

**નોંધ :-** અમારી સૂચના વિના કોઈએ પણ આર્થિક સહકાર મોકલવો નહિ.

## ભુકંપગ્રસ્ત મરાઠાવાડ વિસ્તારના ગામોમાં અનુકંપાનું પ્રચંડ કાર્ય

વર્ધમાન સેવા કેન્દ્ર, કુમારપાળ વિ. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા.
જિ. અમદાવાદ, પીન-૩૮૭૮૧૦
ફોન :- ૦૨૭૧૪-૨૨૨૯૬ ૨૩૯૮૧
તા. ૨૨-૧૦-૧૯૯૩

સસ્નેહ આત્મસ્મરણ,

મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના ભુકંપગ્રસ્ત વિસ્તારમાં એકધારા સત્તર દિવસ રોકાઈને અમો આજે અત્રે કુશળતાપૂર્વક આવી ગયા છીએ.

૧૮ ગામો અને આ ગામોના ૩૮૪૮ અસરગ્રસ્ત કુટુંબો માટેનું સહાયતા કાર્ય જોશભેર ઉપાડી લીધું હતું. ગામેગામ ભોજન વ્યવસ્થાનું સુવ્યવસ્થિત તંત્ર ચલાવીને પ્રથમ તબક્કાના અત્યંત જરૂરી કાર્ય કરવામાં સફળતા મેળવી હતી. બીજા તબક્કાના કાર્યમાં ઘર ઉપયોગી સામગ્રીઓ અને સીધુ સામાન વિતરણ કર્યું હતું. સામાન સામગ્રી મેળવનાર આ કુટુંબો પોતાનું જીવન રાબેતા મુજબનું શરૂ કરી શકે તે માટે અનાજ વિતરણ કરાયું હતું. અસરગ્રસ્ત વિસ્તારના ગામોમાં રહેતા દિગંબર જૈન સમાજના ૧૫૦ થી વધારે જૈન કુટુંબોને ૫, ૫ હજાર રૂપિયાની રોકડ સહાય તાકીદે અપાઈ હતી. તથા જીવન આવશ્યક સામગ્રીઓ પણ આપવામાં આવી હતી. આ કાર્યવાહી થતાં સૌ કોઈ સાથી કાર્યકરોએ યત્કિંચિત સહાયતા કાર્ય કર્યાનો હૈયે સંતોષનો અનુભવ કર્યો.

રાજનાંદગાંવ (મ.પ્ર.) ખાતે પૂજ્યા સાધ્વી મણીપ્રભાશ્રીજી મહારાજ સાહેબની નિશ્રામાં યોજાયેલ ત્રણ હજાર ભાઈ બહેનોની પ્રૌઢ ધાર્મિક શિબિરમાં અમો વ્યસ્ત હતા. ત્યાં અમોને ધરતીકંપની હૃદયદ્રાવક ઘટનાના સમાચાર જાણવા મળતાં અમારા કાર્યક્રમોને ટૂંકાવી લીધા હતા. રાજનાંદગાંવ સંઘના આશીર્વાદ અને આર્થિક પીઠની માતબર મૂડી સાથે અમો લાતુરની દિશા તરફ દોડી ગયા હતા.

લાતુર જઈને સેવાકાર્યોનો આરંભ કરીએ તે પૂર્વે જ મુંબઈ બિરાજમાન ધર્મપ્રભાવક પરમ પૂજ્ય પં.શ્રી હેમરત્ન વિજય ગણિના આશીર્વાદ અને ગોવાલિયા ટેંક શ્રી સંઘનો આર્થિક સહકાર અમોને મળી જતાં કાર્યકરોમાં જોમ અને જોશનો સંચાર થયો હતો.

ચોતરફથી પૂજ્ય આચાર્ય મહારાજો, મુનિ મહારાજોના પ્રેરક આશીર્વાદ અમોને મળ્યા છે. શ્રી સંઘો, ટ્રસ્ટો ગ્રુપો, મંડળો અને સૌજન્યશીલ પરિવારોએ આર્થિક સહકાર અને જીવન આવશ્યક ઢગલાબંધ સામગ્રીઓ મોકલી આપીને કરુણ ભીના આ કાર્યને લંબાવવામાં અને વેગવંતુ બનાવવામાં સહયોગ આપ્યો છે તે બદલ અમો અંતરનાય અંતરથી તે સૌનું અનુમોદન કરવાપૂર્વક આભાર માનીએ છીએ.

સેવાકાર્યમાં સતત સાથે રહીને સખત શ્રમપૂર્વક સેવારત રહેનાર, અસરગ્રસ્ત ગામોમાં ગામડે ગામડે ફરી ફરીને કુટુંબોની જાત તપાસ કરી સર્વેક્ષણ કાર્ય કરનાર ટૂકડીઓ, ભોજન વ્યવસ્થા સંભાળનાર ટૂકડીઓ, ઘરઉપયોગી સામગ્રીઓની ખરીદી કરનાર, ઘરઉપયોગી સામગ્રીઓની કીટસ તૈયાર કરનાર તથા ગામેગામે જઈને એનું અસરગ્રસ્ત કુટુંબો સુધી સુવ્યવસ્થિત વિતરણ, કરનાર યુવાન કાર્યકર્તાઓની સેવાભાવનાનું અમો હાર્દિક અનુમોદન કરીએ છીએ.

લિ. કુમારપાળ વિ. શાહના વંદન...

છેલ્લે...

સમ્યક્ત્વી જીવનું હૃદય અનુકંપાથી ભીનું ભીનું હોય છે.
સમ્યક્ત્વી અનુકંપા કર્તવ્યરૂપ નહિ ક્રિડારૂપ બની જાય છે.
'દીન દુ:ખી જીવો પર મેરે ઉરસે કરુણા શ્રોત વહે.'

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૨,અંક-૬,તા.૬-૧૧-૧૯૯૩

## આવા ગુણી હવે ગણિ બને છે !

### (પૂજ્ય મુનિરાજશ્રી અભયશેખરવિજયજી મ.સા.)

જે પરિવારમાં મદાલસા જેવી માતાઓ હતી અને ખોળામાં બેસાડી બાળકને કાનમાં સંયમની પ્રેરણાઓ ફૂંકતી તેવા એક પુનીત પરિવારમાં વિ.સં. ૨૦૧૦ના ભાદરવા વદ પાંચમે મોહનભાઈના ધર્મપત્ની સુશીલાબેનની કુક્ષિએ અક્ષયનો જન્મ થયો ત્યારે તે પરિવારના ૭-૭ સભ્યો સંસારી મટી સંયમી બની ચૂકેલા હતા. દાદીમાં બે કાકા અને ચાર ફોઈ, તેથી જ સંસ્કારિતાની એક ઉત્તુંગ ગરિમા બાલ્યવયથી જ પ્રાપ્ત થઈ હતી તેવી ગરવી બુદ્ધિપ્રતિભા પણ પહેલથી જ વરી હતી. શાળા અને કૉલેજના પરિણામોમાં તે પ્રતિભા પ્રતિબિંબિત થવા લાગી. પ્રોડક્શન એન્જીનિયરીંગના બીજા વર્ષમાં મુંબઈ યુનિવર્સિટીમાં દ્વિતીય નંબરે ઉત્તીર્ણ થવાની અસાધારણ સિદ્ધિ હાંસલ કરી પણ મન તો આત્મગુણોના પ્રોડક્શનનો ઈજનેરી કોર્સ કરવા તરફ ઝૂંકી રહ્યું હતું. યુવાપેઢી ઉદ્ધારક સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની અનેક શિબિરો અને વાત્સલ્યભર પ્રેરણાઓએ જીવનનો સાચો રાહ ચીંધ્યો. સંવત ૨૦૩૧ના કારતક વદ દસમે સાવરકુંડલા નગરે સર્વસંગનો ત્યાગ કરી આ અક્ષયકુમાર હવે મુનિ શ્રી અભયશેખર વિજયજી બન્યા. સંસારી પક્ષે કાકા મુનિશ્રી જયશેખરવિજયજી (હાલ આચાર્યશ્રી)ના તેઓ શિષ્ય બન્યા. જીવનની ઉજળી ચાદર સાધનાના મનોહર રંગોથી મઢાવા લાગી.

વિનય અને વૈયાવચ્ચને આરાધીને અસીમ ગુરુકૃપાને પ્રાપ્ત કરી તીવ્ર મેધા અને અથાગ પરિશ્રમ દ્વારા શ્રુતસાગરનું ઊંડું અવગાહન કર્યું. સંસ્કૃત, પ્રાકૃત, કાવ્ય, વ્યાકરણ, ન્યાય અને પ્રકરણ ગ્રંથોમાં સારું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. પદાર્થોના વિશદ બોધની સાથે અદ્ભુત અધ્યાપન કૌશલ્ય હોવાથી અનેક મેધાવી મુનિરાજોના તે ચાહનાપાત્ર વિદ્યાગુરુ બન્યા કર્મપ્રકૃતિ જેવા જટિલ ગ્રંથોને પણ સરળતાથી સમજાવવાની સુંદર હથોટી હોવાથી તેમની પાસે આવા ગ્રંથો ભણવા તે તો અનેરો લહાવો છે. તર્ક અને વિતર્ક દ્વારા પદાર્થના સૂક્ષ્મ ઊંડાણ સુધી પહોંચવાની વિશદ પ્રજ્ઞા છે તો સાથે તે પ્રજ્ઞાની સુંદરતમ પરિણતી પણ છે અને ભક્તિ, મૈત્રી અને શુદ્ધિના મધુર રસોથી છલકતું વિશાળ હૃદય પણ છે.

પ્રકાંડ વિદ્વત્તા છતાં સંયમશુદ્ધિની પારાવાર પરવા છે. તેમના આહાર અને ઉપધિમાંથી સંયમ અને સાદગીની સુવાસ પ્રસરે છે તથા વિચાર, વાણી અને વર્તનમાંથી વૈરાગ્ય અને વિવેક નીતરે છે.

જ્ઞાન અને સંયમની જેમ તેમને તપ પણ બહુ વહાલો છે. સામાન્યતયા અવિરત ચાલતી નિત્ય એકાસણાની આરાધના વચ્ચે વર્ધમાન તપની ૩૬ ઓળી અને ધર્મચક્રતપ જેવી આરાધનાઓ તો કરી, પણ નાની વયથી જ વળગેલા હઠીલા દમની સામે હઠે ચડીને દીક્ષાજીવનમાં બે વાર કઠીનતમ માસક્ષમણતપની પણ આરાધના કરી.

સતત આત્મનિરીક્ષણ દ્વારા ગુણવૈભવની વૃદ્ધિ માટે તેઓશ્રી હંમેશા પ્રયત્નશીલ છે. મૈત્રીભાવ, પ્રમોદભાવ, આત્મશુદ્ધિ, પ્રશંસાભીરુતા કે પ્રભુભક્તિ જેવા ગુણોની રસાળ અનુપ્રેક્ષા પુસ્તકોના પડીયામાં ભરીને જનસામાન્યને પણ તેઓશ્રીએ પીરસી છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાના અનેક તર્કસભર જટિલ ગ્રંથોના તેમણે રચેલા ગુજરાતી ભાવાનુવાદમાં તેમની તીક્ષ્ણ મેધાના દર્શન થાય છે. કર્મપ્રકૃતિ ગ્રન્થની તેમણે કરેલી પદાર્થસંકલના તે વિષયના અભ્યાસીઓને અત્યંત ઉપયોગી બને તેવી છે.



તેઓશ્રીના સંસારી ભાઈ અને શિષ્ય મુનિરાજ શ્રી અજિતશેખર વિજયજી તથા માતુશ્રી સાધ્વી શ્રી ચન્દ્રરત્નાશ્રીજી મ.સા. અને બહેન સાધ્વી શ્રી નયરત્નાશ્રીજી મ.સા. પણ આજે સંયમની સુંદર આરાધના કરી રહ્યા છે.

ગુણગણથી સમૃદ્ધ આ મુનિરાજ જૈન સંઘનું ગૌરવ છે. તેઓશ્રીને ગણિપદ અર્પણ આસો વદ ૬ શુક્રવાર તા. ૫-૧૧-૯૩ના રોજ જવાહરનગર જૈન સંઘ મુંબઈ ખાતે અર્પણ થશે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૨,અંક-૬,તા.૬-૧૧-૧૯૯૩

## આંખના આંસુ ઓછા પડી જાય તેવી ઘટના બની ગઈ છે...

આદરણીય કુમારપાળભાઈ,

તમારો તા. ૬-૧૦-૯૩નો લાતુર મહારાષ્ટ્રથી લખેલો પત્ર મળ્યો છે. આંખના આંસુ ઓછા પડી જાય તેવી ભયંકર ઘટના બની ગઈ છે તે તો અમે સમજી શક્યા હતા પણ તમારા પત્રથી તેની ભયંકરતાનો વધુ ખ્યાલ આવ્યો. તમે, જયેશભાઈ, કલ્પેશભાઈ, વિનોદભાઈ વગેરે કાર્યકર્તાઓએ બીજી બધી પ્રવૃત્તિ બાજુ ઉપર મૂકીને ત્યાં જઈ જે માનવ રાહતનું સુંદર કાર્ય શરૂ કર્યું છે તેની અનુમોદના કરવા માટે મારી પાસે શબ્દો નથી.તમે જે સુંદર પ્રવૃત્તિ કરી રહ્યા છો તે માટે અમારા જેવા ઘરમાં બેસી કામ કરનારા શખ્સો શી રીતે મદદરૂપ થઈ શકે તે જણાવી શકાય તો સારું. જે કોઈ રકમો આપવી હોય તે કેવી રીતે ત્યાં તમને પહોંચતી કરવી તે અંગે પણ માહિતી આપી શકાય તો સારું. ભાઈ કલ્પેશ અમદાવાદ આવ્યા હતા ત્યારે મેં તેમને શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બોર્ડીંગને મદદ કરવી છે તે અંગે વાત કરી હતી. તે અંગે પણ જો કાંઈ વિચાર્યું હોય તો જણાવશો.

ત્યાંનું જૈન દેરાસર સુરક્ષિત છે જાણી આનંદ અનુભવ્યો. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં કોઈપણ જરૂર હોય તો અવશ્ય જણાવશો. દીગંબર જૈન કુટુંબોમાં જાનમાલની હાની થઈ છે તેઓને આપણે તો જરૂર મદદ કરીશું જ, પણ મેં શ્રી ગાર્ડી સાહેબની મારફત શ્રી અશોક જૈનને પણ આ ખબર પહોંચાડી છે. તમારા આ કાર્યમાં મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને કોઈપણ રીતે હું જો મદદરૂપ થઈ શકું તેમ હોઉં તો જરૂર જણાવશો.

**લિ. શ્રેણિક કસ્તુરભાઈના વંદન... (શ્રેણિક કસ્તૂરભાઈ)**

● **ધુળીયા :-** તપસ્વી પૂ. મુનિરાજ શ્રી શિવભૂષણવિજયજી મહારાજ આસો વદ ૯ ના તા. ૮-૧૧-૯૩ ના બપોરે ૧-૨૫ કલાકે પૂ. મુનિરાજ શ્રી ઈન્દ્રયશવિજયજી મહારાજ આદિ ચતુર્વિધ શ્રી સંઘની અરિહંતની ધૂન સાંભળતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓશ્રી અત્રેના જ વતની હતા. સંસારી અવસ્થામાં શિવલાલજી કોટેચા તરીકે સંઘના સેવાભાવી કાર્યકર હતા. પોતાના ગૃહે ગૃહમંદિરમાં અપૂર્વ પ્રભુભક્તિ જમાવતા. કેટલાય વર્ષોથી ઠામ ચોવિહાર એકાસણાથી ઓછો તપ નહિ. અઠ્ઠમ કે અઠ્ઠાઈ પણ ચોવિહારી કરી પારણે પણ ચોવિહાર એકાસણું ચાલુ રાખેલ.

૭ વર્ષ પૂર્વે એઓશ્રીએ શાંતમૂર્તિ પૂ.આ.શ્રી ધનપાલસૂરીશ્વરજી મ.શ્રી પાસે અત્રે જ ઠાઠથી દીક્ષા અંગીકાર કરી મુનિ શિવભૂષણવિજયજી બન્યા. સંયમ અને તપની આરાધના અજોડ હતી. છેલ્લા આ ચાતુર્માસ પ્રવેશથી જ ઠામ ચોવિહાર ૪૧-૪૨-૪૩ મી વર્ધમાનતપની ઓળી કરી આ.વ. ૩ ના ૪૪ મી પણ સાથે જ ચાલુ હતી. આ.વ. ૫ ના વ્યાખ્યાન પૂર્ણ થતા છાતીમાં દુઃખાવો થતા વ્યાખ્યાનમાં બેઠેલા ડો. રાધેશ્યામ અગ્રવાલે તુરત યોગ્ય ઉપચારો શરૂ કર્યા. બધા સાથે ક્ષમાપના કરી પૂ. ઈન્દ્રયશવિજયજી મ. તથા પૂ.મુનિ શ્રી ભદ્રયશવિજયજી મહારાજ વૈયાવચ્ચમાં અત્યંત ભક્તિપૂર્વક તત્પર હતા. તેમના સંસારી પુત્ર-પુત્રીઓ આદિ તેમજ સકલ સંઘના ભાઈઓ સેવામાં ખડેપગે હાજર હતા. બીજે દિવસે પણ સવારે પ્રતિક્રમણમાં પચ્ચક્ખાણ વખતે મારે નવકારશી નથી કરવી આયંબીલ જ કર્યું હતું. આ.વ. ૯ના વ્યાખ્યાન બાદ ૧૦ાા વાગે સામુદાયિક સંઘને મંગલિક જાતે સંભળાવ્યું. બાદ ૧૨ વાગે મુંઝારો શરૂ થયો. ડૉક્ટરે પણ કહ્યું કે હવે હૃદયની ગતિ અનિયમિત થઈ ગઈ છે. દ્રવ્ય ઉપચાર સાથે ભાવ ઉપચાર-નવકારમંત્રની ધૂન શરૂ કર્યા. ૧-૨૫ મિનિટે નશ્વર દેહનો ત્યાગ કરી દેવલોક ભણી ઉપડી ગયો. આ.વ. ૧૦ના પાલખી નીકળી જેમાં ગામના અને આજુબાજુના ભાવિકો જોડાયા. ઉછામણી પણ સારી થઈ.

ગુણાનુવાદની સભામાં અત્રેના કુદરતી ઉપચાર કેન્દ્રના ડો. વર્માએ કહ્યું કે મારે તેમની સાથે ૩૫ વર્ષથી સંબંધ હતો. તેઓ કુદરતી ઉપચાર કેન્દ્રના મંત્રી હતા. તેમની સાથે મેં ઘણા જૈન તીર્થોની યાત્રા કરી હતી. યાત્રામાં તેઓ ૩ વસ્તુ (દ્રવ્ય) જ વાપરતા હતા. સાકર-ગોળ-ઘી-તેલ વગેરે બંધ હતું. તેઓ મહાત્યાગી તપસ્વી સાદા હતા.



સંઘના પ્રમુખ તેજરાજજી રાઠોડે જણાવેલ કે સંઘની એકતા માટે તનતોડ પ્રયત્ન કર્યા હતા. ઘેર ઘેર જઈને બધાને એ માટે સમજાવતા હતા અને કેટલાય વર્ષોના જુના પ્રશ્નો એમના પ્રયાસથી ઉકેલાઈ ગયા છે. બાકી રહેલા પ્રશ્નો ઉકેલવા અમે પ્રયત્ન કરીશું. એમના કાર્યમાં અમારી ત્રુટી રહી ગઈ હોય તેનો ખેદ થાય છે એની હું ક્ષમા માંગું છું.

શ્રી સુરેશભાઈ મુથાએ જણાવેલ કે ધુલીયા સંઘમાં એમના જેવા ત્યાગી તપસ્વી કોઈ ન હતા. ધુલિયા સંઘના ભૂષણ હતા.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૨,અંક-૯,તા.૪-૧૨-૧૯૯૩

## તપસ્વી મુનિ શ્રી શિવભૂષણ વિ.મ.સા.નું જીવન કવન

**(સંકલન : મુનિ ભદ્રયશ વિ.)**

મુનિ શ્રી શિવભૂષણ વિજય મ.સા. (સંસારી નામ શીવલાલ કોટેચા) મૂળ ગામ ધુલીયા (મહારાષ્ટ્ર)ના વતની હતા. જન્મ પહેલાં જ પિતાનું અવસાન થયું. ખૂબ કપરી પરિસ્થિતિમાં બાળપણ વિતાવ્યું. નાની ઉંમરમાં નોકરી કરીને સમાજ વ્યવહારમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી મોટી મિલમાં સારી પોસ્ટ પર હતા.

તેમનું જીવન સાદાઈથી ભરેલું હતું. હંમેશા ખાદીના સાદા વસ્ત્રો પહેરતા હતાં. ગાંધીજી અને વિનોબા ભાવેનાં સંપર્કમાં આવ્યા હતાં અને તેથી સેવાનાં કાર્યોમાં પણ સારો રસ ધરાવતાં હતાં. ૩૫ વર્ષ પહેલાં તાપી નદીમાં ઘણું પૂર આવ્યું હતું. નિરાધાર લોકોને ૧૫-૨૦ દિવસ સુધી તેઓને રહેવાની જમવાની સગવડ કરી આપી હતી. સપ્તશ્રુંગી દેવીને હજારો લોકો બકરાનો ભોગ આપતા હતા તે પણ તેમને બંધ કરાવ્યો હતો. અનેકોને સિગારેટ-દારૂ વગેરેના વ્યસનથી છોડાવ્યા હતા. કેટલાય વરસોથી પોતે બુટ-ચંપલનો ત્યાગ કર્યો હતો. ઘી-તેલ વગેરે વિગઈઓનો પણ કેટલાક વરસોથી તેમને ત્યાગ કર્યો હતો. કેટલાકોના કુટુંબ કલેશ મિટાવ્યા હતાં. ગરીબો અને દુઃખી પ્રત્યે અત્યંત દયાવાળા હતા. જે કોઈ પણ દુઃખીને જુએ તો તેમના દુઃખને દૂર કરવા પોતાનાથી બને તેટલો પ્રયત્ન કરીને જ રહેતા. સંઘના કાર્યોમાં સારો રસ લઈ કાર્ય કરતા હતા. જૈન-જૈનેતર ધર્મગ્રંથોનું વાંચન સારું કર્યું હતું. ઘણાં વર્ષ પહેલાં પૂ.આ.શ્રી રવિચંદ્રસૂરિ મ.સા.ને ધુલીયામાં ચોમાસુ કરાવ્યું. ચોમાસામાં પૂ.આ.મ.સા.ની તબીયત બગડી. ડૉક્ટરોએ આશા છોડી દીધી. ગુરુભક્ત શીવલાલભાઈને ઘણું દુઃખ થયું. તેમને મનમાં નક્કી કર્યું કે ગુરુ મ.ને સારું થાય તો માસક્ષમણ કરીશ. પૂ.ગુરુ મ.ની તબીયત સુધરી ગઈ અને તેમને માસક્ષમણ કર્યું. આવી હતી તેમની ગુરુભક્તિ. ત્રણ વરસીતપ ઠામ ચોવિહાર

કર્યા, તેમાં એક વરસીતપ છઠ્ઠને પારણે છઠ્ઠ કરીને કર્યો. મોટા ભાગનાં બધા તપો ઠામ ચોવિહાર કરતા હતા. જીવનમાં આંબેલ-એકાસણા ઘણા વરસોપર્યંત કર્યા. તે જ તપનો પ્રેમ દીક્ષા લઈને પણ તેમને જાળવી રાખ્યો અને ચોમાસામાં ૪૧-૪૨-૪૩ એમ ત્રણ ઓળીઓ લાગટ ઠામ ચોવિહારી કરી. દીક્ષા ન લેવાય ત્યાં સુધી કેરી ન ખાવાનો નિયમ પાળ્યો. ત્રણ વખત સાધર્મિક વાત્સલ્ય કર્યું અને સાધર્મિકોની ભક્તિનો પ્રેમ તેમના રગેરગમાં વસ્યો હતો.

અમલનેરની પ્રતિષ્ઠામાં પણ ચડાવા બોલી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી સારો લાભ લીધો. આમ એક બુદ્ધિશાળી-પ્રામાણિક-દયાળુ-ધર્મનિષ્ઠ-તપસ્વી-સેવાભાવી-ત્યાગી-ઔદાર્યભરપુર વ્યક્તિત્વને ધરાવનારા હતા.

સિત્તેર વર્ષની ઉંમર સુધી આ રીતે પરોપકારનાં અનેક કાર્યો કર્યા પછી શાંતમૂર્તિ પૂ.આ.શ્રી ધનપાલસૂરીશ્વરજી મ.સા.ની પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈને પોતાના ગુરુ મ.ની પણ સુંદર ભક્તિ દ્વારા ગુરુકૃપા સારી મેળવી. પોતાના જીવનમાં સારા એવા ગુણોનો સંચય કરવા છતાં એટલા જ ગુણાનુરાગી હતા. જેનામાં પણ ગુણ દેખાય તો તેમની વારંવાર પ્રસંશા કરતા હતા. કોઈની પણ નિંદા ન કરવી અને થઈ જાય તો ઉપવાસ કરવો તેવો તેમને નિયમ હતો. આ ચોમાસામાં પણ આ રીતે બે ત્રણ ઉપવાસ તેમને કર્યા હતા. ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના ખૂબ ગુણગાન કરતાં. આખા ચોમાસામાં કયારેય કોઈની સાથે ઊંચા સાદે બોલ્યા નથી કે કોઈની પણ સાથે ગુસ્સો કર્યો નથી. પોતાની શક્તિ હોય ત્યાં સુધી પોતે જ પ્રતિક્રમણ ભણાવતા હતા. પોતે વૃદ્ધ અને તપસ્વી છતાં પોતાનું કામ કોઈની પણ પાસે કરાવતા નહિ. કોઈની પણ પાસે સેવા કરાવતા નહિ. સંઘની દરેક આરાધનાની ખૂબ અનુમોદના કરતા હતા. પોતાની પાસે આવનારાઓમાં જિનદર્શન-જિનપૂજા-કષાયત્યાગ વિ. માટે સુંદર સમજાવી તેમને સન્માર્ગે વાળતા હતા. અમારું બેહદ બહુમાન સાચવતા હતા. અમારી સાથે ખૂબ જ ખૂબ આત્મિયતાથી રહેતા હતા. અમને ખૂબ પ્રેમ આપ્યો. વ્યાખ્યાન પણ ખૂબ સારી રીતે સાંભળતાં. વ્યાખ્યાનને ખીલવવા વચ્ચે વચ્ચે ખૂબ બુદ્ધિપૂર્વકના વ્યાખ્યાનને લગતા પ્રશ્નો પૂછતા હતા. ખાવા ઉપર સારો કાબૂ મેળવ્યો હતો. તપસ્વી હતા છતાં શાંત હતા. સંસારીપણામાં બહુ મોટા માણસ હતા છતાં પણ સંયમી બનીને લઘુતા સારી કેળવી હતી. વારંવાર મારે અનશન કરવું છે, તે પ્રમાણે કહેતા હતા. શત્રુંજયની યાત્રા કરવાની ખૂબ ભાવના હતી. પર્યુષણ પહેલાં બધા સાધુ મ.સા.ને પત્ર દ્વારા ક્ષમાપના કરી માંદગીમાં દરેકનાં નામ સાથે ક્ષમાપના કરી. મૈત્રી-પ્રમોદ-કારુણ્ય અને માધ્યસ્થ ભાવને પામી સંઘ ખૂબ આરાધક બને તેવી શુભ ભાવના તેમના જીવનમાં ઓતપ્રોત બની હતી. આવી શુભ ભાવનાને ભાવતા



ભાવતા અને અરિહંતની ધૂન સાંભળતાં સાંભળતાં સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું.

તેમનો આત્મા જ્યાં પણ જાય ત્યાં અરિહંત પરમાત્માના શાસનને પામી આરાધી જલ્દી શાશ્વત સુખનો ભોક્તા બને એ જ એક શુભેચ્છા.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૨,અંક-૧૭,તા.૧૨-૨-૧૯૯૪

## પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજ સાહેબો માટે વિહાર ઉપયોગી માર્ગદર્શક પત્ર

**(લિ. : મુનિશ્રી કીર્તિરત્ન હેમચંદ્રવિજયજી મ.સા.)**

**તા. ૧૯-૧-૯૪ પો.સુ. ૭, જૈન આરાધના ભવન,**

**૩૫૧, મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ-૬૦૦ ૦૭૯**

સુશ્રાવક કુમારપાળભાઈ,

(પૂજ્ય આચાર્ય કલાપૂર્ણસૂરિજીના શિષ્ય)ના ધર્મલાભ.

પૂજ્યોની કૃપાએ આનંદ છે. ત્યાં પણ હો !

વિ. એક ખૂબ જ ગમખ્વાર ઘટના બની, જે યાદ કરતાં આજે પણ હૃદય ધ્રુજી ઊઠે છે. તે ઘટના નીચે પ્રમાણે છે.

આકોલા-બાલાપુર (સા. ભવ્યદર્શીતા, મુક્તિપૂર્ણા, ભવ્યગિરાશ્રીજી - આ ત્રણનું ચાતુર્માસ બાલાપુર હતું.) ચાતુર્માસ પછી કા.વ. ૧ના ત્યાંથી વિહાર કરીને નાંદેડ, નિઝામાબાદ, કુલ્પાકજી થઈને માગ. વ. ના વિજયવાડા આવ્યા. ત્યાં થોડા દિવસ વધારે રોકાવું પડ્યું. કારણ કે અમારી સાથેના એક માણસનો અકસ્માતમાં પગ ભાંગી ગયો હતો. આ ઘટના પછી અમે ટ્રક વગેરેથી ખૂબ જ સંભાળીને ચાલતા. એકેક ટ્રક જોઈને અમને 'જમ' યાદ આવતો. સામેથી આવતા વાહનો દેખાય માટે જમણી સાઈડથી જ ચાલતા. પણ છતાં ય ગંભીર ઘટના બની જ. ભાવિભાવ કયાંથી રોકાય ?

પો.સુ. ૪, રવિવારના મુપાવર (ગુન્ટુર-નેલ્લુરની વચ્ચે આંધ્રપ્રદેશ)થી બપોરે ૨॥ વાગે અમે નીકળ્યા. ૭-૮ કિ.મિ. ચાલ્યા બાદ ૪॥ વાગે અચાનક જ એક ટ્રક આવીને જમણી સાઈડ પર ઠેઠ રોડ નીચે ચાલતા ચાર સાધ્વીજીને અડફેટમાં લીધા. અમે ૮ ઠાણા સાથે જ હતા. ને પાછળ ૫૦ ડગલા પૂ. કીર્તિરત્ન વિ. આદિ ૩-ઠાણા પણ હતા. સા.મુક્તિપૂર્ણાશ્રીજીએ એકદમ પછડાટ ખાધી અને ટ્રક તેમના માથા પરથી ચાલી ગઈ. માથાની ખોપરી ત્યાં જ ફાટી ગઈ, માથું સાવ જ છુંદાઈ ગયું. લોહીની ધાર ! માંસનો લોચો ! આવું દશ્ય જોઈ અમે તો સ્તબ્ધ જ બની

ગયા. હજુ તો અમે જઈને જોઈએ એ પહેલા બધું જ પતી ગયું હતું. સુવિનીત અનેકગુણ સંપન્ન સાધ્વીરત્ના શ્રી મુક્તિપૂર્ણાજી અમને કાયમ માટે છોડીને પરલોકની વાટે સંચર્યા હતા. જીવન ક્ષણભંગુર છે તે જ્ઞાનીનાં વચનો અમે પ્રત્યક્ષ અનુભવ્યા.

સાધ્વી ચારુલેખાશ્રીજીને પણ માથામાં જોરદાર વાગ્યું ને લોહીની ધાર વહેવા લાગી. સાધ્વી મૈત્રીપૂર્ણાને બંને પગે વાગ્યું, તેઓ ઊઠી શકતાં નહોતા. સા. ચન્દ્રવદનાશ્રીજીને બંને હાથે થોડું વાગ્યું, છતાં હિંમત કરી તેઓ ઊભાં થયાં અને લોહી-નીકળતાં ચારુલેખાશ્રીજીના મસ્તકને પોતાના ખોળામાં લીધું. આ ઘટના વખતે હું અને સા. ભવ્યદર્શિતાશ્રીજી ૧૦-૧૫ ડગલા આગળ હતા. સા. મુક્તિદર્શનાશ્રીજી અને સા. ભવ્યગિરાશ્રીજી બંને ૧૦ ડગલા પાછળ હતા. આ ઘટના તેમણે આંખો સામે દેખી. 'નમો અરિહંતાણં' બોલીને જોરથી બૂમ પાડી : 'જલ્દી દોડો, સાઈડ પર થઈ જાવ.' પણ ટ્રકના અવાજમાં આ બૂમ કયાંથી સંભળાય ? આ બાજુ બૂમ પાડીને પેલી બાજુ એ જ ક્ષણે એ દુર્ઘટના બની !

અમે બધા દુર્ઘટના સ્થળે એકઠા થયા. જોઈ ન શકાય, સહી ન શકાય, તેવું વાતાવરણ સર્જાયું. તેમાં ય ઘા પરના મીઠાની જેમ અત્યંત કરુણતા એ હતી કે કોઈ ટ્રક કે કોઈ ગાડી ઊભી રાખે નહિ. પાસેના ગામમાં સમાચાર શી રીતે મોકલવા ? અજાણ્યો પ્રદેશ ! અજાણી ભાષા (તેલુગુ), અજાણ્યા માણસોમાં અમે જાણે નિરાધાર બની ગયા હતા. એક ટ્રક ઊભી રહી, પણ પૈસા માંગ્યા. બે રૂપિયા આપો તો લઈ જાઉં ! રૂપિયા તો કયાંથી આપવા ? એ ટ્રક જતી રહી. આખરે ઘણી મુશ્કેલીએ એકાદ કલાક પછી જીપ મળી ને સા. ચારુલેખાશ્રીજી, તથા ઈજાવાળા બંને સાધ્વીજીની સાથે અમે ઓન્ગોલ પહોંચ્યા. પણ પોલીસ-ચોકીમાં પોલીસના લફરા ઘણા. કટકીના જમાનામાં 'વજન' ન મૂકો ત્યાં સુધી કોઈ કામ ન થાય. બધાના નામ સરનામાં એકાદ કલાક નીકળી ગયો. આ બાજુ ચારુલેખાશ્રીજી જીવન-મરણ વચ્ચે ઝૂલી રહ્યા હતા. લોહીની ધાર સતત ચાલુ હતી. આખરે અમે ઓન્ગોલની સરકારી હોસ્પીટલમાં ગયા. ત્યાં કોઈ જાતની વ્યવસ્થા નહિ, અરે, લોહી અટકાવવા માટે રૂ સુદ્ધા પણ નહિ. આખરે અમે અમારી કામળીઓ ભરાવી. બંને કામળીઓ લોહીવાળી બની ગઈ. અમને લાગ્યું કે હવે ચારુલેખાશ્રીજી તો ભાગ્ય હોય તો જ બચશે. આંખો સૂઝી ગઈ હતી. માથામાં પડેલો ચીરો દેખાતો હતો. ભયંકર વેદના હતી, પણ એમણે ઊંહકારો સુદ્ધા કર્યો નહિ. અદ્‌ભુત રીતે સમતા ટકાવી રાખી. આ બાજુ ઈજાગ્રસ્ત સા.ચન્દ્રવદનાશ્રીજી સતત નવકાર આદિ સંભળાવતા જ રહ્યા. આખરે ઓન્ગોલ હોસ્પીટલની પ્રાથમિક સારવારથી (લોહીના બે બાટલા તથા ગ્લુકોઝના બાટલા) સા. ચારુલેખાશ્રીજીનો જીવન-દીપ ઓલવાતો બચ્યો. રાત્રે અગિયાર વાગે ટેલીફોનથી સમાચાર મળતાં વિજયવાડા, ગુન્ટુર, નેલ્લુર વગેરેથી



અનેક ભાવુક માણસો આવી પહોંચ્યા હતા. સવારે મદ્રાસથી પણ ભાઈઓ આવી પહોંચ્યા. મદ્રાસ ૩૦૦ કિ.મિ. દૂર હતું. એંબ્યુલન્સમાં અમે મદ્રાસ પહોંચ્યા. પો.સુ. ૬ ના દિવસે સા. ચારુલેખાશ્રીજીનું ઓપરેશન થયું. સાથળનું માંસ મસ્તકમાં લગાવી પ્લાસ્ટીક સર્જરી કરી.

અત્યારે સા. ચારુલેખાશ્રીજી એપોલો હોસ્પીટલમાં છે. ૧૫ દિવસ હજુ રહેવું પડશે. શાતામાં છે. હવે ભયમાંથી મુક્ત બન્યા છે. પૂ.સા. ચન્દ્રોદયાશ્રીજીના દિવ્ય આશીર્વાદ અને પૂ.સા. ચંદ્રરેખાશ્રીજી આદિની કૃપાથી બધું સારું થશે.

• સા. મુક્તિપૂર્ણાશ્રીજી તો અમને છોડીને કાયમ માટે જતા રહ્યા. એમની આજ્ઞાંકિતતા, એમનો વિનય, એમની કાર્યદક્ષતા વગેરે અમને સદા યાદ રહેશે. ૨૧ વર્ષની વયે આડીસરમાં દીક્ષિત બની વાગડવાળા સા. ચન્દ્રાનનાશ્રીજીના શિષ્યા સા. મુક્તિદર્શનાશ્રીજી (જે સંસારીપણે બેન થાય)ના શિષ્યા બન્યા હતા. ભાઈ મ. પૂ. અનંતયશ વિજયજી મ.સા.ની પ્રેરણાએ એમને સંયમ-જીવનમાં અવાર-નવાર બળ પ્રેર્યુ હતું. પૂજ્ય સાધ્વીજીશ્રીનો દિવંગત આત્મા જ્યાં હોય ત્યાં પરમ પદની સાધના કરતો આત્મવિકાસ કરતો રહે, એવી કામના કરીએ છીએ. એમનો દીક્ષા-પર્યાય છ વર્ષનો હતો.

• સાધ્વીજીના મૃતદેહનો અગ્નિ-સંસ્કાર પો. સુ. ૬ના નેલ્લુરમાં થયો. પાંચ હજારની માનવ મહેરામણ વચ્ચે ગામ બહાર રહેલી નદીના કિનારે થયેલા અગ્નિ-સંસ્કારનો ચડાવો ૭૪ હજાર રૂ.થી શ્રી મદ્રાસ જૈન સંઘે લીધો હતો. નેલ્લુર-સંઘના ભાઈઓએ પણ ઘણા ચડાવા લીધા. કુલ ઉપજ ૩ લાખ જેટલી થઈ.

• પૂ.આ.ભ., પૂ.પં.મ. આદિ સાતામાં છે.

• અહીં પૂ.સા. ભૂષણશ્રીજી, સા. સુવર્ણપ્રભાશ્રીજી, સા. નિત્યધર્માશ્રીજી, સા. હીરશ્રીજી, સા. મોક્ષાનંદાશ્રીજી આદિ સાતામાં છે.

• અહીં વિહાર વખતે સાવધાની રાખવા માટે પૂજ્યશ્રી તરફથી સૂચનો મળ્યા છે, તે આપને જણાવીએ છીએ.

• રોડ પર જમણી સાઈડ પર ચાલવું. જેથી સામેથી આવતી ટ્રક દેખાય. મોટા ભાગના એકસીડેન્ટો પાછળથી આવતા વાહનોથી જ થતા હોય છે.

• પરોઢીયે બહુ જ વહેલા નીકળવામાં પણ જોખમો છે. કારણ કે ત્યારે થાકથી ડ્રાઈવરને ઊંઘ આવતી હોય છે ને ઝોકામાં કયારેક અકસ્માત કરી બેસે છે.

• જે મોટા ગામથી નીકળ્યા હોઈએ અને જ્યાં પહોંચવાનું હોય તે બંને મોટા ગામના ફોન નં., એસ.ટી.ડી. નં. તથા ત્યાંના કાર્યકર્તાઓનું નામ તથા સરનામું ડાયરીમાં નોંધી લેવું. આવા વખતે ફોન ઘણા ઉપયોગી બનતા હોય છે.

● રોડની જમણી સાઈડ પર રોડથી નીચે જ ચાલવું. કાંકરા વગેરે હોય, પગ ઘસાઈ ગયા હોય, વિહારો લાંબા હોય, ખૂબ દૂર જવાનું હોય તો પગમાં કાંઈક બાંધવા-પહેરવાનો ઉપયોગ રાખવો. લીસા રોડના લોભથી રોડની વચ્ચે ચાલવું નહિ.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૨,અંક-૧૯,તા.૨૬-૨-૧૯૯૪

## પૂ.આચાર્યદેવશ્રી વિજય ધનેશ્વરસૂરીશ્વરજી મ.ની વસમી વિદાય

મહારાષ્ટ્રની પુણ્યભૂમિ અહમદનગરમાં એક ગર્ભશ્રીમંત પરિવારમાં એઓશ્રીનો જન્મ વિ.સં. ૧૯૭૫ ના ફા.વ. ૭ ના દિવસે થયો. માતા રતનબેન અને પિતા મોતીલાલજી. એમનું નામ ધનરાજજી. બાળપણમાં માતા-પિતાનું છત્ર ગુમાવ્યા બાદ માતૃતુલ્ય ભોજાઈએ ઉછેર્યા. માધ્યમિક શિક્ષણ સાથે ધાર્મિક સંસ્કાર આપ્યા. અત્રેના સુરજમલ ગાંધીના પુત્રી ચાંદીબાઈ સાથે લગ્ન થયા. દંપતી ધર્માનુરાગી હતા. શત્રુંજયની યાત્રા કરતા મહારાષ્ટ્ર કેસરી પ.પૂ.આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.નો સંપર્ક થયો. આચાર્યદેવશ્રીની પ્રેરણા સતત મળતા અને વિ.સં. ૨૦૧૦ના ચાર્તુમાસમાં ન્યાયવિશારદ પ.પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની વૈરાગ્ય રસભર વાણી સાંભળતા દીક્ષા લેવાનું નક્કી કર્યું. વિ.સં. ૨૦૧૧ ના ફા.વ. ૪ ના ૮૦ હજારની જનમેદની વચ્ચે સિદ્ધાન્તમહોદધિ પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના વરદહસ્તે દંપતીએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ધનરાજજી પૂ. મુનિશ્રી ધનેશ્વરવિજયજી અને શ્રીમતી ચાંદીબાઈ પૂ. સાધ્વીશ્રી ચન્દ્રયશાશ્રીજી તરીકે જાહેર થયેલ. જીવનના ૩૬ મા વર્ષે અઢળક સંપત્તિ ત્યાગીને દંપતીએ દીક્ષા લેવાનો આ પ્રદેશમાં પ્રથમ પ્રસંગ હતો. આજુબાજુ જૈન-જૈનેતરો દર્શનાર્થે ઉમટી પડેલ. પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.ની અજોડ ભક્તિ કરી સમર્પણ ભાવનું આદર્શ જાગતું જીવતું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. છેલ્લા ૩ વર્ષથી પક્ષાઘાતનો હુમલો થતા શારીરિક શક્તિ ક્ષીણ થતાં અહમદનગરમાં સ્થિરતા કરેલ. અવર-નવર નાની-મોટી માંદગીમાં સમતાપૂર્વક સહીને પોતાની ધર્મારાધનામાં લીન હતા. પો. વ. ૧૧ ના પક્ષાઘાતનો તીવ્ર હુમલો થતાં અપૂર્વ શાતા અને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી જિનરત્નવિજયજી મ. તથા એઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી શિવાનંદવિજયજી મ. તથા મુનિશ્રી ધર્મેશ્વરવિજયજીએ સેવા-નિર્યામણા સુંદર કરાવી હતી. ડો. સાતાઈકર, ડો. રાજેન્દ્ર, ડો. અમૃતકાસવા અને સકલ સંઘે અત્યંત ભક્તિભાવે સેવા-સારવાર કરેલ. સ્વ.



પૂજ્ય આચાર્યદેવશ્રીની પાલખી ખૂબ ભવ્ય રીતે નીકળી શહેરના માર્ગો પરથી ફરીને માણેકનગર ખાતે સારી ઉછામણીપૂર્વક અગ્નિસંસ્કાર કર્યા. સંઘ અને સમુદાયને ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

● **અમદાવાદ :-** ગચ્છાધિપતિ સિદ્ધાંતદિવાકર પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.ની અનુજ્ઞાથી ગીરધરનગર જૈન ઉપાશ્રયમાં પૂ. ઉપાધ્યાયશ્રી યશોભદ્રવિજયજી ગણીવર્ય આદિની નિશ્રામાં મહા સુદ ૬ ના પાંચ મુનિરાજોને શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહનમાં પૂ.મુનિશ્રી ચંદ્રજીતવિજયજી મ., પૂ.મુનિશ્રી ઈન્દ્રજીતવિજયજી મ., પૂ.મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી મ., પૂ.મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મ. તથા પૂ.મુનિશ્રી ગુણસુંદરવિજયજી મ.ને સકલ સંઘ સમક્ષ નાણ મંડાવી પ્રવેશ થયેલ છે. તે પ્રસંગે પાંચ સંઘપૂજનો તથા કચ્છ વિસ્તારના દુકાળના હિસાબે લગભગ ૬૦ હજાર ઢોરો ધોળકા-બગોદરા વિસ્તારમાં લાવેલ છે તેને ઘાસચારા માટે ૫૧, હજાર રૂપિયાની ટીપ થયેલ.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૨,અંક-૨૨,તા.૨૬-૩-૧૯૯૪

## સમેતશિખર તીર્થ અંગે ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ

બિહારના ગિરદીહ જિલ્લામાં પાર્શ્વનાથ ટેકરીઓ તરીકે જાણીતા પવિત્ર જૈન કેન્દ્ર સમેતશિખરને સંપાદન કરવાના પ્રશ્ને કેન્દ્રીય ગૃહપ્રધાન શંકરરાવ ચવાણ અને બિહારના મુખ્યપ્રધાન લાલુપ્રસાદ યાદવ વચ્ચે સંઘર્ષ આકાર લઈ રહ્યો છે. બિહાર સરકારે, ચારસો વર્ષથી પણ વધારે સમયથી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજ હસ્તક એવા પાર્શ્વનાથ ટેકરીઓની માલિકીનું, અધિકારો તથા વહીવટનું સંપાદન કરવા જાન્યુઆરીમાં એક વટહુકમ તૈયાર કર્યો હતો. માલિકીના દસ્તાવેજો ધરાવતું આ કદાચ સૌથી જૂનું ધર્મસ્થળ છે. અકબરે ૧૫૯૩માં ફરમાન દ્વારા શ્વેતાંબર જૈનોને અધિકારો અને સનદ આપ્યા હતા. ૧૭૬૦ માં સમ્રાટ અહેમદશાહે તેનો પુનરોચ્ચાર કર્યો હતો. બ્રિટનની સરકારે ૧૮ મી સદીના એવા કદાચ દેશના સૌથી જૂના ધાર્મિક ટ્રસ્ટ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને આ માલિકી અને અધિકારો સોંપ્યા હતા.

જ્યારે દિગંબરોએ આ અંગે વિવાદ સર્જતા ૧૯૩૩ માં પ્રીવી કાઉન્સીલે આ ધર્મસ્થળની માલિકી તથા અધિકારો આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના હોવાની વાતને સમર્થન આપ્યું હતું. બિહાર સરકારે પણ એક સમજૂતી દ્વારા આ ધર્મસ્થળને જમીન સુધારણા ધારામાંથી મુક્તિ આપી હતી. અને આ ટ્રસ્ટ દ્વારા આ સમાજના

અધિકારો સ્વીકાર્યા હતા. ૧૯૬૫ માં અન્ય એક સમજૂતી થઈ હતી અને પટણા હાઈકોર્ટે પણ આ દાવાઓને સમર્થન આપ્યું હતું.

પરંતુ કેટલાંક મહત્વાકાંક્ષી દિગંબર જૈનો આ સમાજની નેતાગીરી ઇચ્છે છે અને તેમણે તેમની રાજકીય વગ વાપરીને લાલુપ્રસાદ પાસે આવી હિલચાલ શરૂ કરાવી છે. જેથી તેઓ રાજ્ય સરકાર દ્વારા સ્થાપવામાં આવનાર નવા બોર્ડમાં ત્રણ બેઠકો દિગંબરોને તથા એક બેઠક શ્વેતાંબરને મળે એવી ગોઠવણ કરી શકે. ગયા વર્ષે જુલાઈમાં આણંદજી કલ્યાણજી ટ્રસ્ટે મનાઈહુકમ માટે અરજી કરી ત્યારે બિહાર સરકારે એમ જણાવ્યું હતું કે આવી કોઈ હિલચાલ નથી. પરંતુ સરકારની આ ધર્મસ્થળની માલિકી એક જૂથ પાસેથી આંચકીને બીજા જૂથને સોંપવાની આવી હિલચાલથી આ શ્વેતાંબર સમાજ સાવધ થઈ ગયો છે અને તેઓ તેમની ફરિયાદના નિવારણ તથા રાજકીય સત્તાની આવી દુષ્ટ યોજનાઓ નિષ્ફળ બનાવવા ગૃહપ્રધાન શંકરરાવ ચવાણ તથા કાયદાપ્રધાન હંસરાજ ભારદ્વાજ પાસે દોડી ગયા હતા. કેન્દ્રીય પ્રધાનો હકીકતો સાંભળતા જ ચોંકી ઊઠ્યા હતા. રોષે ભરાયેલા ગૃહપ્રધાને તુર્ત જ રાજ્યપાલને ફોન કરીને આવા કોઈ વટહુકમને મંજૂરી નહીં આપવા જણાવ્યું હતું. પરિણામે શ્વેતાંબર સમાજે રાહતની લાગણી અનુભવી હતી, પરંતુ તેઓ લાલુપ્રસાદ યાદવના જક્કી વલણથી વાકેફ હોવાથી તેમનો ભય સંપૂર્ણપણે દૂર થયો નથી. વિશ્વનાથ પ્રતાપસિંહે પણ જૈન સમાજને ખિન્ન નહીં કરવા તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ લાલુપ્રસાદ હજુ પણ તેમની યોજનામાં આગળ વધવા મક્કમ છે અને તેથી જ જૈન સમાજ ચિંતિત છે.

(ગુજરાત સમાચાર તા. ૧૭-૩-૯૪માંથી સાભાર...)

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૨,અંક-૨૬,તા.૨૩-૩-૧૯૯૪

## બિહાર સરકાર શ્વેતામ્બર જૈનોના તીર્થ સમેતશિખરને લૂંટી લેશે ?

(લે.- મુનિ મુક્તિવલ્લભવિજયજી મહારાજ)

બે સ્ત્રી વચ્ચે એક સુંદર બાળક માટે ઝઘડો થયો. એક સ્ત્રીએ કહ્યું : 'બાળક મારું છે.' બીજી સ્ત્રીએ પણ દાવો કર્યો, "બાળક મારું છે." ઝગડો રાજા સુધી પહોંચ્યો. બન્ને સ્ત્રીઓની પક્કડ મજબૂત હતી. રાજાએ કહ્યું : તો હવે એક કામ કરો. આ બાળકના બે ટુકડા કરીને બન્ને સ્ત્રીઓ એક એક ટુકડો વહેંચી લો. એક સ્ત્રીએ તુરત જ રાજાના આ ફેંસલાને સહર્ષ વધાવી લીધો. બીજી સ્ત્રીએ રોકકળ



કરી મૂકી અને રાજાના આ નિર્ણયનો જોરદાર વિરોધ કર્યો. રાજાએ હવે સાચો ન્યાય તોળતા જણાવ્યું : 'બાળકની સાચી મા આ વિરોધ કરનારી સ્ત્રી છે બાળક તેને સોંપવામાં આવે.'

૨૪ માંથી ૨૦ તીર્થંકરોની અને હજારો મુનિઓની નિર્વાણભૂમિ એવા જૈનોના પવિત્રતમ તીર્થ શ્રી સમેતશિખરજી તીર્થ અંગે શ્વેતામ્બર - દિગમ્બરના વિવાદનું જૂઠું બહાનું આગળ કરીને બિહારના મુખ્યપ્રધાન લાલુપ્રસાદની સરકાર તે તીર્થની માલિકી - કબજો - વહીવટ અને નિયંત્રણનો અધિકાર નવું સરકારી બોર્ડ રચીને પોતાના હસ્તક લઈ લેવા માટેનો એક વટહુકમ લાદવા તત્પર બની છે. તે તીર્થને સ્વહસ્તક લઇને તેને પવિત્ર ધાર્મિક યાત્રા સ્થળને બદલે એક સાર્વજનિક પ્રવાસ સ્થળ તરીકે તેને વિકસાવીને તીર્થની તારકતાને ભ્રષ્ટ કરી દેવામાં આવશે અને તીર્થની અઢળક સંપત્તિનો શાસ્ત્રીય નિયમોનું ઉલ્લંઘન કરીને મનઘડંત ઉપયોગ પણ કરશે. ટૂંકમાં, આ તીર્થરૂપી બાળકને ચૂંથીને ખલાસ કરી નાંખશે. આ જાણીને ભારતભરના શ્વેતામ્બર જૈનો ફફડી ઊઠ્યા છે, અને વિરોધની બૂમરાણ મચાવી રહ્યા છે. શ્વેતામ્બર જૈનાચાર્યો વ્યથિત થયા છે, અને જૈનાગ્રણીઓ દિલ્હી અને પટણા સુધી દોડાદોડી કરી રહ્યા છે. ગમે તે પળે બિહાર સરકારનો આપખુદ ગોઝારો વટહુકમ તારક તીર્થને હડપ કરી લેશે તેવી ચિંતાથી શ્વેતામ્બર જૈનો જાગૃત બની ગયા છે. તે જ વખતે દિગમ્બરો ઠંડે કલેજે સરકારના આ વટહુકમને સમર્થન આપી રહ્યા છે. જાણીતા દિગમ્બર જૈનાગ્રણી ત્વરિત લદાઈ જવાની સંભાવનાવાળા પ્રસ્તુત વટહુકમનું જાહેરમાં સમર્થન કરી રહ્યા છે. તીર્થની પવિત્રતાને ચૂંથી નાખનારા આ વટહુકમનું દિગમ્બરોનું સમર્થન જ શ્વેતામ્બરોની માલિકીનો એક પ્રબળ પુરાવો બની જાય છે.

શ્રી સમેતશિખરજી તીર્થની માલિકી, કબજો, વહીવટ અને નિયંત્રણનો સંપૂર્ણ અધિકાર શ્વેતામ્બર જૈનોનો જ છે અને દિગમ્બર જૈનોને માત્ર પૂજા અર્ચાનો જ અધિકાર છે, તેના થોકબંધ પુરાવાઓ મૌજુદ છે :

- ઈ.સ. ૧૫૯૨ માં શહેનશાહ અકબરે શ્વેતામ્બર જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિને એક ફરમાન દ્વારા લખી આપ્યું હતું કે આ તીર્થ શ્વેતામ્બર જૈનોની માલિકીનું છે, અને યાવચ્ચન્દ્રદિવાકરૌ શ્વેતામ્બરોનું જ રહેશે.
- ઈ.સ. ૧૭૬૦ માં સમ્રાટ અહમદશાહે પણ એક ફરમાન દ્વારા શ્વેતામ્બર જૈનોને ફરી આ તીર્થની સનંદ આપી હતી.
- ઈ.સ. ૧૮૭૨ અને ૧૮૭૮ માં પાલગંજના રાજા અને શ્વેતામ્બર જૈનો વચ્ચે આ તીર્થ અંગે થયેલા એકરારનામાઓ પણ તીર્થની માલિકી શ્વેતામ્બરો

જૈનોની છે, તેનો પ્રબળ પુરાવો છે.

- ઈ.સ. ૧૮૮૪ માં આ પારસનાથ પહાડ પર કતલખાનું ખોલવાના પ્રયત્નો થયા ત્યારે તે અટકાવવા શ્વેતામ્બર જૈનો કલકત્તા હાઈકોર્ટ સુધી પહોંચ્યા ત્યારે નામદાર કોર્ટે ચુકાદો આપ્યો હતો કે - આ પહાડ પર કતલખાનું ખોલી શકાય નહિ કારણ કે તેનાથી શ્વેતામ્બર જૈનોની ધાર્મિક લાગણી ઘવાય છે અને આવું કતલખાનું શ્વેતામ્બર જૈનો અને પાલગંજના રાજા વચ્ચે થયેલા કરારનામાથી પણ વિરોધમાં છે ( દિગમ્બરોને ત્યારે કતલખાનું અટકાવવાનું સુઝ્યું ન હતું. )
- ઈ.સ. ૧૯૧૦ માં થયેલી એક મોજણીમાં પર્વત ઉપરના તમામ મંદિરો, દેરીઓ અને પ્રતિમાઓ શ્વેતામ્બરોની માલિકી અને વ્યવસ્થા હેઠળના તરીકે નોંધાયેલા છે.
- ઈ.સ. ૧૯૧૮ માં અખિલ ભારતના શ્વેતામ્બર જૈનોની સર્વમાન્ય પ્રતિનિધિ સંસ્થા શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ આખા પહાડને ખરીદી લીધો. ખરીદીના દસ્તાવેજો પેઢી પાસે મૌજુદ છે.

❋ ત્યારબાદ આ તીર્થમાં દિગમ્બરોનો પગપેસારો શરૂ થવા લાગ્યો અને તેઓ શ્વેતામ્બર જૈનો સાથે સંઘર્ષમાં ઊતરવા લાગ્યા. મામલો પ્રીવી કાઉન્સિલ સુધી પહોંચ્યો. કાઉન્સિલે ૧૨-૫-૧૯૩૩ ના દિવસે પોતાના ઐતિહાસિક ચુકાદામાં ઘોષિત કર્યું કે, પારસનાથ પહાડ ઉપરના તમામ મંદિરોના માલિકી, વહીવટ અને નિયંત્રણનો અધિકાર શ્વેતામ્બર જૈનોનો છે. માત્ર ચાર ટૂંકમાં પૂજા અર્ચા કરવાનો અધિકાર દિગમ્બરોને છે. બાકીની ટૂંકોમાં તો પૂજા - અર્ચા પણ શ્વેતામ્બરોની પરવાનગી લઈને જ કરી શકે અને ધર્મશાળાનો ઉપયોગ પણ શ્વેતામ્બરોની રજાથી જ કરી શકે.

❋ તારીખ ૫-૨-૧૯૬૫ ના દિવસે બિહાર સરકાર અને શ્વેતામ્બર જૈનોની પ્રતિનિધિ સંસ્થા શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે થયેલા કરારમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોના આ તીર્થ સંબંધી તમામ અધિકારોને પૂર્વવત્ અબાધિત માન્ય રાખવામાં આવ્યા.

❋ શ્વેતામ્બર જૈનોનો માલિકી, વહીવટ અને નિયંત્રણનો અધિકાર આ રીતે દીવા જેવો સ્પષ્ટ હોવા છતાં તે અધિકાર છીનવી લેવાના દિગમ્બરોના ધમપછાડા ચાલુ રહ્યા. આખરે બન્ને પક્ષ દ્વારા મામલો અદાલતે પહોંચ્યો. ગીરડીહની અદાલતે ૩-૩-૯૦ના રોજ ચુકાદો આપતા જણાવ્યું કે પારસનાથ પહાડ પરના તમામ મંદિરોના માલિકી, વહીવટ અને નિયંત્રણનો હક્ક



શ્વેતામ્બરોનો જ છે. દિગમ્બરોને માત્ર ચાર ટૂંક અને ગૌતમસ્વામીના મંદિરમાં પૂજા - અર્ચાનો જ અધિકાર છે. બાકીની ટૂંકમાં પૂજા-અર્ચા તથા ધર્મશાળાનો ઉપયોગ શ્વેતામ્બરોની પરવાનગીથી કરી શકે તથા ઉપર પોતાની ધર્મશાળા બાંધવાની પરવાનગી આપવા દિગમ્બરો વિનંતી કરે તો શ્વેતામ્બરોએ તે માટે પરવાનગી આપવી. આ ચુકાદાના વિવિધ ભાગો સામે શ્વેતામ્બર - દિગમ્બર અને રાજ્ય એ ત્રણે પક્ષ દ્વારા જુદા જુદા પાયા પર અપીલો થયેલ છે. રાંચી હાઈકોર્ટમાં ખટલો ચાલુ છે.

❋ આટલી બધી કાર્યવાહીઓ થવા છતાં તે બધાની અવગણના કરીને પહાડ ઉપર ગેરકાયદેસર બાંધકામ કરવાનો દિગમ્બરોએ પ્રારંભ કર્યો, જેની સામે રાંચીની હાઈકોર્ટે સ્ટે ઓર્ડર આપ્યો. આ રીતે અદાલતનો તિરસ્કાર પણ દિગમ્બરોએ કર્યો હતો.

❋ ૧૯૫૬ માં બિહાર રાજ્યમાં અમલમાં આવેલા બિહાર હિન્દુ રીલીજીયસ ટ્રસ્ટ એકટ અનુસાર ત્યારથી બિહારના શ્વેતામ્બર જૈન મંદિરો અને તીર્થોનું નિરીક્ષણ અને નિયંત્રણ નવા રચાયેલા બિહાર રાજ્યના શ્વેતામ્બર જૈન, રીલીજીયસ ટ્રસ્ટ બોર્ડ દ્વારા તથા દિગમ્બર મંદિરો અને તીર્થોનું નિરીક્ષણ અને નિયંત્રણ દિગમ્બર જૈન રીલીજીયસ ટ્રસ્ટ બોર્ડ દ્વારા થાય છે.

આમ, સમેતશિખરજી તીર્થની માલિકી, કબજો, વહીવટ અને નિયંત્રણનો સંપૂર્ણ અધિકાર શ્વેતામ્બર જૈનોનો જ છે, તે હકીકત અદાલતી કાર્યવાહીઓની અનેક એરણો પર પસાર થઈને સો ટચના સોનાની જેમ શુદ્ધ પુરવાર થઈ છે. અનેકાનેક દસ્તાવેજી પ્રમાણો અને અદાલતી ચુકાદાઓની લોખંડી વાડથી શ્વેતામ્બર જૈનોએ આ તીર્થ અંગેના પોતાના અધિકારને સુરક્ષિત કરી દીધેલો છે.

અહીં એ નોંધવું ઘટે કે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તીર્થનો સુંદર વહીવટ કરી રહી છે. લાખો રૂપિયાનો વ્યય કરીને પેઢીએ પહાડ પરના રસ્તાઓનું સમારકામ કરાવ્યું છે અને યાત્રિકોની સુવિધા અને સગવડતાઓ પૂરી પાડવામાં સંપૂર્ણતયા સફળતા પેઢીએ સંપાદિત કરી છે. દિગમ્બરો મુક્તપણે આ તીર્થ પર પોતાના પૂજા-અર્ચાના અધિકારને બજાવી રહ્યા છે, તેમાં તેમને કોઈ પણ જાતનો વિક્ષેપ કરવામાં આવતો નથી.

છતાં વટહુકમ દ્વારા સરકાર હસ્તક્ષેપ કરશે, તેવી ગંધ આવતા શ્વેતામ્બરો મનાઈ હુકમ માટે અદાલતમાં ગયા. બિહાર સરકારે તા. ૧૨-૭-૧૯૯૩ ના રોજ અદાલતમાં સોગંદનામુ રજૂ કરીને તીર્થની માલિકી, કબજો, વહીવટ અને નિયંત્રણ અંગેના શ્વેતામ્બર જૈનોના અધિકારોને સમર્થિત કર્યા અને ત્રીજું બોર્ડ રચવાનો કે

એ રચીને આ તીર્થની બાબતમાં હસ્તક્ષેપ કરવાનો સરકારનો કોઈ ઇરાદો નથી, તેની ખાત્રી આપી.

પણ, તે આપેલા સોગંદનામાની ''ઐસી કી તૈસી'' કરીને બિહાર સરકારે વટહુકમનો મુસદ્દો તૈયાર કરી દીધો છે અને તે વટહુકમને ગમે તે ઘડીએ લાદી દેવાની તક જ જોવાઈ રહી છે. વટહુકમના મુસદ્દાનું પોસ્ટમોર્ટમ કરીએ તો સરકારના આપખુદી અને પક્ષપાતી વલણની અને મેલી મુરાદની ઢગલાબંધ ઝેરી કરચો અંદરથી જડી આવે છે. સંપૂર્ણ મુસદ્દો લોકશાહીના આદર્શને કાળું કલંક લગાડનારો છે, ન્યાયતંત્રની ઉપરવટ જવાનો અઘટિત પ્રયાસ છે અને શ્વેતામ્બર જૈનોના ધાર્મિક અધિકારો પરનું એક ક્રૂર આક્રમણ છે.

● પ્રસ્તાવનામાં સદરહુ વટહુકમની આવશ્યક્તાના કારણો જણાવવામાં આવ્યા છે જે સંપૂર્ણ ગેરવાજબી અને વજૂદ વગરના છે.

(A) આ તીર્થના વહીવટ અને નિયંત્રણની બાબતમાં આજસુધીમાં અનેકવાર સંઘર્ષો થયા છે, અને તેને કારણે કાયદો અને વ્યવસ્થાની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે.

આ કારણ સંપૂર્ણ વજૂદ વગરનું છે. શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તીર્થનો સુંદર વહીવટ વર્ષોથી ચલાવી રહી છે. દિગમ્બરોને ક્યારેય તેમનો પૂજા - અર્ચાનો અધિકાર બજાવવામાં કોઈ અટકાયત કરવામાં આવી નથી, તેથી સંઘર્ષની ઉપસ્થિતિને કોઈ અવકાશ જ નથી.

અને, તીર્થ અંગે બે સંપ્રદાયો વચ્ચે વિવાદ ચાલે છે તેનો ઉકેલ અદાલત દ્વારા સ્વયં તેઓ લાવી દેશે; સરકારે તેમાં પક્ષકાર બનીને કૂદી પડવું તે અનધિકૃત, ગેરબંધારણીય અને અઘટિત ચેષ્ટા છે. વાસ્તવમાં આ વટહુકમનું પાનું ઝીંકીને સરકારે વિવાદને છંછેડ્યો છે અને ઉગ્ર બનાવ્યો છે, તેમજ નાહકનો સંઘર્ષને જન્મ આપ્યો છે.

(B) સમેતશિખરજી એ પ્રાચીન કાળથી સમગ્ર જૈનસંઘનું યાત્રા અને ભક્તિનું પવિત્ર ધામ છે, તેમ પ્રસ્તાવનામાં જણાવવામાં આવ્યું છે. પણ શ્વેતામ્બર જૈનોમાં ''સ્થાનકવાસી'' વગેરે પેટા સંપ્રદાયો છે, જે મૂર્તિપૂજામાં માનતા નથી, તેથી તેમને આ તીર્થ સાથે સંબંધ નથી; છતાં 'સમગ્ર' શબ્દ મૂકવા પાછળ સરકારનો મલિન આશય છે જે મુસદ્દાની ચોથી કલમના બીજી કલમની પેટાકલમ 'એફ'માં પ્રગટ થઈ જાય છે, તે આગળ જણાવાશે.

(C) સામાન્યથી કોઈપણ કાયદો રાજ્ય સરકાર વિધાનસભામાં ખરડો પસાર



કરીને ઘડે છે. કટોકટીના પ્રસંગોમાં જ, વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય તો જ વટહુકમનો આશરો લેવાય. અત્યારે તેવી કોઈ કટોકટીની બાબત ન હોવા છતા વિધાનસભામાં ખરડો રજૂ કરવાને બદલે વટહુકમનું શસ્ત્ર સરકારને હાથમાં લેવું પડે છે, તે જ તેના મેલા ઇરાદાનું બોલતું પ્રમાણપત્ર છે.

(D) બંધારણની કલમ ૨૧૩ હેઠળ કોઈપણ વટહુકમ દાખલ કરતા પૂર્વે તે બાબતની રાષ્ટ્રપતિની પૂર્વસંમતિ મેળવવી આવશ્યક હોય છે. વટહુકમના મુસદ્દાની સાથે રાષ્ટ્રપતિનો લેખિત સંમતિપત્ર જોડવામાં આવેલો નથી, તેથી આ વટહુકમ સંપૂર્ણતયા મનસ્વી હોવાની શંકા થઈ આવે છે.

(E) બંધારણની કઈ કલમોને અમલી બનાવવા પ્રસ્તુત વટહુકમનો સરકારને આશ્રય લેવો પડે છે, તે આખી પ્રસ્તાવનામાં ક્યાંય દર્શાવવામાં આવ્યું નથી.

- પ્રસ્તુત મુસદ્દાના બીજા અધ્યાયમાં સરકારે શ્વેતાંબર જૈનોના અધિકારો પર કારમો ઘા કર્યો છે.

આ વટહુકમ અમલી બને તે દિવસથી આ તીર્થની તમામ સંપત્તિ, મંદિરો આદિની માલિકી, કબજો, નિયંત્રણ અને વહીવટ, ''શ્રી સમેતશિખરજી બોર્ડ'' નામના એક નવા સરકારી બોર્ડને સ્થાપીને તેને સોંપવામાં આવશે. આ બોર્ડના સભ્યપદની વહેંચણી અત્યંત કુટિલ અને ગૂઢ આશયપૂર્વક ગોઠવવામા આવી છે :- ઉપલક નજરે બંને સંપ્રદાયના છ - છ સભ્યોને લેવામાં આવશે. દિગંબર સંપ્રદાયમાંથી નીચે મુજબ : ★ બિહાર રાજ્યના દિગંબર જૈન રીલીજીયસ ટ્રસ્ટ બોર્ડના પ્રમુખ સદરહુ બોર્ડના વાઈસચેરમેન બનશે.

★ દિગંબર જૈન સંપ્રદાયનું પ્રતિનિધિત્વ ધરાવતા ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમીટીના ત્રણ સભ્યો બોર્ડમાં નીમાશે.

★ બીજા બે સભ્યો દિગંબર જૈન રીલીજીયસ ટ્રસ્ટ બોર્ડમાં રજીસ્ટર થયેલા ટ્રસ્ટો દ્વારા ચૂંટીને મોકલાયેલા દિગંબર જૈનો હશે.

**હવે શ્વેતાંબર સંપ્રદાયના છ સભ્યોની વ્યવસ્થા જુઓ :-**

(૧) બિહાર રાજ્યના શ્વેતાંબર જૈન રીલીજીયસ ટ્રસ્ટ બોર્ડના પ્રમુખ જે સદરહુ બોર્ડના વાઈસચેરમેન બનશે.

(૨) શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના એક જ પ્રતિનિધિ (જે પેઢી સમગ્ર પહાડની માલિકી ધરાવે છે, તેનો માત્ર એક જ સભ્ય)

(૩) અખિલ ભારતીય શ્વેતાંબર સ્થાનકવાસી સંઘના એક પ્રતિનિધિ. (જે

સ્થાનકવાસી પેટા સંપ્રદાય મૂર્તિપૂજામાં માનતો નથી તેને માત્ર શ્વેતાંમ્બર હોવાના નાતે શ્વેતાંબરોના ભાગની છ બેઠકમાંથી એક બેઠક ફાળવી દેવી તે માત્ર મૂર્ખતા નથી, પણ કુટિલ કાવતરું છે.)

(૪) તે જ રીતે (આ તીર્થ સાથે શ્રદ્ધા-પૂજાનો પણ સંબંધ નહિ ધરાવનારા) જૈન શ્વેતાંબર તેરાપંથી મહાસભાના એક પ્રતિનિધિને સભ્યપદ મળશે.

(આ પણ કુટિલ કાવતરાનો એક ભાગ છે.

(૫/૬) બીજા બે સભ્યો શ્વેતાંબર જૈન રીલીજીયસ ટ્રસ્ટ બોર્ડમાં રજીસ્ટર થયેલા ટ્રસ્ટો દ્વારા ચૂંટીને મોકલાયેલા શ્વેતાંબર જૈનો હશે.

આ બોર્ડના ચેરમેન તરીકે કોઈ ઉચ્ચ સરકારી અધિકારી નીમાશે, જેને જૈનત્વના સિદ્ધાન્તોમાં શ્રદ્ધા હોય તેવા અધિકારીને આ પદ માટે પસંદ કરવામાં આવશે.

(જૈન સિદ્ધાન્તમાં એટલે દિગંબર સિદ્ધાન્તમાં એમ જ સમજવું રહ્યું ને ?)

**હવે જો સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીએ તો,**

આ બોર્ડમાં દિગંબર સંપ્રદાયના ઓછામાં ઓછા છ સભ્યો હશે, જે બધા લગભગ એક સરખી માન્યતાવાળા હશે, જ્યારે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના વધુમાં વધુ ચાર સભ્યો અને ઓછામાં ઓછો એક સભ્ય હશે, કારણ કે સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાયનો પ્રતિનિધિ તો મૂર્તિપૂજક છે જ નહિ. બાકીના ચાર સભ્યોમાંથી ચૂંટાયેલી બે સભ્યો અને બિહાર શ્વેતામ્બર જૈન રીલીજીયસ ટ્રસ્ટ બોર્ડના પ્રમુખ પણ બિનમૂર્તિપૂજક શ્વેતાંબર હોય તો - જેનો આ તીર્થના માલિકી, કબજો, નિયંત્રણ અને વહીવટનો સંપૂર્ણ અધિકાર આજસુધી ચાલ્યો આવે છે, તેવા શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયનો એક જ પ્રતિનિધિ સભ્યપદ પ્રાપ્ત કરશે, કે જે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી નીમાશે, જે સદા લઘુમતીમાં જ રહેવાનો.

તેથી કેવી ગંદી, ગેરકાનૂની અને ખતરનાક રાજરમત આ તીર્થ પ્રત્યે અત્યંત પૂજ્યભાવ ધરાવનારા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો સામે રમવામાં આવી છે, તે હાથ-કંકણની જેમ સ્પષ્ટ છે.

- જૈન ધર્મની શાસ્ત્રીય દ્રવ્ય વ્યવસ્થાને સર્વથા અવગણીને દેવદ્રવ્ય વગેરે જુદા જુદા ખાતા રાખવાને બદલે ''શ્રી સમેતશિખરજી ફંડ'' નામનું એક જ ખાતું રહેશે અને કોઈ પણ કાર્યમાં બોર્ડ તેનો ઉપયોગ કરશે. બોર્ડના સભ્યોને ભથ્થા પણ તેમાંથી અપાશે અને તીર્થમાં સંડાસ - બાથરૂમ પણ તેમાંથી બંધાશે. જૈન શાસ્ત્રોએ ચીંધેલી દ્રવ્ય વ્યવસ્થાથી વિપરીત એવી સરકારની



કોઈપણ જાતની દરમિયાનગીરી બંધારણપ્રદત્ત ધાર્મિક સ્વાતંત્ર્યનો ભંગ કરનારી છે અને ધાર્મિક લાગણીને કચડી નાખનારી છે.

- મુસદ્દાની ૧૦ મી કલમની પેટાકલમ (૫) અનુસાર આ બોર્ડ કોઈપણ નિર્ણય બહુમતીથી કરશે. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના સંભવતઃ વધુમાં વધુ ૪ સભ્યો જ આ બોર્ડમાં હોવાથી તેઓ પોતાના હિતોનું અને ધાર્મિક અધિકારોનું રક્ષણ કરવા સાવ પાંગળા પૂરવાર થશે.
- ગેરવર્તણુક આદિ કારણો રજૂ કરીને સરકાર બોર્ડમાંથી કોઈપણ સભ્યની હકાલપટ્ટી કરી શકશે. અને, સરકારના આ નિર્ણયને કોઈપણ કોર્ટમાં પડકારી શકાશે નહિ. ન્યાય માટે ન્યાયાલયના બારણાં ખખડાવવા ઉપર પણ પ્રતિબંધ મૂકતો આ વટહુકમ સર્વથા ગેરબંધારણીય અને લોકશાહીનું ઘોર અપમાન કરનારો હશે.
- સદરહુ બોર્ડ આ તીર્થ સંબંધી રોકડ રકમ ઘરેણાં, જવેરાત, ચોપડા, દસ્તાવેજો, સંપત્તિ આદિ તમામ સ્થાવર-જંગમ મિલકતનો કબજો વટહુકમ અમલી થયાના દિવસથી જ સ્વહસ્તક લઈ લેશે. આ બધું ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસરના તાબામાં રહેશે. આ કબજો લેવામાં અધિકારીને કોઈ વિઘ્ન કરશે તો દંડ, સજા કે બન્નેને પાત્ર ઠરશે.
- જે તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, અને જેની સાથે જૈનોની પવિત્ર ધર્મભાવના સંકળાયેલી છે, તેવા આ સમેતશિખરજીને કલા અને સંસ્કૃતિના ધામ તરીકે વિકસાવવામાં આવશે. તેથી હોટલો અને થીએટરો, બગીચાઓ અને ફુવારાઓ વગેરેથી આ સ્થળને આધુનિક પ્રવાસસ્થળ તરીકે વિકસાવી તીર્થની પવિત્રતાને ભ્રષ્ટ કરવામાં આવશે.
- આજ સુધીમાં કોઈ પણ સત્તાધીશે સમેતશિખરજી તીર્થના યાત્રાળુઓ પર કર્યો નથી તેવો એક અત્યાચાર પણ આ બોર્ડ કરી શકશે. પૂજા અને યાત્રા માટે યાત્રાળુઓ પાસેથી ચોક્કસ ફી ઉઘરાવવાનો નિર્ણય પણ બોર્ડ કરી શકશે. સરકારે પોતાની ગલીચ મુરાદ પ્રસ્તુત મુસદ્દાની ૧૬ મી કલમમાં નિર્લજ્જ બનીને જાહેર કરી દીધી છે.
- મુસદ્દાની ૧૫ મી કલમની પેટાકલમ (a)માં જણાવ્યું છે કે - બોર્ડ શ્રી સમેતશિખરજીની મિલકત અને **બિનસાંપ્રદાયિક** બાબતોનું વ્યવસ્થિત આયોજન, જાળવણી, સંભાળ અને વ્યવસ્થા કરશે. આ કલમમાં વપરાયેલો ''બિનસાંપ્રદાયિક'' શબ્દ ભેદી અને ભયાનક છે.

- તીર્થના દાગીના, જવેરાત આદિ ટ્રાન્સફર કરવા માટે બોર્ડની મંજૂરી લેવી પડશે અને ૧,૦૦૦/- રૂપિયાથી વધુ કિંમતની જંગમ મિલકતના ટ્રાન્સફર માટે તો સરકારની મંજૂરી મેળવવાની રહેશે.
- આ તીર્થ પર રહેલા મંદિરોની પૂજા-અર્ચા આદિ પણ આ વટહુકમમાં દર્શાવેલી બાબતોનો આદર કરીને જ થઈ શકશે. તેથી પૂજા - અર્ચાના અધિકારની સ્વતંત્રતા ઉપર પણ એક કારમો ઘા કરવામાં આવ્યો છે.
- બારીકાઈથી આ મુસદ્દાનું નિરીક્ષણ કરતા એક બાબત ખાસ ધ્યાન ખેંચે છે કે આખા મુસદ્દામાં જ્યાં જ્યાં શ્વેતાંબર અને દિગંબર સમ્પ્રદાયનો એક સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બધા (આઠેક) સ્થાનોમાં પહેલા 'દિગંબર' શબ્દ મૂકવામાં આવ્યો છે અને પછી જ 'શ્વેતાંબર' ! આખા મુસદ્દાનું વિશ્લેષણ કર્યા પછી, આ રીતે ક્રમ આપવામાં પણ પક્ષપાતી વલણ જ કાર્યરત હોય તેવી શંકા ઘેરી બની જાય છે.

ટૂંકમાં આખો વટહુકમ ગેરબંધારણીય, ગેરકાનૂની, આપખુદી, પક્ષપાતી, લોકશાહીના કલંક સમાન, લોકશાહી પ્રત્યેની લોકોની શ્રદ્ધાને હચમચાવી નાખનારો, શ્વેતાંબર જૈનોની ધાર્મિક લાગણીને કચડી નાખનારો અને અનેક પ્રકારની મેલી મુરાદોથી ખરડાયેલો છે.

બંધારણકૃત ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર આજસુધી ફરમાનો / ચુકાદાઓ આદિના થોકબંધ પ્રમાણો; વટહુકમ નહિ લાદવાનું બિહાર સરકારે પોતે કોર્ટ સમક્ષ કરેલુ સોગંદનામું અને ઇ. સ. ૧૯૯૧ માં ભારત સરકારે રચેલો ''પ્લેસ ઑફ વરશીપ એક્ટ''... આ બધી કાયદાની મજબૂત ઢાલ શ્વેતાંબર જૈનોના હાથમાં હોવા છતાં દિગંબરો અને બિહાર સરકારની જુગલબંદી આપણા હાથમાંથી પવિત્ર સમેતશિખરજી તીર્થને ઝૂંટવી તો નહિ લે ને ? તેવા ભયથી ભારતભરના લાખો શ્વેતાંબર જૈનો ધ્રૂજી રહ્યા છે. શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ જેવા મુખ્ય શ્વેતાંબર અગ્રણીઓ ચિંતિત બન્યા છે.

શ્વેતાંબર જૈન સમ્પ્રદાયના અધિકારની અને ધર્મ ભાવનાની રક્ષા માટે ભારતના તમામ રાજકીય પક્ષો તથા હિન્દુ પ્રજાના તમામ ધર્મના અનુયાયીઓએ તેમની પડખે આવીને તેમના અવાજમાં સૂર પરોવવો જોઈએ, કારણ કે સરકારનો આપખુદી પંજો કાલ ઉઠીને કોઈ પણ ધર્મના અનુયાયીઓ પર ત્રાટકી શકે છે. તમામ રાજકીય પક્ષોએ શ્વેતાંબર જૈનોના અધિકારોના રક્ષણ માટે બહાર પડવું જોઈએ.





## વિનમ્ર વંદનાંજલિ

શ્રમણઘડતર, યુવાપેઢીનો જીર્ણોદ્ધાર અને સંઘકૌશલ્યસંપાદનના મહાન ઉપકારો કરીને જૈન સંઘના દેદાર બદલી નાંખનારા વર્ધમાનતપોનિધિ, ન્યાયનિપુણનિધિ, ગુણગણનિધિ, વૈરાગ્યરસમહોદધિ ગચ્છાધિપતિ પૂજ્યપાદ **આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા !**

આપની વસમી વિદાયને એક વર્ષના વા'ણા વીતી ગયા છતાંય...

આપના વિરાગ નીતરતા મર્મવેધક પ્રવચનો હજુય કાનમાં પડઘાય છે...

આપની દર્શન માત્રથી દુરિતનો ધ્વંસ કરતી પવિત્ર આકૃતિ આંખ સામે આજે ય તરવરે છે...

આપના સુવિશુદ્ધ સંયમની મનહર સૌરભ આજે ય મહેંકતી અનુભવાય છે.

આપના પાપવિદારક કરુણારસનો મધુર આસ્વાદ આજે ય અમે અનુભવી રહ્યા છીએ...

આપના કૃપા વરસાવતા પવિત્ર હાથનો સ્પર્શ આજે પણ મસ્તક પર અનુભવાતો મહસૂસ થાય છે....

ભલે આપ સ્થૂલદેહે અહીં ઉપસ્થિત નથી,

પણ, આપની કૃતિઓ, આપના ઉપકારો અને આપના વિવિધ સર્જનોથી આજે પણ આપ અહીં જ છો અને યુગોના યુગો સુધી આપ અહીં રહેશો.

**''ભલે વરસ પૂરવે, લીધો સ્વર્ગવાસો,**
**જુજવે રૂપે આપ, અહીં જ ભાસો.''**

આપની પ્રથમ સ્વર્ગારોહણ-તિથિના પવિત્ર દિને

અમે સહુ

આપના પાવન ચરણોમાં

વિનમ્ર વંદનાંજલિ અર્પિત કરીએ છીએ.

**આ તો માત્ર ઝાંખી છે, શ્રદ્ધાંજલિ વિશેષાંક બાકી છે...**

પ્રતીક્ષા.. ઝંખના... ઉત્સુકતા...

**પ્રસ્તુત અંક એ તો સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ પ્રસંગનો પ્રતીક વંદનાંજલી વિશેષાંક છે.**

**આ તો સહેજ થોડીક ઝાંખી છે... માત્ર એક આસ્વાદ છે.**

**સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીના ભવ્ય અને જાજ્વલ્યમાન મહાન જીવનનો ખ્યાલ આપતી** અવનવી વાનગીઓનો રસથાળ લઈને ટૂંક સમયમાં પધારે છે.

## : શ્રદ્ધાંજલિ વિશેષાંક :

* પવિત્રતાના પુનીત ઝરણાં જેવું અને પ્રેરણાના નિર્મળ પ્રવાહ જેવું પૂજ્યપાદશ્રીનું અદ્ભુત ચરિત્ર. તેમાં વાંચતા વાંચતા શતશઃ અને સહસ્રશઃ વાંચકનું મસ્તક પૂજ્યપાદશ્રીના પાવન ચરણારવિંદમાં ઝૂકી પડશે.
* સર્વતોમુખી પ્રતિભાના સ્વામી સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીના પ્રમાર્જનાના નાનકડા યોગથી સંઘએકતાના વિરાટ ફલક સુધી વિસ્તરેલા વિરાટ ભવ્ય વ્યક્તિત્વના એક એક પાસાનો પ્રેરક પરિચય આપતા વિદ્વાનોના રસાળ લેખો અનેરો આહ્લાદ આપશે.
* પૂજ્યપાદશ્રીની નિશ્રામાં શિબિરમાં જોડાઈને અદ્ભુત જીવનવૈભવ પામેલા યુવકોના હૃદયપરિવર્તન અને જીવનપરિવર્તનની રોમાંચ ખડા કરી દે તેવી અદ્ભુત કથાઓ આંખોને ભીની કરી દેશે.
* પૂજ્યપાદશ્રીના સેંકડો મહાન ગુણોની સચોટ પ્રતીતિ કરાવે અને ગુણાનુરાગથી આંખ તથા હૈયાને ભીના કરી દે તેવા થોકબંધ જીવનપ્રસંગો વાંચતા વાંચતા અનેરી પ્રેરણાઓ પ્રાપ્ત થશે.
* પૂજ્યપાદશ્રીના કાળધર્મ પ્રસંગે અનેક પૂજ્યપાદ આચાર્યભગવંતો, મુનિભગવંતો આદિ ચતુર્વિધ સંઘના મુખમાંથી નીકળેલા હૃદયોદ્ગારો પૂજ્યપાદશ્રીએ સંપાદિત કરેલી અસીમ સંઘચાહનાની જાંખી કરાવશે.
* ભારતભરના ખૂણે-ખૂણેથી ગામે-ગામના સંઘોએ પૂજ્યપાદશ્રીના કાલધર્મ બાદ પાઠવેલા પ્રતિભાવોમાંથી પૂજ્યપાદશ્રીના અપાર સંઘવાત્સલ્યનો લાગણીભીનો પડઘો સાંભળવા મળશે.
* ભાવભીની મનોરમ્ય પદ્યકૃતિઓ ગાતા ગાતા આંખેથી ભક્તિભીની અશ્રુધારા વહેવા લાગશે.
* વટવૃક્ષ ધરાશાયી થતા નિરાધાર બનતા પંખીગણ જેવી અકથ્ય વેદનાને અનુભવતા શિષ્ય-પ્રશિષ્યોની હૈયું હચમચાવી દે તેવી આંસુની શાહીથી લખાયેલી વેદનાભરી સંવેદનાઓ પૂરેપૂરી વાંચવા માટે કાળજાને ઘણું કઠણ કરવું પડશે.
* પૂજ્યપાદશ્રીના કાળધર્મ બાદ ઠેર-ઠેર થયેલી ગુણાનુવાદ સભાઓ અને જિનેન્દ્રભક્તિ મહોત્સવોના વર્ણનો વાંચીને વર્તમાન જૈન સંઘના ગુણાનુરાગ અને ગુરુભક્તિ મહાન ગુણ પ્રત્યે હૈયું ઝૂકી પડશે.
* સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીના હસ્તાક્ષરમાં લખાયેલી જીવનપ્રેરક માર્મિક પ્રેરણાઓ વાંચતા વાંચતા નવચૈતન્યનો સંચાર થશે.
* જેના દર્શન કરતા જ પાપવાસનાઓ બળીને ખાખ થઈ જાય તેવા પરમતારક પૂજ્યપાદશ્રીની નયનાનંદકરી આબેહૂબ રંગીન પ્રતિકૃતિઓના દર્શન કેટલી ય પ્રેરક સ્મૃતિઓને તાજી કરશે.

અને... આવા તો અનેકાનેક રસપ્રદ નયનરમ્ય નજરાણાંનો થાળ લઈને થોડા જ સમયમાં પધારે છે. **(ભુવનભાનુનાં અજવાળાં)**

**શ્રદ્ધાંજલિ વિશેષાંક... વિશેષાંક... વિશેષાંક... વિશેષાંક..**

જે ઘરનું ઉત્તમ આભરણ બની જશે.

જે જીવનનૈયાની માર્ગદર્શક દીવાદાંડી બની જશે.

જે સ્વ. પૂજ્યપાદશ્રીની મધુર સ્મૃતિઓનું દિવ્ય દર્પણ બની જશે.

• • •

**સંવત ૨૦૪૯ ના ચૈત્ર વદ ૧૩ ના ધોળે દહાડે ખરે બપોરે કાળ-ચોરટો આવીને અમારા જીવનાધાર ગુરુદેવને લુંટી ગયો, ને કાળ-ચોરટા પરનો અમારો ગુસ્સો હજુ ય ઓસરતો નહોતો તેથી તેમણે અમને પૂછ્યું :**

**“અરે ભાઈઓ ! એ ઘટનાને તો બાર - બાર મહિનાના વા’ણા વીતી ગયા, હજુ ય તમે બધા કાળ-ચોરટા પર આટલા બધા કેમ કતરાઓ છો ?”**

# ત્યારે અમે તેમને પ્રત્યુત્તર વાળ્યો :

**સાંભળો એક નાનકડી કથા :**

એક બાવાજીની પછેડી ચોરાઈ ગઈ અને તે પોક મૂકીને રોવા બેઠા. કોઈએ તેમને પૂછ્યું : “અરે બાવાજી, એક પછેડી ચોરાઈ તેમાં આટલો બધો વિલાપ શા માટે ?”

"ભાઈ, માત્ર મારી પછેડી નથી ચોરાઈ, **સર્વસ્વ ચોરાયું** છે. તે પછેડીનો હું સૂવા માટે ઉપયોગ કરતો તેથી મારી **ગોદડી** ચોરાઈ છે, શિયાળાની ઠંડીમાં હું તે ઓઢીને બેસતો તેથી મારો **ધાબળો** ચોરાયો છે. મારી લુંગી ધોઈને સૂકવી હોય ત્યારે તે પછેડીને હું લુંગીની જેમ વીંટી દેતો તેથી મારી **લુંગી** પણ ચોરાઈ છે.

સીમમાં કોઈ વાર તૃષા લાગે ત્યારે પછેડીને કૂવામાં ઉતારતો અને બહાર કાઢ્યા બાદ નીચોવીને પાણીથી મારી તૃષા દૂર કરતો, તેથી કૂવામાંથી પાણી કાઢવા માટેની મારી **બાલદી** પણ ચોરાઈ છે.

ક્યારેક પહેરણ ધોઈને સૂકવ્યું હોય ત્યારે પહેરણના સ્થાને શરીર પર પછેડી ઓઢી લેતો, તેથી મારું **પહેરણ** પણ ચોરાયું છે.

ક્યારેક પછેડીનો ઈંઢોણી તરીકે પણ ઉપયોગ કરતો તેથી મારી **ઈંઢોણી** પણ ચોરાઈ છે.

ભિક્ષામાં મળતા દાણાં પછેડીના છેડામાં જ લઈ લેતો, તેથી મારું **ભિક્ષાપાત્ર** પણ ચોરાયું છે.

ભેગા થયેલા ઘઉં - બાજરા ઘણી વાર પછેડીની પોટલીમાં જ બાંધી રાખતો, તેથી મારો અનાજ ભરવાનો **કોથળો** પણ ચોરાયો છે..."

બાવાજીની કથા અહીં પૂરી થાય છે, અમારી શરૂ થાય છે. ગુરુદેવની વિદાયને ૧૨-૧૨ મહિના વીતવા છતાં મારી અને સહુની વ્યથા ન ઓસરે કારણ કે, આપણે માત્ર એક મહાન આચાર્ય ભગવંત જ નથી ગુમાવ્યા...

- કાન્ત અને ભીમ ગુણ દ્વારા સારણાદિ વિધિથી સેંકડો, સુવિહિત, સુસંયમી અને પ્રભાવક શ્રમણોનું અદ્ભુત ઘડતર કરનારા મહાન **શ્રમણશિલ્પી** પણ ગુમાવ્યા છે.
- નાસ્તિક્તા, વિલાસિતા અને ભૌતિકતાના ઘોડાપુરમાં તણાઈ જતી યુવાપેઢીની શિબિરના વિરાટ અભિયાન દ્વારા સુરક્ષા કરી તેને ધર્માભિમુખ બનાવવા દ્વારા જૈન સંઘની આખી રોનક પલટી નાંખનારા **નવસર્જક** પણ ગુમાવ્યા છે.
- (૧) સ્વ-પર દર્શનના થોકબંધ ગ્રન્થોના સાંગોપાંગ અધ્યયન આદિથી સંપાદિત વિપુલ શાસ્ત્રબોધ; (૨) ગુરુકૃપા, ગુરુગમ અને પ્રકૃષ્ટ નિર્મળ પ્રજ્ઞાના ત્રિવેણી સંગમથી નીપજેલી શાસ્ત્રમર્મજ્ઞતા; (૩) તર્કની ખોતરણીથી શાસ્ત્રના ઊંડાણમાં પહોંચી અઢળક રહસ્યોને ખોજી કાઢવાની અદ્વિતીય કલાથી સમન્વિત શાસ્ત્રવચનોનો યથાર્થ સમન્વય સાધવાનો કુશળ ક્ષયોપશમ. આવા ઉન્નત



શિખરોથી શોભતો ત્રિશિખરી ભવ્ય **જ્ઞાનપ્રાસાદ** પણ ગુમાવ્યો છે.

- પ્રવચનનો મંત્ર ફૂંકીને શ્રોતાઓની રગરગમાં વ્યાપેલા મોહના અને વિષયરાગના કાતિલ વિષ ઓકાવી નાંખી વિષમુક્ત કરનાર **પ્રવચનગારુડી** પણ ગુમાવ્યા છે.
- લલિત વિસ્તરા કે પંચસૂત્ર જેવા ગહન ગ્રન્થોને અનુપ્રેક્ષાની ગાગરમાં વલોવીને પ્રાપ્ત થયેલા મધુર નવનીતને પીરસનાર **ગોપાલ** પણ ગુમાવ્યો છે.
- નિત્ય પ્રભાતે નયણા કોઠે વાચનાની પડીકી આપીને શ્રમણવર્ગના પ્રમાદાદિ રોગોને શમાવી નવીન તાજગી બક્ષનાર **કુશળ વૈદ્યરાજ** પણ ગુમાવ્યા છે.
- અનુચિંતનની કૂંચીથી શાસ્ત્રપંક્તિઓ રૂપી નિધાનના તાળા ખોલીને અંદરથી અઢળક રહસ્યોનો ખજાનો બહાર કાઢી સહુનું ભાવદારિદ્રય દૂર કરનારા મહાન શાસ્ત્રાનુચિંતક અને **શ્રુતદાનેશ્વરી** પણ ગુમાવ્યા છે.
- શ્રી સંઘના હીર, ખમીર અને ધૈર્યને ખલાસ કરી નાંખનારા વિખવાદો અને ભેદોને જિનાજ્ઞાસાપેક્ષપણે નિવારવા ઉપયુક્ત બનીને સકલ શ્રી સંઘના કૌશલ્યનું સંપાદન કરી આપનારા **સંઘકૌશલ્યાધાર** પણ ગુમાવ્યા છે.
- પંચાચારનું પાલન કરવા અને કરાવવામાં પ્રવીણ અને ધર્મપ્રભાવનામાં દક્ષ એવા **ધુરંધર ભાવાચાર્ય** પણ ગુમાવ્યા છે.
- પ્રતિ સપ્તાહ **'દિવ્ય દર્શન'**ના માધ્યમથી આત્મહિતકાર, દિવ્ય ચિંતન ઘર - ઘર સુધી પહોંચાડનાર સહુના મહાન **આત્મહિતચિંતક** પણ ગુમાવ્યા છે.
- બાલદીક્ષાપ્રતિબંધકબીલ, તીર્થો પરના આક્રમણો, હિંસાનો પ્રચાર આદિ શાસન પરના અનેક આક્રમણોમાં સંઘ અને શાસનની સુરક્ષા કરનારા **કાબેલ શાસનરક્ષક** પણ ગુમાવ્યા છે.
- ધન્નાજી, સીતાજી, સુલસા આદિના ચરિત્રોને ઘૂંટીને તેને વિવિધ રીતે મૂલવી સુંદર બોધ પમાડવાની અદ્ભુત કળાને ધારણ કરનારા **મહાન ચરિત્રકથક** પણ ગુમાવ્યા છે.
- સૂરીલા કંઠથી અને હૃદયના ભીના ભાવોથી પ્રભુસ્તવના કરતા કરતા સહુ કોઈને ભક્તિની ભવ્ય સૃષ્ટિમાં ખેંચી જનારા **અવ્વલ પરમાત્મભક્ત** પણ ગુમાવ્યા છે.
- વર્ધમાનતપની ૧૦૮ ઓળી ઉપરાંત પ્રસંગે પ્રસંગે નાનકડા પણ નિમિત્ત

પામીને છઠ્ઠ, ઉપવાસ, આયંબિલ આદિ તપશ્ચર્યા આદરી લેનારા તપની સાથે ગાઢ દોસ્તી ધરાવનારા **જીગરજાન તપમિત્ર** પણ ગુમાવ્યા છે.

- દિવસભર સંયમયોગોની સાધનામાં વ્યક્ત રહીને રાત્રે પણ અલ્પનિદ્રા લઈને બાકીની રાત્રી ચંદ્રપ્રકાશમાં લેખન કરવા આદિમાં વ્યતીત કરનારા **અપ્રમત્ત મહાસાધક** પણ ગુમાવ્યા છે.
- અત્યંત મંદ ક્ષયોપશમવાળા શિબિરાર્થી કે સાધુને પણ અત્યંત સરળતાથી અઘરું તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, પ્રાકૃત કે ન્યાય ભણાવી દેનારા **મહાકુશળ અધ્યાપક** પણ ગુમાવ્યા છે.
- પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ ચેતનવંતી બને તે માટે દરેક સૂત્ર બોલતી વખતે આબેહૂબ યથાયોગ્ય કલ્પનાચિત્ર ઊભું કરવાની કળા શીખવનાર **નિષ્ણાત કલ્પનાશિલ્પી** પણ ગુમાવ્યા છે.
- અષ્ટ પ્રવચન માતાનું ઝીણવટથી પાલન કરનારા અને દરેક બાબતમાં પ્રમાર્જના આદિનો સૂક્ષ્મ ઉપયોગ રાખવાના આત્મસાત્ અભ્યાસી એવા **સુવિશુદ્ધ સંયમધર** પણ ગુમાવ્યા છે.

એક એક ગુણ અને એક એક વિશેષતાથી તેમનું નવા નવા રૂપે સ્વતંત્ર નવું વ્યક્તિત્વ વિલસતું હતું.

**પૂજ્યપાદશ્રીની વિદાયથી આપણી માત્ર એક રકમ નથી ભૂંસાઈ ગઈ પણ, સેંકડો ગુણોનો મોટો સરવાળો ભૂંસાઈ ગયો છે.**

હવે, તમે જ કહો...

એ દુષ્ટ કાળ ઉપર હજુ ય અમે ઘુરકીયા ન કરીએ તો શું કરીએ ?

★ ★ ★

**પૂજ્ય પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનું જીવન એટલે એક મહાન ગ્રંથ**

## મહાન જીવનગ્રંથની સંક્ષિપ્ત વિષયસૂચિ

**નામ :** પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુભુસૂરીશ્વરજી મહારાજા

**જન્મ દિવસ :** ચૈત્ર વદ ૬, સંવત ૧૯૬૭, તારીખ ૧૯-૪-૧૯૧૧



**જન્મસ્થળ :** અમદાવાદ, કાળુશીની પોળ,

**માતાજી :** ભૂરીબેન

**પિતાજી :** ચીમનભાઈ

**સંસારીપણે ભાઈઓ :** શાંતિભાઈ, પોપટભાઈ (પદ્મ વિ.મ.) ચતુરભાઈ, જયંતિભાઈ (તરુણ વિ.મ.)

**સંસારીપણે બહેનો :** શારદાબેન, વસુબેન, બબીબહેન (સાધ્વીશ્રી હંસકીર્તિશ્રી)

**પોતાનું સંસારી નામ :** કાંતિભાઈ

**વ્યવહારિક અભ્યાસ :** G.D.A. C.A. સમકક્ષ + Banking ઈન્સ્ટીટ્યુડ ઓફ બેન્કર્સ ઈંગ્લેડ સપુરસ્કાર, ગવર્મેન્ટ ડીપ્લોમાઈડ એકાઉન્ટન્ટ ઈન્સ્ટીટ્યુડ ઓફ બેન્કર્સ ઈન્કોર્પોરેટેડ સેક્રેટરી

**દીક્ષા વય :** ૨૩ વર્ષ

**દીક્ષા દિવસ :** પોષ સુદ ૧૨, સંવત ૧૯૯૧, તા. ૧૬-૧-૧૯૩૫

**દીક્ષા સ્થળ :** ચાણસ્મા

**દાદા ગુરુદેવશ્રી :** સકલાગમરહસ્યવેદી સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. દે. શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી મ.

**ગુરુદેવશ્રી :** સિદ્ધાન્ત મહોદધિ સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. દે શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા

**દીક્ષિત ભાઈના નામ :** પૂ. પંન્યાસ શ્રી પદ્મવિજય ગણિવર્ય, પૂ. મુનિરાજ શ્રી તરુણવિજય મ. સા.

**દીક્ષિત સંસારીપણાની બેનનું નામ :** પૂ. સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મ. સા.

**વિશિષ્ટ ગુણો :** ગુરુપારતંત્ર્ય, તપ, સંયમ, ત્યાગ, તિતિક્ષા, ક્ષમા, જ્ઞાન, વૈરાગ્ય, પ્રભુભક્તિ, શુદ્ધક્રિયા, અપ્રમત્તતા, બ્રહ્મચર્ય, શાસ્ત્રનિષ્ઠા આદિ

**પ્રસિદ્ધ વિશેષણો :** વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ, વૈરાગ્યરસ મહોદધિ, સંઘકૌશલ્યાધાર, સંઘહિતચિંતક, અનેકાંતદેશનાદક્ષ, પ્રવચનપ્રવીણ ગચ્છાધિપતિ આદિ

**અત્યંત ઉપયોગી સર્જન :** પ્રાકૃત નિયમાવલી, સંસ્કૃત નિયમાવલી, ન્યાયભૂમિકા વગેરે

**શ્રેષ્ઠતમ સાહિત્ય :** પરમતેજ, ઉચ્ચ પ્રકાશના પંથે, યોગદૃષ્ટિ સમુચ્ચયના વ્યાખ્યાનો, ધ્યાન અને જીવન, ધ્યાનશતક, સીતાજીના પગલે પગલે ઇત્યાદિ

**જૈન સંઘને શ્રેષ્ઠ ભેટ :** પ્રભાવક શ્રમણો, પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ, શિબિર, સંઘ એકતા નિર્માણ, વિશાળ સાત્ત્વિક સાહિત્યનો ખજાનો વગેરે.

**ચાતુર્માસ અને વિહારભૂમિ :** સાત રાજ્યના ૩૦ ગામ/નગરમાં કુલ ૫૮ ચાતુર્માસ

**સરળ ઓળખાણ** : નીચી દૃષ્ટિ, નિસ્પૃહતા, નિર્દોષ ગોચરી, ચાંદનીમાં પણ લેખન, અષ્ટાપદજીની પૂજા, અદ્‌ભુત પ્રતિક્રમણ

**અતિપ્રિય બાબતો** : સાધુનિર્યામણા, સાધુવાચના, શાસ્ત્રસ્વાધ્યાય ઘોષ, સૂક્ષ્મ જયણા, પરગુણપ્રશંસા, અનેકાંત-સ્યાદ્‌વાદ

**આનંદના વિષયો** : સંયમજીવનની પ્રાપ્તિ, સંઘએકતાનિર્માણ, કતલખાનાને તાળા મરાવ્યા, ગુરુદેવની સેવા, દેવદ્રવ્યાદિની શુદ્ધિ, મુમુક્ષુનો સંયમસ્વીકાર, તત્ત્વની જાણકારી, સ્તવનાદિના રહસ્યાર્થની પ્રાપ્તિ

**દુ:ખદ ક્ષણો** : ગુરુદેવનો વિયોગ, જિનાલય આદિમાં ભગવાનની આશાતના, થોડો પણ પ્રમાદ, સંઘમાં વિખવાદ

**વહેતી અધ્યાત્મગંગા :** દિવ્યદર્શન સાપ્તાહિક, તીર્થંકર દિવ્યદર્શન (હિન્દી) પાક્ષિક

**ગણિપદ :** સંવત ૨૦૧૨, ફાગળ સુદ ૧૧, તા. ૨૨-૨-૫૬ પુના

**પંન્યાસપદ :** સંવત ૨૦૧૫, વૈશાખ સુદ ૬, તા. ૨-૫-૧૯૬૦ સુરેન્દ્રનગર

**આચાર્યપદ :** સંવત ૨૦૨૯, માગસર સુદ ૨, તા. ૭-૧૨-૧૯૭૨ અમદાવાદ

**ગચ્છાધિપતિપદ :** સંવત ૨૦૪૬, પોષ સુદ ૧૨, તા. ૮-૧-૧૯૯૦ ઈરોડ

**૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ :** સંવત ૨૦૨૬, કલકત્તા આસો સુદ-૧૫, તા.૧૪-૧૦-'૭૦

**૧૦૮ ની લાઈનમાં :** સંવત ૨૦૩૫, મુંબઈ ફાગણ વદ ૧૩, તા. ૨૫-૩-૧૯૭૦

**કાલધર્મ દિવસ :** સંવત ૨૦૪૯, ચૈત્ર વદ ૧૩, તા. ૧૯-૪-૧૯૯૩, અમદાવાદ

**અગ્નિસંસ્કાર સ્થાન :** અમદાવાદ, પંકજ સોસાયટી, ભઠ્ઠા પાસે, પાલડી

**ઉત્તરાધિકારી પટ્ટપ્રભાવક :** સિદ્ધાન્તદિવાકર પૂ.આ.દે. શ્રીમદ્‌વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા.

★ ★ ★



## સંઘ અને શાસનને મહાન ખોટ પડી છે

**- પૂજ્યોના ઉદ્‌ગારો :**

કુવાલા ગામે આચાર્યશ્રીના કાલધર્મના સમાચાર મળ્યા, સંઘ અને શાસનને મોટી ખોટ પડી છે, ચતુર્વિધ સંઘ સહિત દેવવંદન કરેલ છે.

**- પૂ. આ. દે. શ્રીમદ્‌ વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.**

આચાર્યશ્રીનું આપણા વચ્ચેથી જવું એ એક દુ:ખદ બન્યું છે, જ્યારે આજના સંયોગોમાં તેઓની ખાસ આવશ્યક્તા હતી તેવા સંયોગોમાં તેઓના નેતૃત્વથી શ્રી સંઘને સમુદાયને એક વિશ્વસનીય સ્થાન પૂરું પડે તેમ હતું.

**- પૂ. આ. દે. શ્રીમદ્‌ વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.**

તેઓનું અસ્તિત્વ અતિ આવશ્યક હતું તે સમયે તેઓ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા.

**- પૂ. આ. દે. શ્રીમદ્‌ વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

તેઓશ્રીનો આત્મા મુક્તિ ભણી ઝડપી પ્રયાણ કરવા આપણને નિરાધાર મૂકીને ચાલ્યો ગયો, તેઓ જલ્દી પોતાના ધ્યેયને સિદ્ધ કરો એ જ અભિલાષા.

**- પૂ. આ. દે. શ્રીમદ્‌ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**

પૂજ્યશ્રીના ગમનથી જિનશાસનમાં જ્ઞાનયોગી, ક્રિયાયોગી તપોનિષ્ઠ પૂતાત્માનો વિરહ પડ્યો છે.

**- પૂ. આ. દે. શ્રીમદ્‌ વિજય યશોરત્નસૂરીશ્વરજી મ.સા.**

પૂજ્યશ્રીના અગણિત ગુણો નજર સામે તરવરે છે અને તેઓશ્રીની યાદ તાજી બની જાય છે.

**- પૂ. આ. દે. શ્રીમદ્‌ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. (કલિકુંડ)**

એક અણમોલ જવાહિરની શાસનને જે ખોટ પડી તે પૂરી શકાય તેમ નથી.

**- પૂ. આ. દે. શ્રીમદ્‌ વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા. ડહેલાવાળા**

ગચ્છાધિપતિશ્રીના કાળધર્મથી જૈન શાસનનો ચમકતો દમકતો હીરલો ખરી પડ્યો.

**- પૂ. આ. દે. શ્રીમદ્‌ વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**

આખા શાસનને તો મહાન ખોટ પડી જ છે, પણ મારા માટે અંગત વડીલ જેવા અને આધારભૂત આચાર્ય હતા.

**- પૂ. આ. દે. શ્રીમદ્ વિજય રાજયશસૂરીશ્વરજી મ.સા.**

પૂજ્ય પરમોપકારી પરમ ગુરુદેવશ્રી અચાનક ચાલ્યા ગયા, શૂન્યાવકાશ સર્જાયો, તેઓશ્રીની ખોટ ખૂબ જ સાલશે.

**- પૂ. આ. દે. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.**

**जैन शासन के एक महान आचार्यश्री के चले जानेसे उस की क्षतिपूर्ति जल्दी होना संभव नहीं लगता है ।**

- પૂ. આ. દે. શ્રીમદ્ **પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.**

આપણા સમુદાયના શ્રેષ્ઠ સાધક એવા પૂજ્યશ્રી સંયમ - સ્વાધ્યાયના સુંદર પ્રેરકબળ હતા.

- પૂ. આ. દે. શ્રીમદ્ **વિજય પ્રદ્યોતનસૂરીશ્વરજી મ.સા.**

પૂજ્યપાદશ્રી અનેક ગુણોએ કરીને સુશોભીત હતા.

- પૂ. આ. દે. શ્રીમદ્ **વિજય નયપ્રભસૂરીશ્વરજી મ.સા.**

પૂજ્યપાદ આચાર્ય ભગવંત વિશુદ્ધ ચારિત્રપાલક, તપસ્વી અને પરમગીતાર્થ હતા.

- પૂ. આ. દે. શ્રીમદ્ **વિજય અશોકરત્નસૂરીશ્વરજી મ.સા.**

એક મહાન આરાધક અને સંઘમાં વિવિધ રીતે આરાધનાપ્રેરક વિભૂતિ ચાલી ગઈ.

**- પૂ. મુનિરાજશ્રી જંબૂવિજય મ.સા.**

જૈન સંઘને પંક્તિબદ્ધ વિદ્વાન મુનિવરોની ભેટ દેનારા પૂજ્ય આચાર્ય ભગવંતની વિદાયથી જબ્બર ખોટ પડી છે.

**- પૂ. મુનિરાજશ્રી દેવરત્નસાગરજી મ.સા.**

★ ★ ★



# શિબિરના માધ્યમથી યુવાપેઢીનો જીર્ણોદ્ધાર

- પૂ. પં. પ્ર. શ્રી રત્નસુંદરવિજયજી ગણિવર મ.સા.

દુઃખીને સુખી બનાવી દેવામાં એવો કોઈ ચમત્કાર સર્જાતો નથી, પથ્થરને પ્રતિમા બનાવી દેવામાં એવી કોઈ પ્રચંડ પ્રતિભાની જરૂર પડતી નથી, ભિખારીને શ્રીમંત બનાવી દેવાનું કામ એવું કાંઈ કપરું નથી. પરંતુ દોષિતને ગુણવાન બનાવી દેવામાં સફળતા પ્રાપ્ત થવી એ ખરેખર આશ્ચર્યકારક વાસ્તવિક્તા છે. આવો ચમત્કાર સર્જવામાં અનંતોપકારી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાને** જે સફળતા પ્રાપ્ત થઈ છે એ સફળતાનું દર્શન ભલભલા ચમરબંધીને ય એ તારક પ્રત્યે સદ્ભાવ પ્રગટાવી જ દે એમાં લેશ પણ શંકા નથી.

શ્રદ્ધાના ટમટમતા નાનકડા દીવડાને પળ-બે પળમાં હતો-ન હતો કરી નાખે એવા ભયંકર વિલાસના આ યુગમાં એ તારકે શરૂ કરી જૈન આધ્યાત્મિક શિક્ષણ શિબિરો ! વેકેશનના ગાળામાં યુવાનો સમયનો જબરજસ્ત સદુપયોગ કરી શકે એ ખ્યાલે તેઓશ્રીએ જે સમયમાં આ શિબિરો શરૂ કરી એ સમયમાં આ શિબિરોનું આયોજન કેટલું કપરું હતું એ તો એ સમયની શિબિરો જેણે જોઈ હોય એને જ ખ્યાલ આવે !

પણ, પોતાના પરમોપકારી ગુરુદેવ પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાનું જબરદસ્ત પીઠબળ, એઓશ્રીના અંતરના આશીર્વાદ અને પોતાનું અદ્ભુત સંયમબળ, ગજબનાક શુભ નિષ્ઠા, સોંસરવી અંતરમાં ઉતરી જાય એવી મસ્ત પ્રવચનકળા, વિષયવૈરાગ્ય - કષાયત્યાગવાળી સુંદર સંયમચર્યા - આ બધાના પ્રચંડ બળે શિબિરોના આ આયોજનમાં તેઓશ્રીએ ગજબનાક સફળતા મેળવી.

ઉનાળાની સખત ગરમી, આયંબિલનો તપ, રોજના પાંચ પાંચ કલાકના પ્રવચનો અને શ્રોતાઓ તરીકે ગુમરાહ બનેલા સેંકડો યુવકો ! મોરલીના અવાજે સર્પો ન ડોલે એ હજી બને, વાદળાના ગડગડાટ છતાં મોરલાઓ ટહુકા ન કરે એ હજી બને, પણ પૂજ્યશ્રીની ખળખળ વહેતી ગંગાના નીર જેવી વાણી અને યુવાનો ન ડોલે એ ન જ બને !

હું પોતે એ શિબિરોનો સાક્ષી છું. ષોડશક, જૈન ઇતિહાસ, માર્ગાનુસારી ગુણો, કર્મગ્રંથ જેવા કઠિન વિષયોની છણાવટ વખતે મારા સહિત અનેક યુવાનોને

મેં ઝૂમતા જોયા છે, જયવંતા જિનસાસન પ્રત્યે જીવન જીવવાનો દૃઢ સંકલ્પ કરતા નિહાળ્યા છે.

ન સમજી શકાય કે ન કલ્પી શકાય એવો આ ચમત્કાર હતો ! દેરાસરમાં પૂજા કરવામાં કે ઉપાશ્રયમાં વ્યાખ્યાનો સાંભળવામાં, ઉપધાન તપની આરાધનામાં કે સંયમ જીવન અંગીકાર કરવામાં યુવાનોની સંખ્યામાં જે અત્યંત અધિકતા નજરે ચડે છે તે જોઈને તો ભલભલા બુદ્ધિજીવીઓ પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા છે.

લેશ પણ અતિશયોક્તિ કર્યા વિના કહેવું હોય તો કહી શકાય કે શિબિરોના માધ્યમ દ્વારા યુવાપેઢીને ધર્મમાર્ગે દોડતી કરીને જયવંતા જિનશાસનને ૫૦/૧૦૦ વરસ સુધી ઝળહળતું રાખવાનો પ્રધાન યશ પૂજ્યપાદ ગુરુદેવશ્રીના ફાળે જ જાય છે.

તેઓશ્રીના જીવનમાં તપ-ત્યાગ, સ્વાધ્યાય, જાપ, પ્રભુભક્તિ, અંતર્મુખવૃત્તિ. વાચના, અધ્યાપન વગેરે યોગો તો પરાકાષ્ટાના હતા જ. પણ, **ક્રિયોદ્ધાર** શબ્દ કાને પડતાં જ જેમ પૂ. પં. **શ્રી સત્યવિજયજી મહારાજ** યાદ આવી જાય છે, **'અમારિ પ્રવર્તન'** શબ્દ સ્મૃતિ પથ પર આવતાં જ જેમ પૂ. આ. ભ. **શ્રી હીરસૂરિ મહારાજ** યાદ આવી જાય છે, **'ન્યાય'** શબ્દની સ્મૃતિ જેમ પૂ. ઉપાધ્યાય**શ્રી યશોવિજયજી મહારાજને** સ્મૃતિ પથ પર લાવી જ દે છે, **વ્યાકરણની** વાત યાદ આવતા જ જેમ કલિકાલસર્વજ્ઞ પૂ.આ.ભ. **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ આંખ સામે તરવરવા જ લાગે છે, બસ, એ જ રીતે, શિબિર શબ્દ યાદ આવતાં કે કાને પડતાં જ એના આદ્યપ્રેરક તરીકે વર્તમાન પેઢી અને ભવિષ્યની પેઢી પણ વર્ધમાન તપોનિધિ વિશુદ્ધ સંયમમૂર્તિ પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને** યાદ કર્યા વિના નહીં જ રહી શકે એ નિર્વિવાદ વાત છે.

★ ★ ★

## આ વાતો તમારા મગજમાં નહિ ઉતરે...

- પૂ. પં. પ્ર. શ્રી હેમરત્નવિજયજી ગણિવર મ.સા.

(ગુણાનુવાદ પ્રવચનમાંથી...)

પૂજ્યશ્રીના જીવનમાં જે જે આદર્શો હતા, ઉપદેશમાં જે જે વાતો હતી તે બધી તેમણે જીવનમાં જીવી જાણી હતી. જિંદગીની છેલ્લી ક્ષણ સુધી પોતાના આદર્શોમાં અને દિનચર્યામાં ક્યાંય બાંધછોડ કરી નથી. પૂજ્યશ્રી એકદમ છોટી છોટી બાબતોમાં પણ વિરાગના મહાસાગરો ઘુઘવતા હતા. તમે નહિ માનો પણ સાચી હકીકતો છે કે પૂજ્યશ્રીએ નેઈલકટરથી કોઈ દિ' પૂરા નખ સમાર્યા નથી. નખનો એક છેડો નેઈલકટરથી કટ કરીને પછી આખો નખ બીજી હાથની આંગળીથી ઉતારી નાખતા. એકવાર પૂછ્યું તો કહે કે - કેશ, રોમ, નખ સમારવાથી સાધુને વિભૂષા કર્યાનો અતિચાર લાગે... આજના મેડીક્યોર, બેડીક્યોર અને ફેસીયલના મોર્ડન જમાનામાં આવી વાતો તમારા મગજમાં નહિ ઉતરે. આખી જીંદગીમાં કોઈ દિ' ખડિયાની શાહી વાપરી નથી. પેનોના ચળકતા ઢાંકણા પર પણ બ્લેક ઓઈલપેઈન્ટ કલર લગાડી દેવડાવતા, જેથી એ સોનેરી ઢક્કણ પર રાગ ન થાય. બ્રહ્મમુહૂર્તમાં વહેલી સવારે અને ઢળતી સંધ્યાએ પૂજ્યશ્રીને પ્રતિક્રમણ કરતા જોવા એ જિંદગીનો એક અમૂલખ લહાવો હતો. તેઓશ્રીની અપ્રમત્તતા, સૂત્રોના ભાવાર્થ મુજબ મુખ પર બદલાતા હાવ-ભાવ, નમસ્કાર, વાંદણાં, કાઉસ્સગ્ગ, ખમાસમણ વગેરેની વિવિધ મુદ્રાઓ અને એકદમ હળવું ફૂલ જેવું શરીર વગેરે જોતાં આપણે દિંગ થઈ જઈએ. પૂજ્યશ્રીએ પ્રતિક્રમણરૂપ આ ધ્યાનયોગની **'પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ'** નામના પુસ્તકમાં ચિત્રો સાથે રજુ કરેલ છે.

★ ★ ★

## કાશીના પંડિતો ત્યારે દિઙ્મૂઢ બની ગયા હતા

- પૂ. પં. પ્ર. શ્રી જયસુંદરવિજય ગણિવર મ.સા.

વિ. સ. ૨૦૨૬ માં જયપુરથી કલકત્તા પહોંચવા પૂજ્યશ્રીએ પગપાળા વિહાર કર્યો. વચમાં આવ્યું બનારસ (કાશીનગર), પંડિતોનું ધામ, મોટા મોટા વિદ્યાધામો-આશ્રમો-યુનિવર્સિટીઓ, તેમાંનું એક વારાણસેય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, જેના વાઈસ ચાન્સલર હતા પંડિત સંપૂર્ણાનન્દ. (જેઓ પાછળથી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બનેલા.) તેમજ ત્યાં રિસર્ચ ડિરેક્ટર હતા પં. બદરીનાથ શુક્લ. (જેઓ પાછળથી આ જ વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સલર બન્યા હતા.) આ બંને મહાનુભાવોએ પૂજ્યશ્રી પાસે આવીને પોતાના વિશ્વવિદ્યાલયમાં પધારી તેમના વિશાળ જ્ઞાનનો લાભ આપવા માટે વિનંતી કરી. વારાણસીના અલ્પ રોકાણમાં પણ પૂજ્યશ્રીએ લાભાલાભ જોઈને હા પાડી. વિષય રાખવામાં આવ્યો- **'માનવસૃષ્ટિ ઉત્થાન મેં જૈનધર્મકા યોગદાન.'**

તા. ૧૫/૨/૭૦ ના બપોરે સમયસર પૂજ્યશ્રી ત્યાં પહોંચ્યા. વિશ્વવિદ્યાલયના

અગ્રણીઓએ પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. સભા ભરાઈ જેમાં ઘણા બધા એમ.એ., પી.એચ.ડી. કે શાસ્ત્રી આચાર્ય થયેલા પંડિતો તેમજ કેટલાક બૌદ્ધ ભિક્ષુઓની પણ નોંધપાત્ર ઉપસ્થિતિ હતી. સભાના સંચાલક રિસર્ચ ડિરેક્ટરે પૂજ્યશ્રીનો પરિચય સભાને કરાવ્યો, ''મુનિ શ્રી ભાનુવિજયજીએ જૈનદર્શન-જૈનઆગમશાસ્ત્રોનો ખૂબ સારો અભ્યાસ કર્યો છે એટલું જ નહીં પણ અન્ય દર્શનોના નવ્યન્યાય-પ્રાચીનન્યાયના વિષયોનું પણ તલસ્પર્શી અધ્યયન કર્યું છે અને અનેકને કરાવ્યું છે. ઉપરાંત પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાનના પણ તેઓ અભ્યાસી છે. સુ-અભ્યસ્ત દાર્શનિક સિદ્ધાન્તોનો સુયોગ્ય સમન્વય કરવામાં પણ તેઓ નિપુણ છે. ભારતીય અન્ય દર્શનો કરતાં આગળ વધીને જૈનદર્શને વિશ્વને કઈ વિશેષતાઓની ભેટ ધરી છે તેનો તેઓશ્રી આપણને ખ્યાલ આપશે. તેઓ સો-એક શિષ્યોના માનીતા ગુરુ છે. તેમના કેટલા ય શિષ્યોએ પિંડવાડા (રાજસ્થાન) રહીને સંસ્કૃતમાં હજારો શ્લોક પ્રમાણ કર્મ સાહિત્યની રચના કરી છે. હવે હું તેઓને પ્રવચન આપવા વિનંતિ કરું છું.''

ત્યાર બાદ પૂજ્યશ્રીએ **'ઉપદેશ રહસ્ય'** ગ્રન્થના **'तह तह पयट्टियव्वं जह जह राग-द्दोसा विलिज्जंति'** અંતિમ શ્લોકને આધારે બે કલાક સુધી અસ્ખલિત વાગ્ધારાવડે પ્રવચન ફરમાવીને કાશીના પંડિતોને દિઙ્મૂઢ કરી દીધા હતા. જોઈ લો એની આછી ઝલકો.

• 'શિક્ષણ આપો... શિક્ષણ આપો' ઘણી બૂમરાણ થાય છે પણ 'કયું શિક્ષણ કઈ શિક્ષા' એનો કોઈને વિચાર નથી. જૈનદર્શન આ કહે છે કે 'રાગદ્વેષનો ક્ષય થાય એવું શિક્ષણ એ જ ખરું શિક્ષણ' બાકી તો સરકસમાં કૂતરાઓને પણ ઘણું શિક્ષણ અપાય છે. એક લેખકે કહ્યું છે કે Man has changed this earth physicaliy-chemically and in many other ways, but the sorrowful thing is, he is utterly ignorant of the ultimate goal 'as to why all this.'

- માનવજાતને વિશેષ શું અપેક્ષણીય છે ? નીરોગી-સ્વસ્થ-તત્ત્વાનુસારી મન.
- ભગવાન મહાવીર સ્વામીએ ઠેઠ એકેન્દ્રિય ઝાડ-પાન વગેરે જીવો સુધીની દયા અને પ્રેમનો ઉપદેશ આપ્યો છે. એના માટે - જૈનધર્મે વિશિષ્ટ જીવ વિજ્ઞાન આપ્યું છે.
- જૈનધર્મની અહિંસા સૂક્ષ્મ કોટિની અને આગવી છે.
- પૃથ્વી-પાણી વગેરે કાયાવાળા સૂક્ષ્મ જીવોની ય હિંસા કરવી નહીં, કરાવવી નહીં, અનુમોદવી નહીં એવા મહા-અહિંસાવ્રતને પાળનાર જૈન સાધુસંસ્થા આપીને જૈનધર્મે માનવજાતને એક અનન્યલભ્ય ઉચ્ચ જીવન આદર્શ પૂરો પાડ્યો છે, એ પણ જૈનધર્મની આગવી બક્ષિસ છે.
- પૃથ્વી-પાણી-અગ્નિ વગેરેનો પરિમિત ઉપભોગ, તે પણ કમ્પતા દિલે.... એ પણ જૈનધર્મની માનવજાતને એક બક્ષિસ છે.
- જૈનધર્મે માનવજાતને સંવર અને નિર્જરામાર્ગની અનન્ય ભેટ કરી છે.
- પાપનો અપેક્ષાભાવ પણ દુષ્કૃત્ય છે. વનસ્પતિના જીવોને વ્યક્ત પાપો ન હોવા છતાં વિરતિભાવ ન હોવાથી ઉદ્ધાર થતો નથી. ઈત્યાદિ...

પ્રવચન પૂર્ણ થયા પછી 'વિરતિધર્મ'ની મહત્તા સમજીને ખુદ વાઈસ ચાન્સલરે પોતે અત્યન્ત પ્રભાવિત થઈને પૂજ્યશ્રી પાસે એક નાનકડો નિયમ લીધો હતો અને પૂજ્યશ્રીનો ખૂબ આભાર માન્યો હતો.

આવા હતા ચમકારા એ પૂજ્યશ્રીના ધર્મતેજનાં,


(આ સંપૂર્ણ પ્રવચન **'માનવજાતિને જૈનધર્મની બક્ષીસ'** ગુજરાતી-ઈંગ્લીશમાં છપાયેલ છે.)

★ ★ ★

## કાલધર્મ વખતની ગ્રહસ્થિતિ : એક અધ્યયન

(લે.- પૂ. મુનિરાજશ્રી અજિતશેખરવિજય મ.સા.)

જન્મતારીખે જ કાળધર્મ પામેલા આ વિશિષ્ટ કક્ષાના યોગી મહાપુરુષની કાળધર્મ વખતની કુંડલીના અભ્યાસથી જણાય છે કે આ મહાપુરુષે પોતાનું જન્મકર્મ અને જીવનકર્મ લગભગ પૂર્ણ કર્યું છે અને હવે અલ્પકાળમાં જ પૂર્ણપદ-મોક્ષપદને પામશે.




કાલધર્મ સ્થાન : અમદાવાદ

કાલધર્મ તિથિ : ચૈત્ર વદ ૧૩, સંવત ૨૦૪૯

કાલધર્મ તારીખ : ૧૯-૪-૧૯૯૩

કાલધર્મ સમય : બપોરે ૧ ક. ૩૦ મિ.

જન્મકુંડળીના અષ્ટમેશ મંગળ પરથી શનિની વિંશોતરી દશામાં - શનિની

જ આંતરદશામાં ગોચરના શનિનું ભ્રમણ અને એ જ શનિ જન્મકુંડળીમાં બળવાન ગણાતા સૂર્ય પર દૃષ્ટિ ફેંકે તથા જન્મકુંડળીનો મારકેશ શુક્ર ગોચરમાં જન્મકુંડળીના મોક્ષસ્થાનમાં પહોંચે તથા ગોચરના મંગલની ગોચરના શનિ પર દૃષ્ટિ... આ બધા યોગોએ શિષ્યવર્ગ અને જૈન સંઘને અત્યંત આઘાતમાં નાખી દે તેવી ઘટનાને આકાર આપ્યો.

પણ, યોગ કેવા ? જન્મકુંડળીનો બળવાન સૂર્ય કાળધર્મની કુંડળીમાં પણ બળવાન છે. કર્મસ્થાને ઉચ્ચદશામાં રહેલો સૂર્ય સૂચવે છે કે આ મહાપુરુષ વિશિષ્ટતમ કાર્ય કરવા આપણને છોડી અન્યત્ર ચાલ્યા ગયા. જન્મ વખતે સૂર્ય જેટલા અંશનો હતો... કાળધર્મ વખતે પણ એટલા જ અંશનો... ચંદ્ર સૂર્યથી બારમે... એટલે મન અને આત્મા એક બનવાની ભૂમિકા અને ભાગ્યભુવનમાં ત્રણ સૌમ્ય ગ્રહો કે જેના પર ગુરુની પૂર્ણ દૃષ્ટિ.... ચારે સૌમ્યગ્રહોનો આ કેવો ગજબનો સુમેળ ! અને તે પણ ભાવીના ઉદિતોદયસૂચક ભાગ્યભવનમાં જ. ભાગ્યભુવનનો સ્વામી ભાગ્યભુવનને જુએ. બુધ સાથે પરિવર્તનયોગથી બળવાન બને. ઉચ્ચનો શુક્ર ભાગ્યભુવને. ચંદ્ર-ગુરુની પરસ્પર દૃષ્ટિ-કેન્દ્રયોગ... અને કોઈ પાપ-ક્રૂર ગ્રહની એમાં કાળી દૃષ્ટિ નહીં અને ભાગ્યથી બારમે સ્વગ્રહી શનિ. એટલે ઉચ્ચતમ સુખ... આનંદ.... સિદ્ધિ.... યશ... ઉચ્ચતમ પદ... આવા વાતાવરણ વચ્ચે વૈરાગ્યભાવ તો એવો ને એવો પ્રબળ જ. આ શનિ જાણે મોક્ષ અપાવીને જ જંપશે. ગજબના મહાપુરુષ... ગજબનું જીવન... ગજબના યોગો...

## પ્રસંગમાળા

**આત્મસાત્ ઉપયોગ :**

એકવાર દેરાસરમાં 'તુભ્યં' નમસ્ત્રિભુવના૦' સ્તુતિ સામૂહિક બોલીને ઉપાશ્રયમાં આવ્યા બાદ પૂજ્યશ્રીએ સાધુઓને પૂછ્યું : ''આ સ્તુતિમાં ચાર વાર નમસ્કાર આવ્યા, ચાર વાર માથું ઝૂકેલું ? નમઃ બોલતી વખતે મસ્તક આમ ને આમ ઊંચું રહે અને મસ્તક ન ઝૂકે તો મૃષાવાદ ન લાગે ?''

આ પ્રસંગે પૂજ્યપાદશ્રીની એક અદ્‌ભુત વિશેષતા નજરે ચડી ગઈ. તુભ્યં નમઃ સ્તુતિ બોલતી વખતે ઘણાંખરાંનું માથું નમવાને બદલે કેવું અક્કડ રહે છે તે પૂજ્યશ્રીને દર્શાવવું હતું. પણ, નમઃ શબ્દ આવે અને શિર ઝૂકી ન જાય એવું દેખાડવામાં પૂજ્યશ્રીને ઘણો પ્રયાસ કરવો પડેલો અને છતાં બે વાર તો મસ્તક નમી જ ગયેલું. નમઃ શબ્દ આવે અને સાથે નમસ્કાર થઈ જ જાય તેવો તેઓશ્રીને કેવો જ્વલંત અભ્યાસ હશે !



પૂજ્યશ્રી કાયમ કહેતા કે સૂત્રો બોલતી વખતે પણ **ણમો, વંદે, વંદામિ** વગેરે શબ્દો આવે ત્યારે એ શબ્દોને જરાક અલગ પાડી ભારપૂર્વક બોલવા જોઈએ જેથી આપણો અને સાંભળનારનો એમાં વિશેષ ઉપયોગ જવાથી નમસ્કાર કરવાનું ચૂકી ન જવાય. (પૂ.મુનિરાજશ્રી અભયશેખરવિજયજી ગણિવર)

★ ★ ★

**આહારનિઃસ્પૃહતા :**

સુરતના અંતિમ ચાતુર્માસમાં સ્વ. પૂજ્યપાદશ્રીની ગોચરી લાવવાનો અને તેઓશ્રીને વપરાવવાનો લાભ મને ઘણો મળ્યો હતો. તેઓશ્રી પરિમિત અને સાદા દ્રવ્યની ગોચરી જ વાપરતા. નાદુરસ્ત તબિયતના કારણે ડૉક્ટરના સૂચનથી ફળ આદિ વાપરવા અમે આગ્રહ કરીએ તો પણ તે માટે તેમની નારાજગી રહેતી. અમારા સહુના અત્યંત દબાણને વશ થઈને કદાચ ક્યારેક લઈ લે તો પણ વાપરતાં અને વાપર્યા પછી તેઓશ્રીને થતો બળાપો આપણાથી જોઈ શકાય નહિ. તેઓશ્રી કહેતા કે, શરીર એ તો આત્મા ઉપર થયેલું ગુમડું છે. ગુમડાંને મલમનો લેપ કરાય, લપેડા ન કરાય. ગ્લાનાવસ્થામાં પણ ગોચરીની નિર્દોષિતા માટે ખૂબ જાગૃતિ રાખતા. ઘણી વાર પૂછી લેતા - અલ્યા, ભક્તિની ઘેલછામાં ગોચરી દોષિત તો નથી લાવ્યો ને ?

- પૂ. મુનિરાજશ્રી હંસબોધિવિજય મ.સા.

★ ★ ★

**સૂક્ષ્મ ઉપયોગ :**

એક વાર પૂજ્યપાદશ્રીની તરપણીમાં મેં પાણી ભર્યું અને તેના ઉપરની ટોકસી લૂછી નહિ. ટોકસીમાં પાણીનું એકાદ ટીંપું રહી ગયું હતું. પૂજ્યશ્રીની નજર જતા તુરત મને કહ્યું : ''જો આ ટોકસી લૂછી નથી અને તેમાં કોઈ જીવાત આવીને ચોંટી જશે તો ! આપણાં માટે એક ટીંપું છે પણ સૂક્ષ્મ જંતુ માટે તો તે એક મોટું તળાવ છે. હવે ટોકસીથી પાણી લીધા પછી ટોકસી લૂછી લેવાનો ખાસ ઉપયોગ રાખજે.

- પૂ. મુનિરાજશ્રી અભયચંદ્રવિજય મ.સા.

★ ★ ★

**અદ્‌ભુત સંમાર્જન :**

એક વાર મેં પૂજ્યપાદશ્રીને પૂછ્યું, "હેં ગુરુદેવ ! આજકાલ દેવો પૃથ્વીતલ પર કેમ નથી આવતા ?" એક સ્મિત વેરીને પૂજ્યપાદશ્રીએ મારા પ્રશ્નનું સુરસુરીયું કરી નાંખ્યું.

હવે, બે દિવસ પછીનો એક પ્રસંગ, પાણી ગાળીને મેં ગળણું દોરી પર સૂકવ્યું, ઘડા બરાબર ઢાંક્યા, પરાતો ભીંતને અઢેલીને મૂકી. હોલમાં વચ્ચે પાટ પર બેઠેલા પૂજ્યપાદશ્રી આ બધું જોઈ રહ્યા હતા. તેઓશ્રીએ ઈશારાથી મને બોલાવ્યો. મને કહ્યું : "બે દિવસ પહેલા તું જ પૂછતો હતો ને કે દેવો કેમ નથી આવતા ?" મેં કહ્યું : "હા જી." "પાડ માન દેવોનો કે નથી આવતા. સાધુઓનું ઓડીટીંગ કરવા અહીં આવતા હોત તો તારો આ ઓઘો જ લઈ લેત. તેં અત્યારે ભીંતને અઢેલીને જમીન પર પરાત મૂકીને પહેલા ભીંત ઉપર અને જમીન ઉપર ઓઘાથી પૂંજ્યું હતું ? પૂંજવાના અનુપયોગથી કેવી જીવવિરાધના થઈ જાય ? ઓઘો બગલમાં રાખી મૂકવા માટે સ્વજનોએ વહોરાવ્યો છે ?"

બે દિવસ પહેલાના મારા પ્રશ્ન સાથે સંબંધ જોડીને મારી આજની ભૂલનું સંમાર્જન કરવાની પૂજ્યપાદશ્રીની કુશળતા પર હું તો વારી ગયો.

- પૂ. મુનિરાજશ્રી ઉદયવલ્લભવિજય મ.સા.

★ ★ ★

**મહારાજાની નગરચર્યા :**

પૂર્વના કાળમાં પ્રજાવત્સલ રાજા-મહારાજાઓ પ્રજાના સુખદુઃખ જાણવા વેશપલટો કરીને રાત્રે નગરમાં ફરતા.

ગુરુદેવ ઘણીવાર રાતના અંધારામાં દંડાસન લઈને આંટો લગાવવા નીકળતા અને અમારા પ્રમાદને દૂર કરતા. કોઈ સાધુ રાતના વહેલા ઉંઘી ગયા હોય તો તેને ઉઠાડીને કહેતા કે, મહાત્મન્ ! નિગોદમાં ઘણું ઉંઘ્યા છીએ આ જાગવાનો ભવ છે હજુ તો ઘણું વહેલું છે, સ્વાધ્યાય કરો.

કોઈ સાધુઓ કદાચ વાતે વળગ્યા હોય તો પણ તુરત મીઠો ઠપકો આપીને સ્વાધ્યાયમાં જોડતા.

ઘરડા સાધુને પણ સ્વાધ્યાયનો પ્રેમ ઊભો કરવા પ્રેરણા કરતા "કાંઈ ન આવડે તો પાંચ વાર **'પગામ સજઝાય'** બોલી જાઓ, પકખી સૂત્ર બોલી જાઓ પણ, સ્વાધ્યાય કરો. મને, મારા કાનને સ્વાધ્યાયના મંજુલ ઘોષ બહુ ગમે છે, મને એ સંભળાવો."

આ રીતે રાતના કાળા અંધારામાં ગુરુદેવ પ્રકાશ બનીને આવતા અને અમને પ્રમાદના અંધકારમાંથી બહાર કાઢતા.

- પૂ. મુનિરાજશ્રી પદ્મબોધિવિજય મ.સા.

★ ★ ★

**મારે જાવું છે જિનજીને ભેટવા :**

રોજ સવારે પૂજ્યપાદ ગુરુદેવશ્રીની સાથે બધા સાધુઓ દર્શન કરવા જતા એકવાર દર્શન કરવા જવાનો સમય થયો. એક સાધુ તૈયાર થઈને ઊભા હતા. પૂજ્યપાદ ગુરુદેવશ્રી તથા અન્ય મુનિભગવંતો કામળી વગેરે ઓઢીને તૈયાર થઈ રહ્યા હતા. ત્યારે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ તૈયાર થઈને ઊભા રહેલા પેલા મુનિરાજને પૂછ્યું : "આમ ખાલી ખાલી કેમ ઊભો છે ?"

"ગુરુદેવ ! આપ શું કહેવા માંગો છો તે હું સમજ્યો નહિ !"

"જો, આપણે દેરાસરજી જવું છે ને ? પેલી પંક્તિઓ સાંભળી છે ને - **'દેરે જાવા મન કરે ચોથ તણું ફળ પાવે'** - તે મુજબ આપણે દેરાસરજી જવાનું સંપૂર્ણ ફળ લઈ લેવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. દેરાસરજી જતા પૂર્વે - **'મારે જાવું છે જિનજીને ભેટવા'** - એ પંક્તિ રટવાની. અને, દેરાસરજીથી દર્શન કરીને પાછા વળતા - **'મેં તો પ્યારા જિનજીને ભેટીઆ'** - એ પક્તિ મનમાં લાવવાની. દેરાસરજી જતા પૂર્વે અને ગયા પછી આપણા મનને શૂન્ય નહિ રાખવાનું પણ જિનભક્તિથી ભર્યું ભર્યું બનાવવાનું. ગયા પૂર્વે **'ભેટીશું'** એ કલ્પનાનો આનંદ મેળવવાનો અને પાછા વળતા ભેટ્યાનો અનહદ આનંદ ભોગવવાનો."

પેલા મુનિરાજને અને બીજા મુનિઓને પણ આજે તો કિંમતી નજરાણું મળી ગયું.

- પૂ. મુનિરાજશ્રી ગુણસુંદરવિજય મ.સા.

★ ★ ★

**ભીનો ભીનો ભક્તિરસ :**

૧૮-૧૯ વર્ષ પહેલાની આ વાત છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રી પાલીતાણા પધાર્યા હતા. સાધુઓ સાથે શત્રુંજય તીર્થાધિરાજની ભાવભરી યાત્રા કરી શ્રી શત્રુંજયમંડન આદિનાથ પ્રભુ સામે ચૈત્યવંદન કર્યું ભાવવિભોર બનીને અનેક સ્તવનો ગાયા.

રંગમંડપમાંથી બહાર નીકળતા હતા ત્યારે પોતાના એક શિષ્ય મુનિરાજ સામા મળ્યા. પૂજ્યશ્રીએ કહ્યું : 'અરે ! તને તો બહુ યાદ કર્યો. તારું સ્તવન સાંભળવું છે, **'જિણંદા ! તોરે ચરણ કમલકી રે... હું ચાહું સેવા પ્યારી...'**

એમ કહીને પૂજ્યશ્રી તો પેલા મુનિનો હાથ પકડી પાછા દેરાસરમાં ગયા અને તેના મુખેથી આ સ્તવન સાંભળ્યું.

પૂજ્યશ્રી કેવા ભગવાનની ભક્તિમાં રત હતા તેનું આ દૃષ્ટાંત છે. આટલા બધા સ્તવન ગાયા છતાં આ બાકી રહી ગયું તેવો ભાવ પૂજ્યશ્રીની પ્રભુભક્તિની પ્યાસને સૂચવે છે.

- પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજય મ.સા.

★ ★ ★

**ગરવો ગુણાનુરાગ :**

''ગુરુદેવ ! પચ્ચક્ખાણ પારો, નવકારશી આવી ગઈ છે.''

''આજે નવકારશીનું પચ્ચક્ખાણ નથી પારવાનું મારે એકાસણું છે.''

''ગુરુદેવ ! આજે શાનું એકાસણું ? આપના સ્વાસ્થ્યના કારણથી હમણાં રોજ આપને નવકારશીનું પચ્ચક્ખાણ કરવાનું છે અને આજે કોઈ પર્વતિથિ પણ નથી કે બીજો કોઈ વિશિષ્ટ પ્રસંગ પણ નથી. આજે આપે કેમ અચાનક એકાસણું કર્યુ ?''

''ગઈકાલે પ્રતિક્રમણમાં પેલા શ્રાવક શાંતિ બોલ્યા હતા, તે સાંભળી હતી ?''

''હા, જી, ખૂબ સુંદર બોલ્યા હતા. આવી 'શાંતિ' તો ક્યારેય નથી સાંભળી. મીઠો કંઠ, ઉચ્ચારની સંપૂર્ણ શુદ્ધિ, લયબદ્ધ બોલવાનું, અત્યંત ભાવવાહી રજુઆત. ખરેખર અદ્ભુત બોલ્યા.'

''તો શ્રાવક આટલી સુંદર લઘુશાતિ બોલ્યા, તેની લુખ્ખી અનુમોદના



કરવાની ? કાલે લઘુશાંતિ સાંભળીને એટલો આનંદ થઈ ગયો હતો કે તેની અનુમોદના રૂપે આજે એકાસણું કરવાનો સંકલ્પ ગઈકાલે જ કરી લીધો હતો.''

પૂજ્યપાદશ્રીના મુખેથી આજે એકાસણું કરવાનું પ્રયોજન સાંભળીને શિષ્યોનું મસ્તક આવા મહાન ગુણાનુરાગી ગુરુદેવના ચરણોમાં ઝૂકી ગયું.

આ પ્રસંગ અમદાવાદ ઉસ્માનપુરાના ઉપાશ્રયમાં બન્યો હતો.

- પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજય મ.સા.

★ ★ ★

**સમાધિદાનની ઉત્સુકતા :**

પૂજ્યપાદ ગુરુદેવશ્રી દાદરથી સાન્તાક્રુઝ તરફ જઈ રહ્યા હતા. માટુંગા પાસે આવતા તેઓશ્રી એકદમ અટકી ગયા. સાથેના મુનિઓ એકદમ નવાઈ પામ્યા. ''કેમ ગુરુદેવ ! શું થયું ? થાક લાગ્યો ? પગમાં કાંઈ વાગ્યું ? આજુબાજુમાં કોઈ દેરાસર છે ? અહીં જ સ્થિરતા કરવી છે ? આપ કેમ અહીં ઊભા રહી ગયા ?''

''આટલામાં જ એક આરાધક શ્રાવક રહે છે. કર્મોદયથી અત્યારે અસાધ્ય વ્યાધિનો ભોગ બનેલા છે, પથારીવશ છે તેમને માંગલિક સંભળાવવાની અને સમાધિજનક થોડા પદો સંભળાવાની ઈચ્છા થઈ છે. ફક્ત બે સાધુ મારી સાથે રહો, બાકીના મુનિઓ આગળ પહોંચી જાઓ, જેથી તડકામાં મુશ્કેલી ન થાય હું તેમને સમાધિ રહે તેવું થોડું સંભળાવીને આવું છું.''

''પણ ગુરુદેવ, આપ થાકેલા પણ દેખાઓ છો. તડકો થઈ જશે આપને મુશ્કેલી થશે.''

''કાંઈ મુશ્કેલી નહિ થાય. ફરી આ બાજુ ક્યારે આવવાનું થાય ! થોડુંક સંભળાવશું તો તેમને દિવસો સુધીનું ભાથું મળી રહેશે.''

બીજા સાધુઓને આગળ વિહાર કરાવીને ગુરુદેવ બે સાધુ સાથે રોકાઈ ગયા. આજુબાજુ પૂછપરછ કરીને તે શ્રાવકનું ઘર શોધી કાઢ્યું. ચોથે માળે ઘર હતું અચાનક આવા મહાન આચાર્ય ભગવંતને પોતાના આંગણે પધારેલા જોઈને તે શ્રાવક અને તેમના કુટુંબીજનો હર્ષઘેલા બની ગયા. ''અરે, ગુરુદેવ ! અચાનક ? પહેલા કહેવડાવ્યું હોત તો અમે સામૈયું કરત, સામે લેવા આવત...'' તેમ બોલતા બોલતા પેલા શ્રાવક તો ભાવવિભોર બનીને રડી પડ્યા.

''જુઓ, સાંભળો, હું તો તમને સમાધિના બે શબ્દો સંભળાવવા આવ્યો છું, સાંભળો.'' તેમ કહીને અડધો કલાક સુધી સમાધિપ્રેરક અનેક વસ્તુ સંભળાવી

અને શ્રાવકને સમાધિનું ખૂબ બળ આપ્યું.

- પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજય મ.સા.

★ ★ ★

**સંયમ પહેલા, શરીર પછી :**

પૂજ્યપાદ ગુરુદેવશ્રીને છેલ્લા ચાર મહિના પહેલા પેરાલીસીસનો એટેક આવેલો હતો. તેથી, પૂજ્યપાદશ્રીને બેસવાની અનુકૂળતા રહે તે માટે મુંબઈના એક શ્રાવકે અનુકૂળતાવાળી એક ચેર નડીયાદ મોકલાવી. આ ચેર જોઈને તુરત પૂજ્યશ્રી બોલ્યા : ''આ ચેર બેસવા ન ચાલે. તેમાં તો ડબલ પાટી છે. ઉપરથી તો પડિલેહણ કેવી રીતે થઈ શકે ? બેસવા માટે આ ખુરસી હું નહિ વાપરું.''

અને, અસ્વસ્થતામાં ઘણી અનુકૂળ રહે તેવી તે ખુરસી મોકલનાર શ્રાવકને પરત જ મોકલવી પડી.

- મુનિરાજશ્રી હંસદર્શનવિજય મ.સા.

★ ★ ★

**મારી વિનંતી, પૂજ્યશ્રીનો પ્રત્યુત્તર :**

કલકત્તાની શિબિરમાં શિબિરાર્થી તરીકે બેંગ્લોરથી હું ગયો હતો. એક વાર વંદન કરીને પૂજ્યશ્રી પાસે બેઠો હતો ત્યારે મેં વિનંતી કરી :

''સાહેબ, વિહાર કરીને બેંગ્લોર તરફ પધારો.''

''કેમ, બેંગ્લોર આવવાની વિનંતી કરે છે તે કાંઈ ખાસ પ્રયોજન છે ?''

''સાહેબજી, બેંગ્લોરનું ક્લાઈમેટ બહું સારું છે. ખૂબ સુંદર શહેર છે, ગાર્ડનસિટી કહેવાય છે.''

આચાર્ય ભગવંત હસતા હસતા બોલ્યા : ''હવા ખાવા સાધુ બન્યા છીએ ? તો તો દાર્જીલીંગમાં જઈને જ ચોમાસું કરત ! ભાઈ, સાધુઓનું કામ હવા ખાવાનું નથી, હવા સુધારવાનું છે. ભૌતિકતાના પવનથી બગડેલું વાતાવરણ અમે તો સુધારીએ.''

નાનકડી હસવાની વાતમાંથી પણ ગુરુદેવ કાંઈક હિત-કલ્યાણનો સંદર્ભ જોડી જ દેતા.

- શ્રી અશોકભાઈ સંઘવી, બેંગ્લોર

★ ★ ★



**ભવોદધિત્રાતા પરમોપકારી પૂજ્યપાદ ગુરુદેવશ્રીની ચિરવિદાયથી ભાંગી પડેલા એક શિષ્યના હૃદયની અકથ્ય વેદના ઉભરાઈને શબ્દોના સથવારે બહાર ટપકે છે ત્યારે..**

## : વેદનાની સંવેદના :

પૂજ્યપાદશ્રીના વિરહથી અમે એકડા વિનાના બની ગયા છીએ. ગ્રીષ્મની આ કાળઝાળ ગરમીમાં શીતલતમ છાયા ગુમાવી બેઠા છીએ.

તેઓશ્રીના અનન્ય **ઉપકારો;**

મા જેવો અત્યંત **વાત્સલ્યભાવ;**

**પિતાતુલ્ય** અમારા સંયમજીવનની સતત ચિંતા;

**મહાવૈદ્ય**ની જેમ અવસરે અવસરે વાચનાપ્રસાદી દ્વારા - પડીકી દ્વારા ખેદ, ઉદ્વેગ, પ્રમાદ આદિ રોગોને શમાવવા-દૂર કરવાની કુશળતા;

અપરાધોને પણ ક્ષમા કરીને સતત વહેતો રહેતો અપાર **કરુણાભાવ;**

પંચાચારનું સૂક્ષ્મ પાલન કરી આચાર માર્ગમાં પૂરું પાડેલું સફળ **નેતૃત્વ;**

અખંડ સ્વાધ્યાય અને વૈરાગ્યસભર સૂક્ષ્મ સંયમથી સાક્ષાત્ અનુભૂત કરાવેલો **શ્રુતધર્મ-ચારિત્રધર્મ;**

અજ્ઞાનના અંધારા દૂર કરી સર્વજ્ઞકથિત અનેકાંત દેશનાના જ્ઞાનપ્રકાશથી સમસ્ત સંઘને પૂરો પાડેલો સાચો **ગુરુભાવ;**

વિષયોના વનમાં ભૂલા પડેલા આપણને સાચો માર્ગ બતાવી ભજવેલો શ્રેષ્ઠ **માર્ગદર્શકભાવ;**

ગુણધનથી દરિદ્ર આપણને ક્ષમાદિ ગુણોનું દાન કરી કાંક સમૃદ્ધ બનાવતી તેઓશ્રીની ઉદાર **શ્રીમંતાઈ;**

ઉન્માર્ગે જતાં આપણા ચારિત્રધર્મરથને સારણા-વારણાદિ દ્વારા ઠેકાણે લાવતો તેઓશ્રીનો **સારથિભાવ;**

સાથે જ જન્મેલા, ઉછરેલા અને મોટા થયેલા, તેથી જ ભાઈ જેવા લાગતાં દુર્ગુણોને કચડવામાં ઢીલા બનેલા આપણને એ બધા સામે આ જ ભવરૂપ કુરૂક્ષેત્રમાં મહાભારતયુદ્ધના ઉત્સાહનો પાનો ચઢાવતા **શ્રીકૃષ્ણભાવ;**

કષાયરાવણે હરી લીધેલી આપણી ચિત્તપ્રસન્નતારૂપી સીતાની સાચી ભાળ આપતો **હનુમાનભાવ;**

આપણી આરાધના નામની સુતારાને ધર્મભાવનું નકલી રૂપ લઈ ભોગવવા આવેલા મોહ-સાહસગતિને તત્ત્વાર્થ ધનુષ્યના ટંકારથી ઉઘાડો પાડી ભજવેલો **રામભાવ;**

આ બધું સતત નજર સમક્ષ આવ્યા કરે છે.

તેઓશ્રીની સતત સ્વસ્થતા, ચિત્તપ્રસન્નતા, પ્રશમાનંદ આપણને જાણે સાક્ષાત્ અપવર્ગની ઝાંખી કરાવતો હતો;

તેઓશ્રીનું અખંડ તત્ત્વચિંતન આપણને અનુત્તર દેવલોકનો આભાસ કરાવતું હતું;

તેઓશ્રીના જ્ઞાન, પરમાત્મભક્તિ, ગુરુ-ઉપાસના, વૈરાગ્ય, તપ, સહનશીલતા, અપ્રમાદ, શુદ્ધ ક્રિયા, સૂક્ષ્મ જયણા વગેરે ગુણોનું ઐશ્વર્ય જોયા પછી ૬૪ ઈન્દ્રોના ઐશ્વર્ય તરફ નજર નાંખવાનું મન થતું નથી;

ભાઈ-ભાઈ વચ્ચેના સંપત્તિ આદિના કંકાસથી કંટાળેલા-ત્રાસેલા ગૃહસ્થો જ્યારે પૂજ્યપાદશ્રી પાસે આવી કષાયમુક્તિનું માર્ગદર્શન મેળવતાં ત્યારે ૯૮ પુત્રોને બોધ આપી વિરાગ પમાડતા શ્રી ઋષભદેવ ભગવાન યાદ આવી જતાં;

તેઓશ્રીના વૈરાગ્યરસથી ભરેલા ઉપદેશવચનો સાંભળતા જ નમિરાજર્ષિ અને ઈન્દ્રનો વાર્તાલાપ કે સમરાદિત્યનો નગરજનોને ઉપદેશ જાણે સાક્ષાત્ ઉપસ્થિત થઈ જતો;

પરમતેજ, ઉચ્ચ પ્રકાશના પંથે, ધ્યાન અને જીવન, યોગદષ્ટિના રસઝરણા વગેરે તેઓશ્રીએ રચેલા શૃંખલાબદ્ધ તાત્ત્વિક પુસ્તકો પર આંખ ફેરવતાં જ કલ્પના ઉઠતી કે શું 'ઇતિહાસનું પુનરાવર્તન થાય છે' આ ન્યાયે સાક્ષાત્ હરિભદ્રસૂરિજી પધાર્યા છે ?

ખરેખર હૈયું મુંઝાઈ ગયું છે, મતિ બહેર મારી ગઈ છે, મન મુરઝાઈ ગયું છે, મગજે વિચારવાનું બંધ કરી દીધું છે, પૂજ્યશ્રીને કયા સ્વરૂપે જોવા, વિચારવા, સાંભળવા, વર્ણવવા, ધ્યાન પર લાવવા, કાંઈ જ ખ્યાલ આવતો નથી. જેમ જેમ વિચારવા જાઉં છું તેમ તેમ તેઓશ્રીનું વધુ ને વધુ વિરાટ સ્વરૂપ નજર સમક્ષ આવતું જાય છે. જાણે કે બ્રહ્માંડવ્યાપી તેઓના હૃદયના એક ખૂણે આપણે બધા તેઓશ્રીના કરુણારસમાં નહાઈ રહ્યા છીએ તેવો આભાસ થાય છે.

એ જ વિચાર આવે છે કે સાધુ થયા પછી પણ જો પૂજ્યપાદ ગુરુદેવશ્રીની તારક નિશ્રા ન મળી હોત તો ? જીવંત સાધુ બનવા માટે જરૂરી વૈરાગ્ય, સૂક્ષ્મસંયમ, ગુરુસેવા ગુરુપારતંત્ર્ય, પરમાત્મભક્તિ, સહાયવૃત્તિ, સતત અખંડ સ્વાધ્યાય, તપ, ત્યાગ, ક્ષમાભાવ... કેટકેટલા ગુણો અમારામાં વિકસાવવા પૂજ્યપાદ ભવોદધિત્રાતા



ગુરુદેવશ્રી સતત પ્રયત્નશીલ રહ્યા ! આવા મહાન માળી ન મળ્યા હોત તો અમારો સંયમબાગ કેવો હોત ? કલ્પના કરતા જ ધ્રુજી જવાય છે.

★ ★ ★

**શિબિરોએ કેંક યુવાનોને પતનની ખીણમાં પડતા અટકાવીને આત્મોન્નતિના શિખરભણી દોડતા કર્યા છે.**

## યુવાનોના હૃદય પરિવર્તનની રોમાંચક વાતો

: માત્ર એક બેંગલોરની શિબિરની જ કેટલીક ઝલકો :

- એક યુવાન એક વર્ષમાં ૧૫૦ ફિલ્મ જોવાનો રેકોર્ડ હતો, તેણે સિનેમાત્યાગ કરીને હવે વર્ષમાં ૩૬૦ સામાયિક કરવાનો સંકલ્પ કર્યો.
- એક યુવાન રોજ ૩-૩ કલાક ટી.વી. સામે બેસી રહેતો હતો, હવે તે ટી.વી. નહિ જોવાની પ્રતિજ્ઞા પાળે છે અને જીવદયાના પ્રચારકાર્યમાં ખૂબ સક્રિયતાથી જોડાઈ ગયો છે.
- અશ્લિલ અને ફિલ્મી મેગેઝીનોનો જાલિમ રસ ધરાવનાર એક યુવાન હવે કાયમ માટે તેવા સાહિત્ય વાંચનનો ત્યાગી બન્યો છે, તેણે પોતાના ઘરમાં એક સુંદર સાંસ્કારિક અને ધાર્મિક પુસ્તકોનું પુસ્તકાલય સજાવ્યું છે અને નિયમિત સાત્ત્વિક સાહિત્ય વાંચે છે.
- સ્પેડરમેન, સુપરમેન આદિ કોમીક્સ પુસ્તકના ભારે રસીયા એવા એક કિશોરે તેવા પુસ્તકોનો સંગ પ્રતિજ્ઞાપૂર્વક તોડી નાંખ્યો છે અને હવે તો તે કુમારપાળ, વસ્તુપાળ આદિ પરાક્રમી જૈન પાત્રોની કથાઓ વાંચવામાં જ ગળાબૂડ રહે છે.
- ધર્માનુષ્ઠાનો પ્રત્યે પહેલા ભારે અરુચિ ધરાવનારા એક યુવાનને ધર્માનુષ્ઠાનો હવે ખૂબ ગમવા લાગ્યા છે; રોજ એક સામાયિક કરવાનો અને ન થાય તો ૧૦૦ રૂપિયાનું સુકૃત કરવાનો તેને નિયમ છે, પણ આજ સુધી ક્યારેય તેને દંડ ભરવો પડ્યો નથી.
- કપડા અને ટાપટીપનો એક યુવાનનો ભારે શોખ હતો; હવે તીર્થયાત્રા કે જિનાલયે જવું હોય ત્યારે પગમાં જોડા નહિ પહેરવાનો તેણે નિયમ લીધો છે, ગયા વર્ષે શત્રુંજયની યાત્રા કરતા તેના પગમાં છાલા પડી ગયા છતાં તે નિયમમાં અડગ રહ્યો.

• પૂજ્યપાદશ્રીની શિબિરોએ કંઈક પાપીને ધર્મી બનાવ્યા,
કંઈક ગુમરાહને રાહ ચીંધ્યા, કંઈક નાસ્તિકને આસ્તિક બનાવ્યા
ધન્ય તે પરમોપકારી ગુરુદેવશ્રીને.... ધન્ય યુવાનોનો ઉદ્ધાર કરનારી શિબિરોને.

★ ★ ★

દિવ્ય-દર્શન''-**"શાસન પ્રભાવના"** વર્ષ-૪૨,અંક-૩૦,તા.૨૧-૫-૧૯૯૪

## પૂજ્યપાદ ભવોદધિતારક સંઘહિતચિંતક

સુવિશુદ્ધદેશનાદાતા વર્ધમાનપતોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાની પ્રથમ પુણ્યતિથિએ મુંબઈનગર ઉપનગરોમાં યોજાયેલી ગુણાનુવાદ સભાઓમાં ગવાયેલ ગીત...

**રચના : મુનિશ્રી કલ્યાણબોધિવિજયજી મહારાજ**

## આજે રે છોડીને ચાલ્યા સૌને ગુરુવર મહાન (૧)

**(રાગ : બેના રે સાસરીયે જાતા જોજે...)**

આજે રે છોડીને ચાલ્યા સૌને ગુરુવર મહાન
**ઝરતી આંખોમાંથી આંસુની ધાર (૨)**
ગુરુવરની યાદ આવશે દિનરાત...ઝરતી૦
મીઠું મીઠું મુખડું તાહરું લાગે પ્યારું પ્યારું (૨)
તારા વિરહથી ગુરુવર ભાસે સઘળું ખારું ખારું (૨)
ગુરુજી રે...તાહરા વિના સુનો સુનો સંસાર...ઝરતી૦
જોબન વયમાં સંયમ પામી પાળે નિરતિ ચાર (૨)
જ્ઞાન ધ્યાન તપ ત્યાગની ધારા વરસે અનરાધાર (૨)
ગુરુજી રે... તું હી હમારો છે પ્રાણ આધાર...ઝરતી૦
રંગરાગમાં નિશદિન રાચે યુવાજન નિરાધાર (૨)
શિબિર કરી પ્રતિબોધ કર્યા તે કીધા કેઈ અણગાર (૨)
ગુરુજી રે !... શિબિર સમ્રાટ તારો જય જયકાર...ઝરતી૦



વિરાગ નિતરતી વાણી તાહરી વરસે ધારાધાર (૨)
દિવ્ય દરસન પીરસી કરતા લોકોત્તર ઉપકાર (૨)
ગુરુજી રે !... વંદન તુજ ચરણોમાં વાર હજાર...ઝરતી૦
શાસ્ત્રોતણા જ્ઞાતા જે અનુપમ ન્યાયવિશારદ સાર (૨)
વચન વિરુદ્ધ વાતો જે કરતા કરતા તસ પ્રતિકાર (૨)
ગુરુજી રે ! તું હી સ્યાદવાદનો રાખણહાર...ઝરતી૦
પરમતેજ અમીચંદની દૃષ્ટિ યોગદૃષ્ટિ સુખકાર (૨)
ઉચ્ચ પ્રકાશના પંથે સીતાજીના પગલે પગલે મોઝાર (૨)
ગુરુજી રે... સાહિત્ય સર્જ્યું તે અપરંપાર...ઝરતી૦
પ્રેક્ષા પ્રમાર્જન યોગ વિશુદ્ધિ પ્રતિક્રમણ શુભસાર (૨)
સાધના સાધે બ્રહ્મ આરાધે જેહવી ખાંડાની ધાર (૨)
ગુરુજી રે... જુગજુગ જીવો કરવા જગત ઉદ્ધાર...ઝરતી૦
યુવાજન પ્રતિબોધક શોધક દોષતણા હરનાર (૨)
સંયમ મૂર્તિ સરળ સ્વભાવી પુનીત હૃદય ધરનાર (૨)
ગુરુજી રે ! આંધી તોફાનોથી ચલે ના લગાર...ઝરતી૦
જિનભક્તિમાં મસ્ત બનીને સ્તવના કરતા ઉદાર (૨)
અષ્ટાપદની પૂજા ભણાવે ભાવભીના રણકાર (૨)
ગુરુજી રે... કોકિલ કંઠ સુણતા થાએ હરખ અપાર...ઝરતી૦
શાસનના બે જોડ પ્રભાવક આરાધક સુખકાર (૨)
શૂન્ય બન્યો તુજ ચીર વિરહથી, સંઘ હે તારણહાર ! (૨)
ગુરુજી રે... પ્રાણ થકી તુજ અધિકો છે પ્યાર...ઝરતી૦
ગચ્છાધિપ સુવિશાલ નિવારક શાસનના પડકાર (૨)
વર્ધમાન તપ તપતા સહેતા કષ્ટોની વણજાર (૨)
ગુરુજી રે... તોલે ના આવે તારી કોઈ લગાર...ઝરતી૦
મોજ હતી મુજ સ્વર્ગસમી તુજ સંગે હો કિરતાર ! (૨)
નાથ ગયો તું અનાથ બન્યો હું વેદનાનો નહીં પાર (૨)
ગુરુજી રે... તોલે ના આવે તારી કોઈ લગાર...ઝરતી૦

દિવ્યલોકથી નિરખો મુજને શાસનના શણગાર (૨)
અશ્રુભીની આંખે વિનવું ઉતારો ભવપાર (૨)
ગુરુજી રે... જન્મોજનમ હો તારો સહકાર...ઝરતી૦

★ ★ ★

## (૨)

## છોડીને અમને ગુરુવર હસતા હસતા ક્યાં ગયા ?

(રાગ : ચાંદસી દિવાર)

**છોડીને અમને ગુરુવર હસતા હસતા ક્યાં ગયા ?**
બાલુડા ઝુરી રહ્યા તુમ નિરાધાર મુકી ગયા... છોડીને૦
યૌવન વયમાં સંયમ પામી જાવા મુક્તિ ધામે
જ્ઞાન ધ્યાન તપ ત્યાગ તિતિક્ષા ઉત્કૃષ્ટે પરિણામ રે... છોડીને૦
**ભાનુવિજયથી** ખ્યાત બન્યા જે, શાસન નભ શોભાવે
મિથ્યા મત તમ દૂર કરીને જ્ઞાન દીપક પ્રગટાવે... છોડીને૦
વર્ધમાન તપ ઓળી આરાધક ન્યાયવિશારદ સાચા
પાપભીરુ પરલોકભીરુ જે શાસ્ત્રાનુસારી વાચા... છોડીને૦
ગચ્છાધિપ મોટા જે સોહે દરિસણ તુજ મન મોહે
કૃશકાયા પણ તેજ અનુપમ નામ સ્મરણ અઘ ધોવે... છોડીને૦
આદ્યપ્રણેતા શિબિરતણા જે યુવાજન પ્રતિબોધે...
મધ ઝરતી વાણી વરસાવી પાપતણા મલ શોધે... છોડીને૦
કષ્ટોની વણઝાર ભલે હો સહેતા હસતે મુખડે
ચાલે જ્યાં તું મારગ થાવે કર્મો તુજથી ફફડે... છોડીને૦
ખબર હતી ના મુજને કાતિલ કાળ કવલ તુમ કરશે
મધ્યાહ્ને ઝગમગતો ભાનુ એક પલમાં આથમશે... છોડીને૦
અશ્રુભીની આંખે વિનવું નિરખો ગુરુવર મુજને...
ભવોભવ તારું શરણું હોજો ભવજલ તરવા મુજને... છોડીને૦

★ ★ ★



દિવ્ય દર્શન સાપ્તાહિકની ફાઈલો પૂ.પંન્યાસ શ્રી **પદ્મસેનવિજયજી** મ.સા.ના સંગ્રહમાંથી તથા સુશ્રાવક **હેમંતભાઈ ભાઈલાલભાઈ શાહ** (લાવણ્ય સોસાયટી) પાસેથી પ્રાપ્ત થઈ. તથા આરાધના ભવન (ભીવંડી), શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ (ઈર્લા-મુંબઈ) તથા અન્ય સંઘોનો પણ સાથ સહકાર અનુમોદનીય રહ્યો છે.

ધર્માનુરાગી **જગતભાઈ પરીખે** નિઃસ્વાર્થ ભાવે ફાઈલોનું સ્કેનીંગ કાર્ય કરેલ છે.

પ્રુફ રીડીંગ કરી આપનાર તમામ મહાત્માઓનો તથા **જયજિનેન્દ્ર** પ્રિન્ટર્સ **નીતીનભાઈ** તથા શુભાય પ્રિન્ટર્સ દિનેશભાઈને ભૂલી શકાય તેમ નથી.

સૌની અનુમોદના...

**- પ્રકાશક**

## દિવ્ય-દર્શન કાર્યવાહી

**દિવ્યદર્શનનો પ્રારંભ** વિ.સં. ૨૦૦૮ ભા.સુ.-૧, તા. ૨૧-૮-૧૯૫૨, અંક-૧

**પ્રકાશન સમાપ્તિ**-વિ.સં. ૨૦૫૦, શ્રા.સુ.૭, તા.૧૩-૮-૧૯૯૪,વર્ષ-૪૨,અંક-૪૨

| સેવાભાવી ટ્રસ્ટીઓ | મુદ્રક |
|---|---|
| ૧. બચુભાઈ ચીમનલાલ ઝવેરી | ૧. વૈભવ પ્રેસ, મુંબઈ |
| ૨. ચતુરભાઈ ચીમનલાલ શાહ | ૨. રાધાકૃષ્ણ પ્રિ.પ્રેસ, અમદાવાદ |
| ૩. બાબુલાલ જયંતીલાલ, મુંબઈ | ૩. લબ્ધિ પ્રિન્ટર્સ-ભાવનગર |
| ૪. બાબુલાલ ભાઈલાલ શાહ | ૪. સરયુ પ્રિન્ટરી-સોનગઢ |
| ૫. જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા | ૫. અંબિકા આર્ટ પ્રિન્ટરી-પાટણ |
| ૬. કુમારપાળ વિ. શાહ | |
| ૭. બિપીનભાઈ મયાભાઈ, અમદાવાદ | |
| ૮. પ્રતાપરાય દલીચંદ દોશી | |
| ૯. ભરતકુમાર ચતુરદાસ શાહ | |

